
# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### સીતા અપહરણ



3

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ

# જૈન રામાયણ અને અન્ય રામાયણો

જો કે અન્ય રામાયણો અને આ જૈન રામાયણો વચ્ચે ઘણું ઘણું અંતર છે, અન્ય રામાયણોમાં ઘણે ઠેકાણે રાવણને રાક્ષસ, અધમ તથા હીન તરીકે ચિતરવામાં આવે છે. તદુપરાંત પરસ્ત્રીલંપટ, દુષ્ટ અને નરાધમ રૂપે પણ રાવણની પ્રસિદ્ધિ ઈતર કથાઓમાં સ્થળે સ્થળે કરવામાં આવી છે.



પણ વાસ્તવિક સ્થિતિ તદ્દન જુદી છે. તે ગ્રંથકારો પણ પોતાના ગ્રંથોમાં એ વાતને તો કબૂલે છે કે 'રાવણે મહાસતી સીતાજી પર ક્યારેય બળાત્કાર કર્યો જ નથી.' જૈન રામાયણમાં તો એવો સ્પષ્ટ રીતે ઉલ્લેખ છે કે, રાવણ-દશમુખ સદાચારી તથા પરસ્ત્રીવિમુખ શીલવાન મહાપુરુષ હતા. નલકૂબરની પત્ની ઉપરંભા જ્યારે રાવણના રૂપગુણથી આકર્ષાઈ રાવણ તરફ કામ રાગભરી પ્રીતિ અને આકર્ષણ ધરાવે છે ને તે માટે અજેય એવી નલકૂબરની નગરીના દ્વારો ઉઘાડી આપવા માટે વિદ્યાદાન કરવાનું પ્રલોભન આપે છે : ને તેનો જે વખતે બિભિષણ સ્વીકાર કરે છે. ત્યારે રાવણ વિભીષણ પર આક્રોશ વ્યક્ત કરે છે. આ જ ઘટના રાવણની સદાચારીતાનો પરિચય કરાવે છે.

# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

## સીતા અપહરણ



3

**પ્રવચનકાર**

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંપાદક**

પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ



........**પ્રવચનકાર**........

પરમારાધ્યપાદ

પરમગુરુદેવ-પરમોપાસ્ય

**શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમસૂરીશ્વર-**

પટ્ટધરરત્ન, ગુણરત્નરત્નાકર,

જૈનશાસનજ્યોતિર્ધર, તપાગચ્છાધિપતિ,

વ્યાખ્યાનવાચસ્પતિ, પ્રવચનગારુડી,

પરમગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્

**વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

........**સંપાદક**.......

સિંહગર્જનાના સ્વામી, આચાર્યદેવેશ શ્રીમદ્

વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટવિભૂષક, પ્રશમરસપયોનિધિ, આચાર્યદેવ શ્રીમદ્

વિજય **જયકુંજરસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટાલંકાર, પ્રભાવક પ્રવચનકાર, આચાર્યદેવ શ્રીમદ્

વિજય **મુક્તિપ્રભસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટધરરત્ન, પ્રસિદ્ધપ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્

**વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ**

# જૈન રામાયણ : રજોહરણની ભાગ-૩

## સીતા અપહરણ

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા-૧૦

**પ્રકાશન** : વિ.સ. ૨૦૬૭

**નકલ** : 3000

**મૂલ્ય** : ૭૫/-

**ભાગ ૧ થી ૭** : ૫૦૦/- (સંપૂર્ણ સેટ)

**પ્રાપ્તિસ્થાન** : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ
એ/૧, ઘનશ્યામ પાર્ક ફ્લેટ, ૧૭, આનંદનગર
સોસાયટી, પાલડી ભઠ્ઠા, અમદાવાદ.
ફોન : ૨૬૬૦૫૮૬૪
Email : muktikiran99@yahoo.com

**પ્રકાશક** : મુદ્રક : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન, અમદાવાદ.

જૈન રામાયણ : રજોહરણની ખાણ : પ્રવચનકાર મહર્ષિદેવ



જૈનશાસન જયોતિર્ધર વ્યાખ્યાનવાચસ્પતિ

તપાગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

મહાગ્રંથ પ્રકાશન - સુકૃતના સહભાગી



## શ્રાદ્ધવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી

પિંડવાડા, જી. સિરોહી

શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઈ.



# ઋણ સ્વીકાર

૯૬ વર્ષના દીર્ઘ આયુષ્યમાં ૭૯ વર્ષનો નિર્મળ ચારિત્ર પર્યાય અને ૫૬ વર્ષનો આરાધના-રક્ષા-પ્રભાવના સભર આચાર્યપદ પર્યાય ધરનાર પરમગુરુદેવ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પાર્થીવ દેહના અંતિમ સંસ્કારથી પવિત્ર-ભૂમિ પર નિર્મિત '**સ્મૃતિમંદિર**'ની પાવન પ્રતિષ્ઠાના ઉપલક્ષ્યમાં '**સ્મૃતિમંદિર પ્રકાશન**'ની સ્થાપના થઈ ત્યારથી પ્રકાશન કાર્યની પા પા પગલી ભરતાં અમે આજે એક ભગીરથ કાર્ય કરવા સમર્થ બની રહ્યાં છીએ. તે દેવ-ગુરુની અસીમકૃપાનું પરિણામ છે.

'**જૈન રામાયણ : રજોહરણની ખાણ**' ૭ ભાગમાં પ્રકાશન કરવાનો વિચાર થયો ત્યારથી એક મોટું ટેન્શન હતું. પણ '**કૃપા**' શું કામ કરે છે તેનો અમે અનુભવ કરી શક્યા છીએ.

વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમગુરુદેવશ્રી જેવા સમર્થ મહાપુરુષની ભલભલાનાં હૈયાને હચમચાવી દેતી ધર્મદેશનાને સાક્ષાત્ સાંભળતા હોઈએ તેવા આ પ્રવચનોનું પ્રકાશન તેઓશ્રીની મહતીકૃપા સાથે, સિંહગર્જનાના સ્વામી પૂ.આ.શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**, સમર્પણમૂર્તિ પૂ.આ.શ્રી **વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા** પ્રશમરસપયોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી **વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા**, પ્રવચનપ્રભાવક પૂ.આ.શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની અને અમારા માર્ગદર્શક **પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની પણ અસીમ કૃપાનું ફળ છે.

સમર્થ સાહિત્યકાર પૂ. આચાર્યદેવશ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**એ 'પ્રસ્તાવના' લખી આપીને અમારા આ કાર્યને ખૂબ જ ગૌરવ બક્ષ્યું છે.

પિંડવાડાના વતની હાલ મુંબઈ વસતા **શ્રેષ્ઠિવર્ય શ્રી લાલચંદભાઈ છગનલાલ પરિવારે** આ સાહિત્ય પ્રકાશનનો અનેરો લાભ લઈને અમારા ઉલ્લાસમાં અભિવૃદ્ધિ કરી છે. અમે તેઓના ખૂબ ખૂબ ઋણી છીએ.

**-સ્મૃતિમંદિર પ્રકાશન**

# સંપાદકની કલમે

## સ્મૃતિના સથવારે'

**'જૈન રામાયણ'**ના પ્રવચનો દ્વારા જૈન જૈનેતર જગતને જૈન રામાયણનો નોખો-સાવ અનોખો પરિચય કરાવનારા વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચનગારુડી સ્વર્ગીય પરમગુરુદેવ પૂ.આચાર્યદેવેશ **શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના અપાર ઉપકારોને કોઈ શબ્દોમાં ય વર્ણવી શકાય તેમ નથી, જન્મથી-ગળથૂથીમાંથી મળેલા તેઓશ્રીને સાધુ જીવનમાં સતત સાંભળવાનો અને માણવાનો અવસર સંસારી પિતાજી **શ્રીયુત્ ચન્દ્રકાન્તભાઈ લક્ષ્મીચંદ દોશી** (પછીથી મુનિરાજશ્રી **ચારિત્રસુન્દરવિજયજી મ.**)ની ભાવનાથી અને પરમતારક ગુરુદેવો સિંહગર્જનાના સ્વામી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** પૂર્વદેશ કલ્યાણકભૂમિતીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજા** અને પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની આશીર્વાદપૂર્ણ ઉદારતાથી મળી શક્યો, તેથી જ પ્રભુશાસનના મર્મને પામવાનું યત્કિંચિત્ સામર્થ્ય પ્રગટ્યું અને એક મહાગંભીર સાગરને અવગાહવા જેવા આ સંપાદનના કાર્યને કરવા ઉલ્લસિત બની શક્યો છું.

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજા**ની તારક નિશ્રામાં વિ.સં. ૨૦૬૨-૬૩ના ચોમાસામાં શ્રીપાલનગરની સ્થિરતા દરમ્યાન આ સંપાદન માટે તેઓશ્રીની અનુમતિ મળી તથા જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટના ટ્રસ્ટીવર્ય **સુશ્રાવક શ્રી કાન્તિલાલ ચુનીલાલે** પણ આ કાર્ય માટે "પૂજ્યપાદશ્રીના પ્રવચનગ્રંથો કે પ્રવચનોને આપ બધા તૈયાર કરો કે સંપાદન કરો તે ખૂબ જરુરી છે" આવી ભાવનાના શબ્દો દ્વારા આવકાર્યું તેથી સરળ ગતિએ સંપાદન શક્ય બની શક્યું.

જો કે મુંબઈથી અમદાવાદ-રાજસ્થાન અને દિલ્હીના વિહારો ફરી દિલ્હીથી અમદાવાદ-મુંબઈના વિહારો અને અનેકવિધ ધર્મઉત્સવો આદિની વ્યાક્ષિપ્તતાને કારણે સંપાદન કાર્ય ખૂબ જ મંદ ગતિએ થયું, છતાંય નિશ્રાવર્તી મુનિગણ આદિનો આ કાર્યમાં રહેલો સહકાર અવિસ્મરણીય રહ્યો છે.

મારા પરમોપાસ્ય, સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજીમહારાજા**એ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તાવના લખી આપીને મારા આ કાર્યને ખૂબ જ હળવું બનાવ્યું છે. તેમ છતાંય મતિઅલ્પતા અને કાર્ય-અદક્ષતાને કારણે આવા ભગીરથ કાર્યમાં સ્વર્ગીય પરમગુરુદેવશ્રીના આશય વિરુદ્ધ કે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈપણ કાર્ય બન્યું હોય તો ત્રિવિધે ક્ષમાયાચના પૂર્વક વાચકવર્ગને એટલું જ ભારપૂર્વક જણાવીશ કે **"સ્વાદુઃ સ્વાદુઃ પુરઃ પુરઃ"** ની નીતિને ધ્યાનમાં રાખીને જેમ જેમ વાંચતા જશો તેમ તેમ જૈનરામાયણનો અદ્દ્ભુત રસાસ્વાદ માણવા દ્વારા અપૂર્વ ભાવાનુભૂતિ અને વર્ણનાતીત આનંદની અનુભૂતિ થશે એ નિઃશંક છે

# સંપાદન શૈલી



શ્રી વીરશાસન કાર્યાલય દ્વારા વિ.સં. ૧૯૮૯ થી **'જૈન રામાયણ'** ૭ ભાગમાં પ્રકાશિત થયા પછીની આવૃત્તિઓમાં મહદ્અંશે સંસ્કૃત શ્લોકો કાઢી નાંખવામાં આવેલાં હતાં. અહીં ફરી એ શ્લોકોને તે-તે સ્થળે ગોઠવી દીધા છે અને વાચકવર્ગની વાંચનમાં એક રસધારા ટકી રહે તે માટે એક દિવસના પ્રવચન પછી બીજા દિવસના પ્રવચનમાં ઉપદેશ આદિ રૂપે નવી-નવી આવતી વાતોને યથાવત્ જાળવી રાખીને જે પુનરાવર્તન જેવું જણાતું હતું, તે દૂર કર્યું છે અને તે વખતની જુની ભાષાને થોડી મઠારી છે.

કલિકાલસર્વજ્ઞ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા રચિત ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર**ના ૭મા પર્વના ૧૦ સર્ગના આધારે આ પ્રવચનો મુખ્યતયા થયા હોવાથી પૂર્વે તે-તે સર્ગ અને પ્રવચનોના ક્રમાંક મૂકાયાં હતા તે પણ દૂર કરીને અખંડ-પ્રવચનો અહીં અવતરિત કરાયા છે.

આ નવી શૈલીમાં **'જૈનરામાયણ : રજોહરણની ખાણ'** એવું ગ્રંથનું નામ રાખીને સાતે ભાગોમાં મુખ્ય વિષયને ધ્યાનમાં રાખી દરેક ભાગનું નામકરણ નીચે મુજબ કર્યું છે.

| ભાગ | સર્ગ | નામ |
|---|---|---|
| ૧. | ૧-૨-૩ | રાક્ષસવંશ અને વાનરવંશ. |
| ૨. | ૪ | રામ-લક્ષ્મણને સીતા |
| ૩. | ૫-૬ | સીતા અપહરણ |
| ૪. | ૭-૮/૧ | લંકાવિજય |
| ૫. | ૮/૨ | ઓશીયાળી અયોધ્યા |
| ૬. | ૮ | સીતાને કલંક |
| ૭. | ૯-૧૦ | રામ નિર્વાણ |

આ મુખ્ય વિષયોને સુચવનારા નામાભિધાન છે. ઠેર-ઠેર અવાંતર વિષયો-પ્રસંગો અને સાંપ્રત સમસ્યાઓના પ્રત્યાઘાતોમાં પ્રવચનકારમહર્ષિનું હૃદય વાંચવા મળે છે.

## ભાગ-૩

'જૈનશાસનના ધર્મકથાનુયોગમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**નું 'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર' એક આગવી ભાત પાડે છે. તો 'જૈન રામાયણ' તરીકે ઓળખી શકાય તેવું સાતમું પર્વ આબાલવૃદ્ધ-પ્રબુદ્ધ વર્ગને જકડી-પકડી રાખે તેવું છે. છેલ્લા સેંકડો વર્ષોમાં જૈન-જૈનેતર વર્ગમાં જૈનોની પણ એક આગવી રામાયણ છે. એવી પ્રસિદ્ધિ કરાવનારા આજથી એંસી-એક્યાસી વર્ષ પૂર્વેના પ્રવચનગારુડી પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**એ **મુનિશ્રી 'રામવિજયજી'** અવસ્થામાં કરેલા સચોટ સુબોધ અને હૃદયંગમ પ્રવચનો એક 'ગ્રન્થરત્ન' મા માનપાનને પામેલાં છે.

આજે અમારા દ્વારા **'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** નામથી ૭ ભાગમાં આપના કરકમલમાં મૂકાતાં આ ગ્રન્થરત્નના ત્રીજા ભાગનું નામ **'સીતા અપહરણ.'** ત્રિષષ્ઠિ પર્વનો છઠ્ઠો-સાતમો સર્ગ આ પ્રવચનોમાં સમાવિષ્ટ છે.

'મનુષ્યલોકમાં જ સ્વર્ગ અને મોક્ષ'ના વિવેચનથી પ્રારંભાતા આ પ્રવચનો જૈનશાસનના હાર્દને રજૂ કરી રહ્યાં છે. નિર્મળ સમ્યગ્ દર્શનના ધારક આત્માઓનાં માન-પાન પ્રાણ અને દુન્યવી સંપત્તીની પરવાહથી પર દૃષ્ટાંતો આપણા પ્રમાદને પડકારે તેવાં રજુ થયાં છે.

**'સત્પુરુષોની અક્કડતા પણ નમ્રતાના ઘરની જોઈએ, સત્પુરુષોનો કોપ પણ ક્ષમાના ઘરનો જોઈએ, સત્પુરુષોની માયા પણ સરળતાના ઘરની જોઈએ અને સત્પુરુષોનો લોભ પણ સંતોષના ઘરનો જોઈએ : સત્પુરુષોની સહનશીલતા હીમ જેવી હોય છે, જ્યારે કર્તવ્ય પરાયણતા**

**અગ્નિની જ્વાળા જેવી હોય છે, એ પુણ્યપુરુષોની સહનશીલતામાં અજ્ઞાનીઓના દોષો સળગી જાય છે અને કર્તવ્યપરાયણતામાં એદીઓની અકર્મણ્યતા સળગી જાય છે.'** પરમગુરુદેવશ્રીના શ્રીમુખથી પ્રગટેલા આ શબ્દોની કમાલ તો આપણા જીવનની બધી ધમાલોને શાંત કરી દે તેવી છે. સારા કહેવડાવવાનું ગમે પણ સારા થવાનું મન ક્યારે થશે ?

દેવગુરુની ઉપાસના, ઉપદ્રવનાશ, શિષ્ટોને સહાય દુષ્ટોને દંડ કરતાં વનવાસમાં પણ 'રામ ત્યાં અયોધ્યા' ની ઉક્તિને ચરિતાર્થ કરતાં રામ-લક્ષ્મણ અને સીતા નિર્ભય વનરાજ પરિવારની જેમ વનમાં વિચરે છે. તે દરમ્યાનમાં રાત્રિભોજન પરિહારના દૃષ્ટાંતરુપ 'વનમાલા'ની ઘટના અદ્દ્ભુત છે. શ્રી રામચન્દ્રજી આદિનું દંડકારણ્યમાં આગમન, જટાયુપક્ષી, દંડકરાજાને દંડકારણ્ય, સૂર્યહાસ ખડગના સાધક શંબૂકના પ્રસંગમાંથી સીતા અપહરણની ઉદ્દ્ભવેલી ઘટના, શોકગ્રસ્ત રામચન્દ્રજીની સુગ્રીવને સહાય, સીતા શોધ માટે હનુમાનની પસંદગી, લંકાના દેવરમણ ઉદ્યાનમાં સીતાદેવીની પ્રાપ્તિ આદિ અહીં વર્ણવાયેલ છે.

સદ્દ્ગુરુચરણ સેવાહેવાકી
**આચાર્ય વિજય શ્રેયાંસપ્રભસૂરિ**

**દ્વિ.વૈશાખ વદ-૧૧, વિ.સં.૨૦૬૬,**
**સિદ્ધાંતમહોદધિ સ્વ.પરમગુરુવર સ્વર્ગતિથિ.**
**થરા**





## જૈન રામાયણ : રજોહરણની ખાણ

## ભાગ-૧ થી ૭

ગ્રન્થરત્નનો લાભ લેનાર ધર્મપરાયણ જીવનના શ્રેષ્ઠ નિર્માતા

## શ્રી લાલચંદજી છગનલાલજીના

# જીવનની આછી ઝલક

નરવીરો શૂરવીરો અને ધર્મવીરોની શોભાયમાન રાજસ્થાનની ધીંગીધરા પર આવેલ **સિરોહી** જિલ્લાના **પિંડવાડામાં પૂ. પિતાશ્રી છગનલાલજી**ના કુળમાં પૂ. માતુશ્રી **છોગીબેન**ની કૂખે વિ.સં. ૧૯૭૨માં મહા સુદ ૩ના તેઓશ્રીનો જન્મ થયો.

વર્ધમાન જૈન યુવક મંડળની સ્થાપના (પિંડવાડા) દ્વારા સંઘના અનેક કાર્યોમાં સાથ આપતા રહ્યા.

પિંડવાડાના પનોતા પુત્ર, પ્રેમના ઘૂઘવતા સાગરસમા સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પરમ કૃપાપાત્ર બની ત્રીશ-ત્રીશ વર્ષો સુધી અખંડપણે કર્મ સાહિત્યના પ્રકાશનાદિમાં કાર્યરત રહેવા દ્વારા અપૂર્વ જ્ઞાનોપાસના અને ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિની સ્થાપના કરાવી.

જેસલમેર-અમરસાગર-લોદ્રવપુર-ભીલડીયાજી-અજારી (પિંડવાડા)-આયડ (ઉદયપુર) આદિ અનેક મહાતીર્થોના જીર્ણોદ્ધારના કાર્યની સાથે મેવાડના અગણિત મંદિરોના પુનરુદ્ધારમાં અમૂલ્ય ફાળો આપ્યો.

સુવિશુદ્ધ સંયમમહાનિધિ, વાત્સલ્યવારિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્દેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની પરમ પાવનકારી નિશ્રામાં પિંડવાડામાં ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પરમોકારી સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની તથા અન્ય **ગુરુભગવંતો**ની નિશ્રામાં અગ્રેસર રહી વિશ્વ વિખ્યાત આબુ દેલવાડા-બ્રાહ્મણવાડા-ઉદવાડા-પૂના-વાંસદા આદિ અનેક સ્થાનોમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠાદિના પ્રસંગોની ઉજવણી કરી કરાવી.

હસ્તગિરિ મહાતીર્થ, સહસાવન ગિરનાર, શ્રીપાલનગર મુંબઈ જી.આઈ.ડી.સી. વાપી ચંદાવરકરલેન બોરીવલી મુંબઈ આદિમાં નૂતન દેરીઓ-જિનાલયોના નિર્માણમાં અનુમોદનીય સહયોગ આપ્યો.

સહસાવન ગિરનાર, દેલવાડા આબુ, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી જેવા વિશ્વપ્રસિદ્ધ સ્થાનોમાં કાયમી ધજા ચઢાવવાના, મૂલનાયક તથા અન્ય જિનબિંબો ભરાવવાના તથા પ્રતિષ્ઠાદિના લાભોમાં સ્વદ્રવ્યની ન્યોછાવરી કરી.

શંખેશ્વર-બ્રાહ્મણવાડામાં નવપદજીની ઓળીની આરાધના કરાવવા જેવા અનેક સુકૃતોની સમારાધના, મુકપશુઓની સુરક્ષા કાજે શિબિર-કેમ્પ અનુકંપાના કાર્યો તથા સામાજિક ક્ષેત્રોમાં અગ્રેસર રહી તન-મન-ધનથી વિવિધ સેવાઓ આપી છે.

ઉભય ગુરુદેવોના કાળધર્મ બાદ તપસ્વીસમ્રાટ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજા** તથા ગચ્છસમ્રાટ્ પૂ. આચાર્યદેવશ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા**ની પણ એવી જ કૃપા મેળવીને શાસન પ્રભાવક અનેક કાર્યોમાં અગ્રેસર રહી, આ ઉભયની નિશ્રામાં જ સમાધિ પામીને સ્વર્ગવાસી બન્યા.

આપની શ્રુતભક્તિની અમે
પુનઃપુનઃ અનુમોદના
કરીએ છીએ.

**- શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન**



# ભાગ-૩

## સીતા અપહરણ


૧. સાહમ્મીના સગપણ સમું અવર ન સગપણ કોય

૨. કલ્યાણમાલાની કરુણ કથની

૩. રામ ત્યાં અયોધ્યા આ કહેવતનો સાક્ષાત્કાર

૪. વિજયપુર પરિસર : વનમાલા : શપથગ્રહણ

૫. રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે

૬. કરમન કી ગત ન્યારી

૭. રાજા દંડક : દંડકારણ્ય : જટાયુપક્ષી

૮. વિષય કષાયની આધીનતા અને નિર્મળ વિવેક

૯. મહાસતી સીતાદેવીનું અપહરણ

૧૦. અબળા સબળા પણ બની શકે છે

૧૧. મોક્ષમાર્ગ ઉપર આક્રમણ એ ધર્માત્માઓ માટે કસોટી

૧૨. શ્રી હનુમાન દેવરમણ ઉદ્યાનમાં

# ક્રમ નિર્દેશ


વિષય — પૃ

**(૧)સાહમ્મીના સગપણ સમું અવર ન સગપણ કોય** — ૧

★ સિંહાવલોકન મનુષ્યલોકમાં સ્વર્ગ અને મોક્ષ — ૩

★ સીતાજીની શ્રમિત દશા અને વિશ્રાંતિ — ૪

★ મુનિનું દર્શન — ૫

★ ઉપદેશ અને પરિણામ — ૬

★ આફતની ચિંતા અને તેનો ઉપાય — ૭

★ સિંહોદર રાજાનો કોપ — ૮

★ વજકર્ણનો પ્રશ્ન અને તેનો ઉત્તર — ૯

★ વજકર્ણનો જવાબ — ૧૧

★ સરળ જવાબનો પણ અસ્વીકાર — ૧૩

★ શ્રી રામચંદ્રજીનો સાધર્મિક પ્રેમ — ૧૪

★ ઔચિત્યવાદી આત્માઓનો સુંદર આચાર — ૧૫

★ શ્રી લક્ષ્મણજીની સ્પષ્ટ અને સાચી સલાહ — ૧૬

★ શાંતિને બદલે કોપ — ૧૮

★ આ પ્રસંગનો ઉત્તમ બોધપાઠ — ૨૦

★ સ્વ પરહિતની સાધના એ સત્પુરુષોનું સામર્થ્ય — ૨૨

★ સહનશીલતા અને કર્તવ્ય પરાયણતા — ૨૪

★ સિંહોદર રાજાને શ્રી રામચંદ્રજીની આજ્ઞા — ૨૬

★ શ્રી વજકર્ણની પ્રાર્થના — ૨૭

★ ધર્મ અને ધર્મીને ઓળખતા શીખો — ૨૮

★ ધર્મમય વર્તનનો અદ્દભુત પ્રભાવ — ૨૯

★ નિર્દંભ સમર્પણ અવશ્ય ફળે જ — ૩૧

★ કામ એ આત્માનો કારમો શત્રુ છે — ૩૩

**(૨) કલ્યાણમાલાની કરુણ કથની** — ૩૫

★ મંત્રીની માંગણી અને સ્વીકાર — ૪૦

★ વિંધ્યાટવીમાં પ્રવેશ — ૪૦

★ શુભાશુભ શુકનોનો પ્રભાવ — ૪૧

★ મ્લેચ્છ રાજાને શરણાગતિ — ૪૩

★ જેટલું બળ તેટલી ક્ષમા હોવી જોઇએ — ૪૪

★ અજ્ઞાન એ જ ખરી આફત — ૪૫

★ અનુકંપા એ ધર્મપ્રભાવનાનું અંગ — ૪૬

★ એકબાજુ આતિથ્ય અને બીજી બાજુ અપમાન — ૪૮

★ આજ્ઞાપાલન એ કુલીનોનો ધર્મ — ૪૯

★ પુણ્યનો અદ્દભુત અને અચિંત્ય પ્રભાવ — ૫૧

★ જંગલમાં મંગલ — ૫૨

★ ઉત્તમ આત્માઓની ઉદારતા — ૫૪

**(૩)રામ ત્યાં અયોધ્યા આ કહેવતનો સાક્ષાત્કાર** — ૫૭

★ રિદ્ધિ અને સિદ્ધિ ત્યાગીની સેવિકા છે — ૬૦

★ લઘુ કર્મીપણાનો ઉત્તમ પ્રભાવ — ૬૦

★ સુગુરુઓની ધર્મદેશનાનો પ્રતાપ — ૬૨

★ અનુપમ દયા ઉદારતા — ૬૩

★ મહાપુરુષોનાં હૃદયની દિલાવરતા — ૬૫

★ સુપાત્ર દાનનું સુંદર પરિણામ — ૬૭

★ ભક્તિ કરનાર હંમેશા સેવક બનીને રહે — ૬૯

★ શ્રી રામચંદ્રજીનું પ્રયાણ અને નગરીનો ઉપસંહાર — ૭૨

**(૪) વિજયપુર પરિસર : વનમાલા : શપથગ્રહણ** — ૭૩

★ આજે તમારા સંસારની શી દશા છે ? — ૭૫

★ ઉત્તમ પ્રકારની મર્યાદાઓ કેમ નાશ પામી ? — ૭૬

★ સુધારાના નામે સંસ્કૃતિનો સંહાર — ૭૮

★ આજે તો ઉત્તમ પ્રકારની મર્યાદા નાશ પામી રહી છે. — ૮૦

★ પુણ્યશાળીઓનું જાગતું પુણ્ય — ૮૧

★ સત્તાના મોહ અને તેનું ગુમાન આત્માને પાડે છે — ૮૩

★ શ્રી રામચંદ્રજી નંદ્યાવર્તપુરના ઉદ્યાનમાં — ૮૫

★ દેવતા સહાય કરવા આવે છે — ૮૬

★ અતિવીર્યના અહંકારની અંધતા — ૮૭

★ અતિવીર્ય રાજા વૈરાગ્યવાસિત બન્યા — ૮૯

★ દેવ-ગુરુ તથા ધર્મ પ્રત્યે અવિહડ રાગ કેળવો — ૯૨

★ પ્રશસ્ત દશા કેળવવાની જરુર — ૯૩

★ શ્રી લક્ષ્મણજી કર્તવ્યભ્રષ્ટ થતા નથી — ૯૪

★ રાત્રિભોજન મહા અનર્થ કરે છે — ૯૫

**(૫)રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે** — ૯૭

★ શત્રુદમન રાજાની રાજસભામાં — ૯૯

★ હું તો મોટાભાઇને પરતંત્ર છું ! — ૧૦૦

★ સુસાધુઓ ઉપર સત્તા ન ચલાવો ! — ૧૦૧

★ છતી શક્તિએ શ્રાવક શું કરે ? — ૧૦૩

★ હણવાને ઉદ્યત — ૧૦૪

★ ધર્મની સાચી ધગશ હોવી જોઇએ — ૧૦૫

★ રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે ૧૦૬
★ વાલી મુનિએ કઈ સ્થિતિમાં તીર્થરક્ષા કરી હતી ? ૧૦૯
★ શ્રી વાલી મહામુનિની સુંદર વિચારણા ૧૧૩
★ આવેશ ઉતર્યા પછીની વિવેકિતા ૧૧૫
★ એ સમતા ને શાંતિ મડદાની છે ૧૧૭

**(૬) કરમન કી ગત ન્યારી ૧૧૯**

★ હેતુને સમજીને હેતુ સિદ્ધ કરતાં શીખો ૧૨૧
★ વિષયાસક્તિનું કારમું પાપ ૧૨૨
★ ધર્મમાં પુરુષની પ્રધાનતા છે ૧૨૪
★ વૈરાગ્ય માટે આત્મા યોગ્ય જોઈએ ૧૨૬
★ લોક ડરના બદલે પાપ ડર કેળવવો જોઈએ ૧૨૮
★ આત્માના ઉપકાર માટે જ સાચો ઉપકાર છે ૧૨૯
★ ઉત્તમ સામગ્રીને સફળ કરવા શું કરવું જોઈએ ? ૧૩૧
★ કર્મની ગતિ જ ન્યારી છે ૧૩૨
★ પાપોદયના કારમા પરિણામ ૧૩૩
★ બાહ્ય નિમિત્તોની બળવત્તા ૧૩૬
★ અનલપ્રભદેવે ઉપસર્ગ કેમ કર્યા ? ૧૩૭
★ મિથ્યાત્વનો મહાભયંકર દોષ ૧૩૯
★ સાચી નામના કોને કહેવાય ? ૧૪૧

**(૭) રાજા દંડક દંડકારણ્ય જટાયુપક્ષી ૧૪૩**

★ શ્રી રામચંદ્રજી દંડકારણ્યમાં ૧૪૫
★ સાચુ સુખ સંસારમાં ક્યાં છે ? ૧૪૭
★ કર્મક્ષય માટે કરવા યોગ્ય બે પ્રવૃત્તિ ૧૪૮
★ રાજસભા અને ધર્મચર્ચા ૧૪૯
★ આજના આર્થિક ઝંઝાવાતોનું મૂળ શું છે ? ૧૫૦
★ દયા નહીં પણ દુષ્ટતા ૧૫૧
★ આજે ધર્મ પ્રવૃત્તિઓમાં વિશેષ લક્ષ્ય આપવું જોઇએ ૧૫૩
★ પાપાત્માઓ અને તારક વસ્તુઓનું દૂષણ ૧૫૪
★ શક્તિસંપન્ન ધર્માત્માઓ મૌન ન રહે ૧૫૫
★ એવી અશાંતિથી ગભરાવવાનું ન હોય ! ૧૫૬
★ સંસાર એટલે સુખ દુઃખની પરંપરા ૧૫૮
★ દુનિયાનું સુખ પણ ક્યારે મળે ૧૫૯
★ ધર્મ, કર્મની બેડીને તોડવા માટે છે ૧૬૦
★ સંસારની પ્રવૃત્તિ ન છૂટકે કરવી એવું નક્કી કરો ૧૬૧
★ ધર્મ પમાડવો એ સર્વોત્તમ ઉપકાર ૧૬૪
★ સદ્ધર્મથી પતિત કરનારા મહાભયંકર છે ૧૬૫
★ શ્રી સ્કંદકસૂરિજીને જોઇને પાલકે જમીનમાં દાટેલા શસ્ત્રો ૧૬૮
★ દુર્જનતાથી વૈર જન્મે, એની સત્પુરુષોને પરવા હોતી નથી ૧૬૮
★ આગ જેવી વિષય-કષાયની તીવ્રતા ૧૭૦
★ ધર્મદેશનાથી કોને હર્ષ ન થાય ? ૧૭૧
★ 'આપ ભલા તો જગ ભલા' એ કહેવતમાં ય દુર્જનો અપવાદરૂપ ૧૭૨
★ કુસાધુતા પોષાય અને સુસાધુતા શોષાય ત્યારે શું કરવું ? ૧૭૪
★ રાજાને વિષાદ ૧૭૫
★ રાજા દંડકનો અવિચારી આદેશ ૧૭૫
★ એવા વેષ વિડંબકોથી દૂર રહેવું જોઇએ ૧૭૬
★ ક્રોધના આવેશમાં શ્રી સ્કન્દકસૂરિએ કરેલું નિયાણું ૧૭૭
★ તે વખતે શાસન દેવતા કેમ ન આવ્યા ? ૧૮૦
★ જટાયુ પક્ષીએ સ્વીકારેલું શ્રાવકપણું ૧૮૧
★ સૌની પરવાનગી ૧૮૩
★ સદ્ધર્મ સંભળાવનારને એકાંતે લાભ જ છે ૧૮૩

**(૮) વિષયકષાયની આધીનતા અને નિર્મળ વિવેક ૧૮૫**

★ સૂર્યહાસ ખડ્ગની સાધના ૧૮૭
★ એવા સાધકોની સિદ્ધિ દૂર નથી ૧૮૯
★ સંસારમાં કાંઈ ઓછું કષ્ટ નથી ૧૯૦
★ સંસાર કરતાં સંયમનો માર્ગ વધારે સહેલો છે ૧૯૧
★ અજ્ઞાનતાથી શ્રી લક્ષ્મણજીના હાથે શંબૂકનો શિરચ્છેદ ૧૯૨
★ પાપનો ડંખ તો હોવો જોઇએ ૧૯૩
★ વિષયની આધીનતા ઓછી ભયંકર નથી ૧૯૫
★ ચન્દ્રણખાની કપટકળા ને બનાવટી ઉત્તર ૧૯૭
★ પોતાના અંતરની સાથે વિચાર કરવો જોઇએ ૧૯૮
★ દશાનો વિચાર કરતાં શીખો ૧૯૯
★ વિવેકપૂર્વકનો ઉત્તર ૧૯૯
★ એ અધમતાની અવધિ છે ૨૦૧
★ ચન્દ્રણખાનો રોષ અને યુદ્ધની ભૂમિકા ૨૦૨

★ શ્રી જૈનશાસનને પામેલાં
સૌ સુખી જ થાય ૨૦૩
★ ચંદ્રણખા રાવણને ઉશ્કેરે છે ૨૦૪
★ શ્રી રામચંદ્રજીનું ઉગ્ર તેજ
શ્રી રાવણને થંભાવી દે છે ૨૦૭
**(૯) મહાસતી સીતાદેવીનું અપહરણ ૨૦૯**
★ અવલોકની વિદ્યાએ રાવણને શું કહ્યું ?૨૧૨
★ જૈનોના આચારોનો અને
વિચારોનો જોટો મળે નહિ ૨૧૪
★ શ્રીમતી સીતાદેવીનું અપહરણ
કરી રાવણ આકાશમાર્ગે ૨૧૬
★ રત્નજટી ખેચર સહાયે આવે છે ૨૧૮
★ કામને આધીન રાવણ ભાન ભૂલે છે ૨૨૦
★ કામવાસના ઉપર વિજય
મેળવવાનો માર્ગ ૨૨૨
★ આજની લાયબ્રેરીઓ
શું જ્ઞાનની પરબો છે ? ૨૨૩
★ શીલ એ જ સર્વસ્વ માનવું જોઈએ ૨૨૪
★ પ્રશસ્ત કષાય તો હોવા જ જોઈએ ૨૨૫
★ શ્રીમતી સીતાદેવી દેવરમણ ઉદ્યાનમાં ૨૨૬
★ શ્રીમતી સીતા પ્રવૃત્તિ આનયન ૨૨૬
★ ધર્મકથાઓને સાંભળવાનો
હેતુ કયો હોય ? ૨૨૬
★ લક્ષ્મણજીને છળનો ખ્યાલ આવ્યો ૨૨૭
★ શ્રી રામચંદ્રજીને મૂર્છા આવી ૨૨૮
★ શ્રી નવકાર મંત્ર દેતા
એ યાદ આવે છે ? ૨૩૦
★ યુદ્ધમાં શ્રી લક્ષ્મણજી
એકલા જ પ્રવર્તે છે ૨૩૧
★ ખરનો ક્રોધ : અને
શ્રી લક્ષ્મણજીનો એને જવાબ ૨૩૨
★ ખર અને દૂષણનો શિરચ્છેદ ૨૩૨
★ વિરહશલ્યમાં પીડાતા શ્રી રામચંદ્રજી ૨૩૩
**(૧૦) અબળા સબળા પણ બની શકે છે ૨૩૫**
★ મોહની કેવી કારમી વિષમતા ૨૩૭
★ આજના જડવાદીઓની દુર્દશા ૨૩૮
★ નવયુગની નોબત કે નાશની નોબત ? ૨૩૮
★ જૈન સમાજની ઉન્નતિનો માર્ગ ૨૩૯
★ ક્રાંતિ ઘેલાઓનો વિષમ ઉન્માદ ૨૪૦
★ શ્રી રામચન્દ્રજીને સંજ્ઞાની પ્રાપ્તિ ૨૪૧
★ શ્રીમતી સીતાજીની શોધ માં
સુભટોની નિષ્ફળતા ૨૪૨
★ પાતાલલંકામાં વિરાધને રાજ્ય સમર્પણ ૨૪૨
★ સુગ્રીવ ઉપર આવેલી આપત્તિ ૨૪૪
★ વિષયાધીનોનો સંયમ એ સંયમ નથી ૨૪૬
★ તે ધર્મક્રિયા વસ્તુતઃ ધર્મક્રિયા નહીં ૨૪૭
★ પાત્રતા વિના સારી વસ્તુ ફળે નહીં ૨૪૮
★ વિષયાભિલાષા બહુ કારમી વસ્તુ છે ૨૪૯
★ અશુભના ઉદય વેળાએ ચેતવાની જરુર ૨૫૦
★ શોકગ્રસ્ત સુગ્રીવની વિચારણા ૨૫૧
★ પુદ્ગલરસિકને અહીં દુઃખ ને
પરલોક પ્રતિકૂળ ૨૫૨
★ દીક્ષા વૈરાગ્ય ઉત્પન્ન થાય તો જ લેવાય ૨૫૩
★ સુગ્રીવે દૂતને પાતાલલંકામાં મોકલ્યો ૨૫૪
★ સુગ્રીવની વિનંતીનો સ્વીકાર ૨૫૫
★ એક જ બાણે માયાવી સુગ્રીવનો સંહાર ૨૫૬
★ વિચારો કે કર્મની દશા બહુ ભયંકર છે ૨૫૭
★ વિષય વિવશ આત્માઓની કરુણ દશા ૨૫૮
★ વિષયના સાધનોથી બને તેમ દૂર રહેવું ૨૫૯
★ સતીત્વના પાલનની દરકાર ક્રોધ
ઉપજાવે ૨૬૦
★ પ્રશસ્ત કષાય અવસરે આપોઆપ
ઉત્પન્ન થઈ જ જાય છે ૨૬૨
**(૧૧) મોક્ષમાર્ગ ઉપર આક્રમણ એ ધર્માત્માઓ
માટે કસોટી ૨૬૩**
★ શ્રીમતી સીતાદેવીએ ક્રોધમાં આવીને
કહેલા કડક શબ્દો ૨૬૬
★ કામવાસનાને કાબૂમાં રાખે તે જ
આરાધના કરી શકે ૨૬૭
★ પતિનું ઉન્માર્ગગામીપણું પોષવું
એ સતીધર્મ નથી ૨૬૮
★ શ્રી રાવણે કરેલ ભયંકર ઉપસર્ગ ૨૬૯
★ અબળા ગણાતી સતી સબળા પણ
બની શકે ૨૭૦
★ શ્રી બિભીષણ અને શ્રી રાવણ વચ્ચે
વાતચીત ૨૭૨
★ આત્માનો સાચો રક્ષક આત્મા
પોતે જ છે ૨૭૩
★ કામાવેશમાં બળવાન પણ નિર્બળ
બની જાય છે ૨૭૫
★ સારી, સાચી અને હિતકર વાત
બધાયને ન રુચે ૨૭૫
★ શાસનનાં દરેક સેવકની જરુરી
અને ઉત્તમ ફરજ ૨૭૮
★ કરવા યોગ્ય કરવામાં બેદરકાર
ન બનો ૨૭૯
★ મુનિવરોને શાસ્ત્ર ચક્ષુરુપ છે ૨૮૦
★ શ્રીમતી સીતાદેવીની શોધમાં સુગ્રીવના
સૈનિકો ૨૮૧
★ રત્નજટી વિદ્યાધર દ્વારા શ્રીમતી
સીતાજીના સમાચાર ૨૮૨
★ શ્રી લક્ષ્મણજીએ કોટિશિલા ઉપાડી ૨૮૩

★ સત્યપ્રિય આત્માઓ મોટાભાગે સત્યનો પક્ષ કરનારા હોય છે ૨૮૫
★ શ્રી રામચન્દ્રજીએ કહેવડાવેલો સંદેશો ૨૮૬
**(૧૨) શ્રી હનુમાનજી દેવરમણ ઉધાનમાં ૨૮૭**
★ રાજા મહેન્દ્ર પણ શ્રી રામચન્દ્રજીની સેવામાં ૨૯૦
★ સુસાધુને તથા વેષધારીને પારખતા શીખો ૨૯૧
★ એવા પ્રસંગે પૂરતી અને ઊંડી તપાસ કરવી જોઈએ ૨૯૩
★ ઉત્સૂત્રપ્રરુપણા અને ચારિત્રહીનતા ૨૯૫
★ સુશ્રાવકોએ આવા પ્રસંગે ચકોર બનવું જોઈએ ૨૯૬
★ એક મુક્તિના જ ધ્યેયથી ધર્મક્રિયા કરવી જોઈએ ૨૯૭
★ તેઓ શ્રી જૈનશાસનના ઘાતક છે ૨૯૯
★ મુનિની ફરજ સહવાની પણ શ્રાવકની ફરજ કઈ ? ૩૦૨
★ શ્રી હનુમાને મુનિઓની આપત્તિનું કરેલું નિવારણ ૩૦૩
★ દૃષ્ટિરાગી ન બનો પણ ગુણાનુરાગી બનો ૩૦૩
★ ત્રણ કુમારિકાઓનો વૃત્તાંત ૩૦૪
★ લંકામાં પેસતા આશાલિકા વિદ્યાદેવીનો ભેટો ૩૦૫
★ પરાક્રમીના નામ સાંભળીને પણ દુશ્મનના સુભટો કંપે ૩૦૬
★ શ્રી હનુમાનજી પહેલેથી જ ચમત્કાર બતાવે છે ૩૦૬
★ લંકાસુંદરી સાથે શ્રી હનુમાનજીનો ગાન્ધર્વવિવાહ ૩૦૭
★ વિષયાદીનો ધર્મની સેવાને માટે અયોગ્ય છે ૩૦૮
★ બિભીષણને સાચી સલાહ તથા યુદ્ધની ધમકી ૩૦૯
★ શ્રી બિભીષણની ન્યાયનિષ્ઠા ૩૧૦
★ હનુમાન દેવરમણ ઉધાનમાં ૩૧૧
★ સન્નારીઓએ આદર્શભૂત બનાવવા જેવા જીવન પ્રસંગો ૩૧૧
★ ઉદ્ધાર કરવો છે કે અધઃપતન કરવું છે ૩૧૨
★ શ્રીમતી સીતાદેવીને જોઈને શ્રી હનુમાનજી શું વિચારે છે ? ૩૧૪
★ શ્રી હનુમાને શ્રીમતી સીતાજીના ખોળામાં ફેંકેલી મુદ્રિકા ૩૧૪
★ શ્રીમતી સીતાજીને મન્દોદરીનું વિનયપૂર્વકનું કથન ૩૧૬
★ શ્રી હનુમાન અને શ્રીમતી સીતાજીનો પરસ્પર મેળાપ ૩૧૭
★ પરાક્રમી હનુમાનજીનો સુંદર પ્રત્યુત્તર ૩૧૯
★ જૈન શાસનના સાચા સેવકો કેવા હોય ? ૩૧૯
★ પવિત્રતાનો બચાવ કરનારા આર્યદેશના આચારો કલ્યાણકામી આત્માને કેમ ન ગમે ૩૨૧
★ શ્રી હનુમાને દેવરમણ ઉધાનમાં મચાવેલું તોફાન ૩૨૨
★ શ્રી હનુમાનજીનું કૌતુકથી નાગપાશમાં બંધાવું ૩૨૪
★ સ્વામીની અવહેલનાને મૂંગે મોઢે સહનાર નિમકહરામ ગણાય છે ૩૨૫
★ શ્રી હનુમાને શ્રી રાવણને આપેલો જડબાતોડ જવાબ ૩૨૫
★ ઉત્સૂત્ર ભાષકોની સાથે વાત કરવામાં પણ પાપ છે ૩૨૬
★ શ્રી રાવણના મુગટના શ્રી હનુમાને ચૂરેચૂરા કરી નાંખ્યા ૩૨૮
★ શ્રી હનુમાનજી શ્રી રામચન્દ્રજી પાસે ૩૨૮




# ૧

આ પ્રકરણના પ્રારંભે સિંહાવલોકન દૃષ્ટિથી પૂર્વની વાતોનું સ્મરણ કરાવાયું છે, જે પ્રભુ આજ્ઞામાં રક્ત રહેવાનું સૂચવે છે, છેલ્લે શ્રી **રામચન્દ્રજી** આદિ જે નિર્જન પ્રદેશમાં જઈ પહોંચ્યા છે તે પ્રદેશની નિર્જનતાનું કારણ એક અજ્ઞાતવ્યક્તિ દ્વારા શ્રી **રામચન્દ્રજીને** જાણવા મલ્યું જેમાં વેશ્યા અને ચોરોના વ્યસનમાં રત હોવા છતાં પણ સાધર્મિક ઉપરની આપત્તિ જાણીને તેના નિવારણ માટે પ્રયત્ન કરનાર મહાનુભાવનો પ્રસંગ અને શ્રી **રામચન્દ્રજીએ** પણ સાધર્મિકને આપત્તિ મુક્ત કરવા કરેલો પ્રયત્ન તેઓના અંતરમાં સાધર્મિકપ્રેમ કેવો હશે તે સૂચવી જાય છે.

શ્રી **વજ્રજંઘરાજા** અને શ્રી **સિંહોદર**રાજાનો અહીં વર્ણવાયેલો પ્રસંગ તે ઉભયની મહાનુભાવતાને પણ રજૂ કરી રહ્યો છે. ધર્મ ખરા અવસરે ધર્મીને રક્ષણ આપ્યા વિના રહેતો નથી, એ સત્યનો આ પ્રસંગમાં સાક્ષાત્કાર થાય છે.

-શ્રી

## સાહમ્મીના સગપણ સમું અવર ન સગપણ કોય

- સિંહાવલોકન
  મનુષ્યલોકમાં સ્વર્ગ અને મોક્ષ
- સીતાજીની શ્રમિત દશા અને વિશ્રાંતિ
- મુનિનું દર્શન
- ઉપદેશ અને પરિણામ
- આફતની ચિંતા અને તેનો ઉપાય
- સિંહોદર રાજાનો કોપ
- વજ્રકર્ણનો પ્રશ્ન અને તેનો ઉત્તર
- વજ્રકર્ણનો જવાબ
- સરળ જવાબનો પણ અસ્વીકાર
- શ્રી રામચંદ્રજીનો સાધર્મિક પ્રેમ
- ઔચિત્યવાદી આત્માઓનો
  સુંદર આચાર
- શ્રી લક્ષ્મણજીની સ્પષ્ટ અને
  સાચી સલાહ
- શાંતિને બદલે કોપ
- આ પ્રસંગનો ઉત્તમ બોધપાઠ
- સ્વ પરહિતની સાધના
  એ સત્પુરુષોનું સામર્થ્ય
- સહનશીલતા અને
  કર્તવ્ય પરાયણતા
- સિંહોદર રાજાને
  શ્રી રામચંદ્રજીની આજ્ઞા
- શ્રી વજ્રકર્ણની પ્રાર્થના
- ધર્મ અને ધર્મીને ઓળખતા શીખો
- ધર્મમય વર્તનનો અદ્‌ભુત પ્રભાવ
- નિર્દંભ સમર્પણ અવશ્ય ફળે જ
- કામ એ આત્માનો કારમો શત્રુ છે



# ૧

## સાહમ્મીના સગપણ સમું અવર ન સગપણ પણ કોય



### સિંહાવલોકન : મનુષ્યલોકમાં સ્વર્ગ અને મોક્ષ :

આપણે "શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર" નામના મહાકાવ્યના સાતમા પર્વમાં રામ-લક્ષ્મણની ઉત્પત્તિ, પરિણયન અને વનવાસગમન નામના ચોથા સર્ગમાં છેલ્લે-છેલ્લે જોઈ ગયા કે, 'શ્રી ભરતે' ભાઈની તથા પિતાની આજ્ઞાથી રાજ્ય લીધું. શ્રી દશરથ મહારાજાએ પણ મોટા પરિવારની સાથે સત્યભૂતિ નામના મહામુનિની પાસે સંયમ લીધું અને શ્રી રામચંદ્રજી, શ્રીમતી સીતાજી તથા શ્રી લક્ષ્મણજી સાથે આગળ પ્રયાણ કરી અવંતિદેશના એક પ્રદેશમાં પહોંચ્યાં.

ચોથા સર્ગમાં આપણે અનેક વસ્તુઓ જાણી, એક ઉત્તમકુળની મહત્તા જોઈ, શ્રી દશરથ મહારાજાને વૈરાગ્ય થવાનું નિમિત્ત પણ જોયું. માતા-પિતા, પુત્ર, પતિ, પત્ની, ભાઈ અને સાસુ-વહુ વગેરે કેવાં હોય તે પણ જોયું. શ્રી જિનેશ્વરદેવના શાસનના સંસ્કાર હોય તો મનુષ્યલોકમાં જ સ્વર્ગ છે. સ્વર્ગ તો મળે ત્યારે, પણ અહીં જ સાચા સ્વર્ગનો અનુભવ થાય છે. શરત એટલી જ કે, શ્રીજિનેશ્વરદેવની આજ્ઞા હૈયામાં બરાબર જચવી જોઈએ. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના પ્રતાપે મનુષ્યલોકમાં સ્વર્ગ જ છે. એટલું જ નહિ પણ જો આત્મા એ આજ્ઞાનું પાલન કરતાં-કરતાં આત્મસ્વરૂપમાં રમતો થઈ જાય, તો મોક્ષનો સાક્ષાત્કાર પણ અહીં જ થાય તેમ છે. પણ એ દશા આવવી જોઈએ.

## સીતાજીની શ્રમિત દશા અને વિશ્રાંતિ

શ્રીમતી સીતાજી અવંતિ દેશના એક દેશ સુધી આવતા માર્ગમાં શ્રમિત થઈ ગયાં. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીની વાત જુદી છે અને શ્રીમતી સીતાજીની વાત જુદી છે. આવી દશામાં પણ શ્રીમતી સીતાદેવીનાં હૃદયમાં કે મુખ ઉપર અપ્રસન્નતા નથી આવતી. પતિની ભક્તિ માટે જ સુખ-સંપત્તિને ત્યજીને વનમાં આવેલ શ્રીમતી સીતાજી અપ્રસન્ન થાય પણ કેમ ? ભલે શ્રીમતી સીતાજી પોતે અપ્રસન્ન ન થાય, પણ શ્રી રામચંદ્રજી માર્ગમાં સાથેનાની શાંતિનો વિચાર કર્યા વિના રહે જ કેમ ? શ્રી સીતાજીને શ્રમિત થયેલ જોઈને શ્રી રામચન્દ્રજીએ શું કર્યું ? એનું વર્ણન કરતાં 'સીતાહરણ' નામના પાંચમાં સર્ગના પ્રથમ શ્લોક દ્વારા જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*"રામોઽથ વિશ્રમયિતું, શ્રાન્તામધ્વનિ જાનકીમ્ ।*
*વટસ્ય મૂલે ન્યષદ્દ્ -ગુહ્યકાનામિવેશ્વરઃ ॥૧॥"*

અર્થાત્ માર્ગમાં આવતાં 'ચિત્રકૂટ' નામના પર્વતને લંઘીને અવંતિદેશના એકદેશ સુધી આવ્યા પછી શ્રી રામચંદ્રજી, માર્ગમાં થાકી ગયેલ સીતાજીને વિશ્રામ કરાવવા માટે યક્ષોના સ્વામીની જેમ એક વટવૃક્ષના મૂળમાં બેઠાં.

શ્રી રામચંદ્રજી જે દેશમાં આવીને વડની નીચે બેઠા, તે દેશને ચારે બાજુ દૃષ્ટિપાત કરીને જોયા છે, જોઈને શ્રી રામચંદ્રજીએ શ્રી લક્ષ્મણજીને કહ્યું કે, 'આ દેશ કોઈની પણ ભીતિથી હમણાં જ નિર્જન થયો હોય એમ લાગે છે. કારણકે નથી સુકાણી પાણીની નહેરો જેમાં એવાં ઉદ્યાનો, શેલડીની સહિત ઈક્ષુવાટો અને અન્નથી ભરેલાં ખળો જણાવે છે કે, આ પ્રદેશમાં થયેલી નિર્જનતા જૂની નથી પણ નવી છે. જો આ પ્રદેશમાં થયેલી નિર્જનતા જૂની હોય તો અહીંના ઉદ્યાનો આવાં લીલાં ન હોઈ શકે. ઈક્ષુવાટો શેલડીથી ખીચોખીચ ન હોઈ શકે. અને ખેતરમાં રહેલાં ધાન્ય ભરવાનાં ખળો ધાન્યથી ભરેલા ન હોઈ શકે. આવી સુંદર દશા હોવા છતાં આ પ્રદેશ એકદમ નિર્જન બની

ગયો છે. એનું કારણ અચાનક આવી પડેલી કોઈની ભીતિ હોવી જોઈએ.'

આ રીતે શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજીને કહી રહ્યા છે તે જ સમયે કોઈ એક માણસ ત્યાં થઈને જઈ રહ્યો છે. તે માણસને તે વખતે શ્રી રામચંદ્રજીએ પ્રશ્ન કર્યો કે,

'હે ભદ્ર ! આ દેશ કેમ ઉજ્જડ થઈ ગયો છે ? અને તું ક્યાં ચાલી રહ્યો છે ?'

### મુનિનું દર્શન

શ્રી રામચંદ્રજીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તે જઈ રહેલા મનુષ્યે કહેવા માંડ્યું કે,

આ અવંતિ નામની નગરીમાં સિંહોદર નામનો રાજા છે અને આ દેશમાં તે રાજાને આધીન એવો વજ્રકર્ણ નામનો એક સામંત છે. એ સામંત મહાબુદ્ધિશાળી છે. અને આ દશાંગપુરનો નાયક છે. એ રાજા એક દિવસ શિકાર કરવા માટે વનમાં ગયો જે વનમાં એ સામંત રાજા શિકાર કરવા ગયો ત્યાં તે રાજાએ કાર્યોત્સર્ગમાં રહેલા પ્રીતિવર્ધન નામના મહામુનિને જોયા.

આવા પ્રસંગે મહામુનિનું દર્શન એ મહા ભાગ્યોદય સૂચવે છે. સુંદર ભાગ્યોદય વિના આવા પ્રસંગમાં મુનિનું દર્શન અશક્ય છે. જો કે ભાગ્યહીન રાજાઓને આવા સમયે થયેલું મુનિનું દર્શન લાભપ્રદ થવાને બદલે હાનિ કરનારું થાય છે. કારણકે ભાગ્યહીન રાજાઓ આવા પ્રસંગોમાં થયેલા મુનિદર્શનને અપશુકન માનીને, ભારેમાં ભારે આશાતના કરી ઘોર પાપબંધને કરનારા થાય છે. પણ આ રાજા તેવો ન હતો. એ જ કારણે આ રાજાએ સરળ ભાવે મહામુનિને પ્રશ્ન કર્યો કે,

'હે મુનિ ! આપ આ અરણ્યમાં વૃક્ષની જેમ કેમ ઊભા છો ?'

આ પ્રમાણેનો પ્રશ્ન કરી મુનિને બોલાવવા માટે તે રાજાએ પ્રયત્ન કર્યો, એટલે તે મુનિએ પણ એનો ઉત્તર આપતાં ઘણા જ અલ્પ શબ્દોમાં ફરમાવ્યું કે,

*"आत्महितार्थम्"*

આત્માના હિતને માટે."

આ પ્રમાણેનો ઉત્તર સાંભળીને આશ્ચર્યચકિત બનેલા વજ્રકર્ણ રાજાએ ફરીથી પણ પ્રશ્ન કર્યો કે,

***खाद्यपेयादिवर्जिते अत्र अरण्ये ।***

***किं नामात्महितं तव संपद्यते ?***

'ખાવાલાયક અને પીવાલાયક વસ્તુઓ આદિથી રહિત એવા આ અરણ્યમાં આપનું શું આત્મહિત થાય છે ?'

## ઉપદેશ અને પરિણામ

આવા પ્રકારના પ્રશ્નથી તે મુનિએ તે રાજા ધર્મને માટે યોગ્ય તરીકે જાણ્યો, કારણકે આત્મહિત માટે રાજાના હૃદયમાં વિરોધ નથી. જો રાજાના હૃદયમાં આત્મહિતનો વિરોધ હોત તો રાજા આત્મહિત શબ્દનો જ ઉપહાસ કરત. પણ તેમ ન હતું. આત્મસ્વરૂપથી અજ્ઞાન દુનિયા ખાવા-પીવામાં અને મોજ-મઝામાં જ સર્વસ્વ માની લે છે, એ જ કારણે ખાન-પાનાદિની સામગ્રીથી રહિત એવા અરણ્યમાં આત્મહિત શું સાધી શકાય અને શી રીતે સાધી શકાય ? એ જાણવા માટે જ રાજાએ એવા પ્રકારનો પ્રશ્ન કર્યો. રાજાના એવા પ્રકારના પ્રશ્નથી પણ મુનિવરે તે રાજાને યોગ્ય જાણ્યો. યોગ્ય જાણીને મુનિવરે તે રાજાને આત્મહિત કરનારો ધર્મ કહ્યો. એ ધર્મના શ્રવણથી સુંદર બુદ્ધિને ધરનારા તે રાજાએ પણ તે મુનિવરની પાસે તે જ ક્ષણે શ્રાવકપણાનો સ્વીકાર કર્યો. એટલું જ નહિ પણ સાથે-સાથે 'શ્રી અરિહંત ભગવાન સિવાયના જે કોઈ દેવ કહેવાતા હોય, તે દેવને અને સાધુઓ વિના અન્ય ગુરુ ને હું નમસ્કાર કરીશ નહિ.' આ *પ્રમાણેનો મજબૂત અભિગ્રહ પણ તે રાજાએ તે મુનિવર પાસે ગ્રહણ* કર્યો.

વિચારો કે એક યોગ્ય આત્માને દેવાયેલો ઉપદેશ કેટલો સુંદર રીતે પરિણામ પામે છે ? જે રાજા આત્મા શું કે આત્માનું હિત શું ?

એ જાણતો ન હતો, તે રાજા એક જ વખતના ઉપદેશથી ઉત્તમ શ્રાવકપણાનો સ્વીકાર કરવા સાથે કઠિનમાં કઠિન અભિગ્રહ અંગીકાર કરે, એ કાંઈ જેવી તેવી વાત નથી. ઉત્તમ આત્માઓને માત્ર પ્રેરકની જ આવશ્યકતા હોય છે. પ્રેરક મળતાની સાથે જ તે આત્માઓ એકદમ ઉદ્યત બની જાય છે. ઉત્તમ આત્માને દીધેલો ઉપદેશ એકદમ ઉત્તમ પ્રકારના પરિણામને અવશ્ય પામી જાય છે. ઉપદેશને યોગ્ય આત્મા ઓછાં પ્રયત્ને, અરે, વિના પ્રયત્ને પણ ઘણું પામી જાય છે. અન્યથા આવા આત્માઓ એકદમ આવો ધર્મ પામી જાય અને આવા પ્રકારનો અભિગ્રહ સ્વીકારી લે એ શક્ય નથી.

## આફતની ચિંતા અને તેનો ઉપાય

એ વજ્રકર્ણ રાજા ઉત્તમશ્રાવકપણાને પામીને દૃઢ અભિગ્રહનો સ્વીકાર કર્યા પછી મુનિને વંદન કરીને દશાંગપુર નામના નગરમાં આવી ગયા બાદ પોતાના શ્રાવકપણાને પાળતા એ પ્રમાણે વિચારવા લાગ્યા કે, 'શ્રી અરિહંતદેવ અને નિર્ગ્રંથ ગુરુ, એ સિવાય અન્ય કોઈને પણ મારે નમસ્કાર કરવો નહિ, આવા પ્રકારનો મારે અભિગ્રહ છે, એ વાત નિશ્ચિત છે, અને મારાથી નહીં નમસ્કાર કરાયેલ સિંહોદર રાજા મારો વૈરી થશે એ પણ નિશ્ચિત છે.'

આ પ્રમાણે વિચારીને વજ્રકર્ણ રાજા ચિંતાગ્રસ્ત બન્યો. આ વસ્તુ એક પરાધીન રાજાને કનડનારી નિવડે એમા સહજ પણ શંકા નથી. પણ એ વસ્તુનો વિચાર કરતાં-કરતાં વજ્રકર્ણ રાજાને એકદમ સુંદર બુદ્ધિ ઉત્પન્ન થઈ અને એ બુદ્ધિના યોગે એ આફતને ટાળવાનો ઉપાય પણ તેના હાથમાં આવ્યો. આવતી આફતને ટાળવા માટે રાજાએ ભ. શ્રી મુનિસુવ્રતસ્વામીની મણિમય પ્રતિમાને પોતાની મુદ્રિકામાં સ્થાપન કરી અને પોતાની મુદ્રિકામાં રહેલા શ્રી મુનિસુવ્રતસ્વામીના બિંબને નમસ્કાર કરતો તે રાજા સિંહોદર નામના નરપતિને ઠગવા લાગ્યો કારણકે બળવાનથી બચવા માટે માયા એ જ એક ઉપાય હોય છે.

આ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે માયા એ પાપ છે, છતાં પણ એ જ માયા જો પાપથી બચવા અને ધર્મની આરાધના માટે જ સેવાય, તો એ પાપ નથી. પણ ધર્મરૂપ છે. ક્રોધ આદિ ચારે કષાય પાપરૂપ હોઈ અકરણીય હોવા છતાં પણ સ્વ-પરના શ્રેય માટે અથવા તો પાપથી બચવા અને અનંતજ્ઞાનીઓની આજ્ઞાના પાલન માટે કરવામાં આવે તો એ અધર્મ નથી પણ ધર્મ છે. આ જ હેતુથી અપ્રશસ્ત કષાય આદિના સેવનની મના છે. ત્યારે અમુક અવસ્થા સુધી પ્રશસ્ત કષાય આદિના સેવનની વિધિ છે કલ્યાણના અર્થીઓએ એ વિધિના પાલન માટે અવશ્ય ઉદ્યુક્ત રહેવું જોઈએ.

## સિંહોદર રાજાનો કોપ

અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ શ્રી વજ્રકર્ણ રાજા પ્રશસ્ત માયાનો આશ્રય લઈને પોતાના અભિગ્રહનું પાલન આ રીતે કરે છે. એ રીતે પોતાના અભિગ્રહનું પાલન કરતાં તેનો કેટલોક સમય વીત્યો. શ્રી વજ્રકર્ણ રાજાનું એ કાર્ય કોઈ એક ખલ માણસે જાણ્યું. ખલનો સ્વભાવ જ એવો હોય છે કે ગમે તે રીતે પણ ઉપદ્રવ મચાવવો. પોતાના એ જાતિસ્વભાવના અમલ માટે તે ખલપુરુષે વજ્રકર્ણ રાજાનો તે વૃત્તાંત સિંહોદર નામના મહીપતિને જ જણાવ્યો. કારણકે

*"खलाः सर्वंकषाः खलु"*

ખરેખર ખલ પુરુષો સઘળી જ વસ્તુનો નાશ કરનારા હોઈ છુરિકા જેવા હોય છે."

ખલ પુરુષોનો આ સ્વભાવ વિશ્વમાં ભારે ઉપદ્રવ મચાવનારો હોય છે. કોઈપણ સારા કામનો નાશ કરવો, એ ખલ પુરુષોની જન્મસિદ્ધ પ્રકૃતિ હોય છે. કોઈ પણ સારું કામ ન સહી શકાય એવી જ પ્રકૃતિ એ પામરોની હોય છે. કોઈપણ કલ્યાણકારી કાર્યમાં વિઘ્ન ઊભું કર્યા વિના એ બિચારાઓને ચેન જ નથી પડતું. સારા કાર્યને ખરાબ રૂપે ચીતરી અજ્ઞાન લોકોને ઉશ્કેરવામાં એ કુતૂહલીઓને ખૂબ જ આનંદ આવે છે. કોઈ પણ ધર્મના કાર્યમાં

અટકાયત ઊભી થાય ત્યારે એ ઉન્મત્તોને અત્યંત આનંદ આવે છે એ લોકો પોતાની ધારણાઓને સફળ બનાવવા માટે રાજા અને પ્રજા વચ્ચે પણ વિલક્ષણ અને વિચિત્ર પદ્ધતિથી કારમું વૈમનસ્ય પેદા કરી ઉભયને અથડાવી મારતાં પણ આંચકો ખાતા નથી.

આવા જ સ્વભાવને ધરનારા કોઈ એક ખલથી શ્રી વજ્રકર્ણ રાજાનું ધર્મપાલન સહી શકાયું નહિ અને એથી જ તેણે ભયંકર ઉપદ્રવ મચાવવાના હેતુથી એ વાત સિંહોદર રાજાને જણાવી. એ વાતને જાણતાંની સાથે જ મહાસર્પની જેમ નિ:શ્વાસ નાખતો સિંહોદર રાજા એકદમ કોપાયમાન થયો.

**'ધર્મ ધર્મીની રક્ષા સદાય કરે છે. સાચા ધર્મીએ સદાય નિશ્ચિંત જ રહેવું જોઈએ. ધર્મીનું બુરું કરવાને કોઈ જ શક્તિમાન નથી. ધર્મીનું બુરું કરવા ઈચ્છનારનું જ બુરું થાય છે.** ધર્મના પ્રભાવે ધર્મીની રક્ષા કરનાર કોઈને કોઈ મળી જ જાય છે એ જ ન્યાયે સિંહોદર રાજાને શ્રી વજ્રકર્ણ રાજા ઉપર કોપ થયો છે, એમ જાણનાર કોઈ મળી ગયો અને એ જાણનાર કોઈ પણ માણસે સિંહોદર રાજાના કોપને શ્રી વજ્રકર્ણ રાજા પાસે આવીને જણાવ્યો.

### વજ્રકર્ણનો પ્રશ્ન અને તેનો ઉત્તર

સિંહોદર રાજાના કોપની વાત શ્રી વજ્રકર્ણની પાસે જઈને કોઈ અજાણ્યા માણસે જણાવી એટલે આ પ્રકારની કોઈથી પણ ન જાણી શકાય એવી વાતને કોઈ એક અજાણ્યા માણસે આવીને પોતાને જણાવી એથી શંકિત થયેલા વજ્રકર્ણ રાજાએ તે વાત જણાવનાર માણસને સ્પષ્ટપણે પ્રશ્ન કર્યો કે,

*"મયિ તસ્ય કોપો ત્વયા કથં જ્ઞાતઃ ?*

"મારા ઉપર તેં રાજાનો કોપ તેં કેવી રીતે જાણ્યો ?"

આ પ્રમાણે સ્પષ્ટ શબ્દોમાં પૂછાયેલા તે માણસે શ્રી વજ્રકર્ણ રાજાને થયેલી જિજ્ઞાસાની તૃપ્તિ કરવાના હેતુથી સ્પષ્ટપણે આ પ્રમાણે કહ્યું કે,

"કુંદપુર નામના નગરમાં સમુદ્ર સંગમ નામનો શ્રાવક વણિક છે તે શ્રાવકને યમુના નામની ધર્મપત્ની છે. તેઓનો હું વિદ્યુદંગ નામનો પુત્ર છું. ક્રમે કરીને યૌવનને પામેલો હું કરીઆણાં લઈને. ખરીદી અને વેચાણ કરવા ઉજ્જયિની નામની નગરીમાં ગયો. મેં ત્યાં હરિણીનાં નેત્રો જેવાં નેત્રોને ધરનારી કામલતા નામની વેશ્યાને જોઈ અને તેને જોતાંની સાથે જ હું કામબાણોનું સ્થાન થયો. અર્થાત્ એ કામલતા નામની વેશ્યાનાં દર્શનની સાથે જ હું કામાતુર બન્યો. તેની સાથે હું એક રાત્રિ વસું. આ પ્રમાણેની ઈચ્છાથી મેં તેની સાથે સમાગમ કર્યો. પણ તેની સાથે માત્ર એક જ દિવસનો સમાગમ કરવા ઈચ્છતો હું, પાશથી જેમ હરણીઓ મજબૂત બંધાઈ જાય તેમ તેના રાગથી મજબૂત બંધાઈ ગયો. મારા પિતાજીએ જિંદગીભર કષ્ટ વેઠીને જે ઘણું ધન ઉપાર્જન કરેલું હતું. તે ધન મેં તે વેશ્યાના વશે કરીને છ મહિનામાં ઉડાવી દીધું. કોઈ એક દિવસે તે વેશ્યાએ મને કહ્યું કે, 'સિંહોદર રાજાની શ્રીધરા નામની પટ્ટરાણીનાં જે બે કુંડલો છે, તેવાં બે કુંડલો તું મને આપ.'આ કથનને સાંભળીને મેં વિચાર કર્યો કે, "મારી પાસે કંઈ દ્રવ્ય નથી. માટે હું તે પટ્ટરાણીનાં કુંડલો જ હરી લાવું." આ પ્રમાણેના વિચારથી સાહસિક બનેલો હું ખાતર પાડવા દ્વારા રાજાના મહેલમાં ગયો. રાજાના મહેલમાં પેઠેલા મેં સિહોદર રાજાને '*नाथोद्विग्न इवेदानीं, निद्रां न लभसे कथम् ?*'

'હે નાથ ! ઉદ્વિગ્ન આદમીની જેમ આપ હાલમાં નિદ્રાને કેમ પામતાં નથી ?' આ પ્રમાણે પૂછતી શ્રીધરા પટ્ટરાણીને સાંભળી.

પોતાની પટ્ટરાણીએ પૂછેલા એ પ્રશ્નનો ઉત્તર આપતાં સિંહોદર રાજાએ કહ્યું કે, 'હે દેવી ! મને પ્રણામ કરવાથી વિમુખ થઈ ગયેલો શ્રી વજ્રકર્ણ જ્યાં સુધી મરાય નહિ ત્યાં સુધી મને નિદ્રા ક્યાંથી ? અર્થાત્ મને નમસ્કાર નહિ કરતા શ્રી વજ્રકર્ણને જ્યાં સુધી હું મારીશ નહિ, ત્યાં સુધી મને નિદ્રા આવશે નહિ, હે પ્રિયા ! હું પ્રાત:કાળમાં મિત્રો, પુત્રો અને બાંધવો સાથે એ શ્રી વજ્રકર્ણને

મારીશ, ત્યાં સુધી નિદ્રારહિત એવી પણ મારી આ રાત્રિ જાઓ. એટલે કે મારી રાત્રિ તો નિદ્રારહિત જ જશે.'

*સિંહોદર રાજાના તે કથનને સાંભળીને અને તે વાત આપને* કહેવાને માટે કુંડલોની ચોરીને છોડીને હું સાધર્મિક વાત્સલ્યથી જલ્દી અહીં આપની પાસે આવ્યો.

**વજ્રકર્ણનો જવાબ**

વિચારો ! વેશ્યાગામી બનેલો. ચોરી કરવા ગયેલો, ચોરી પણ રાજાને ત્યાં અવંતિના માલિકને ત્યાં અને તે પણ અવંતિના માલિકની પટ્ટરાણીના કાનમાંથી કુંડળ લાવવાના, અને આ બધું એક વેશ્યાના રાગની ખાતર આવો આત્મા પણ સાધર્મિકની આપત્તિ જાણી સાધર્મિકને બચાવવા દોડી જાય છે. ધર્મપ્રેમ આત્માને અવસરે પોતાની ફરજનું ભાન અવશ્ય કરાવે છે. ગમે તેવો તો પણ શ્રી જિનેશ્વરદેવનો સેવક, ગાંડો-ઘેલો પણ સેવક શ્રી જિનેશ્વરદેવનો હોય, તે સાવધ થયા વિના કેમ જ રહે ? શ્રી જિનેશ્વરદેવના માર્ગને પામેલાની દશા તો અપૂર્વ જ હોય. સાવધ થયેલો તે પાપથી પાછો હઠીને ફરજ અદા કરવા માટે દોડી જાય છે એ કંઈ નવું નથી. મોહના કારમા ઘેનને એકદમ દૂર કરી સાધર્મિક ઉપરના વાત્સલ્યથી તે એકદમ શ્રી વજ્રકર્ણ પાસે દોડી આવ્યો. અને અવંતિપતિના કોપને જણાવ્યો.

આવા પ્રકારના સાધર્મિક પ્રત્યે સદ્ભાવ કોને ન જન્મે ? ધર્મીમાત્રને જન્મે, પરંતુ આ સમાચાર એવા મળ્યા હતા કે, જેથી શ્રી વજ્રકર્ણ રાજાને તેનું વિભવાનુરૂપ સ્વાગત કરવાનો સમય જ ન હતો. ભારે આપત્તિના સમાચાર સાંભળ્યા પછી હૃદય આફતથી બચવાના ઉપાયને જ પ્રથમ આદરે છે. હૃદયના એ સ્વભાવ પ્રમાણે જ શ્રી વજ્રકર્ણ રાજાએ પોતાના સાધર્મિક દ્વારા સિંહોદર રાજાના કોપને અને વિચારને સાંભળીને એકદમ પોતાની નગરીને તૃણ અને કણથી અધિક કરી દીધી. અર્થાત્ પોતાની નગરીમાં મનુષ્યો માટે અનાજ

અને પશુઓ માટે ઘાસ ખૂબ ભરી દીધું કે, જેથી આફતના દિવસો પસાર કરવામાં હરકત આવે નહિ.

પણ જેટલામાં શ્રી વજ્રકર્ણ રાજાએ જોઈએ એ તૈયારી કરી. તેટલામાં તો તેણે આકાશમાં દુશ્મનની સેનાથી ઉડતી રજ જોઈ. સર્પો જેમ ચારે બાજુથી ચંદનવૃક્ષને એક ક્ષણવારમાં ઘેરી લે તેમ સિંહોદર રાજાએ એક ક્ષણવારમાં શ્રી વજ્રકર્ણ રાજાના તે દશાંગપુર નગરને પ્રબળ સેનાથી ઘેરી લીધું. આખા નગરની ફરતે જબ્બર ઘેરો ઘાલ્યા પછી તે સિંહોદર રાજાએ દૂત દ્વારા શ્રી વજ્રકર્ણને એમ કહેવડાવ્યું કે,

X X X X X X X XX ।
*प्रणाममायया मायिन् ! वंचितोऽस्मि त्वया चिरम् ॥१॥*
*विना तेनांगुलीयेन, मामागत्य नमस्कुरु ।*
*अन्यथा सकुटुंबस्त्वं, यमवेश्माधि यास्यसि ॥२॥*

"હે માયાથી ભરેલા ઠગ ! તેં પ્રણામની માયાથી મને ઘણા કાળ સુધી ઠગ્યો છે. આ કારણથી તું તે મુદ્રિકા વિના આવીને મને નમસ્કાર કર, નહિ તો તું આજે તારા કુટુંબની સાથે યમના ઘરે પહોંચી જશે. અર્થાત્ સાચા નમસ્કાર સિવાય આજે તારે જીવવા માટે અન્ય કોઈ ઉપાય જ નથી. માટે અન્ય કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના જો તારી જીવવાની ઇચ્છા હોય તો તરત જ આવીને તારી તે મુદ્રિકા વિના મને નમસ્કાર કર."

સિંહોદર રાજાની આ માંગણી શ્રી વજ્રકર્ણ રાજાથી સ્વીકારી શકાય તેવી ન હતી એ તો સ્પષ્ટ જ છે. એટલે એ દૂત દ્વારા શ્રી વજ્રકર્ણ રાજાએ કહ્યું કે,

X X X X X X X X X X X X X ।
*विनार्हतं विना साधुं, प्रणमाम्यपरं नहि ॥१॥*
*न पौरुषाभिमानोऽत्र, किंतु धर्माभिमानिता ।*
*नमस्कारं विना सर्वं, ममाददत्स्व यथारुचि ॥२॥*
*धर्मद्वारं देहि मह्यं, यथा धर्माय कुत्रचित् ।*
*अहमन्यत्र गच्छामि, धर्म एवास्तु मे धनम् ॥३॥*

'શ્રી અરિહંતદેવ અને સાધુ વિના અપરને હું નહિ નમું. આ મારો નિશ્ચયપૂર્વકનો અભિગ્રહ છે. એ કારણથી આપને નમસ્કાર કરવામાં મને પુરુષપણાનું અભિમાન નથી, કિંતુ એ મારી ધર્માભિમાનતા છે. આપ નમસ્કાર વિના મારું સર્વ કંઈ આપની રુચિ મુજબ ગ્રહણ કરો મને એક ધર્મનું દ્વાર આપો કે જેથી હું ધર્મને માટે કોઈ અન્ય સ્થળે ચાલ્યો જાઉં. મારે ધર્મ એ જ ધન હો."

વિચારો કે એક વખતનો શિકારી અને ધર્મને સહજ નહિ સમજતો રાજા, એક ધર્મની ખાતર શું કહી રહેલ છે ? 'રાજ્યાદિ સર્વસ્વ જાઓ અને એક ધર્મ જ રહો. એ જ એક જેની ભાવના હોય તે શું ન સાધી શકે ? ધર્મને જ ધન માનવાની બુદ્ધિ, નામના ધર્મીમાં નથી આવી શકતી. અર્થની પોષણા ખાતર ધર્મને ઉડાવી દેવાની વાતો કરનારા, શ્રદ્ધા અને સદ્ભાવથી આવા પુણ્યાત્માઓનાં જીવનોને જો વાંચે અને વિચારે તો જરૂર અર્થની અસારતા અને એક ધર્મની જ ઉપાદેયતા સમજે પણ એ બને જ કેમ ? સંસારની આસક્તિ અને ઉન્માર્ગે દોરનારી સ્વતંત્રતા પ્રત્યેની પ્રીતિ એ વસ્તુ બનવા જ ન દે. શ્રી વજ્રકર્ણ રાજાની આ દશાનો પ્રત્યેક ધર્મના અર્થીએ અભ્યાસ કરવો જોઈએ. ધર્મ ખાતર સર્વસ્વ તજવાની તૈયારી વિના અવસરે ધર્મની આરાધના થવી દુઃશક્ય છે. ધર્મીની કસોટી અવસરે જ થાય છે. અને ધર્મનું પરિણમન એવાના જ આધારે પામી શકાય છે. વાત વાતમાં જાતને જ સાચવનારાઓએ પણ આ પ્રસંગ વિચારવા જેવો છે.

### સરળ જવાબનો પણ અસ્વીકાર

પુણ્યાત્મા શ્રી વજ્રકર્ણ રાજાનો ધર્મપ્રેમ અને સરળતાથી ભરેલો જવાબ પણ તે સિંહોદર રાજાએ સ્વીકાર્યો નહિ. આવા સુંદર જવાબને પણ ન સ્વીકાર્યો. કારણ,

**'जातु धर्ममधर्मं वा, गणयंति न मानिनः ।'**

'માની આત્માઓ કદી ધર્મને અથવા અધર્મને ગણતા નથી."

ખરેખર, માની આત્માઓની દશા ઘણી જ વિચિત્ર હોય છે. માની આત્માઓને પોતાના માનની આગળ ધર્મ પણ કિંમત વિનાનો લાગે છે. માની આત્માઓ કોઈની સાચી પ્રશંસાને પણ સહી શકતા નથી. એવા આત્માઓને મન પોતાનું માન એ જ સર્વસ્વ હોય છે.

માનને જ સર્વસ્વ માનનારા સિંહોદર રાજાએ શ્રી વજ્રકર્ણ રાજાના સરળતા અને ધર્મપ્રેમથી ભરેલા સુંદર જવાબનો પણ સ્વીકાર ન કર્યો. ગમે તે પ્રકારે પણ "શ્રી વજ્રકર્ણ રાજાને નમાવવો અગર તો નામશેષ કરવો." આ ઈરાદાના પ્રતાપે તે રાજા 'શ્રી વજ્રકર્ણ' રાજા સહિત તે નગરને રુંધીને બહાર રહેલો છે. ચોરાઈ જતો આ દેશ તે રાજાના ભયથી ઉજ્જડ બની ગયો છે. આ રાજવિગ્રહમાં કુટુંબ સહિત હું પણ નાઠો. આજે અહીં મહેલો બળી ગયા અને તે મારી ઝૂંપડી બળી. મારી ક્રૂર સ્ત્રીએ મને શૂન્ય બની ગયેલાં શેઠીયાઓનાં ઘરોમાંથી ઘરનાં ઉપકરણોને લઈ આવવા મોકલેલો છે. તેના કહ્યા મુજબ કરનારો હું તેમ કરવા માટે જાઉં છું. તેના દુર્વચનનું પણ આ શુભ ફળ મને થયું કે, જેથી દૈવવશાત્ દેવ જેવા આપને મેં દેખ્યા. આ પ્રમાણે ઉજ્જડ થયાની હકીકત કહીને તે માણસ અટક્યો.

### શ્રી રામચંદ્રજીનો સાધર્મિક પ્રેમ

એ ઉપરથી શ્રી રામચંદ્રજી સમજી ગયા કે આ એક સાધર્મિક ઉપરની આફત છે. અને આ બિચારો કોઈ દરિદ્રી છે. એ કારણથી

*"एवमुक्तवतस्तस्य, दरिद्रस्य रघूद्वहः ।*
*रत्नस्वर्णमयं सूत्र,-मदत्त करुणानिधिः ।।१।।*

અર્થાત્ કરુણાના સાગર એવા શ્રી રામચંદ્રજીએ તે પ્રમાણે કહી રહેલા તે દરિદ્રીને રત્ન અને સુવર્ણમય સૂત્ર આપ્યું.

વિચારો કે એક ઉત્તમ આત્માની ઉદારતા કેવી અને કેટલી અનુપમ હોય છે ? ઉદાર આત્મા માટે કોઈપણ સંયોગ એની ઉદારતાની આડે આવી શકતો નથી. એ નિશ્ચિત છે. ઉદાર આત્માઓ અવસરે સર્વસ્વનું દાન કરી શકે છે.

પરમ ઉદાર અને કરૂણાના નિધિ એવા શ્રી રામચંદ્રજીએ તે દરિદ્રીને રત્ન અને સુવર્ણમય સૂત્રનું દાન કરીને વિસર્જન કર્યો. એની દરિદ્રતાને ટાળવાનું કાર્ય કર્યા પછી સાધર્મિક ઉપરની આપત્તિને

ટાળવાનું તો શ્રી રામચંદ્રજીના માથે ઊભું જ હતું. દરિદ્રની દરિદ્રતા ટાળ્યા વિના નહીં રહી શકનારા શ્રી રામચંદ્રજી સાધર્મિકની આફત ટાળ્યા વિના કેમ જ રહી શકે ? પોતાના ધર્મને બજાવ્યા વિના નહિ રહી શકનારા હોવાથી જ તેને વિસર્જન કરીને શ્રી રામચંદ્રજી દશાંગપુર ગયા અને નગરની બહારના ભાગમાં આવેલા ચૈત્યમાં શ્રી ચંદ્રપ્રભ નામના આઠમા તીર્થપતિને નમસ્કાર કરીને ત્યાં જ રહ્યાં.

જે કાર્ય માટે શ્રી રામચંદ્રજી દશાંગપુરની બહાર આવીને રહ્યા છે, તે કાર્ય પ્રત્યે તે ઉદાસીન નથી. એ જ કારણે દશાંગપુરની બહાર આવતાંની સાથે જ શ્રી રામચંદ્રજીએ શ્રી લક્ષ્મણજીને શ્રી વજ્રકર્ણની પાસે જવાની આજ્ઞા કરી. શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી એક ક્ષણવારમાં તે દશાંગપુર નગરમાં પ્રવેશ કરીને શ્રી વજ્રકર્ણ રાજાની પાસે ગયા, કારણકે અલક્ષ્ય પુરુષોની આ સ્થિતિ છે. ઉત્તમ પુરુષો ન જાણી શકાય એવી જ રીતે આવીને ઉપસ્થિત થાય છે અને ધાર્યું કાર્ય કરી જાય છે. ઉત્તમ પુરુષો પોતાની જાહેરાતના પ્રયત્નો પોતે નથી કરતા. ઉત્તમ પુરુષોની જાહેરાત કરનારી અનેક વસ્તુઓ હોય છે એટલે તેઓ ધારે તો પણ જાહેર થાય છે. અને ન ધારે તો પણ જાહેર થાય છે. આથી તેઓ પોતાની જાહેરાત કરવા માટે આતુર હોતા જ નથી. **જે વસ્તુ સ્વયં બનવાની હોય તેની આતુરતા એ દોષ છે,** અને એવો દોષ ઉત્તમ આત્માઓમાં હોતો નથી. એ દોષના અભાવે જ શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી એકદમ નગરમાં પ્રવેશ કરીને શ્રી વજ્રકર્ણ પાસે ગયા.

## ઔચિત્યવાદી આત્માઓનો સુંદર આચાર

ઉત્તમ પુરુષો અલક્ષ્ય રીતે આવે, પણ તેઓની આકૃતિ તેઓને છૂપા નથી રહેવા દેતી. ઉત્તમ પુરુષોની આકૃતિ જ એવી હોય છે કે જેથી તેઓ ન ઓળખાવા માંગે તોયે ઓળખાઈ જાય. એ જ કારણે અલક્ષ્ય રીતે પહોંચી ગયેલા એવા પણ સુંદર આકારવાળા તે શ્રી લક્ષ્મણજીને ઉત્તમ પુરુષ તરીકે જાણીને શ્રી વજ્રકર્ણ રાજાએ કહ્યું કે

*"મહાભાગ ! મમ ભોજનાતિથ્યભાગ્ ભવ ।"*

'હે મહાભાગ !' આપ મારા ભોજનના આતિથ્યને ભજનારા થાવ.'

આ રીતનું આતિથ્ય કરવું એ ગૃહસ્થો માટે ઉત્તમમાં ઉત્તમ ભૂષણરૂપ છે. ધર્મના મર્મને સમજનાર શ્રી વજ્રકર્ણ રાજા પોતાના ઔચિત્યને કેમ જ ચૂકે ? ઔચિત્યની આચરણા એ પણ એક ધર્મ છે. ઔચિત્ય એ ધર્મને દીપાવનાર છે. એ ઔચિત્યને સમજનાર શ્રી વજ્રકર્ણ રાજાએ તો ભોજન માટે વિનંતી કરી પણ શ્રી લક્ષ્મણજી પણ પોતાનું ઔચિત્ય કેમ ચૂકે ? શ્રી લક્ષ્મણજીએ પણ પોતાના ઔચિત્ય ધર્મનું પાલન કરવા માટે વિનંતી કરતા શ્રી વજ્રકર્ણ રાજાને કહ્યું કે, મારા સ્વામી પોતાની સ્ત્રીની સાથે બહાર ઉદ્યાનમાં રહેલા છે, તેમને હું પ્રથમ ભોજન કરાવું છું.'

ઔચિત્યવેદી આત્માઓ કેવા હોય છે ? એ આ ઉપરથી સમજી શકાય તેમ છે. શ્રી વજ્રકર્ણ રાજાએ ઔચિત્યના પાલન માટે આકૃતિ માત્રથી ઉત્તમ પુરુષ જાણી ભોજન માટે પ્રાર્થના કરી, ત્યારે શ્રી લક્ષ્મણજીએ પોતાનું 'મારા સ્વામીને તેમની પત્ની સાથે ભોજન કરાવ્યા વિના હું જમતો નથી.' આ ઔચિત્ય જણાવ્યું શ્રી લક્ષ્મણજી દ્વારા એ વાત જાણીને ઔચિત્યવેદી શ્રી વજ્રકર્ણ રાજાએ શ્રી લક્ષ્મણજીની સાથે ઘણા શાકોવાળું ભોજન શ્રી રામચંદ્રજીની પાસે પહોંચાડ્યું. આ ઉપરથી સમજાશે કે વજ્રકર્ણ રાજાનું આતિથ્ય મુખનું જ ન હતું. પણ હૃદયનું હતું. હૃદયના આતિથ્ય વિના આ રીતભાત સંભવતી નથી. વજ્રકર્ણ રાજા પાસેથી સઘળી ભોજનસામગ્રી લઈને આવ્યા બાદ સૌએ એટલે ત્રણેય જણે ભોજન કર્યું.

### શ્રી લક્ષ્મણજીની સ્પષ્ટ અને સાચી સલાહ

શ્રી રામચંદ્રજીએ ભોજન કર્યા બાદ શિખામણ આપીને મોકલેલા શ્રી લક્ષ્મણજી, અવંતિના રાજા સિંહોદરની પાસે ગયા અને સૌષ્ઠવપણાને ધરતા શ્રી લક્ષ્મણજીએ અવંતિના રાજાને કહ્યું કે, 'દાસરૂપ કરી નાખ્યા છે સઘળા રાજાઓને જેણે એવા અને શ્રી

દશરથના પુત્ર એવા ભરત રાજા તમને શ્રી વજ્રકર્ણની સાથે વિરોધ કરવાનો નિષેધ કરે છે.'

શ્રી લક્ષ્મણજીના મુખથી ભરત રાજાના નિષેધને સાંભળીને પોતાનો બચાવ કરતાં સિંહોદર રાજાએ પણ કહ્યું કે,

*"भरतोऽपि हि भक्तानामेव, भृत्यानां प्रसादं कुरुते नान्यथा पुनः ।"*

'ભરત પણ ભક્ત સેવકો ઉપર પ્રસાદને કરે છે. પણ અન્ય ઉપર નથી કરતા એ સુનિશ્ચિત છે. અને

*"अयं पुनर्वज्रकर्णो, मत्सामंतो दुराशयः ।*
*न मां नमति तेनास्य, प्रसीदामि कथं वद ॥१॥"*

મારો આ દુષ્ટ આશયવાળો શ્રી 'વજ્રકર્ણ' સામંત તો મને નમસ્કાર કરતો નથી, તો તું કહે કે-હું એની ઉપર કઈ રીતે પ્રસાદને કરું ?'

સિંહોદર રાજાનો આ બચાવ ઘણો જ પોલો છે. માનમાં ચઢેલાઓ પોતાના પોલા બચાવને પણ મજબૂત તરીકે માને છે. જો એમ ન હોત તો સિંહોદર રાજા એવો બચાવ શ્રી લક્ષ્મણજી આગળ રજૂ ન કરત. વસ્તુસ્થિતિથી જ્ઞાત બનેલા શ્રી લક્ષ્મણજીએ સિંહોદર રાજાના લુલા બચાવનો પ્રતિકાર કરતા સાફ શબ્દોમાં સંભળાવી દીધું કે,

'આ વજ્રકર્ણ રાજા તમારા પ્રત્યે અવિનયવાળા નથી. તમારો અવિનય કરવાની તેમની ઈચ્છા નથી એમણે ધર્મના અનુરોધથી શ્રી અરિહંતદેવ અને નિર્ગ્રંથ ગુરુસિવાય અન્યને નમસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા સ્વીકારી છે. એ જ કારણે એ તમને નમસ્કાર નથી કરતા, એ સિવાય તમને નમસ્કાર નહિ કરવામાં અન્ય કોઈ કારણ નથી.'

આ રીતે સ્પષ્ટ શબ્દોમાં સિંહોદર રાજાના બચાવનો પ્રતિકાર કર્યા બાદ, સુંદર સલાહ આપતાં પણ શ્રી લક્ષ્મણજીએ 'સિંહોદર' રાજાને કહ્યું કે, 'અવિનય આદિથી નહિ પણ કેવળ ધાર્મિક પ્રતિજ્ઞાના જ કારણથી નમસ્કાર નહિ કરતા એવા વજ્રકર્ણ રાજા ઉપર કોપ કરવો એ યોગ્ય નથી, અને શ્રી ભરત રાજાનું શાસન તમારે માનવું

એ યોગ્ય છે. કારણકે શ્રી ભરત રાજા સમુદ્ર સુધીની પૃથિવી ઉપર શાસન કરનાર છે.'

આ સલાહ ઘણી જ સુંદર છે. કારણકે ધર્મનું પાલન કરતા આત્મા ઉપર કોપ કરવો એ ભયંકર પાપ છે. અને એ પાપથી બચાવનારી આ સલાહ છે. પાપ કરવા તૈયાર થયેલા આત્માને પાપ કરતા અટકાવવાની સલાહ આપવી એ ઉત્તમ આત્માઓનો ધર્મ છે. ધર્મની પ્રતિજ્ઞાને તોડાવવા તૈયાર થવું એ પાપ નાનુંસૂનું નથી. એ કારણે શ્રી લક્ષ્મણજીએ સ્પષ્ટ શબ્દોમાં સિંહોદર રાજાને કહ્યું કે, 'એવા એક ધર્મનિષ્ઠ રાજાના ધર્મમય કાર્યને નિમિત્ત બનાવીને તમારે તે રાજા ઉપર કોપ કરવો એ યોગ્ય નથી.' એક તો આ વાત છે અને બીજી વાત એ છે કે શ્રી 'વજ્રકર્ણ રાજા સાથે વિરોધ નહિ કરવાનું શ્રી ભરતરાજાનું શાસન છે. અને એ શાસન તમારે માનવું એ જ યોગ્ય છે. કારણકે એ રાજાનું શાસન સમુદ્ર પર્યંત પૃથિવી સુધી પ્રસરેલું છે. એટલે એ રાજાના શાસનનું ઉલ્લંઘન કોઈથી પણ થઈ શકે તેમ નથી. આ પ્રમાણે બેય વાતો જણાવીને શ્રી વજ્રકર્ણ ઉપર કોપ કરવામાં બંનેય લોકમાં તમને નુકસાન છે. એમ શ્રી લક્ષ્મણજીએ જણાવ્યું. આ લોકમાં નુકસાન શ્રી ભરતરાજા તરફથી અને પરલોકમાં નુકસાન એ ધર્માત્માના ધર્મકાર્યમાં વિઘ્ન કરવા રૂપ પાપથી છે. ઉભય લોકની આપત્તિથી બચાવનારી આ સલાહ છે. એ જ કારણે આ સલાહ સુંદર છે.'

## શાંતિને બદલે કોપ

આ પ્રમાણેની શ્રી લક્ષ્મણજીની સલાહ ઉભય લોકનું હિત કરનારી હોવા છતાં પણ સિંહોદર રાજાને રુચિકર ન થઈ એવી સુંદર સલાહથી શાંતિ થવી જોઈતી હતી, પણ શાંતિ ન થતાં ઉલ્ટો સિંહોદર રાજાને કોપ થયો. શાંતિદાયક સલાહથી શાંતિ થવાને બદલે સિંહોદર રાજા ક્રુદ્ધ થયો. ક્રોધના આવેશથી આકુળ-વ્યાકુળ બની ગયેલ સિંહોદર રાજા આવેશમાં આવીને બોલ્યાં કે,

"*को नाम भरतो नृपः यो वज्रकर्ण-गुह्यो सन् वातुलो मां वदत्यदः ॥*"

'ભરત રાજા કોણ છે કે જે વજ્રકર્ણનો પક્ષપાતી બની વાયડો થઈને મને આ પ્રમાણે કહે છે ?'

સુંદર સલાહથી શાંત થવાને બદલે કોપાયમાન થઈને, યદ્વા-તદ્વા બોલતા સિંહોદર રાજાને જોઈને, શ્રી લક્ષ્મણજીની આંખો એકદમ લાલ થઈ ગઈ અને હોઠ ફફડવા લાગ્યા. કોપથી લાલ નેત્રોવાળા બનેલ અને સ્ફુરી રહેલ છે હોઠ રૂપ દળ જેમનાં એવાં શ્રી લક્ષ્મણજી તે વખતે, સિંહોદરને કહે છે કે, 'રે ! તુ ભરતને નથી જાણતો ? નથી જાણતો તો લે આ હું તને ભરતની ઓળખાણ કરાવું. ઉઠ, ઊભો થા અને યુદ્ધને માટે સર્વ રીતે સંવર્મિત એટલે બખ્તર પહેરીને સજ્જ થા. મારી ભુજારૂપી અશનિથી તાડિત થયેલો આ તું ગોધાની જેમ જીવી શકીશ નહીં.'

ગમે તેવો સામાન્ય રાજા પણ કોઈ એક આદમી તરફથી થતા આવા કારમા પરાભવને ન સહન કરી શકે, તો પછી આખા અવંતિદેશનો એક રાજવી આવા પરાભવને કેમ જ સહન કરી શકે ? આથી શ્રી લક્ષ્મણજીનો પરાભવ નહિ સહન થઈ શકવાથી સિંહોદર એકદમ હલ્લો કરવાને ઉદ્યત થઈ ગયા. કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*सिंहोदरः ससैन्योऽथ, सौमित्रं हंतुमुद्यतः ।*
*बालः परिस्प्रष्टुमिव, भस्मच्छन्नं हुताशनम् ॥१॥*

શ્રી લક્ષ્મણજીના એ કથનને સાંભળતાની સાથે જ બાળક, જેમ ભસ્મથી ઢંકાએલા અગ્નિને સ્પર્શ કરવાને ઉદ્યત થાય તેમ સિંહોદર રાજા સૈન્યની સાથે શ્રી લક્ષ્મણજીને હણવાને માટે તૈયાર થયા.

કોઈપણ જાતનો વિચાર કર્યા વિના સિંહોદર રાજાને હલ્લો કરતો જોઈને શ્રી લક્ષ્મણજીએ સિંહોદરના હલ્લા સામે ભારે હલ્લો કર્યો.

*लक्ष्मणोऽपि गजालानं, भुजेनोन्मूल्य नालवत् ।*
*विद्विषस्ताडयामासोद्दस्तदंड इवांतकः ॥१॥*

શ્રી લક્ષ્મણજીએ કમળના નાળની જેમ હાથીને બાંધવાના સ્થાનને એટલે ખીલાને ઉખેડીને ઉંચો કર્યો છે દંડ જેણે એવા

યમરાજાની જેવા બનીને દુશ્મનોને મારવા માંડ્યા, અર્થાત્ અન્ય હથિયાર નહિ હોવાથી શ્રી લક્ષ્મણજીએ ભુજાથી જેમ કમળના નાળને ઉખેડી નાંખે, તેમ હાથીને બાંધવાનો ખીલો ઉખેડી નાંખ્યો, એ ખીલો હાથમાં લઈ ઊભેલા શ્રી લક્ષ્મણજી દંડ ઉંચો કરીને ઉભેલ યમરાજા જેવા લાગવા લાગ્યા. યમ જેવા દેખાતા શ્રી લક્ષ્મણજી, એ ખીલા દ્વારા દુશ્મનોને તાડન કરવા લાગ્યા.

એ રીતે દુશ્મનો ઉપર  કારમો હલ્લો કરી રહેલા મહાપરાક્રમી શ્રી લક્ષ્મણજીએ, કુદીને હાથી ઉપર રહેલા સિંહોદર રાજાને તેના જ વસ્ત્રથી પશુની જેમ કંઠમાંથી બાંધ્યો અને દશાંગપુરમાં વસતા લોકો આશ્ચર્યપૂર્વક જુએ એ રીતે ગાયની જેમ ખેંચીને શ્રી લક્ષ્મણજી સિંહોદર રાજાને શ્રી રામચંદ્રજી પાસે લઈ ગયા.

## આ પ્રસંગનો ઉત્તમ બોધપાઠ

આવેશમાં આવેલા અને કષાયમાં ભાન ભૂલેલા આત્માઓ હિતાહિતનો વિચાર કરી શકતા જ નથી. અન્યથા આ માણસ એકલો છે, છતાં આટલું હિંમતથી બોલે છે અને ઉપરથી ચેતવે છે. માટે સામાન્ય ન જ હોવો જોઈએ. આ પ્રમાણે વિચારવાની સિંહોદરની તક હતી, પણ ક્રોધી બનેલા તેણે એ તકનો લાભ ન જ લીધો. એટલું જ નહિ પણ શ્રી ભરતનું અપમાન કર્યું. એ અપમાનની સામે શ્રી લક્ષ્મણજીએ ચેતવણી આપી એ ચેતવણીથી પણ સિંહોદરનો કોપ વધ્યો. એથી સિંહોદર પોતે અને તેના આદેશથી તેની આખીએ સેના શ્રી લક્ષ્મણજીને મારવાને ઉઠી. શ્રી લક્ષ્મણજીએ પણ હાથીનો આલાનસ્તંભ ઉખેડીને હાથમાં લીધો અને તેના દ્વારા તે દુશ્મનોને તાડન કરવા લાગ્યા. તાડન કરતા તેમણે કુદીને હાથી ઉપર રહેલા સિંહોદરને તેના જ વસ્ત્રથી કંઠમાં બાંધ્યો અને દશાંગપુરની પ્રજાના તથા બધી સેનાનાં જોતાં, જેમ ગાયને ઢસડે તેમ ઢસડી શ્રી રામચંદ્રજી પાસે લઈ ગયા. આથી સમજાશે કે સિંહોદર રાજાએ, **'માની મનુષ્ય વાર્યો ન માને પણ હાર્યો જ માને'** - આ લોકોક્તિને આબાદ રીતે સફળ કરી.

જેમ આપણે આ પ્રસંગે સિંહોદરના માનની ટીકા કરીએ છીએ. તેમ આપણે આ પ્રસંગે એ પણ યાદ રાખવાનું છે કે શ્રી લક્ષ્મણજીનું  આ ધર્મકાર્ય અનુમોદનીય હોવા છતાં તેમનું બળ પ્રશંસાપાત્ર નથી કારણકે એ બળનો ઉપયોગ જ એમને અંતે કારમા નરકમાં લઈ જનાર છે. શાસ્ત્ર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે શ્રી રામચંદ્રજીને બળની પ્રાપ્તિ આરાધનાથી થઈ છે. જ્યારે  શ્રી લક્ષ્મણજીએ બળની પ્રાપ્તિ નિયાણાથી કરી છે. **આરાધનાથી મળેલું બળ ફળે છે. જ્યારે નિયાણાથી મળેલું બળ પાયમાલ કરે છે.**  આરાધનાથી બળીયા બનેલા સદ્ગતિએ અથવા મુક્તિએ જાય છે. જ્યારે નિયાણાથી બળીયા બનેલા નરકગતિમાં જાય છે. આ જ કારણે પૌદ્ગલિક વસ્તુ માટે ધર્મને વેચવો એ યોગ્ય નથી. ધર્મના ફળ તરીકે દુન્યવી વસ્તુઓ માંગવી એ ધર્મના સ્વરૂપથી અજ્ઞાત આત્માનું કાર્ય છે. દુનિયાની એક પણ સારી વસ્તુ એવી નથી કે જે ધર્મના પ્રતાપે ન મળે, પણ ધર્મના ફળ તરીકે તે ઈચ્છવી એ યોગ્ય નથી. શ્રી લક્ષ્મણજીએ મેળવેલું આ બળ ધર્મના ફળ તરીકે માંગીને મેળવેલું છે. માટે કોઈ પણ રીતે પ્રશંસાપાત્ર નથી. માટે જ દરેકે-દરેક પ્રસંગે વિચારવા યોગ્ય વસ્તુ વિચારની બહાર રહેવી ન જોઈએ.

શ્રી લક્ષ્મણજીના અપૂર્વ પરાક્રમથી હેબતાઈ ગએલ સિંહોદર રાજા શ્રી રામચંદ્રજીને જોવાથી સ્તબ્ધ બની ગયા. શ્રી રામચંદ્રજીને દેખીને અને નમીને સિંહોદર રાજાએ શ્રી રામચંદ્રજીને પ્રાર્થના કરતા કહ્યું કે, "હે રઘુકુળનું ઉદ્વહન કરનારા સ્વામિન્ ! આપ અહીં પધાર્યા છો એ વાત મારા જાણવામાં નહોતી. અથવા હે દેવ ! શું આ બધું આપે મારી પરીક્ષાને માટે કર્યું ? જો આપ છળ કરવામાં તત્પર બનો તો અમારે જીવવાથી પણ સર્યું. હે દેવ ! અજ્ઞાનથી થએલા દોષની *આપ ક્ષમા કરો અને જે કરવા યોગ્ય હોય તે* ફરમાવો. કારણકે **શિષ્ય ઉપર ગુરુનો કોપ જેમ માત્ર શિક્ષાને માટે જ  હોય છે. તેમ આપ જેવા સ્વામીનો પણ સેવક ઉપરનો કોપ માત્ર શિક્ષાને માટે જ હોય છે.'**

આ સિંહોદર રાજાની પ્રાર્થનામાં અનેક ઉદ્દબોધનો રહેલાં છે.

**૧. પ્રથમ ઉદ્દબોધન તો એ જ છે કે સામાન્ય કોટિનો સજ્જન, સત્પુરુષની હાજરીમાં અકાર્ય કરવાને ઉદ્યુક્ત થાય જ નહિ, અને જો થાય તો તે સજ્જનની કોટિમાં રહી શકતો પણ નથી.**

**૨. સત્પુરુષોની પરીક્ષા પાત્રતા મુજબની જ હોવી જોઈએ. પણ અધિક નહિ.**

**૩. સત્પુરુષો પણ છળ કરવામાં તત્પર બને તો સામાન્ય સજ્જનોને જીવવું એ પણ દુષ્કર બને છે.**

**૪. યોગ્ય આત્માના અજ્ઞાનજન્ય દોષને સહી લેવો અને યોગ્ય કર્તવ્ય સમજાવવું એ સત્પુરુષોનો ધર્મ છે.**

**૫. ગુરુનો શિષ્ય ઉપર અને સ્વામીનો સેવક ઉપર કોપ એ માત્ર હિતશિક્ષા આપવાની વૃત્તિથી જ હોવો જોઈએ, પણ એ સિવાયની અન્ય કોઈ તુચ્છ વૃત્તિથી ન જ હોવો જોઈએ.**

### સ્વ-પર હિતની સાધના એ સત્પુરુષોનું સામર્થ્ય

સત્પુરુષની હાજરીમાં પણ અકાર્ય કરવાની પ્રવૃત્તિ કરવા સજ્જ થવું એ કારમી ધૃષ્ટતા છે. કારમી ધૃષ્ટતા વિના એવી દશા આત્મામાં આવી શકતી જ નથી. દુર્જનતાએ જે આત્મા ઉપર પૂરેપૂરું સામ્રાજ્ય મેળવ્યું હોય, તે જ આત્મા એવી કારમી ધૃષ્ટતાનું સેવન કરી શકે. અકાર્ય કરવાની વૃત્તિ એ જ આત્માની ધૃષ્ટતા છે. તો પછી સત્પુરુષની હાજરીમાં પણ અકાર્ય કરવાની ઉદ્યુક્તતાને કારમી ધૃષ્ટતા સિવાય બીજું કહેવાય પણ શું ?

સત્પુરુષની હાજરીમાં અકાર્ય કરવાની પ્રવૃત્તિ કરવા સજ્જ થવું એ જ્યારે કારમી ધૃષ્ટતાનો ઉપાસક ગણાય, ત્યારે સત્પુરુષોની પણ જોખમદારી વધી જાય છે. સામાન્ય આત્માઓની પરીક્ષા કરવામાં સત્પુરુષોએ અવશ્ય મર્યાદાશીલ બનવું જોઈએ. **મર્યાદા**

બહારની પરીક્ષામાં સામાન્ય કોટિના આત્માઓ કદી જ ઉત્તીર્ણ નથી થઈ શકતા. મર્યાદા બહારની પરીક્ષા કરનારા સત્પુરુષો યોગ્ય આત્માઓને પણ અયોગ્ય આત્માઓની કક્ષામાં મૂકી દેવાનું પાપ કરી બેસે છે. આ કારમા પાપથી બચવા માટે સત્પુરુષોએ પરીક્ષાના વિષયમાં ખૂબ જ મર્યાદાશીલ બનવું જોઈએ. યોગ્યતા મુજબની પરીક્ષા આત્માને ઉન્નત બનાવનારી છે. જ્યારે યોગ્યતા બહારની પરીક્ષા આત્માને અવનત બનાવનારી છે. પરીક્ષા આત્માના નાશને માટે નથી કરવાની, પણ આત્માના ઉદયને માટે કરવાની છે. પરીક્ષાનો હેતુ સામા આત્માને પરાસ્ત કરવાનો ન હોવો જોઈએ. પણ પ્રોત્સાહિત કરવાનો હોવો જોઈએ. પરીક્ષા કોઈ આત્માને પાડવા માટે ન થવી જોઈએ, પણ ચકાસવા માટે જ થવી જોઈએ. પરીક્ષાના નામે આત્માઓને ચઢતાં અટકાવવાનું કાર્ય કરનારાઓ વૈરીનું કાર્ય કરનારા છે, એવા પરીક્ષકો સત્પુરુષોની કોટિમાં નથી આવી શકતા, પણ અધમાધમની જ કોટિમાં આવે છે. આથી સ્વ-પરનું શ્રેય સાધવા ઈચ્છતા સત્પુરુષોએ પરીક્ષાની મર્યાદા સમજી, એ મર્યાદાની માઝા કદી પણ ન મૂકવી જોઈએ. અને તે થાય તો જ સત્પુરુષો સત્પુરુષ તરીકે જીવી શકે છે.

આ જ હેતુથી ઉપકારીઓ ફરમાવે છે કે, નાશક છળ એ સત્પુરુષોનો ધર્મ નથી. સત્પુરુષો પ્રપંચીઓના નાશક પ્રપંચને સમજે જરૂર. પણ એવાઓના નાશક પ્રપંચોને પોતાના જીવનમાં કદી જ આગળ ન કરે. સત્પુરુષો નાશક પ્રપંચનો જીવનમાં આદર કરનારા બને, તો સામાન્ય કોટિના સજ્જન આત્માઓ માટે જીવવું એ પણ દુષ્કર બની જાય છે. જેઓના આધારે જીવવું તેઓ જ જો નાશક પ્રપંચ કરનારા બને, તો જીવવું દુષ્કર ન બને તો થાય પણ શું ? સત્પુરુષોની જોખમદારી ઓછી નથી. સત્પુરુષોનું જીવન એ કપરામાં

કપરું જીવન છે. **સત્પુરુષોએ પોતાની એક-એક પ્રવૃત્તિને સ્વ-પરના હિતની સાધક બનાવવી જોઈએ. સત્પુરુષોની અક્કડતા પણ નમ્રતાના ઘરની જોઈએ, સત્પુરુષોનો કોપ પણ ક્ષમાના ઘરનો જોઈએ, સત્પુરુષોની માયા પણ સરળતાના ઘરની જોઈએ અને સત્પુરુષોનો લોભ પણ સંતોષના ઘરનો જોઈએ.** દુર્જન આત્માઓ સ્વ-પરના અહિતની સાધનામાં જે-જે ઉપાયો યોજી શકે છે, તે સઘળાંય ઉપાયનો સ્વ-પરના હિતની સાધનામાં યોજવાનું સામર્થ્ય સત્પુરુષોમાં હોવું જોઈએ. એવા સામર્થ્ય વિના સ્વ-પરનું હિત સાધી શકાવું શક્ય નથી.



### સહનશીલતા સાથે કર્તવ્ય પરાયણતા

એ જ કારણે ઉપકારીઓ ફરમાવે છે કે સત્પુરુષોમાં સહનશીલતા સાથે કર્તવ્યપરાયણતા હોય છે. સત્પુરુષોમાં અજ્ઞાનીઓ તરફથી સેવાતા અજ્ઞાતજન્ય દોષોની સહનશીલતા અથાગ્ હોવી જોઈએ, તેમ કર્તવ્યપરાયણતા પણ અજોડ હોવી જોઈએ. એકલી સહનશીલતા પણ નકામી છે. અને **એકલી કર્તવ્યપરાયણતા પણ નકામી છે. સત્પુરુષોની સહનશીલતા હીમ જેવી હોય છે. જ્યારે કર્તવ્યપરાયણતા અગ્નિની જ્વાળા જેવી હોય છે. એ પુણ્યપુરુષોની સહનશીલતામાં અજ્ઞાનીઓના દોષો સળગી જાય છે અને કર્તવ્યપરાયણતામાં એદીઓની અકર્મણ્યતા સળગી જાય છે. ખરેખર, એવા સત્પુરુષો એ આ સંસારમાં રહેલા મુક્તિના ફિરસ્તાઓ છે.**

આવા સત્પુરુષો સમક્ષ, 'આપ જો છળ કરો તો અમારે જીવવાથી પણ સર્યું.' આ પ્રમાણે કહેવાનો અધિકાર મેળવવા માટે પણ પ્રથમ એવા મહાપુરુષોના ચરણે પોતાના સર્વસ્વનું સમર્પણ કરવું પડે છે. સર્વસ્વના સમર્પણ વિના જેઓ અધિકારને પચાવી પાડે છે. તેઓ આ લોકમાં ખત્તા ખાય છે. અને પરલોકમાં પાયમાલ થાય છે. અધિકાર વિનાની એક પણ ચેષ્ટા આત્માને હિતકર નથી

નીવડતી. તો આવી એક અદ્‌ભુત વસ્તુ અધિકાર વિના કેમ જ હિતકર નીવડે ? સમર્પણના ફાંફા અને અધિકારની વાતો, એ વાયડાની વાતો છે, એવા વાયડા આત્માઓ પોતાના જીવનને અનધિકાર ચેષ્ટાથી અસંતોષરૂપ અગ્નિમાં સળગાવી મૂકે છે.

આથી જે આત્માઓ પોતાના જીવનને અનધિકાર ચેષ્ટાથી અસંતોષરૂપ અગ્નિમાં સળગાવી મૂકવા ન ઈચ્છતા હોય તે આત્માઓએ સત્પુરુષોના ચરણે પોતાનું સર્વસ્વનું સમર્પણ દંભરહિત કરી દેવું જોઈએ. સર્વસ્વના સમર્પણમાં દંભનો એક અંશ પણ ન હોવો જોઈએ. દંભી આત્માઓનું ચિત્ત, દંભના પ્રતાપે સદા જ અપ્રસન્ન રહે છે. અને તે પોતાના સર્વસ્વનું સમર્પણ સાચી રીતે નહિ કરી શકતો હોવાથી સત્પુરુષોનો સાચો ઉપાસક નથી બની શકતો. એ જ કારણે શ્રી આનંદઘનજી જેવા કવિ શ્રી ઋષભદેવસ્વામિની સ્તવના કરતા ફરમાવે છે કે :

**'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું ,**
**પૂજા અખંડિત એહ,**
**કપટ રહિત થઈ આતમ અર્પણા ,**
**આનંદઘન પદ રેહ.'**

પ્રભુ જેમ સત્પુરુષની કોટિમાં જ છે. તેમ સદ્‌ગુરુ સત્પુરુષની કોટિમાં જ છે. એ ઉભયની સાચી સેવા કરવા ઈચ્છનારા આત્માઓ માટે દંભ રહિત સર્વસ્વના સમર્પણ સિવાય અન્ય કોઈ જ ઉપાય નથી.

**પ્રભુએ સ્થાપેલા ધર્મની રક્ષા અને પ્રચારની જોખમદારી સદ્‌ગુરુ ઉપર બેઠી છે. કારણકે એની હયાતિ સુધી જ ધર્મની હયાતિ છે. સદ્‌ગુરુ જ ધર્મના રક્ષક છે. એટલે એ આત્માઓને ધર્મની રક્ષા માટે દુનિયાના અજ્ઞાની જીવોને લાગતા કોપનો પણ આશ્રય કરવો જ પડે છે. પણ એ આત્માઓનો એવો દેખાતો કોપ કેવળ હિતશિક્ષા માટે જ હોય છે. સદ્‌ગુરુ અથવા સાચા સ્વામિમાં આવો કોપ ન હોય એમ ન જ બને. પણ એ ઉપકારીઓનો એવો કોપ હિતશિક્ષા માટે જ હોય એ સુનિશ્ચિત છે.**

## સિંહોદર રાજાને શ્રી રામચંદ્રજીની આજ્ઞા

આપણે એ જોયું કે શ્રી રામચંદ્રજીને જોતાંની સાથે જ સિંહોદર રાજા ઢળી પડ્યો અને પ્રાર્થના કરતાં બોલ્યો કે, 'આપ અહીં પધાર્યા છો એની મને ખબર ન હતી આપે સીધું જ ન ફરમાવતાં આટલું બધું કર્યું. તે મારી પરીક્ષા માટે જ કર્યું હશે. આપ જેવા પણ જો અમારી સામે છળ કરો તો અમારે જીવવાથી સર્યું, માટે એક જ પ્રાર્થના છે કે, અજ્ઞાનથી થયેલા મારા દોષની આપ ક્ષમા આપો અને જે કરવા યોગ્ય હોય તે ફરમાવો. કારણકે **ગુરુનો શિષ્ય ઉપર કોપ જેમ માત્ર શિક્ષા માટે જ હોય છે, તેમ સ્વામિનો સેવક ઉપર કોપ પણ માત્ર શિક્ષા માટે જ હોય છે.'**

આ પ્રાર્થનાના ઉત્તરમાં પરમ ગંભીર એવા શ્રી રામચંદ્રજીએ અન્ય એક પણ અક્ષરનો ઉચ્ચાર કર્યા વિના માત્ર એક જ આજ્ઞા કરી કે,

*"संधेहि वज्रकर्णेन "*

'વજ્રકર્ણની સાથે સંધિ કર.'

સિંહોદર રાજા જે વસ્તુનો સ્વીકાર કરવાને કોઈપણ રીતે તૈયાર ન હતો, તે વસ્તુનો સ્વીકાર શ્રી રામચંદ્રજીની આગળ વિના આનાકાનીએ કરે છે. એ વસ્તુનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*"सिंहोदरोऽपि तां वाचं । तथेति प्रत्यपद्यत ।"*

સિંહોદર રાજાએ પણ 'તે પ્રમાણે હો.' આ પ્રમાણે તે વાણીને અંગીકાર કરી અર્થાત્ આપની 'આજ્ઞા એ જ પ્રમાણ' એમ કહીને સિંહોદર રાજાએ શ્રી વજ્રકર્ણ સાથે સંધિ કરવાનો સ્વીકાર કર્યો.

સમર્થની આજ્ઞાનો સ્વીકાર કર્યા વિના ચાલે જ નહિ, એ વાત આ ઉપરથી સ્પષ્ટ જ છે, અન્યથા શ્રી વજ્રકર્ણે તો માત્ર એટલી જ પ્રાર્થના કરી હતી કે, 'મને ધર્મદ્વાર આપો કે જેથી હું આ સઘળું જ રાજ્ય વગેરે મૂકીને ચાલ્યો જાઉં. અને મારા ધર્મને જાળવી શકું.'

આવી પ્રાર્થનાનો પણ અસ્વીકાર કરનાર અને શ્રી લક્ષ્મણજીએ શ્રી ભરતજીના નામે શ્રી વજ્રકર્ણની સાથે વિરોધ નહિં કરવાની આપેલી સલાહનો પણ અનાદર કરનાર, જ્યારે એકદમ સંધિ કરવાની આજ્ઞા *સ્વીકારી લે છે, એ પુરુષસિંહના પુણ્યપૂર્ણ સામર્થ્યનો જ પ્રતાપ* ગણાવો જોઈએ. આ વિશ્વમાં બળવાન આગળ નબળાને નમવું જ પડે છે. પરમાત્માની આજ્ઞાને પણ નહિ માનનાર દુનિયાના બળવાનની આજ્ઞાને જરૂર માને છે. ધર્મના બળને નહિં માનવાની નાસ્તિકતાને ધરનાર પણ દુન્યવી બળને ધરનારના બળને સ્વીકારવાની આસ્તિક્તા જરૂર ધરાવે છે. એ આસ્તિક્તાનો જ પ્રતાપ છે કે સિંહોદર રાજા એકદમ આનાકાની વિના જ શ્રી રામચંદ્રજીની આજ્ઞાનો સ્વીકાર કરી લે છે.

### શ્રી વજ્રકર્ણની પ્રાર્થના

'શ્રી વજ્રકર્ણ' રાજા પણ તે સમયે શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી ત્યાં આવ્યો, અને આગળ આવીને વિનયપૂર્વક અંજલિ કરીને કહ્યું કે.

*"स्वामिनौ वृषभस्वामिवंशजौ रामशार्ङ्गिणौ ।*
*युवां दृष्टौ मया दिष्ट्या किंतु ज्ञातौ चिरादिह ॥१॥*
*भरतार्धस्य सर्वस्य, युवां नाथौ महाभुजौ ।*
*अहमन्ये च राजानो, युवयोरेव किंकराः ॥२॥*
*मुञ्चैनं मत्प्रभुं नाथ ! शाधि चैनमतः परम् ।*
*यथासौ सहते मेऽन्या-प्रणामाभिग्रहं सदा ॥३॥*
*विनार्हन्तं विना साधुं, नमस्यो नापरो मया ।*
*इति ह्यभिग्रहोऽग्राहि, महर्षेः प्रीतिवर्धनात् ॥४॥*

'વૃષભસ્વામિના વંશમાં ઉત્પન્ન થયેલા બળદેવ અને વાસુદેવ રૂપ આપ સ્વામિઓને ભાગ્યોદયે આજે દેખ્યા. અહીં પધાર્યા છતાં ઘણો સમય વીત્યા બાદ મેં આપને ઓળખ્યા. મહાપરાક્રમી એવા આપ બંનેય સઘળાંય ભરતાર્ધના નાથ છો. હું અને અન્ય રાજાઓ આપના જ કિંકરો છીએ. હે નાથ! આપ આ મારા

અન્યને પ્રણામ નહિ કરવાના અભિગ્રહને તેઓ સહન કરે, કારણકે મેં પ્રીતિવર્ધન નામના મહર્ષિ પાસેથી અરિહંતદેવ વિના અને સાધુ વિના અન્ય કોઈને નમસ્કાર કરવો નહિ આ પ્રમાણેનો અભિગ્રહ ગ્રહણ કરેલો છે."

આ પ્રાર્થના ઉપરથી સમજાશે કે શ્રી વજ્રકર્ણના ધર્મવાસિત અંતઃકરણમાં પોતાને ભયંકર આપત્તિમાં મૂકનાર પોતાના માલિક પ્રત્યે સહેજ પણ રોષ નથી. આવે અવસરે પણ એમની પોતાના સ્વામી સિંહોદર માટે એ જ એક માંગણી છે કે, આપ માત્ર એટલું જ કરી આપો કે જેથી મારા અભિગ્રહનું સારી રીતે પાલન થાય. અભિગ્રહના પાલન સિવાય શ્રી વજ્રકર્ણના હૃદયમાં બીજી કોઈ વાત જ નથી. અપરાધીનું પણ બૂરું નહિ ઈચ્છનારા આત્માઓની દશા આવી જ હોય છે. આવી દશા વિના ઉપશમનો આસ્વાદ આવવો અશક્ય છે. ઉપશમ એ સમ્યક્ત્વનું પ્રધાન લક્ષણ છે. એ લક્ષણથી આત્મામાં રહેલું સમ્યક્ત્વ પ્રકાશિત થાય છે.

### ધર્મ અને ધર્મીને ઓળખતા શીખો

શ્રી રામચંદ્રજી પાસે શ્રી વજ્રકર્ણે સિંહોદરને છોડાવવાની માંગણી કરી, એથી સિંહોદરને શું થયું હશે ? એ વિચારો. આવા ધર્માત્માઓનો સંબંધ આત્માનું શું-શું હિત ન કરે ? ધર્મીનો સત્સંગ આત્માને અનેક દુર્ગુણોથી બચાવે છે અને સદ્‌ગુણોથી નવાજે છે. ધર્માત્માનો સંસર્ગ આત્માને ધર્મમાં સ્થિર કરનારા છે. શાસ્ત્રકાર પરમર્ષિઓ 'માતા-પિતા કરતાં પણ સાધર્મિકનો સંબંધ અધિક છે.' એમ ફરમાવે છે. એ ખૂબ વિચારવા જેવું છે. પણ તમને દીકરા પર જેટલો પ્રેમ આવે છે તેટલો પ્રેમ સાધર્મિક ઉપર ક્યાં આવે છે ? દુનિયામાં સ્નેહી માટે લાખો ખર્ચાય છે. પણ સાધર્મિક ધર્મમાં સ્થિર થાય તે માટે કાંઈપણ કરવા જોગું થાય છે ? કુટુંબીઓ માટે હજારો ખર્ચાય છે એમાં આશ્ચર્ય નથી. કેમકે, ત્યાં તો ભોગની લાલસા છે. બાળકને ઉછાળો એ સેવા નથી. પણ મોહ છે. ગરીબના દુઃખી બાળકને લઈને રમાડો તો કદાચ લાગેય ખરું, કે દયાના અંકુરા ફુટ્યા.

જૈન સંઘમાં શ્રીમંતો છે. છતાં એક પણ ધર્મસંસ્થા એવી તાજી નથી કે, જે બરાબર ધર્મપ્રચાર કરે, ધર્મસંસ્થાને પૂછે કોણ ? એ તો નધણીયાતું મકાન. ગામમાં મંદિર એક હોય અને ઘર સો હોય.

પણ મંદિર પર આપત્તિ આવે તો સૌ એમ કહે કે, હું એકલો શું કરું ? ઘેર આપત્તિ આવે તો એ એકલો કરે, કારણકે ઘર તો પોતાનું માન્યું છે. એક રક્ષક છતાં ઘર સચવાય અને સો છતાં મંદિર ઘવાય, એ શું ? સુધારકોની દૃષ્ટિ મંદિરના દ્રવ્ય ઉપર ગઈ. પણ તમારા કોઈના ઘરના દ્રવ્ય પર કેમ ન ગઈ ? જાણે છે કે, માલિક જીવતા છે અને અહીં તો બધા માલિકો ઊંઘતા પડ્યા છે. જો એમ ન જાણતા હોય તો ભક્તોએ રાજીખુશીથી સમર્પેલ દ્રવ્ય સામે લવારો કેમ જ હોય ?

**ખરેખર, આજે ધર્મસ્થાન એટલે નધણીયાતી વસ્તુ થઈ પડી છે. કહે છે કે, 'મંદિરમાં અમારો હક્ક કરવા આવનારાઓને કહો કે, મંદિર ઉપર હક્ક વાણીયાઓનો નથી. પણ જેઓ મંદિર માટે ભોગ આપનારા છે તેઓનો છે. મંદિરની પૂજા પણ ન કરતા હોય, એવાને તો હક્કની વાત કરવાનો પણ અધિકાર નથી. અસલ તો શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને માનનાર અને તેનો શક્તિ મુજબ અમલ કરનારને જ અધિકાર છે. લિમિટેડ કંપનીના ભાગીયા ઘણા તે માત્ર નફાના જ હોય છે ? નહિ કે ખોટમાં જેનો ભાગ એનો જ નફામાં પણ ભાગ હોય છે. ખોટ ભરે તે જ નફો પણ લે. ખોટ ન ભરે એ નફો માંગે એ કદી જ ન બને.**

એ જ રીતે ભક્તિ નહિ. સેવા નહિ અને ભક્તિથી સમર્પિત થએલા પૈસા ઉપર ઈચ્છિત હક્ક !, કાયદેસર લડનાર, કાન પકડીને તેવાને અનધિકારી ઠરાવી શકે છે. હક્કના નામે ઉપાશ્રયમાં કુસ્તીના અખાડા તો ન ખેલી શકાય કે ન તો ખેલાવી શકાય. **ધર્મ અને ધર્મીને નથી ઓળખી શક્યા એનું જ આ પરિણામ છે. ધર્મ અને ધર્મીની ઓળખાણ થાય અને શક્તિ મુજબ એ ઉભયની સેવા થાય, તો દુઃખમાત્ર દૂર થાય અને સુખ માત્ર આવી મળે. દુઃખના નાશનો અને સુખની પ્રાપ્તિનો એ અનુપમ ઉપાય છે.'**

### ધર્મમય વર્તનનો અદ્ભુત પ્રભાવ

શ્રી વજ્રકર્ણના વલણથી સિંહોદર રાજા પ્રસન્ન તો થયો જ હતો. શ્રી વજ્રકર્ણની પ્રાર્થનાથી શ્રી રામચંદ્રજીએ તેની પ્રતિજ્ઞાને આડે

નહિ આવવા માટે ભ્રમરની સંજ્ઞાથી ફરમાવ્યું અને સિંહોદર રાજાએ તે ફરમાન કબૂલ કર્યું. એ ફરમાનની કબૂલાતની સાથે જ શ્રી લક્ષ્મણજીએ તેને છૂટો કર્યો. શ્રી લક્ષ્મણજીથી વિમુક્ત થયા થકા 'સિંહોદર' રાજા એકદમ શ્રી વજ્રકર્ણને ભેટી પડ્યા. ભેટી પડ્યા એટલું જ નહિ પણ આચાર્ય કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે. તે મુજબ

*સિંહોદરોऽપિ પરયા, પ્રીત્યા રાઘવસાક્ષિકમ્ ।*
*રાજ્યાર્ધં વજ્રકર્ણાય, સોદરાયેવ દત્તવાન્ ॥૧॥*

સિંહોદર રાજાએ પણ પરમ પ્રીતિથી શ્રી રામચંદ્રજીની સાક્ષીમાં, જેમ ભાઈને અડધું રાજ્ય આપે તેમ શ્રી વજ્રકર્ણ રાજાને અડધું રાજ્ય આપ્યું.

જે એક અભિગ્રહના પાલનની રજા નહોતો આપતો, તે સિંહોદર રાજા તે તેના ધર્મવર્તનથી સદ્ભાવયુક્ત બનીને અડધું રાજ્ય આપવાને તૈયાર થઈ ગયો. એ શું ધર્મનો ઓછો પ્રભાવ છે ? ધર્મમય વર્તન યોગ્ય આત્મામાં સદ્ભાવ પેદા કર્યા વિના રહેતું જ નથી.

એ પછી સૌએ પરસ્પરના પ્રેમનું પ્રદર્શન કરવા માંડ્યું. પ્રથમ તો દશાંગપુરના રાજા શ્રી વજ્રકર્ણે, અવંતિ દેશના માલિક સિંહોદર રાજા પાસેથી તેમની પટ્ટરાણી શ્રીધરાદેવીનાં તે કુંડલો માંગીને વિદ્યુદંગને આપ્યાં. અવંતિપતિના કોપની ખબર આપનાર વિદ્યુદંગને શ્રી વજ્રકર્ણ રાજા ન ભૂલ્યા. વિદ્યુદંગને જે વસ્તુ ઈષ્ટ હતી તે વસ્તુ શ્રી વજ્રકર્ણ રાજાએ પોતાના સ્વામી પાસેથી માંગીને પણ આપી. સિંહોદર રાજાએ પણ માંગતાની સાથે જ એ વસ્તુ સદ્ભાવપૂર્વક સમર્પી. એ પછી શ્રી વજ્રકર્ણ રાજાએ પોતાની આઠ કન્યાઓ, અને સામંત સહિત સિંહોદર રાજાએ પોતાની ત્રણસો કન્યાઓ શ્રી લક્ષ્મણજીને આપી. સંસારમાં આવો ઉત્તમ જમાઈ મળવો દુર્લભ છે, એમ માની સૌએ પોતપોતાની કન્યાઓ શ્રી લક્ષ્મણજીને આપી, પણ આપણે જાણીએ છીએ કે શ્રી લક્ષ્મણજીને પોતાના વડિલ બંધુની સાથે વનમાં પરિભ્રમણ કરવાનું છે, એટલે એ કન્યાઓને સ્વીકાર કરીને શ્રી લક્ષ્મણજી કરે શું ? એ જ કારણે તેઓએ કન્યાઓ

આપ્યા બાદ શ્રી લક્ષ્મણજીએ તેઓને કહ્યું કે, હાલમાં તમારી કન્યાઓ તમારી પાસે રહો. કારણકે પિતાજીએ રાજ્ય ઉપર અમારા ભાઈ ભરતને સ્થાપન કરેલ છે. એ કારણે સમયે હું જ્યારે રાજ્યને અંગીકાર કરનારો થઈશ ત્યારે તમારી કન્યાઓને પરણીશ. હાલમાં તો અમે મલયાચલ ઉપર જઈને રહીશું.

શ્રી લક્ષ્મણજીના આ કથનના ઉત્તરમાં 'હા' એ પ્રમાણે કહીને શ્રી વજ્રકર્ણ અને સિંહોદર એ બંનેય રાજાઓ, ઊભા રહ્યા. એ પછી એ બેય રાજાઓને શ્રી રામચંદ્રજીએ જવાની આજ્ઞા આપી. અને બંનેય રાજાઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા અને શ્રીમતી સીતાજી તથા શ્રી લક્ષ્મણજીની સાથે શ્રી રામચંદ્રજી, ત્યાં રાત્રિ ગાળીને સવારના પહોરમાં આગળ ચાલી નીકળ્યા. આગળ જતાં તે ક્રમે કરીને કોઈ પણ નિર્જળ પ્રદેશે પહોંચ્યાં.

## નિર્દંભ સમર્પણ અવશ્ય ફળે જ

એ વાત સમજી શકાય એવી છે કે, શ્રી રામચંદ્રજીને શ્રી લક્ષ્મણજી જેવા પુરુષસિંહો માટે આવું અટવીનું ભ્રમણ દુઃખકર નથી. પણ શ્રીમતી સીતાદેવી માટે તો ઘણું દુઃખકર છે. શ્રી રામચંદ્રજી એ નિર્જળ પ્રદેશમાં આવી પહોંચ્યાં એટલામાં શ્રીમતી સીતાદેવી પિપાસિત-તરસ્યાં બની ગયાં. આવી કારમી અટવીમાં તૃષાતુર બનવું એ સહજ છે. જે દેશમાં એ તરસ્યાં બન્યાં તે પ્રદેશ પાણી વિનાનો છે. આ સ્થિતિમાં બોલ્યા વિના બેસવા સિવાય બીજો ઉપાય પણ શો હોઈ શકે ? અને કોઈપણ ઉપાય ન હોવાથી શ્રીમતી સીતાદેવી એક વૃક્ષની નીચે બેઠાં. ચકોર એવા શ્રી રામચંદ્રજી આકૃતિ ઉપરથી પરખી જાય એવા હતા અને પરખી પણ લીધું. સ્વામિની સાચી સેવા અવશ્ય ફળે છે. એ વસ્તુ આ પ્રસંગે સમજી લેવા જેવી છે. શ્રીમતી સીતાજી પતિને સમર્પિત છે. તો તેમની સઘળી ચિંતા શ્રી રામચંદ્રજી વિના કહ્યે જ રાખે છે. એ જ રીતે જો આત્મા દેવ, ગુરુ અને ધર્મનો આરાધક બની જાય તો એની ચિંતા એને પોતાને રાખવી જ પડતી નથી. પણ નિર્દંભ સમર્પણ જોઈએ. નિર્દંભ સમર્પણ વિના એવી આશા રાખવી એ નકામી છે.

શ્રીમતી સીતાદેવીનું સમર્પણ નિર્દંભ હતું. એ જ કારણે શ્રી રામચંદ્રજીનાં અંતરમાં શ્રીમતી સીતાદેવી માટે પૂરતી કાળજી હતી. એ કાળજીના યોગે જ સીતાદેવી ન બોલ્યાં. તો પણ એમની આકૃતિ અને રીતભાત ઉપરથી શ્રી રામચંદ્રજી સમજી ગયા કે 'આ તૃષાતુર થયેલ છે.' એ કારણથી તરસ્યાં થયેલ શ્રીમતી સીતાજી વૃક્ષની નીચે બેઠાં કે તરત જ શ્રી રામચંદ્રજીએ શ્રી લક્ષ્મણજીને પાણી શોધી લાવવાની આજ્ઞા કરી. આવા પાણી વિનાના પ્રદેશમાં પણ પાણી લાવવાની આજ્ઞાથી શ્રી લક્ષ્મણજી પણ આનંદ પામે છે. આવી બંધુભક્તિ કોઈ વિરલમાં જ હોય છે. આવા પાણી વિનાના પ્રદેશમાં તે ક્યાંથી મળે ? આવો વિચાર કર્યા વિના પણ પૂજ્યની આજ્ઞા મળતાંની સાથે જ શ્રી લક્ષ્મણજી પાણી લાવવા માટે ચાલી નીકળ્યા. આવા પાણી વિનાના પ્રદેશમાં પાણી. શોધ વિના મળવું એ સંભવિત નથી. આજ્ઞાના અમલ માટે શ્રી લક્ષ્મણજી પાણીની શોધ માટે અટવીમાં પરિભ્રમણ કરે છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*गच्छन् सरो ददर्शैकमनेकांभोजमंडितम् ।*

*दूरादानंदजननं, वयस्यमिव वल्लभम् ।।*

એ રીતે "પાણીની શોધ માટે ચાલ્યા જતા શ્રી લક્ષ્મણજીએ દૂરથી મિત્રની જેમ વલ્લભ, આનંદને પેદા કરનાર અને અનેક કમળોથી અલંકૃત એક સરોવરને જોયું." પાણી વિનાના પ્રદેશમાં આવા પ્રકારના સુંદર સરોવરનું દર્શન એ આનંદજનક નીવડે એમાં કશું જ આશ્ચર્ય નથી. આપત્તિના સમયમાં મિત્રનું દર્શન આનંદજનક છે. એ જેમ સમજાય તેવું છે તેમ જ્યાં પાણી મળવાનું સંભવિત ન હોય તે પ્રદેશમાં આ પ્રકારના સરોવરનું દર્શન આનંદજનક નીવડે એ પણ સમજાય તેવું છે. જ્યાં થોડાં પાણીની પ્રાપ્તિ અસંભવિત ગણાય, ત્યાં આવા પ્રકારના સરોવરના દર્શનથી મિત્રદર્શન જેવો આનંદ થવો એ સહજ છે. આપત્તિના સમયમાં જેમ મિત્રનું દર્શન પણ વલ્લભ લાગે છે. તેમ પાણી વિનાના પ્રદેશમાં સરોવરનું દર્શન પણ અવશ્ય વલ્લભ લાગે જ.

## કામ એ આત્માનો કારમો શત્રુ છે.

દૂરથી એવા આનંદજનક સરોવરના દર્શન થવાથી પ્રસન્ન થઈને શ્રી લક્ષ્મણજી જે સમયે સરોવર પાસે પહોંચ્યા, તે સમયે કુબર નામના નગરનો અધિપતિ કલ્યાણમાલા નામનો રાજા તે સરોવર ઉપર ક્રીડા કરવાને માટે આવેલો હતો. ક્રીડા કરવા માટે આવેલા તે રાજાએ પાણી માટે સરોવર ઉપર આવેલા શ્રી લક્ષ્મણજીને જોયા.

કામની અકમનીયતા એવી ભયંકર છે કે એ સામાન્ય આત્માને સ્વસ્થ રહેવા દેતી જ નથી. શરમ કે મર્યાદાનો વિનાશ કરવો એ કામને માટે સહજ છે. કામ પરવશ આત્માઓ કોઈપણ સ્થળે સંયમ જાળવી શકતાં જ નથી. કામને પરાધીન બનેલા આત્માઓ પોતાની જાતને પણ ભૂલી જાય છે. પુરુષના વેશમાં રહેલા કલ્યાણમાલા શ્રી લક્ષ્મણજીનું દર્શન થતાંની સાથે જ ભૂલી ગઈ કે અત્યારે હું એક રાજા છું. એ અંગે ફરમાવ્યું છે કે

*"स कामबाणैः सद्योऽपि, बिभिदे भिदुरात्मकैः ।"*

શ્રી લક્ષ્મણજીનાં દર્શનની સાથે જ તે રાજા, ભેદનશીલ છે સ્વરૂપ જેનું એવાં કામબાણોથી એકદમ જ ભેદાઈ ગયો."

વિચારો કે કામ એ એક આત્માનો કેવો કારમો શત્રુ છે ? કલ્યાણમાલા જાણે છે કે, 'આજે હું કુબરપુરના એક રાજા' તરીકે પ્રસિદ્ધ છું. અને રાજાનાં રૂપમાં છું. આ પ્રમાણે જાણવા છતાં પણ એ શત્રુએ એના આત્માને પરાજિત કરી દીધો. એ પરાજિતતાના પ્રતાપે, એ પોતાના સ્વરૂપને ગુપ્ત જ ન રાખી શક્યો. કામ શત્રુની આવા પ્રકારની વિષમતા ને ભયંકરતા જાણવા છતાં, જેઓ નથી ચેતતા તેઓ ખરે જ શોચનીય છે.

કામની વિષમતાથી અજાણ એવો કલ્યાણમાલા નામનો રાજા શ્રી લક્ષ્મણજીનાં દર્શનથી પોતાનું ભાન ભૂલ્યો અને એથી એકદમ કામનાં ભેદી નાંખનારા બાણોથી ભેદાયો. એવી દશામાં આવી પડેલા તે રાજાએ, શ્રી લક્ષ્મણજીને પોતાના અતિથિ બનવાનું આમંત્રણ કરવા માટે નમસ્કાર કરીને કહ્યું કે,

*"भव मे भोजनातिथिः ।"*

'આપ મારા ભોજનના અતિથિ થાવ.'

જેમ કલ્યાણમાલા રાજા શ્રી લક્ષ્મણજીનાં દર્શનથી કામાતુર બનીને, ભેદી નાંખનારા કામનાં બાણોથી એકદમ ભેદાઈ ગયા, તેમ એવી અવસ્થામાં આવી પડેલા તે રાજાને જોઈને વિશિષ્ટ વિચક્ષણતાને ધરનારા શ્રી લક્ષ્મણજીના હૃદયમાં શો વિચાર આવ્યો ? એનું વર્ણન કરતાં પણ કલિકાલસર્વજ્ઞ ભગવાન્શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

***विकारं मान्मथं देह-लक्षणानि च लक्ष्मणः ।***
***निरीक्ष्य दध्यौ नार्येषा, पुंवेषा कारणेन तु ॥१॥***

"કલ્યાણમાલા નામના રાજાના મુખ ઉપર થયેલા કામસંબંધી વિકારને અને એના શરીરનાં લક્ષણોને જોઈને શ્રી લક્ષ્મણજીએ વિચાર્યું કે આ નારી છે પણ કોઈપણ કારણથી પુરુષના વેષને ધરનારી બનેલી છે.

આ પ્રમાણે વિચારીને 'ભોજનના અતિથી બનવાના કરેલા આમંત્રણ'નો જવાબ આપતાં શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે

***"सभार्योऽस्ति मम प्रभुः, इतश्चाद्दूरदेशेऽस्मिन्***
***भुंजे तेन विना नहि",*** **XXXXXXXXXX**

"અહીંથી નજીકના દેશમાં પોતાની ભાર્યા સાથે મારા પ્રભુ છે. તેમના વિના હું ભોજન કરતો નથી."

# કલ્યાણમાલાની કરુણ કથની

## ૨

કુબેરનગરનો રાજા **કલ્યાણ માલા** જન્મથી રાજકુમારી છે. પણ સંયોગવશ બુદ્ધિમાન મંત્રીઓ અને રાજમાતાએ આબાદ આયોજન કર્યું તેથી તે બાલ્યકાળથી રાજા તરીકે પ્રસિદ્ધ છે. જલની શોધમાં નીકળેલા શ્રી **લક્ષ્મણજી**ને સરોવર કિનારે ક્રીડા માટે આવેલ તે કુબેરનગરના અધિપતિએ જોયા, ને તે કામવશ બની જાય છે. તે ભૂલી જાય છે કે હું એક રાજા છું. હા, કામ ! કામપરવશ આત્માઓ પોતાનો સંયમ જાળવી શકતા નથી એ હકીકત છે.

પછી તો પોતાની છાવણીમાં પહોંચીને તે રાજાએ પોતાના મંત્રીઓ દ્વારા શ્રી **લક્ષ્મણજી**ને અને તેઓના કહેવાથી શ્રી રામચન્દ્રજીને ત્યાં તેડાવ્યાં છે. શ્રી રામચન્દ્રજીના પૂછવાથી પુરુષવેષમાં રહેવાનું રહસ્ય પ્રગટ થાય છે. તે શ્રી કલ્યાણમાલાની કરુણકથનીરુપ છે.

અહીં પણ શ્રી રામચન્દ્રજી આદિની મહાનતા પ્રગટ થયા વિના રહેતી નથી. આ પ્રકરણ કરુણ-કથનીથી રોમાંચક છે.

-શ્રી

# કલ્યાણમાલાની કરુણ કથની

- ★ મંત્રીની માંગણી અને સ્વીકાર
- ★ વિંધ્યાટવીમાં પ્રવેશ
- ★ શુભાશુભ શુકનોનો પ્રભાવ
- ★ મ્લેચ્છ રાજાને શરણાગતિ
- ★ જેટલું બળ તેટલી ક્ષમા હોવી જોઈએ
- ★ અજ્ઞાન એ જ ખરી આફત
- ★ અનુકંપા એ ધર્મપ્રભાવનાનું અંગ
- ★ એકબાજુ આતિથ્ય અને બીજી બાજુ અપમાન
- ★ આજ્ઞાપાલન એ કુલીનોનો ધર્મ
- ★ પુણ્યનો અદ્‌ભુત અને અચિંત્ય પ્રભાવ
- ★ જંગલમાં મંગલ
- ★ ઉત્તમ આત્માઓની ઉદારતા

# ૨

## કલ્યાણમાલાની કરુણ કથની

'આ ઉત્તમ પુરુષના સ્વામી પોતાની ભાર્યા સાથે પાસેના જ પ્રદેશમાં બિરાજમાન છે.' એમ જાણતાંની સાથે જ તે કલ્યાણમાલા નામના રાજાએ કલ્યાણકારક આકારને ધરનારા અને પ્રિય બોલનારા એવા પોતાના પ્રધાન પુરુષો દ્વારા સારી રીતથી અભ્યર્થના કરીને શ્રીમતી સીતાદેવીની સાથે જ શ્રી રામચંદ્રજીને ત્યાં બોલાવ્યાં. હૃદયની વાસનાને પૂર્ણ કરવા માટે દુનિયાના પ્રાણીઓ સઘળું જ કરવાને સજ્જ હોય છે. 'જેને જોવાથી પોતાને કામે વશ કરેલ છે, તેના સ્વામી પણ અહીં પધારે તો પછી બાકી જ શું રહે ?' આ માન્યતાથી એ વાત સાંભળતાની સાથે જ આનંદમાં આવી ગયેલ તેણે, તરત જ પ્રધાનપુરુષો કે જેઓ સુંદર આકારવાળા હોઈ મધુરું બોલનારાં હતા, તેઓને જે સરોવર ઉપર શ્રી લક્ષ્મણજી હતા ત્યાં પધારવા માટે આમંત્રણ કરવાને મોકલી આપ્યા. તેઓએ પણ ત્યાં જઈને એવા પ્રકારની પ્રાર્થના કરી કે જે પ્રાર્થનાના યોગે શ્રી રામચંદ્રજી પણ શ્રીમતી સીતાજીના સાથે ત્યાં પધાર્યા. શ્રીમતી સીતાદેવી સાથે પધારતાં શ્રી રામચંદ્રજીને જોઈને ભદ્ર બુદ્ધિને ધરનાર તે કલ્યાણમાલા રાજાએ શ્રી રામચંદ્રજીને અને શ્રીમતી સીતાદેવીને પણ નમસ્કાર કર્યા અને તે જ સમયે તે ઉભયને માટે પટકુટી (તંબુ) ને સ્થાપન કરાવી.

શ્રી રામચંદ્રજી જેવા પોતાના અતિથિ થાય, તે છતાં પણ ગુપ્ત જ રહેવાનો આડમ્બર કરવાથી આફત ટળે એમ નહિ લાગવાથી, તે કલ્યાણમાલા રાજાએ પોતાના બનાવટી પુરુષવેશને દૂર કર્યો. અને સ્ત્રીવેષને સજ્યો. સ્નાન અને ભોજન કરીને પરવાર્યા બાદ શ્રી રામચંદ્રજી તે પટકુટીમાં બિરાજ્યા હતા ત્યાં તે પોતાના વાસ્તવિક સ્ત્રીવેષને ધરનાર બનીને, તે રાજા પરિવાર વિના માત્ર એક મંત્રીની સાથે શ્રી રામચંદ્રજી પાસે આવ્યો.

એક સ્ત્રીજાતિ સ્વભાવથી જ શરમાળ હોય છે. જ્યારે આ તો એકવાર પુરુષના વેષમાં દૃષ્ટિગોચર થયા પછી પોતાના વેષમાં હાજર થાય છે. એટલે એની લજ્જા અધિક હોય એ સહજ છે. એ સાહજિક લજ્જાના યોગે, શ્રી રામચંદ્રજીની પાસે આવતાં જ કલ્યાણમાલાનું મુખ નીચું નમી જાય છે. શ્રી રામચંદ્રજી પણ આ સ્ત્રી હોવા છતાં પુરુષના વેષમાં શા માટે રહે છે ? એ જાણવાને માટે આતુર હતા, એ જ કારણે લજ્જાથી નમી ગયેલા મુખવાળી કલ્યાણમાલાને પ્રશ્નરૂપે એ શ્રી રામચંદ્રજીએ કહ્યું કે,

*भद्र ! पुरुषवेषेण, स्त्रीभावं निह्नुषे कुतः ।*

"હે ભદ્ર ! તું પુરુષના વેષ દ્વારા સ્ત્રીભાવને શા કારણથી ગોપવે છે ?"

આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાપૂર્વક પ્રાર્થના કરતાં સ્ત્રીજાતિમાં રહેલા તે કલ્યાણમાલા નામના કુબરપતિએ આ પ્રમાણે કહ્યું કે, આ કુબર નામના મહાપુરનો વાલિખિલ્ય નામનો રાજા હતો અને એ રાજાને પૃથ્વી નામની પ્રિયા હતી. કોઈ એક દિવસે એ વાલિખિલ્ય રાજાની પૃથ્વી નામની પ્રિયા ગર્ભવતી થઈ એ જ અરસામાં યુદ્ધ માટે આવેલા મ્લેચ્છ મહાભટો, તે વાલિખિલ્ય રાજાને બાંધીને લઈ ગયા. તે પછી તે પૃથ્વીદેવીએ મને પુત્રી તરીકે જન્મ આપ્યો. અને સુબુદ્ધિ નામના મંત્રીએ 'પુત્રને જન્મ આપ્યો છે.' એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવી. અમારા સ્વામી સિંહોદરને પણ પુત્રજન્મના જ સમાચાર જણાવ્યા. પુત્ર જન્મના સમાચાર જાણીને

અમારા એ સ્વામીએ કહેવરાવ્યું કે, વાલિખિલ્ય રાજાના આગમન સુધી આ નવો જન્મેલો બાળક ત્યાં રાજા હો. આ કારણથી મૂળથી પુરુષવેષને ધરનારી અને ક્રમે કરીને વધતી હું માતા અને મંત્રીજન સિવાયના અન્ય લોકથી પુત્રી તરીકે ઓળખાતી જ નથી. 'હું પુત્રી તરીકે જન્મી છું.' એવું આજ સુધી મારી માતા અને મંત્રીજનને મૂકીને અન્ય કોઈ જાણતું નથી. પુત્રી તરીકે જન્મ પામવા છતાંપણ હું જનતામાં પુત્ર તરીકે જ પ્રસિદ્ધ છું. કલ્યાણમાલા નામે પ્રસિદ્ધિ પામેલી હું રાજ્ય કરું છું. ખરેખર, મંત્રીઓના મંત્ર-વિચાર-સામર્થ્યથી ખોટામાં પણ સત્યતા થાય છે. મંત્રીઓ પોતાના વિચારના બળે ખોટી વાતને પણ સત્ય તરીકે જ પ્રસિદ્ધ કરી શકે છે. અને ઠેઠ સુધી એ જ રીતે ટકાવી શકે છે. હું મારા પિતાની મુક્તિ માટે મ્લેચ્છોને ઘણું ધન આપું છું. એ લોકો ધનને તો ગ્રહણ કરે છે. પણ મારા પિતાને છોડતા નથી. તે કારણથી આપ પ્રસન્ન થાઓ, અને જેમ પૂર્વે આપે સિંહોદરથી શ્રી વજ્રકર્ણને મૂકાવ્યો તેમ હાલમાં તે મ્લેચ્છોથી મારા પિતાને મૂકાવો.

કલ્યાણમાલા પાસેથી 'તે શા માટે સ્ત્રી છતાં પુરુષના વેષમાં રહે છે ? એનું કરુણાજનક કારણ જાણવાથી શ્રી રામચંદ્રજીનું હૃદય દ્રવે એ સહજ છે, અને એવા મહાપુરુષની આગળ દુ:ખી આત્માની દર્દભરી પ્રાર્થના નિષ્ફળ જાય એ ઘટના જ અસંભવિત છે. બન્યું પણ એમ જ. કલ્યાણમાલાની કરુણા સાથે આશ્ચર્યને પેદા કરનારી કથની અને પ્રાર્થનાના શ્રવણની સાથે જ શ્રી રામચંદ્રજીએ પણ કહ્યું કે,

**तवपितरं यावद् गत्वा, मोचयामि म्लेच्छेभ्यः ।**
**तावत् त्वं पुंवेषैव, स्वराज्यं प्रशासती तिष्ठ ॥**

"અમે જઈને જ્યાં સુધીમાં તારા પિતાને મ્લેચ્છોથી મૂકાવીએ ત્યાં સુધીમાં તું પુરુષવેશમાં પોતાના રાજ્ય ઉપર શાસન કરતી રહે."

પોતાની પ્રાર્થનાનો આ રીતનો સ્વીકાર સાંભળીને પુરુષવેષધારીણી તે કલ્યાણમાલા નામની સ્ત્રીએ 'મહાપ્રસાદ મોટી

મહેરબાની' આ પ્રમાણે કહ્યું. આપત્તિના નાશની સંભાવનાથી પણ આનંદ થાય છે, તો આવા મહાપુરુષોના યોગે તો આપત્તિનો નાશ નિશ્ચિત જ છે.' એમ જાણનાર અને માનનાર કલ્યાણમાલાને આનંદ થાય એમાં તો પૂછવું જ શું ?

### મંત્રીની માંગણી અને સ્વીકાર

પોતાના માલિક વાલિખિલ્ય રાજાની મુક્તિ હવે થશે, એમ લાગવાથી, આનંદિત થયેલ અને કલ્યાણમાલાની ભાવનાને પણ જાણનાર સુબુદ્ધિ મંત્રી શ્રી રામચંદ્રજી પાસે માંગણી કરતાં

*लक्ष्मणोऽस्याः वरोऽस्तु ।*

"શ્રી લક્ષ્મણજી શ્રી કલ્યાણમાલાના વર હો."

### વિંધ્યાટવીમાં પ્રવેશ

આ પ્રમાણે કહ્યું, એ માંગણીનો વિના આનાકાનીએ સ્વીકાર કરતાં શ્રી રામચંદ્રજીએ પણ કહ્યું કે,

*"वयं तातादेशात् देशांतरं यास्यामोऽथ निवृत्तेषु लक्ष्मणः परिणेष्यति"*

"અમે પિતાજીના આદેશથી દેશાંતર જઈશું. દેશાંતર કર્યા બાદ પાછા આવીશું ત્યારે શ્રી લક્ષ્મણ કલ્યાણમાલાને પરણશે."

આ પ્રમાણે મંત્રીની માંગણીને અંગીકાર કરીને શ્રી રામચંદ્રજી ત્યાં ત્રણ દિવસ રહ્યાં. ત્રીજા દિવસની રાત્રિ થોડી બાકી હતી અને માણસો સૂતા હતા. એ અવસરે શ્રી રામચંદ્રજી, શ્રી સીતાજી અને શ્રી લક્ષ્મણજી સાથે ચાલી નીકળ્યા. પ્રાત:કાળમાં શ્રી સીતાજી, શ્રી રામચંદ્રજી, અને શ્રી લક્ષ્મણજીને નહિ જોતી, તે કલ્યાણમાલા પણ ખિન્ન મનવાળી થઈ થકી પોતાના નગરમાં ગઈ અને પૂર્વની જેમ જ રાજ્ય કરવા લાગી. પ્રાત:કાળ થતાં પહેલાં અને કોઈને પણ જાણ કર્યા વિના ચાલી નીકળેલા શ્રી રામચંદ્રજી પણ ક્રમે કરીને નર્મદા નદીએ પહોંચ્યા અને એ નદીને ઉતર્યા. નદી ઉતર્યા બાદ વિંધ્યાટવીમાં પ્રવેશ કરતાં તેમને બીજા પ્રવાસીઓએ તેમ નહિ કરવાની પ્રાર્થના કરવા છતાં પણ શ્રી રામચંદ્રજીએ હિંમતપૂર્વક ધૈર્યથી તે વિંધ્યાટવીમાં પ્રવેશ કર્યો.

## શુભાશુભ શુકનોનો પ્રભાવ

વિંધ્યાટવીમાં પ્રવેશ કરતાં જ શ્રી રામચંદ્રજીને આફતને સૂચવનારા અપશુકનની સાથે જ શુભસૂચક શુકન પણ થયા. આ વાતને જણાવતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*तत्रादौ दक्षिणदिशि, कंटकिद्रुस्थितो द्विकः ।*
*ररास विरसं क्षीरद्रुस्थोऽन्यो मधुरं पुनः ।।१।।*

"તે અટવીની અંદર પ્રવેશ કરતાં તેમને પ્રારંભમાં દક્ષિણ દિશાની અંદર કંટકીવૃક્ષ ઉપર સ્થિત થયેલા કાગડાએ વિરસ શબ્દ કર્યો અને ક્ષીરવૃક્ષ ઉપર રહેલા અન્યે (કાગડાએ) મધુર શબ્દ કર્યો."

આ અપશુકન અને શુકન પૌદ્‌ગલિક અશુભ અને શુભની આગાહી આપનારી વસ્તુઓ છે. પણ એથી વિવેકપૂર્વક એની ઉપેક્ષા કરનાર આત્માઓને એની અસર પણ નથી થતી. અને તેઓ એની ગણના પણ નથી કરતા. એ જ હેતુથી

*न विषादो न वा हर्षो-भुद्रामस्य तथापि हि ।*
*शकुनं चाशकुनं च, गणयन्ति हि दुर्बलाः ।।*

"આ રીતના અપશુકન અને શુકન, એ ઉભયને જોવા છતાં પણ શ્રી રામચંદ્રજીને વિષાદ ન થયો અથવા હર્ષ ન થયો. કારણકે શુકનને અને અપશુકનને દુર્બળો ગણે છે."

પૌદ્‌ગલિક શુભાશુભથી નહિ મૂંઝાનારા આત્માઓ આવા શુકન કે અપશુકનથી હર્ષ કે વિષાદ ન પામે એ સહજ છે. પણ આથી જેઓ આત્મહિત માટે અનંત ઉપકારીઓએ શુકન આદિ જોવાના કરેલા વિધાનની પણ અવગણના કરે છે. તેઓ બળવાનપણાનો અગર તો મહાપુરુષપણાનો ઈલ્કાબ નથી જ મેળવી શકતા. એના એ માટે તો ઉલ્ટો 'સ્વચ્છંદી' અને આજ્ઞા વિરાધકપણાનો જ ઈલ્કાબ શાસ્ત્રે તૈયાર રાખ્યો છે. આવા-આવા પ્રસંગોનાં રહસ્ય તરફ બેદરકાર બની જેઓ પોતાની જ માની લીધેલી માન્યતાઓને આવા આવા પ્રસંગો દ્વારા સિદ્ધ કરવા મથે છે. તેઓ 'વસ્તુના સ્વરૂપથી જ અજ્ઞાત છે. અથવા તો અભિનિવેશના ઉપાસક છે.' એમ કહેવું એ વધારે પડતું નથી.

અપશુકન કે શુકન એ પોતાનો પ્રભાવ બતાવ્યા વિના રહેતા જ નથી. એ સુનિશ્ચિત છે, પૌદ્‌ગલિક શુભાશુભની દરકારના અભાવે, વિષાદ કે હર્ષથી પર રહેલા શ્રી રામચંદ્રજીને પ્રથમ અપશુકન થયા અને પછી શુકન થયા છે. એ નિશ્ચિત છે. અશુભ પછી તરત જ શુભ શુકન થયેલા છે. એટલે પરિણામ સારું જ છે. એમાં કશી શંકા જ નથી. અને આવા પુણ્યશાળી તથા પરાક્રમી આત્માઓનું પ્રાયઃ એવું કારમું અશુભ થતું જ નથી. અશુભ શુકનના અનુભાવે વિંધ્યાટવીના પ્રવેશની સાથે જ શું બન્યું ? એનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે :

*"गच्छन् ददर्श चागच्छन् - म्लेच्छसैन्यमुदायुधम् ।*
*असंख्येभरथाश्वीयं - देशघाताय निर्गतम् ॥१॥*
*युवा सेनापतिस्तत्र, दृष्ट्वा सीतां स्मरातुरः ।*
*स्वच्छन्दवृत्तिः स्वान् म्लेच्छानुच्चकैरेवमादिशत ॥२॥*
*अरे रे पथिकावेतौ, नाशयित्वा विनाश्य वा ।*
*एतां वरस्त्रियं हृत्वा, समानयत मत्कृते ॥३॥*
*इत्युक्ताः सह तेनैवा - धावन्त प्रतिराघवम् ।*
*प्रहरन्तः शरप्रास-प्रायैः प्रहरणैः शितैः ॥४॥*

એ વિંધ્યાટવીમાં જતા એવા શ્રી રામચંદ્રજીએ હથિયાર ઉંચા કરીને ચાલતું, અસંખ્ય હાથી, રથો, અને અશ્વોથી ભરપૂર તથા દેશના ઘાતને માટે નીકળેલું મ્લેચ્છોનું સૈન્ય જોયું. તે સૈન્યમાં રહેલો યુવાન સેનાપતિ શ્રી સીતાને દેખીને સ્મરથી આતુર બન્યો. સ્વચ્છંદ વૃત્તિને ધરનાર તેણે પોતાના મ્લેચ્છોને ઉચ્ચ સ્વરે આજ્ઞા કરી કે, "અરે, રે ! આ પથિકોને નસાડી મૂકીને અથવા મારી નાંખીને આ સુંદર સ્ત્રીને મારા માટે હરીને લાવો.

વિચારો કે કામની પરવશતા આત્મા ઉપર કેવું વિચિત્ર પરિણામ લાવે છે? કામની પરવશતાએ સામેથી આવનારા તેજસ્વી પુરુષો અને સ્ત્રી કોણ છે. એનો વિચાર કરવાની શક્તિ સેનાપતિમાં રહેવી દીધી નહીં. વિચાર વિકળ બનેલા સેનાપતિએ પોતાના મ્લેચ્છોને છેલ્લામાં છેલ્લી આજ્ઞા ફરમાવી દીધી.

કામની પરવશતા પુરુષની પુરુષાર્થશક્તિનો પણ કારમી રીતે નાશ કરે છે જે આત્માઓ કામને પરવશ બને છે, તે આત્માઓની બુદ્ધિ ઠેકાણે રહેતી નથી. મોટા-મોટા આત્માઓ પણ કામની પરવશતાથી પામર બને છે, તો બિચારા આ મ્લેચ્છોના સેનાપતિની શી ગુંજાશ કે એ આવી દશામાં વિચક્ષણ રહી શકે? કામની પરવશતાના યોગે વિચક્ષણતાથી રહિત થઈ ગયેલાં સેનાપતિએ પોતાના મ્લેચ્છોને ગમે તે કરીને પણ સામે આવતી સુંદર સ્ત્રીને ઉઠાવી લાવવાની આજ્ઞા ફરમાવી દીધી. તે મ્લેચ્છો, તે સેનાપતિની સાથે જ શર અને પ્રાસ આદિ તીક્ષ્ણ પ્રહરણોથી પ્રહાર કરતા શ્રી રામચંદ્રજીની સામે દોડ્યા. આનું જ નામ અપશુકનનો પ્રભાવ જેની સંભાવના પણ નહિ એવી એક સેના અચાનક જ સામે આવી. સામે આવી એટલું જ નહિ પણ પોતાની ઉપર જ આવી પડી.

### મ્લેચ્છ રાજાની શરણાગતિ

આવી સેના કે આવી સેનાના આવા ઉત્પાતથી આ મહાપુરુષો ઓછાં જ ગભરાય એમ હોય છે ? સૈન્યને એ મુજબ ધસી આવતું જોઈને શ્રી લક્ષ્મણજીએ શ્રી રામચંદ્રજીની સેવામાં આ પ્રમાણે કહ્યું કે, 'હે આર્ય ! હું આ મ્લેચ્છોને કૂતરાની જેમ જ્યાં સુધીમાં ભગાડી મૂકું, ત્યાં સુધી આપ પૂજ્ય સીતાદેવીની સાથે અહીં રહો. આ પ્રમાણે કહીને શ્રી લક્ષ્મણજીએ ધનુષ્યને દોરી ઉપર ચડાવીને ધનુષ્યનો નાદ કર્યો અને શ્રી લક્ષ્મણજીએ કરેલા ધનુષ્યના નાદથી, સિંહના નાદથી જેમ હાથીઓ ત્રાસ પામે તેમ મ્લેચ્છો ત્રાસ પામ્યા.

આમ ધનુષ્યના નાદથી સઘળા મ્લેચ્છોને અને પોતાને પણ કારમો ત્રાસ થયો. એથી એ મ્લેચ્છોના રાજાએ વિચાર્યું કે શરમોક્ષ તો હજુ દૂર છે, પણ જેનો ધનુર્વાદ અસહ્ય છે, તે જો બાણ મૂકશે ત્યારે તો શું એ થઈ જશે? આ પ્રમાણે વિચારીને તે મ્લેચ્છ રાજા શ્રી રામચંદ્રજીની પાસે આવ્યો. પાસે આવતાં તેને શ્રી લક્ષ્મણજીએ ક્રોધથી જોયો. શ્રી લક્ષ્મણજી દ્વારા ક્રોધથી જોવાયેલા અને દીનમુખવાળા તેણે પાસે આવતાંની સાથે જ શસ્ત્રોનો ત્યાગ કર્યો અને રથમાંથી ઉતરીને શ્રી રામચંદ્રજીને નમસ્કાર કર્યા.

નમસ્કાર કરીને તેણે પોતાનો વૃત્તાંત કહેતાં કહ્યું કે, હે દેવ ! કૌંશાબી નામની નગરીમાં વૈશ્વાનર નામનો બ્રાહ્મણ છે. તે બ્રાહ્મણની સાવિત્રી નામની પત્ની છે. એ ઉભયનો હું રુદ્રદેવ નામનો પુત્ર છું. હું જન્મથી માંડીને ક્રૂરકર્મા હોવાથી ચોર અને પરસ્ત્રીરક્ત છું. તેવું કોઈ પણ કર્મ નથી, જે પાપી એવા મેં ન આચર્યું હોય કોઈ વખત કોઈના ઘરમાં ખાતર પાડતા ખાતરમુખથી જ હું રાજપુરુષોથી પકડાયો. રાજપુરુષો રાજના હુકમથી મને શૂળી ઉપર ચઢાવવા લઈ ગયા. તે વખતે કોઈક શ્રાવક વ્યાપારીએ પ્રાણીવધના સ્થાનની પાસે જેમ દીન બોકડાને જુએ તેમ દીન એવા મને શૂળીની પાસે જોયો. અને દંડ આપીને મૂકાવ્યો. તે મહાત્મા વણિકે 'ફરીથી ચોરી કરીશ નહીં.' આ પ્રમાણે કહીને મને છોડાવ્યો. તે પછી તે દેશનો મેં ત્યાગ કર્યો. ભ્રમણ કરતો હું આ પલ્લીમાં આવ્યો. અહીં આવ્યા પછી હું 'કાક' એ નામની પ્રસિદ્ધિને પામ્યો અને ક્રમે કરીને આ પલ્લીપતિપણાને પામ્યો. અહીં રહેલો હું લુંટારાઓ દ્વારા ગામ, નગર અને વસતિ આદિને લુટું છું. અને હું પોતે જઈને રાજાઓને પણ બંદીવાન બનાવીને લઈ આવું છું.

આ પ્રમાણેનું પોતાનું વૃત્તાંત કહ્યા બાદ આજ્ઞાની પ્રાર્થના અને અવિનયની ક્ષમાપના કરતાં, એ મ્લેચ્છરાજાએ શ્રી રામચંદ્રજીને કહ્યું કે, 'હે સ્વામિન્ ! હું હવે આપને વ્યંતરની જેમ વશવર્તી છું, માટે આપ ફરમાવો કે, આપનો કિંકર એવો હું શું કરું ? આપ મારા અવિનયની ક્ષમા કરો.'

**જેટલું બળ તેટલી ક્ષમા હોવી જોઈએ :**

આવી પડેલી આપત્તિ એક ટંકાર માત્રથી કોઈના પણ લોહીના પાત વિના એકદમ આ રીતે અટકી ગઈ. એ પ્રભાવ પુણ્યોદયભર્યા પરાક્રમ સાથે શુભ શુકનનો પણ મનાવો જોઈએ. ભયંકર ઉન્માદે ચઢેલા મ્લેચ્છ રાજાનું મન એક ટંકાર માત્રથી એકદમ દ્રવી ગયું. અને જોતજોતામાં શરણે થઈ ગયો. એ વસ્તુમાં શુભ શુકનનો પણ હિસ્સો છે જ. પુણ્યોદય વિના કશું જ શુભ નથી થતું એ વાત સાચી છે. એની સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે શુભ શુકન પણ પુણ્યોદયને સૂચવનાર છે.

બળવાન્ આવેશયુક્ત બને તો બહુ ભયંકર. એ જ કારણે જેટલું બળ તેટલી ક્ષમા હોવી ઘટે. શ્રી લક્ષ્મણજી જેટલા બળવાન છે તેટલા જ ક્ષમાશીલ છે. બળ વધે તેમ ક્ષમા વધવી જોઈએ. જેને વાતવાતમાં ઝટ ગુસ્સો આવે છે, તે વસ્તુત: નબળો જ છે પણ બળવાન નથી. સમર્થ પુરુષો વાતવાતમાં હથીયાર છોડતા નથી. કેમકે એમનાં બાણ છૂટ્યા પછી પાછાં હાથમાં આવતાં નથી. અને ધાર્યું નિશાન વિંધે જ છે. બળવાન પુરુષો જો વાતવાતમાં હથિયાર છોડે તો જગતમાં જીવે કોણ ? વળી સમર્થ પુરુષો દયાળુ પણ એવા હોય છે કે દુશ્મનને પણ ચેતવ્યા વિના તો તેઓ કંઈ કરે જ નહિ. મહા બળવાન શ્રી લક્ષ્મણજી જાણે છે કે, 'આ પામરોને ખબર નથી કે, અમે કોણ છીએ ?' અને એ જ કારણે આ રીતે ધસી આવતા પામરો સામે પોતાના બળનો ઉપયોગ નહીં કરતાં તમે જેની સામે ધસી આવો છો એ કોઈ સામાન્ય નથી - એમ જણાવવા માટે સાચા બળનું દર્શન કરાવતાં ધનુષ્યનો માત્ર ટંકાર જ કર્યો.

### અજ્ઞાન એ જ ખરી આફત

ધનુષ્યના ટંકારને પણ મ્લેચ્છો સહી ન શક્યાં, ત્રાસ પામી ગયાં, શરણે આવ્યાં, પોતાની વિગત જણાવી, અવિનયની ક્ષમા પણ માંગી, આવા પણ પૂર્વે હતા. એવાઓ પાપ કરીને છૂપાવતાં નહીં. પણ પ્રસંગ આવે ખુલ્લાં થતાં, ખુલ્લી રીતે કહેતાં એવાઓને યોગ્ય સામગ્રી મળી જાય તો સારા થતાં પણ વાર ન લાગે. આજે તો જુઠ્ઠાને સત્યવાદી કહેવરાવવું છે. શાખ વગર શાહ કહેવરાવવું છે. એક પણ ઉત્તમ કામ કર્યા વિના શેઠ કહેવરાવવું છે. બુદ્ધિનો છાંટો નહિ અને વિદ્વાન મનાવરાવવું છે. આવાઓનો શી રીતે ઉદ્ધાર થાય ? આવાઓ ધર્મશૂર નથી બની શકતા. પણ પ્રસંગે પાપથી કંપી પાપને કબૂલ કરનારા અને ધર્મને શરણે જનારા જ ધર્મશૂર બની શકે છે. પુણ્યશાળીના દર્શન માત્રથી પાપનો એકરાર કરવાની વૃત્તિ એ આત્માની યોગ્યતા સૂચવે છે. એ યોગ્યતાના યોગે જ સેનાપતિએ પાપોના એકરારપૂર્વક શરણનો સ્વીકાર કર્યો.

આ પ્રસંગથી એ વાત બહુ જ સ્પષ્ટ થઈ જાય છે કે જગત માત્ર સુખનું અર્થી છે. પણ આપત્તિનું અર્થી નથી. આપત્તિનું વાસ્તવિક ભાન થઈ જાય તો આફતથી ભરેલા અને આફતને લાવનારા પૌદ્ગલિક સુખોનો પરિત્યાગ ઘોર અંતરાયનો અવરોધ ન હોય તો સહજ છે. આથી ખરી આફત અજ્ઞાન છે. એ વાત એકદમ ખુલ્લી થઈ જાય છે. અજ્ઞાન ન હોત તો કોઈ પણ આત્મા દુ:ખના કારણરૂપ સુખમાં મૂંઝાત નહીં. આફતને જાણ્યા પછી આફતને લેવા કોઈ જ ઇચ્છતું નથી. પણ અજ્ઞાન આફતને સમજવા દે તો ને ? આથી અજ્ઞાન એ જ ખરી આફત છે. આ જ કારણે જ્ઞાનીપુરુષો અજ્ઞાનને મહાપાપ તરીકે અને સર્વ પાપોના શિરોમણિ તરીકે ઓળખાવે છે. એ અજ્ઞાન જેટલા અંશે ઓછું તેટલા અંશે આત્માનો ઉદય, અજ્ઞાનદશામાં રહેવું અને ઉદય સાધવો તથા આફત ઘટાડવી એ અશક્ય છે. **અજ્ઞાન જ આત્માને આફતના માર્ગે ઘસડી જનાર છે.** એ કારણે અજ્ઞાનને જ આફત માનવી એ બુદ્ધિમત્તા છે. અજ્ઞાનને આફત માનનારો આત્મા અજ્ઞાનથી બચવાનો અવશ્ય પ્રયત્ન કરે જ. અને એ પ્રયત્નના પરિણામે જરૂર આત્મા આફતથી બચે. શ્રી લક્ષ્મણજી તરફથી આફતનું ભાન થતાંની સાથે જ સેનાપતિ જાગ્યો અને આફત આવતાં પહેલાં જ મોટાનું શરણ સ્વીકાર્યું એ જ રીતે જે આત્માને સંસારની દુ:ખમયતાનું ભાન થઈ જાય તે આત્મા કોઈ પણ જાતના વિકલ્પ વિના મોક્ષમાર્ગના પ્રકાશક દેવનું અને મોક્ષમાર્ગના પ્રચારક ગુરુનું શરણ અવશ્ય સ્વીકારે જ. શરત એટલી જ કે **સંસારને સુખમય સમજાવનાર, એ જ કારણે ભયંકર આફતરૂપ એવું જે અજ્ઞાન તે ટળવું જોઈએ.**

### અનુકંપા એ ધર્મ પ્રભાવનાનું અંગ

વધુમાં આ પ્રસંગ અનુકંપાની ધર્મપ્રભાવકતાનું નિદર્શન પણ સારી રીતે કરાવે છે. મહાપાપી એવા પણ એ મ્લેચ્છોના સેનાપતિઓ પોતાના પાપનો એકરાર કરતાં એ વાત પણ જણાવે છે કે, 'હું આજે જીવતો છું તે એક શ્રાવકની દયાના પ્રતાપે જ. કારણકે ખાતર પાડતાં

પકડાયેલા મને રાજાએ શૂળી ઉપર ચઢાવી દેવાનો હુકમ કર્યો હતો અને એ હુકમના આધારે મને શૂળી પાસે લઈ જવામાં આવેલો. પણ એક શ્રાવકે શૂળી પાસે દીન તરીકે મને ઉભેલો જોયો અને જોતાંની સાથે જ એ દયાળુ શ્રાવકે પોતાના ઘરનો દંડ ભરીને પણ મને છોડાવ્યો હતો.

આ ઉપરથી અનુકંપાથી ધર્મપ્રભાવકતા સારામાં સારી રીતે સમજી શકાય તેમ છે. કારણકે એક મહાપાપી પણ એ વાતને ભૂલતો નથી. અને એવા આત્માને મહાત્મા તરીકે ઓળખાવે છે. એ મહાત્માએ પોતાને આપેલી સુંદર સલાહ પણ કહી બતાવે છે. ખરેખર, **હિતશિક્ષાપૂર્વકની રક્ષા, પ્રભુશાસનની ભાવપૂર્વકની દ્રવ્ય અનુકંપા છે.** એવી ઉત્તમ અનુકંપાનો ઉપાસક ધર્મી આફતમાં આવેલાને બચાવે અને ભવિષ્યના હિતની શિખામણ દે, પણ વિચિત્ર વિકલ્પો કરીને બચાવવાનું સામર્થ્ય છતાં બચાવ નહિ કરીને હૃદયને ક્રૂર ન જ બનવા દે. એવા ધર્મીની અનુપમ ધર્મશીલતાએ પાપના યોગમાં પડેલા ઉપર પણ એ છાપ પાડી દીધી કે દુનિયામાં આવા ધર્માત્મા પણ છે. એ છાપ કોઈ ભૂંસવા માંગે તો પણ ન ભૂંસાય. ધર્મી તેનું નામ કે જે હિંસકના પણ યોગ્ય હૈયામાં આવી છાપ પાડે. એ છાપથી પણ ઘણા પામી જાય. ધર્મી છતી શક્તિએ કોઈને દુઃખી જોઈ જ ન શકે. ધર્મી દુઃખ ટાળવાની પોતાની તાકાતનો અવશ્ય ઉપયોગ કરે જ. અનુકંપાથી ભરેલા હૃદયવાળા ધર્માત્માઓ અનેક આત્માઓને ધર્મની સન્મુખ કરનારા થવા સાથે અનેકને પ્રશંસક બનાવી દે છે. અનુકંપાની આવા પ્રકારની ધર્મપ્રભાવકતાનો જ એ પ્રભાવ છે કે એક મહાન્ પાપાત્મા પણ અવસરે પોતાનાં પાપોનો એકરાર કરતાં અનુકંપાના કરનારા ધર્માત્માને નથી ભૂલતો અને એ મહાત્માની હિતશિક્ષાને સ્મૃતિની બહાર નથી કરતો.

એક ધર્માત્માના પ્રતાપે બચી ગયેલ અને ત્રાસથી શરણે આવીને પોતાના પાપોનો એકરાર કરવાપૂર્વક આધીન થઈને આજ્ઞા માંગતા એ મ્લેચ્છોના સેનાપતિને આજ્ઞા આપતાં શ્રી રામચંદ્રજીએ

ફરમાવ્યું કે "*વારિખિલ્યં વિમુંચ*" 'વાલિખિલ્ય રાજાને તું છોડી દે.' આ પ્રમાણે કહેવાયેલા એ કિરાતરાજાએ તે વાલિખિલ્ય નામના રાજાને છોડી દીધો. શ્રી રામચંદ્રજીની કૃપાથી મુક્તિ પામેલા વાલિખિલ્ય રાજાએ પણ શ્રી રામચંદ્રજીને નમસ્કાર કર્યા. આ પછી શ્રી રામચંદ્રજીએ કે કાક નામના કિરાતરાજાને બીજી આજ્ઞા કરી કે. 'આ વાલિખિલ્ય રાજાને એમના કુબર નામના નગરમાં મૂકી આવ. આ આજ્ઞાના યોગે તે કાક નામનો કિરાતપતિ તે વાલિખિલ્ય રાજાને કુબર નામના તેના નગરમાં લઈ ગયો.'

## એકબાજુ આતિથ્ય અને બીજીબાજુ અપમાન

નગરમાં પહોંચેલા તે વાલિખિલ્ય રાજાએ પુરુષવેષને ધરનારી અને કલ્યાણમાલા નામની પોતાની પુત્રીને જોઈ આ કલ્યાણમાલાનો જન્મ વાલિખિલ્ય રાજાના પકડાઈ ગયા પછી થયેલો છે એ તો આપણે જાણીએ જ છીએ. શ્રી રામચંદ્રજીની સહાયથી પિતા-પુત્રીનો ચિરકાળે મેળાપ થયો. ચિર સમયે એકત્રિત થયેલ એ કલ્યાણમાલા અને વાલિખિલ્ય રાજાએ પરસ્પર શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીના સઘળાય વૃત્તાંતને કહ્યો. કલ્યાણમાલાએ શ્રી રામચંદ્રજી આદિનો પોતાને મેળાપ કઈ રીતે થયો ? અને થયા પછી પોતે શું કર્યું ? એ વગેરે સઘળી વાત પોતાના પિતાશ્રીને જણાવી અને વાલિખિલ્ય રાજાએ પોતાની મુક્તિ શી રીતે થઈ એ વગેરે જણાવ્યું.

શ્રી રામચંદ્રજીની આજ્ઞા મુજબ વાલિખિલ્ય રાજાને તેના નગરે પહોંચાડ્યા પછી કિરાતપતિ કાક ક્યાં ગયો તેનું અને વાલિખિલ્ય રાજાને તેના નગરે પહોંચાડી આવવાની કાકને આજ્ઞા કર્યા પછી શ્રી રામચંદ્રજી ક્યાં પહોંચ્યાં તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*કાકોઽપિ સ્વાં યયૌ પલ્લિં, તતો રામોઽપિ નિર્ગતઃ ।*
*વિંધ્યાટવીમતિક્રમ્ય, પ્રાપ તાપીમહાનદીમ્ ॥૧॥*

તે પછી એટલે વાલિખિલ્ય રાજાને તેમના નગરે પહોંચાડ્યા પછી કાક પણ પોતાની પલ્લિએ ગયો અને શ્રી રામચંદ્રજી પણ વાલિખિલ્ય રાજાને તેના

નગરે મૂકી આવવાની કાકને આજ્ઞા કર્યા બાદ નીકળ્યા અને વિંધ્યાટવીને લંઘીને તાપી નામની મહાનદીએ પહોંચ્યા.

તાપી નામની મહાનદીએ પહોંચેલા અને તાપી નદીને ઉતરીને આગળ ચાલતાં શ્રી રામચંદ્રજી તે દેશના પ્રાંતભાગ ઉપર રહેલાં અરૂણગામ નામના એક ગામમાં પહોંચ્યા. ત્યાં શ્રી સીતાજી તરસ્યા થવાથી શ્રી લક્ષ્મણજીની સાથે શ્રી રામચંદ્રજી, કોપ કરનાર અને અગ્નિહોત્રી એવા કપિલ નામના બ્રાહ્મણના ઘરમાં ગયા. એટલે તે ઘરમાં રહેલી તે કપિલ નામના બ્રાહ્મણની પત્ની સુશર્મા નામની બ્રાહ્મણીએ તે શ્રી રામચંદ્રજી આદિ ત્રણને ભિન્ન ભિન્ન આસન આપ્યું, અને પોતે જાતે એ ત્રણે જણને સ્વાદિષ્ટ અને શીતળ પાણી પાયું. આ રીતે એ સુશર્મા નામની બ્રાહ્મણી શ્રી રામચંદ્રજી આદિનું આતિથ્ય કરી રહી છે. એટલામાં પિશાચ જેવો ભયંકર તે કપિલ નામનો બ્રાહ્મણ આવ્યો. ઘેર આવેલા તેણે પોતાના ઘરમાં બેઠેલા તે શ્રી રામચંદ્રજી આદિ ત્રણેને જોયાં. તે ત્રણને પોતાના ઘરમાં બેઠેલાં જોઈને રોષાયમાન થયેલા તે બ્રાહ્મણે પોતાની પત્નીને કહ્યું કે,

*મલિનાનાં કિમેતેષાં, પ્રવેશો મમવેશ્મનિ ।*
*પાપીયસિ ! ત્વયા દત્તોऽ-ગ્નિહોત્રમશુચીકૃતમ્ ॥૧॥*

હે પાપીણિ ! આ મલિન લોકોને પ્રવેશ તેં મારા ઘરમાં કેમ આપ્યો ? આવા મલિન લોકોનો પ્રવેશ ઘરમાં કરાવીને તેં મારા અગ્નિહોત્રને અપવિત્ર કરી નાંખ્યું છે.

આ રીતે એ જ ઘરમાં શ્રી રામચંદ્રજી આદિનું ઘરની સ્ત્રી તરફથી આતિથ્ય થયું અને પુરુષ તરફથી અપમાન થયું. વિશ્વમાં પ્રકૃતિનું ઔષધ નથી તે આનું નામ. આકૃતિથી પણ ઉત્તમ જણાતાં આત્માઓને દેખતાંની સાથે જ ગુસ્સો, એ પ્રકૃતિના દોષ સિવાય બીજું કહેવાય પણ શું ?

### આજ્ઞાપાલન એ કુલીનોનો ધર્મ

પણ આ રીતના અપમાનને શ્રી લક્ષ્મણજી કેમ સહન કરે ? આ કાંઈ બ્રાહ્મણીનું જ અપમાન ન હતું. પણ પોતાના પૂજ્યોનુંય અપમાન હતું. એવા કારમા અપમાનને નહિ સહી શકવાથી શ્રી

લક્ષ્મણજીએ, એ પ્રમાણે આક્રોશ કરતા તે ક્રૂર બ્રાહ્મણને ક્રોધથી હાથીની જેમ ભમાડવા માટે આકાશમાં ઊંચો કર્યો.

ખરેખર જ ફરજને સમજતાં આત્માઓ આવા સમયે શાંત નથી રહી શકતાં. પૂજ્યોનું અપમાન અને યોગ્યનો તિરસ્કાર એ સજ્જન આત્માને પણ તપાવ્યા વિના નથી જ રહેતો. ફરજનું પણ ભાન નહિ ધરાવતાં એવા આત્માઓ સજ્જનની કક્ષામાં નથી આવી શકતાં. શ્રી લક્ષ્મણજીને પોતાની ફરજનું ભાન પૂરેપૂરું હતું અને એથી જ તેઓ એ પાપી બ્રાહ્મણને શિક્ષા કરવા માટે પ્રવૃત્ત થયા. પણ શ્રી રામચંદ્રજીએ જોયું કે શ્રી લક્ષ્મણજીના ક્રોધનું પરિણામ આ એક પામર આત્માના નાશમાં જ આવવાનો સંભવ છે. એ કારણથી તરત જ શ્રી રામચંદ્રજીએ પણ શ્રી લક્ષ્મણજીને કહ્યું કે,

*हे मानद ! कीटमात्रकेऽस्मिन् को नाम कोपः ।*
*विब्रुवन्तमपि अमूं द्विजब्रुवं विमुंच ।।१।।*

'હે માનનું મર્દન કરનાર વત્સ લક્ષ્મણ ! આ કીટ માત્ર ઉપર કોપ શું કરવો ? અર્થાત્ આ કીડા જેવા આદમી ઉપર કોપ કરવો એ ઠીક નથી. માટે આ સડો પાડતાં એવા પણ અધમ બ્રાહ્મણને તું મૂકી દે.'

શ્રી રામચંદ્રજીના આ પ્રકારના સાંત્વનથી શ્રી લક્ષ્મણજીનો ગુસ્સો શમી ગયો. ખરે જ, ઉત્તમ આત્માઓનો ગુસ્સો કોઈ જુદી જ જાતનો હોય છે, અને એવા યોગ્ય જાતિના ગુસ્સાના સાંત્વનની રીત પણ આવા પ્રકારની અનોખી જ હોવી જોઈએ.

એક પામરને યથેચ્છ વર્તન કરતો જોઈને ગુસ્સામાં આવી ગયેલા શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી એકદમ શાંત થઈ ગયા અને શાંત થઈ ગયેલા તેમણે તે બ્રાહ્મણને ધીમે રહીને મૂકી દીધો. આજ્ઞાપાલન એ કુલીનોનો પરમધર્મ છે. એ ધર્મના પ્રતાપે જ શ્રી લક્ષ્મણજી એકદમ શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી તે બ્રાહ્મણને છોડી દે છે. આ જાતના આજ્ઞાપાલનનું દર્શન આજે દુર્લભ થઈ પડ્યું છે. એનું કારણ એકલું આજ્ઞાપાલનનું જ અયોગ્યપણું છે એમ નથી, પણ આજ્ઞા કરનારાઓને આજ્ઞા કરતાં અને આજ્ઞાદાતા તરીકે જીવતાં

નથી આવડતું એ પણ છે. આજ્ઞા કરવાની હદે પહોંચેલા આત્માઓએ આજ્ઞાધ્રતા તરીકે જીવતાં અને આજ્ઞા કરતાં શીખવું જોઈએ. જો એમ થાય તો યોગ્ય આત્માઓ અવશ્ય આજ્ઞાનું પાલન કરતાં થાય જ. શ્રી લક્ષ્મણજીએ તે બ્રાહ્મણને છોડી દીધા પછી, શ્રી રામચંદ્રજી શ્રી સીતાજી અને શ્રી લક્ષ્મણજીની સાથે તે બ્રાહ્મણના ઘેરથી ચાલી નીકળ્યા. ગમન કરતાં તે ક્રમે કરીને બીજા એક મોટા અરણ્યમાં પહોંચ્યા. એ અરણ્યમાં પહોંચ્યા ત્યારે જે સમયે કાજળના જેવા શ્યામ મેઘો થાય છે, તે સમય એટલે વર્ષાઋતુનો સમય આવ્યો. એ સમયના સ્વભાવ પ્રમાણે વરસાદ વરસવા લાગ્યો. વરસાદ વરસતો હતો એ કારણે શ્રી રામચંદ્રજી એક વડના વૃક્ષ નીચે બેઠા અને આપણે વર્ષાકાળને આ વડવૃક્ષની નીચે જ પસાર કરીએ, આ પ્રમાણે તેમણે શ્રી લક્ષ્મણજી આદિને જણાવ્યું.

### પુણ્યનો અદ્‌ભુત અને અચિંત્ય પ્રભાવ

વિશ્વમાં પુણ્યનો પ્રભાવ અજબ હોય છે. શ્રી રામચંદ્રજી આદિ ત્રણેય પુણ્યશાળી આત્માઓ છે. એ નિઃસંશય છે. પુણ્યશાળી મનુષ્યોથી દેવતાઓ પણ ડરે છે. આ સ્થળે પણ એવો જ બનાવ બને છે. શ્રી રામચંદ્રજીના – 'આપણે આ વર્ષાકાળ આ વડ નીચે પસાર કરીશું.' આ વાક્યને સાંભળવાથી વડવાસી દેવ પણ ગભરાયો. કારણકે આવા પુણ્યશાળી મહાપુરુષને તમે અહીં રહેશો નહિ એમ પણ કહેવાય નહિ અને રહે એ પણ એવાને પાલવે નહિ. આ કારણે આ પુણ્યશાળી મહાપુરુષના પુણ્ય પ્રતાપને નહિ સહી શકવાથી એ દેવે શું કર્યું ? એનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*आकर्ण्य तद्वचो भीत - स्तन्न्यग्रोधाधिदेवतम् ।*
*इभकर्णाभिधो यक्षो, गोकर्णं स्वप्रभुं ययौ ॥१॥*
*तं प्रणम्येत्यभाषिष्ट, स्वामिन्नुद्वासितस्ततः ।*
*कैश्चिद्दुःसहतेजोभि - र्निजावासाद्वटादहम् ॥२॥*

*तत्कुरुष्व परित्राण - मत्राणस्य, मम प्रभो !*
*ते हि स्थास्यंति सकलां, प्रावृषं मद्वटद्रुमे ।।३।।*

"તે વડવૃક્ષનો અધિદેવતા 'ઇભકર્ણ' નામનો યક્ષ શ્રી રામચંદ્રજીના તે વચનને એટલે - 'આપણે વર્ષાકાળ આ વડવૃક્ષની નીચે પ્રસાર કરીશું.' આ વચનને સાંભળીને 'ગોકર્ણ' નામના પોતાના સ્વામીની પાસે ગયો. તેણે પોતાના તે સ્વામીને પ્રણામ કરીને કહ્યું કે, 'હે સ્વામિન્ ! કોઈ દુ:સહ તેજવાળા મહાપુરુષોએ મને તે મારા આવાસરૂપ વડવૃક્ષથી કાઢી મૂક્યો છે. તે કારણથી હે પ્રભો ! આપ રક્ષણ રહિત એવા મારું રક્ષણ કરો. કારણકે તેઓ સઘળીએ વર્ષાઋતુ મારા વૃક્ષની નીચે જ રહેશે."

પોતાના સેવકદેવના મુખથી એ પ્રમાણેની વાત સાંભળીને ગોકર્ણ નામના યક્ષસ્વામીએ પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. ઉપયોગ મૂકવાથી અવધિજ્ઞાન દ્વારા જાણીને વિચક્ષણ એવા તે યક્ષસ્વામીએ પોતાની પાસે ફરિયાદ કરવા આવેલા ઇભકર્ણને કહ્યું કે,

*"अर्च्यावेतौ गृहायाता- वष्टमौ रामशार्ङ्गिणौ"*

'આ બે જે તારા ઘરે આવેલા છે, તે કોઈ સામાન્ય પુરુષો નથી પણ આઠમા બળદેવ અને વાસુદેવ છે. અને એ જ કારણથી એ બેય મહાપુરુષો પૂજાને યોગ્ય છે.'

### જંગલમાં મંગલ

એ પ્રમાણે પોતાના સેવકદેવને કહીને તે ગોકર્ણ નામનો યક્ષાધિપતિ બેસી ન રહ્યો, પણ જે અટવીમાં શ્રી રામચંદ્રજી આદિ હતાં તે અટવીમાં રાત્રે આવ્યો. રાત્રિના સમયે આવીને તે દેવે શ્રી રામચંદ્રજી માટે નવ યોજનના વિસ્તારવાળી, બાર યોજન લાંબી, ધન અને ધાન્ય આદિથી પૂર્ણ, જેનો કિલ્લો અને પ્રાસાદો ઉંચા છે એવી અને વ્યાપારની વિવિધ વસ્તુઓથી ભરેલાં બજારોની શ્રેણિવાળી આવી રામપુરી નામની નગરી બનાવી, અને પ્રાત:કાળે મંગળ શબ્દથી જાગેલા શ્રી રામચંદ્રજીએ તે વીણાધારી યક્ષને અને મોટી ઋદ્ધિવાળી તે નગરીને જોઈ.

આવી ઋદ્ધિવાળી નગરીને એક જ રાત્રિમાં તૈયાર થયેલી જોઈને વિસ્મિત થયેલા શ્રી રામચંદ્રજીને તે શ્રી યક્ષસ્વામીએ કહ્યું,

'હે સ્વામિન્ ! આપ મારા સ્વામી છો અને અતિથિ છો, હું ગોકર્ણ નામનો યક્ષ છું અને આપના માટે મેં આ નગરી બનાવી છે, મારી આપને વિનંતી છે કે સપરિવાર એવા મારાથી રાત્રિ-દિવસ સેવાતાં આપ, અહીં આપની ઈચ્છા હોય તેટલા સમય સુધી આપની રુચિ પ્રમાણે સુખપૂર્વક રહો.'

આ પ્રમાણે તે યક્ષ દ્વારા પ્રાર્થના કરાયેલા શ્રી રામચંદ્રજી, યક્ષપુરુષોથી સેવાતાં ત્યાં શ્રીમતી સીતાજી અને શ્રી લક્ષ્મણજી સાથે સુખપૂર્વક રહ્યાં. જંગલમાં પણ મંગલ જે કહેવાય છે તે આનું જ નામ. પુણ્ય જ્યાં હોય ત્યાં સુખ સાથે જ રહે છે. વડની નીચે વર્ષાઋતુને પસાર કરવા ઈચ્છતા આત્માઓ માટે પુણ્યે આ સ્થિતિ વગર પ્રયત્ને ઉભી કરી દીધી. દેવતાઓ પણ પુણ્યને આધીન હોય છે. પુણ્યના બળે વગર બોલાવ્યે યક્ષાધિપ રાતના આવ્યો, અનુપમ નગરી રચી, સેવામાં હાજર થયો અને સઘળા જ પ્રકારની પોતાથી શક્ય સેવા આરંભી દીધી.

આ રીતે શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાદેવી અને શ્રી લક્ષ્મણજી ઉભયની સાથે પુણ્યના પ્રભાવે જંગલમાં પણ મંગલનો અનુભવ કરી રહ્યાં છે એ અરસામાં આતિથ્ય કરવાને બદલે અપમાન કરનારો અરૂણ ગ્રામવાસી કપિલ નામનો બ્રાહ્મણ, કોઈ એક દિવસ યજ્ઞમાં હોમવાના એક જાતના કાષ્ઠ આદિને માટે હાથમાં કુહાડો લઈને ભ્રમણ કરતો - જે મહા અરણ્યમાં દેવે બનાવેલી નગરીમાં શ્રી રામચંદ્રજી આદિ આનંદ કરે છે. તે મહાઅરણ્યમાં આવ્યો.

તે મહાઅરણ્યમાં આવેલા તે બ્રાહ્મણે તે નગરીને જોઈ. એ નગરીને જોતાંની સાથે જ તેને અચંબો થયો. આવા અરણ્યમાં નગરીનું દર્શન અને તે પણ સુંદરમાં સુંદર નગરીનું દર્શન અવશ્ય અચંબો ઉત્પન્ન કરે એ નિઃસંશય છે. આવા અરણ્યમાં અસંભવિત મનાતી એ નગરીને તે બ્રાહ્મણે જોઈ અને અચંબાથી પોતાના ચિત્તમાં તે બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે,

*"मायेयमिन्द्रजालं वा गान्धर्वमथवा पुरम् ।"*

"આ તે શું માયા છે ! અથવા ઈંદ્રજાલ છે ! અથવા ગાંધર્વપુર છે !"

આવા પ્રકારના વિસ્મય ભરેલા વિચારમાં પડી ગયેલા તે બ્રાહ્મણે ત્યાં આગળ માનુષીના રૂપને ધરનારી અને સુંદર અલંકાર તથા સુંદર વસ્ત્રવાળી એક યક્ષિણીને જોઈ. એવી યક્ષિણીને જોઈને તે યક્ષિણી પ્રત્યે બ્રાહ્મણે પ્રશ્ન કર્યો કે,

*"कस्येयं नूतना पुरी"*

"આ નગરી કોની છે ?'

તે યક્ષિણીએ બ્રાહ્મણના આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું કે,

**सोचे गोकर्णयक्षेण, कृतेयं नूतना पुरी ।**
**नाम्ना रामपुरी राम-सीता सौमित्रिहेतवे ॥१॥**
**दीनादिभ्यो ददात्यर्थ - मत्र रामो दयानिधिः ।**
**सर्वः कृतार्थीभूतोऽत्र, यो यो दुःस्थः समाययौ ॥२॥**

"નામે કરીને રામપુરી એવી આ નવી નગરી શ્રી રામચંદ્રજી, શ્રી સીતાજી અને શ્રી લક્ષ્મણજીના માટે ગોકર્ણ નામના યક્ષે કરેલી છે. આ નગરીમાં દયાના સાગર એવા શ્રી રામચંદ્રજી દીન આદિને ઘણું-ઘણું દાન આપે છે. અહીં જે-જે દુઃખી આવ્યો તે સર્વ કૃતાર્થ થયેલો છે.'

આ રીતે એક સામાન્ય પ્રશ્નનો ઉત્તર આપતાં તે યક્ષિણીએ સઘળી જ હકીકત કહી. તે યક્ષિણીએ સઘળી હકીકત કહેતાં એ પણ કહ્યું કે, 'આ નગરીનો વિધાતા ગોકર્ણ નામનો યક્ષ છે. એ યક્ષે આ નગરી શ્રી રામચંદ્રજી, શ્રી સીતાદેવી અને શ્રી લક્ષ્મણજીને માટે બનાવેલી છે. આ નગરીનું નામ રામપુરી છે. આ નગરીમાં વસતા શ્રી રામચંદ્રજી ખરે જ દયાના સાગર છે. દયાના સાગર હોવાથી એ મહાપુરુષ દીન આદિને ઘણું જ દાન આપે છે. એ મહાપુરુષના દાનના પ્રતાપે આ નગરીમાં આવેલ કોઈ પણ દુઃખી કૃતાર્થ થયા વિના પાછો જતો જ નથી.'

### ઉત્તમ આત્માઓની ઉદારતા

આથી સ્પષ્ટ થાય છે કે ઉત્તમ આત્માઓની ઉદારતા અવસર પામી આવિર્ભાવ પામ્યા વિના રહેતી નથી. ઉદાર આત્માઓની ઉદારતાની પ્રશંસા વિના કહો જ થાય છે. મળેલું સાચવી જ

રાખનારાઓની જ અને મળેલું ભોગવનારાઓની સંખ્યા આ વિશ્વમાં મળવી સહજ છે. પણ મળેલાનો ત્યાગ કરનારાઓની સંખ્યા મળવી એ દુર્લભ છે. ઉદારતા એ ત્યાગને ખેંચી આણનારો મહાન ગુણ છે. ઉદાર આત્માઓ માટે સઘળો જ ધર્મ સહજ સાધ્ય બને છે. ઉદારતા ગુણ આત્માને સાચો ત્યાગી બનાવવામાં પરમ સહાયક છે.

પોતાની સારી વસ્તુ સ્વ-પરના ભેદ વિના આપવાની વૃત્તિની પ્રાપ્તિ ઉદાર આત્માઓ માટે કષ્ટસાધ્ય નથી. ઉદાર આત્માઓની ઉદારતા કોઈ પણ પ્રસંગે ઝળક્યા વિના રહેતી જ નથી. શ્રી રામચંદ્રજી જેવા મહાપુરુષમાં એ ગુણ હોય એ કાંઈ આશ્ચર્યજનક નથી. સામગ્રીના અભાવમાં પણ જે મહાપુરુષની ઉદારતા, કંઠમાં રહેલી સુવર્ણ રત્નની માળા પણ અપાવી દે. એ ઉદારતા આવી સામગ્રીમાં કેમ આવું દાન ન દેવરાવે ? એ દાનના પ્રતાપે જ દેવો પણ એના ગુણો જ્યાં ત્યાં ગાવા મંડી પડે છે. શ્રી રામચંદ્રજીની ઉદારતાના ગુણથી રંજિત થઈ ગયેલી યક્ષિણીએ આ નવી નગરી કોની છે ? આટલો જ પ્રશ્ન પૂછનાર બ્રાહ્મણ પ્રત્યે નગરી કોની છે અને શા માટે તથા કોના માટે બનાવી છે એ જણાવવા સાથે શ્રી રામચંદ્રજીની અજોડ ઉદારતાનું વર્ણન પણ કરી દીધું.

એ વર્ણન સાંભળતાંની સાથે જ જન્મથી આરંભીને દરિદ્રતાથી સળગી રહેલો કપિલ ગાંડા જેવો બની ગયો. એને એમ લાગ્યું કે હવે મારી દરિદ્રતા પણ ભાગી જશે. દરિદ્રતા ભાગી જશે એવી સંભાવના માત્રથી પણ તે ખુશ થઈ ગયો. ખુશીમાં આવી ગયેલા તેણે

*त्यक्त्वा सोऽपि समिद्भारं पतित्वा तत्पदाब्जयोः ।*
*ऊचे मया कथं रामो, द्रष्टव्यः शंस मेऽनघे ! ॥१॥*

"પોતાની પાસે રહેલા કાષ્ટના ભારને છોડી દીધો અને તે યક્ષિણીના ચરણોમાં ઢળી પડ્યો. અને તેણે બીજો પ્રશ્ન કર્યો. 'હે દોષરહિત !' તું મને એ કહે કે હું શ્રી રામચંદ્રજીને કેવી રીતે દેખી શકું ?'

શ્રી રામચંદ્રજીની અનુપમ ઉદારતાને જાણીને કપિલ શ્રી રામચંદ્રજીના દર્શનને માટે ઉત્સુક બની ગયો. લક્ષ્મી પ્રત્યેની અભિલાષા આત્માને કેવો દીન બનાવી દે છે. એ સમજવા માટે આ

પ્રસંગ સુંદર છે. આ યક્ષિણી કાંઈ લક્ષ્મીની દાતાર નથી. પણ લક્ષ્મીના દાતારને મળવાનો ઉપાય બતાવનારી છે. એમ લાગવાની સાથે જ તે બ્રાહ્મણે પોતે પ્રયત્નથી મેળવેલ કાષ્ટના ભારને ફેંકી દીધો અને તરત જ તે યક્ષિણીના ચરણમાં ઢળી પડ્યો અને તેને ઘણી જ નમ્રતાથી અને ભક્તિ ભરેલા શબ્દોથી પ્રશ્ન કર્યો કે, 'હે દોષરહિત !' તું મને એ કહે કે મને શ્રી રામચંદ્રજીના દર્શન કેવી રીતે થાય?'

આ પ્રશ્નનો ઉપાય સૂચક ઉત્તર આપતાં તે યક્ષિણીએ પણ કહ્યું કે, 'આ નગરીમાં ચાર દ્વારો છે અને દરરોજ આ નગરીની રક્ષા યક્ષો દ્વારા થાય છે. એ કારણથી આ નગરીમાં પ્રવેશ થવો એ દુર્લભ છે. આટલું છતાં પણ આ નગરીમાં પ્રવેશ કરવાનો એક ઉપાય છે. અને તે એ કે આ નગરીમાં આવેલા પૂર્વ દ્વારે એક શ્રી જિનેશ્વરદેવનું મંદિર છે, તે મંદિરને વિધિપૂર્વક વંદન કરીને અને શ્રાવક થઈને જો તું જશે તો તું પ્રવેશ પામી શકશે.'

આ ઉત્તર દ્વારા તમે સમજી શકશો કે ધર્માત્માનું ધ્યેય કોઈ પણ આત્મા ધર્મ પામે એ મુખ્ય હોય છે. એ ધ્યેયના પ્રતાપે જ શ્રી રામચંદ્રજીએ આ નગરીમાં પ્રવેશ પણ ધર્માત્માઓ માટે સુલભ રાખ્યો છે.

અત્યાર સુધી આપણે જે પ્રસંગો જોયા તે અંગે વિચારીશું તો સમજાશે કે આ 'ઈભકર્ણ' યક્ષ ભયથી સ્વયં ભાગી ગયો છે, છતાં કહે છે કે- 'મને કાઢી મૂક્યો.' આ કથનને સાંભળતાં જો સ્વામીનું ભેજું ઠેકાણે ન હોય તો ગુસ્સો આવ્યા વિના રહે જ નહીં. પણ આ 'ઈભકર્ણ નામના યક્ષનો સ્વામી 'ગોકર્ણ' સમ્યગ્દષ્ટિ હોઈ મજેનો હતો. નાયક મજેનો હોય તો ખોટી ફરિયાદ કરવા જનારને સમજાવે. માટે કહું છું કે-માથે શોભતા નાયકને ધારણ કરો. અધમનું નાયકપણું ન સ્વીકારો. યોગ્ય નાયક ન મળે તો નાયક વિનાના રહો, પણ નાલાયક નાયકની આગેવાની ન સ્વીકારો. યોગ્ય સ્વામીના પ્રતાપે 'ઈભકર્ણ' યક્ષ પણ પુણ્યાત્માઓની અવગણનાના પાપથી બચ્યો.

# રામ ત્યાં અયોધ્યા આ કહેવતનો સાક્ષાત્કાર

## ૩

નર્મદા ઉતરીને વિંધ્યાટવીમાં પ્રવેશતા શ્રી રામચન્દ્રજી આદિને અશુભ-શુભ શુકનો ક્રમશઃ થયાં. પણ તેની તેઓએ પરવાહ ન કરી, પૌદ્‌ગલિક બાબતમાં તો આ ચાલે પણ આત્મહિત માટે તો શુકનની બાબતમાં મહાપુરુષોના વચનોનું ઉલ્લંઘન કરવું નહીં, તેવું પ્રવચનકારશ્રીએ સ્પષ્ટ કર્યું છે.

વિંધ્યાટવીમાં કાક નામે પલ્લિપતિનો પ્રસંગ પામીને બળ મુજબ ક્ષમાની આવશ્યકતા ઉપર ભાર, અજ્ઞાનને મોટી આફત ગણાવતું વર્ણન અને અનુકમ્પાની ધર્મપ્રભાવકતાની વિગત શાંતચિત્તે વાંચવી જોઈએ.

શ્રી રામચન્દ્રજી આદિનો સત્કાર કરતી બ્રાહ્મણી અને આવેશયુક્ત બનેલા બ્રાહ્મણની વાત પછી ઈભકર્ણ ને ગોકર્ણ નામના યક્ષો દ્વારા નિર્મિત રામપુરીનગરી એ રામ ત્યાં અયોધ્યાની કહેવતનો સાક્ષાત્કાર છે. અહીં તે બ્રાહ્મણ ઉપર શ્રી રામચન્દ્રજીએ કરેલી ઉદારતા કેવું સુન્દર પરિણામ આપે છે તે વાત મનનીય છે

-શ્રી

# રામત્યાં અયોધ્યા આ કહેવતનો સાક્ષાત્કાર

- ★ રિદ્ધિ અને સિદ્ધિ ત્યાગીની સેવિકા છે
- ★ લઘુ કર્મીપણાનો ઉત્તમ પ્રભાવ
- ★ સુગુરુઓની ધર્મદેશનાનો પ્રતાપ
- ★ અનુપમ દયા ઉદારતા
- ★ મહાપુરુષોનાં હૃદયની દિલાવરતા
- ★ સુપાત્ર દાનનું સુંદર પરિણામ
- ★ ભક્તિ કરનાર હંમેશા સેવક બનીને રહે
- ★ શ્રી રામચંદ્રજીનું પ્રયાણ અને નગરીનો ઉપસંહાર

# ૩

## રામ ત્યાં અયોધ્યા આ કહેવતનો સાક્ષાત્કાર



'ઇભકર્ણ'નો સ્વામી 'ગોકર્ણ' નામનો યક્ષ સમ્યગ્દૃષ્ટિ હોઈ, સુસ્વામી હોવાથી સેવકની ફરિયાદ સાંભળતાંની સાથે ઉકળી ન ઊઠ્યો. પણ પોતાના અવધિજ્ઞાનથી 'એ ફરિયાદ સાચી છે કે ખોટી? અને એ તેજસ્વી પુરુષો કોણ છે ? એ જાણવાનો તેણે પ્રયત્ન કર્યો. એ પ્રયત્નના પ્રતાપે તેણે જાણ્યું કે 'આ ફરિયાદ ખોટી છે અને તેજસ્વી પુરુષો અન્ય કોઈ નથી પણ બળદેવ અને વાસુદેવ છે.' આ પ્રમાણે જાણીને તેણે પોતાના સેવક પ્રત્યે કહ્યું કે,

'આ તો ઘેર આવેલા આઠમા બળદેવ અને વાસુદેવ છે. માટે તારે અને મારે ઉભયને પૂજવા યોગ્ય છે.'

વિચારો કે-આ પ્રમાણે સાંભળવાથી ફરિયાદ કરનારને શું થાય ? એજ કે, 'ખોટી ફરિયાદનો પશ્ચાત્તાપ.' અને એ પશ્ચાત્તાપથી એ પણ ઠરી ગયો. અને કાંઈપણ બોલ્યા-ચાલ્યા વિના જેઓથી ગભરાઈને ભાગ્યો હતો, તેઓની સેવા માટે પાછો ફર્યો. પોતાનો સેવક સેવા માટે પાછો ફર્યો પણ સ્વામી પોતે પણ કેમ જ બેસી શકે ? યોગ્યની સેવા વિના નહિ રહી શકવાથી, તે 'ગોકર્ણ' પણ રાત્રિના ત્યાં પહોંચ્યો અને દેવની અચિંત્ય શક્તિનો સાક્ષાત્કાર કરાવતાં, તેણે એક જ રાત્રિમાં નવ યોજનની વિસ્તારવાળી, બાર યોજન લાંબી, ધન-ધાન્યથી ભરેલી, ફરતાં ઊંચા કિલ્લાવાળી અને અંદર ઉંચા પ્રાસાદોવાળી તથા વિવિધ વસ્તુથી ભરેલાં બજારોવાળી

નગરી બનાવી, અને એનું નામ રામપુરી પાડ્યું. આથી 'રામ ત્યાં અયોધ્યા' આ કહેતીનો પણ સાક્ષાત્કાર થયો. ખરેખર, પુણ્ય સાથે જ રહે છે."

### ઋદ્ધિ અને સિદ્ધિ ત્યાગીની સેવીકા છે

ભાગ્યવાન્ પુરુષો ઘેરથી રાજ્ય મૂકીને અટવીમાં આવ્યા તો અહીં પણ રાજ્ય મળ્યું. ત્યાગથી સામગ્રી બધી મળે છે. પણ એવી સામગ્રી મેળવવા માટે તમે ત્યાગ ન કરતા. ખરેખર, **ઋદ્ધિ અને સિદ્ધિ હૃદયના ત્યાગીની તો સેવિકા છે. પણ જેઓ એ ઋદ્ધિ અને સિદ્ધિના ગુલામ બને છે તેઓની તો એ કડકમાં કડક અને કઠોરમાં કઠોર માલિક જ બની બેસે છે.** તથા એવી જાતની માલિક બનીને એ પોતાના ગુલામોને યથેચ્છપણે નચાવે છે અને એ નાચ તો આજે પણ આપણને પ્રત્યક્ષ છે. બાકી પોતાનો હૃદયથી સર્વ પ્રકારે ત્યાગ કરનારની તો એ કેવી ગુલામી કરે છે ? એ જાણવા માટે શ્રીતીર્થંકરદેવોનાં દૃષ્ટાંતો બસ છે. અંતિમ ભવમાં અઢળક લક્ષ્મીનો અનુપમ ત્યાગ કરીને વીતરાગ બનેલા તે પરમ તારકોને જમીન ઉપર પગ પણ ન મૂકવા દે. એ તારકને પગલે પગલે સુવર્ણકમળ તૈયાર, એની મેળે ગોઠવાઈ જાય, છત્ર ચામર અને સિંહાસન પણ સાથે જ ચાલે, વાયુ પણ પ્રદક્ષિણા કરે, કાંટા પણ અધોમુખા થાય, પક્ષિઓ પણ પ્રદક્ષિણા કરે. અને વૃક્ષો પણ નમે. વિચારો કે આ બધું શાથી ? કહેવું જ પડશે કે અનુપમ વિરાગી થઈને વીતરાગ બન્યા એથી. આથી સમજો કે વિરાગી સુખી છે. બાકી જે રાગી બન્યા છે. તે તો ભોગોની હયાતિમાં પણ આશાના આવેગથી દુ:ખી જ છે.

### લઘુ કર્મીપણાનો ઉત્તમ પ્રભાવ

આપણે જોયું કે સાધર્મિક માટે શ્રી રામચંદ્રજીએ નગરીમાં પ્રવેશ સુલભ રાખ્યો હતો. પોતાના સાધર્મિકને આ નગરીમાં પેસતાં અટકાવવાની સૌ કોઈને મના હતી. ખરે જ, સાધર્મિક ભક્તિ તે આનું નામ. સાધર્મિક માટે આવી દશાને રાખનારાં ધર્માત્માઓ આજે કેટલાં છે ?

**સભા** : સાહેબ ! લાવવા ક્યાંથી ?

**પૂજ્યશ્રી** : જો લાવવા ક્યાંથી તો સમજો કે આ ધર્મીપણાની પોલ છે. સાધર્મિક માટે તો પોતાનું સર્વસ્વ હોવું જોઈએ. આ દશા વિના સાચી સાધર્મિક ભક્તિ શક્ય નથી.

યક્ષિણીએ એ નગરીમાં પેસવાનો ઉપાય બતાવ્યો એથી અર્થનો અર્થી કપિલ ખુશ થઈ ગયો. અને ખુશ થયેલા તેણે શું કર્યું ? અને પરિણામ શું આવ્યું ? એનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*તદ્દિગરા કપિલોઽર્થાઽર્થી, સાધૂનામંતિકે યયૌ ।*
*અભ્યવંદત તાન્ સાધૂન્ ધર્મં તેભ્યોઽશૃણોચ્ચ સઃ ॥૧॥*
*તતઃ સ લઘુકર્મત્વાદ્વિશુદ્ધઃ શ્રાવકોઽભવત્ ।*
*ગત્વૌકો ધર્મમાખ્યાય, આર્યાં ચ શ્રાવિકાં વ્યધાત્ ॥૨॥*

"અર્થનો અર્થી કપિલ તે યક્ષિણીની વાણી દ્વારા સાધુઓની પાસે ગયો. સાધુઓની પાસે જઈને તેણે સાધુઓને અભિવંદન કર્યું અને સાધુઓની પાસે ધર્મને સાંભળ્યો ધર્મનું શ્રવણ કરવાથી લઘુકર્મી હોવાના કારણે તે બ્રાહ્મણ વિશુદ્ધ શ્રાવક થયો. વિશુદ્ધ શ્રાવક બનેલા તેણે ઘેર જઈને અને ધર્મને કહીને પોતાની ભાર્યાને પણ શ્રાવિકા બનાવી."

અર્થનો અર્થી હોવા છતાં અને અર્થની ખાતર સાધુઓ પાસે જવા છતાં, માત્ર એક જ વખતની ધર્મદેશનાથી કપિલ જે રીતે શ્રાવક બન્યો તે તેની લઘુકર્મીતાનો પ્રભાવ છે. આ રીતે કોઈ-કોઈ આત્માને વિપરીત ઉદ્દેશે કરવામાં આવેલા ધર્મથી પણ લઘુકર્મીતાના પ્રભાવે લાભ થઈ જાય છે અને કપિલ મિથ્યાદૃષ્ટિ હતો. એટલે ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ એમ જાણતો ન હતો. એ જ કારણે એ પૈસા માટે ધર્મ લેવાને સાધુઓ પાસે આવ્યો હતો અને લઘુકર્મિતાના પ્રભાવે ધર્મ પામી ગયો. પણ **આથી સમ્યગ્દૃષ્ટિ ગણાતા આત્માએ અર્થ માટે પણ ધર્મ કરાય એમ ન માનવું જોઈએ કારણકે એમ માનનાર આત્મા ધર્મ પામવાને બદલે પામેલા ધર્મને પણ હારી જાય છે. એટલું જ નહિ પણ એ વસ્તુ સમ્યક્ત્વને દૂષિત કરનાર નહિ માનીને રસપૂર્વક અથવા આગ્રહ પૂર્વક કરનાર, કરાવનાર અને અનુમોદનાર વિપરીત ફળને પામનારો થાય છે.**

## સુગુરુઓની ધર્મદેશનાનો પ્રતાપ

**સભા :** આ કપિલને સુગુરુ મળવાને બદલે કુગુરુ મળ્યા હોત તો શું થાત ?

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન આવે પ્રસંગે અવશ્ય થવો જ જોઈતો હતો અને એનો ઉત્તર એ છે કે, જો કુગુરુ મળ્યા હોત તો કપિલ વિશુદ્ધ શ્રાવક ન જ બની શકત, એટલું જ નહિ પણ પોતાના મિથ્યાત્વમાં ગાઢ બન્યો હોત.

કપિલનો પરમ પુણ્યોદય કે જેથી એને સુગુરુઓ મળ્યા સુગુરુઓની ધર્મદેશનાના પ્રતાપે તેનામાં ભરાઈ બેઠેલું મિથ્યાત્વ ચાલ્યું ગયું. અને સમ્યક્ત્વપૂર્વકનું સુશ્રાવકપણું આવી ગયું એક અર્થના જ અર્થીપણાથી આવેલ આત્માને પરમશ્રાવક બનાવી દેવો એ સદ્ગુરુની વાણીનો પ્રભાવ તો ખરો જ. સદ્ગુરુઓની વાણી, પરમ વીતરાગ શ્રી જિનેશ્વરદેવના વચનને અનુસરનારી હોઈ ધર્મરસનું જ પાન કરાવનારી હોય છે. એવી વાણી અને પોતાની લઘુકર્મીતા એ ઉભયનો યોગ થવાથી કપિલ ગાઢ મિથ્યાદૃષ્ટિ મટીને સુવિશુદ્ધ શ્રાવક બન્યો. એટલું જ નહિ પણ એણે પોતે ઘેર આવીને પોતાની પત્નીને પણ ધર્મના કથનથી સુશ્રાવિકા બનાવી.

પરમ શ્રાવક બનેલ એ ઉભય દંપતી જન્મથી આરંભીને દરિદ્રતાથી દગ્ધ થયેલાં હતાં. એ કારણથી તે બંનેય શ્રી રામચંદ્રજી પાસેથી ધનને માગવા માટે રામપુરી આવ્યા. રામપુરીમાં આવીને તે દંપતીએ પૂર્વદ્વારે રહેલાં તે શ્રીજિનમંદિરમાં જઈને તે મંદિરમાં બિરાજતી શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાને હૃદયની ભાવના અને વાણીથી સ્તવન કરવાપૂર્વક નમસ્કાર કર્યા.

આ નમસ્કાર કંઈ દૂષિત નથી. આ નમસ્કાર તો હૃદયની ભક્તિથી ભરપૂર હોઈ આત્મકલ્યાણ માટે જ હતા. નામના શ્રાવક માટે પણ શ્રી રામચંદ્રજીનો રાજમહેલ ખુલ્લો હતો. તો પછી સાચા શ્રાવક માટે ખુલ્લો હોય એમાં તો પ્રશ્ન જ શો ? શ્રાવકો માટે સદાય ખુલ્લા એવા શ્રી રામચંદ્રજીના મહેલમાં એ ઉભયે પ્રવેશ કર્યો.એ મહેલમાં પ્રવેશ કર્યા પછી કપિલ બ્રાહ્મણને શું થયું ? એનું વર્ણન

કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*राजवेश्म प्रविश्याथ, मैथिलीरामलक्ष्मणान् ।*
*उपलक्ष्य बिभायोच्चै - र्दत्ताक्रोशान्, द्विजः स्मरन् ॥*

"શ્રી જિનમંદિરનાં દર્શન કર્યા પછી રાજમહેલમાં પેસીને અને શ્રી સીતાજી, શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીને ઓળખીને, પોતે કરેલા આક્રોશોનું સ્મરણ કરતો કપિલ નામનો બ્રાહ્મણ ખૂબ જ ડર્યો."

ખરેખર, નિષ્કારણ કરેલો અપરાધ આત્માને ડરાવ્યા વિના રહેતો જ નથી. પોતાને ત્યાં પોતાની પત્નીના આગ્રહથી અતિથિપણાનો ઉપભોગ કરતા આત્માઓ ઉપર, કોઈપણ જાતનો વિચાર કર્યા વિના જ આક્રોશો કરવા, એ કંઈ નાનોસૂનો અપરાધ નથી, એ જ કારણે એ અપરાધનું સ્મરણ થવાની સાથે જ કપિલ એકદમ ગભરાઈ ગયો.

કપિલ રાજમહેલમાં પેઠો તો ખરો પણ પેસતાંની સાથે શ્રી રામચંદ્રજી આદિ ત્રણેય, જે પોતાને ત્યાં અતિથિ તરીકે આવ્યાં હતાં અને જેની ઉપર પોતે વિના કારણ આક્રોશો કર્યા હતા તેઓ જોવામાં આવ્યા. તેઓને જોતાંની સાથે જ પોતે કરેલા તેઓની ઉપરના આક્રોશોનું સ્મરણ થયું અને એથી એ ખૂબ જ ગભરાયો.

એ ગભરામણના યોગે એને ભાગવાનું મન થયું પણ રાજમહેલમાંથી ભાગવું સહેલું નથી હોતું. વિચારો કે આથી એની દશા કેવી દયાપાત્ર બની ગઈ હશે ?

**સભા :** ઘણી જ ભયંકર.

### અનુપમ દયા અને ઉદારતા

કપિલની એવી દશા જોઈને દયાળુ એવા શ્રી લક્ષ્મણજીએ નાસી છૂટવાના મનવાળો બનેલા તેને આશ્વાસન આપતાં કહ્યું કે,

*'मा भैषी द्विजार्थी चेद्देहार्थं प्रार्थयस्व तत् ।'*

'હે બ્રાહ્મણ ! તું ડર નહીં જો તું અર્થી હો તો આવ, અને તારી ઇચ્છા મુજબના અર્થને તું માંગ.'

વિચારો કે દયાળુઓની દયાળુતા અને ઉદારોની ઉદારતા કેવી અનુપમ હોય છે ! આવી દયાળુતા અને આવી ઉદારતા ગમે તેવા આત્મામાં પણ ધાર્યું પરિવર્તન કરે એમાં આશ્ચર્ય પણ શું છે ? આંગણે આવનારાઓને ધમકાવીને કાઢનારાઓએ આ પ્રસંગ ખૂબ જ વિચારવા યોગ્ય છે. આંગણે આવેલાને આવું આશ્વાસન ત્યારે જ આપી શકાય તેમ છે કે જ્યારે હૃદયમાં સાચી દયાળુતા અને સાચી ઉદારતા જન્મ પામે. સાચી દયાળુતા અને ઉદારતા આવ્યા વિના આવું આશ્વાસન આપવા જેવું હૃદય બની શકતું જ નથી. ધન્ય હો આવા ઉદાર અને દયાળુ આત્માઓને ! કારણકે આવા દયાળુઓ અને ઉદારચિત્ત આત્માઓ પ્રભુશાસનને ખૂબ જ ઉજાળે છે. પ્રભુશાસનની સુંદરમાં સુંદર પ્રભાવના આવા જ આત્માઓથી શક્ય છે.

શ્રી લક્ષ્મણજીની દયાળુતા અને ઉદારતાથી ભરેલા આશ્વાસનથી કપિલની ભીતિ જ ભાગી ગઈ. નાસી છૂટવાની મનોવૃત્તિવાળો બની ગયેલો કપિલ એકદમ શાંત અને સ્થિર થઈ ગયો. એના હૃદયમાં ખાત્રી થઈ ગઈ કે મારા જેવા અપકારીને પણ આ સ્થાનમાં ભય નથી.

આવા પ્રકારની ખાત્રી થવાથી કપિલે શું કર્યું,

*ततोऽपशंकः कपिलो, गत्वा रामाय चाशिषम् ।*
*दत्वोपाविशदग्रेच, गुह्यकैरर्पितासने ॥१॥*

"શંકારહિત બની ગયેલ તે કપિલ, શ્રી રામચંદ્રજીની પાસે જઈને શ્રી રામચંદ્રજીને આશીર્વાદ આપીને આગળ યક્ષોએ આપેલ આસન ઉપર બેઠો.

આવેલો બ્રાહ્મણ કોણ છે અને ક્યાંથી આવેલો છે ? એ જાણવા શ્રી રામચંદ્રજીએ પોતાની સામે આવીને બેઠેલા કપિલને કોમળ શબ્દોમાં પ્રશ્ન કર્યો કે,

*'कुतस्त्वमागतोऽसि'*

'તું ક્યાંથી આવેલો છે ?'

આ પ્રમાણે શ્રી રામચંદ્રજી દ્વારા પૂછાયેલા તે કપિલે પોતાના અપરાધનો એકરાર કરતાં ઉત્તરને આપતાં કહ્યું કે,

X X X X X X X X ।
*किं मां न वेत्सि तं विप्र - मरुणग्रामवासिनम् ॥१॥*
*यूयं येनातिथिभूता, अपि दुर्वचसा मया ।*
*आक्रुष्टामोचितोऽस्म्यस्मादयुष्माभिश्च कृपापरैः ॥२॥*

"મારે ત્યાં અતિથિરૂપ થઈને આવેલા એવા પણ આપની ઉપર દુર્વચન દ્વારા જે મેં આક્રોશ કર્યો હતો અને એ આક્રોશના યોગે રોષાયમાન્ થયેલા (શ્રી લક્ષ્મણજીથી), કૃપામાં જ તત્પર એવા આપે મને મૂકાવ્યો હતો. એ અરૂણ ગામવાસી એવા બ્રાહ્મણને આપ શું નથી જાણતાં ?'

નિર્ભયતા એ આત્માને સત્યભાષી બનાવે છે. એનું આ અનુપમ ઉદાહરણ છે. દેખતાંની સાથે ભયભીત બનવાથી નાસી છૂટવાની ઈચ્છાવાળો બની ગયેલો કપિલ આશ્વાસનના યોગે નિર્ભય બનવાથી આ રીતે પોતાના અપરાધનો સ્પષ્ટ શબ્દોમાં એકરાર કરે છે. ગુનેગારને પણ ભયભીત બનાવવો એ ઈરાદાપૂર્વક તેને અસત્ય બોલાવવાનો પાઠ આપવા બરાબર છે. છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર છે અને ભૂલ કરનારને અગર ભૂલ કરી ચૂકેલાને ભૂલથી બચાવવો એ ઉપકારીનો ધર્મ છે.

કપિલ જેમ નિ:શંક થઈને શ્રી રામચંદ્રજી પાસે જઈને બેઠો, તેમ તે બ્રાહ્મણની સુશર્મા નામની પત્ની કે જેણે પોતાને ઘેર અતિથિ તરીકે આવી પહોંચેલ શ્રી રામચંદ્રજી આદિનો સુંદરમાં સુંદર સત્કાર કર્યો હતો. તે શ્રીમતી સીતાજી પાસે કંઈ રીતે બેઠી તેનું વર્ણન કરતાં કહ્યું છે કે-

*सुशर्मा ब्राह्मणी सापि, प्राग्वृत्ताख्यानपूर्वकम् ।*
*गत्वोपसीतं दीनास्या-प्रदत्ताशीरुपाविशत् ॥१॥*

"આપ્યો છે આશિર્વાદ જેણે એવી અને દીનમુખીવાળી સુશર્મા નામની બ્રાહ્મણી પણ, પૂર્વના વૃતાન્તને કહેવાપૂર્વક જઈને શ્રીમતી સીતાજીની પાસે બેઠી."

### મહાપુરુષોનાં હૃદયની દિલાવરતા

કપિલે પોતાની ઓળખાણ એવી રીતે આપી કે જેથી શ્રી રામચંદ્રજીના ધ્યાનમાં એની સઘળીએ દરિદ્રતા આવી ગઈ. એની દરિદ્રતા ધ્યાનમાં આવતાંની સાથે જ શ્રી રામચંદ્રજી અપકારી પ્રત્યે

ઉદારતા દર્શાવવા સજ્જ થઈ ગયા. કારમું અપમાન કરનાર પ્રત્યે પણ આ દશા આવવી એ સહજ નથી. પણ મહાપુરુષો માટે આ દશા તદ્દન સહજ છે.

એટલે જ

*तत स विप्रो द्रविणैः, कृतार्थीकृत्य भूरिभिः ।*

*राघवेण विसृष्टः सन्, स्वग्राममगमत् पुनः ॥१॥*

શ્રી રામચંદ્રજીએ તે દંપતીની સ્થિતિનું સ્મરણ થયા પછી તરત જ તે બ્રાહ્મણને ઘણા દ્રવ્યના પ્રદાનથી કૃતાર્થ કરી દઈને વિસર્જન કર્યો. એ રીતે વિસર્જન કરાયેલો તે બ્રાહ્મણ પુનઃ પોતાના ગામ પ્રત્યે ચાલ્યો ગયો.

વિચારો કે મહાપુરુષોની મહાપુરુષતા કેવી હોય છે ! મહાપુરુષોનું હૃદય સદાયને માટે દિલાવર હોય છે. એવા આત્માઓના હૃદયમાં અપકારી પ્રત્યે પણ અપકાર કરવા જેવી ક્ષુદ્રતા હોતી જ નથી. મહાપુરુષો એવી ક્ષુદ્રતાના તો વૈરી જ હોય છે. મહાપુરુષોનું હૃદય તો અપકારીઓ ઉપર પણ હંમેશા ઉપકાર કરવાને સજ્જ હોય છે. પોતા ઉપર આક્રોશ કરનાર બ્રાહ્મણને પણ શ્રી રામચંદ્રજીએ એવું અને એટલું દાન દીધું કે જેથી તે કૃતાર્થ બની ગયો અને આનંદપૂર્વક પોતાના ગામમાં પહોંચી ગયો.

ઉત્તમ આત્માને આપેલું દાન ઉત્તમ પરિણામ જ આપે છે. એનું આ કપિલ એક અનુપમ ઉદાહરણરૂપ છે. પ્રભુના શાસને અને પ્રભુશાસનના અનુયાયીઓની દશાએ કપિલના અંતરમાં ઘણી જ સુંદર અસર નિપજાવી હતી.

એ અસરના પ્રતાપે તે કપિલ બ્રાહ્મણે શું કર્યું ? એનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

***प्रबुद्धो ब्राह्मणः सोऽपि, दत्वा दानं यथारुचि ।***

***नंद्यावतंससूरिणा-मन्तिके व्रतमग्रहीत् ॥***

"તે પ્રબુદ્ધ બનેલા કપિલ નામના બ્રાહ્મણે પણ રુચિ પ્રમાણે દાન દઈને શ્રી નંદ્યવતંસ નામના સૂરિ મહારાજાની પાસે દીક્ષા ગ્રહણ કરી"

ઉત્તમ પાત્રમાં પડેલું દાન કેવું સુંદર પરિણામ આપનારું થાય છે ? એ વસ્તુ આ પ્રસંગ આપણને સારી રીતે સમજાવે છે.

### સુપાત્ર દાનનું સુંદર પરિણામ

કપિલની દીક્ષા એ સુપાત્ર દાનનું સુપરિણામ છે. એમ પણ આપણે કહેવા ધારીએ તો કહી શકીએ છીએ. ખરેખર, ધર્મ પામેલો આત્મા વાસ્તવિક રીતે તો અર્થી જ ન હોય. ધર્મરસિક આત્મા સંસારનો પરિત્યાગ ન કરી શકે તેમ હોય તો તેના અંતરમાં આજીવિકા જેટલા સાધનની અપેક્ષા હોય એ સહજ છે. આથી સ્પષ્ટ થાય છે કે ધર્મી આત્મા દુનિયાની સહાય માંગે નહી અને કદી એને માંગવી પડે તો પણ એની ભાવના ધર્મસંરક્ષણ પૂરતી જ હોય. આ રીતની લેનારની તથા આપનારની ભાવના ઊંચી હોય, તો પરિણામ સારું આવ્યા વિના રહે જ નહિ એ સુનિશ્ચિત છે.

આ સુંદર પરિણામ લાવવા માટે વિવેકની આવશ્યકતા છે. પ્રભુશાસનના સર્વવિરતિધર એ પહેલા નંબરના સુપાત્ર છે. દેશવિરતિધર એ મધ્યમપાત્ર છે અને સમ્યગ્દૃષ્ટિ એ જઘન્ય પાત્ર છે. સુપાત્ર દાન તેવું ન હોય કે જેના પરિણામે મુક્તિ ન હોય. સમજવા છતાં પણ પૌદ્‌ગલિક ભાવનામાં લીન થઈ, મુનિને સુપાત્રને બદલે બીજીબુદ્ધિએ દાન દેનાર આત્મા આરાધક થવાને બદલે વિરાધક બને છે. **શ્રી જૈનશાસનમાં સંસારના રસીયા એ સુપાત્ર નથી. સુપાત્ર તે કે જેણે સંસારનો ત્યાગ કર્યો છે અથવા દેશથી ત્યાગ કર્યો છે. અથવા તજવાની ઈચ્છાવાળા છે. આ સિવાય બધું કુપાત્ર છે.** સંસારમાં આગળ વધવાની લાલસાએ જ ધર્મ કરનાર એ વાસ્તવિક શ્રાવક નહિ એ રીતે નાણાનો વ્યય કરવાનો ઉપદેશ દેનાર પણ કુઉપદેશક છે, કારણકે તે પ્રભુશાસનને અનુસરતો ઉપદેશક નથી.

**સભા :** આપ જ્યારે સાધુને સુપાત્રમાં પણ ઉત્તમ સુપાત્ર તરીકે ફરમાવો છો ત્યારે આજના કેટલાક જૈનો સાધુને રોટલો આપવો એ પણ નાણાનો દુર્વ્યય કહે છે એનું શું ?

**પૂજ્યશ્રી :** એવાઓ જો કુસાધુઓ કે જેઓ આજ્ઞા વિરુદ્ધ ઉપદેશ અને વર્તન દ્વારા સ્વ-પરના હિતનો સંહાર કરી રહ્યા હોય, તેઓ માટે એ પ્રમાણે કહેતા હોય તો એ કાંઈ અવાસ્તવિક નથી.

**સભા :** સાહેબ ! એમ નથી, પણ એઓ તરફથી તો સાધુ માત્રને માટે કહેવામાં આવે છે.

**પૂજ્યશ્રી :** સાધુ માત્ર માટે એમ કહેનાર એ જૈન નથી. એટલું તો નહિ પણ સભ્ય ઈતર પણ નથી કેમકે એવા ઈતર પણ એમ નથી કહેતા. એથી સ્પષ્ટ છે કે એમ કહેનારા એ કોક 'ઈદંતૃતીયમ્' જ છે. આથી કેવળ, વેષધારીઓને માનવાનું પ્રતિપાદન કરવામાં નથી જ આવતું. કારણકે વેષ માનશો અને આચારની ઉપેક્ષા કરશો તે શાસનમાં ભાંડ અને ભવૈયા ભળશે અને વધશે. આ વસ્તુ સમજવા માટે એક પ્રસંગ જરૂર જાણવા જેવો છે.

એક વૃદ્ધ શ્રાવિકાએ, માસક્ષમણવાળા એક મહામુનિને પોતાને ઘેર પોતા માટે તૈયાર કરેલી ઘેંસ જેવી વસ્તુથી પ્રતિલાભ્યા. પાત્ર ઉત્તમ હતું અને શ્રાવિકાના ભાવ અનુપમ હતા તથા દેય વસ્તુ પણ નિર્દોષ હતી. એ ઉત્તમ સંયોગના યોગે ત્યાં રહેલા શાસનસેવક દેવતાએ સોનૈયાની વૃષ્ટિ કરી. અને ***'अहो दानं अहो दानं'*** ઉદ્‌ઘોષણા કરી. આ બનાવ એક વેશ્યાએ તથા એક ભાંડે જોયો. વેશ્યાએ વિચાર્યું કે આવા મુનિને આપવાથી સૌનેયા મળે. અને ભાંડે વિચાર્યું કે આવા વેષથી માલ મળે. વેશ્યા સોનૈયાની અર્થી બની અને ભાંડ મિષ્ટાનનો અર્થી બન્યો. વેશ્યાએ કેસરીયા મોદક તૈયાર કરાવ્યા. કારણકે એને તો સોનૈયા એના બદલામાં સોનૈયા જોઈતા હતા અને ઈષ્ટ આહારના અર્થી ભાંડે મુનિનાં કપડાં પહેર્યાં, મોટા પાત્રાં લીધાં અને ગામમાં ચાલ્યો. વેશ્યા રાહ જોતી જ બેઠી હતી. સાધુવેષે ધબ-ધબ ધસ્યા આવતા ભાંડ મુનિને જ તેણે પધારો કહી આમંત્રણ કર્યું. કારણકે એને કંઈ મુનિચર્યા જોવી ન હતી અને પેલો તો ભાંડ હતો એટલે ક્યાં જવાય ? અને ક્યાં ન જવાય ? એ એને

ક્યાં જોવું હતું ? એ તો ઘૂસ્યો એ વેશ્યાના ઘરમાં અને વેશ્યાએ પણ મોદક વહોરાવવા માંડ્યા. સોનૈયાની અર્થી વેશ્યા વહોરાવતી જાય અને ઊંચે ભાળતી જાય એથી ભાંડે વિચાર્યું કે, 'જેવો હું છું તેવી જ આ લાગે છે.' આથી ભાંડે ઉંચુ ભાળવાનું કારણ પૂછ્યું અને વેશ્યાએ પણ પોતાના હૃદયમાં જે હતું એ કહ્યું.

આથી ઉદ્વિગ્ન બનેલા ભાંડે વેશ્યાને ઉદ્દેશીને કહ્યું કે,

**"વો સાધુ વો શ્રાવિકા, થેં વેશ્યા મેં ભાંડ,**
**આથી નીચું ભાળ, નહિ તો જો કોઈ દેવ કોપશે તો,**
**થારા મારા ભાગ્યથી, પત્થર પડશે રાંડ."**

આ પ્રસંગ ઉપરથી સમજી શકાશે કે એકલા વેષને જ જોનારા અને વેષમાં રહેલા શાસનથી વિરુદ્ધ છે. એમ જાણવા છતાં પણ તેનાથી નહિ બચનારા, ઉન્માર્ગીઓને પોષણ આપનારાં બને છે.

બાકી સુપાત્ર દાનનો નિષેધ, સામાન્ય જૈન કે સભ્ય ઈતર પણ નથી કરતા. એથી એ કરનારા કોઈ 'ઈદં તૃતીયમ્' જ છે. અને એવા દુનિયાને ભારભૂત પામરોનાં વચનોને વજન આપવાની કશી જ આવશ્યકતા નથી. જે આત્માઓને પોતાની જાતિ અને કુળ આદિનું પણ ભાન નથી. એવા આત્માઓ જે-જે અનુચિત *આચરણાઓ ન આચરે એ ઓછી જ છે.*

### ભક્તિ કરનાર હંમેશા સેવક બનીને રહે

સુપાત્ર દાનના પ્રતાપે સ્વ-પર ઉભયનું શ્રેય અવશ્ય થાય છે. એ જ કારણે ધર્મરસિક આત્માઓ સુપાત્ર દાન માટે સદાય સજ્જ છે. શ્રી રામચંદ્રજીએ રામપુરીમાં સુપાત્ર દાનની રેલ વહેવરાવી. સુપાત્ર દાનનો દાતા અનુકમ્પા દાનમાં પણ કમીના રાખનાર ન જ હોય. મહાપુરુષને છાજતી રીતે શ્રી રામચંદ્રજીએ રામપુરીમાં વર્ષાઋતુ પૂર્ણ કરી. વર્ષાઋતુ પૂર્ણ થયા બાદ શ્રી રામચંદ્રજી ત્યાંથી જવાની ઈચ્છા-વાળા બન્યા. શ્રી રામચંદ્રજીને જવાની ઈચ્છાવાળા જોઈને ગોકર્ણ નામના તે યક્ષે અંજલિ યોજવા પૂર્વક વિનયથી વિનવતાં એ પ્રમાણે કહ્યું કે,

*X X X X X X X X X X ।*
*यद्यतो यास्यसि स्वामिंस्तत्प्रसीद क्षमस्व मे ॥१॥*
*यद्भक्तिस्खलितं किंचिन्मनागप्यभवत्त्वयि ।*
*तवानुरूपां कः पूजां - कर्तुमीशो महाभुज ! ॥२॥*

'હે સ્વામિન્ ! આપ તો અહીંથી જવાને ઇચ્છો છો, તો મારી ઉપર પ્રસન્ન થાઓ અને આપની ભક્તિ કરવામાં મારાથી સહજ પણ જે કાંઈ સ્ખલના થઈ હોય તેની આપ ક્ષમા આપો. બાકી હે મહાભુજ ! આપને યોગ્ય એવી આપની પૂજા કરવાને કોણ સમર્થ છે ? અર્થાત્ કોઈ જ નથી. એ જ કારણથી મારા જેવા તરફથી આપની ભક્તિ કરવામાં જે કાંઈ સ્ખલના થઈ હોય તેની આપ ક્ષમા આપો. અને મારી ઉપર પ્રસન્ન થાઓ."

એ પ્રમાણે કહીને તે યક્ષે

*X X X X X X X X X X ।*
*इत्युक्त्वाऽदत्त रामाय हारं नाम्ना स्वयंप्रभम् ॥१॥*
*सौमित्रये च ताडंके, दिव्यरत्नविनिर्मिते ।*
*चुडामणिं च सीतायै वीणां चेप्सितनादिनीम् ॥२॥*

"શ્રી રામચંદ્રજીને સ્વયંપ્રભ નામનો હાર સમર્પ્યો. શ્રી લક્ષ્મણજીને દિવ્ય રત્નોથી બનાવેલાં બે કુંડળો સમર્પ્યા અને સીતાજીને મુકુટ તથા ઇચ્છિત નાદને કરનારી વીણા એ બે વસ્તુઓ સમર્પી."

પુણ્યશાળી આત્માઓ જ્યાં જાય ત્યાં એમને બધું જ આવી મળે છે. અને એ વાત આપણે જોઈ ગયા. ભયંકર અરણ્યમાં આવી વડવૃક્ષ નીચે ચોમાસું કરવાનાં નિર્ણય પર આવેલા શ્રી રામચંદ્રજી માટે ગોકર્ણ નામના યક્ષે રામપુરી નામની નગરી બનાવી ચારે માસ ભક્તિ કરી તમામ સામગ્રી પૂરી પાડી જતી વખતે પોતાની ભક્તિમાં થયેલી સ્ખલના માટે માફી માંગી અને છેલ્લે છેલ્લે હાર આદિ દિવ્ય વસ્તુઓની ભેટ પણ કરી. આનું નામ ભક્તિ. જેની ભક્તિ કરવાની હોય તેને આધીન જ રહેવાનું હોય.

**જેની ભક્તિ કરવાની તેને પોતાને આધીન રાખવાની મનોવૃત્તિવાળા કદી જ ભક્તિ કરી શકતા નથી.** ભક્તિ કરનાર

તો જેની પોતાને ભક્તિ કરવી હોય તેનો તે સેવક બને, કિંકર બને અને તેની સામે તે હાથ જોડીને જ ઊભો રહે. જેની ભક્તિ કરવી હોય, તેની પરીક્ષા કરવી હોય તો પહેલાં કરો, પણ પરીક્ષા પછી ભક્તિનો નિર્ણય થાય તો એની સામે માથું ઉંચુ ન થાય. દેવ, ગુરુ અને ધર્મ નક્કી થયા પછી એનાથી વિપરીત વર્તન ન જ થાય.

શ્રી વીતરાગ પરમાત્માને દેવ માન્યા પછી એ તારકની વીતરાગતા સામે હલ્લો ન હોય. નિર્ગ્રંથ અને ત્યાગી ગુરુ માન્યા પછી એ તારકના ત્યાગ સામે પણ અણગમો ન હોય અને ધર્મને દુર્ગતિથી બચાવનાર માન્યા પછી ધર્મક્રિયા માટે ટીકા-ટિપ્પણ પણ ન હોય.

પણ આજના કેટલાક તો કહે છે કે દેવ ખરા, ગુરુ ખરા, અને ધર્મ પણ ખરો, પણ તેઓ વાતે-વાતે પાપની વાત કરે તે કેમ જ નભે ? આવો તે ધર્મ કહેવાય ? ગુરુને તો એક જ ધંધો આવાએ તો દેશનિકાલ થવું સારું, મહાવીર દેવ ખરા, સાધુ ત્યાગી ખરા, ધર્મ મજેનો, પણ વાતવાતમાં પાપ બતાવે એ કેમ નભે ? અમે ખાઈએ એમાં પાપ બતાવે, અમે હોટલમાં જઈએ ત્યાં પાપ બતાવે, અમે નાટક-ચેટક સીનેમામાં જઈએ ત્યાં પાપ બતાવે. વાસી, દ્વિદળ અને કંદમૂળ ખાઈએ તો પણ પાપ બતાવે હવે અમે શું કરીએ ? આ પ્રમાણે કહેનારાઓની દશા ખરેખર જ અનુપદેશ્ય છે.

આ કહેવાનો આશય એટલો જ છે કે દેવ-ગુરુને માનવા અને એ તારકોની આજ્ઞા સામે બળવો કરવો એ યોગ્ય નથી. બાકી *સમજવા માટે શંકા કરવાની મના નથી જ. શંકા પડે તો બોલવાની જરૂર છૂટ છે. માટે બહાર જઈને કહેતાં નહિ કે ડુચા મારી મનાવે છે.* કારણકે એ રીતે એવું મનાવવાનો અમારો આગ્રહ જ નથી. અને એ રીતે મનાવવામાં ફાયદો પણ નથી. સમજવા માટે શંકા તથા તર્ક ન કરવાનો અહીં કાયદો જ નથી. અહીં તો સંપૂર્ણ છૂટ છે. શ્રી જૈનશાસનનો સ્વાધ્યાય પણ પાંચ પ્રકારનો છે. એમાં પણ બીજા પ્રકારનો સ્વાધ્યાય 'પૃચ્છા' નામનો છે. એટલે વસ્તુને સમજવા માટે પૂછવાની ના હોય જ નહિ. અનંતજ્ઞાનીઓના વચનમાં શ્રદ્ધા

અવિચળ રાખીને, સમજવા માટે એક નહિ પણ એક લાખ શંકાઓ કરી શકાય છે, પણ એવો સેવક ભાવ આવવો જોઈએ સાચો સેવકભાવ આવે તો સાચી ભક્તિ થવી એ શક્ય છે.

**શ્રી રામચંદ્રજીનું પ્રયાણ અને નગરીનો ઉપસંહાર**

મહિનાઓ સુધી ખડેપગે ભક્તિ કરનાર અને ભક્તિમાં સ્ખલના થઈ હોય તેની ક્ષમા માંગી, પ્રસન્નતાની યાચના કરનાર તથા છેલ્લે પણ ઉત્તમ વસ્તુઓની ભેટ કરનાર, યક્ષની સેવાભાવના માટે સજ્જનના હૃદયમાં જરૂર સન્માન પ્રગટ થાય જ.. એ સન્માનના યોગે શ્રી રામચંદ્રજીએ તે ગોકર્ણ નામના યક્ષરાજનું સન્માન કરીને પોતાની ઈચ્છા મુજબ તે નગરીથી પ્રયાણ કર્યું. જે પુણ્યશાળી માટે નગરી બનાવી હતી, તે પુણ્યપુરુષે પ્રયાણ કરવાથી, તે યક્ષે પણ પોતે બનાવેલી તે રામપુરી નગરીનો ઉપસંહાર કરી લીધો.

આથી સમજાશે કે પુણ્યશાળીઓ માટે ઋદ્ધિઓ અને સિદ્ધિઓ છે. તથા દેવો પણ પુણ્યશાળીઓની જ પરિચર્યા માટે સજ્જ છે.



# વિજયપુર પરિસર : વનમાલા : શપથગ્રહણ

## ૪

શ્રી રામચન્દ્રજી આદિ ઉપસંહાર પામેલી રામપુરીથી પ્રયાણ કરતાં વિજયપુરના પરિસરના ઉદ્યાનમાં એક વિશાળ વટવૃક્ષની નીચે આવીને રાત્રિવાસ રહ્યા તે રાતે રાજકુમારી વનમાલાની અકલ્પ્ય ઘટનાના સાક્ષી બનવાનું અને રક્ષક બનવાનું શ્રી **રામ-સીતા**ના રક્ષક શ્રી **લક્ષ્મણજી**ના શિરે આવ્યું.

આત્મઘાત કરવા તૈયાર થયેલી વનમાલા સહિત પ્રાતઃકાળે શ્રી રામચન્દ્રજી આદિનો નગરપ્રવેશ થયો. શ્રી રામની આજ્ઞાથી શ્રી લક્ષ્મણજીએ વનમાલાને સ્વીકારવાની સંમતિ આપી. તે દરમ્યાનમાં અયોધ્યાપતિ શ્રી ભરતની સામે યુદ્ધે ચઢનાર અતિવીર્યરાજાની આશ્ચર્યરુપ ઘટના અને તેમનો વૈરાગ્ય નોંધપાત્ર છે.

છેલ્લે વિજયપુરથી પ્રયાણ પૂર્વે સાથે આવવાના આગ્રહવાળી વનમાલાને શ્રી લક્ષ્મણજીએ સમજાવી પણ તેણે આપ જો મને ભૂલી જાવ તો 'રાત્રિભોજન કરનાર પાપીઓનું પાપ લાગે' એવા શપથ શ્રી લક્ષ્મણજીને કરવા કહ્યું ને શ્રી લક્ષ્મણજીએ કર્યા.. જે રાત્રિભોજનની ભયંકરતા સમજાવવા ઉપયોગી દૃષ્ટાંત છે.

-શ્રી

## વિજયપુર પરિસર, વનમાલા, શપથગ્રહણ

- ★ આજે તમારા સંસારની શી દશા છે ?
- ★ ઉત્તમ પ્રકારની મર્યાદાઓ કેમ નાશ પામી ?
- ★ સુધારાના નામે સંસ્કૃતિનો સંહાર
- ★ આજે તો ઉત્તમ પ્રકારની મર્યાદા નાશ પામી રહી છે.
- ★ પુણ્યશાળીઓનું જાગતું પુણ્ય
- ★ સત્તાનો મોહ અને તેનું ગુમાન આત્માને પાડે છે
- ★ શ્રી રામચંદ્રજી નંદ્યાવર્તપુરના ઉદ્યાનમાં
- ★ દેવતા સહાય કરવા આવે છે
- ★ અતિવીર્યના અહંકારની અંધતા
- ★ અતિવીર્ય રાજા વૈરાગ્યવાસિત બન્યા
- ★ દેવ-ગુરુ તથા ધર્મ પ્રત્યે અવિહડ રાગ કેળવો
- ★ પ્રશસ્તદશા કેળવવાની જરુર
- ★ શ્રી લક્ષ્મણજી કર્તવ્યભ્રષ્ટ થતા નથી
- ★ રાત્રિભોજન એ મહા અનર્થ કરે છે



# ૪

## વિજયપુર પરિસર, વનમાલા, શપથગ્રહણ

### આજે તમારા સંસારની શી દશા છે ?

ત્યારબાદ શ્રી રામચંદ્રજી, શ્રી સીતાજી અને શ્રી લક્ષ્મણજીએ ચાલતાં ચાલતાં અનેક અરણ્યો ઉલ્લંઘ્યા. એમ કરતાં કરતાં તેઓ કેટલાક દિવસે સંધ્યાના સમયે વિજયપુર નામના નગરની નજદીક આવી પહોંચ્યા. નગરમાં નહિં જતાં તેઓએ બહારના ઉદ્યાનમાં દક્ષિણ દિશાએ આવેલા વડવૃક્ષ નીચે મુકામ કર્યો. આ વડવૃક્ષ પોતાની સુવિશાળતાને કારણે એક ગૃહ સમું ભાસતું હતું.

આખા દિવસની મુસાફરીથી શ્રમિત થયેલા શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજી એ વડવૃક્ષની નીચે સુઈ ગયા, જ્યારે શ્રી લક્ષ્મણજી તો ઉંઘતા એવા પોતાના વડિલ ભાઈ-ભાભીના પહેરેગીર બની જાગતા રહ્યા.

વિચારો કે ઉત્તમ કુળના સંસ્કાર અને શ્રી જિનશ્વરદેવના ધર્મની સુવાસ આત્માને સંસારમાં પણ કેવો ઉત્તમ જીવન જીવનાર બનાવે છે ! શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજીને શ્રમ લાગ્યો હશે અને શ્રી લક્ષ્મણજીને નહિ લાગ્યો હોય એમ પણ નહિ. શ્રી લક્ષ્મણજીને પોતાના કર્તવ્યનું બરાબર ભાન હતું. વડિલ ભ્રાતા પિતાની જેમ પૂજ્ય છે અને તેમનાં પત્ની માતાતુલ્ય પૂજ્ય છે. એ મર્યાદાને તેઓ બરાબર સમજતા હતા. એથી જ તેઓ જ્યારે શ્રી રામચંદ્રજી અને સીતાજી શ્રમ નિવારવા સુઈ ગયાં, ત્યારે પોતે પહેરગીર બનીને તે બંનેની જાગતા રહી રક્ષા કરી રહ્યા છે.

કહો, આજે તમારા સંસારની શી દશા છે ? મોટાભાઈ અને નાનાભાઈ વચ્ચે કેવો સંબંધ છે ? આજે તો ઠેર-ઠેર મોટા-નાના વચ્ચે હક્કની મારામારી ચાલી રહી છે. સૌ સામા પાસેથી ભલાઈની આશા રાખે છે. પણ પોતાને ભલાઈ આચરવી નથી. મોટો ક્હેશે કે, 'હું મોટો છું માટે બાપનું બધુ ખાવાનો હક્ક મારો છે. નાનો કહેશે કે 'હું નાનો છું માટે મોટા ભાઈની ફરજ છે કે, એણે ઘણું અમને આપી દેવું જોઈએ.' પણ જો મોટો એમ સમજે કે, ભલે એ ભોગવે, મારો નાનો ભાઈ છે ને ? અને નાનો એમ સમજે કે મારે તો વડિલ ભાઈની આજ્ઞા મુજબ જ વર્તવાનું હોય. તો આમ બને ખરું ? નહિ જ. પણ આજે તો ઉત્તમકુળની સઘળીય મર્યાદાઓ જાણે નષ્ટપ્રાય: થઈ ગઈ છે. અને ધર્મબુદ્ધિનાં તો ઠેકાણાંય નથી. એટલે જ ઠેર ઠેર ભાઈ-ભાઈ વચ્ચે કલેશ ને કંકાસની હોળીઓ સળગી રહી છે.

### ઉત્તમ પ્રકારની મર્યાદાઓ કેમ નાશ પામી ?

અહીં તમે પહેલાં સાંભળી ગયા છો કે ભાગવતી દીક્ષાના અર્થી શ્રી દશરથ રાજાને રાજ્ય આપતાં આપતાં દિવસો ના દિવસો વહી ગયા, પોતાને રાજ્યનો મોહ હતો એથી નહિ, પરંતુ કોઈ રાજ્યનું લોલુપ નહોતું માટે ! ભરત છેવટે પોતાની ગેરહાજરીમાં પણ રાજ્ય લે, એ માટે શ્રી રામચંદ્રજી વનમાં ચાલી નીકળ્યાં. પતિ સેવાપરાયણ શ્રીમતી સીતાદેવીએ પણ એમ ન જ કહ્યું કે, 'તમને આ રીતે ચાલી જવાનો હક્ક શો છે ? અથવા તો 'મારે સાહ્યબી ભોગવવી હોય તેનું શું ?' તેઓએ તો એક જ વિચાર્યું કે 'જ્યાં પતિ ત્યાં હું દુ:ખમાં કે સુખમાં જ્યાં એ ત્યાં હું.' એમની આજ્ઞા એ જ મારી ઈચ્છા. અને શ્રી રામચંદ્રજીએ વનવાસમાં સાથે આવવાનું નહિ કહેવા છતાં પણ પતિપદ્યનુગામિની સતી શ્રીમતી સીતાજી પણ પાછળથી ચાલી નીકળ્યાં. શ્રી લક્ષ્મણજીએ પણ વડિલ ભાઈ અને ભોજાઈની સેવા જ પસંદ કરી અને સાથે નીકળ્યાં. આ બધું શું સૂચવે છે ?

ખરેખર, જે કુટુંબમાં શ્રી જિનેશ્વરદેવનો ધર્મ પરિણમ્યો હોય છે, તે કુટુંબની દશા જ કોઈ જુદી હોય છે. શ્રી જિનેશ્વરદેવનાં શાસન

સિવાય અન્યત્ર આવા કુટંબ હોવાનું પ્રાયઃ સંભવતું જ નથી. જ્યાં સુધી સંસારની સઘળી ઋદ્ધિ-સિદ્ધિ તુચ્છ છે, ત્યાજ્ય છે, પાપાત્મક છે એમ ન સમજાય, ત્યાં સુધી ઉત્તમ મર્યાદાઓનું પાલન થઈ જ શકતું નથી. પૌદ્‌ગલિક વસ્તુનો રસ, પૌદ્‌ગલિક વસ્તુનો લોભ અને પૌદ્‌ગલિક વસ્તુઓની લાલસા જ આત્માને દરેક પ્રકારની ઉત્તમ મર્યાદાથી ભ્રષ્ટ કરે છે. જ્યારે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આવેલા આત્માઓમાં તથા પ્રકારના પૌદ્‌ગલિક રસ, લોભને લાલસા નહિ હોવાથી, તેઓ સઘળીયે ઉત્તમ મર્યાદાઓનું પાલન કરે છે અને સંસારમાં હોવા છતાં પણ યથાશક્ય આત્મકલ્યાણ સાધવા સાથે, પોતાનું જીવન ઇતર આત્માઓ માટે આદર્શરૂપ બનાવી શકે છે. અને એથી જ શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજી સૂઈ ગયા છે, ત્યારે શ્રી લક્ષ્મણજી પહેરો ભરી રહ્યા છે. એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી.

હવે એક તરફ જ્યારે અહીં શ્રી રામચંદ્રજી અને સીતાજી નિદ્રાધીન બન્યાં છે. અને શ્રી લક્ષ્મણજી પહેરો ભરી રહ્યાં છે, ત્યારે બીજી તરફ વિજયપુરમાં બીજી જ ઘટના બની રહી છે.

મહીધર એ વિજયપુરનો રાજા હતો ઇન્દ્રાણી નામે તેને પત્ની હતી અને વનમાલા નામની પુત્રી હતી. દૂર દૂર વસતા શ્રી લક્ષ્મણજીની ગુણસંપત્તિ અને રૂપસંપત્તિ વિષે વનમાલાએ જે સાંભળ્યું હતું, તેથી તેનાથી આકર્ષાએલી તેણે બાલ્યવયથી જ નક્કી કર્યું હતું અથવા બાલ્યવયથી જ તેની ઇચ્છા હતી કે, શ્રી લક્ષ્મણજી મારા વર હો ! અર્થાત્ શ્રી લક્ષ્મણજી સિવાય બીજા કોઈને પણ પરણવાને તે ઇચ્છતી નહોતી.

વનમાલાના પિતા મહીધર રાજા તેની એ ઇચ્છાને જાણતા હતા, પરંતુ જ્યારે તેણે સાંભળ્યું કે, શ્રી દશરથ રાજાએ દીક્ષા લીધી અને શ્રી રામચંદ્રજી તથા શ્રી લક્ષ્મણજી વનવાસે નીકળ્યા છે. ત્યારે તેમને બહુ ખેદ થયો અને પછી ખેદ પામેલા મહીધર રાજાએ, ચંદ્રનગરના વૃષભરાજાના પુત્ર સુરેન્દ્રરૂપની સાથે પોતાની પુત્રી

વનમાલાનો સંબંધ કર્યો. વનમાલાએ જ્યારે આ ખબર સાંભળી ત્યારે તેને ભારે દુ:ખ થયું. શ્રી લક્ષ્મણજી વિના અન્ય કોઈને તે વરવા ઇચ્છતી નહોતી એટલે તેણે આત્મઘાત કરવાનો નિશ્ચય કર્યો.

## સુધારાના નામે સંસ્કૃતિનો સંહાર

અહીં વિચારો કે વનમાલામાં કેટલી વિનીતતા છે. જો કે તેની આવી મોહની મૂંઝવણ અને તેના આત્મઘાતના નિશ્ચયની આપણે અનુમોદના કરતા નથી. પરંતુ આજે સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા સેવતી સ્ત્રીઓએ, કુમારિકાઓએ અને એવા સ્વચ્છંદતાને ઉત્તેજતા પુરુષોએ આ વિચારવાની ખાસ જરૂર છે. પોતે શ્રી લક્ષ્મણજીની ગુણસંપત્તિ અને રૂપ સંપત્તિથી આકર્ષાઈ. તેમના સિવાય અન્યને ઇચ્છતી નથી. અને તેના પિતાએ બીજે સંબંધ કર્યો એથી એ મરવા તૈયાર થાય છે. પરંતુ સ્વતંત્રતાને નામે તેના પિતા સામે લડવા તૈયાર થતી નથી. ખરી સ્વતંત્રતા ક્યાં છે ? આજે તો સ્વતંત્રતાના બહાના હેઠળ સ્વચ્છંદતાના સેવનારા અને સેવડાવનારાં મનથી વરેલો પતિ તો દૂર રહો પણ કાયાથી સ્વીકારેલા પતિ પ્રત્યે પણ બેવફા નિવડવામાં સુધારો માની રહ્યાં છે એટલું જ નહિ પરંતુ પૂર્વની સતીઓ જ્યારે મનોનિશ્ચિત પતિ સિવાય અન્યને ઇચ્છતી જ નહિ, ત્યારે આજે જાહેર રીતે સ્વીકારેલા પતિના મૃત્યુ બાદ બીજો પતિ કરવામાં નારીસ્વાતંત્ર્યને સમાજ પ્રગતિ મનાય છે. ખરેખર એવાઓ સુધારાના નામે આર્યસંસ્કૃતિનો સંહાર જ કરનારાઓ છે.

શ્રી લક્ષ્મણજી સિવાય અન્યને નહિ ઇચ્છતી વનમાલાનો ચંદ્રનગરના વૃષભરાજાના પુત્ર સુરેન્દ્રરૂપની સાથે તેના પિતા મહીધર રાજાએ સંબંધ જોડવાથી, આપણે જોઈ ગયા કે તેણે આત્મઘાતનો નિશ્ચય કર્યો અને દૈવયોગે જે રાત્રિએ અને જે ઉદ્યાનમાં શ્રી રામચંદ્રજી આદિનો મુકામ છે, ત્યાં તે જ રાત્રિએ વનમાલા આત્મઘાત કરવા માટે એકલી આવી પહોંચી. ઉદ્યાનમાં પ્રવેશ કરીને તેણે પહેલા વનદેવતાની પૂજા કરી, અને કહ્યું કે, 'જન્માંતરમાં પણ

શ્રી લક્ષ્મણજી મારા પતિ હો !' આ રીતે વનદેવતાની પૂજા કરીને, આત્મઘાત કરવા માટે આવી રહેલી વનમાલાને યામિક તરીકે પહેરો ભરી રહેલા શ્રી લક્ષ્મણજીએ જોઈ શ્રી લક્ષ્મણજી વિચારે છે કે, 'શું આ વનદેવતા હશે ? અથવા તો શું આ વડવૃક્ષની અધિષ્ઠાયિકા હશે ? કે પછી કોઈ યક્ષિણી હશે ?'

શ્રી લક્ષ્મણજી આમ વિચારી રહ્યા છે, ત્યાં તો વનમાલા વડવૃક્ષ ઉપર ચઢી ગઈ. શ્રી લક્ષ્મણજી તો હજુ આ શું કરે છે ? એ જ જોઈ રહ્યાં છે.

વડવૃક્ષની ઉપર ગયાબાદ વનમાલાએ શું કર્યું, એ દર્શાવતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*सा प्रोचे प्रांजलिर्भूत्वा, मातरो वनदेवताः ।*
*दिग्देव्यो वनदेव्यश्च, सर्वाः श्रृणुत मद्वचः ॥*
*नाभूदिह भवे तावन्, मम भर्त्ता स लक्ष्मणः ।*
*भूयाद्भवांतरे तर्हि, भक्तिस्तत्र ममास्ति चेत् ॥*

"પોતાનું મસ્તક નમાવી હાથ જોડવારૂપ અંજલિ કરી તે બોલી કે, 'હે માતા રૂપ વનદેવતાઓ ! હે દિગ્દેવીઓ ! અને હે વનદેવીઓ ! તમો સર્વે મારું વચન સાંભળો ! જો કે આ ભવમાં તો શ્રી લક્ષ્મણજી મારા પતિ થયા નહિ, તો પણ જો મારી ભક્તિ તેમના ઉપર જ હોય તો ભવાંતરમાં પણ તે જ મારા પતિ હોજો."

આ પ્રમાણે વનમાલાને ઉચ્ચ સ્વરે બોલતાં શ્રી લક્ષ્મણજીએ સાંભળી અને તેઓ કાંઈપણ જવાબ આપે કે કાંઈ કરે તે પહેલાં તો

*इत्युदित्वा कंठपाशं, विधायोत्तरवाससा ।*
*बद्ध्वा च वटशाखायां, द्रागात्मानमलंबयत् ॥*

"એ પ્રમાણે બોલીને પોતાના ઉત્તરીય વસ્ત્રને ગળે ફાંસો કરીને તેણે તે વસ્ત્ર વડવૃક્ષની શાખા સાથે બાંધ્યું અને તરત જ પોતાની જાતને લંબાવી અર્થાત્ વનમાલાએ પોતાના ઉત્તરીય વસ્ત્રથી વડવૃક્ષની શાખા સાથે પોતાને બાંધી ગળે ફાંસો દીધો."

આજે તો ઉત્તમ પ્રકારની મર્યાદા નાશ પામી રહી છે.

શ્રી લક્ષ્મણજીએ વનમાલા જે કાંઈ બોલી તે સાંભળ્યું છે, અને એણે કેવી રીતે ફાંસો ખાધો એ પણ જોયું છે. આથી હવે તે વધુ વખત મૌન કે સ્થિર રહી શકતા નથી. કારણકે જો વધુ વખત મૌન કે સ્થિર રહે તો વનમાલા પ્રાણ ગુમાવી બેસે. એટલે તે જ વખતે

*भद्रे ! मा साहसं कार्षी - र्लक्ष्मणोऽहमिति ब्रुवन् ।*
*लक्ष्मणोऽपास्य तत्पाशं तामादायोत्ततार च ॥*

શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, "ભદ્રે ! હું જ લક્ષ્મણ છું. માટે સાહસ ન કર" અને આમ કહેતાં-કહેતાં શ્રી લક્ષ્મણજીએ ત્યાં જઈને ગળાનો ફાંસો છૂટો કરી નાંખ્યો. તેમ જ તેને ઝાલીને નીચે ઉતારી."



આ બધું જાણે ક્ષણવારમાં જ બની ગયું. કારણકે, જ્યાં સુધી વનમાલા બોલતી હતી અને ફાંસો ખાવાની તૈયારીમાં હતી ત્યાં સુધી તો શ્રી લક્ષ્મણજી વિચારતંદ્રામાં હોય તે સ્વાભાવિક છે. પરંતુ જ્યારે વનમાલાએ ગળે ફાંસો ખાઈ વૃક્ષશાખાએ શરીર લંબાવ્યું એટલે શ્રી લક્ષ્મણજીની વિચારતંદ્રા તૂટી ગઈ, અને તેઓ તરત જ બૂમ પાડી ઉઠ્યા કે, 'હે ભદ્રે ! સાહસ ન કર, હું જ લક્ષ્મણ છું. ' અને એમ બોલતાં તો ત્યાં પહોંચી જઈને તેમણે તેનો ફાંસો દૂર કરી નાંખ્યો. તથા તેને ઝાલીને ઝાડ ઉપરથી નીચે ઉતારી.

રાત્રિનો થોડો ભાગ બાકી રહ્યો ત્યાં તો શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજી જાગૃત થયા. નજદિકમાં વનમાલાને બેઠેલી જોઈને તેમને એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય કે આ કોણ હશે ? ક્યાંથી આવી હશે ? શા માટે આવી હશે ? અહીં કેમ બેઠી હશે ? પરંતુ તેમને એવા કોઈ પ્રશ્નો કરવા પડે તે પહેલાં જ ઉચિતને સમજનારા શ્રી લક્ષ્મણજીએ વનમાલાનો સઘળોય વૃત્તાંત કહી બતાવ્યો.

કોઈપણ આર્યકુમારિકા માટે એ વસ્તુ સહજ છે કે જ્યારે તેના પતિ સંબંધી વાત થતી હોય ત્યારે તેનું મુખ લજ્જાથી નમી જાય, કારણકે વડિલો સન્મુખ તે પોતાના ભાવ પ્રગટ થાય ત્યારે

તેને સ્વાભાવિક રીતે જ શરમ આવે છે. આ મુજબ વનમાલાએ પણ, જ્યારે શ્રી લક્ષ્મણજી બધો વૃત્તાંત કહેતા હતા, ત્યારે લજ્જાથી મુખને ઢાંકી દઈ નમાવી દીધું હતું. શ્રી લક્ષ્મણજીનું કથન પૂર્ણ થતાંની સાથે જ લજ્જાથી ઢંકાએલા મુખવાળી વનમાલાએ શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજીના ચરણકમળમાં નમસ્કાર કર્યા.

આજે પણ આવી રીતના નમસ્કાર કરવાની પ્રથા આર્યકુળોમાં પ્રચલિત છે. વહુ સાસરે આવે એટલે સાસુના ચરણોમાં નમસ્કાર કરે છે. પરંતુ આજે એ પ્રથાનું રહસ્ય ભૂલાઈ ગયું છે. વહુ જો સાચા હૃદયથી સાસુને માતારૂપ વડીલ સમજીને નમસ્કાર કરતી હોય અને સાસુ જો સાચા હૃદયથી વહુને પુત્રીરૂપ સમજીને નમસ્કાર ઝીલી આશીર્વાદ આપતી હોય, તો આજે સંસારમાં જે ઘેર સાસુ-વહુના ઝઘડા ચાલી રહ્યાં છે, નણંદ-ભોજાઈના કલેશ થઈ રહ્યાં છે, દેરાણી-જેઠાણી વચ્ચે જે વૈમનસ્ય ચાલી રહ્યું છે, તે હોય નહિ, સૌ પોતપોતાની મર્યાદા મુજબ વર્તતાં હોય, તો ઝઘડો કલેશ, કંકાસ વૈમનસ્ય, એ બધું સંભવે જ કેમ? પરંતુ આજે તો ઉત્તમ મર્યાદાઓના નાશમાં જ સુધારો મનાઈ રહ્યો છે, અને એથી જ સ્વચ્છંદાચાર પ્રવર્તી રહ્યો છે. માટે ઘરમાં પણ તમારે યત્કિંચિત્ શાંતિ મેળવવી હોય તો ઉત્તમ મર્યાદાઓનું પાલન કરવું પડશે અને કરાવવું પડશે.

### પુણ્યશાળીઓનું જાગતું પુણ્ય

આ તરફ જ્યારે આ બધું બની રહ્યું છે, ત્યારે વિજયપુરમાં શું બને છે તે આપણે જોઈએ. રાજા મહીધરની રાણી ઈન્દ્રાણીએ જ્યારે રાજમહેલમાં વનમાલાને જોઈ નહિ, એટલે તેણે કરુણ સ્વરે પોકાર કરવા માંડ્યો. કારણકે વનમાલા આત્મઘાત કરવાના નિશ્ચયથી કોઈને પણ કહ્યા વિના રાજમહેલમાંથી રાતોરાત છૂપી રીતે નીકળી હતી.

વનમાલાને નહિ જોવાથી તેની માતા ઈન્દ્રાણી કરુણસ્વરે પોકાર કરવા લાગી અને મહીધર રાજા જાતે જ વનમાલાની શોધમાં નીકળ્યાં. વનમાલાને શોધતાં શોધતાં મહીધર રાજા-જે ઉદ્યાનમાં શ્રી

રામચંદ્રજી આદિએ મુકામ કર્યો છે તે જ ઉદ્યાનમાં આવી પહોંચ્યા. અને દૂરથી વનમાલાને ત્યાં તેઓની પાસે બેઠેલી જોઈ, મહીધર રાજાને એ ખબર નથી કે આ બધા કોણ છે ? એ તો એમ જ ધારે છે કે વનમાલાને ઉઠાવી જનારા આ બધા ચોર લોકો છે. આથી કશી પણ તપાસ કર્યા વિના તેણે પોતાની સાથે આવેલા સૈનિકોને હુકમ કર્યો કે 'મારો, કુમારિકાના ચોર એવા પેલા લોકોને મારો !' અને રાજાનો મારવાનો હુકમ પામેલા તે સૈનિકો પણ તરત જ બીજો કશોય વિચાર કર્યા વિના શસ્ત્રો ઉંચા કરીને મારવા દોડ્યાં.

મહીધર રાજાના સૈનિકોને શસ્ત્રો ઉંચા કરીને પોતાની તરફ મારવા માટે દોડતાં આવતાં જોઈને શ્રી લક્ષ્મણજી ક્રોધથી લાલપીળા થઈ તરત જ ઉભા થઈ ગયા. ઉભા થઈને તેમણે લલાટ ઉપર ભ્રકુટી ચઢાવે તેમ ધનુષ્ય ઉપર પણછ ચઢાવી અને એવો ટંકાર કર્યો કે ભલભલા વૈરીઓનો અહંકાર હરાઈ જાય.

બન્યું પણ તેમજ. શ્રી લક્ષ્મણજીએ કરેલો ધનુષ્યનો ટંકાર સાંભળતાંની સાથે જ મહીધર રાજાના સૈનિકોમાંથી કેટલાક ક્ષોભ પામી ગયા કેટલાક ત્રાસી ગયા અને કેટલાક તો ત્યાંના ત્યાં પડી પણ ગયા. પરંતુ સૈન્યની આગળ મહીધર રાજા ઉભા રહ્યા અને તેમણે તરત જ ધનુષ્યનો ટંકાર કરનાર શ્રી લક્ષ્મણજીને જોતાં જ ઓળખી કાઢ્યાં. ઓળખતાંની સાથે જ મહીધર રાજાએ કહ્યું કે, 'હે સૌમિત્ર ! ધનુષ્ય ઉપર ટંકાર ઉતારી લો. મારી પુત્રીના પુણ્યથી ઈચ્છાતા એવા આપ અહીં આવી પહોંચ્યા છો.'

શ્રી લક્ષ્મણજીએ તત્કાળ ધનુષ્ય ઉપરથી પણછ ઉતારી નાંખી. મહીધરરાજા પણ હવે સ્વસ્થ થયા. સ્વસ્થ થએલા મહીધર રાજાએ શ્રી રામચંદ્રજીને જોયાં અને ઉત્તમ રથમાંથી ઉતરીને તેમને નમસ્કાર કર્યા. આ પછી કહ્યું કે "આપના ભાઈ આ શ્રી લક્ષ્મણજી માટે સ્વયં અનુરાગવતી થએલી મેં મારી પુત્રીને પ્રથમથી જ કલ્પી હતી. મારા ભાગ્યથી જ આપનો અત્યારે સમાગમ થયો. લક્ષ્મણ જેવા જમાઈ અને આપના જેવા સંબંધી મળવા દુર્લભ જ છે."

આમ કહીને મહીધર રાજા શ્રી રામચંદ્રજીને, શ્રી લક્ષ્મણજીને, અને શ્રીમતી સીતાજીને મોટા ગૌરવપૂર્વક પોતાના રાજમહેલમાં લઈ ગયાં આ ઉપરથી પણ તમે જાણી શકશો કે પુણ્યશાળી આત્માઓનું પુણ્ય જ્યાં જાય ત્યાં જાગતું જ હોય છે. અને અનુકૂળ સામગ્રી આપનારું જ હોય છે.

## સત્તાનો મોહ અને તેનું ગુમાન આત્માને પાડે છે

હવે અહીં વિજયપુરનગરમાં શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રીમતી સીતાજી પોતાના દિવસો સુખપૂર્વક ગાળી રહ્યાં છે. એવામાં એક દિવસે ભરસભામાં અતિવીર્ય રાજાનો દૂત આવીને સભામાં બેઠેલા મહીધર રાજાને કહેવા લાગ્યો કે,

*नंद्यावर्त्तपुराधीशो-ऽतिवीर्यो वीर्यसागरः ।*
*साहाय्यायाह्वयति त्वां- जाते भरतविग्रहे ॥*
*भूयांसो भूभुजोऽभ्येयु-स्तस्य दाशरथेर्बले ।*
*तत्त्वमप्यतिवीर्येणा-हूयसे सुमहाबलः ॥*

"વીર્યના સાગર અને નંદ્યાવર્ત નામના નગરના અધિપતિ એવા અતિવીર્ય રાજા આપને ભરતની સાથે વિગ્રહ થવાથી સહાય માટે બોલાવે છે દાશરથી એટલે ભરતરાજાના સૈન્યમાં ઘણા રાજાઓ આવ્યા છે, માટે મહાબળવાન એવા આપને અતિવીર્ય રાજા તેડાવે છે."

જ્યારે અતિવીર્ય રાજાનો દૂત આ પ્રમાણે મહીધર રાજાને કહી રહ્યો. ત્યારે શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી ત્યાં રાજસભામાં હાજર છે. આ સાંભળીને તે વિશે વધુ જાણવાની તેમને ઈચ્છા થાય તે તદ્દન સ્વાભાવિક છે. આ કારણે

*अथैवं लक्ष्मणोऽपृच्छन्नंद्यावर्तमहीभुजः ।*
*भरतक्ष्माभुजा सार्धं, किं विरोधनिबंधनम् ॥*

શ્રી લક્ષ્મણજીએ તે દૂતને પૂછ્યું કે, "નંદ્યાવર્તના રાજા અતિવીર્યને ભરતરાજા સાથે વિરોધ થવાનું કારણ શું ? અર્થાત્ એવું તે શું બન્યું કે જેથી એ બંને વચ્ચે આ વિગ્રહ ઉપસ્થિત થયો છે ?"

શ્રી લક્ષ્મણજીએ દૂતને પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં

*दूतोऽप्युवाच नः स्वामी भरताद्भक्तिमिच्छति ।*

*स तु प्रतीच्छति न ता -मिदं विग्रहकारणम् ।।*

"અતિવીર્ય રાજાના દૂતે કહ્યું કે, 'મારા રાજા **શ્રી** ભરતરાજા પાસેથી ભક્તિ એટલે કે તાબેદારી ઇચ્છે છે. પરંતુ શ્રી ભરત રાજા તેમ કરતા નથી. બસ, વિગ્રહનું આ કારણ છે.' ત્યાર બાદ અત્યાર સુધી મૌન રહેલા શ્રી રામચંદ્રજી એ દૂતને પૂછે છે કે, 'અતિવીર્ય રાજાની સાથે યુદ્ધ કરવાને શું શ્રી ભરતરાજા સમર્થ છે ? કે જેથી હે દૂત ! તે અતિવીર્ય રાજાની સેવા કરવાનું માનતાં નથી ?'

શ્રી રામચંદ્રજીના આ પ્રશ્નના ઉત્તરમાં અતિવીર્ય રાજાનો દૂત કહે છે કે, 'અમારો રાજા અતિવીર્ય ઘણા બળવાળો છે અને શ્રી ભરતરાજા પણ સામાન્ય તો નથી જ, એટલે એ બંનેના યુદ્ધમાં કોનો જય થશે એ કહી શકાય નહિ. એ વસ્તુ સંશયવાળી છે.'

આ વાંચનાર અને સાંભળનાર આત્માઓએ અહીં વિચારવું જોઈએ કે સત્તાનો મોહ અને સત્તાનું ગુમાન આત્માને છતી સામગ્રીએ કેવી કક્ષામાં મૂકી દે છે અને કેવા પાપમાં પ્રવૃત્તિ કરાવે છે ! અતિવીર્ય રાજા પાસે સત્તા છે, ભોગવવાને રાજ્ય છે, રાજ્યનું પાલન કરવાની તેની પાસે શક્તિ છે. છતાં એટલાથી એ ધરાતો નથી. એને વધુ સત્તાનો મોહ જાગે છે. અને તેથીજ શ્રી ભરતરાજા પાસેથી ભક્તિ ઇચ્છે છે. પેલો સેવા કરવાની ના પાડે છે. એટલે તે સત્તાના ગુમાનમાં યુદ્ધ કરવા તૈયાર થાય છે. પુણ્યયોગે મળેલી સામગ્રીથી જે આત્મા સંતોષ પામતો નથી, તે આત્માની દશા એવી થાય છે કે જેથી તેને અનેક પાપો આચરવાની વૃત્તિ થાય. બીજા આત્માઓએ આ ઉપરથી બોધપાઠ લેવો જોઈએ. સત્તાનો મોહ, સત્તાનો લોભ અને સત્તાનું ગુમાન આત્માને ઘણી નીચી હદે ઘસડી જાય છે. વધુ કે થોડી જેટલી સામગ્રી મળી હોય તેમાં નહિ મૂંઝાતા તેના લોભમાં નહિ પડતાં, તેનું ગુમાન નહિ કરતાં, એ દ્વારા સ્વપર કલ્યાણ સાધવું. એમાં જ એ સામગ્રી મળી એની સાર્થકતા છે.

અતિવીર્ય રાજાના દૂતે આપેલા ઉત્તર પછી, શ્રી રામચંદ્રજી મૌન રહે છે. તેઓ હવે મહીધર રાજા શું કરે છે તે જુએ છે. પરંતુ મહીધર રાજા તો તે દૂતને એમ કહીને વિદાય કરે છે કે, "જા હું જલ્દી આવું છું."

### શ્રી રામચંદ્રજી નંદ્યાવર્તપુરના ઉદ્યાનમાં

દૂતને વિદાય કર્યા બાદ મહીધર રાજા શ્રી રામચંદ્રજીને કહે છે કે,

*અહો અજ્ઞત્વમેતસ્યા -તિવીર્યસ્યાલ્પમેધસઃ*
*યદસ્માનયમાહૂય, ભરતં યોધયિષ્યતિ ॥૧॥*
*તત્સર્વસેનયા ગત્વા - નુપલક્ષિતદૌર્હૃદા ।*
*અમુમેવ હનિષ્યામો, ભરતાદિવ શાસનાત્ ॥૨॥*

'અમને બોલાવીને અતિવીર્ય રાજા શ્રી ભરત રાજાની સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે. એ અલ્પ બુદ્ધિવાળા તેનું કેવું અજ્ઞાન છે ? માટે હવે તો હું મારી સઘળી સેનાની સાથે ત્યાં જઈશ. અને શ્રી ભરતરાજાની આજ્ઞા હોય એની જેમ, અતિવીર્ય સાથેની દુશ્મનાવટથી તેઓનો જ સંહાર કરીશ.'

શ્રી મહીધર રાજા હવે તો શ્રી લક્ષ્મણજીના સસરા બન્યા છે. એટલે શ્રી લક્ષ્મણજીના બંધુ ભરતરાજાની સામેના યુદ્ધમાં શત્રુની સહાય કરવા ન જ જાય એ તદ્દન શક્ય બીના છે. પરંતુ અહીં તેઓ છળકપટભરી રાજનીતિનો ઉપયોગ કરવા ઇચ્છે છે. સીધી રીતે અતિવીર્ય રાજા સાથે દુશ્મનાવટ ના કરવી અને તેની સાથે રહીને તેનો સંહાર કરવો. એમ મહીધર રાજા ઇચ્છે છે.

આ પ્રસંગે શ્રી રામચંદ્રજી જેવા મહાન આત્માઓ સિવાય બીજું કોઈ હોય તો શું કહે ? તરત જ મહીધર રાજાની વાતને વધાવી લે કે નહિ ? પરંતુ નહિ શ્રી રામચંદ્રજી એવી રીતે અતિવીર્યનો પરાજય અને શ્રી ભરતનો જય કરવા ઇચ્છતા નથી. આથી તેઓ કહે છે કે, "નહિ, આપ અહીં જ રહો. આપના પુત્રો અને આપના સૈન્ય સાથે હું જ ત્યાં જઈશ. અને જેમ ઉચિત લાગશે તેમ કરીશ."

શ્રી રામચંદ્રજી, પોતે જ જ્યાં આ પ્રમાણે કહ્યું એટલે મહીધર રાજાને કાંઈ કહેવાનું રહેતું જ નહોતું. પોતાને તો ખાત્રી જ હતી કે શ્રી રામચંદ્રજી પોતાના કરતાં પણ વધુ સુંદર પરિણામ લાવી શકશે. આથી તેણે કહ્યું કે, "ભલે, એમ હો.' અને શ્રી મહીધર રાજાએ હા પાડી એટલે શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રીમતી સીતાજી એ ત્રણે મહીધર રાજાના પુત્ર અને સૈન્યની સાથે નંદ્યાવર્ત તરફ નીકળ્યાં.

શ્રી રામચંદ્રજી એવા પુણ્યશાળી છે કે એમને જ્યાં ને ત્યાં અણધારી સામગ્રી મળી રહે છે. અહીં પણ એમ જ બન્યું તેઓએ નંદ્યાવર્તપુરના ઉદ્યાનમાં પડાવ નાંખ્યો ત્યાં તો ત્યાંના અધિષ્ઠાયક દેવતાએ શ્રી રામચંદ્રજીની આગળ જઈને કહ્યું કે, "હે મહાભાગ ! હું આપનું શું અભીષ્ટ કરું ? અર્થાત્ આપની જે ઈચ્છા હોય તે કહો, હું તે મુજબ કરું." શ્રી રામચંદ્રજી કહે છે કે, "અમારે માટે કાંઈ કરવા જેવું નથી."



### દેવતા સહાય કરવા આવે છે

આવા પુણ્યાત્માઓ પાસે દેવો આવતાં, તો તેઓને દેવોની પાસેથી સહાય લેવાની પરવા નહોતી. આજે દેવોની સેવા માટે રાહ જોવાય છે. રાહ જોવા માત્રથી દેવો કદી આવે નહીં. લાલચુને દેવો સહાય પણ કરે નહિ, દેવો આવે, પણ તે કોની પાસે ? એવું પુણ્ય હોવું જોઈએ ને ? શ્રી રામચંદ્રજીને દેવ આવીને પૂછે છે કે, 'આપની ઈચ્છા જણાવો, હું તે મુજબ કરું.' તેઓ કહે છે કે, 'મારે કાંઈ કામ નથી.' આ વસ્તુ ખાસ વિચારવા જેવી છે. આવાઓ માટે દેવો પણ કિંકર બને તેમાં નવાઈ શું છે ?

શ્રી રામચંદ્રજીએ તો ચોખ્ખી ના પાડી દીધી, પણ તે અધિષ્ઠાયક દેવ એમ પાછો જાય ? એણે કહ્યું કે, 'ખરેખર, આપને માટે કાંઈપણ કરવા જેવું નથી. બધું બરાબર છે, તો પણ એક ઉપકાર કરું છું.'

તે ઉપકાર શો છે ? તે દર્શાવતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, 'અતિવીર્ય સ્ત્રીઓથી જીતાયો છે.' એની એવી અપકીર્તિ થાય.

*अतिवीर्यो जीतः स्त्रीभिरिति तस्यायशस्कृते ।*
*ससैन्यस्य करिष्यामि स्त्रीरुपं कामिकं तव ।।*

"માટે આપને આખા સૈન્યની સાથે સુંદર સ્ત્રી-રૂપવાળા કરીશ."

અધિષ્ઠાયક દેવે આ પ્રમાણે કહ્યા બાદ પરિણામ એ આવ્યું કે

*स्त्रीराज्यमिव तत्सैन्यं, स्त्रीरुपमभवत्क्षणात् ।*
*स्त्रीरुपौ रामसौमित्री, चाभूतां सुंदराकृती ।।*

જાણે સ્ત્રી રાજ્ય જ ન હોય. તેની જેમ આખુંય સૈન્ય તે જ ક્ષણે સ્ત્રીરૂપ બની ગયું. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી પણ સુંદર આકૃતિવાળી સ્ત્રીરૂપે બની ગયા.

અધિષ્ઠાયક દેવ એટલું તો જાણે જ છે કે શ્રી રામચંદ્રજીની જીત થવાની છે. પરંતુ શ્રી રામચંદ્રજી જેવા પરાક્રમીથી અતિવીર્ય રાજા હારે, એમાં એની એટલી બધી નાનપ નથી. એટલે એ દેવ આખા સૈન્યને સ્ત્રીરૂપ બનાવી દે છે. કોઈપણ સાચો ક્ષત્રિય સ્ત્રીની સામે શસ્ત્ર પણ ઉઠાવે નહિ, તો પછી સ્ત્રીઓથી હારે એના જેવી બીજી ભયંકર બદનામી કઈ હોઈ શકે ? કહેવું જ પડશે કે કોઈ જ નહિ.

બીજી વાત એ પણ છે કે દેવો પોતાની શક્તિથી આમ રૂપ ફેરવી શકે છે. આકૃતિ ફેરવી શકે છે, ઈન્દ્રજાળ બિછાવી શકે છે, પરંતુ કર્મજન્ય સ્થિતિમાં કશો પણ ફેરફાર કરી શકતા નથી. એટલે એમાં મૂંઝાવાનું કારણ નથી.

## અતિવીર્યના અહંકારની અંધતા

આ પછી શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી, શ્રીમતી સીતાજી મહીધર રાજાના પુત્રો અને તેનું આખુંય સૈન્ય, સ્ત્રીરૂપમાં અતિવીર્ય રાજાની રાજસભામાં દ્વાર પાસે આવ્યા બાદ, શ્રી રામચંદ્રજીએ અતિવીર્ય રાજાને દ્વારપાળ દ્વારા કહેવડાવ્યું કે 'આપની સહાય માટે મહીધર રાજાએ પોતાનું સૈન્ય મોકલ્યું છે.'

દ્વારપાળે અંદર જઈને આ ખબર શ્રી અતિવીર્ય રાજાને સંભળાવ્યા અને એ સાંભળતાની સાથે જ અહંકારથી તે ગાજી ઉઠ્યો હોય તેમ બોલ્યો કે, શ્રી 'મહીધર રાજા પોતે આવ્યો નહિ, તે કારણથી એવા બહુમાની અને મરવાને ઈચ્છતા તેના સૈન્યથી સર્યું અને

*જેષ્યામ્યેકોઽપિ ભરતં, સહાયાઃ કિં મમાપિ હિ ।*
*નિર્વાસ્યતાં દ્રુતમિદં, તસ્સૈન્યમયશસ્કરમ્ ॥*

"મારો અપયશ કરનાર તેના સૈન્યને એકદમ પાછું કાઢી મૂકો ! મારે વળી સહાયકોની શી જરૂર છે ? હું એકલો પણ શ્રી ભરતને જીતીશ."

વિચારો, અહંકારમાં ડૂબેલા આત્માઓ કેવા વિચિત્ર બને છે ? હું એકલો પણ ભરતને જીતીશ.' આવું બોલાય છે. તો પછી પહેલાં દૂત મોકલીને સહાય માટે મહીધર રાજાને તેડાવવાની શી જરૂર હતી ? પરંતુ નહિ, આ તો આવેશમાં બોલાય છે અને તેથી જ એકની જોડે વિગ્રહ ઊભો છે, ત્યાં મહીધર રાજાને મારવાની ઈચ્છાવાળો કહે છે, એટલે કે આવી રીતે પોતે નહીં આવતાં સહાય માટે સૈન્ય મોકલ્યું એથી ચીડાઈને એમ જણાવવા ઈચ્છે કે, "મારા ખોફના ભોગે થએલા મહીધર રાજાને હું મારી નાંખીશ, અહંકારમાં અંધ આદમી વિવેક-વિચારને ભૂલી જાય છે.

જો તેનામાં અત્યારે વિવેક હોત, તો એ આવું ન બોલત. મહીધર રાજા જાતે કેમ ન આવ્યા ? તેનું કારણ પૂછત, પછી પણ સૈન્યનો ઉપયોગ કરવાનો નિર્ણય કરત અને જીત મેળવ્યા બાદ મહીધર રાજાને જે કરવું હોત તે કરત. આવી વિવેકહીનતાનું પરિણામ તો એ આવે કે સામો રાજા દુશ્મન સાથે મળી જાય એટલે દુશ્મનનું બળ બેવડાય. કારણકે સામો રાજા પણ સમજે કે આ જીત્યો તો આપણને માર્યા વિના છોડશે નહીં.

એટલે અહંકાર જેમ આત્મનાશક અવગુણ છે. તેમ વ્યવહારમાં પણ હિતઘાતક છે, દરેકે પોતાનાથી વધુ સામગ્રી સંપન્નનો

વિચાર કરી અહંકારથી બચવા પ્રયત્ન કરવો જોઈએ. અહંકારમાં અંધ બનેલા સમ્રાટોએ સામ્રાજ્યો ગુમાવ્યાં, વેપારીઓએ પેઢીઓ ગુમાવી અને કેટલાય ભૂખ્યા-તરસ્યાં રઝળી રઝળીને આર્ત - રૌદ્ર ધ્યાનમાં મરી ગયાં. વિવેક જેવા ઉત્તમ ગુણનો નાશ કરનારી કોઈ પણ વૃત્તિને કલ્યાણકાંક્ષી આત્માએ આધીન થવું જોઈએ નહીં. કારણકે અહંકાર એ વિવેકનો વિનાશ કરનારી વસ્તુ છે.

અહંકારમગ્ન અતિવીર્ય રાજા આ પ્રમાણે કહે છે ત્યાં તો,

*અથાન્યઃ કશ્ચિદપ્યૂચે - સ્વયમાગાન્ન કેતવમ્ ।*
*સ પ્રત્યુતોપહાસાય, સ્ત્રીસૈન્યં પ્રાહિણોદિહ ॥*

"બીજો કોઈક બોલ્યો કે, 'હે રાજન્ ! મહીધર રાજા જાતે આવ્યો તો નથી જ, પણ ઉલટું ઉપહાસ કરવાને માટે સ્ત્રી સૈન્યને એણે અહીં મોકલ્યું છે." બસ, હવે શું જોઈએ ? અતિવીર્ય રાજા અહંકારથી આકળ વિકળ તો થયો જ હતો અને તેમાં આવી હકીકત સાંભળી, એટલે તેણે અતિશય ક્રોધ કર્યો, એટલે કે તે ક્રોધથી ઘણો જ લાલચોળ થઈ ગયો. અત્યારે એને જેટલો ક્રોધ ચઢે તેટલો ઓછો એમ કહેવાય. કારણકે આવા આત્માઓ આવા પ્રસંગે જરાય ધીરજ ધરી શકતા નથી. અને ક્રોધમાં આવેલો આત્મા ભાન ભૂલે છે. એ તો ઉઘાડી વાત છે. પોતે કોણ છે ? અને શું કરે છે ? તેનો તેને ખ્યાલ જ રહેતો નથી. અતિવીર્યની પણ એ જ દશા થાય છે.'

## અતિવીર્ય રાજા વૈરાગ્યવાસિત બન્યા

અતિવિર્ય રાજા ક્રોધથી રાતોપીળો થઈ ગયો અને તે જ વખતે સ્ત્રીરૂપને ધરનારા શ્રી રામચંદ્રજી આદિ સઘળા રાજસભાના દ્વારની પાસે આવી પહોંચ્યા. આવી રીતે તેઓને આવેલા જોતાંની સાથે જ

"*આદિક્ષદતિવીર્યોઽપિ, દાસીવદિભિકાઃ સ્ત્રિયઃ ।*
*ગાઢં ગૃહીત્વા ગ્રીવાસુ, નિર્વાસ્યતાં પુરાદ્બહિઃ ॥*

*समन्तात् तस्य सामन्ताः, उत्थाय सपदातयः ।*
*स्त्रीसैन्यं तदुपद्रोतुं, प्रावर्तंत महाभुजाः ।*
*रामभद्रो भुजस्तंभेनेभस्तंभमथोच्चकैः ।*
*समुत्पाट्यायुधीकृत्य, तान् समंतादपातयत् ।*
*तेन सामंतभंगेना-तिवीर्यः कुपितो भृशम् ।*
*रणाय स्वयमुत्तस्थे, खड्गमाकृष्य भीषणम् ।*
*अथ तत् खड्गमाच्छिद्य, लक्ष्मणस्तत्क्षणादपि ।*
*तमाचकर्ष केशेषु, तद्वस्त्रेण बबंध च ॥"*

"અતિવીર્ય રાજાએ આજ્ઞા કરી કે 'આ સ્ત્રીઓને મજબૂતપણે ગળેથી પકડીને દાસીઓની જેમ નગરની બહાર કાઢી મૂકો !' અતિવીર્યની આ આજ્ઞાથી તેના મહાપરાક્રમી સામંતો, ચારે બાજુઓથી પોતાના સૈનિકો સાથે ઊભા થઈને, તે સ્ત્રી સૈન્યને ઉપદ્રવ કરવા માંડ્યા. આ રીતે ઉપદ્રવ કરવાથી શ્રી રામચંદ્રજીએ પોતાની ભુજારૂપ સ્તંભ દ્વારા જોરથી હાથીને બાંધવાના આલાનસ્થંભ ને ઉખેડી નાંખ્યો અને તે જ સ્તંભને શસ્ત્રરૂપ બનાવી અતિવીર્યના તે સામંતોને ચારે બાજુથી ભૂમિ ચાટતા કરી દીધા. પોતાના સામંતોની આ દશા થવાથી અતિવીર્ય રાજા ખૂબ ખિજાઈ ગયો અને પોતાની ભીષણ તલવારને મ્યાનમાંથી બહાર કાઢીને પોતે જ યુદ્ધ કરવા માટે ઉઠ્યો. આ પછી શ્રી લક્ષ્મણજીએ તરત જ તેની તલવાર ઝૂંટવી લઈને, તેના વાળ પકડીને તેને ખેંચ્યો. તેના જ વસ્ત્રથી તેને બાંધ્યો.

જોયું, થોડી ક્ષણો પહેલાં અહંકારથી ન બોલવાનું બોલનારની શી દશા થઈ ? હવે નરવ્યાઘ્ર શ્રી લક્ષ્મણજી, તે અતિવીર્યને, વાઘ જેમ મૃગલાને પકડીને લઈ જાય તેમ લઈ ચાલ્યા. અને લોકો અધિક ત્રાસથી ચપળ નેત્રોવાળા થઈને જોતા રહ્યા. પરંતુ શ્રીમતી સીતાજીને દયા ઉપજી, કરૂણાળુ એવાં તેમણે શ્રી લક્ષ્મણની પાસેથી અતિવીર્ય રાજાને છોડાવ્યો. શ્રી લક્ષ્મણજીએ પણ છોડતાં છોડતાં અતિવીર્ય રાજાની પાસે ભરતની સેવા કરવાનું કબુલ કરાવ્યું અને તેને છોડી દીધો.

હવે અધિષ્ઠાયક દેવે સર્વનો સ્ત્રીવેષ સંહરી લીધો. એટલે અતિવીર્ય રાજા ઓળખી શક્યો કે આ તો શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી છે. એ જાણતાંની સાથે જ

*અતિવીર્યસ્તયોઃ પૂજાં, મહતીં વિદધે તતઃ ।*
*દધ્યૌ ચ માનધ્વંસેન, માની વૈરાગ્યમુચ્ચકૈઃ ।।*

"અતિવીર્ય રાજાએ શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીની ઘણી સેવાભક્તિ કરી અને એ અભિમાની રાજા પોતાના માનનો નાશ થવાથી વૈરાગ્યના જોરથી વિચાર કરવા લાગ્યો. અર્થાત્ 'હું શું બીજાની સેવા કરીશ ?' એ પ્રમાણે અહંકારથી ભરેલા હૃદયે અતિવીર્ય રાજાએ દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો અને પોતાના વિજયરથ નામના પુત્રને રાજ્યાસન ઉપર બેસાડ્યો."

પરંતુ આવા આત્માઓ જેવા તેવા નથી હોતા. નિમિત્ત પોતાની હારનું છે. અને અહંકારથી વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, છતાં પણ તેવા આત્માઓ પછીથી મળતી હજારો અનુકૂળતાઓથી પામર બની વૈરાગ્યનો વિચાર છોડી દેવાને તૈયાર થતા નથી. જ્યારે અતિવીર્ય રાજા દીક્ષા લેવાનો તૈયાર થયો છે ત્યારે શ્રી રામચંદ્રજી સમજી જાય છે કે એ વિચાર રાજાને અહંકારથી થયો છે. એથી કહે છે કે, તું મારો બીજો ભરત છે, એટલે કે તું મારા નાના ભાઈ જેવો છે. માટે તું તારું રાજ્ય ભોગવ અને પ્રવ્રજિત ન થા."

આ પ્રમાણે શ્રી રામચંદ્રજીએ ના પાડવા છતાં પણ, મોટા મનવાળા અતિવીર્ય રાજાએ દીક્ષા ગ્રહણ કરી. આ પછી શ્રી અતિવીર્ય રાજાના પુત્ર શ્રી વિજયરથે પોતાની રતિમાલા નામની બહેન શ્રી લક્ષ્મણજીને આપી અને શ્રી લક્ષ્મણજીએ તેને ગ્રહણ પણ કરી. આ પછી શ્રી રામચંદ્રજી સૈન્યની સાથે વિજયપુર ગયા અને વિજયરથ રાજા ભરતની સેવા કરવાને માટે અયોધ્યા તરફ ગયા.

ગૌરવતાના ગિરિ સમા શ્રી ભરતે સર્વ વૃત્તાંત જાણતાં હોવા છતાં પણ વિજયરથ રાજાનો સત્કાર કર્યો. ખરેખર, સજ્જનો નતવત્સલ હોય છે. વાત પણ સાચી છે કે નમતા આવેલા શત્રુ પ્રત્યે

પણ સજ્જનો વાત્સલ્યને જ દર્શાવે છે એમની સજ્જનતા જ એ છે જેઓ નમતાને ટપલી મારનારા હોય છે. તેઓ વસ્તુતઃ સજ્જનની કોટિમાં આવી શકતા નથી. ગમે તેટલું બુરું કર્યું હોય પણ જ્યાં સામો નમતો આવ્યો એટલે ઉત્તમ પુરુષો તેનો તિરસ્કાર નહિ પણ સત્કાર જ કરે છે.

ત્યારબાદ વિજયરથ રાજાએ પોતાની રતિમાલાથી નાની વિજયસુંદરી નામની બહેન ભરતરાજાને આપી. કે જે સર્વ સ્ત્રીઓમાં સારભૂત હતી.

એ વખતે શ્રી અતિવીર્ય મુનિ વિહાર કરતાં ત્યાં પધાર્યા. ભરતરાજા અન્ય રાજાઓની સાથે તેમની પાસે ગયા, વંદન કર્યું અને ક્ષમાપના કરી. આ પછી કૃપાળુ ભરતરાજાએ વિદાય આપવાથી શ્રી વિજયરથ રાજા આનંદ સાથે નંદ્યાવર્તપુર પાછા ફર્યા.

### દેવ-ગુરુ તથા ધર્મ પ્રત્યે અવિહડ રાગ કેળવો

બીજી તરફ શ્રી રામચંદ્રજી પણ વિજયપુર પહોંચીને મહીધર રાજાની અનુજ્ઞા લઈને ત્યાંથી જવાને તૈયાર થયા. તેમને જવાને તૈયાર થયેલા જોઈને શ્રી લક્ષ્મણજીએ પણ વનમાલાને પૂછ્યું. તે વખતે વનમાલા પણ અશ્રુભર્યાં નેત્રોવાળી થઈને કહેવા લાગી કે,

X X X X X X X X X X X X X ।<br>
प्राणत्राणं तदाकार्षीः प्राणेश ! मम किं मुधा ॥१॥<br>
वरं भवेत्सुखमृत्यु, - स्तदैव मम वल्लभ !<br>
न त्वर्धवैशसमिदं, दुःखं त्वद्विरहोत्थितम् ॥२॥<br>
अद्यैव परिणीय त्वं, सहैव नय मां प्रभो !<br>
त्वद्वियोगाच्छलं प्राप्य, नेष्यत्यपरथांतकः ॥३॥

"હે પ્રાણેશ ! તે સમયે નાહક મારા પ્રાણોની રક્ષા આપે શા માટે કરી ? હે

પ્રિય ! તે વખતે જ હું મરી હોત તો મારું સુખી મૃત્યુ થાત. કારણકે આપના વિરહથી ઉપસ્થિત થતું અડધા વધ સમું આ અસહ્ય દુઃખ મારે વેઠવું પડત નહિ. હે નાથ ! હમણાં જ તમે મારી સાથે લગ્ન કરો અને મને તમારી સાથે લઈ જાવ. નહિતર તમારા વિયોગનું છળ પામીને યમરાજ મને લઈ જશે."

### પ્રશસ્ત દશા કેળવવાની જરૂર

આ ઉદ્ગારોમાં કેટલો મોહ ભર્યો છે ? **ખરેખર, રાગીઓને જેવો રાગ પોતે માનેલી પ્રિય વ્યક્તિ તરફ થાય છે, તેટલો રાગ જો શ્રી વીતરાગ, શ્રી નિર્ગ્રંથ ગુરુદેવો અને શ્રી જિનપ્રણીત ધર્મ પ્રત્યે થાય તો કેવું સુંદર પરિણામ આવે ? ધર્મીજનોએ સુદેવ-સુગુરુ અને સુધર્મ ઉપર આવો રાગ કેળવવો જોઈએ. દેવ-ગુરુધર્મનો વિયોગ ધર્માત્માને અસહ્ય લાગવો જોઈએ અને એનો જો જરાપણ વિયોગ થયો તો અવસર પામીને મોહરાજા છેતરી જઈ ભવમાં ભટકતા કરી દેશે એવું લાગવું જોઈએ, જ્યાં સુધી આવો અવિહડ રાગ ન આવે, ત્યાં સુધી દેવ-ગુરુધર્મની ઉત્તમ પ્રકારે આરાધના થઈ શકતી નથી. એવો પ્રશસ્ત રાગ આત્માની વીતરાગદશાને નજદીક લાવનારો છે. જેમ પ્રશસ્ત રાગ આત્માની વીતરાગ દશાને સમીપ લાવે છે, તે જ રીતે પ્રશસ્ત પ્રવૃત્તિ સર્વથા નિવૃત્તદશાને અને પ્રશસ્ત કષાયો અકષાયીપણાને નજદીક લાવનારા છે. આત્મા અપ્રશસ્ત દશામાં પડ્યો છે તેને પહેલા પ્રશસ્ત દશામાં લાવવાની જરૂર છે. અને તે પછી અનંત ચતુષ્ટયમય દશા પ્રાપ્ત કરવી અતિ સુલભ છે. એક અસ્થિર ને નાશવંત વસ્તુ માટે સંસારીઓ જો આટલો રાગ કેળવી શકે તો ધર્માત્માઓ મુક્તિ ખાતર સુદેવ-સુગુરુ સુધર્મ ઉપર એવો રાગ કેમ ન કેળવી શકે ?** જો ધર્માત્માઓમાં એવો રાગ આવી જાય તો

આજે પામરો તરફથી જે શાસનહીલના થઈ રહી છે અને પાપી પેટ માટે કેટલાક પત્રકારો જે ધર્મદ્રોહ કરી રહ્યા છે તેને દૂર થતાં વાર લાગે નહિ. એવાઓની આપણને દયા આવે છે. પણ એમનું કૃત્ય એવું ભયંકર છે કે દરેક ઉચિત ઉપાયોથી તેમને તેમ કરતાં અટકાવવા એ ધર્મીજનોની અનિવાર્ય ફરજ છે.

### શ્રી લક્ષ્મણજી કર્તવ્યભ્રષ્ટ થતા નથી

વનમાલા પોતાને ન મેળવી શકવાથી આત્મઘાત કરવાને તૈયાર થઈ હતી, એટલે પોતાની ઉપર એનો અત્યંત અનુરાગ છે એમ શ્રી લક્ષ્મણજી જાણે છે, છતાં તેઓ એના જવાબમાં જે કહે છે તે અવશ્ય વિચારણીય છે. મહાપુરુષો આવા પ્રસંગે પણ સામાને જરૂર આશ્વાસન આપે છે. પરંતુ કર્તવ્યભ્રષ્ટ થતા નથી. આનું વર્ણન કરતા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*अन्वनैषील्लक्ष्मणोऽथ, भ्रातुः सुश्रूषको ह्यहम् ।*
*सुश्रूषाविघ्नकृन्मा भूः, सहायान्ती मनस्विनि ! ॥*
*प्रापय्याभीप्सितं स्थानं, ज्यायांसं वरवर्णिनि ! ।*
*त्वां समेष्यामि भूयोऽपि, वास्तव्या हृदये ह्यसि ॥*
*घोरेभ्यः शपथेभ्यो यं, त्वं कारयसि मानिनि! ।*
*तं करोमि पुनरिहागमप्रत्ययहेतवे ॥*
*न चेदायामि भूयोऽपि, तदहं रात्रिभोजीनाम् ।*
*गृह्येंहसेति शपथं, सौमित्रिः कारितस्तया ॥*

"ત્યારબાદ શ્રી લક્ષ્મણજી વનમાલાને કહે છે, કે 'અત્યારે તો હું મારા વડીલ ભાઈની સેવા કરનારો છું. માટે હે મનસ્વિનિ ! સાથે આવતી તું મારા વડીલભાઈની શુશ્રૂષામાં વિઘ્ન કરનારી નહિ થા. વળી શ્રી લક્ષ્મણજી તેને ફરી ખાત્રી આપે છે કે, 'હે શ્રેષ્ઠ વર્ણવાળી ! મારા વડીલબંધુને ઇચ્છિત સ્થાને પહોંચાડીને પછીથી પણ હું તારી પાસે આવીશ. કારણકે તારો નિવાસ મારા હૃદયમાં છે. છતાં તને ખાત્રી આપવા માટે હે માનિનિ ! તું જે ઘોર સોગંદ

ખવડાવે તે ઘોર સોગંદ પણ, 'ફરીથી હું પાછો આવીશ.' એવો તને વિશ્વાસ થાય એ હેતુથી ખાઈશ. આ પછીથી વનમાલાએ કહેવાથી એટલે વનમાલાની ઇચ્છાથી શ્રી લક્ષ્મણજીએ સોગંદ ખાધા કે, 'જો હું ફરી પણ અહીં ન આવું તો રાત્રિભોજન કરનારાઓનું પાપ મને લાગે."

વિચારો કે શ્રી લક્ષ્મણજી ઉચિતપણું અને કર્તવ્ય બંને કેવી રીતે જાળવે છે. પોતાને વનમાલા ઉપર રાગ નથી એમ નહિ. તેઓ તો કહે છે કે વનમાલાનો નિવાસ મારા હૃદયમાં છે, છતાં વડીલ ભાઈની સેવાના કર્તવ્યને તેઓ ચૂકતા નથી. જો વનમાલા સાથે આવે તો વડીલ ભાઈની સેવામાં વિઘ્ન થાય એમ તેઓ માને છે, અને તેથી તેને અહીં જ રહેવાનું કહે છે. વળી અતિ રાગને અંગે કોઈ અનુચિત પરિણામ ન આવી જાય એ માટે વનમાલાને તેઓ પૂરેપૂરી ખાત્રી આપે છે. પોતાને વધુ સમય થાય તો પણ વનમાલાની ધીરજ ખૂટે નહીં. એ માટે તેની ઇચ્છા મુજબ રાત્રિ ભોજન કરનારાઓનું પાપ લાગે એવા સોગંદ લે છે, પણ ભાન ભૂલા બનીને કર્તવ્યભ્રષ્ટ તો બનતા જ નથી. દરેકે આવી ઉચિતતા સાથે કર્તવ્યપાલનમાં સ્થિરતા શીખવા જેવી છે.

### રાત્રિભોજન એ મહાઅનર્થ કરે છે

આમાંથી બીજી વાત એ સમજવા જેવી છે કે શ્રી લક્ષ્મણજી ઘોર શપથ લે છે. રાત્રિભોજન કરનારનું પાપ પોતાને લાગે, એ ઘોર શપથ છે, ત્યારે રાત્રિભોજનમાં તેઓ કેટલું ભયંકર પાપ સમજતા હશે ! રાત્રિભોજન એ મહાઅનર્થકર વસ્તુ છે. સાધુઓને પણ પાંચ મહાવ્રતની સાથે છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત હોય છે. શ્રાવક માટે રાત્રિભોજનની છૂટ છે, એમ ન માનતા પરંતુ આજે તો રાત્રિભોજન એ અનેક નામી જૈનો માટે સાધારણ વસ્તુ બની ગઈ છે. કેટલાક ધૃષ્ટ તો એમ પણ બોલે છે કે રાત્રે ખાવાથી કાંઈ મુક્તિ અટકવાની નથી. આ તો રાત્રિભોજનના નિયમનો, શાસનનો અને મુક્તિનો ઉપહાસ કરવા જેવું છે. એવા પાપીઓ તો દુર્લભબોધિ બની જાય. એવાઓની મુક્તિ અટકે તો ખરી જ, પણ એવી માન્યતાવાળા માટે તો મુક્તિમાર્ગ

પણ દુર્લભ બની જાય. કોઈ અનિવાર્ય કારણે કદાચ રાત્રિભોજન કરવું પડતું હોય, તો પણ આત્માને એની અરેરાટી હોવી જોઈએ. આજે તો મોઢું છૂટું રહે, દિવસ ને રાત જે મળ્યું તે નાંખ્યા જ કરે, મોજશોખનાં સાધનોય એવાં જે શાસનમાં રાત્રિભોજનનો અને અભક્ષ્યાદિના ભક્ષણાદિનો નિષેધ હોય, તે શાસનમાં જન્મેલા રાત્રે હોટેલમાં રખડવા જાય, લ્હેર મારવા જાય, ખાય-પીયે, પાનના ડૂચા મોઢામાં ઘાલી સડકો બગાડે, જ્યાં ત્યાં રખડે, આ બધું શું ઓછું શોચનીય છે ? માટે જેટલું બની શકે તેટલું ત્યાગો, બીજાને ત્યાગ કરાવવાના પ્રયત્નમાં રહો અને જ્યાં સુધી સંપૂર્ણ ત્યાગ ન થઈ શકે ત્યાં સુધી આત્માને પામર માનો, હૈયામાં એનું દુઃખ રાખો અને એ અકરણીય છે એમ બરાબર સમજો.

# રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે.

# ૫

શ્રી રામચન્દ્રજી આદિ ક્ષેમાંજલિ નગરીએ આવ્યાં, ત્યાં થતી ઉદ્‌ઘોષણા સાંભળીને શ્રી લક્ષ્મણજી શત્રુદમનની રાજસભામાં ગયાં, ત્યાં પણ વિચિત્ર ઘટના બની. ત્યાંથી શ્રી રામચન્દ્રજી આદિ વંશસ્થળ નગરની પાસે પહોંચ્યાં. ત્યાંના ભયભીત રાજા-પ્રજા પાસેથી ભયનું કારણ જાણીને વંશસ્થલ પર્વત ઉપર ચઢ્યા.

ત્યાં શ્રી કુલભૂષણ અને દેશભૂષણ મુનિવરોનાં દર્શન થતાં શ્રી રામચન્દ્રજી આદિએ મુનિવરોની વિશિષ્ટ પ્રકારે ગીતનૃત્યાદિપૂર્વક ભક્તિ કરી. બલભદ્ર અને વાસુદેવની કક્ષાના મહાનુભાવો મુનિભક્તિમાં પોતાની શક્તિને સાર્થક સમજે છે. પણ માત્ર ભક્તિ આરાધનાથી સંતુષ્ટ નથી, તે મહાત્માઓ ઉપર ઉપદ્રવ લઈને આવેલા વેતાલો આદિની સામે યુદ્ધ કરીને મુનિવરોની રક્ષા પણ તેઓએ કરી.

છતી શક્તિએ રક્ષાના અવસરે ભાગી જનારા આરાધનાને વગોવરાવે છે. અહીં પ્રસંગોપાત વાલીમુનિવરનો પ્રસંગ ફરી વર્ણવાયો છે.

-શ્રી

# રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે

- ★ શત્રુદમન રાજાની રાજસભામાં
- ★ હું તો મોટાભાઈને પરતંત્ર છું !
- ★ સુસાધુઓ ઉપર સત્તા ન ચલાવો !
- ★ છતી શક્તિએ શ્રાવક શું કરે ?
- ★ હણવાને ઉદ્યત
- ★ ધર્મની સાચી ધગશ હોવી જોઈએ
- ★ રક્ષાની ભાવના વિનાની
  આરાધના નકામી છે
- ★ વાલીમુનિએ કઈ સ્થિતિમાં
  તીર્થરક્ષા કરી હતી ?
- ★ શ્રી વાલી મહામુનિની
  સુંદર વિચારણા
- ★ આવેશ ઉતર્યા પછીની વિવેકિતા
- ★ એ સમતા ને શાંતિ મડદાની છે



# ૫

## રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે

શ્રીમતી સીતાજી અને શ્રી લક્ષ્મણજીની સાથે શ્રી રામચંદ્રજી રાત્રિનો થોડો ભાગ બાકી હતો ત્યારે વિજયપુરથી નીકળ્યા અનુક્રમે કેટલાંક વનોને ઉલ્લંઘ્યા પછીથી તેઓ ક્ષેમાંજલિ નામની નગરી નજદીક પહોંચ્યા. ત્યાં બહારના ઉદ્યાનમાં બેસીને શ્રી રામચંદ્રજીએ, શ્રી લક્ષ્મણજીએ લાવેલાં અને શ્રીમતી સીતાજીએ સુધારેલા વનફળોથી ક્ષુધાને શમાવી. ત્યારબાદ શ્રી રામચંદ્રજીની આજ્ઞા મેળવીને શ્રી લક્ષ્મણજી કૌતુકથી ક્ષેમાંજલિ નગરીમાં ગયા. ત્યાં ઉચ્ચ સ્વરે થતી ઉદ્‌ઘોષણા શ્રી લક્ષ્મણજીએ સાંભળી. આ નગરીના રાજાની શક્તિના પ્રહારને જે સહન કરશે તેને રાજા પોતાની કન્યા પરણાવશે, એવી એ ઉદ્‌ઘોષણા હતી.

### શત્રુદમન રાજાની રાજસભામાં

શ્રી લક્ષ્મણજી કૌતુકથી તો આ નગરીમાં આવ્યા છે, અને કૌતુક મળી ગયું એટલે પૂછવું જ શું ? તરત એમણે આવી ઉદ્‌ઘોષણાનું કારણ પૂછ્યું, એટલે એક પુરુષે કહ્યું કે, 'અહીં શત્રુદમન નામનો મહા ભુજાવાળો રાજા છે. તેને પોતાની રાણી કનકાદેવીથી ઉત્પન્ન થયેલી જિતપદ્મા નામની શ્રેષ્ઠ કન્યા છે. એ કન્યા લક્ષ્મીના એક ગૃહ સમાન છે અને એનાં લોચન પણ પદ્મ જેવાં છે. આ જીતપદ્માનાં વરના બળની પરીક્ષા માટે રાજાએ આ ઉદ્‌ઘોષણા કરાવવા માંડી છે, અને તેવો કોઈપણ વર નહિ આવતો હોવાથી રાજા રોજ એની એ ઉદ્‌ઘોષણા કરાવે છે.'–આ રીતે પેલાએ ઉદ્‌ઘોષણાનો હેતુ સ્પષ્ટપણે જણાવ્યો.

ઉદ્‌ઘોષણાનો આ હેતુ જાણીને શ્રી લક્ષ્મણજી, તે શત્રુદમન રાજા પોતાની રાજસભામાં બેઠો હતો, ત્યાં ગયા. રાજાએ પૂછ્યું કે, 'કયા હેતુથી અને ક્યાંથી આવો છો ?' શ્રી લક્ષ્મણજી જવાબમાં કહે છે કે, 'હું શ્રી ભરત રાજાનો દૂત છું.' કોઈ કાર્ય માટે હું જઈ રહ્યો છું. ત્યાં આપની કન્યાની આ વાત સાંભળી એટલે એને પરણવાને માટે અહીં આવ્યો છું. રાજા પૂછે છે, 'મારા શક્તિ પ્રહારને સહીશ ?' જવાબમાં શ્રી લક્ષ્મણજી કહે છે કે, 'એક તો શું પણ પાંચ શક્તિ પ્રહારને હું સહન કરીશ.' આ પ્રમાણે વાત થઈ રહી છે, એ જ વખતે રાજકન્યા જિતપદ્મા ત્યાં આવી પહોંચી. એણે શ્રી લક્ષ્મણજીને જોયા અને શ્રી લક્ષ્મણજીને જોતાંની સાથે જ તે મદનાતુર બની ગઈ. અનુરાગવતી થયેલી જિતપદ્માએ પોતાના પિતા શત્રુદમન રાજાને કહ્યું કે, 'હવે શક્તિનો પ્રહાર ન કરો.' પણ તરત જ શત્રુદમન રાજાએ શ્રી લક્ષ્મણજી ઉપર પાંચ શક્તિપ્રહાર કર્યા. પણ શ્રી લક્ષ્મણજીના શરીરને એવા પાંચ પ્રહારો શી અસર કરે તેમ હતા? તેમનું શરીર તો વજ્ર જેવું હતું. શ્રી લક્ષ્મણજીએ જિતપદ્મા કન્યાના મનની સાથે બે પ્રહાર હાથ ઉપર, બે પ્રહાર કક્ષા- કાખ ઉપર અને એક પ્રહાર દાંત ઉપર ઝીલ્યો.

## હું તો મોટાભાઈને પરતંત્ર છું !

આ પછી શું બન્યું તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*जितपद्माक्षिपत्तत्र, स्वयं वरणमालिकाम् ।*
*उद्वह्यतामियं कन्येत्यब्रवीत्पार्थिवोऽपि तम् ।।*
*लक्ष्मणोऽप्यवदद्‌बाह्यो-पवनेऽस्ति ममाग्रजः।*
*रामो दाशरथिस्तेन, परतन्त्रोऽस्मि सर्वदा ।।*

"જિતપદ્માએ તરત જ શ્રી લક્ષ્મણજીના કંઠમાં પોતે વરમાળા આરોપી અને શત્રુદમન રાજાએ પણ કહ્યું કે, આ કન્યાની સાથે તમે લગ્ન કરો. જ્યારે શ્રી લક્ષ્મણજીને આ પ્રમાણે કહેવામાં આવ્યું ત્યારે વિવેકસંપન્ન શ્રી લક્ષ્મણજી કહે છે કે 'મારા મોટાભાઈ શ્રી દશરથપુત્ર શ્રી રામચંદ્રજી આ નગરની બહારના ઉપવનમાં છે. સર્વદા હું તો તેમને પરતંત્ર છું.'

આ પ્રસંગ કેવો છે ? શ્રી લક્ષ્મણજીમાં આટલી શક્તિ હોવા છતાં પોતાને વડીલ ભાઈના સર્વદા પરતંત્ર તરીકે જાહેર કરતાં લેશ પણ સંકોચ થાય છે ? ઉત્તમ આત્માઓની આ મનોદશા સમજવા જેવી અને આચરણમાં ઉતારવા જેવી છે.

શ્રી લક્ષ્મણજીએ આ પ્રમાણે કહ્યું, એના પરિણામે

*तौ रामलक्ष्मणौ ज्ञात्वा, तत्क्षणं स क्षमापतिः ।*
*गत्वा रामं नमस्चक्रे, स्ववेश्मन्यानिनाय च ।।*
*महत्या प्रतिपत्त्या स, राजा राममपूजयत् ।*
*सामान्योऽप्यतिथिः पूज्यः किं पुनः पुरुषोत्तमः ।।*
*ततोऽपि चलिते रामे, सौमित्रिस्त्वं महीपतिम् ।*
*उवाच परिणेष्यामि, व्यावृत्तस्त्वत्सुतामिति ।।*

"શત્રુદમન રાજાને ખબર પડી કે, આ તો શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી છે. આથી તે જ સમયે તે રાજા શ્રી રામચંદ્રજી પાસે ગયા. નમસ્કાર કર્યા અને તેમને પોતાના મહેલમાં લઈ આવ્યા. એટલું જ નહિ પણ તે રાજાએ મોટી પ્રતિપત્તિથી શ્રી રામચંદ્રજીની સેવા કરી. સામાન્ય પણ અતિથિ પૂજ્ય છે. તો પછી પુરુષોત્તમ માટે તો પૂછવું જ શું ? આ પછી શ્રી રામચંદ્રજીએ જ્યારે ચાલવા માંડ્યું ત્યારે શ્રી લક્ષ્મણજીએ શત્રુદમન રાજાને કહ્યું કે, 'હું જ્યારે પાછો ફરીશ ત્યારે તમારી પુત્રીને પરણીશ."

આ પ્રમાણે કહી શ્રી લક્ષ્મણજી પોતાના વડીલબંધુ શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાજીની સાથે ક્ષેમાંજલિ નગરીથી રાતના વખતે નીકળ્યા.

### સુસાધુઓ ઉપર સત્તા ન ચલાવો !

શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાજી અને શ્રી લક્ષ્મણજીની સાથે દરેક નગરીમાંથી પ્રાયઃરાત્રિનો શેષ ભાગ બાકી હોય છે ત્યારે પ્રયાણ કરે છે. એ જ મુજબ તેઓ ક્ષેમાંજલિ નગરીથી નીકળ્યા અને સાયંકાળે વંશશૈલ નામના પર્વતના તટ ઉપર આવેલા 'વંશ સ્થળ' નામના નગરની પાસે આવી પહોંચ્યા. ત્યાં તેમણે રાજા અને પ્રજા બંનેને ભયથી વ્યાકુળ સ્થિતિમાં જોવાથી શ્રી રામચંદ્રજીએ કોઈ એક મનુષ્યને પુછ્યું કે, 'એવું શું કારણ છે કે જેથી રાજા અને પ્રજા બંને ભયથી આકુળ-વ્યાકુળ બની ગયેલ છે ?'

શ્રી રામચંદ્રજીના આ પ્રશ્નના ઉત્તરમાં તે પુરુષે કહ્યું કે, "અહીં ત્રણ દિવસથી રાતના આ પર્વત ઉપર ભયંકર કોલાહલ થાય છે. અને તે ભયંકર કોલાહલના ધ્વનિથી ભયભીત થઈને આ સઘળોય લોક રાત્રિ બીજે સ્થળે પસાર કરે છે અને પ્રાતઃકાળે પાછો આવે છે. ત્રણ દિવસથી રોજની આ કષ્ટમય દશા છે." રાજા અને પ્રજાના ભયભીતપણાનું આ કારણ જાણીને શ્રી લક્ષ્મણજીથી પ્રેરાએલા શ્રી રામચંદ્રજી કૌતુકથી તે પર્વત ઉપર ચઢ્યા. અને જોયું તો ત્યાં બે મુનિવરોને કાર્યોત્સર્ગમાં રહેલા જોયા. આથી શ્રી રામચંદ્રજીએ શ્રી લક્ષ્મણજીએ અને શ્રીમતી સીતાજીએ તો બંને મુનિઓને ભક્તિપૂર્વક વંદન કર્યું. આ પછી શ્રી રામચંદ્રજીએ તે મુનિઓની આગળ ગોકર્ણ યક્ષે આપેલી વીણા વગાડવા માંડી. શ્રી લક્ષ્મણજીએ ગ્રામરાગથી મનોહર એવું ગીત ગાવા માંડ્યું. અને શ્રીમતી સીતાજીએ વિચિત્ર રીતે અંગહાર કરવાપૂર્વક નૃત્ય કરવા માંડ્યું.

જોઈ, આ ધર્મભક્ત જનોની દશા ! મુનિઓને જોતાંની સાથે જ ત્રણેએ વંદન કર્યું અને એકે વીણા વગાડી. બીજાએ ગાન કર્યું. અને સીતાદેવીએ નૃત્ય કર્યું. મેઘને જોતાં મોર નાચે નહિ એ બને ? તેમજ ધર્માત્મા પણ દેવ - ગુરુને જોઈ નાચી ઉઠે, એમનું અંતર પ્રફુલ્લ થઈ જાય, બની શકે તે રીતે દેવગુરુની ભક્તિ કરે. આજે કઈ દશા છે ? ભક્તિ કરતું હોય તો એની મશ્કરી થાય, સાથે ભક્તિ કરવા યોગ્ય દેવ-ગુરુને માટે પણ એલ-ફેલ બોલાય. આ ગુરુ પાસે આવી ભક્તિ કરનાર કોણ છે ? એક શ્રી બળદેવ છે, એક શ્રી વાસુદેવ છે. અને એક મહાસતી છે. પણ એ બધાં દેવ-ગુરુની પાસે પોતાની જાતને તુચ્છ સમજતાં. આવા આત્માઓ કદિ સમસ્ત સાધુસંસ્થા ઉપર સત્તા માગે ખરા ? અને એવો વિચાર સરખોય એમના અંતરમાં ઉદ્ભવે ખરો ? આજે તો નામના જૈનોને સુસાધુઓ ઉપર સત્તા ચલાવવાના કોડ જાગ્યા છે. સુસાધુઓની સેવા અને કુસાધુઓને અવસરે શિક્ષા કરવાને બદલે, આજે તો સુધારણાને નામે એવા નામી જૈનો સુસાધુઓને રંજાડવામાં અને કુસાધુઓ પોતાની તરફેણ કરતા હોઈ તેમને વખાણવામાં પાગલ બની ગયા છે.

બાકી જે આવા સમર્થ છે. તેવા પણ પુણ્યશાળીઓ ગુરુઓને જોઈને વીણા વગાડે છે, ગાય છે ને નૃત્ય કરે છે. તેમનામાં સુસાધુઓ ઉપર સત્તા ચલાવવાની દુષ્ટ ભાવના કદિ આવે જ નહિ. જે કમનસીબ આત્માઓમાં પરમ આરાધ્ય સાધુપદ પ્રત્યે પૂજ્યભાવ નથી. અને પ્રભુશાસનના પવિત્ર ફરમાનો ઉપર શ્રદ્ધા નથી, તેવોઓને જ સુસાધુઓ ઉપર સત્તા ચલાવવાનું મન થાય છે. અને એમની એ પાપી મનોવૃત્તિનો અમલ થવામાં આડે આવતા સુવિહિત સાધુઓને તેઓ અછતા દોષોથી વગોવે છે. પણ આવા પ્રસંગોને સમજીને, વિચારીને શ્રદ્ધાસંપન્ન આત્માઓએ સમજી લેવું જોઈએ કે, સમસ્ત સાધુ સંસ્થા ઉપર સત્તા ચલાવવાની વાતો કરનારા અજ્ઞાન દુષ્ટો છે.

શ્રી રામચંદ્રજી આદિ વંશસ્થળ નગરની સમીપમાં પહોંચ્યા ત્યારે સાયંકાળ તો થઈ જ ગયો હતો. ત્યારબાદ રાજા પ્રજાની ભયભીત દશા જોઈને તેમણે કોઈ એક પુરુષને પૂછ્યું, એટલે પેલાએ ભયનું કારણ દર્શાવ્યું. ત્રણેએ પર્વત ઉપર આવી બે મુનિઓને કાર્યોત્સર્ગમાં રહેલાં જોયાં. વંદન કર્યું અને વીણાવાદન, ગાન તથા નૃત્ય કર્યું. આમ કરતાં સૂર્યનો અસ્ત થઈ ગયો અને રાત્રિ વૃદ્ધિ પામવા લાગી.

એટલામાં અનંગપ્રભ નામનો દેવ અનેક વેતાળોને વિકુર્વીને ત્યાં આવી પહોંચ્યો. તેણે પોતે પણ પોતાનું વેતાલ રૂપ બનાવી દીધું. પછી દુષ્ટ આશયવાળો તે દેવ અટ્ટહાસ્યોથી આકાશને ફાડતાં તે બંને મહર્ષિઓને ઉપદ્રવ કરવા માંડ્યો.

### છતી શક્તિએ શ્રાવક શું કરે ?

આવા વખતે ત્યાં શ્રમણોપાસક શ્રાવક હાજર હોય તો છતી શક્તિએ શું કરે ? એ ઉપદ્રવનું નિવારણ કરે કે શાંતિ રાખી, સમતા સાચવી, મૂંગો મૂંગો, થાય તે જોયા કરે ? શું એ એમ કહે કે, 'ભલે ઉપસર્ગ આવ્યો' ઉપસર્ગ સહન કરવો એ મુનિનો ધર્મ છે. આપણે એમાં વચ્ચે પડીને મુનિની થતી કર્મ નિર્જરામાં શા માટે અંતરાય કરવો ?' પણ સાચા શ્રાવકો કદિ આવો વિચાર કરે નહીં. તેઓ તો પોતાની દરેકે દરેક શક્તિનો સદુપયોગ કરવાની તક મળી એમ સમજે

અને એથી બધી જ શક્તિ ખર્ચીને મુનિઓ ઉપર થતા ઉપસર્ગનું નિવારણ કરે. આજે તો સુસાધુઓને પીડવા મથનારા એવાઓ પણ છે કે જે પાપાત્માઓ પોતે ઉપસર્ગ કરે છે, પછી મુનિએ સમભાવે સહવો જોઈએ એવી વાતો કરે છે અને જે ધર્માત્માઓ એવા પાપાત્માઓના ઉપસર્ગોનો પ્રતિકાર કરવાના પ્રયત્નમાં લાગે તેમને શાંતિ વિનાના, સમતા વિનાના અને તોફાની કહીને વગોવે છે. શું મુનિને કર્મનિર્જરા થાય માટે જાણી જોઈને ઉપસર્ગ કરાય ? આજે તો ઉપસર્ગ કરનારા પાપાત્માઓમાંના કોઈ કોઈ તો એમ બોલે છે કે અમે મહારાજનું ભલું કરનારા છીએ ! ખરેખર, આના જેવી કુટિલતા બીજી કઈ હોઈ શકે ? એ કબુલ છે કે આવી પડેલા ઉપસર્ગને સમભાવે સહવો એ શક્તિસંપન્ન મુનિનો ધર્મ છે, અને એવી રીતે સમતાથી ઉપસર્ગને સહનારા પ્રાતઃસ્મરણીય મહર્ષિઓ જરૂર એથી અપૂર્વ કર્મનિર્જરા કરી શકે છે, યાવત્ કેવળજ્ઞાન પણ ઉપાર્જી શકે છે. પરંતુ તે પ્રસંગે શ્રાવકની ફરજ કઈ ? એ જ ખાસ વિચારવાનું છે. અહીં ત્રણ દિવસથી મુનિઓ તો ઉપસર્ગ સહે જ છે, પરંતુ અત્યારે હાજર છે તે શ્રી રામચંદ્રજી આદિની શી ફરજ છે ? અને તેઓએ જે રીતે ફરજ બજાવી તે રીતે આપણી શક્તિ હોય અને એવો પ્રસંગ આવી પડે તો બજાવવાની ખરી કે નહિ ? શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી જેવા તેવા પુણ્યાત્મા નથી. એમનું ધર્મીપણું પણ જેવું-તેવું નથી. અન્યથા, તેઓ મુનિઓને જોતાવેંત જ વંદન કરી વીણાવાદન ગાન અને નૃત્ય કરત જ નહિ, એટલે આવા ધર્માત્માઓની જે ધર્મકરણી તે વિવેકહીન કે ધર્મવિરુદ્ધ તો ન જ હોય ને ? ત્યારે જુઓ તે શું કરે છે.

### હણવાને ઉદ્યત

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા એ દર્શાવતા ફરમાવે છે કે-

**मुक्त्वोपसाधुं वैदेहीं, सन्नद्धौ रामलक्ष्मणौ ।**
**उत्तस्थाते तं निहंतु-मकाले कालतां गतौ ॥**

"શ્રીમતી સીતાદેવીને સાધુઓની પાસે મૂકીને, અકાળે યમપણાને પામેલા શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી તે અનંગપ્રભ દેવને હણવાને માટે

ઉદ્યત થયા." આ પ્રમાણે શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી એ ઉપસર્ગ કરનારને હણવાને માટે અકાળે કાળરૂપ બની તૈયાર થઈ ગયા, પણ પુણ્યશાળી એવા તે આત્માઓને કશો પણ પ્રયત્ન કરવો પડ્યો નહિ તેમના પુણ્યતેજના પ્રસારને સહી શકવાને અસમર્થ એવો તે દેવ તરત જ ઉપસર્ગ કરવાનું છોડીને પોતાના સ્થાને ચાલ્યો ગયો.

તો શું મુનિ પુણ્યશાળી નહોતા ? અરે, મુનિપણું એ જ મહાપુણ્ય છે. પરંતુ અત્યારે તે મુનિઓને અશુભનો ,ઉદય છે. અશુભના ઉદય વખતે ભલભલાની દશા વિષમ થઈ જાય છે. ધર્મને પામેલામાં એ વખતે પણ ફરક રહે છે. ધર્મને પામેલો શક્તિસંપન્ન આત્મા એવા અશુભના ઉદય સમયે તો પોતાનું સઘળુંય સાધવાનું સાધી લે છે. અશુભનો ઉદય એને મૂંઝવી શકતો નથી. અને તમે જુઓ કે એ દૈવી ઉપસર્ગને સહનારા બંને મુનિવરોને તે જ વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. દેવતાઓએ આવીને તે બંનેય મુનિવરોના કેવળજ્ઞાનનો મહિમા ગાયો. અને શ્રી રામચંદ્રજીએ નમસ્કાર કરીને આવી રીતે ઉપસર્ગ થવાનું કારણ પૂછ્યું. શ્રી રામચંદ્રજીના પ્રશ્નનો ઉત્તર આપતાં એક મુનિવર પોતાનો પૂર્વ વૃત્તાંત કહેવા લાગ્યા.

### ધર્મની સાચી ધગશ હોવી જોઈએ

આ કથા પ્રસંગમાં આપણે આગળ વધતાં પહેલાં અહીં ઘણી જરૂરી વાતો વિચારવા જેવી છે. આરાધના કરનારમાં રક્ષાની ભાવના ન હોય એ બને જ નહિ. **"જે તારક વસ્તુની આરાધનાથી અનંત સંસારથી મુક્ત થવાય, જે તારક વસ્તુની આરાધનાના યોગે અનંતકાળથી ચાલુ ભવોભવની રખડપટ્ટી ટળી જાય અને જે તારક વસ્તુની આરાધનાથી દુઃખના લેશ વિનાનું, સંપૂર્ણ અને સદા સ્થાયી સુખ મળે, તે તારક વસ્તુ ઉપર આફત આવે ત્યારે જો આરાધકનું દિલ વલોવાઈ ન જાય, શક્તિ મુજબ એ આફતનો પ્રતિકાર કરવાની ભાવના ન જાગે અને શક્તિનો શક્ય ઉપયોગ કરીને એ આફત ટાળવાની પ્રવૃત્તિ ન કરાય, તો એમ જ કહેવું પડે કે કાંતો એ વસ્તુના તારકભાવ ઉપર શ્રદ્ધા નથી, કાં તો આરાધના પોલી છે, અને કાં તો આરાધના જે ધ્યેયથી થવી જોઈએ તે ધ્યેયથી નથી થતી."**

પોતાને તરવાની ભાવના હોય, આ વસ્તુ તારક જ છે, એમ હૃદયની સાચી શ્રદ્ધા હોય અને તારક વસ્તુની ઉપર આવેલી આફત નિવારવાની પોતામાં શક્તિ હોય, તો એ મુનિ હોય કે ગૃહસ્થ હોય, મોટા આચાર્ય હોય કે મોટો આબરૂદાર ગૃહસ્થ હોય, ગમે તે હોય, પણ તારક વસ્તુ ઉપર આવેલી આફત ટાળવાની પ્રવૃત્તિથી એ દૂર રહી શકે જ નહિ. આ તો શક્તિ હોય એની વાત થઈ, પણ ધારો કે શક્તિ ન હોય, તો પણ તારક વસ્તુના ઉપર આવેલું આક્રમણ જોઈને એનું અંતર જરૂર વલોવાઈ જાય, કોઈ શક્તિસંપન્ન એ આક્રમણ ટાળે, એ જ એની ઝંખના હોય, અને જ્યારે સાંભળે કે અમુકે એ માટે પ્રયત્ન આરંભ્યો છે, ત્યારે એનું અંતર ખૂબ-ખૂબ પ્રફુલ્લ થઈ જાય અને સ્હેજે-સ્હેજે તેના મુખમાંથી એ રક્ષાનો પ્રયત્ન કરનાર માટે ધન્યવાદ ઉચ્ચારાઈ જાય. એટલું જ નહિ પણ એ પોતાના ભક્ત, સ્નેહી કે સંબંધી સૌને એક જ કહ્યા કરે કે, 'હું પામર છું કે, અત્યારે તારક વસ્તુ પર આક્રમણ કરનારાઓને રોકી શકતો નથી. ધન્ય છે અમુકને કે એ આ પ્રયત્નમાં પડ્યો છે અને બીજી કશી પણ પરવા રાખ્યા સિવાય રક્ષાનું કાર્ય કર્યે જ જાય છે. માટે તમારી જે કાંઈ સાધન સામગ્રી હોય તે **એને સોંપો**. એને દરેક રીતે મદદગાર બનો, અને આવા ધર્મની ધગશવાળા આત્માઓ, કદાચ પોતે કાંઈ પણ ન કરી શકે તેમ બને, પરંતુ એ આત્માઓ પણ પોતાની શુદ્ધ ભાવનાના યોગે તરી જાય. 'ભવિતવ્યતાના યોગે કદાચ અશુભ પરિણામ પણ આવે, છતાં શુદ્ધ ભાવનાથી શુભ પ્રવૃત્તિ કરનાર અને શક્તિના અભાવે શુદ્ધ ભાવના રાખનાર તો જરૂર પોતાનું કામ કાઢી જાય. તેમને તો એ ભાવનાને એ ક્રિયાથી જે લાભ થવો જોઈએ તે થાય જ, એ સુનિશ્ચિત છે.

### રક્ષાની ભાવના વિનાની આરાધના નકામી છે

અરે, સર્વથા રક્ષાની ભાવના વિનાની આરાધના તો પ્રસંગે ઈતરજનો માટે હાસ્યનો વિષય પણ થઈ પડે. 'જોયો આ પૂજા કરનારો ભગવાનનો ભક્ત ! રોજ તો પૂજા કરવાને માટે દોડાદોડ કરે અને મંદિર ઉપર આફત આવી એટલે ભાઈસાહેબ પોબારા ગણી ગયા ! જોયો આ ગુરુભક્ત! રોજ તો વંદન કર્યા વિના ખાય નહિ,

વ્યાખ્યાન કદિ મૂકે નહિ અને જ્યાં ગુરુઉપર આક્રમણ આવ્યું એટલે ઉપાશ્રયનો રસ્તો પણ તજી દીધો!! આવા ભક્તો ન હોય એ શું ખોટું?- આવું ઇતરજનો પણ બોલે : પરંતુ આજે તો એથીય ખરાબ હાલત કેટલીકવાર જોવાય છે. આક્રમણ વખતે પડખે તો ઉભા ન રહે, દૂરથી પણ મદદ તો ન કરે, પરંતુ ઉલટા સામાને વગોવે. આક્રમણનો સામનો કરનારને મૂર્ખ કહે, એ પોતે સમતાના સાગર બને, **શું તારક વસ્તુ ઉપર આક્રમણ આવે ત્યારે દૂર ખસી જવું, એ ડહાપણ છે ? શું એ સમતા છે ? શું એમ કરવાથી ભક્તિ શોભે ખરી ? હરગીઝ નહિ !'**

શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રીમતી સીતાજીએ એ બંને મુનિવરોને વંદન કર્યું, ભક્તિ નિમિત્તે એક વીણા વગાડી, બીજાએ ગાન કર્યું અને ત્રીજા શ્રીમતી સીતાજીએ નૃત્ય કર્યું. અને પછી અનંગપ્રભ દેવે આવી ઉપસર્ગ કર્યો ત્યારે છતી શક્તિએ સમતાથી કેમ બેઠા નહિ ? એ દેવને હણવાને માટે કેમ તૈયાર થયા ? અને એ પણ વિચારો કે એવા સમયે તેમણે એ કહેવાતી સમતા રાખી હોત, તો એમણે પહેલાં કરેલી ભક્તિ શોભત કે ઉલટી લજવાત ? સાચો પૂજક કદી પૂજ્યનો નાશ છતી શક્તિએ જોઈ શકે ? શક્તિ હોય તો શત્રુને નિવારે, નહિતર બળાપો તો જરૂર થાય. અરે, પાડોશીનું ઘર બળતું જોઈ રહેનાર, વ્યવહારની દુનિયામાંય ડાહ્યો ગણાતો નથી, જ્યારે શાસન એ તો આપણું ઘર છે. આપણને પાપથી રક્ષનાર અને તારનાર કોઈ હોય તો આ જૈન શાસન છે. શાસન એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મ આ ત્રણમાંથી કોઈ એકના નાશનો પ્રયત્ન કરે તો આપણે સમતાને નામે પણ કેમ સહી શકીએ ?

પરંતુ મૂળ વાત એક જ છે, અને તે એ કે જગતમાં આ જ એક માત્ર તારક છે, એ જાતની અંતરમાં પૂરેપૂરી પ્રતીતિ થયા વિના રક્ષક-ભાવના જાગતી જ નથી. કુળધર્મને અંગે ક્રિયાઓ થાય, પણ એમાં જે ચેતન આવવું જોઈએ તે આવે નહિ. વસ્તુને તારક માન્યા પછી તો એને રક્ષવા અને વિકસાવવા આદમી હજારો પ્રયત્ન કરે છે. અરે, તમે માન્યું છે કે, આ સંસારમાં લક્ષ્મી વિના નભે જ નહિ અને લક્ષ્મી હોય તો જ સગાસંબંધી, સ્નેહીઓ, ઓળખીતાઓ અને બીજા લોકો પણ

ચાહે ને માન પણ આપે. તો તમે લક્ષ્મી મેળવવા માટે, લક્ષ્મી વધારવા માટે અને લક્ષ્મી સાચવવા માટે શું નથી કરતા ? લક્ષ્મીની તીવ્ર લાલસાએ તો આજે તમારી સુખશાંતિ હરી લીધી છે. તમારી લગભગ બધી પ્રવૃત્તિઓને અકરણીય પાપથી રગદોળી દીધી છે, તો પછી જો દેવ, ગુરુ અને ધર્મ એ જ એક માત્ર તારક છે, આવી દૃઢ ભાવના થઈ જાય અને એ સિવાયની બાકીની દુનિયાની બધી જ વસ્તુઓ આત્માને ડૂબાવનાર છે એમ સમજાઈ જાય, તો દુનિયાની સઘળીય વસ્તુઓના ભોગે પણ દેવ-ગુરુધર્મની રક્ષા કરવી જોઈએ, એમ લાગ્યા વિના રહે ખરું ? અને જો આવી ભાવના પણ આવી જાય, તો આજે જે અધર્મનો પ્રતિકાર કરનારી સંસ્થાઓને નાણાં વગેરેની મૂંઝવણ રહે ખરી ? ધર્મદ્રોહીઓ આજે નિર્લજ્જ, નફ્ફટ અને સ્વચ્છન્દી બનીને લખી, બોલીને વર્તી શકે છે. તે તેમ કરી શકો ખરા ? જે વસ્તુના આટલા આટલા આરાધકો હોય, તે વસ્તુને માટે જેની દુનિયાના વ્યવહારમાં પણ ફુટી કોડીનીય કિંમત નથી એવાઓ એલફેલ બોલી શકે ખરા ? શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીમાં કેવો આરાધક-ભાવ હશે, કે જેથી મુનિ પર ઉપસર્ગ કરનારને હણવાને તેઓ તૈયાર થયા ? પણ આ બધી વાતો એવી છે કે, જેવી શક્તિ ને જેવો પ્રસંગ. આપણે ધર્મદ્રોહીઓને હણવાનું કદિ નથી કહેતા. આપણે તો કહીએ છીએ કે -એ બિચારાઓ પૂરા દુર્ભાગી છે, કે જેથી આવા સર્વશ્રેષ્ઠ તારક શાસનનો પણ સંયોગ પામીને એ જ તારક વસ્તુ તરફ એમને દુર્ભાવ જાગ્યો છે. અને જો એમનું એ દુર્ભાગીપણું એમને જ માત્ર નુકશાન કરતું હોત, તો આપણે તેમને બચાવી લેવાના પ્રયત્ન કરવા છતાં તેઓ તેવા જ રહેવા માગત તો ઉપેક્ષા કરત, પરંતુ આજે તો તેમનું દુર્ભાગીપણું તેમના આત્મહિતનો નાશ કરવા સાથે, બીજા અનેક આત્માઓને ઉન્માર્ગે દોરી રહેલું જોવાય છે, માટે જ તેનો પ્રતિકાર કરવો પડે છે. આવા સમયે તો દેવ-ગુરુ-ધર્મનો સાચો ઉપાસક પોતાનાથી બનતી દરેક રીતે રક્ષાનું કાર્ય કરે જ અને એ માટે ધર્માત્માઓએ દેવ-ગુરુ-પ્રત્યે સાચો તારકભાવ કેળવવાની જરૂર છે.

દેવ-ગુરુધર્મ પર સાચો તારકભાવ આવી ગયા પછીથી, એ વસ્તુ ઉપર આક્રમણ આવે ત્યારે એનું શક્તિ મુજબ રક્ષણ કરવાની ભાવના જાગૃત થઈ જ જાય છે. તે વખતે સાચી સમતાને ધરનારા પણ કર્તવ્યથી વિમુખ બનતા નથી. બાકી છતી શક્તિએ એવા વખતે મૌન રહેવાની વાતો કરનારા તો સાચી સમતા કોને કહેવાય ? એ જ જાણતા નથી. **જે શાસનના યોગે સમતા જેવી વસ્તુ જાણી, તે શાસનના નાશ વખતે શું સમતાનો દંભ થાય ? વસ્તુતઃ એને સમતા કહેવી એ પણ સાચી સમતાને લજવવા જેવું છે.**

### વાલીમુનિએ કઈ સ્થિતિમાં તીર્થરક્ષા કરી હતી ?

શ્રી વાલીમુનિએ કઈ રીતે અને કઈ સ્થિતિમાં તીર્થરક્ષા કરી હતી ? આ રામાયણમાં એ પ્રસંગ આવી ગયો છે. યાદ છે તમને ? એવા મહર્ષિને સમતાનું જ્ઞાન નહોતું કે એમનામાં સમતાનો ગુણ નહોતો એમ કઈ જીભે કહી શકાય તેમ છે ? શ્રી વાલીકુમાર વાનરદ્વીપના આદિત્યરાજાના પુત્ર હતા. તેઓ પ્રૌઢ પ્રતાપી અને બળવાન રાજા છે. આવી ખ્યાતિ શ્રી રાવણથી સાંખી શકાઈ નહિ. શ્રી રાવણને એમ થયું કે આકાશ એક અને સૂર્ય બે ? એ બને જ કેમ? તરત જ દૂત દ્વારા પોતાનો સેવાભાવ સ્વીકારવાનું તેમણે કહેણ મોકલ્યું. શ્રી વાલીએ જવાબ આપતાં એમ પણ કહ્યું કે, 'સર્વજ્ઞ અર્હન્ત દેવ અને સુગુરુસાધુ વિના અન્ય કોઈ આ દુનિયામાં સેવ્ય છે, એમ અમે જાણતા જ નથી. તારા સ્વામીને સેવા કરાવવાનો આટલો બધો મોહ કેમ છે ? પોતાને સેવ્ય અને અમોને સેવક માનતા એવા તારા રાજાએ પરંપરાથી ચાલ્યા આવેલા સ્નેહગુણને આજે ખંડિત કરી નાંખ્યો છે. છતાં મિત્રકુળમાં ઉત્પન્ન થયેલા અને પોતાની શક્તિને નહિ જાણતા એવા રાવણની ઉપર અપવાદથી કાયર એવો હું પોતે તો કાંઈ જ નહિ કરું. પરંતુ અહિતકર પ્રવૃત્તિ કરતા એવા તેનો પ્રતિકાર તો હું અવશ્ય કરીશ.'

આવા જવાબથી શ્રી રાવણનો ખૂબ ક્રોધ ચઢ્યો. અને યુદ્ધ કરવા પ્રયાણ કર્યું. બંનેના સૈન્ય ભેટ્યાં. યુદ્ધમાં અનેક પંચેન્દ્રિય

તિર્યંચો અને મનુષ્યોનો સંહાર થતો જોઈને શ્રી વાલી મહારાજાનું હૃદય દ્રવી ગયું. આથી તેમણે જાતે આવીને શ્રી રાવણને કહ્યું કે, 'વિવેકી આત્માઓને માટે પ્રાણી માત્રનો વધ કરવો એ યોગ્ય નથી. તો પછી હસ્તિ આદિ પંચેન્દ્રિય પ્રાણીઓના વધની તો વાત જ શી ? જો કે આ પ્રાણીઓનો વધ દુશ્મનોના વિજયને માટે કરાય છે, તો પણ પરાક્રમી પુરુષો માટે આ યોગ્ય નથી. કારણકે પરાક્રમી પુરુષો પોતાની જ ભૂજાઓથી વિજય ઈચ્છનારા હોય છે. તમે પરાક્રમી અને શ્રાવક છો, માટે જે યુદ્ધ અનેક પ્રાણીઓના સંહારથી ચિરકાળ સુધીના નરકાવાસ માટે થાય છે, તે સૈન્યના યુદ્ધને છોડી દો.'

શ્રી વાલી મહારાજાની આ હિતકર વાતનો શ્રી રાવણે પણ સ્વીકાર કર્યો. અને પછી બંનેએ પરસ્પર યુદ્ધ કરવા માંડ્યું. એ યુદ્ધમાં પોતાની બધી શક્તિ વાપરી બધાં શસ્ત્રોનો ઉપયોગ કરવા છતાં શ્રી વાલીથી શ્રી રાવણની હાર થઈ અને શ્રી વાલી શ્રી રાવણને બગલમાં ઘાલીને ક્ષણવારમાં ચાર સમુદ્રવાળી પૃથ્વીને ફરી વળ્યા. પછી શ્રી વાલીની બગલમાંથી છૂટેલા શ્રી રાવણ મસ્તક નમાવીને ત્યાં ઉભા રહ્યાં. એટલે શ્રી વાલી કહે છે કે, 'વીતરાગ સર્વજ્ઞ, આપ્ત અને ત્રણે લોકથી પૂજિત એવા શ્રી અરિહંત દેવ અને સુસાધુરૂપ સદ્ગુરુવિના મારે બીજા કોઈ નમસ્કાર કરવા યોગ્ય નથી. ધિક્કાર છે તમારા અંગમાં ઉત્પન્ન થયેલા તે માનરૂપી શત્રુને, કે જેનાથી મોહિત થઈને તમે મારા પ્રણામના કુતૂહલી બની આ દશાને પામ્યા.' આ રીતે શ્રી રાવણને તેમની ભૂલનો ખ્યાલ કરાવ્યા બાદ શ્રી વાલી કહે છે કે, 'પૂર્વના ઉપકારોને યાદ કરતો એવો હું તમને હવે છોડી દઉં છું. અને આ પૃથ્વીનું રાજ્ય તમને આપી દઉં છું, માટે અખંડ આજ્ઞાવાળો એવા તમે તેનું પાલન કરો. વળી વિજયની ઈચ્છાવાળા એવા મારી હયાતિમાં તમારી પાસે આ પૃથ્વી ક્યાંથી હોય ? કારણકે સિંહથી સેવિત વનમાં હસ્તિઓનું અવસ્થાન ક્યાંથી હોય ? એટલે હું તો મુક્તિરૂપ સામ્રાજ્યની પ્રાપ્તિના કારણરૂપ દીક્ષાને અંગીકાર કરીશ અને કિષ્કિંધા નગરીમાં તમારી આજ્ઞાને ધરનાર મારો ભાઈ સુગ્રીવ રાજા છે.' આ પ્રમાણે કહીને પોતાના ભાઈ સુગ્રીવને પોતાના રાજ્ય

ઉપર સ્થાપન કરીને શ્રી વાલી મહારાજાએ પૂજ્ય શ્રી ગગનચંદ્ર નામના ઋષિવરની પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

ઋષિપુંગવ શ્રી ગગનચંદ્રની પાસે જૈનેશ્વરી દીક્ષાનો સ્વીકાર કર્યા પછી તે મહાપુરુષ શ્રી વાલી મુનિવર વિવિધ પ્રકારના અભિગ્રહોને અંગીકાર કરી. તપ તપવામાં તત્પર થઈ, પ્રતિમાધર બની, ધ્યાનમગ્ન અને નિર્મળ બની પૃથ્વીની ઉપર વિહરવા લાગ્યા. અને વૃક્ષને જેમ પુષ્પ-પત્ર-ફળ આદિ ઉત્પન્ન થાય છે તેમ શ્રી વાલી મુનિવરને ક્રમે ક્રમે અનેક લબ્ધિઓ પ્રગટ થઈ. વાલી મુનિવરનો આ પૂર્વ વૃત્તાંત ટૂંકમાં પણ એટલા જ માટે કહેવાયો છે કે જેથી તમને એ ખ્યાલમાં રહે કે તીર્થરક્ષા માટે શ્રી રાવણ જેવાને પહાડની નીચે દબાવનાર કોઈ સાધારણ પુરુષ ન હતા, પણ સમતાના સાગર હતા.

હવે તીર્થરક્ષાના મૂળ પ્રસંગ ઉપર આવીએ. એકવાર શ્રી રાવણ નિત્યાલોક તરફ ત્યાંના વિદ્યાધરેશ્વરની રત્નાવલી નામની કન્યાને પરણવા માટે વિમાનમાં જઈ રહ્યા છે. રસ્તામાં આવતા શ્રી અષ્ટાપદ પર્વત ઉપર શ્રી વાલી મુનિવર પ્રતિમામાં રહેલા છે. શ્રી રાવણનું વિમાન ત્યાં સ્ખલના પામે છે. એટલે ક્રોધાયમાન થઈને નીચે ઉતરી શ્રી રાવણે જોયું તો પ્રતિમામાં રહેલા શ્રી વાલી મુનિવરને તેણે જોયા. પણ અત્યારે તો તે ક્રોધના આવેશમાં છે. એટલે મુનિને જોઈને ભક્તિભાવ જાગૃત થવાને બદલે તેને પૂર્વ વૈરની ભાવના જાગૃત થાય છે. અને એટલું પણ ભૂલી જવાય છે કે સ્થાવર કે જંગમતીર્થની ઉપર વિમાન જરૂર સ્ખલના પામે. આવી રીતે ક્રોધિત દશામાં વિવેક ભૂલેલા શ્રી રાવણ કહે છે કે, "આજ પર્યંત તું મારાથી વિરુદ્ધ છો, જગતને ઠગવાની ઈચ્છાવાળો તું દંભથી જ વ્રતને વહન કરે છે. પહેલાં પણ તે કોઈ માયાથી મને વાહિકની જેમ વહન કર્યો હતો અને નિશ્ચયથી જરૂર તેં આવી શંકાથી જ દીક્ષા લીધેલી કે આનો આ જરૂર બદલો વાળશે ! પણ ચોક્કસ આજ પણ હું તેનો તે જ રાવણ છું, તે જ મારા બાહુઓ છે અને તારા કૃત્યનો બદલો વાળવાનો આજે મને સમય મળ્યો છે. એટલે હવે હું બદલો વાળું છું અને ચંદ્રહાસ ખડ્ગની સાથે મને ઉપાડીને તું જેમ સમુદ્રોમાં ભમ્યો હતો, તેમ હું તને પર્વતની સાથે ઉપાડીને લવણ સમુદ્રમાં ફેંકીશ.'

શ્રી રાવણ આ રીતે શ્રી વાલી મુનિવરને દંભી કહે છે, માયાવાળા કહે છે. ડરીને દીક્ષા લીધી એમ કહે છે. અને પર્વત સહિત સમુદ્રમાં ફેંકી દેવાનું પણ કહે છે. છતાં સમતાના સાગર શ્રી વાલી મુનીશ્વર એક અક્ષર પણ બોલતાં નથી, જરા સરખો ક્રોધ પણ કરતાં નથી. જાત ઉપર આફત આવે અને પોતાનામાં સમતા રહે, એ જ વાસ્તવિક સમતા છે. જાત ઉપર જરાક આફત આવે ત્યાં તો કૂદાકૂદ કરાય, પોતાની જરાક નિન્દા આવે ત્યાં તો કાકારવ મચાવી મૂકાય, અને સૌની ભલે નિંદા કરે, પંચ પરમેષ્ઠિની અને ચાર ધર્મપદોની ભલે નિંદા કરે પણ પોતાની નિંદા ન કરે અને પોતાને સારા કહે એટલા ખાતર એવા નિંદકને પાસે બેસાડાય, એની પીઠ થાબડાય, એવા ધર્મદુશ્મનોના ધર્મદ્રોહીનો પ્રતિકાર કરનારને માટે પોતાના મોઢામાં નહિ શોભે તેવા શબ્દો વપરાય અને ભક્તાદિ પાસે સમતાની વાતો કરાય, એને કોઈ પણ વિચારશીલ માણસ સમતાનો દંભ કહે કે સમતા કહે ? ભક્તો પાસે, ધર્મદ્રોહીઓ માટે બબડવું અને ધર્મદ્રોહીઓ આવે એટલે એની પાસે એની હા માં હા કરવી, આ શું સમતાનાં લક્ષણો છે ? ખરેખર, સમતાનાં અને ડહાપણના નામ નીચે આ તો ભયંકર રીતે કીર્તિની, નામનાની લાલસા પોષાઈ રહી છે, એવાઓએ સવેળા ચેતવા જેવું છે.

નામના જેવી તુચ્છ વસ્તુ માટે પમાએલી ઉત્તમ સામગ્રીને વેડફી નાખવી, એ કાગને ઉડાડવા ચિંતામણિ ફેંકવા જેવું છે, આથી પોતાની નિંદા સહવાની તાકાત કેળવીને, પ્રભુશાસનની નિંદા અટકાવવાના પ્રયત્નમાં સૌએ લાગી જવું જોઈએ.

જે પાપાત્માઓ ધર્મદ્વેષથી પ્રેરાઈને અનંતજ્ઞાનીઓને, તેઓએ ફરમાવેલા તારક આગમોને અને તે તારક પ્રભુની પૂજાદિને ભાંડી શકે છે, તે પાપાત્માઓ તેમની પ્રવૃત્તિમાં જે બાધારૂપ થતા હોય અને તેમની દુર્લાલસાને લેશ પણ વજુદ નહિ આપતા તેનો વિરોધ કરતા હોય, તેમને જુઠ્ઠા કલંકો ઓઢાડીને, તેમને માટે કલ્પિત બીનાઓ લખીને અને તેમને ચીતરી શકાય તેટલા હલકા ચીતરીને વગોવે નહિ અને તોફાનો મચાવે નહિ, એ બનવાજોગ જ નથી ! પણ જેને દેવ-ગુરુધર્મ ઉપર વાસ્તવિક શ્રદ્ધા હોય તેણે એ વસ્તુની

પરવા જ કરવાની ન હોય. એણે તો સામો પડકાર જ કરવાનો હોય કે તમારા જેવા ધર્મદ્વેષીઓ આવા જુઠ્ઠાં, તર્કટી અને પ્રપંચી હજારો કલંકો ઓઢાડે તોય તેની અમને પરવા નથી. તમારી બદનેમ બર નથી આવી શકતી એટલે તમે આ તો શું પણ આનાથીય હલકટ હદે જરૂર પહોંચવાના, પરંતુ તમારી તે પ્રવૃત્તિ અમને સત્યનો પ્રચાર કરતાં એક કદમ પણ પાછી હઠાવી શકશે નહીં !' આટલો જો સૌ પડકાર કરે, તો એ સાંભળીને જ પેલાઓનું અડધું બળ ક્ષીણ થઈ જાય.

આપણામાં દોષ હોય તે આપણે જરૂર સુધારવા પ્રયત્ન કરીએ, પણ સામો ખોટી રીતે દોષારોપણ કરે એથી ડરી જઈને, જે પ્રભુશાસનના યોગે આ તારક માર્ગ પામ્યા. તે જ પ્રભુ શાસનની નાશક નિંદાની ઉપેક્ષા કરીએ અને એ માર્ગનો નાશ થવા દઈએ એ બને જ કેમ? ખરેખરી સમતા તો આ કેળવવા જેવી છે. એવી સાચી સમતા છે નહિ. માટે જ આજે છતી શક્તિએ કેટલાકો કરવા યોગ્ય કાર્યોથી વંચિત રહે છે. શ્રી વાલી મુનિશ્વરને શ્રી રાવણે આટલું કહ્યું છતાં તેઓ મૌન રહ્યાં. પરંતુ હવે જુઓ કે સમતાના સાગર એવા પણ તે પરમર્ષિ તીર્થની રક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થતાં શું કરે છે ?

### શ્રી વાલી મહામુનિની સુંદર વિચારણા

આવેશને આધીન થઈ વિવેક ભૂલેલા શ્રી રાવણ આ પ્રમાણે શ્રી વાલી મુનીશ્વરને કહીને સ્વર્ગથી પડેલા વજ્રની જેમ પૃથ્વીને ફાડી નાંખીને શ્રી અષ્ટાપદગિરિના તળીયે પેઠા અને ભૂજાબળથી મદોદ્ધત બનેલા તેમણે એકી સાથે હજારો વિદ્યાઓનું સ્મરણ કરીને, દુર્ધર એવા તે શ્રી અષ્ટાપદ પર્વતને ઉપાડ્યો, આથી તે પહાડ ઉપર વ્યંતરો ત્રાસ પામ્યા, ચપળ થએલા સાગરથી રસાતળ પૂરાવા લાગ્યું, ધસી પડતાં પથ્થરોથી હાથીઓ ક્ષુણ્ણ થઈ ગયા અને નિતંબ ઉપરનાં વૃક્ષો ભાંગી પડ્યાં.

આ બનાવને અવધિજ્ઞાનથી જાણીને અનેક લબ્ધિઓરૂપી નદીઓ માટે મહાસાગર સમા અને વિશુદ્ધ બુદ્ધિવાળા તે શ્રી વાલી મહામુનિ વિચારવા લાગ્યા કે,

"आः कथं मयि मात्सर्या-दयमद्यापि दुर्मतिः ।
अनेकप्राणिसंहार-मकांडे तनूतेतराम् ॥१॥
भरतेश्वरचैत्यं च, भ्रंशयित्वैष संप्रति ।
यतते तीर्थमुच्छेत्तुं, भरतक्षेत्रभूषणम् ॥२॥"

અરે, આજ સુધી પણ મારી ઉપરના માત્સર્યથી આ દુર્મતિ અકાળે અનેક પ્રાણીઓના સંહારને કેમ કરે છે ? હાલમાં આ ભરતેશ્વર શ્રી ભરત મહારાજાએ બનાવેલા ચૈત્યનો ભંશ કરીને ભરતક્ષેત્રના ભૂષણભૂત આ તીર્થનો ઉચ્છેદ કરવા યત્ન કેમ કરે છે ?

આ પ્રમાણે તીર્થના નાશનો વિચાર આવતાંની સાથે જ તે શ્રી વાલી મુનીશ્વર જે વિચારે છે અને જે કરે છે, તે બધું સમજવા જેવું છે, તેઓ વિચારે છે કે,

"अहं च त्यक्तसंगोऽस्मि, स्वशरीरेऽपि निःस्पृहः ।
रागद्वेषविनिर्मुक्तोः, निमग्नः साम्यवारिणि ॥१॥
तथापि चैत्यत्राणाय, प्राणिनां रक्षणाय च ।
रागद्वेषौ विनैवेनं, शिक्षयामि मनागहं ॥२॥"

જો કે હું સંગરહિત છું. મારા શરીર વિશે પણ હું સ્પૃહા વિનાનો છું. રાગ અને દ્વેષથી હું રહિત છું. અને સમતારૂપી જળમાં નિમગ્ન છું તો પણ શ્રી જિનમંદિરના અને પ્રાણીઓના રક્ષણ માટે રાગદ્વેષ વિના જ આને હું કાંઈક શિક્ષા કરું.

આવું વિચારીને ભગવાન્ શ્રી વાલી મુનિવરે લીલાપૂર્વક પગના અંગુઠાથી અષ્ટાપદ પર્વતના શિખરને સહેજ દબાવ્યું. અનેક લબ્ધિના સાગર અને અચિંત્ય બળના સ્વામીનું એ સહેજ પણ દબાણ, ભયંકર પાપ કરવાને તત્પર થયેલા શ્રી રાવણને ભારે પડી ગયું. આથી એક ક્ષણવારમાં, મધ્યાહ્‌ન સમયે જેમ દેહની છાયા સંકોચાઈ જાય અને પાણીની બહાર રહેલો કાચબો જેમ સંકુચિત થઈ જાય, તેમ શ્રી રાવણના અવયવો પણ સંકોચાઈ ગયા. ભૂજાદંડ અતિશયપણે ભાંગી ગયા, અને મુખમાંથી લોહીની ઉલ્ટી થઈ ગઈ. એટલું જ નહિ પણ પૃથ્વીને રોવડાવતાં શ્રી રાવણ જાતે જ રોવા

લાગ્યા. આ રીતે રોવાથી જ 'દશમુખ'ના બદલે એમનું નામ 'રાવણ' એવું ત્યારથી પ્રસિદ્ધ થયું.

હવે જરા આ પ્રસંગ વિચારી લઈએ ! શ્રી વાલી મુનિશ્વરે કોને દબાવ્યો ? એક પંચેન્દ્રિય માણસને ! તે ય નાનાસૂનાને નહિ પણ ત્રણ ખંડના માલિકને ! આ ઓછો ગજબ છે ? એક નિઃસંગ, સ્વશરીરમાંય નિઃસ્પૃહ, રાગ-દ્વેષ રહિત અને સમતાજળમાં નિમગ્ન મુનિશ્વર આવું કરી શકે ખરાં ? તેઓ હિંસક ખરા કે નહિ ? સાચી સમતાવાળા આ કે પેલા ? આમનું મુનિપણું ગયું કે નહિ ? જો જો, આવું બોલવાની ભૂલ ન કરતાં ! આવા પ્રાતઃસ્મરણીય મહાત્માઓ માટે પણ જે એલફેલ બોલે, તે બીજા માટે શું ન બોલે ? જેઓએ ગૃહસ્થાવાસમાં પણ હિંસક યુદ્ધ રોકી અનેક જીવોને જીવિતદાન દીધું અને સાધુ અવસ્થામાં જેઓનું ઉચ્ચ કક્ષાનું જીવન હતું, તેવા પણ મુનિશ્વરને તીર્થરક્ષાના પ્રસંગે આ કરવું પડ્યું. ત્યારે એમ કહો કે આવું કરવું પડે અને શક્તિ હોય તો કરવા છતાં પણ હૃદયમાં દુર્ભાવ ન આવવો જોઈએ.

અને જેના અંતરમાં મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચારે ઉત્તમ ભાવનાઓ બેઠી છે, તેઓ શ્રી રાવણને દુર્મતિ કહે છે, પહાડ નીચે દબાવે છે. છતાં એમની કરુણા તો અખંડિત જ રહે છે. તે શ્રી રાવણના દીન રુદનને સાંભળી, કૃપામાં તત્પર શ્રી વાલી મુનિવરે તેને એકદમ છોડી દીધો. કારણકે ભગવાન્ વાલી મુનિવરની રાવણને દાબી દેવાની ક્રિયા કેવળ શિક્ષા માટે જ હતી. પણ ક્રોધથી ન હતી.

### આવેશ ઉતર્યા પછીની વિવેકિતા

સાથે સાથે આ પણ જુઓ કે શ્રી રાવણનો જ્યાં આવેશ ઉતરી જાય છે. એટલે વિવેક જાગૃત થઈ જ જાય છે. પોતાને પોતાની ભૂલ સમજાય છે, પછી પ્રતાપહીન અને પશ્ચાત્તાપપૂર્ણ બનેલા શ્રી રાવણ પોતાને ભયંકર શિક્ષા કરનાર એવા શ્રી વાલી મુનીશ્વરને બેઉ હાથ જોડીને કહેવા લાગ્યા કે, 'હે મહાત્મન્ ! હું નિર્લજ્જ છું. અને ફરી ફરીને અપરાધ કરનારો છું. જ્યારે અધિક દયાવાળા આપ શક્તિમાન્ છતાં મારા અપરાધોને સહનારા છો, આપે અસામર્થ્યથી

નહિ પણ મારી ઉપર કૃપા કરીને જ પૃથ્વીને તજી હતી. પણ આ વાત હું પહેલાં ન સમજી શક્યો, ખરેખર, હે નાથ ! તે જ કારણે હાથીના બચ્ચાની જેમ પર્વતને ચારે તરફ ફેંકવાનો યત્ન કરતાં મેં અજ્ઞાનતાથી મારી શક્તિનું જ તોલન કર્યું અને આજે એ મારા જાણવામાં આવ્યું કે પર્વત અને રાફડાની વચ્ચે અથવા તો ગરુડ અને ગીધની વચ્ચે જેટલું અંતર છે, તેટલું અંતર આપની અને મારી વચ્ચે છે. વળી હે સ્વામિન્ ! મૃત્યુની અણીએ પહોંચેલા મને આપે પ્રાણો આપ્યાં છે. ખરેખર, અપકારી ઉપર પણ આવી ઉપકારબુદ્ધિ રાખનાર આપને મારા નમસ્કાર હો. આ પ્રમાણે દૃઢ ભક્તિથી કહીને ખમાવીને અને ત્રણ પ્રદક્ષિણા કરીને શ્રી રાવણે શ્રી વાલી મુનીશ્વરને નમસ્કાર કર્યા.



આવેશ ઉતર્યા બાદ પણ આવો વિવેક આવવો એ જેવી તેવી ઉચ્ચ દશા નથી. આજે તો કેટલાક એવા અયોગ્ય છે કે સાધુને સમતાનો ઉપદેશ આપવા મંડી પડે. સાધુથી આવું થતું હશે ? એમ જ કહે. શું શ્રી જિનમંદિર, શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનાગમ ઉપર આક્રમણ આવે ત્યારે સાધુ છતી શક્તિએ બેદરકાર કે મૂંગા રહી કીર્તિ સાચવવાની સમતા રાખે ? ઘણી વખતે તો પોતાની જાતને ડાહ્યા તરીકે ગણાવનારાઓ એવું બોલતાં જોવાય છે કે ગાંડાઓ ચાર વાત લખે તેમાં મહારાજ શું કામ આવું બોલે છે ? પણ તેવાઓ જો યોગ્ય હોય તો સમજી શકે તે એક ઉદ્દેશથી સંગરહિત સ્વશરીરમાંય નિસ્પૃહ, રાગદ્વેષથી મુક્ત અને સમતાજળમાં નિમગ્ન એવા પણ શ્રી વાલી મુનિવર, પ્રાણીઓ સંહાર અને તીર્થનાશ પ્રસંગે કેવી વિચારણા કરે છે ? અને શ્રી રાવણ જેવાને પણ દુર્મતિ વિશેષણથી સંબોધી કેવી શિક્ષા કરે છે ? એ પ્રસંગ અત્રે કહેવાયો છે.'

કોઈ કહે કે મંદિરને ઉપાડીને શ્રી રાવણ ફેંકી દે. એમાં શ્રી વાલી મુનિનું શું લૂંટાતું હતું ? તો તે ચાલે ? પણ સાચી વાત એ છે કે સાચી આરાધના કે સાચી આરાધનાની ભાવના, છતી શક્તિએ રક્ષાની ક્રિયા અને શક્તિના અભાવમાં છેવટે રક્ષાની ભાવના પણ ઉત્પન્ન કર્યા વિના

રહેતી નથી. પણ આજે તો આક્રમણ કરનારાઓ અને કીર્તિલોલુપતાથી આક્રમણનો પ્રતિકાર નહિ કરી શકનારાઓ, પ્રભુશાસન સામે થતા આક્રમણનો સામનો કરનાર અને એને જ અંગે પોતાના ઉપર થતા અંગત દ્વેષભર્યા જુઠા આક્રમણથી બેપરવા રહેનાર આત્માઓને સમતા રહિત કહેવાની ધૃષ્ટતા કરે છે. આક્રમણ કરનારને ભૂલ સુધારવાનું સૂઝતું નથી. અને કીર્તિલોલુપોને પ્રતિકાર કરવાનું સૂઝતું નથી.એટલું નહિ તેઓ તો પ્રતિકાર કરનારાઓની પીઠ થાબડવાને બદલે તેમની નિંદા કરી પોતાની કીર્તિને સાચવવાના નિન્દ્ય પ્રયત્નો કરે છે આ જેવી તેવી કમનસીબ હાલત નથી.

## એ સમતા ને શાંતિ મડદાની છે

આજે પ્રભુશાસન સામે થતા આક્રમણ પ્રસંગે પોતાની જાત ઉપર થતાં અંગત જુઠાં આક્રમણોને જરાય મચક આપ્યા વિના જેઓ ધર્મદ્રોહીઓના ધર્મદ્રોહનો પ્રતિકાર કરે છે. તેમને ધર્મદ્રોહીઓમાંના સ્વચ્છંદીઓ કહે છે કે તમે મુનિ છો કે, કોણ છો ? તમારે સમતા રાખવાની હોય કે આવું બોલવાનું હોય ? અમે ગમે તેમ બોલીએ, ભગવાનને પણ ભાંડીયે, ગુરુઓને પણ વગોવીએ અને ધર્મક્રિયાઓને નકામી કહીએ, તેમજ આ શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમંદિર વગેરે ન જોઈએ આવું-આવું અમને જે પાલવે તે કહીએ, પણ તમે તો મુનિ છો ને ? તમારાથી સમતા છોડીને કેમ બોલાય ? પણ આવાને કહો કે સમતા કોને કહેવાય ? એનું તમને ભાન જ નથી. આવા પ્રસંગે છતી શક્તિએ સમતા ને શાંતિની વાતો એ દંભ છે. એવી સમતા અને એવી શાંતિ એ મડદાની સમતા ને શાંતિ છે.

પ્રભુમાર્ગ ઉપર આક્રમણ આવે અને છતી શક્તિએ મુનિ સમતાની વાતો કરે ? મુનિની જાત ઉપર આક્રમણ આવે ત્યાં એ મુનિએ મૌન રહેવું એ એનો મુનિધર્મ , પણ શાસન ઉપર આક્રમણ આવે ત્યારે છતી શક્તિએ મૌન ધારણ કરવું એને તો કોઈપણ સુજ્ઞ

માણસ મુનિનું મૌન ન ક્હે, જે તારક શાસનના યોગે મુનિપણું પમાયું. ખીલ્યું અને દીપ્યું. એના નાશ વખતે છતી શક્તિએ કીર્તિલોલુપ વૃત્તિથી મૌન સેવવું એ તો શાસન પ્રત્યેની નમકહરામી ગણાય કે બીજું કાંઈ ? માટે સમજો કે શાસનની ઉપર આક્રમણ આવે ત્યારે શક્તિસંપન્ન મોટા કે નાના મુનિ મૌન ન રહે અને ધર્મી શ્રીમાનો પણ જોયા ન કરે ! સૌ પોતપોતાની દરેક શક્તિનો સદ્વ્યય કરીને એ આક્રમણ ટાળે, એમાં જ એમની શાસન પ્રત્યેની નમકહલાલી અને એમાં જ મુનિનું મુનિપણું અને શ્રાવકનું શ્રાવકપણું છે.



# કરમન કી ગત ન્યારી

## ૬

શ્રી કુલભૂષણ અને શ્રી દેશભૂષણ મુનિવરોને કેવળજ્ઞાન થયા પછી શ્રી રામચન્દ્રજીએ તેઓશ્રીને અનલપ્રભદેવને ઉપસર્ગ કરવાનું કારણ શું એવો પ્રશ્ન કર્યો. તેના ઉત્તરમાં તે મહામુનિવરોએ પૂર્વકૃત કર્મનો પ્રતાપ બતાવવા માટે કર્મની ન્યારી ગતિને સ્પષ્ટ કરનાર પોતાની સાથે સંબંધ ધરાવતી એક પૂર્વકથા વિસ્તારથી વર્ણવી છે.

આ પ્રસંગના વર્ણનમાં કર્મની ન્યારી ગતિ, વૈરાગ્ય માટે આત્મની યોગ્યતા, સાચો પરોપકાર આત્માના ઉપકાર માટે જ છે આદિ વાતોનું કૃપાળુદેવ પરમગુરુદેવશ્રીએ સુંદર વિવેચન કર્યું છે.

અનલપ્રભદેવે શ્રી કેવલજ્ઞાનીના વચનને ખોટું પાડવાની બુદ્ધિથી અને પૂર્વભવના વૈરથી ભયંકર ઉપસર્ગ કર્યો હતો. આ મિથ્યાત્વનો મહાભયંકર દોષ દેવ જેવા દેવને ય કેવો સતાવે છે તે વાત પણ આ પ્રકરણમાં વાંચવા જેવી છે.

-શ્રી

# કરમન કી ગત ન્યારી

★ હેતુને સમજીને હેતુ સિદ્ધ કરતાં શીખો
★ વિષયાસક્તિનું કારમું પાપ
★ ધર્મમાં પુરુષની પ્રધાનતા છે
★ વૈરાગ્ય માટે આત્મા યોગ્ય જોઈએ
★ લોક ડરના બદલે પાપ ડર કેળવવો જોઈએ
★ આત્માના ઉપકાર માટે જ સાચો ઉપકાર છે
★ ઉત્તમ સામગ્રીને સફળ કરવા શું કરવું જોઈએ ?
★ કર્મની ગતિ જ ન્યારી છે
★ પાપોદયના કારમા પરિણામ
★ બાહ્ય નિમિત્તોની બળવત્તા
★ અનલપ્રભદેવે ઉપસર્ગ કેમ કર્યા?
★ મિથ્યાત્વનો મહાભયંકર દોષ
★ સાચી નામના કોને કહેવાય ?



# ૬



## હેતુને સમજીને હેતુ સિદ્ધ કરતાં શીખો

આપણે એ જોઈ ગયા કે વંશશૈલ પર્વત ઉપર ધ્યાન ધરતા કુલભૂષણ અને દેશભૂષણ નામના બે મુનિવરો ઉપર આવેલા દૈવી ઉપદ્રવનું નિવારણ કર્યા બાદ, તે બંને મુનિવરોને કેવળજ્ઞાન થયા પછીથી શ્રી રામચંદ્રજીએ તેઓને દૈવી ઉપસર્ગનું કારણ પૂછ્યું, ઉપસર્ગ આવવા એ પૂર્વકૃત કર્મનો પ્રતાપ છે. પૂર્વે કરેલું પાપ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે આત્મા ગમે તેવી દશામાં હોય તો પણ ઉદય તો પોતાનું કામ કરે જ છે. છતાં એ વસ્તુ પણ સુનિશ્ચિત છે કે પાપના ઉદય વખતે પણ જે પુણ્યાત્માઓ આત્મભાન ભૂલતાં નથી, પાપોદયે આવેલા દુ:ખને ટાળવાને બીજાં અનેક પાપોના કારણરૂપ મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ કરતા નથી અને જેઓ પુદ્‌ગલની સાનુકૂળતા કે પ્રતિકૂળતા વખતે સમચિત્ત રહે છે તેઓ પાપના ઉદય સમયે તો પોતાનું ધાર્યું કામ કાઢી જાય છે, એ વખતે તેઓ અપૂર્વ કર્મનિર્જરા કરે છે.

માટે જ જ્ઞાની મહર્ષિઓ ફરમાવે છે કે "પાપના ઉદયથી મૂંઝાવ નહિ પણ આત્મભાન ભૂલ્યા વિના એને સમભાવે સહો" પાપના ઉદયને સહતાં, આ શ્રી કુલભૂષણ અને શ્રી દેશભૂષણ નામના મુનિવરોએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. **જે કાંઈ આફત આવે છે તે આપણે જ મેળવેલી હોય છે.** આફત કાંઈ આકાશમાંથી ઉતરી

આવે છે, એમ ન માનતા. આત્મા સાથેના પુદ્ગલના સર્વ સંયોગ કર્મજન્ય છે. પછી તેને સુખ કહો કે દુઃખ કહો, અને એવા કર્મના જનક આપણે પોતે છીએ. આ બે મુનિવરોએ પણ પૂર્વકાળમાં એવું પાપ આચરેલું એથી જ આફત આવી. આફત લાવનાર નિમિત્તરૂપ છે, પણ એ નિમિત્ત રૂપ શાથી બન્યો ? એ વસ્તુ સમજવા જેવી હોય છે. આવું આવું સાંભળીને અને વાંચીને સૌ કોઈએ બે પ્રયત્નમાં રક્ત બનવું જોઈએ.

**૧. એક તો એવી અશુભદશામાં મૂકનારા કર્મનો બંધ થાય તેવી પ્રવૃત્તિથી જદૂર રહેવાના પ્રયત્નમાં, અને ૨. આવેલ કર્મના ઉદયમાં સમભાવથી સહવાના પ્રયત્નમાં**, શુભ અને અશુભ બેય પ્રકારનાં કર્મો ન બંધાય તેમજ શુભ કર્મનો કે અશુભ કર્મનો ઉદય આત્માને ભાન ન ભૂલાવે, એ માટે દરેક કલ્યાણકામી આત્માએ પ્રયત્નશીલ બનવું જોઈએ. સર્વથા ન બચાય તો બને તેટલા પણ બચવું જોઈએ. આ સિવાય બીજી કોઈ પણ રીતે આત્માનો નિસ્તાર થાય તેમ નથી. આવા આવા વર્ણનો આવે ત્યારે એમાંથી આવો જ બોધ લેવો જોઈએ. કેવળ કથા રસિકતાથી સંભળાય કે વંચાય, તો તેનો સ્વાદ પણ તેટલો જ રહે ને ? માટે હેતુને સમજીને હેતુ સિદ્ધ કરતાં શીખો.

### વિષયાસક્તિનું કારમું પાપ

શ્રી રામચંદ્રજીએ પૂછ્યાથી તે બંને મુનિવરોમાં એક શ્રી કુલભૂષણ નામના મુનિવર, પોતા ઉપર આવેલા દૈવી ઉપસર્ગનું કારણ દર્શાવતાં ફરમાવે છે કે,

'પદ્મિની' નામની નગરીમાં 'વિજયપર્વત' નામનો રાજા હતો. 'અમૃતસ્વર' નામનો તે રાજાનો એક દૂત હતો. તે 'અમૃતસ્વર' નામના દૂતની 'ઉપયોગા' નામે ભાર્યા હતી અને તેના 'ઉદિત' અને 'મુદિત' નામના બે પુત્રો હતા. એ અમૃતસ્વર નામના દૂતનો 'વસુભૂતિ' નામનો બ્રાહ્મણ મિત્ર હતો. પોતાના પતિના મિત્ર

વસુભૂતિ નામના બ્રાહ્મણ ઉપર આસક્ત થયેલી ઉપયોગા, પોતાના પતિ અમૃતસ્વરને હણવાને ઈચ્છતી હતી.'

વિચારો કે વિષયની આસક્તિ એ કેવી કારમી વસ્તુ છે ? એક પત્ની તરીકે ઉપયોગા જેની દરેક યોગ્ય ઈચ્છાને વફાદાર રહેવા બંધાયેલી છે. અને સંસારમાં હોય ત્યાં સુધી જેની યોગ્ય ઈચ્છાને આધીન થઈ વર્તવું એ જેનો ધર્મ છે. તે ઉપયોગા પત્ની વિષયની આસક્તિના પ્રતાપે કેવી કારમી ઈચ્છાનો ભોગ થઈ પડી છે ? ખરેખર, વિષય આસક્તિ આત્માને જેટલો અધમતાના ઉપાસક ન બનાવે તેટલો ઓછો ગણાય.

અહીં એકવાર એવું બન્યું કે રાજાના હુકમથી અમૃતસ્વર એકદા વિદેશ જવા માટે નીકળ્યો. તેનો મિત્ર વસુભૂતિ બ્રાહ્મણ પણ તેની સાથે ચાલ્યો અને રસ્તામાં સાથે જતા વસુભૂતિ બ્રાહ્મણે છળકપટ કરીને તે અમૃતસ્વર નામના દૂતનો વધ કર્યો. અર્થાત્ પોતાના મિત્રને પોતે હણ્યો. આ પ્રસંગ સૂચવે છે કે આવા વિષયાસક્ત આત્માઓની મૈત્રી તો કદી કરવી જ નહિ, પણ કદાચ સંસર્ગ કરવો પડે તો પણ ચેતતા રહેવું, જે આત્માને એક વિષય જ સુખપ્રદ લાગ્યો છે, અને જેને ધર્મની વાસનાનો સ્પર્શ માત્ર પણ થયો નથી. તે આવાં કરપીણ કાર્યો કરે એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? પોતાના વિષયસુખની ખાતર તેવા આત્માઓ બીજાના નુકશાન તરફ જોઈ શકતા નથી. અરે, વિષયાન્ધ માણસો પોતાના બૂરાનો પણ ખ્યાલ કરી શકતા નથી.

જગતમાં વિષયાધીનતા એ મહાબૂરી ચીજ છે. અને એણે જ ઉપયોગા પાસે પતિદ્રોહ અને વસુભૂતિ પાસે મિત્રદ્રોહ કરાવ્યો. હજુ પણ તેઓ કેવું પાપ કરવા ચાહે છે તે વિચારવા ને સમજવા જેવું છે, જેથી આત્માને એવા ઉન્માર્ગમાં પ્રવૃત્ત થતાં રોકી શકાય.

રસ્તામાં છળકપટથી પોતાના મિત્ર અમૃતસ્વરને મારી નાખીને વસુભૂતિ બ્રાહ્મણ પાછો પદ્મિની નગરીમાં આવ્યો., અને

લોકોને કહ્યું કે, 'અમુક કાર્યને અંગે અમૃતસ્વરે મને પાછો મોકલ્યો છે.' જુઓ, એક પાપ બીજા પાપોને આ રીતે કરાવે છે. મિત્રપત્ની તરફ કુદૃષ્ટિ કરીને મિત્રદ્રોહ કર્યો. છળ કરી મિત્રવધ કર્યો, અને એ પાપ છૂપાવવા માટે આ રીતે અસત્ય બોલ્યો. લોકોને અસત્ય જણાવ્યું પણ ઉપયોગાને તો વસુભૂતિએ કહ્યું કે, 'આપણા સંભોગમાં વિઘ્ન કરનારા એ અમૃતસ્વરને છળ પામીને મેં માર્ગમાં મારી નાંખ્યો છે.' આટલું સાંભળીને પણ ઉપયોગાને કશું દુઃખ થતું નથી. એટલું જ નહિ પણ વિષયાસક્તિમાં ભાન ભૂલેલી ઉપયોગા તો કહે છે કે, 'તેં જે કાંઈ કર્યું છે તે વ્યાજબી કર્યું છે. હવે તું આ બે પુત્રોને પણ મારી નાંખ.' વસુભૂતિએ પણ એ વાત સ્વીકારી લીધી.

જે આત્માની વિષયાસક્તિની માત્રા વધી જાય છે તે વિવેકાન્ધ બની જાય છે, એની વિવેકરૂપ ચક્ષુઓ બંધ થઈ જાય છે. કોઈ પણ ભોગે તે પોતાની ધારણાને સફળ કરવા ઈચ્છે છે. જે સમાજમાં વિષયાસક્તિ વૃદ્ધિ પામે છે તે સમાજનો નાશ થવા સરજાયેલો છે. અને વિષયાસક્તિ ઉપર કાબુ ધરાવનારા પુણ્યવાન છે. આજે જડવાદમાં જ શ્રેય માની રહેલા, પરલોક અને પુણ્ય-પાપને ભૂલેલા અને ઐહિક સુખચેનમાં જ સર્વસ્વ છે એમ માનનારા તથા મનાવનારા કહેવાતા સુધારકો સમાજને વિષયાસક્તિથી મુક્ત કરાવાના કલ્યાણસાધક પ્રયત્નોને નિંદે છે, અને વિષયાસક્તિ વધે એવો પ્રચાર કર્યે જાય છે : તેવા હીણકર્મીઓ સમાજને માટે ખરેખર શ્રાપરૂપ જ છે.

## ધર્મમાં પુરુષની પ્રધાનતા છે

વળી ધર્મે પુરુષોની પ્રધાનતા રાખી છે એ પણ સહેતુક છે. સ્ત્રીવેદ બહુ ભયંકર છે. જ્યારે સ્ત્રી અતિ વિષયાધીન થાય ત્યારે તે શું કરે ? એ ન કહેવાય કે ન કળાય. પુરુષવેદ પણ ભયંકર તો છે જ, તે છતાં પણ પુરુષવેદથી પીડાતા વિષયના ઉદયને શમતા વાર ન લાગે. સ્ત્રીને કદાચ વિષયનો ઉદય જાગતા વાર લાગે, પણ વિષયનો

ઉદય જાગૃત થયા બાદ તેને શમતા બહુ વાર લાગે છે. સ્ત્રીના ક્રૂરતાદિક દોષો વર્ણવાયા છે. તે બધા ત્યારે હાજર થાય છે, અને એ જ સ્ત્રી જ્યારે વિષયાસક્તિથી રહિત થાય ત્યારે તે દયાની મૂર્તિ સમી બની જાય છે. આ વસ્તુ એકાંતે નથી. પુરુષો પણ જ્યારે ભાનભૂલા બને છે, ત્યારે એમની પણ અધમતા જેવી તેવી ભયંકર નથી હોતી. પરંતુ સ્ત્રીવેદ અને પુરુષવેદમાં એટલો ફરક છે કે પુરુષવેદનો વિકાર જલ્દી શમી  શકે છે. અને સ્ત્રીવેદનો વિકાર મુશ્કેલીએ શમે છે બાકી એવા પણ સંખ્યાબંધ પ્રસંગો ધર્મકથાનુયોગમાં આવે છે કે વિષયાસક્ત પુરુષોને વિષયવિમુખ બનેલી શીલવતી સતીઓ ઠેકાણે લાવ્યાં છે. વાત એટલી જ છે કે સ્ત્રી જ્યારે કેવળ વિષયાસક્તિમાં ડૂબી જાય છે ત્યારે એવી ભાન ભૂલી બને છે કે એ એક વખત તો ગમે તેવી ક્રૂરતાથી પણ કંપતી નથી. નહિતર નવ નવ મહિના સુધી જેને ઉદરમાં રાખી કષ્ટ સહન કર્યું, જેને માટે પ્રસવકાળની ત્રાસ ઉપજાવે એવી યાતના સહન કરી અને તે પછીથી પણ જેને ઉછેરવા માટે અનેક આપત્તિઓ વેઠી, પોતે ભીનામાં સુઈ બાળકને સુકામાં સુવાડ્યું એ જ આ વિષયાસક્તિમાં ડૂબીને પતિને હણવા ઇચ્છે, એ હણાય એટલે ખુશી થાય અને છતાં સંતોષ નહિ પામતાં પોતાનાં બાળકોને પણ હણાવવા તત્પર બને, એ શું સૂચવે છે ? બાકી જે પુણ્યાશાલિની સ્ત્રીએ એવી વિષયાસક્તિને આધીન ન થાય અને પોતાના પરમશીલરત્નને સર્વસ્વના ભોગે જાળવે, એવી મહાસતીઓ તો પ્રાતઃકાળે સ્મરણ કરવા લાયક છે.

ઉપયોગાને વસુભૂતિએ કહ્યું કે, 'મે મારા મિત્ર અને તારા સ્વામી અમૃતસ્વરને, તે આપણા સંભોગમાં વિઘ્નકારી હતો એથી, માર્ગે છળ કરીને હણ્યો છે.'ત્યારે ઉપયોગા કહે છે કે, 'એ તો સારું કર્યું. પણ હવે આ બે ઉદિત અને મુદિત નામના મારા પુત્રોને તમે હણીને આપણા માર્ગને નિષ્કંટક બનાવો !' પણ દૈવયોગે તે ગુપ્ત વાત વસુભૂતિની પત્નીએ સાંભળી લીધી અને તેણે ઈર્ષ્યાથી ઉદિત અને

મુદિતને એ વાત કહી દીધી. અર્થાત્ તેણે તેમને જણાવી દીધું કે, 'તમારા પિતા અમૃતસ્વરને માર્ગમાં છળકપટથી મારા પતિ વસુભૂતિએ મારી નાંખ્યા છે, કારણકે અમૃતસ્વરની પત્ની અને તમારી માતા ઉપયોગા મારા પતિ વસુભૂતિ ઉપર આસક્ત છે. હજુ પણ તે બંને તમો બંનેને હણવાને ઇચ્છે છે, કારણકે તમે એમના માર્ગમાં વિઘ્નરૂપ છો. એમ તે બંનેનું માનવું છે.'

વસુભૂતિની સ્ત્રીએ ઇર્ષ્યાથી વસુભૂતિ અને ઉપયોગાની વાત ઉદિત અને મુદિતને જણાવી દીધી, આથી તત્કાળ ઉદિતે ક્રોધથી વસુભૂતિને મારી નાંખ્યો. મરીને વસુભૂતિ નવપલ્લીમાં મ્લેચ્છ તરીકે ઉત્પન્ન થયો.

બીજી તરફ કોઈ એક વખતે શ્રી મતિવર્ધન નામના મહર્ષિ પાસેથી ધર્મને સાંભળીને, પદ્મિની નગરીના રાજા વિજયપર્વતે દીક્ષા ગ્રહણ કરી, ઉદિત અને મુદિતે પણ સંસારનું સ્વરૂપ તો જાણી લીધું હતું. માતાનો પ્રેમ પણ અનુભવી લીધો હતો, એટલે તે બંને ભાઈઓએ પણ દીક્ષા ગ્રહણ કરી.

### વૈરાગ્ય માટે આત્મા યોગ્ય જોઈએ

ઉદિત અને મુદિતના આત્માઓ કેવા હશે ? વૈરાગ્ય એ કેવી વસ્તુ છે ? એ એમને એમ થાય ? તમે શું સંસારનું સ્વરૂપ જાણતા નથી ? તમને સ્વાર્થી સંસારીઓના સ્વાર્થમય સ્નેહનો અનુભવ નથી ? ધર્મ એ જ શ્રેયસ્કર છે. અને ધર્મરહિતપણું આત્માને ડૂબાવનારું છે, એટલું જ્ઞાન શું તમને નથી ? શું સુવિહિત મુનિવરોની ધર્મદેશના તમે સાંભળી નથી ? છતાં તમને વૈરાગ્ય નથી થતો તેમાં કારણ શું ? આજે તો એમાંય દોષ ગુરુઓને દેવાય છે. ત્યાગીની વાણી કેમ અસર ન કરે ? પણ યાદ રાખો કે પરમત્યાગી અનન્તજ્ઞાનીની વાણી પણ તે જ આત્માઓ ઉપર અસર કરે છે, કે જે આત્માઓ યોગ્ય હોય છે. અનન્તજ્ઞાનીની વાણીની વાત શું કરો છો ? પણ ખુદ શ્રી અરિહંતદેવ પણ મળ્યા હોવા છતાં બહુકર્મી આત્માઓ હારી ગયા છે

કે નહિ ? સૂર્યનો પ્રકાશ પણ તે ઘરમાં જાય કે જે ઘરમાં સગવડતાવાળી બારીઓ હોય, બારીઓ બંધ કરે અને હવા કે પ્રકાશ આવે એવું રાખે નહિ, પછી સૂર્યનો પ્રકાશ ગમે તેવો જ્વલંત છતાં એને કામ શો લાગે ? તેમ શ્રી જિનવાણીની અસર પણ તે જ આત્માઓ ઉપર થાય છે કે જેઓ મિથ્યાભાવને અને ભયંકર કષાયને થોડો ઘણો પણ ઉપશમાવે. ધર્મ ઉપર પ્રેમ ન હોય, ધર્મ સાંભળવાની ઈચ્છા ન હોય અને ધર્મથી જે ભાગતા ફરતા હોય, તેને તો ગમે તેવા ત્યાગની વાણી કાં તો અસર નથી કરતી અથવા તો ખરાબ અસર કરે છે. ઉદિત અને મુદિત એ બંને ભાઈ એમાંના ન હતા, નહિતર સંસારનું કારમુ સ્વરૂપ નિહાળવા છતાં અને વિષયાસક્તિના કારણે ભાનભૂલી બનવાથી પતિને સંહારી પોતાનાં સંતાનને સંહારવા તૈયાર થયેલી માતાના પ્રેમને જાણી લીધા પછી પણ તેમજ સદ્ગુરુના ઉપદેશનો યોગ પામવા છતાંય વૈરાગ્ય ન થાત. આજે સંસારમાં શું આવું નથી બનતું ? ફોજદારી કોર્ટમાં શું આવા બનાવોના કેસો નથી આવતાં ? આવે જ છે, છતાં કેમ વૈરાગ્ય નથી થતો ? માટે કબુલ કરો કે વૈરાગ્ય થવા માટે સૌથી પહેલી આત્માની યોગ્યતા જોઈએ.

તમે વળી જુઓ કે શ્રી મતિવર્ધન નામના મહર્ષિની પાસે ધર્મનું શ્રવણ કરીને રાજા પણ દીક્ષા લેવા તત્પર થયા. અરે, દીક્ષા લીધી. શું તમારી સાહાબી રાજા કરતાંય વધારે છે ? એ આત્માની સાહાબી ક્ષણિક હશે અને તમારી સ્થાયી હશે કેમ? એ આત્માઓ થોડો કાળ ભોગવીને જવાના હશે અને તમે શાશ્વત કાળ તમારી આ ક્ષુદ્ર સાહાબી ભોગવવાના હશો, કેમ? દુન્યવી સાહાબી ભાગ્યયોગે મળે છે, ભાગ્યયોગે ટકે છે, ભાગ્યયોગે ભોગવાય છે અને તે પછી તે ન જાય તો ય આયુષ્ય ખૂટે એટલે તેને ત્યજીને ચાલતા થવું પડે છે. આ ભાગ્યને લાવનાર પણ ધર્મ છે, તો પુણ્યવાનો ! દુન્યવી સાહાબી મેળવવાની લાલસામાં ભાનભૂલા બન્યા વિના, યથાશક્તિ ધર્મને આરાધવો એ જ શ્રેયસ્કર છે.

## લોક ડરના બદલે પાપ ડર કેળવવો જોઈએ

આપણે જોઈ ગયા કે, પોતાના ખૂનનો ગુન્હો છૂપાવવા પ્રયત્ન કર્યો, પણ જ્યારે માણસનો અશુભોદય થવાનો હોય છે, ત્યારે અણધારી આફત આવી પડે છે. અને છૂપાવેલું પાપ પણ ખૂલ્લું પડી જાય છે. જે આત્માઓ પાપ કરીને પાપને છૂપાવવાના પ્રયત્નો કરે છે, તેઓ ભૂલી જાય છે કે વહેલું કે મોડું એ પાપ એનું ફળ આપ્યા વિના રહેતું નથી. કદાચ આ ભવમાં શુભોદય હોય અને તે કારણે પાપ ઢંકાઈ પણ રહે, તો પણ એ પાપનું પરિણામ તો આત્માને બીજા ભવમાં પણ ભોગવવું જ પડે છે. આથી કલ્યાણકારી આત્માઓએ લોક-ડરને બદલે પાપ-ડર કેળવવો જોઈએ. પાપ ભય તજી લોકભય રાખનારા આત્માઓ તો ઘણીવાર એવાં છૂપાં પાપો આચરે છે કે એના પરિણામે એમની ભયંકર દુર્દશા જ થાય. બીજી વાત એ છે કે જે આત્માઓ પાપથી ડરતા નથી અને લોકથી જ માત્ર ડરે છે તેઓનું ધ્યાન પાપ ન કરવા તરફ નથી હોતું પણ પાપ કરવા તરફ અને પાપને છૂપાવવા તરફ જ હોય છે. આથી તેઓ ઉલ્ટા દુર્ધ્યાનમાં રક્ત બની જાય છે. લોકલજ્જા, એ ગુણ છે પણ તે પાપને છૂપાવવા માટે નહિ, પરંતુ પાપથી બચવા માટે છે. જેનામાં લજ્જાનો સાચો ગુણ આવ્યો હોય તે આત્મા પાપથી ડરનારો હોય જ. માટે લોકોને છેતરવાના મિથ્યા પ્રયત્નોથી બચી જઈને દરેક કલ્યાણકામી આત્માએ પાપભયનો ગુણ કેળવવો એ જરૂરી છે. પાપથી ડરનારા આત્માઓ ઘણાં પાપાચરણોથી બચી જાય છે, અને તેઓને પાપ કરવું પડે તો પણ પાપનો તીવ્ર બંધ પણ પડતો નથી. અર્થાત્ પાપથી યથાશક્તિ બચી જવું જોઈએ અને પાપથી જ્યાં ન જ બચી શકાય, ત્યાં પણ પાપ કરવું પડે એનું દુ:ખ તો આત્મામાં જરૂર હોવું જ જોઈએ.

શ્રી સમ્મેતશિખરગિરિ ઉપર રહેલા ચૈત્યોમાં દર્શનાર્થે જતાં, રસ્તામાં ઉદિત અને મુદિત એ બંને મુનિવરો ભૂલા પડ્યાં અને

નવપલ્લીમાં આવી પહોંચ્યા, કે જ્યાં ઉદિતે ક્રોધથી હણેલો વસુભૂતિનો જીવ મ્લેચ્છપણે ઉત્પન્ન થાય છે.

આ બે મુનિવરોને નવપલ્લીમાં જોતાંની સાથે જ, મ્લેચ્છ તરીકે ઉત્પન્ન થએલો વસુભૂતિનો જીવ, તે બંને મુનિવરોને હણવાને માટે દોડ્યો. પરંતુ મ્લેચ્છોના અધિપતિએ તેને તેમ કરતાં અટકાવ્યો.

મ્લેચ્છાધિપતિએ એ બંને મુનિવરોને હણવાને માટે દોડેલા વસુભૂતિના જીવને શાથી અટકાવ્યો ? એ દર્શાવતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, કારણકે

*म्लेच्छेशः प्राग्भवे सोऽभून्मृगो व्याधाच्च मोचितः ।*

*मुदितोदित जीवाभ्यां, कर्षकाभ्यां च तद्भवे ।*

*तेन म्लेच्छाधिपेनातस्त्रातौ ।*

પૂર્વભવમાં તે મ્લેચ્છ રાજા મૃગ હતો અને મુદિત તથા ઉદિત એ બંને ખેડુતો હતા. એક વાર શિકારી પાસેથી તે મુદિત અને ઉદિતે તે મૃગને છોડાવ્યો હતો. તેથી મ્લેચ્છાધિપતિએ પણ અહીં ઉદિત અને મુદિત એ બંને મુનિવરોનું રક્ષણ કર્યું.

### આત્માના ઉપકાર માટે જ સાચો પરોપકાર છે

આથી વિચારો કે કોઈપણ ભવમાં કોઈપણ જીવ ઉપર કરેલો ઉપકાર નિરર્થક જતો નથી. ઉપકાર કરનારને એનું ફળ વહેલું કે મોડું મળી જ રહે છે. ઉપકારીને પોતાના આત્માને લાભ તો થાય જ છે. અને આવો પણ લાભ મળી જાય છે. માટે ઉપકાર કરવા યોગ્ય દરેક પ્રસંગે ઉપકાર-કાર્યમાં યથાશક્તિ સૌએ પ્રવૃત્ત થવું જોઈએ. સાચો પરોપકાર એ વાસ્તવિક રીતે સ્વપરોપકાર જ છે. અને ઉપકાર કરવાનું વિધાન પણ વસ્તુતઃ પોતાના આત્મા ઉપર ઉપકાર કરવાના હેતુથી જ દર્શાવાયું છે. પોતાના આત્મા ઉપર ઉપકાર કરવાને ઈચ્છનારા આત્માઓ ઉપકારને પૌદ્ગલિક લાભ માટે વેડફી નાંખતા નથી, એટલું જ નહિ પણ એવા લાભની તેમને દરકાર પણ રહેતી

નથી. વળી જેના ઉપર ઉપકાર કર્યો હોય તે આત્માને દબાતો રાખવાની કે તેની પાસે સલામો ભરાવવાની પણ સાચા ઉપકારીને ઈચ્છા હોતી નથી. તેઓ તો એમજ માને છે કે મેં વાસ્તવિક રીતે એના ઉપર નહિ પણ મારા આત્મા ઉપર ઉપકાર કર્યો છે. માટે જેના ઉપર ઉપકાર કરો તેને પોતાના આત્મા ઉપર ઉપકાર કરવાના નિમિત્તરૂપ માનો. જેથી ઉપકારનું જે વાસ્તવિક ફળ મળવું જોઈએ તે તમે મેળવી શકશો.

આ બાજુ મ્લેચ્છ તરીકે ઉત્પન્ન થયેલો વસુભૂતિનો જીવ ઉદિત અને મુદિત નામના મુનિવરોને પૂર્વભવના વૈરથી મારવાને દોડ્યો. પણ મ્લેચ્છાધિપતિએ તેને તેમ કરતાં અટકાવ્યો. કારણકે પૂર્વભવમાં ઉદિત અને મુદિત બંને ખેડૂત હતા ત્યારે મ્લેચ્છાધિપતિ મૃગ હતો. અને તે બંનેએ શિકારી પાસેથી એ મૃગને છોડાવ્યો હતો. આ પછી તે બંને ઉદિત અને મુદિત મુનિવરો ત્યાંથી વિહાર કરતાં કરતા શ્રી સમ્મેતશિખરજી તીર્થ ઉપર આવી પહોંચ્યા. ત્યાં શ્રી અજિતનાથ પ્રમુખશ્રી અરિહંત દેવના ચૈત્યોને વંદના કરીને દીર્ઘકાળ સુધી તેઓ વિહર્યા.

ત્યારબાદ

*विधायानशनं मृत्वा, महाशुक्रे सुरोत्तमौ ।*
*तौ सुंदरसुकेशाख्या-वजायेत्तां महर्द्धिकौ ।।*

અનશન કરીને કાળધર્મ પામી, તે બંને મહાશુક્ર નામના દેવલોકમાં સુંદર અને સુકેશ નામના મહાઋદ્ધિવાળા દેવો થયા.

*भ्रान्त्वा भवं वसुभूति - जीवो म्लेच्छः कथंचनः ।*
*अवाप मानुषं जन्म, तत्र सोऽभूच्च तापसः ।*
*स विपद्य समुत्पेदे, ज्योतिष्केषु सुरेषु तु,*
*धुमकेतुर्नाम देवो, मिथ्यादृष्टि र्दुराशयः ।।*

"જ્યારે મ્લેચ્છ તરીકે ઉત્પન્ન થએલો વસુભૂતિનો જીવ અનેક ભવોમાં ભમીને, કોઈક પ્રકારે મનુષ્ય જન્મને પામ્યો. અને તે મનુષ્ય જન્મમાં તે તાપસ થયો. ત્યાંથી મરીને જ્યોતિષ્ક નામના દેવલોકમાં ધૂમકેતુ નામનો મિથ્યાદષ્ટિ દુરાશયી દેવ થયો."

## ઉત્તમ સામગ્રીને સફળ કરવા શું કરવું જોઈએ ?

જુઓ કે આત્મા ક્યાંથી ક્યાં અને ક્યાંથી ક્યાં ભમે છે ? વસુભૂતિનો જીવ બ્રાહ્મણમાંથી મ્લેચ્છ થયો તે પછી પાપકર્મના યોગે અનેક ભવોમાં રખડ્યો. એ રખડતાં રખડતાં કોઈક પુણ્યયોગે મનુષ્ય જન્મને પામ્યો, પણ એ ભવમાંય તે તાપસ થયો, આથી સમજી શકાશે કે દુર્લભ મનુષ્યભવ આદિ ઉત્તમ સામગ્રી પામવા માત્રથી જ પોતાનું અહોભાગ્ય માની લેવાય નહિ, જરૂર. એ ઉત્તમ એવી સામગ્રીની પ્રાપ્તિ થઈ એ અહોભાગ્યની નિશાની છે, પરંતુ એ સામગ્રીની વાસ્તવિક સફળતા તો ત્યારે જ ગણાય કે જ્યારે એ સામગ્રી દ્વારા આત્માના ભવભ્રમણને કાપનાર ધર્મની આરાધના કરાય ! ઉત્તમને પૌષ્ટિક રસોઈ પણ ખાધા વિના સ્વાદ અને પચાવ્યા વિના પુષ્ટિ આપી શકતી નથી.

અનેક ભવોમાં ભમતાં કોઈ અપૂર્વ પુણ્યસંયોગથી જ આ ઉત્તમ માનવભવ મળી જાય છે. માટે એને પામનારે અને એની સાથે સુદેવ, સુગુરુઅને સુધર્મની ઉત્તમ પ્રકારે આરાધના કરી શકાય એવી સામગ્રી પામનારે શું કરવું જોઈએ ? તમે માત્ર આ મળવાથી જ પોતાને ભાગ્યશાળી માની લો તેથી શું વળે ? જે મળ્યું તેને સાધો, અર્થાત્ તે દ્વારા સુદેવ, સુગુરુ અને સુધર્મની જે આરાધના થવી જોઈએ તે કરો. ત્યારે જ ઉત્તમ ભાગ્યશાળીતા તમે પામ્યા છો, એમ કહેવાય, અને સાથે સાથે એમ પણ કહેવાય કે, તમે પમાયેલી ઉત્તમ સામગ્રી દ્વારા સર્વોત્તમ સિદ્ધિપદના સાધકો છો. આ દશા ન આવે તો સમજવું જોઈએ કે મહામહેનતે મેળવેલો આ મનુષ્યભવ આયુષ્ય હોય ત્યાં સુધી ભોગવીને પાછો ચોરાશીલાખ જીવયોનિના ફેરામાં ભમવાને ચાલ્યા જવાનું છે. આપણે ન ઈચ્છીએ, ન માનીએ કે ન કહીએ, એથી કાંઈ મળેલી આ ઉત્તમ સામગ્રીનો આપણે જેટલો દુરુપયોગ કરીશું તેનું ફળ આપણને મળ્યા વિના રહેવાનું નથી. માટે ઉત્તમ સામગ્રીને સફળ કરવાને ઈચ્છનારા સૌ કોઈએ એ સામગ્રી દ્વારા યથાશક્તિ સુદેવ, સુગુરુ સુધર્મની આરાધનામાં રક્ત થવું યોગ્ય છે.

વધુમાં આપણે એ જોયું કે વસુભૂતિનો જીવ બ્રાહ્મણમાંથી મ્લેચ્છ થયો, પછી તેણે ભવભ્રમણ કર્યું, એમ કરતાં મનુષ્યભવ પામ્યો તો તેમાં તાપસ થયો અને પછી તે દેવલોકમાં ઉત્પન્ન થયો. તો પણ તે કેવો હતો ? મિથ્યાદૃષ્ટિ અને દુરાશયવાળો, આવા આત્માઓની દશા વિચારી પોતાની જાતને બચાવી લેવાનો સૌએ પ્રયત્ન કરવો જોઈએ અને તે પ્રયત્ન તો જ થાય, જો પ્રાપ્ત થયેલી સામગ્રીથી જ માત્ર પોતાની જાતને ભાગ્યશાળી ન મનાય, પણ એ સામગ્રીથી સુસાધ્ય-સાધવા યોગ્ય સધાય તો જ યથાર્થ ભાગ્યશાળીતા મનાય.

### કર્મની ગતિ જ ન્યારી છે

*उदितः मुदितजीवौ, शुक्राच्च्युत्वाऽत्र भारते ।*
*महापुरेऽरिष्ट पुरे, प्रियंवदमहीपतेः ॥*
*पद्मावत्यां सधर्मिण्या, मजायेतामुभौ सुतौ ।*
*विश्रुतौ नामतो रत्न - रथ - चित्ररथाविति ॥*
*धूमकेतुरपि च्युत्वा, पत्न्यां तस्यैव भूपतेः ।*
*बभूव कनकाभायां, नाम्नां सुनुरनुद्धरः ॥*

"ઉદિત અને મુદિતના જીવો જે મહાશુક્ર દેવલોકમાં સુંદર અને સુકેશ નામથી સુરોત્તમ તરીકે ઉત્પન્ન થયાં હતાં. તેઓ મહાશુક્ર દેવોમાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રમાં અરિષ્ટપુર નામના મોટા નગરમાં પ્રિયવંદ નામના રાજાની સહધર્મિણી પદ્માવતીની કુક્ષિથી પુત્રપણે ઉત્પન્ન થયાં અને તે બંને રત્નરથ તથા ચિત્રરથ નામથી પ્રસિદ્ધ થયા, અર્થાત્ તે બેનાં નામ રત્નરથ અને ચિત્રરથ રાખવામાં આવ્યાં."

"બીજી તરફ જ્યોતિષ્ક દેવલોકમાંથી ચ્યવીને વસુભૂતિનો જીવ કે જેનું દેવલોકમાં ધૂમકેતુ નામ હતું. તે એ જ અરિષ્ટપુરમાં એ જ પ્રિયંવદ રાજાની કનકાભા નામની બીજી સહધર્મિણીની કુક્ષિથી પુત્ર તરીકે ઉત્પન્ન થયો અને એનું અનુદ્ધર એવું નામ રખાયું." આ રીતે ઉદિત અને મુદિતના જીવો તથા વસુભૂતિનો જીવ એક જ પિતાના પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે. કર્મની ગતિ જ ન્યારી છે. એ તો આવા

યોગ આપોઆપ મેળવી દે છે. તમે જુઓ કે નવપલ્લીમાં અચાનક જ ઉદિત તથા મુદિતના જીવોનો અને વસુભૂતિના જીવનો ભેટો થઈ ગયો હતો. એ પછી લાંબા ગાળે પાછો અહીં ભાઈ-ભાઈ તરીકેનો યોગ થઈ ગયો. કર્મના યોગે કઈ વખતે શું થશે એ તો જ્ઞાનીઓ જ જાણી શકે છે.

અહીં રાજકુમારો તરીકે ઉત્પન્ન થએલા એ ત્રણમાં ચકમક જ ઝરવાની છે. પહેલેથી જ વસુભૂતિનો જીવ અનુદ્ધરકુમાર, ઉદિત તથા મુદિતના જીવો રત્નરથકુમાર અને ચિત્રરથકુમાર ઉપર મત્સરવાળો થાય છે પરંતુ રત્નરથકુમાર ચિત્રરથ કુમાર અનુદ્ધરકુમાર ઉપર માત્સર્યને ધારતા નથી આ પછી શું થાય છે એ અંગે ફરમાવ્યું છે કે-

*न्यस्य रत्नरथे राज्यं, यौवराज्यं द्वयोः पुनः ।*
*प्रियंवदः षड्दिनानि, प्रायं कृत्वा सुरोऽभवत् ॥*

"રત્નરથકુમારને રાજ્યપદે અને ચિત્રરથકુમાર તથા અનુદ્ધરકુમારને યુવરાજપદે સ્થાપીને, શ્રી પ્રિયંવદ રાજાએ દીક્ષા ગ્રહણ કરી, છ દિવસનું અનશન કર્યું અને ત્યાંથી કાળ કરીને તેઓ દેવ થયા."

### પાપોદયના કારમા પરિણામ

ત્યારબાદ એક રાજાને શ્રીપ્રભા નામની રાજકન્યા હતી. તેની અનુદ્ધરકુમારે યાચના કરી, પરંતુ તે રાજાએ યાચના કરતા એવા અનુદ્ધરને પોતાની રાજકન્યા ન આપી અને રાજ્યનું પાલન કરતાં એવા રત્નરથને પોતાની શ્રીપ્રભા નામની કન્યાને આપી. આવું બનવાથી ક્રોધિત થએલો અનુદ્ધર રત્નરથની પૃથ્વીને લૂંટવા માંડ્યો. પણ યુદ્ધમાં હરાવીને રત્નરથે તેને કેદ કરી લીધો. કેદી બનાવાએલા તે અનુદ્ધરને રત્નરથે ઘણા પ્રકારોએ વિડંબના કરી અને તે પછી છોડી મૂક્યો. આ પછી તે અનુદ્ધર તાપસ થયો, પરંતુ ત્યાં પણ સ્ત્રીસંગથી તેણે પોતાના તપને વિફળ કર્યું.

જોયું, કેવી પરંપરા ચાલી ? બ્રાહ્મણમાંથી મ્લેચ્છ થયો, મ્લેચ્છપણે મરીને ભવોમાં ભમ્યો. કોઈક પ્રકારે તે મનુષ્ય જન્મ પામીને તાપસ થયો, ત્યાંથી મરી ધૂમકેતુ નામનો દેવ થયો, અને ત્યાંથી ચ્યવીને અહીં રાજકુમાર તરીકે ઉત્પન્ન થયો, આ સુખ પણ તેનાથી ભોગવાયું ? પોતે એક કન્યા માટે યાચના કરી, પણ તે તેને ન મળતાં તેના મોટા ભાઈને મળી. પુણ્ય અને પાપ જો સમજાય, તો આમાં ખીજાવા જેવું શું હતું ? દુનિયાની કોઈપણ વસ્તુ પુણ્ય વિના મળતી નથી અને પુણ્યયોગે મળ્યા પછીથી પણ પુણ્ય વિના ટકતી નથી, આમ સમજીને પોતાનો પાપોદય કે પોતે યાચેલી કન્યા પોતાને ન મળી અને પોતાના મોટાભાઈનો પુણ્યોદય કે એને વગર યાચે મળી. આટલું જો અનુદ્ધરે વિચાર્યું હોત તો એને ક્રોધ આવત ખરો ? પરંતુ આવા વિચાર પણ પુણ્યશાળી આત્માઓને જ આવે છે. પાપી આત્માઓને તો જેમ જેમ થપ્પડ પડે તેમ તેમ તેઓ વધુને વધુ કષાયરક્ત બનીને વધુને વધુ પાપ પરાયણ બને છે. એ જ રીતે ખીજવાએલા અનુદ્ધરે રત્નરથના રાજ્યમાં લૂંટફાટ કરવી શરૂ કરી. પરંતુ તે પોતાના પાપોદયે હાર્યો. રત્નરથનો કેદી બન્યો અને રત્નરથે ત્યાં એને ખૂબ વિડંબના કરી. આટલાં આટલાં પાપોદયનાં કપરાં પરિણામો જોયા પછીથી પણ અનુદ્ધરને સદ્‌બુદ્ધિ સૂઝતી નથી. તે તાપસ થાય છે. તો ત્યાં પણ સ્ત્રીસંગથી પોતાના તપને નિષ્ફળ કરે છે. પાપની પરંપરા કેવી કારમી ચાલે છે ? એ આમાંથી ખાસ સમજવા જેવું છે, અને એ સમજીને પાપથી બચવા માટે પ્રયત્નશીલ થવું જોઈએ.

આટલું વર્ણન થઈ ગયા બાદ હવે અનલપ્રભનો સંબંધ આવે છે. વસુભૂતિ બ્રાહ્મણનો જીવ અનલપ્રભદેવ કઈ રીતે થયો ? આ વસ્તુનું વર્ણન કરતાં હવે કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રના આ પાંચમા સર્ગમાં ફરમાવે છે કે-

*ततो मृत्वा भवं भ्रान्त्वा, चिरान्मर्त्यो बभूव सः ।*
*तापसीभूय भूयोऽपि, चकाराज्ञानकं तपः ।*
*मृत्वाऽनलप्रभः सोऽयं, ज्योतिष्कस्त्रिदशोऽभवत् ।।*

" વસુભૂતિ બ્રાહ્મણનો જીવ અનુદ્ધરકુમાર ત્યાંથી મરીને, ભવભ્રમણ કરીને ઘણાં લાંબા કાળે મનુષ્ય થયો, તે મનુષ્યપણામાં પણ ફરીથી તાપસ થઈને તેણે અજ્ઞાન તપ કર્યું અને ત્યાંથી મૃત્યુ પામીને તે વસુભૂતિનો જીવ જ્યોતિષ્ક દેવલોકમાં દેવ થયો. અને તે જ આ અનલપ્રભ દેવ છે."

કુલભૂષણ કેવળજ્ઞાની ત્યારબાદ ફરમાવે છે કે-

*दीक्षां रत्नरथचित्र-रथौ जगृहतुश्च तौ ।।१।।*
*विपद्य चाच्युते कल्पेऽतिबलोऽथ महाबलः ।*
*नामधेयेन जज्ञाते, त्रिदशौ प्रवरर्द्धिकौ ।।२।।*
*च्युत्वा च सिद्धार्थपुरे, क्षेमंकरमहीपतेः ।*
*महिष्या विमलादेव्या - स्तौ कुक्षाववतेरतुः ।।३।।*
*क्रमादजनिषातां च, विमलायामुभौ सुतौ ।*
*कुलभूषण एषोऽहं, तथायं देशभूषणः ।।४।।*

"ઉદિત અને મુદિતના જીવો તે રત્નરથ અને ચિત્રરથ રાજકુમારોએ દીક્ષાને ગ્રહણ કરી, ત્યાંથી કાળધર્મને પામીને તેઓ અચ્યુત નામના દેવલોકમાં અતિબલ અને મહાબલ નામના પ્રવર ઋદ્ધિવાળા દેવો થયા, ત્યાંથી ચ્યવીને તે બંનેના જીવો, સિદ્ધાર્થપુર નામના નગરમાં ક્ષેમંકર મહીપતિની વિમલાદેવી નામની મહારાણીની કુક્ષિમાં અવતર્યા, ક્રમે કરીને તે બંને વિમલાદેવીની કુક્ષિથી જન્મ્યાં. તે આ હું કુલભૂષણ અને આ દેશભૂષણ."

આ રીતે ઉદિત અને મુદિતના ભવથી શરૂ કરેલો આ વૃત્તાન્ત કુલભૂષણ મહર્ષિએ પોતાનો જન્મ ક્ષેમંકર રાજાને ત્યાં વિમલાદેવી નામની રાણીથી થયો અને કુલભૂષણ તથા દેશભૂષણ નામ રાખ્યું ત્યાં સુધી કહ્યો. હવે તે બંનેએ કયું નિમિત્ત પામીને દીક્ષા ગ્રહણ કરી ? એ દર્શાવે છે.

કુલભૂષણ મહર્ષિ શ્રી રામચંદ્રજીને કહે છે કે આ પછીથી બાલ્યવય લંઘ્યા બાદ અમને પઠન કરાવવાને માટે રાજાએ ઘોષ

નામના ઉપાધ્યાયને અર્પણ કર્યા. અને બાર વર્ષ સુધી ઘોષ નામના ઉપાધ્યાયની પાસે રહીને અમે બંનેએ સર્વ કળાનો અભ્યાસ કર્યો. તેરમે વર્ષે ઘોષ નામના ઉપાધ્યાયની સાથે રાજાની પાસે આવતાં રાજમહેલમાં બારીએ બેઠેલી એક કન્યાને અમે જોઈ. તે કન્યાને જોતાંની સાથે જ અમે તેના ઉપર અનુરાગી થયાં અને અમારું મન તે કન્યામાં પરોવાયું.

### બાહ્ય નિમિત્તોની બળવત્તા

અનંત ઉપકારી પરમ મહર્ષિઓએ જે રાગના સ્થાનોથી પણ દૂર રહેવાનું ફરમાવ્યું છે તે કેટલું જરૂરી છે. એ આ પ્રસંગ ઉપરથી જણાય છે. પોતે એક કન્યાને જોઈ એટલા માત્રથી તેઓનું મન તેના જ વિચારોમાં પરોવાયું. નિમિત્ત શું કામ કરે છે ? આજે તો બ્રહ્મચર્યની વાડોનું પાલન કરવું એમાં કાયરતા છે એવું માનનારા અને કહેનારા પાક્યા છે. કેટલાકો તો આવી વાતો કરીને પોતાની રાગદશાને વિરાગદશા રૂપે જાહેર કરી, દુનિયાને ઠગવાનો પ્રપંચ સેવી રહ્યાં છે. મનને જીતવું એ કાંઈ સહેલી વસ્તુ નથી. મન જીતાયા બાદ તેને એવી એવી વસ્તુઓ વાપરવાનો શોખ થતો નથી. આવું આવું જોઈએ છે એ જ પૂરવાર કરે છે કે રાગદશા બેઠી જ છે. પણ માત્ર આત્મનિગ્રહનો દંભ સેવાય છે, માટે દરેક કલ્યાણકામી આત્માએ તો રાગનાં સઘળાં નિમિત્તોથી દૂર જ રહેવું જોઈએ. અને કદાચ તેવા પ્રસંગમાં મૂકાઈ જવાય તો પણ મનને મજબૂત રાખીને વહેલામાં વહેલી તકે તેવા સંયોગથી દૂર થઈ જવું જોઈએ. જો નિમિત્તોની એટલી બળવત્તા ન હોત તો તો શ્રી સ્થુલીભદ્રજી મહાત્માનો જે યશોવાદ ગવાયો છે ગવાય છે અને ગવાશે તે ન ગવાત.

આપણે એ વિચારી ગયા કે કુલભૂષણ નામના કેવળજ્ઞાની પરમમહર્ષિ ફરમાવી રહ્યા છે કે રાજમહેલના ગવાક્ષમાં રહેલી એક કન્યાને જોતાં જ અમે તેનામાં અનુરાગવાળા થયાં અને મનમાં અમે તેના જ વિચારો કરતા કરતા ઘોષ નામના ઉપાધ્યાયની સાથે

રાજાની પાસે આવીને, રાજાને અમે સર્વ કળાઓ દર્શાવી. રાજાથી પૂજાયેલા ઉપાધ્યાય પોતાને ઘેર ગયા. આ પછીના પ્રસંગનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે -

*उपाध्यायोऽर्चितो राज्ञा, जगाम निजमंदिरम् ।*
*आवां च मातरं नंतुं, गतौ राजाज्ञया ततः ॥१॥*
*तत्र चावामपश्याव, तां कन्यां मातुरंतिके ।*
*अशंसच्चाम्बा युवयोः, स्वसेयं कनकप्रभा ॥२॥*
*घोषोपाध्यायसद्मने युवयोस्तस्थुषोः सतोः ।*
*जातेयं वत्सा तेनेमां, नोपलक्षयथोः युवाम् ॥३॥*

શ્રી કુલભૂષણ મહર્ષિ શ્રી રામચંદ્રજીને કહે છે કે - રાજા વડે પૂજાયેલા ઉપાધ્યાય પોતાને ઘેર ગયા, અને તે પછી રાજાની આજ્ઞાથી અમે અમારી માતાને નમન કરવાને માટે ગયા. ત્યાં માતાની પાસે અમે તે કન્યાને જોઈ. માતાએ અમને કહ્યું કે, "કનકપ્રભા નામની આ તમારી બહેન છે. તમે ઘોષ નામના ઉપાધ્યાયને ત્યાં રહેતા હતા ત્યારે તમારી આ બહેનનો જન્મ થયો હતો. અને હે પુત્રો ! તેથી તમે એને ઓળખતા નથી."

### અનલપ્રભદેવે ઉપસર્ગ કેમ કર્યા ?

જોવામાત્રથી જ અજાણપણે જેના ઉપર અનુરાગ થઈ ગયો અને હવે ખબર પડી કે એ કન્યા તો પોતાની બહેન છે. આવા વખતે આત્માને શું થવું જોઈએ ? લઘુકર્મી આત્માઓને તો આવુંય નિમિત્ત એકદમ વૈરાગ્યને ઉત્પન્ન કરી દે છે. સંસારની અસારતાનો તરત જ તેવા આત્માઓને ખ્યાલ આવે છે. અહીં પણ તેમજ થાય છે. જેમ દર્શન માત્રથી તેમને અનુરાગ થાય છે. તેમ તે પોતાની બહેન છે, એવું જાણતાંની સાથે જ તેમને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે.

*तच्छ्रुत्वा लज्जितावावा - मज्ञानात्स्वसृकांक्षिणौ ।*
*क्षणाद्वैराग्यमापन्नौ प्राव्रजावांतिके गुरोः ॥१॥*
*तप्यमानौ तपस्तीव्रमिहायातौ महागिरौ ।*
*कायोत्सर्गेण - चास्थावनिरपेक्षौ वपुष्यपि ॥२॥*

"કુલભૂષણ મહર્ષિ ફરમાવે છે કે માતાના આવા વચન સાંભળીને અજ્ઞાનથી બહેનની કાંક્ષાવાળા બનેલા અમે લજ્જાને પામ્યાં. ક્ષણવારમાં વૈરાગ્યને પામ્યાં, અને ગુરુની પાસે અમે બંનેએ દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા ગ્રહણ કર્યા બાદ તીવ્ર તપને તપતાં અમે આ મહાગિરિની ઉપર આવ્યા અને શરીરને વિષે પણ અપેક્ષારહિત એવા અમે આવી કાર્યોત્સર્ગમાં સ્થિર થયાં, અર્થાત્- અહીં આવીને કાર્યોત્સર્ગ કરી ધ્યાનમગ્ન બન્યાં."

કઈ રીતે તેઓ અહીં આ વંશશૈલ પર્વત ઉપર આવ્યાં તેનું આ રીતે વર્ણન કર્યા પછીથી, તે કેવળજ્ઞાની શ્રી કુલભૂષણ મહર્ષિએ ફરમાવ્યું કે, 'અમારા વિયોગથી અનશન ગ્રહણ કરી, અમારા પિતા મરીને મહાલોચન નામના ગરુડેશ દેવ થયા અને આસનનો કંપ થવાથી અમારા ઉપર આવેલા ઉપસર્ગને જાણીને, પૂર્વજન્મના સ્નેહથી પીડિત એવા તે હાલમાં અહીં આવ્યા છે.'

હવે અનલપ્રભ દેવને આ રીતે ઉપસર્ગ કરવાનું કયું કારણ મળ્યું ? એ દર્શાવતાં કુલભૂષણ મુનિવર જે ફરમાવે છે, તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*अनलप्रभदेवः सोऽ-नंतवीर्य महामुनेः ।*
*पार्श्वे केवलिनोऽगच्छत् सह देवैः कुतूहलात् ॥१॥*
*देशनांतेऽनन्तवीर्यः, पृष्टः शिष्येण केनचित् ।*
*मुनिसुव्रततीर्थेऽस्मिन्, कः पश्चात्तव केवली ॥२॥*
*सोऽप्याख्यन्मम निर्वाणे, केवली कुलभूषणः ।*
*देशभूषण इति च, भ्रातरौ द्वौ भविष्यतः ॥३॥*
*तच्चानलप्रभः श्रुत्वा, निजं स्थानमुपेत्य च ।*
*विभंगेनान्यदा ज्ञात्वा, कायोत्सर्गे स्थिताविहः ॥४॥*

मिथ्यात्वेनानन्तवीर्यवचनं कर्तुमन्यथा ।
प्राग्जन्मवैराच्च स ना - वुपद्रुद्राव दारुणम् ॥५॥

"અનલપ્રભ નામનો દેવ બીજા દેવોની સાથે કુતૂહલથી કેવળી ભગવાન્ શ્રી અનન્તવીર્ય નામના મહામુનિની પાસે ગયો. દેશનાને અંતે કોઈક શિષ્યે શ્રી અનંતવીર્ય મહામુનિને પ્રશ્ન કર્યો કે, 'આપના પછીથી શ્રી મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં કોણ કેવળી થશે ?' કોઈક શિષ્ય વડે પૂછાયેલા આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી અનંતવીર્ય નામના મહામુનિએ ફરમાવ્યું કે "મારું નિર્વાણ થયે છતે કુલભૂષણ અને દેશભૂષણ એ બે ભાઈઓ કેવળી થશે." આ સાંભળીને અનલપ્રભ દેવ પોતાના સ્થાને આવ્યો અન્યદા, વિભંગજ્ઞાનથી અમને અહીં કાર્યોત્સર્ગમાં રહેલાં જાણીને, શ્રી અનંતવીર્ય મહામુનિના વચનને મિથ્યાત્વથી ખોટું પાડવાના ઈરાદે, અને પૂર્વજન્મના વૈરથી તેણે અમને દારૂણ ઉપસર્ગ કર્યો. અર્થાત્ મિથ્યાત્વના યોગે કેવળજ્ઞાની મહર્ષિનું વચન ખોટું પાડવાની બુદ્ધિ એનામાં જાગી, એથી અને પૂર્વજન્મના વૈરથી અનલપ્રભદેવે તે બંને મુનિવરો ઉપર ભયંકર ઉપસર્ગ કર્યો."

## મિથ્યાત્વનો મહાભયંકર દોષ

વિચારો કે મિથ્યાત્વનો દોષ એ કેવો ભયંકર દોષ છે ? અનલપ્રભ દેવ, છતાં પણ એટલુંય નથી વિચારી શકતો કે કેવળજ્ઞાનીનું વચન કદિ મિથ્યા થાય જ નહિ, કેવળજ્ઞાનીની દેશના સાંભળીને પણ એને ઉલ્ટો ગેરલાભ થયો. આમાં દોષ કોનો ? કેવળજ્ઞાનીઓનો કે તેની અપાત્રતાનો ? આજે તો એવા કહેનારા છે કે, 'જો તમારામાં તપ, ત્યાગ ને સંયમ હોય તો બીજા ઉપર અસર કેમ ન થાય ?' એવાઓને તો ક્હેવું જ પડે કે, 'ગમે તેટલો વરસાદ પડે પણ મગશેળીયો ન પલડે !' એવું કહેનારાઓએ પોતાની અયોગ્યતા વિચારી, પોતાના આત્મામાં યોગ્યતા પેદા થાય એવા પ્રયત્ન કરવા જોઈએ. આને બદલે પોતાની અપાત્રતાનો પણ દોષ ગુરુને શિરે ઓઢાડી, પોતાની અપાત્રતાને ઢાંક્વાનો દંભ કરનારાઓ તો પોતાની અપાત્રતાને જ વધારી રહ્યા છે.

મિથ્યાત્વ એ એવી તો ભયંકર વસ્તુ છે કે અનંતજ્ઞાનીના વચન ઉપર પણ અવિશ્વાસ ઉપજાવે, આજે એવા કેટલાકો શ્રદ્ધાસંપન્ન સાધુઓ અને શ્રાવકોની પણ મશ્કરી કરતાં કહે કે, "તમે કહો છો તે બધું ભગવાને કહ્યું છે. એવું કઈ રીતે માની શકાય ?" પણ હું કહું છું કે આ લોકોને તો ખુદ શ્રીમહાવીર સ્વામી આવીને કહે તો ય તે લોકો માને તેમ નથી. ઉલ્ટા કહેશે કે આ મહાવીર જ નથી ! પરંતુ સાચી વાત તો એ છે કે એવું-એવું બોલનારાઓને અને લખનારાઓને જ ખરેખર ભગવાન શ્રી મહાવીરદેવ ઉપર શ્રદ્ધા જ નથી. આજે કાંઈ ભગવાન આવવાના નથી. પણ તેઓના શબ્દો ખાતર ધારો કે ભગવાન આવ્યા, તો પણ એમનાં વચનોને શ્રદ્ધાપૂર્વક માનનારા તો એમને પૂજે જ. પરંતુ આવા દુષ્ટ હૃદયના પાપાત્માઓ જ ન પૂજે ! કારણકે તેઓ આજની એક તુચ્છ વ્યક્તિને પણ અનંતજ્ઞાની શ્રી મહાવીર પરમાત્માની સાથે સરખાવતાં લાજતા નથી ! આવાઓ તો ભગવાન શ્રી મહાવીર પરમાત્માના સ્વરૂપને ય પિછાણતા નથી. અને તેથી જ તેઓ આવી અસંભવિત કલ્પનાઓ કરી કરીને તે મહાપ્રભુની આશાતના કરવાના ઘોર પાપમાં પડે છે ! તેઓ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનાં વચનોને માનવાને તૈયાર નથી. એથી જ શ્રદ્ધાળુઓને હલકા પાડવા માટે આવું આવું લખે છે. અને બોલે છે. વધુમાં આવા પાપાત્માઓ જૈન તરીકેની પોતાની નામના કાયમ રાખવાનો આ રીતે દંભ સેવે છે. કારણકે એમને જૈન સમાજમાંથી લાભ ઉઠાવવો છે. આવાઓ પોતાની જાતને સાધર્મિક તરીકે ઓળખાવી, શ્રદ્ધાળુ સમાજ તેમનું સાધર્મિક વાત્સલ્ય કરે એમ ઇચ્છે છે. અને તેથી જ જ્યારે જ્યારે કોઈ ધર્મ મહોત્સવનો પ્રસંગ ઉજવાય છે, ત્યારે ત્યારે એમના ભૂખમરાના બૂમાટા ચાલુ જ હોય છે. શ્રદ્ધાસંપન્ન જૈનો દુઃખી અવસ્થામાં હોય તો તેનું વાત્સલ્ય કરવું એ ધર્મી શ્રાવકની ફરજ છે. પરંતુ આવાઓ જૈનકુળમાં જન્મી જૈનકુળને લજવનારાઓ, એમાં ઘૂસી જઈ તમારા ધર્મને હણવા તૈયાર થતા હોય તો ચેતજો !

આપણે એ વાત વિચારી રહ્યા છીએ કે કુલભૂષણ મુનિવર શ્રી રામચંદ્રજી આદિની સમક્ષ એ ફરમાવે છે કે અનલપ્રભદેવને ભયંકર ઉપસર્ગ કરતાં ચાર દિવસ થઈ ગયા. આજે તમે અહીં આવ્યા અને તમારી ભીતિથી તે દેવ નાસી ગયો. કર્મક્ષય થવાથી અમને તો કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ઉપસર્ગ કરવામાં તત્પર એવો આ અનલપ્રભ અમારા કર્મક્ષયમાં સહાયક થયો.

આ પ્રમાણે કુલભૂષણ કેવળજ્ઞાનીએ પોતાનો અને દેશભૂષણ મુનિવરનો આખોય પ્રસંગ શ્રી રામચંદ્રજીને કહ્યો. આ પછી ત્યાં બેઠેલા ગરુડપતિ મહાલોચન નામના દેવે કહ્યું કે, 'હે રામ! આપે ઘણું સારું કર્યું ! આપનો હું કયો પ્રત્યુપકાર કરું ?' શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, 'અમારે કાંઈ જ પ્રયોજન નથી.' તો પણ તે દેવ, 'ક્યારેક પણ હું ઉપકાર કરીશ.' આ પ્રમાણે બોલીને અંતર્ધ્યાન થયો. વિચારો કે આ કેવી પ્રત્યુપકારશીલતા અને નિ:સ્પૃહશીલતા છે !

**સાચી નામના કોને કહેવાય ?**

ત્યારબાદ વંશસ્થલ નગરનો સુરપ્રભ નામનો રાજા ત્યાં આવી પહોંચ્યો. શ્રી રામચંદ્રજીને તેણે નમસ્કાર કર્યા અને ઉચ્ચ પ્રકારે તેમની પૂજા કરી. શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી તે વંશશૈલ નામના પર્વત ઉપર સુરપ્રભ રાજાએ શ્રી અરિહંતદેવોના ચૈત્યો કરાવ્યાં અને ત્યારથી માંડીને એ પર્વત શ્રી રામચંદ્રજીના નામથી 'રામગિરિ' એ નામથી પ્રસિદ્ધ થયો. એ વંશશૈલ પર્વતનું ત્યારથી 'રામગિરિ' એવું નામ રાખવામાં આવ્યું.

આ નામના એ સાચી નામના છે. પુણ્યવાનોને નામના માગવા જવી પડતી નથી. નામના મેળવવા માટે તરફડિયાં મારવા પડતાં નથી. આજે તો નામનાને માટે સારા ગણાતા આત્માઓ પણ તુચ્છ પ્રયત્નોમાં પડે છે, એટલું જ નહિ પણ નામનાના લોભે પોતાના પદનો અને એ પદની મર્યાદાનો ખ્યાલ પણ ભૂલી જાય છે. જે આત્માઓ કોરી નામનાના જ ભૂખ્યા હોય છે, તેઓ કર્તવ્યમાં સ્થિર

રહી જ શકતા નથી. જે આત્માઓને પોતાની નામના જ વ્હાલી લાગે છે, તે આત્માઓ પોતાનામાં સત્ય સિદ્ધાંતનો પ્રેમ હોય તો પણ નામનાના મોહમાં સત્ય સિદ્ધાંતને ભૂલી જાય છે. **પોતાના કર્તવ્યોનું યથાસ્થિતપણે પાલન કરવું એ જ સાચી નામના છે.** કર્તવ્યના પાલન તરફ લક્ષ્ય રાખનારને નામના મળતી જ રહે છે. છતાં કર્તવ્ય અદા કરવા તરફ જ દૃષ્ટિ હોવાથી એ નામના એની બુદ્ધિને ચક્રાવામાં નાખી શકતી નથી. ભવિષ્યની પ્રજા પોતાને મહાપુરુષ તરીકે પિછાને અને વર્તમાન પ્રજા નિંદા ન કરે એટલા ખાતર જે આત્માઓ કર્તવ્યને ભૂલી જાય છે તેઓ આ માનવજીવનની અને એમાં પણ પ્રાપ્ત થયેલી સામગ્રીની કોડીની કિંમત કરી નાંખે છે. માટે નામનાના લોભથી દરેક કલ્યાણકામી આત્માએ બચવું જોઈએ અને કર્તવ્યપાલન તરફ જ લક્ષ્ય આપવું જોઈએ.

# રાજા દંડક દંડકારણ્ય જટાયુપક્ષી.

## ૭

શ્રી રામચન્દ્રજી આદિ ક્રમે કરીને દંડકારણ્યમાં પ્રવેશ્યા ત્યાં મહાગિરિની ગુફાને જ ઘર બનાવીને રોકાયા. એકવાર ત્યાં ચારણ શ્રમણ મહાત્માઓ બે મહિનાના ઉપવાસના પારણે પધાર્યાં. મહાત્માનું પારણું થતાં રત્નવૃષ્ટિ અને સુગંધીજળની વૃષ્ટિ થઈ, રત્નજટી વિદ્યાધર અને દેવો આવ્યા. ગંધ નામનું પક્ષી પણ આવ્યું. મહાત્માની ધર્મદેશના થઈ, પ્રશ્નોના ઉત્તરો અપાયા. તેમાંથી આ દંડકારણ્યનો ઈતિહાસ પ્રગટ થયો.

રાજા દંડકના નામથી જ આ દંડકારણ્ય બનેલું અને તે જ આ ગંધપક્ષીનો જીવ છે વિગેરે વાતો થઈ, તે જ જટાયુ પક્ષી કહેવાયું શ્રી રામચન્દ્રજી આદિએ પોતાના સાધર્મિક તરીકે સ્વીકાર્યું આદિ રોમહર્ષક વિવરણથી આ પ્રકરણ મિથ્યાત્વ નાસ્તિકતા, અહંકાર અને અવશ્યંભાવીના અક્રૂરપણાની ચિત્ર-વિચિત્ર વાતો દ્વારા આગવી જ ભાત પાડી રહ્યું છે. જે ચિંતનપૂર્વક વાંચવાથી જ માણી શકાશે.

-શ્રી

## રાજા દંડક : દંડકારણ્ય : જટાયુપક્ષી


★ શ્રી રામચંદ્રજી દંડકારણ્યમાં
★ સાચુ સુખ સંસારમાં ક્યાં છે ?
★ કર્મક્ષય માટે કરવા યોગ્ય બે પ્રવૃત્તિ
★ રાજસભા અને ધર્મચર્ચા
★ આજના આર્થિક ઝંઝાવાતોનું મૂળ શું છે ?
★ દયા નહી પણ દુષ્ટતા
★ આજે ધર્મ પ્રવૃત્તિઓમાં વિશેષ લક્ષ્ય આપવું જોઇએ
★ પાપાત્માઓ અને તારક વસ્તુઓનું દૂષણ
★ શક્તિસંપન્ન ધર્માત્માઓ મૌન ન રહે
★ એવી અશાંતિથી ગભરાવવાનું ન હોય !
★ સંસાર એટલે સુખ દુ:ખની પરંપરા
★ દુનિયાનું સુખ પણ ક્યારે મળે ?
★ ધર્મ, કર્મની બેડીને તોડવા માટે છે
★ સંસારની પ્રવૃત્તિ ન છૂટકે કરવી એવું નક્કી કરો
★ ધર્મ પમાડવો એ સર્વોત્તમ ઉપકાર છે
★ સદ્ધર્મથી પતિત કરનારા મહાભયંકર છે
★ શ્રી સ્કંદકસૂરિજીને જોઇને પાલકે જમીનમાં દાટેલા શસ્ત્રો
★ દુર્જનતાથી વૈર જન્મે, એની સત્પુરુષોને પરવા હોતી નથી
★ આગ જેવી વિષય-કષાયની તીવ્રતા
★ ધર્મદેશનાથી કોને હર્ષ ન થાય ?
★ 'આપ ભલા તો જગ ભલા' એ કહેવતમાં ય દુર્જનો અપવાદરૂપ
★ કુસાધુતા પોષાય અને સુસાધુતા શોષાય ત્યારે શું કરવું ?
★ રાજાને વિષાદ
★ રાજા દંડકનો અવિચારી આદેશ
★ એવા વેષ વિડંબકોથી દૂર રહેવું જોઇએ
★ ક્રોધના આવેશમાં શ્રી સ્કન્દકસૂરિએ કરેલું નિયાણું
★ તે વખતે શાસન દેવતા કેમ ન આવ્યા ?
★ જટાયુ પક્ષીએ સ્વીકારેલું શ્રાવકપણું
★ સૌની પરવાનગી
★ સદ્ધર્મ સંભળાવનારને એકાંતે લાભ જ છે




# ૭

## રાજા દંડક દંડકારણ્ય જટાયુપક્ષી.

### શ્રી રામચંદ્રજી દંડકારણ્યમાં

આ પછી રઘુપુંગવ શ્રી રામચંદ્રજી વંશસ્થલના અધિપતિ સુરપ્રભ રાજાને પૂછીને ત્યાંથી ચાલી નીકળ્યા અને નિર્ભય એવા તેઓએ ઉદ્દંડ એવા દંડકારણ્યમાં પ્રવેશ કર્યો. આ દંડકારણ્ય એ સ્થળ છે કે જયાં સ્કંદક સૂરિવર ઉપર ઉપસર્ગ આવ્યો અને પાંચસો મુનિવરો ઘાણીમાં પીલાયા હતા. આ દંડકારણ્યમાં આવીને શ્રી રામચંદ્રજીએ મહાગિરિની ગુફારૂપી ઘરમાં આવાસ કર્યો અને શ્રી લક્ષ્મણજી તથા શ્રીમતી સીતાજીની સાથે ત્યાં પોતાનું જાણે ઘર જ હોય એમ સુસ્થિતપણે તેઓ રહેવા લાગ્યા. આવા ધીર પુરુષોનું શું પૂછવું ? તેઓ તો જયાં જાય ત્યાં સ્વામી થઈને જ રહેનારા હોય છે.

એક દિવસ એવું બન્યું કે ભોજનવેળા એ બે ચારણ મુનિઓ આકાશમાર્ગે ત્યાં આવી પહોંચ્યા. તેઓનાં નામ ત્રિગુપ્ત અને સુગુપ્ત હતા. બે મહિનાના તેઓએ ઉપવાસ કર્યા હતા અને પારણું કરવાને માટે તેઓ અહીં પધાર્યા હતાં.

આ બે ચારણ મુનિવરોને શ્રી રામચંદ્રજીએ, શ્રીમતી સીતાજીએ અને શ્રી લક્ષ્મણજીએ વંદન કર્યું. આ પછી શ્રીમતી સીતાજીએ તે બે મુનિવરોને યથોચિત અન્ન-પાણીથી પ્રતિલાભ્યા, અને એ વખતે દેવોએ રત્નોની અને સુગંધમય જળની વૃષ્ટિ કરી. બરાબર આ જ વખતે કંબૂદ્વિપના વિદ્યાધરોનો રાજા રત્નજટી તથા

બે દેવો ત્યાં આવ્યા, અને તેમણે પ્રસન્ન થઈને અશ્વ સહિત રથ શ્રી રામચંદ્રજીને અર્પણ કર્યો. જુઓ, પુણ્યશાળી પુરુષોને કેવા કેવા સુયોગ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે ? બે માસના ઉપવાસી બે મુનિવરોને પારણાં માટે પ્રતિલાભવાનો અપૂર્વ લાભ અહીં અણધાર્યો મળી ગયો. એ મહાલાભ પાસે રત્નની તથા ગંધોદકની વૃષ્ટિ થઈ એ કે અશ્વ સહિત રથ મળ્યો એ કઈ વિસાતમાં ગણાય ?

આ વખતે એક બીજો પણ બનાવ બની ગયો. શ્રીમતી સીતાજીએ યથોચિત અન્ન-પાણીથી બે ચારણ મુનિવરોને પ્રતિલાભ્યા તે વખતે દેવોએ જે ગંધોદકની વૃષ્ટિ કરી હતી, તે ગંધોદકની વૃષ્ટિની ગંધથી ત્યાં રહેતું ગંધ નામનું ગીધ પક્ષી કે જે રોગી હતું, તે વૃક્ષ ઉપરથી ત્યાં નીચે ઉતરી આવ્યું. એ અંગે ફરમાવ્યું છે કે,

*संजातजातिस्मरणो, मुनेर्दर्शनमात्रतः ।*
*पपात मूर्छया भूमौ, सीतांभोभिः सिषेच तम् ॥१॥*
*लब्धसंज्ञः समुत्थाय, साधुपादेषु सोऽपतत् ।*
*साधोः स्पर्शौषधीलब्ध्या, निरोगश्चाभवत्क्षणात् ॥२॥*
*पक्षौ हेमावजायेतां, चञ्चूर्विद्रुमबिभ्रमा ।*
*पद्मरागप्रभौ पादौ, नानारत्नप्रभं वपुः ॥३॥*
*रत्नाकरश्रेणिनिभा, जटाः शिरसि चाभवन् ।*
*जटायुर्नाम तस्याभू - ततः प्रभृति पक्षिणः ॥४॥*

"મુનિના દર્શન માત્રથી તે ગંધ નામના પક્ષીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તે પક્ષીને મૂર્છા આવવાથી તે ભૂમિ ઉપર પડી ગયું. શ્રીમતી સીતાજીએ તેના ઉપર પાણીનું સિંચન કર્યું. આથી સંજ્ઞાને પામેલું તે પક્ષી ઉડીને મુનિના ચરણોમાં પડ્યું, અને તે સાધુની "સ્પર્શૌષધી" નામની લબ્ધિ વડે તે ગંધ નામનું પક્ષી તત્ક્ષણ નીરોગી થઈ ગયું. એટલું જ નહિ પણ તે ગંધ નામના પક્ષીની પાંખો સુવર્ણવર્ણી થઈ ગઈ. તેની ચંચૂ પરવાળાના જેવી થઇ ગઇ, તેના પગ પદ્મરાગ મણિ જેવા દેખાવા લાગ્યા અને તેનું શરીર વિવિધ રત્નોની પ્રભાવાળું બની ગયું. વળી તે પક્ષીના

માથા ઉપરની જટાઓ રત્નાંકુરોની શ્રેણી સમાન બની ગઈ, આથી ત્યારથી આરંભીને તે પક્ષીનું નામ ગંધને બદલે જટાયુ એવું થયું. અર્થાત્ ત્યારથી એ પક્ષી જટાયુ કહેવાયું."

### સાચું સુખ સંસારમાં ક્યાં છે ?

આવો આશ્ચર્યકારક બનાવ બનવાથી શ્રી રામચંદ્રજીએ બે ચારણ મુનિઓને પૂછ્યું કે, 'આ ગીધ પક્ષી માંસનું ભક્ષણ કરનારું અને દુર્બુદ્ધિને ધરનારું હોય છે, છતાં આપનાં ચરણોની પાસે રહીને આ પક્ષી કેમ શાંત થઈ ગયું ? વળી હે ભગવંતો ! પહેલાં તો આ પક્ષી અત્યંત વિરૂપ અવયવોવાળું હતું અને આજે ક્ષણવારમાં આ શાથી સુવર્ણરત્નોના ઢગની કાંતિવાળું થઈ ગયું ?' શ્રી રામચંદ્રજીએ પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં તે ત્રિગુપ્ત અને સુગુપ્ત નામના બે ચારણ મુનિવરોમાંથી સુગુપ્ત નામના મહર્ષિ શ્રી રામચંદ્રજીને વિસ્તારથી જટાયુ પક્ષીનો પૂર્વ ભવ કહે છે. આ જટાયુ પક્ષીનો આત્મા પૂર્વે દંડક નામનો રાજા હતો અને તેના જ નામથી આ અરણ્યનું નામ દંડકારણ્ય એવું પડ્યું છે.

અનંતજ્ઞાની પરમર્ષિઓ ફરમાવે છે કે, "આ આત્મા કર્મના વિવશપણાથી ચોરાશી લાખ જીવાયોનિઓ પૈકીની જુદી જુદી યોનિઓમાં ભટક્યા કરે છે. અને વિવિધ પ્રકારનાં દુ:ખો સહન કરે છે. આથી જ તે મહાપુરુષો ફરમાવે છે કે, **"જ્યાં સુધી આત્મા કર્મથી લેપાયેલો છે, ત્યાં સુધી કદીએ સાચા સુખને પામી શકતો નથી. સંસારમાં સુખની કલ્પના એ સુખની ભ્રમણા માત્ર છે, સાચુ સુખ સંસારમાં છે જ નહિ, કારણકે જે કાંઈ સુખ છે તે આત્મામાં છે. અને કર્મના આવરણથી એ દબાએલું છે. માટે સુખની અર્થી દુનિયાએ તો એક માત્ર કર્મનાશનો જ પ્રયત્ન કરવો જોઈએ."**

પરોપકારી જ્ઞાની પુરુષોએ આવું આવું સાહિત્ય આપણી સમક્ષ મૂક્યું છે, તેનો હેતુ એ જ કે આપણે પાપના કડવાં ફળોને

જાણીએ, એ જાણીને પાપ કરતાં અટકીએ અને સુખની ઈચ્છાથી પાપમય પ્રયત્નો કરવા છોડી દઈને સુખના સાચા માર્ગે-કર્મનાશના માર્ગે સંચરીએ.

### કર્મક્ષય માટે કરવા યોગ્ય બે પ્રવૃત્તિ

સંપૂર્ણ કર્મક્ષય થાય એટલે સાચું સુખ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. કારણકે આત્મામાં સુખ, આત્મા ઉપરનું આવરણ હઠે નહિ ત્યાં સુધી અનુભવી શકાય નહિં. આથી જ્ઞાની પુરુષો ફરમાવે છે કે, સુખના અર્થીઓએ બે પ્રવૃત્તિ કરવી જોઈએ. એક તો પૂર્વે બંધાએલા કર્મોની જે રીતે નિર્જરા થાય તેવો માર્ગ ગ્રહણ કરવો જોઈએ. અને બીજું નવીન કર્મો આવતાં અટકે એવો પ્રયત્ન કરવો જોઈએ. એક તરફથી સંવર થાય અને બીજી તરફથી નિર્જરાનું કામ ચાલે. એટલે કર્મસંગથી રહિતપણું પ્રાપ્ત થતાં આત્માને શાશ્વત સુખની પ્રાપ્તિ થઈ જાય. આ રીતે કર્મક્ષય કરવાને માટે જ્ઞાનીપુરુષોએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગ દર્શાવ્યો છે. સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન પામીને તેના ફળરૂપ સમ્યક્ચારિત્રનું આરાધન કરવું જોઈએ. સંવર અને નિર્જરાનો આ જ એક રાજમાર્ગ છે, અને જે કોઈ પુણ્યાત્માઓ આજ સુધીમાં કર્મક્ષય કરીને મુક્તિએ ગયા છે, જે કોઈ પુણ્યાત્માઓ કર્મક્ષય કરી મુક્તિની સાધના કરી રહ્યાં છે અને જે કોઈ પુણ્યાત્માઓ ભવિષ્યમાં કર્મક્ષય કરશે, તે બધાંએ આ જ એક માર્ગનું આલંબન લીધું છે, લઈ રહ્યાં છે અને ભવિષ્યમાં લેશે.

આવા દૃષ્ટાંતો સાંભળીને તેમાંથી આવો જ સાર ગ્રહણ કરવો જોઈએ. કથા રસિકતાથી કે બીજા હેતુથી આવાં દૃષ્ટાંતો સાંભળવાને બદલે, જેઓ સાર ગ્રહણ કરવાના હેતુથી આવાં દૃષ્ટાંતો સાંભળે છે અને વિચારે છે તેઓ આના શ્રવણ દ્વારા પૂરતો લાભ ઊઠાવી શકે છે.

એકવારનો રાજા આજે રોગી ગીધ પક્ષીનો ભવ ભોગવી રહ્યો છે. એ વસ્તુ શું સંસારની અસારતા દર્શાવતી નથી ? પાપનું કેવું

ભયંકર પરિણામ આવે છે ? એ વિચારવા માટે પણ આ વસ્તુ પૂરતી છે, પણ આ સાંભળવામાં હેતુની વાસ્તવિકતા હોય તો જ એ વસ્તુઓ સમજાય !

### રાજસભા અને ધર્મચર્ચા

આપણે એ જોઈ ગયા કે શ્રી રામચંદ્રજી ના પ્રશ્નના ઉત્તરમાં ચારણ શ્રમણ સુગુપ્ત મહર્ષિ. જટાયુ પક્ષીનો પૂર્વભવ કહે છે. અહીં પૂર્વે કુંભકારકટ નામનું નગર હતું. અને એ નગરનો આ પક્ષીનો જીવ દંડક નામે રાજા હતો. બીજી તરફ તે વખતે શ્રાવસ્તિ નામની નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની ધારિણી નામની પત્ની હતી અને સ્કંદક નામનો તેમને પુત્ર હતો. વળી જિતશત્રુ રાજાની પુરન્દરયશા નામની પુત્રી હતી, કે જેને કુંભકારકટ નગરના દંડક રાજાની સાથે પરણાવી હતી.

અન્યદા કોઈ કાર્યને માટે દંડક નામના રાજાએ બ્રાહ્મણ જાતિના પાલક નામના દૂતને જિતશત્રુ રાજાની પાસે મોકલ્યો. તે વખતે જિતશત્રુ રાજા આર્હદ્ધર્મની ગોષ્ઠિમાં તત્પર બન્યો હતો. આર્હદ્ધર્મની આ પ્રશંસાત્મક ગોષ્ઠિ, જિનધર્મદ્વેષી બાહ્મણ પાલકથી સાંભળી ન શકાઈ અને તે દુર્બુદ્ધિ પાલકે આર્હદ્ધર્મને દૂષિત કરવાનું શરૂ કર્યું.

તમે જુઓ કે ધર્મને પામેલા પૂર્વકાળમાં રાજાઓની કઈ હાલત હતી ? પૂર્વના રાજાઓ અનેક પંડિતોને આશ્રય આપતા અને રાજસભા મોટે ભાગે ધર્મસભા બની રહેતી. રાજસભામાં રાજકાર્યથી પરવારીને રાજા પોતે પંડિતો, મંત્રીઓ અને સામંતો આદિની સાથે ધર્મચર્ચા કરતા. આ ઉત્તમ આર્યદેશ અને ધર્મની ઉત્તમ સામગ્રી પામીને પણ ધર્મની ચર્ચાઓ ન થાય અને ચોવીસે કલાક લગભગ અર્થકામની ચર્ચાઓ આદિ ચાલુ રહે, એ આર્યદેશાદિ પામનારાઓ માટે જેવી-તેવી શોચનીય વસ્તુ નથી, શું પહેલાની દુનિયાને ધર્મને ખપ હતો અને આજની દુનિયાને ધર્મનો ખપ નથી ?

## આજના આર્થિક ઝંઝાવાતોનું મૂળ શું છે ?

આજે તો ધર્મનો ઉપદેશ અપાય, ધર્મચર્ચા કરવાનું કહેવામાં આવે, ત્યારે કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે-

આજના આર્થિક ઝંઝાવાતો કેટલા ભીષણ છે તે તો આપ વિચારો ! જ્યાં પેટ ભરવાનાં સાંસા પડે છે ત્યાં આપ ધર્મની ચર્ચાઓ અને ધર્મની ક્રિયાઓ કરવાનું કહો છો, તે કેમ બને ?"

પરંતુ તેઓએ સમજવું જોઈએ કે આજના સઘળાય આર્થિક ભીષણ ઝંઝાવાતોનું મૂળ માત્ર પેટ પૂરતું અનાજ મેળવવામાં છે, એમ કોઈપણ અર્થશાસ્ત્રીથી પૂરવાર થઈ શકે તેમ નથી. આજના ભીષણ ઝંઝાવાતોનું મૂળ, જો ખૂબ ઊંડી દૃષ્ટિથી વિચારવામાં આવે તો આજે અર્થ-કામની જે લાલસા વધી ગઈ છે, વિલાસવૃત્તિ વધી ગઈ છે, ઉડાઉપણું આવી ગયું છે, ખોટા મોજશોખ વધી ગયા છે, જ્યાં ત્યાં રખડવાની આદત વધી ગઈ છે, ઉદ્‌ભટપણું આવી ગયું અને એક નીતિમાન આર્ય માનવીને છાજે તેટલો પણ અર્થનો સંતોષ અને કામનો સંયમ નથી રહ્યો તે છે. આજે બેકારીની અને પેટ પૂરતા અનાજની બૂમો પાડનારાઓ તપાસ કરો, તો જણાશે કે માત્ર પેટ પૂરતા અનાજની જ તેમને અપેક્ષા છે, અને એટલું જો મળી જાય, તો તેઓ બાકીનો સમય ધર્મચર્ચામાં અને ધર્મક્રિયામાં ગાળવા તૈયાર છે, એમ છે જ નહિ. આજની આર્થિક મૂંઝવણો કઈ રીતે ઊભી થઈ અને કઈ રીતે વધી રહી છે એને લગતી હુંડીયામણની, વ્યાપારની, યંત્રવાદની, પરદેશી સત્તાની કે એવી બીજી ચર્ચાઓને એકબાજુ મૂકો. એ વિષય અહીં ચર્ચવાની જરૂર નથી. પરંતુ એ બધું છતાં એ આર્યદેશના વાસ્તવિક વાતાવરણને જો બરાબર જાળવવાનો પ્રયત્ન થાય, નિરર્થક વધી ગયેલી જરૂરિયાતો ઉપર કાપ મૂકાય, ખોટા મોજશોખો તજી દેવાય, અને જેટલી જેટલી વિલાસાદિની દુર્વૃત્તિઓ વધી ગઈ છે, તે દૂર કરાય, તો આર્ય દેશના માનવીઓને ઘેર પેટ પૂરતું અનાજ મેળવવાને ધર્મની ક્રિયા તજવી પડે એમ તો નથી જ.

આજે જેઓ 'પેટ પૂરતું અનાજ લોકોને મળતું નથી. લોકો બેકાર થઈ ગયા છે. એ વખતે ધર્મની વાતો કરવી એ યોગ્ય નથી.' આવું આવું લખે છે. અને કહે છે, તેઓને પૂછો તો ખરા કે તમે જે આ બધું લખી અને બોલી રહ્યા છો, તેમાં કારણભૂત ભૂખ્યાઓ પ્રત્યેની દયા છે કે, ધર્મનો દ્વેષ છે ? મને તો લાગે છે કે તેઓ જે આવું આવું બોલે છે અને લખે છે, તેમાં ઘણે ભાગે ભૂખ્યાઓ પ્રત્યે દયા કારણભૂત નથી, પરંતુ તેઓના અંતરમાં બેઠેલી ધર્મ પ્રત્યેની માત્ર અરુચિ જ નહિ પણ દ્વેષ જ તે માટે પ્રાયઃ કારણભૂત છે.

**દયા નહી પણ દુષ્ટતા**

જો તેઓ ભૂખ્યાઓ પ્રત્યેની દયાથી જ એવું એવું લખતા અને બોલતા હોય તો 'તેઓની આજે જે દશા છે તે ન હોત.' એવું એવું લખનાર અને બોલનારાઓમાં મોટોભાગ એવો છે કે આવું લખવા અને બોલવા ઉપરાંત એક પાઈનો પણ ભોગ ભૂખ્યાઓની ભૂખ ભાંગવાને માટે આપવાને તૈયાર નથી, એ લોકો માત્ર પેટ પૂરતું અનાજ મેળવે છે, એમની પાસે મૂડી નથી, તેઓ મોજશોખમાં પૈસા ખર્ચતા નથી, કે તેઓ સાત્વિક ને સાદું જીવન જીવનારા છે, એમ પણ માની લેવા જેવું નથી. તેઓ જો માત્ર પેટ પૂરતું અનાજ મેળવવા માટેની તેમજ બીજી જીવનનિર્વાહને માટે અનિવાર્ય સામગ્રી રાખી, બાકીનું બધું જ ભૂખ્યાઓની ભૂખ ટાળવાને માટે આપી દે છે, એમ માનવા જેવું નથી. જો એવું એવું લખનારા અને બોલનારા એવો આપભોગ આપનારા જ હોત તો તો જરૂર આપણે કહેત કે તેઓ જે એવું એવું લખે છે અને કહે છે, તેમાં કારણભૂત ભૂખ્યાઓની દયા છે. પણ તેઓ એમ કરવાને બદલે જ્યારે પોતાની જ દુર્વૃત્તિઓ અને દુષ્ટ પ્રવૃત્તિઓમાં મશગુલ બનેલા જોવાય છે. તેઓમાંના કેટલાક જ્યારે સંતોષ અને સંયમથી દૂર ભાગતા જોવાય છે. તેઓમાંના કેટલાક જ્યારે ભૂખ્યાઓના નામે રોજી રળી ખાવા ઉપરાંત પટારાઓ ભરવાનો ભયંકર ધંધો કરતા જોવાય છે. અને તેઓમાંના કેટલાક

જ્યારે અનાચારમય જીવન જીવતા દેખાય છે, ત્યારે કહેવું પડે છે કે એવું એવું લખવા અને બોલવામાં કારણભૂત ભૂખ્યાઓ પ્રત્યેની દયા નથી. પરંતુ ધર્મ પ્રત્યેની જ માત્ર અરુચિ જ નહિ પણ દ્વેષ છે.

તમે એટલો તો વિચાર કરો કે જ્યારે તેઓ પ્રાણીમાત્રના તારક-ધર્મની ચર્ચા કે ક્રિયાનો પણ ભૂખ્યાઓની ભૂખના નામે વિરોધ કરે છે. ત્યારે જો તેઓ સાચા અને પ્રમાણિક હોય તો તેમનામાં કેટલી દયા જોઈએ ? એને બદલે ધર્મક્રિયાઓને નિંદવી અને પોતે મોજો ઉડાવવી તેમજ તીજોરીઓ ભરવી એ શું જેવી તેવી દુષ્ટતા છે ? એના જેવી બીજી દુષ્ટતા કઈ હોઈ શકે ? આજે ભૂખ્યાની ભૂખની બૂમ પાડનારાઓમાં મોટા ભાગની આ અધમ દશા જોવાય છે.



બીજી વાત એ છે કે શું ધર્મની ચર્ચા અને ધર્મની ક્રિયા અટકી જાય, એથી કે ધર્મચર્ચા અને ધર્મક્રિયા કરવાનો અપાતો ધર્મોપદેશ અટકી જાય, એથી ભૂખ્યાઓની ભૂખ ભાંગવાની છે ? ભૂખનું સાચું નિદાન શોધવાની તેઓને સૂઝ નથી પડતી અને અજ્ઞાન લોકોને દયાના નામે તેઓ આજે નાહક બહેકાવી રહ્યા છે. અનાજના સાંસા પડવા એ પાપોદય છે, એટલું ય શું જૈનકુળમાં જન્મેલા અને પોતાને જૈનધર્મની વાસ્તવિક સમજણવાળા જણાવી જમાનાને ઓળખવાની વાતો કરનારા કહેવાતા સુધારકો સમજતા નથી ? જો તેઓ કહે છે તેવી વાસ્તવિક પરિસ્થિતિ હોય તો પણ ભૂખ્યાઓની ભૂખ ટળે એવા પ્રયત્નો કરવા સાથે તેઓ પણ આવી રીતે દુષ્કર્મ સતાવે છે, એમ સમજી. પૂર્વકર્મની નિર્જરા અને નવીન કર્મનો સંવર કરવા તરફ દોરાય તેમ કરવું જોઈએ. અર્થાત્ તેઓનો વધુમાં વધુ સમય ધર્મચર્ચા અને ધર્મક્રિયા કરવામાં પસાર થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ, એને બદલે ધર્મચર્ચા અને ધર્મક્રિયા કરવાના ઉપદેશનો જ વિરોધ કરાય એ પણ સૂચવે છે કે તેઓ જે એવી એવી વાતો લખે છે અને બોલે છે, તેમાં કારણભૂત અજ્ઞાન કે દયા નથી,

પણ ધર્મનો દ્વેષ કારણ છે. જે લોકો આજે ભૂખ્યાઓની ભૂખની વાતો કરીને જનતાને ધર્મચર્ચા અને ધર્મક્રિયાથી ઉભગાવી રહ્યા છે, તેઓ જનતાની કે ભૂખ્યાઓની દયા નથી ખાતા. પરંતુ જનતાનું ભયંકર અહિત કરી રહ્યા છે.

## આજે ધર્મપ્રવૃત્તિઓમાં વિશેષ લક્ષ્ય આપવું જોઈએ

આ બધી સ્થિતિ ઉપરથી ત્રણ વસ્તુ સિદ્ધ થાય છે.

(૧) એક તો આજના ભીષણ આર્થિક ઝંઝાવાતોનું મૂળ પેટ પૂરતું અનાજ નથી મળતું એમ જે કહેવાય છે તે ખોટું છે, પણ એનું મૂળ આર્ય મનુષ્ય તરીકે જીવવા માટે જરૂરી સંતોષ અને સંયમ નથી, તેમજ અર્થ-કામની લાલસા વધી ગઈ છે, તે છે.

(૨) બીજું લોકોને પેટ ભરવાના સાંસા પડે છે, માટે ધર્મચર્ચા કે ધર્મક્રિયાનો ઉપદેશ ન આપવો, એવું લખનારા અને બોલનારા એવું લખે છે અને બોલે છે, તેમાં કારણભૂત ભૂખ્યાઓની દયા નથી, પરંતુ ધર્મદ્વેષ છે.

અને (૩) ત્રીજું કદાચ આજે લોકોની દશા સાચે જ એવી છે એમ સ્વીકારી લઈએ, તો પણ તેવા માણસોને યોગ્ય સાધન આપી તેઓ પોતાનો વધુમાં વધુ સમય ધર્મચર્ચા અને ધર્મક્રિયામાં ગાળે તેમ કરવું જોઈએ.

એટલે કોઈપણ રીતે ધર્મચર્ચા કે ધર્મક્રિયા કરવાનો ધર્મોપદેશ આપવો એ ગેરવ્યાજબી ઠરતો નથી, પણ ધર્મોપદેશ આપવો એ જ વ્યાજબી ઠરે છે. કારણકે ધર્મોપદેશ જ સાચા દાન અને સાચા વાત્સલ્ય તરફ સુયોગ્ય આત્માઓને દોરશે તેમજ અશુભ કર્મને યોગે આવી પડેલી દુ:ખદ હાલતમાં પણ આશ્વાસન આપી સંતોષ રાખવાનું શીખવી, કર્મનાશના માર્ગે તેઓના પ્રયત્નોને વાળશે. પૂર્વકાળમાં ધર્મને પામેલા રાજાઓ પણ રાજસભામાં ધર્મચર્ચા કરતા. એ ઉપરથી આર્યદેશ, ઉત્તમકુળ અને પુણ્યોદયે મળતી સામગ્રીવાળા આત્માઓને પણ ધર્મચર્ચા અને ધર્મક્રિયા કરવા તરફ લક્ષ્ય આપવું જોઈએ.

## પાપાત્માઓ અને તારક વસ્તુઓનું દૂષણ

આ પ્રસંગમાંથી બીજી વાત એ પણ સમજવા જેવી છે કે, જે આત્માઓ ગાઢ મિથ્યાદૃષ્ટિ હોય છે, તેઓ તો સાચી, યુક્તિસંગત અને સર્વથા આદરણીય વસ્તુનો પણ વિરોધ કર્યા વિના રહેતા નથી. જ્યારે આર્હદ્ધર્મની ગોષ્ઠિમાં જિતશત્રુ રાજા તત્પર હતા. આર્હદ્ધર્મની ગોષ્ઠિ ચાલતી હતી, એમાં પાલક બ્રાહ્મણને આર્હદ્ધર્મને દૂષિત કરવાની કાંઈ જરૂર હતી ખરી ? પોતાને ન માનવું હોય તો ન માને, પણ આર્હદ્ધર્મને દૂષિત કરવાનો પ્રયત્ન શા માટે કરે ? પરંતુ દુર્મતિ આત્માઓનો એવો સ્વભાવ જ છે કે તેઓ એમ કરવામાં જ પોતાની બડાઈ સમજે પવિત્ર વસ્તુને દૂષિત કરવી એમાં જ તેવા આત્માઓ સંતોષ માનનારા હોય છે.

આજે પણ શું છે ? તમે જુઓ કે ધર્માત્માઓએ કહેવાતા સુધારકોનું કશું બગાડ્યું છે ? છતાં પવિત્ર ધર્મને દુષિત કરવાનો તેમનો પ્રયત્ન ચાલુ જ છે ને ? તેવા પાપાત્માઓ તારક વસ્તુની પણ નિંદા કરી રહ્યાં છે ને ? તેઓને ન ગમે તો કહે, કે અમને એ નથી ગમતું ? અમને એ વસ્તુ તારક છે એમ નથી લાગતું, પણ તેઓ ધર્મ અને ધર્મીની નિંદા શા માટે કરે ? તેઓએ જો પોતાની અશ્રદ્ધા રીતસર જાહેર કરી હોત અને પોતે પોતાની જાતને જૈનધર્મી તરીકે ગણાવાનું છોડી દીધું હોત, તો આપણને એટલું દુ:ખ થાત કે બિચારા ચિંતામણી રત્ન તો પામ્યા હતા, પણ પોતાના ભયંકર દુર્ભાગ્યના ઉદયથી એમણે એ ફેંકી દીધું. તેઓ જો અજ્ઞાનતાથી તેમ કરત તો આપણે તેમને સમજાવત કે, આ ભવતારક શાસનને તજો નહિં, પણ મળેલી ઉત્તમ સામગ્રીનો સદુપયોગ કરીને જેટલું વધારે આરાધાય તેટલું વધારે આ શાસન આરાધો ! એમાં જ તમારું વાસ્તવિક કલ્યાણ છે ! પણ આજે દશા જુદી જ છે. ઈરાદાપૂર્વક તારક વસ્તુને દૂષિત કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. એવા દુરાગ્રહી કે જેઓ ધર્મના રહસ્યને સમજતા જ નથી. છતાં એમ માને છે કે ધર્મનું સાચું રહસ્ય અમે જ સમજીએ છીએ, તેમ જ આવું માની દેશ-કાળાદિના નામે

ધર્મનો વિરોધ કરે છે તેઓ કઈ રીતે સુધરી શકે ? આપણને તો સારું ય વિશ્વ શ્રી જિનેશ્વરદેવના શાસનનું રાગી બને એવી ભાવના છે. ત્યાં તેઓ પોતાને જૈનધર્મી કહેવડાવે તેથી આપણે નાખુશ થઈએ ખરા ? પરંતુ તેઓ પોતાની જાતને જૈનધર્મી કહેવડાવી જૈનધર્મનો વિરોધ કરે છે. તારક વસ્તુને દૂષિત કરે છે અને છતાં પોતાનામાં ધર્મપ્રેમ હોવાનો ઢોંગ કરે છે, તેથી આપણે નાખુશ છીએ. તેઓ સાચા જૈન બને એ જોવાને તો દરેક ધર્માત્માનું અંતર તલસી રહ્યું હોય, પણ તેઓ પોતાની જાતને જૈન તરીકે ઓળખાવીને તારક વસ્તુને દુષિત કરવા મથે છે એ અસહ્ય વસ્તુ છે, આને માટે તેનો વિરોધ કરવો પડે છે !

## શક્તિસંપન્ન ધર્માત્માઓ મૌન ન રહે !

જેમ ધર્મદ્વેષીઓને વિના કારણે પણ તારક વસ્તુને દુષિત કરવાની આદત હોય છે, તેમ શક્તિસંપન્ન ધર્માત્માઓ પણ તારક ધર્મને દુષિત કરવાના ધર્મદ્વેષીઓના દુષ્ટ પ્રયત્નોને નિષ્ફળ બનાવવામાં પોતાની શક્તિનો વ્યય કરવો એને પવિત્ર કર્તવ્યરૂપ માને છે. સાચા ધર્માત્માઓ તારક ધર્મને દૂષિત કરવાનું કાર્ય દુર્મતિઓ તરફથી ચાલુ હોય, ત્યારે છતી શક્તિએ મૌન સેવી શકતા નથી. જેઓના અંતરમાં તારક - ધર્મ ઉપર અવિહડ રાગ હોય, જેઓ એમ માનતા હોય કે આ જ ધર્મ સૌ કોઈ માટે પરમતારક છે, અને જેઓ એ ધર્મને દૂષિત કરવાના કાર્યનો યોગ્ય રીતે સામનો કરી શકતા હોય, તેઓ એવા પ્રસંગે ન તો મૌન રહી શકે કે ન તો સામાની શે'હમાં અંજાઈ જઈને પોતાની નામના કે કીર્તિ વધારવા માટે તેની ઉપેક્ષા કરી શકે, કારણકે આવો વિશ્વતારક ધર્મ દૂષિત થાય તો અનેક આત્માઓને સુધર્મની સાધનામાં વિઘ્ન આવે એમ તેઓ માનનારા હોય છે. જેને આ ધર્મ પરમતારક લાગે તે આત્મા આ ધર્મને કોઈ દૂષિત કરે ત્યારે શું મૌન સેવી શકે કે ઉપેક્ષા કરી શકે ?

અહિં પણ એમ જ બને છે. જિતશત્રુ રાજા જ્યારે સદ્ધર્મની ચર્ચામાં તત્પર બન્યા હતા. અર્થાત્ તેઓ આર્હદ્ધર્મની ગોષ્ઠિ કરી રહ્યા હતા, તે વખતે કુંભકારકટ નગરના રાજા દંડકે મોકલેલા પાલક નામના બ્રાહ્મણ દૂતે, કે જેને માટે કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્

શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ '*કુધી*' અર્થાત્ 'દુર્મતિ' એવું વિશેષણ વાપર્યું છે. તેણે આર્હદ્ધર્મને દૂષિત કરવાનું શરૂ કર્યું. આવી રીતે પોતાના બનેવીના બ્રાહ્મણદૂત પાલકે આર્હદ્ધર્મને દૂષિત કરવાનું શરૂ કર્યું. એટલે શ્રી સ્કંદકકુમાર મૌન ન રહી શક્યા. એટલે કે

*स स्कन्दककुमारेण, मिथ्यादृष्टिर्दुराशयः ।*
*युक्त्या निरुत्तरीचक्रे, सत्यसंवादपूर्वकम् ।।*
*तदा स हसितः सभ्यै, रमर्षं स्कंदकेऽदधत् ।*
*विसृष्टश्चान्यदा राज्ञा, कुंभकारकटं ययौ ।।*

શ્રી સ્કન્દકકુમારે તે મિથ્યાદૃષ્ટિ અને દુષ્ટ આશયવાળા પાલકને સત્ય સંવાદપૂર્વક યુક્તિ વડે નિરુત્તર કર્યો. આમ થવાથી તે પાલકની સભ્યોએ હાંસી કરી અને એથી તે પાલક શ્રી સ્કન્દકકુમાર તરફ દ્વેષી બન્યો. કેટલાક દિવસ બાદ જિતશત્રુ રાજાએ પાલકને વિદાય આપી અને તે કુંભકારકટ ગયો.

### એવી અશાંતિથી ગભરાવાનું ન હોય !

કહો, આ રીતે મિથ્યાદૃષ્ટિ અને દુરાશયી પાલકને શ્રી સ્કન્દકકુમારે નિરુત્તર કર્યો એ ભૂલ કરી ? કે પોતાની યોગ્ય ફરજ અદા કરી ? કહેવું જ પડશે કે શ્રી સ્કન્દકકુમારે પોતાની ધર્મફરજ અદા કરી હતી તેમને કાંઈ પાલક તરફ દ્વેષબુદ્ધિ નહીં હતી. છતાં તારક-ધર્મને દૂષિત કરનારને નિરુત્તર કર્યો કે નહિ ? આજના કેટલાક દોઢડાહ્યાઓ તો કહે છે કે એમ કરવાથી અશાંતિ ઉત્પન્ન થાય, જો ધર્મને દૂષિત કરનારને નિરુત્તર કરવાથી જ અશાંતિ ઉત્પન્ન થતી હોય તો અશાંતિને સહન કરી લેવી એ જ ડહાપણભર્યું છે. એવી અશાંતિથી ગભરાવાનું હોય જ નહિ. શ્રી સ્કન્દકકુમારે આને નિરુત્તર કર્યો. એથી ભવિષ્યમાં મહા આફત આવવાની છે. છતાં તેઓના આ પ્રયત્નને કોઈ પણ મહાપુરુષે અયોગ્ય જણાવ્યો નથી. સદ્ધર્મને દૂષિત કરાતો હોય, ત્યારે છતી શક્તિએ મૌન રહી શકાય જ કેમ ? એથી તો કદાચ અનેક આત્માઓ અધર્મ પામી જાય, એ ભૂલવું જોઈએ નહીં.

વળી આજે તો વાણીસ્વાતંત્ર્યની વાતો કરનારાઓ પણ પોતે ધર્મને દૂષિત કરે છે કે, 'અમને તેમ લખવા-બોલવાનો હક્ક છે. અને એમનો પ્રતિવાદ કરાય, સત્ય સંવાદપૂર્વક યુક્તિ વડે એમને નિરુત્તર કરાય. ત્યારે કહેશે કે આવું આવું લખી-બોલીને સમાજમાં કલેશ ફેલાવાય છે. કહો, વાસ્તવિક રીતે કલેશ ફેલાવનારાઓ કોણ છે ? તેઓ જો તારક-ધર્મને દૂષિત કરવાનું દુષ્ટ કાર્ય છોડી દે, તો પ્રતિવાદની વાત આપોઆપ ઉડી જશે, માટે સમાજમાં કલેશ ફેલાવનારાઓ તો નિરર્થક એવી ખોટી કલેશની વાતો કરનારાઓ જ છે. અમે કહીએ છીએ કે જેઓને શ્રી જિનપ્રણીત આગમમાં શ્રદ્ધા ન હોય, જેઓ તારક આગમગ્રંથોની આજ્ઞાઓને માનવા તૈયાર ન હોય અને જેઓને સમાજની ઉન્નતિ ધર્મવાદના વિકાસમાં નહિ પણ જડવાદના વિકાસમાં લાગતી હોય, તેઓ તે-તે પ્રવૃત્તિ શ્રી જૈનશાસનમાં દર્શાવેલ દેશ કાળ આદિ જોવાના ફરમાનને નામે શા માટે કરે છે ? જો શ્રી જૈનશાસનના ફરમાન મુજબ જ દેશ કાળ આદિ જોવા હોય તો શ્રી જૈનશાસનની આજ્ઞા મુજબ જ જોવા જોઈએ. એમ કરવું નહિ અને જૈનધર્મના નામે જૈનધર્મના તારક તત્ત્વો સામે યદ્વા-તદ્વા બોલવું એ યોગ્ય નથી જ. અને જ્યાં સુધી તેવાઓની ધર્મ વિરોધી એ પ્રવૃત્તિ ચાલુ હોય ત્યાં સુધી એનો સત્ય સંવાદપૂર્વક યુક્તિ વડે પ્રતિવાદ કરી, તેઓને નિરુત્તર કરવાના પ્રયત્નો કરનારાઓ, પોતાની પ્રતિવાદની-પ્રતિકારની પ્રવૃત્તિ જોરશોરથી ચાલુ રાખે એ સ્વાભાવિક છે, અને એમ કરનારા પ્રભુશાસનના પરમ સેવકો છે.

પ્રતિકાર કરનારા ધર્માત્માઓએ પણ એ વાત યાદ રાખવાની છે કે સામાને નિરુત્તર કરવાને માટે અસત્ય સંવાદનો કે કુયુક્તિઓનો આશ્રય નહિ લેવો જોઈએ. જીવ, અજીવ ને નોજીવ એમ ત્રણ વસ્તુ સ્થાપનાર રોહગુપ્ત રાજસભામાં જીતીને આવ્યા, પણ તેના પરિણામે દુરાગ્રહમાં ડૂબવાથી નિહ્નવ બની ગયા.

જેઓ સત્ય સંવાદને ત્યજીને કુયુક્તિઓનો આશ્રય લેવા માંડે છે, તેઓની દશા દયાજનક બની જાય છે. તેવા આત્માઓ પહેલા સત્યના આગ્રહી હોવા છતાં પાછળથી અસત્યના એવા તો દુરાગ્રહી બની જાય છે કે તે બિચારાઓ પોતે કરેલા સફેદ ઉપર જ પોતાના હાથે કાળો કુચડો ફેરવી, દુર્ગતિના ભાજન બની જાય છે. માટે જેમ ધર્મદ્વેષીઓના યથેચ્છ પ્રલાપોનો પ્રતિકાર કરવો જરૂરી છે. તેમ તે પ્રતિકાર કરતાં કરતાં પણ અસત્ય સંવાદનો કે કુયુક્તિનો આશ્રય ન લેવાઈ જાય તેમજ દુરાગ્રહ ન પકડાઈ જાય, એથી પણ ચેતતા રહેવાની અતિશય જરૂર છે.હવે આગળ ફરમાવ્યું છે કે-

*विरक्तश्चान्यदा पंच - राजपुत्रशतान्वितः ।*
*मुनिसुव्रतपादान्ते, स्कन्दको व्रतमाददे ॥१॥*

"ત્યારબાદ એક અવસરે વિરક્ત થયેલા શ્રી સ્કંદક રાજકુમારે પાંચસો રાજપુત્રોની સાથે ભગવાન્ શ્રી મુનિસુવ્રતસ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી."

### સંસાર એટલે સુખ-દુઃખની પરંપરા

વિચાર કરો, એક નહિ, પાંચ નહિ, પચીસ નહિ, પણ પાંચસો રાજપુત્રોની સાથે દીક્ષા ગ્રહણ કરી. પોતે પણ રાજપુત્ર છે. એમને સુખની કમીના હશે, એમ? દીક્ષા કોને માટે છે ? સુખી માટે કે દુઃખી માટે છે ? કહો કે સુખી અને દુઃખી બંને માટે છે, કારણકે સુખી આત્મા શુભ કર્મથી અને દુઃખી આત્મા અશુભ કર્મથી પણ બંનેય કર્મથી, તો બંધાએલા જ છે. શુભોદય પણ સ્થાયી નથી હોતો અને અશુભોદય પણ સ્થાયી નથી હોતો. અશુભોદય પછી શુભોદય અને શુભોદય પછી અશુભોદય એવી ઘટમાળ, આત્મા જ્યાં સુધી કર્મથી લેપાએલો હોય ત્યાં સુધી ચાલુ જ રહે છે. સુખી સુખી જ રહેતા નથી અને દુઃખી દુઃખી જ રહેતા નથી. અશુભોદયનો ઉદય આવતા, ગઈ કાલનો સુખી આજે ભયંકર દુઃખી બની જાય છે. અને શુભોદયનો ઉદય આવતાં, ગઈ કાલનો દુઃખી આજે સુખી બની જાય. એટલે જ્યાં સુધી આત્મા સાથે કર્મ લાગેલાં છે. ત્યાં સુધી સંસારમાં એ સુખ દુઃખની પરંપરા ચાલુ જ છે. સંસારી જીવોની એક સરખી સ્થિતિ કદી રહી નથી અને રહેતી પણ નથી.

આથી સ્પષ્ટ થાય છે કે આજે સંસારમાં જેઓ સુખી હોય તેઓએ ગર્વ કરવા જેવો નથી. તેમ દુઃખી હોય તેઓએ સુખીની ઈર્ષ્યા કરવા જેવી નથી, એટલું જ નહિ પણ, એવા સુખમાં આત્માએ લેપાઈ જવું એ પણ હાનિકર છે અને એવા દુઃખમાં આત્માએ વલોપાત કરવો એ પણ હાનિકર છે. જ્યારે સુખ કે દુઃખ એકધારાં રહેતાં નથી. આપણી ઈચ્છાને આધીન જ નથી, અને એને જ્યારે આપનાર પુણ્ય અને પાપ જ છે, ત્યારે સુખના અર્થી અને દુઃખના દ્વેષીએ સુખ મેળવવા માટે અને દુઃખ ટાળવા માટે શું કરવું જોઈએ, એ જ વિવેકીએ વિચારવું જોઈએ.

તમે જે દોડધામ કરો છો, એથી સુખ મળી જશે એમ? તમે જે અનીતિ-પ્રપંચ આદિ સેવો છો એથી સુખ મળી જશે એમ? તમે જે વગર વિચાર્યે પાપમય પ્રવૃત્તિઓને કર્યે જાવ છો, એથી સુખ મળી જશે એમ? જરા વિચાર તો કરો ! એથી સુખ મળશે કે દુઃખ વધશે ? જો આવી દોડધામથી, અનીતિ-પ્રપંચથી, પાપમય પ્રવૃત્તિઓ કરવાથી સુખ મળી જતું હોત તો, આવા રાજપુત્રો રાજ્યઋદ્ધિ છોડીને, સુખસાહાબી છોડીને, કુટુંબ પરિવાર છોડીને, સેવકગણનો ત્યાગ કરીને અને શરીરની શૂશ્રુષાથી પણ બેદરકાર બનીને, સંયમ ગ્રહણ કરતાં હતાં, તે સંયમ ગ્રહણ કરત ખરા ? તેમજ જ્ઞાની મહર્ષિઓએ સ્થળે સ્થળે જે સંયમની ઉદ્‌ઘોષણા કરી છે, તે કરત ખરા ? પણ નહિ, તેઓએ બરાબર જોયું કે, આવી દોડધામ, અનીતિ-પ્રપંચો કે પાપપ્રવૃત્તિઓ શુભોદયે પ્રાપ્ત થતા દુન્યવી સુખનો પણ નાશ કરનારી છે.

### દુનિયાનું સુખ પણ ક્યારે મળે

શાશ્વત સુખની વાત તો પછી રહી, પણ જ્ઞાની મહાપુરુષો ફરમાવે છે કે, 'જે જીવોને આ દુનિયામાં પણ સુખ જોઈતું હોય અને દુન્યવી દુઃખથી થોડા પણ દૂર રહેવું હોય, તે જીવોએ પણ ખોટી દોડધામો છોડી દેવી જોઈએ. અનીતિ-પ્રપંચોનો ત્યાગ કરવો જોઈએ, અને પાપ-પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઈને, જે-જે કરણીઓ દ્વારા શુભ કર્મનો બંધ પડે છે અને જે-જે કરણીઓ દ્વારા અંતરાયો ત્રુટે છે, તે-તે

કરણીઓ તરફ લક્ષ્ય આપવું જોઈએ. જો કે પાછાં ભૂલી જતાં કે દુન્યવી સુખને માટે ધર્મ કરવો. એ તો અનાજ વાવીને ઘાસ લેવા જેવું છે. પરંતુ કહેવાનું તાત્પર્ય તો એ છે કે અગર તમને અનાજનું ભાન ન હોય, અનાજ મેળવવાની ઇચ્છા ન હોય અને ઘાસની જ જરૂર હોય, તો પણ સારું ઘાસ પણ અનાજનાં બી વાવ્યા વિના નહિ મળે, જ્યારે ખોટી દોડધામો કરવી, અનીતિ-પ્રપંચ સેવવા અને પાપમય પ્રવૃત્તિઓ કરવી, એ તો જમીન ઉપર પત્થરોનો ખડકલો કરવા જેવું છે. એથી તો ઘાસ ઉગાડવા જેવી જગ્યા પણ નકામી બની જાય છે. ટૂંકમાં દુનિયાના સુખ માટે આજે થતી કાર્યવાહી પણ દુઃખને જ પેદા કરનારી નિવડે તેમ છે.'

બાકી તો ધર્મ કરવાનો હેતુ મોક્ષપ્રાપ્તિનો હોવો જોઈએ. આત્માને શુભ અને અશુભ કર્મથી મુક્ત કરવાના ઇરાદાથી જ વિધિપૂર્વક ધર્મનું સેવન કરવું જોઈએ. કારણકે, માની લો. આ ભવમાં તમને સામગ્રી મળી છે, એ સામગ્રીનો ઉપયોગ શુભ કર્મ બાંધવામાં અર્થાત્ દુન્યવી સુખ મેળવવાની મહેનતમાં કર્યો, પછી આ ભવે કે બીજા ભવે એ શુભ કર્મ ઉદયમાં આવ્યું, દુન્યવી સુખ પણ મળ્યું. પણ પછી શું ? તેમાં ભાન ભૂલ્યાં કે, દુઃખ આવ્યા વિના રહેવાનું નથી. વળી ગમે તેવો શુભોદય થાય, તો પણ આત્માનું જે વાસ્તવિક સુખ છે, તે તો સંપૂર્ણપણે શુભોદયમાં અનુભવી શકાતું નથી. માટે ધર્મ કરવાનો હેતુ તો મુક્તિ મેળવવાનો જ રાખવો જોઈએ અને એ હેતુથી આચરાતો શુદ્ધ ધર્મ વહેલો-મોડો મુક્તિએ પહોંચાડશે. તેમજ જ્યાં સુધી મુક્તિ નહિ પમાય, ત્યાં સુધી પણ એ ધર્મના પ્રતાપે સુસંયોગોની પ્રાપ્તિ થયા કરશે.

### ધર્મ, કર્મની બેડીને તોડવા માટે છે

આ બધી વસ્તુઓ ઉપરથી એ સિદ્ધ થાય છે કે, 'દુનિયાના દુઃખીએ જ ધર્મ કરવો જોઈએ અને દુનિયાના સુખીએ ધર્મ કરવાની જરૂર નથી. એ વાત સર્વથા ખોટી છે. દુઃખી અને સુખી બંનેએ ધર્મનું જ શરણ સ્વીકારવું જોઈએ. વળી સુખી ધર્મ કરે તો જ પ્રશંસાપાત્ર છે અને દુઃખી ધર્મ કરે તો પ્રશંસાપાત્ર નથી, એવું માનવું એ પણ

ભૂલભરેલું છે. સુખી અને દુ:ખી બંને કર્મની બેડીઓથી જ જકડાએલા છે. શુભોદય એ સુવર્ણની બેડી જેવો છે. અને અશુભોદય એ લોઢાની બેડી જેવો છે. શુભોદય કે અશુભોદય, એ કર્મની બેડી તો છે જ ને ? લોઢાની કે સોનાની પણ બેડી એ તો બેડી જ ને ? ત્યારે અહીં તો એ કર્મની બેડી તોડવાની વાત ચાલે છે. **ધર્મ, એ સુવર્ણની બેડીમાં બંધાવાને માટે જ નથી, પણ ધર્મ તો કર્મની બેડી સુવર્ણની હોય કે લોઢાની હોય, એ બંનેય બેડી તોડવા માટે છે.'**

એટલે ગમે તેવો સુખી દીક્ષા લે તો પણ મૂંઝાવાનું નથી, અને ગમે તેવો દુ:ખી દીક્ષા લે તો પણ મૂંઝાવવાનું નથી. બંનેને પોતપોતાની થોડી કે વધુ સામગ્રી ત્યજવાની છે. સામગ્રી તજવામાં તારતમ્ય રહે. જેની પાસે વધુ હોય તે વધારે તજે અને થોડી હોય તે થોડી તજે, પણ ત્યાગવૃત્તિમાં તો સુખી - દુ:ખી વચ્ચે ફેર ન રહી શકે ને ? આત્મા સિવાયના સઘળાય નાશવંત પદાર્થોને બંનેય તજવા લાયક માને ને ? એક ચક્રવર્તીએ દીક્ષા લીધી, પછી એને જેમ કોઈ રાજ્યાદિ આપવા આવે તો લે નહિ ! તેમ એક ભિખારીએ દીક્ષા લીધી, પછી એને કોઈ રાજ્યાદિ આપવા આવે તો એ પણ લે નહિ ! દીક્ષામાં વસ્તુત: તો આવું જ હોય ને ? **ચક્રવર્તી ભોગની વૃત્તિ તજે છે, ભીખારી ભીખની વૃત્તિ તજે છે. અને બંને ત્યાગવૃત્તિ ધારણ કરે છે. આથી એ બંનેનો ત્યાગ પ્રશંસાપાત્ર જ છે,** કારણકે, બંનેનો પ્રયત્ન કર્મની બેડીને તોડવા માટે છે, પણ ધ્યાન રાખજો કે શક્તિ સંપન્નના ત્યાગની પ્રભાવકતા અજોડ હોય છે. અને એ પ્રભાવકતા અનેકને હિતમાર્ગમાં પ્રેરક નિવડે છે.

### સંસારની પ્રવૃત્તિ ન છૂટકે કરવી એવું નક્કી કરો

ત્યારે હવે, સુખી હોય એ જ દીક્ષા લે કે દુ:ખી હોય એ જ દીક્ષા લે એ તો રહ્યું નહિ ને ? હવે કહો, જોઈએ કે, કોણ દીક્ષા લે ? અને શા માટે દીક્ષા લે ? દીક્ષા લેવાનો હેતુ તો નક્કી કરવો જ જોઈએ ને ?

**સભા :** દીક્ષા તો સુખીએ પણ લેવી જોઈએ અને દુ:ખીએ પણ લેવી જોઈએ, જેને કર્મની બેડી તોડવી હોય તેણે દીક્ષા લેવી જોઈએ, તેમજ કર્મનો નાશ કરવાને માટે દીક્ષા લેવી જોઈએ !

**પૂજ્યશ્રી** : જો આ વાત તમને બરાબર સમજાઈ છે, તો તમે કેમ લેતા નથી ? તમારામાંના ઘણાં કહેશે કે, 'સાહેબ ! શું કરીએ ? શક્તિ નથી.' આવું કહેનારાને પૂછવું પડે કે તમારી વાત માનીએ પણ તમે એ શક્તિ નથી એમ શાથી જાણ્યું ? પ્રયત્ન કરી જોયો ? જેનામાં શક્તિ ન હોય તેણે પણ દીક્ષા જ લેવી, એવો આગ્રહ તો છે જ નહિ. પરંતુ શુભ કે અશુભ કર્મને બેડી સમાન માનનારે દીક્ષાની સન્મુખ વૃત્તિ રાખીને જેટલી બની શકે તેટલી પણ ધર્મક્રિયા કરવી જોઈએ કે નહિ ? કર્મને બેડી સમજનારા આત્મા કયા હૃદયે આજે દુનિયામાં ચાલતી દોડધામો કરે છે ? ન છૂટકે કરવી પડતી સાંસારિક પ્રવૃત્તિઓમાં આટલી બધી તન્મયતા કેમ છે ? વગર પ્રયત્ને અશક્તિ માની લેવી એ આત્મવંચના છે અને એથી ઉદ્ધાર થઈ જવાનો નથી. આવી સામગ્રી પામ્યા છો, એને સફળ કરવી હોય , તો ધર્મની આરાધનાને ધ્યેય બનાવો. સંસારની પ્રવૃત્તિને ના છૂટકે કરવી અને ધર્મની પ્રવૃત્તિમાં શક્તિ ગોપવવી નહિ એવું હૃદયમાં નક્કી કરો. આ રીતે કરવાથી શક્તિ કેળવાતી જશે અને વ્હેલા મોડાં પણ ઉત્તમ દીક્ષાધર્મને પામી શકાશે. આ વિચારો કેળવ્યા વિના અને યોગ્ય પ્રવૃત્તિ કર્યા વિના આપોઆપ ઉદ્ધાર થઈ જશે એમ માનતા નહિ.

શ્રી સ્કન્દકકુમારે પાંચસો રાજપુત્રો સહિત દીક્ષા લીધી, એ વાત સાંભળતાં આત્માને એમ થવું જોઈએ કે, એવા સુખી છતાં એમણે એનો ત્યાગ કર્યો અને આપણે નાહક આ રીતે સમય ગુમાવીને આત્માનું અહિત કરી રહ્યા છીએ. જે વસ્તુઓને મેળવવા માટે આપણે રાત-દિવસ વિચારો, ચર્ચાઓ અને પ્રવૃત્તિઓ કર્યા કરીએ છીએ. તે વસ્તુઓને જન્મથી જ શુભોદય પામેલા એ પુણ્યાત્માઓએ તજી દીધી. તો આપણે આવી તુચ્છ સામગ્રીમાં નહિ મૂંઝાતા તેને છોડી દેવી જોઈએ. એવો વિચાર તમને થાય છે ખરો ? આવું આવું સાંભળો અને એવો વિચાર સરખો ય ન આવે, તો શું કહેવાય ? આવું સાંભળતાં ત્યાગ ન કરી શકવા માટે આત્માને આઘાત થવો જોઈએ. પાંચસો રાજપુત્રોનાં શરીર કોમળ નહિ હોય ? પણ કર્મને નાશ કરવાની ભાવના એવી પ્રબળ બને કે એ

કોમળતા ખંખેરાઈ જાય. કોમળ હોય તો પણ દેહ ને ? આત્મા તો નહિ ને ? જ્યાં દેહને પર માન્યો પછી એ કોમળતાને પંપાળવાનું રહે છે જ ક્યાં ? જો એવી કોમળતાને પંપાળ્યા કરાય તો-તો આવા શ્રી સ્કન્દકકુમાર જેવા દીક્ષા જ ન લઈ શકે ને ? માટે દેહની કોમળતાનો લાંબો વિચાર કરવાને બદલે આત્માની ઉન્નતિનો વિચાર કરવો જોઈએ.

આ રીતે શ્રી સ્કન્દકકુમારે પાંચસો રાજપુત્રો સહિત દીક્ષા ગ્રહણ કરી અને સંયમની આરાધના કરતા તે શ્રી સ્કન્દક મુનિવરને યોગ્ય જાણી આચાર્યપદથી વિભૂષિત કરાયા.

આ પછી શું બન્યું ? તેનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*पुरंदरयशोमुख्य - लोकं बोधयितुं पुरे ।*
*कुंभकारकटे यामी, त्यापप्रच्छे स च प्रभुम् ।।१।।*
*उवाच प्रभुरप्येवं, तत्र ते मारणान्तिकः ।*
*गतस्य सपरिवार-स्योपसर्गो भविष्यति ।।२।।*
*वयमाराधकास्तत्र, भाविनो वा न वेत्यथ ।*
*भूयोऽपि स्कन्दकोऽपृच्छत् स्वामिनं मुनिसुव्रतम् ।।३।।*
*त्वां विनाराधकाः सर्वे - पीत्याख्यद् भगवानपि ।*
*सर्वमेतैर्हि संपूर्ण - मित्युक्त्वा स्कंदकोऽचलत् ।।४।।*

"શ્રી સ્કન્દકાચાર્ય મહારાજાએ વીશમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીજીને પૂછ્યું કે, 'કુંભકારકટનગરમાં, પુરંદરયશા પ્રમુખ લોકને બોધ પમાડવાને માટે હું જાઉં ?' શ્રી મુનિસુવ્રતસ્વામી પ્રભુએ ફરમાવ્યું કે, ત્યાં સપરિવાર ગયેલા એવા તને મારણાંતિક ઉપસર્ગ થશે, અર્થાત્ તને અને તારી સાથેના પરિવારને, મરણ એ જ જેનો અંત છે. એવો ઉપસર્ગ થશે. એ ઉપસર્ગમાંથી કોઈપણ બચી શકશે નહીં. આથી સ્કન્દકાચાર્ય મહારાજાએ ફરીથી પણ મુનિસુવ્રતસ્વામીજી ભગવંતને પૂછ્યું કે, 'ત્યાં અમે આરાધક થઈશું કે નહિ ?' શ્રી સ્કન્દકસૂરીશ્વરજીના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે, 'તારા વિના સર્વ પણ આરાધક થશે !' આથી 'મારે એ જ સંપૂર્ણ છે.' એમ કહીને શ્રી સ્કન્દકસૂરિવર કુંભકારકટ નગર તરફ ચાલ્યા."

## ધર્મ પમાડવો એ સર્વોત્તમ ઉપકાર

આવા ઉત્તમ આત્માઓને, પોતે ઉત્તમ ધર્મ પામ્યા તો બીજાઓને પણ પમાડવાની બુદ્ધિ હોય, એ તદ્દન સ્વાભાવિક છે. **હૃદયમાં પરિણમેલો શુદ્ધ ધર્મ, બીજા જીવોને પણ ધર્મ પમાડવાની બુદ્ધિને પેદા કર્યા વિના રહેતો નથી. કોઈપણ આત્માને ધર્મ પમાડવો એ જેવો તેવો ઉપકાર નથી. દુનિયાના બધા ઉપકારો કરતાં પણ ધર્મ પમાડવાનો ઉપકાર સૌથી મોટો છે.** એક આત્મા ધર્મ પામી જાય એટલે દુનિયાના જીવોનો એના તરફનો ભય ઘટવા માંડે, ધર્મને વાસ્તવિક રીતે પામેલો, ચૌદે રાજલોકના જીવોને અભયદાન આપનારો નીવડે છે. માટે એના જેવો બીજો કોઈ સાચો ઉપકાર જ નથી.

આ જ કારણે શ્રી તીર્થંકરદેવોના આત્માઓ, સારાયે વિશ્વના જીવો પ્રભુશાસનના રસીયા બને, એવી ઉત્તમ ભાવનાને ભાવે છે. દુનિયા પૈસાદાર બનો, દુનિયા દુન્યવી શોખ પામો, દુનિયા રાજ્યસત્તા આદિ પામો, આવું-આવું નહિ ઈચ્છતાં, તેઓ દુનિયાના જીવો શ્રી જિનેશ્વરદેવોના શાસનને પામો, એમ જે ઈચ્છે છે, તેની પાછળ મોટો હેતુ છે. તેઓએ દુનિયાના દુ:ખનું સાચું નિદાન શોધ્યું છે. તેઓ દુનિયાના કોઈપણ પદાર્થથી વાસ્તવિક સુખ અનુભવી શકાય એમ માનતા જ નથી. વાસ્તવિક સુખ તો પ્રભુશાસનની આરાધનામાં છે. કારણકે એ આરાધનાથી મુક્તિસુખ મળી શકે છે. દુનિયાના જીવો શ્રી જિનશાસનના રસીયા બનો, એના જેવી બીજી ઉત્તમ ભાવના કઈ હોઈ શકે ? એ ભાવનાના યોગે તો શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના થાય છે. શ્રી તીર્થંકર નામકર્મના જેવો બીજો કોઈ પુણ્યનો સર્વોત્કૃષ્ટ પ્રકાર જ નથી. બીજા બધા પુણ્યના પ્રકારો એની તુલનામાં આવી શકે નહીં. આથી સ્પષ્ટ છે કે, કોઈપણ આત્માને ધર્મ પમાડવો એના જેવો બીજો કોઈ ઉપકાર નથી.

હવે જેમ ધર્મ પમાડવો એના જેવો બીજો કોઈ ઉપકાર નથી, તેમ કોઈપણ જીવને ધર્મથી ભ્રષ્ટ કરવો, ધર્મથી પરાઙ્મુખ બનાવવો. ધર્મનો નિંદક બનાવવો, ધર્મનો દ્વેષી બનાવવો, ધર્મ,ધર્મગુરુ, ધર્મસ્થાપક એ તારક ત્રિપુટી તરફ દુર્ભાવવાળો બનાવવો અને અધર્મમાં ચકચૂર બનાવવો, એના જેવો બીજો અપકાર પણ કોઈ નથી. એક આત્મા ધર્મમાર્ગે ચઢતો હોય, એને ધર્મથી પતિત કરવો, એના જેવો બીજો કોઈ અપકાર નથી. એથી એના આત્માનું જે અહિત થાય છે અને દુનિયાના બીજા જીવોનું પણ જે અહિત થાય છે, તે શું જેવો તેવો અપકાર છે ?

## સદ્‌ધર્મથી પતિત કરનારા મહાભયંકર છે

એક માણસની લક્ષ્મી લૂંટી લો તો બહુ બહુ તો એકાદ ભવ દરિદ્રી રહે, કુટુંબ પરિવારથી દૂર મૂકો તો પણ એકાદ ભવ માટે દૂર રહે, સત્તા છીનવી લ્યો તો ય એકાદ ભવ માટેની અને એના પ્રાણ લઈ લો તો ય આ ભવ પૂરતાને ? આથી વધુ કરી શકવાની તમારી તાકાત તો નથી ને ? જો કે એ બધું કરવું સહેલું નથી. એનો શુભોદય હોય તો તમારું કાંઈ વળે નહીં, પણ માનો કે તમે એ બધું ય કરી શકો તો પણ આ ભવ પૂરતું ને ? પણ એને ધર્મથી પતિત કરો, તો તેનું ભવોભવનું અકલ્યાણ થાય. આથી એમ નહિ માનતા કે, કોઈની લક્ષ્મી લૂંટી લેવી, કોઈને તુચ્છ સ્વાર્થ માટે કુટુંબ પરિવારથી દૂર રાખવો, કોઈની સત્તા છીનવી લેવી, એ સાધારણ પાપ છે. એ પાપ પણ ન સેવવું જોઈએ. અહીં તો કહેવાનું તાત્પર્ય એ છે કે, જે લોકો દુનિયાના જીવોને ધર્મથી પતિત કરનારા છે, તેઓ લૂંટારાઓ અને હિંસકો કરતાં પણ ભૂંડા છે. તેવાઓ કરતાં પણ મહાપાપી છે !

આજે આ આર્યદેશની પણ કઈ દશા છે ? ધર્મથી દુનિયાના જીવોને પતિત કરવાના કેવા કારમા પ્રયત્નો થઈ રહ્યા છે. દુનિયાને વર્તમાનના પૌદ્‌ગલિક પદાર્થોની તથા સ્વતંત્રતાની લાલચ આપીને, ધર્મથી ઉભગાવી દેનારાઓ દુનિયાના હિતસ્વી તો નથી જ, પણ

ભયંકર દુશ્મનો છે. આ આર્યદેશની એ કમનસીબી છે કે. એવા પાપાત્માઓ આજે દુનિયાને ધર્મથી વિમુખ બનાવવા માટે ધર્મ શબ્દનો જ દુરુપયોગ કરી રહ્યા છે. એવા પાપાત્માઓથી દરેક રીતે બચાવવાનો પ્રયત્ન કરવો, એ જ હિતાવહ છે.

આજે જૈન સમાજમાં પણ એવા આત્માઓ ઓછા નથી, કે જેઓ જૈનસમાજની ધર્મવૃત્તિનો નાશ કરી રહ્યા છે. જૈનોને તેઓ જૈનશાસનથી વિમુખ બનાવી રહ્યા છે. અને ઇતર જીવોને પ્રભુશાસન તરફ દુર્ભાવ ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિ કરી રહ્યા છે. જુઠ્ઠી વાતો લખીને, તારક ધર્મને નિન્દવો, તારક ગુરુઓને નિન્દવા અને તારક પ્રવૃત્તિઓને નિન્દવી એ શું ઓછી અધમતા છે ? આજે ભાગવતી દીક્ષા સામે જે પ્રચારકાર્ય થઈ રહ્યું છે અને ધર્મક્રિયાઓની સામે જે જાતની ટીકાઓ થઈ રહી છે. તે જોતાં એવું કરનારા પાપાત્માઓ, લૂંટારાઓ અને હિંસકો કરતાં ભૂંડા છે, એમ લાગ્યા વિના રહેતું નથી. કોઈ જીવને ધર્મ પમાડવો નહિ, પામતા હોય તેમને પતિત કરવા અને પામેલાને નિન્દવા, આના જેવો બીજો કોઈ અપકાર નથી, છતાં આજે સુધારાને નામે અને સમાજહિતને નામે એ બધું ચાલી રહ્યું છે ને ?

એટલું સમજી લો કે, ધર્મની આરાધના અશક્તિથી ઓછી થાય તો ઓછી કરવી, વધુ આરાધના કરવા પ્રયત્ન કરવો. કોઈને ધર્મ ન પમાડી શકાય તો સ્વયં પ્રયત્ન કર્યે જવો, પણ કોઈનેય ધર્મથી પતિત કરવાના પાપમાં ન પડવું જોઈએ. ધર્મ ઓછો આચરાય એથી તો મુક્તિ કદાચ મોડી મળશે. પણ જો કોઈને ધર્મથી પતિત કરવાના પાપમાં પડ્યા તો તમે દુર્લભબોધિ બની જશો અને એ આત્મા ઉપર ભયંકર અપકાર કરવા સાથે દુનિયાના જીવોને તમે ભયરૂપ બની, બીજાઓને ભયરૂપ બનાવશો. કોઈપણ જીવને ધર્મ પમાડવો, એના જેવો બીજો કોઈ ઉપકાર નથી. અને કોઈપણ જીવને ધર્મથી પતિત કરવો એના જેવો બીજો કોઈ અપકાર નથી.

**"દુનિયામાં પણ કહેવાય છે કે ઉપકાર ન થાય તો ઉપકાર નહિ કરવો, પરંતુ અપકાર તો નહિ જ કરવો ! દાન ન દઈ શકો તો કાંઈ નહિ, પણ કોઈનું લૂંટી નહિં લેવું ! કોઈના પ્રાણ બચાવી ન શકો તો કાંઈ નહીં, પણ કોઈના પ્રાણ લેવા નહિ ! કોઈનું ભલું ન કરી શકો તો કાંઈ નહિ પણ કોઈનું ય ભૂંડુ કરવું નહિં ! તે જરીતે ધર્મ ન પમાડી શકો તો કાંઈ નહિ, પણ કોઈને ધર્મથી પતિત કરવો નહિ."**

આજના વાતાવરણમાં આ વસ્તુથી ચેતીને ચાલવા જેવું છે. આજે તો ધર્મના થોડા પણ રહસ્યને નહિ જાણનારા, ધર્મની નિંદા કરવાને તત્પર બને છે. જીંદગીમાં જે ગુરુને જોયા પણ ન હોય, તેમના ઉડતા ગપગોળાને સાચા માની, નિંદા કરવામાં આજના અજ્ઞાન જીવોને રસ પડે છે, અને એથી ઘણા આત્માઓ ધર્મથી પતિત થઈ જાય છે. તેમજ સદ્‌ગુરુઓના પરિચયથી વંચિત રહી જાય છે. ધર્મની ચર્ચા કરવી હોય તેણે સુગુરુઓ પાસે ધર્મનો અભ્યાસ કરવો જોઈએ અને સુગુરુને માટે બોલતાં પહેલાં સુગુરુનો યથાયોગ્ય પરિચય કરવો જોઈએ. આજે તો પેટભરાઓ અને જૂઠું લખી દુનિયાને ભરમાવવાનો ધંધો લઈ બેઠેલાઓ તારક ધર્મ કે તારક ધર્મગુરૂઓ સામે કલમ ચલાવતાં સાવ ભાનભૂલા બની જાય છે. કારણકે, ધર્મને માનનારાઓને તેઓ નમાલા સમજી બેઠા છે. અને ધર્મગુરુઓ ગમે તેવી પણ બદનક્ષીની ફરિયાદ કરવાના નથી, એમ તેઓ જાણે છે, એટલે તેઓ તરફથી ધર્મગુરુઓની સહનશીલતાનો ગેરલાભ લેવાઈ રહ્યો છે, માટે દરેકે એથી સાવધ રહેવું જોઈએ. તેમજ પોતે ધર્મથી પતિત ન થઈ જાય એની અને બીજા જીવો પણ ધર્મથી પતિત ન થઈ જાય એની સૌએ કાળજી રાખવી જોઈએ, આ માટે વારંવાર યાદ કરવું કે કોઈપણ જીવને ધર્મ પમાડવો એના જેવો બીજો ઉપકાર નથી. અને **"કોઈ પણ જીવને ધર્મથી પતિત કરવો એના જેવો બીજો અપકાર નથી."**

### શ્રી સ્કંદકસૂરિજીને જોઈને પાલકે જમીનમાં દાટેલા શસ્ત્રો

હવે આગળ વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

क्रमेण स्कन्दकाचार्यो, मुनिपंचशातीयुतः ।
गच्छन्नासादयामास, कुंभकारकटं पुरम् ॥१॥
तं दृष्ट्वा पालकः क्रूरः, संस्मरंस्तं पराभवम् ।
साधूपयोग्योद्यानेषु, शस्त्राण्युर्व्यामखानयत् ॥२॥

"પાંચસો મુનિવરોની સાથે વિહાર કરીને જતા શ્રી સ્કન્દકસૂરિવર કુંભકારકટ નગર પાસે ક્રમે કરીને આવી પહોંચ્યા." અને શ્રી સ્કન્દસૂરિવરને જોઈને, પોતાના પરાભવનું સ્મરણ કરતાં ક્રૂર પાલકે, સાધુઓને ઉપયોગી એવા ઉદ્યાનોમાં પૃથ્વીની અંદર લડાયક શસ્ત્રો દાટ્યાં. અર્થાત્ જમીનને ખોદી, શસ્ત્રોને દાટી, જમીન હતી તેવી બનાવી દીધી."

જોયું ! કષાયની અતિરેકતા શું કામ કરે છે ? વિષય અને કષાયમાં ડૂબેલા આત્માઓ, વિવેકવિચાર ભૂલી જાય છે. એમ જે તત્ત્વજ્ઞ મહાપુરુષ ફરમાવે છે તેની યથાર્થતા આવા પ્રસંગોમાંથી પણ જાણી શકાય છે. પાલકે જો શ્રી આર્હદ્ધર્મને દૂષિત કરવાનું દુષ્ટ કાર્ય ન કર્યું હોત તો શ્રી સ્કન્દકકુમારને એનો પ્રતિવાદ-પ્રતિકાર કરવો ન પડત. પ્રતિકાર કરવા છતાં પણ પાલકનો સભ્યો દ્વારા ઉપહાસ થાય, એવી સ્કન્દકકુમારની ઈચ્છા ન હતી. તેઓએ તો માત્ર સદ્ધર્મને યુક્તિપૂર્વક અને સત્ય સંવાદપૂર્વક રજૂ કર્યો હતો. એટલે કોઈ પણ અંશમાં તેઓ દોષપાત્ર હતા નહિ.

### દુર્જનતાથી વૈર જન્મે,
### એની સત્પુરુષોને પરવા હોતી નથી

પણ આજના કેટલાકો કહે છે કે, કોઈનો દોઢ તો કોઈનો અડધો ગુન્હો ન હોય તો તકરાર થાય જ નહિ, પરંતુ તેઓ એટલું પણ સમજતાં નથી કે તકરાર ન થાય એ બને, પરંતુ સામો દુર્જન

હોય તો વિના કારણે પણ તેનામાં વૈરવૃત્તિ જાગૃત થઈ જાય. એ પ્રતાપ એની દુર્જનતાનો છે. આમ છતાં એમાં પણ સજ્જનોનો અડધો ય ગુન્હો તો ખરો ને ? એમ કહેનારાઓનું અજ્ઞાન દયાપાત્ર છે. આમાં શ્રી સ્કન્દકકુમારનો જરા પણ ગુન્હો હતો ? નહિ જ. દુર્જન સ્વ-પરતારક ધર્મને દૂષિત કરવાનું કાર્ય કરે, ત્યારે સજ્જનો યુક્તિઓથી સત્ય સંવાદપૂર્વક  તેઓને નિરુત્તર કરે, એને જો મૂર્ખાઓ ગુન્હો ગણતા હોય તો સમજી લો કે દરેકે દરેક સમર્થ સત્પુરુષ એવા પ્રસંગોએ એ કહેવાતો ગુન્હો કરવામાં જ સ્વ-પર શ્રેય માને છે.  તેઓને એવા પ્રસંગે દુર્જનના રોષની કે તોષની જરા પણ દરકાર હોતી નથી. એટલા માત્રથી દુર્જન વૈરી બને તો શું થાય ? એવી ભીતિ સમર્થ સત્પુરુષો રાખતા નથી.

આજે એવા અજ્ઞાનીઓ તરફથી એમ પણ કહેવાય છે કે જો તેમની વાત સાચી હોય અને યુક્તિપૂર્વક સિદ્ધ થાય તેવી હોય, તો દુનિયામાં કોણ એવો બેવકૂફ છે કે એવી પણ વાતને કબૂલ ન કરે ? આવાઓને કહેવું જોઈએ કે દુનિયામાં એવા સેંકડો બેવકૂફો છે કે યુક્તિઓ સાથે સત્ય સંવાદપૂર્વક સચ્ચાઈપૂર્વક કહેવાયેલી વાતને પણ ન કબૂલે. એટલું જ નહિ પણ પોતાનો પરાભવ થાય એથી વૈર ધારણ કરે. આથી સ્પષ્ટ છે કે યુક્તિ સિદ્ધ સત્ય વાતને દુનિયાના બધા જીવો કબૂલી લે એવો એકાન્ત નિયમ છે જ નહિ. જો એવો નિયમ હોય, તો પાલકે છેવટે પણ શ્રી સ્કન્દકકુમારની વાત કબૂલી લીધી હોત પણ તેમ નહિ થતાં, તે તો ઉલટું શ્રી સ્કન્દકકુમાર તરફ દ્વેષવાળો બન્યો છે.

આત્મા જ્યાં સુધી સર્વથા વિષય-કષાયનો ત્યાગ ન કરી શકે ત્યાં સુધી તેણે વિષય-કષાયને મંદ પાડવાની પ્રવૃત્તિ તો જરૂર કરવી જોઈએ. અલ્પ વિષયી અને અલ્પ કષાયી આત્માઓ અમુક-અમુક સંયોગોમાં વિષય અને કષાયને આધીન થઈ જાય એ બને, પરંતુ બીજું નિમિત્ત પ્રાપ્ત થતાં કે સંયોગો પલટાઈ જતાં તે આત્માઓ પોતાની તે તે વિષય-કષાયની પ્રવૃત્તિથી દુ:ખ અનુભવે છે. વિષય-

કષાયને જીતવાનો, વિષય કષાયની વૃત્તિઓ ઉપર વિજય મેળવવાનો આજ એક રાજમાર્ગ છે. જેઓમાં વિષય - કષાય અલ્પ પ્રમાણમાં છે. તેઓ પણ પુણ્યશાળી ગણાય છે.

### આગ જેવી વિષય - કષાયની તીવ્રતા

પરંતુ કેટલાય પાપાત્માઓ એવા પણ હોય છે, કે જેઓના વિષય અને કષાયો તીવ્રપણે વર્તતા હોય છે. તેઓમાં તે તે વૃત્તિઓને ઉત્પન્ન થતાં વાર લાગતી નથી. અને શમતાં ઘણી વાર લાગે છે, અથવા તો કહેવું જોઈએ કે ભયંકર અનર્થ મચાવ્યા વિના તે પ્રાયઃ શમતી નથી. આવા આત્માઓ પોતાનું ભયંકર અકલ્યાણ કરવા સાથે બીજા પણ અનેક નિર્દોષ આત્માઓનું અકલ્યાણ કરી બેસે છે અને આ ઉત્તમ જીવન અને વિવિધ સામગ્રી પામીને, સાધવા યોગ્ય સાધી જવાને બદલે, પોતાના આત્મા ઉપર અનેક ભયંકર પાપોને લાદી દે છે. વિષય - કષાયની તીવ્રતા એવી છે કે એ આગની જેમ પોતાને અને બીજાઓને ખાખ કરી નાંખે છે.

તમે આ પ્રસંગ આગળ સાંભળશો ત્યારે તમને પણ લાગશે કે પાલક એવા જ પાપાત્માઓમાંનો એક હતો. તેને જે સ્થાને આનંદ આવવો જોઈતો હતો ત્યાં તેને શ્રી અરિહંત ભગવાનના ધર્મને દૂષિત કરવાની બુદ્ધિ જાગી. જે સ્થાને તેને વિવેક આવવો જોઈતો હતો ત્યાં ક્રોધ ચડ્યો અને છેવટે પણ જેમને મહાપુરુષની દશામાં જોઈને તેનો ક્રોધ શમી જવો જોઈતો હતો. તેમને આવી પરમત્યાગીની દશામાં જોઈને પણ પોતાના પરાભવનો બદલો લેવાની ભાવના જાગી, પોતાની વૈરવૃત્તિને સંતોષવાને તે તૈયાર થયો. એણે માન્યું કે પોતાના થયેલા પરાભવનો બદલો વાળવાની આ અપૂર્વ તક મળી છે. માટે સાધુઓને વસતિ માટે ઉપયોગી ઉદ્યાનોની જમીનમાં તેણે શસ્ત્રો દટાવ્યાં.

મિથ્યાદૃષ્ટિતા અને તીવ્ર કષાયવાળી દશાના યોગે, પાલક કેટલો ભાનભૂલો બન્યો છે ? આજે જૈનકુળમાં જન્મેલા પણ આવા

છે કે નહિ ? સાધુઓની સાથે વિના કારણે વૈર રાખનારા છે કે નહિ ? સત્પુરુષોને અનેક રીતે હેરાન કરવાની વૃત્તિવાળા છે કે નહિ ? પણ આજના એ પાલક જેવાઓને કહી દ્યો કે, સત્પુરુષોને એમની એ દુષ્ટ પ્રવૃત્તિઓની એક લેશ માત્ર પણ પરવા નથી. સમર્થ સત્પુરુષો આવી આવી પ્રવૃત્તિથી ડરી જઈને, પુણ્યપંથનો પ્રચાર, પુણ્યપંથનું સેવન અને ઉન્માર્ગનું ઉન્મૂલન કરવાનું કાર્ય છોડી દે, એવું સ્વપ્ને પણ ન માનતા !

### ધર્મદેશનાથી કોને હર્ષ ન થાય ?

આપણે આ પ્રસંગોએ જોયું કે, શ્રી સ્કન્દકસૂરિવરને પાંચસો મુનિઓની સાથે આવતાં જોઈને, દુષ્ટાત્મા પાલકે નીચ પ્રપંચ આદરીને સાધુઓને માટે ઉપયોગી એવાં ઉદ્યાનોમાં શસ્ત્રો દાટી દીધાં. એના આ પ્રપંચની કોઈને પણ જાણ નથી. આ પછી સ્કન્દક સૂરિવર પરિવાર સહિત ત્યાં આવીને એક ઉદ્યાનમાં સમવસર્યા. પોતાના નગરની નજદીકના ઉદ્યાનમાં તેઓશ્રી સમવસર્યા છે, એમ જાણીને, દંડક રાજા તેઓશ્રીને વંદન કરવા માટે સપરિવાર ઉદ્યાનમાં આવ્યો. શ્રી સ્કન્દકસૂરીવરે દેશના દીધી. તે સાંભળી ઘણા લોકો હર્ષિત થયા. સાચા ત્યાગીઓની શ્રી આર્હદ્‌ધર્મમય વૈરાગ્યપ્રધાન ધર્મદેશનાથી કોણ ખુશ ન થાય ? આ ભયંકર મિથ્યાદૃષ્ટિ કે દુરાગ્રહી સિવાયના જીવો માટે શ્રી જિનવાણીની દેશના હર્ષનું જ કારણ બને, તેમાં અસ્વાભાવિકતા કઈ છે ? જેઓએ શ્રી જિનાજ્ઞા મુજબ નિર્ગ્રન્થતા ધારણ કરી છે. જેઓની બીજા જીવોને પણ ધર્મ પમાડવાની હિતકામના છે અને જેઓ શ્રી જિનેશ્વરદેવોએ પ્રણીત કરેલા શુદ્ધ ધર્મની દેશના દે છે, તે જ સાચા ધર્મગુરુઓ છે અને તેઓ જ જગતમાં સાચા આશીર્વાદ સમાન છે. આવા ધર્મગુરુઓની ધર્મની દેશના દુર્ભવી આત્માઓને જ પ્રાયઃ હર્ષનું કારણ થતી નથી. બાકી બીજા નિકટભવી આત્માઓને તો પ્રાયઃ હર્ષના જ કારણરૂપ બને છે. શ્રી સ્કન્દકસૂરિવરની દેશનાથી જેમ ઘણા લોકોને હર્ષ થયો, તેમ

દંડકરાજાને પણ હર્ષ થયો. દેશના પૂર્ણ થઈ એટલે હર્ષિત થયેલો દંડક રાજા મહેલમાં આવ્યો.

આ પછી શું થયું ? તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*गत्वा रहसि राजान, मित्यूचे पालकः कुधीः ।*
*स्वामिन्नेष बकाचारः, पाखंडी स्कंदकः खलु ॥१॥*
*सहस्त्रयोधिभिः पुंभि-र्मुनिवेषधरैरसौ ।*
*त्वां हत्वा राज्यमादातु-मागादिह महाशठः ॥२॥*
*अत्रोद्याने स्वस्थाने च, मुनिवेषैर्महाभटैः ।*
*छन्नं क्षिप्तानि शस्त्राणि, दृष्टवा प्रत्येतु भूपति ! ॥३॥*

"તે દુર્બુદ્ધિ પાલકે દંડક રાજાને એકાંતમાં જઈને કહ્યું કે, 'હે સ્વામિન્ ! આ સ્કન્દક કાંઈ સાધુ નથી, પરંતુ તે તો એક પાખંડી છે. અને બગલા જેવો સફેદ ઠગ છે. તે મુનિવેષને ધરનારા જે પુરુષોની સાથે આવેલ છે. તે બધા સહસ્ત્રયોધીઓ છે. અર્થાત્ તે એક એક, એક હજાર યોદ્ધાઓની સાથે યુદ્ધ કરી શકે તેવા છે. આવા મુનિવેષને ધરનારા સહસ્ત્રયોધી પુરુષોની સાથે મહાશઠ સ્કન્દક આપને હણીને આપનું રાજ્ય લઈ લેવાને માટે અહીં આવેલ છે. અત્રે ઉદ્યાનમાં તે મુનિવેષમાં ધરનારા મહાભટોએ પોતાનાં શસ્ત્રો જમીનમાં છૂપી રીતે સંતાડ્યા છે અને તેની તપાસ કરીને આપ ખાત્રી કરો."

### 'આપ ભલા તો જગ ભલા' એ કહેવતમાં ય દુર્જનો અપવાદરૂપ

આ કેટલી હદ સુધીનો પ્રપંચ છે ? પોતાના વૈરની ખાતર એક માણસ કેવી અને કેટલી નીચી હદે જાય છે ? ષડ્જીવનિકાયના રક્ષક મહાપુરુષોને યોદ્ધા તરીકે ઓળખાવે છે. પોતાનું રાજ્ય ત્યજીને નીકળેલા અને કોઈની કોઈ પણ પૌદ્ગલિક વસ્તુને પોતાની બનાવવાના ઈરાદા વિનાના નિઃસ્પૃહી મહાત્માઓને રાજ્ય છીનવી લેવા માટે આવેલા જણાવે છે. કોઈ પણ સૂક્ષ્મજીવની અનુપયોગથી પણ વિરાધના થઈ હોય તેને માટે પણ પશ્ચાત્તાપરૂપ પ્રતિક્રમણ

કરનારા મહાદયાવાન પુરુષોને રાજાને હણવા આવનાર તરીકે ઓળખાવે છે. અને વધુમાં જાતે જ રાજાને ખાત્રી કરવાનું કહે છે. કારણકે, આવું તર્કટી વર્તન કરી શકાય, એ માટે તો તેણે પહેલેથી જ ત્યાં શસ્ત્રો દટાવી રાખ્યાં છે. **'આપ ભલા તો જગ ભલા'** એ કહેવત પણ આવા દુર્જનોને તો અપવાદ રૂપે દૂર જ રાખે છે. દુર્જનોનો તો સ્વભાવ જ પ્રાયઃ એવો હોય છે કે, તેઓ ભલા જોડે ભૂંડા થાય. કારણકે ભલા જોડે ભૂંડા થનારને સામાની ભલમનસાઈનો લાભ મળી જાય ખરો ને ?

આવા સત્પુરુષોને માથે પણ કેવા ભયંકર કલંક આવ્યા છે. જ્યારે ચોથા આરામાં આવી રીતે મહાપુરુષોને માથે કલંક ઓઢાડનારા હતા. તો આ કાળનું પૂછ્યું જ શું ? તે વખતે તો ખુદ શ્રી તીર્થંકરદેવ વિચરતા હતા, છતાં પણ આવું બન્યું ને ? આમ થવાનું કારણ શું ? માટે સમજો કે મહાપુરુષોને માથે પણ કલંક આવી જાય. કલંક આવે એવું કાંઈ ન કર્યું હોય, તો પણ કલંક આવી જાય, એ બનવાજોગ છે. કારણકે આ ભવની કરણીનું જ ફળ અહીં ભોગવાય છે એમ નથી. પૂર્વના પાપે પણ કલંક આવી જાય. પૂર્વભવમાં જે પાપ આચરાયું હોય, તેનું ફળ ભોગવવું પડે કે નહિ ? મહાપુરુષ જાણીને પાપ, કંઈ શરમ ન રાખે.

આજે કેટલાક એવા ભોળા માણસો છે કે, જેઓ દુર્જનો તરફથી સત્પુરુષો ઉપર થતા ખોટા આક્ષેપોથી ગભરાઈ જાય છે, પણ તેઓ દુર્જનોના સ્વભાવને જો સમજે તો એમ બને નહિ. દુર્જનો પોતાની દુર્જન પ્રવૃત્તિને ટકાવવા માટે સજ્જનો ઉપર અનેક પ્રકારનાં હીચકારા આક્રમણો કરતાં શરમાતાં નથી. તેઓની પાસે નથી હોતું ચારિત્રનું બળ કે નથી હોતું સુયુક્તિઓનું કૌવત, એટલે તેઓ પ્રાયઃ સત્પુરુષો ઉપર ખોટાં દોષારોપણો કરવામાં જ પોતાની શક્તિ ખર્ચે છે. તેઓમાં પોતાની પ્રતિષ્ઠા જમાવવાની શક્તિ નથી. તેઓની જીવનદશા એવી નથી કે જેથી તેઓ જનતાને વિશ્વાસમાં લઈ શકે

અને તેઓને કોઈ સિદ્ધાંત નથી કે જે દુનિયાને સમજાવી શકે. એટલે તેઓએ આજે તો પ્રાયઃ એક જ નીતિ ગ્રહણ કરી છે અને તે એ કે સત્પુરુષોની ઉપર જૂઠ્ઠાં કલંકો ઓઢાડીને તેમને જનદૃષ્ટિમાં હલકા પાડવા.

### કુસાધુતા પોષાય અને સુસાધુતા શોષાય ત્યારે શું કરવું ?

તેમના આવા ગંદા પ્રચારથી કેવું વિષમ પરિણામ આવ્યું છે ? તેઓ આજે વાતવાતમાં એમ કહે છે કે, 'સાધુઓ જૈન શાસનની ઈજ્જત વધે એવું શું કરે છે ?' ખરેખર સાધુઓનુ સાધુજીવન જ શ્રી જૈનશાસનની ઈજ્જતને વધારનાર છે. પણ તેવાઓની પ્રવૃત્તિએ શ્રી જૈનશાસનને ઈતરોની દૃષ્ટિમાં હલકું જ પાડી દીધું છે. એમના ગંદા પ્રચારની સામે જેટલી ઝૂંબેશ ઉઠાવવામાં આવી છે તેટલીય જો ન ઉઠાવાઈ હોત તો તો આજે કઈ દશા હોત ? જૈન સાધુઓના આચારો જ એવા ઉત્તમ છે કે તેઓને જોતાં જ ઈતરો સહજે પ્રાયઃ આકર્ષાય. પરંતુ એ લોકોએ જ તેઓને જૈન સાધુઓથી વિમુખ બનાવી દીધા છે. એમના ગંદા પ્રચારથી કેટલાય અજ્ઞાન ઈતરો સુસાધુઓના પરિચયથી વંચિત રહી જાય છે.



આવા દુર્જનો ખોટાં કલંકો મૂકે એનું સુસાધુઓને અંગત દુઃખ છે જ નહિ. સુસાધુઓ તો સમજે છે કે એ રીતે તેમના કર્મની નિર્જરા થઈ રહી છે. પરંતુ આ બધું બોલવું તો એટલા ખાતર પડે છે તેઓ આ રીતે વર્તમાન સાધુસંસ્થાને વગોવી હલકી પાડે છે. દીક્ષાનો વિરોધ કરીને નવા સાધુઓનો માર્ગ રુંધે છે. અને સુસાધુઓને જગતમાંથી નાબૂદ કરવાની પોતાની બદ દાનતને તેઓ સફળ બનાવવા ઈચ્છે છે. તેઓની આ ઈચ્છા ન હોત તો તેઓ કદી જૂઠ્ઠા કલંકો સુસાધુઓને શિરે ઓઢાડવાનો દુર્જનપંથ સ્વીકારત નહિ. સુસાધુઓના નામે કુસાધુઓ પૂજાઈ ન જાય એ માટે જરૂર સાવધ રહેવું જોઈએ. પણ એ લોકો તો આજે કુસાધુઓની ભાટાઈ કરી

રહ્યા છે. અને સુસાધુઓની ભાંડાઈ કહી રહ્યાં છે. પોતાની જાત ઉપર કલંક આવે ત્યારે સુસાધુ તેને કર્મક્ષયનું કારણ માને. પણ જ્યારે આ રીતે કુસાધુતા પોષાય અને સુસાધુતા શોષાય ત્યારે તો કોઈ પણ શક્તિસંપન્ન સુસાધુ મૌન રહી શકે જ નહિ. સુસાધુઓ ઉપર દુર્જનો ગમે તેટલાં જૂઠાં કલંકો ઓઢાડે તેથી સુસાધુઓને શું નુકશાન થવાનું ? દુર્જનો એમ ન કરે તો બીજું કરે પણ શું ? પાલકે કેવો પ્રપંચ કર્યો ? પોતે શસ્ત્રો દાટ્યાં અને દંડક રાજાને તદ્દન ઉંધી વાત સમજાવી. આજે આવા દુર્જનો તમને ભેટી જાય તો સાવધાન રહેજો !

## રાજાને વિષાદ

આ પછી જે બન્યું તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*"તતશ્ચાખાનયદ્રાજા, મુનિસ્થાનાનિ સર્વતઃ ।*
*ચિત્રાણ્યસ્ત્રાણ્યપશ્યચ્ચ, વિષાદં ચ પરં યયૌ ॥૧॥"*

"પાલકે રાજાના મગજમાં ખોટી વાત ભરાવી દીધી. એટલે તે પછી રાજાએ જ્યાં શ્રી સ્કન્દકસૂરિવર આદિ મુનિવરો બિરાજતા હતા તે સ્થાનોને બધી બાજુથી ખોદાવ્યાં. અને વિચિત્ર એવાં શસ્ત્રોને જોયાં. આથી તે વિષાદને પામ્યો."

## રાજા દંડકનો અવિચારી આદેશ

*આટલો પુરાવો મળ્યા પછી પણ દંડક રાજાની ફરજ એ હતી* કે, એણે તપાસ કરવી જોઈએ. સુરાજનીતિ એ કહેવાય છે કે, સો ગુન્હેગાર છટકી જાય તે બને, પણ એક બિનગુન્હેગારને શિક્ષા નહિ થવી જોઈએ. વળી દુન્યવી દૃષ્ટિએ પ્રજાપાલક રાજા તે જ કહેવાય કે, જે સ્વ-પરના હિત માટે દુષ્ટોને દંડે અને સજ્જનોનું સંરક્ષણ કરે. આમાં આરોપી તરીકે કોણ છે ? મહાપુરુષો, તેમાં ય તેઓના નાયક શ્રી સ્કન્દકસૂરિવર તો રાજાના પૂર્વાવસ્થાના સાળા છે. આવી સ્થિતિમાં એક મંત્રીના વચન ઉપર વિશ્વાસ મૂકી, આરોપીને કશું પૂછ્યા વિના શિક્ષા કરવાનો હુકમ કરવો, એ શું વ્યાજબી છે ? નહિ જ ! પરંતુ

દંડક રાજા એવો વિચાર કરવાને માટે કે યોગ્ય તપાસ કરવાને માટે થોભતો નથી. ઉદ્યાનમાં દાટેલાં શસ્ત્રોને જોતા વેંત જ, વગર વિચાર્યે રાજાએ પાલકને હુકમ ફરમાવી દીધો કે, હે મંત્રિન્ ! તમોએ આ ઠીક જાણી લીધું. ખરેખર, હું તો તમારા વડે જ ચક્ષુવાળો છું. વળી હે મહામતિ ! આ દુર્મતિ સ્કન્દકનું શું કરવું જોઈએ, એ તમે જાણો છો માટે એ દુર્મતિ માટે જે ઉચિત હોય તે તમે કરો હવે ફરીથી એ વિષે મને પૂછવું નહિ.

આ વખતે પાલકને કેટકેટલો આનંદ થયો હશે ? એની ધારણાને ફળેલી જોઈને એને હૃદયમાં કેટલો સંતોષ થયો હશે ? એક તો ભયંકર પાપ અને તેની સાથે આવી રસિકતા, આ પાપનો બંધ જેવો તેવો પડે ? પાપનું કાર્ય એકનું એક જ હોય, છતાંય એના બંધમાં, એને આચરનાર આત્માના પરિણામો અનુસાર તારતમ્ય રહે છે. શ્રીવન્દિતાસૂત્રમાં '<u>सम्मद्दिट्ठी जीवो</u>' વાળી ગાથા તમે બધા બોલો છો ખરા, પણ એનો અર્થ, ભાવાર્થ અને હેતુ કદિ વિચાર્યો છે ? એમાં શું કહ્યું છે ? સમ્યગ્દૃષ્ટિ જીવ, જો કે કિંચિત્ પાપ આચરે, તો પણ તેને અલ્પ બંધ થાય, કારણકે તેને જે પાપ કરવું પડે છે, તે પાપને તે નિર્ધ્વંસપણે કરતો નથી.

### એવા વેષ વિડંબકોથી દૂર રહેવું જોઈએ

આ વસ્તુ ખાસ વિચારવી જોઈએ. સમ્યગ્દૃષ્ટિને અલ્પ બંધ શાથી ? નિર્ધ્વંસ પરિણામ નહિ માટે ! નિર્ધ્વંસ પરિણામ શાથી નહિ ? તો કે પાપને પાપરૂપ માને છે તેથી. પાપને જે પાપરૂપે માને. આ પાપનું ફળ આપણે જ ભોગવવાનું છે. એ વસ્તુને જે સમજે, તેને પાપ કરવું પડે તો પણ કયા હૃદયે કરે ? ધાવમાતા શેઠના બાળકનું પાલન કરે, પણ કયા હૃદયે કરે ? પારકું માનીને, એ બાલકનું પાલન કરવાથી પોતાના બાળકનું પાલન થશે, એમ એ સમજે છે. પણ જો પોતાનું બાળક મરવા પડે તો

એ ચાલી જાય કે નહિ ? તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માને પાપ આચરવું પડે તો પણ આત્માને એ ભૂલે નહિ, જ્યારે ઘોર મિથ્યાદૃષ્ટિઓ તો ભયંકર પાપ કરે અને એ પાપ કરતી વખતે એમનાં હૃદયમાં શોકને બદલે આનંદ થાય, રેશમના દોરાની ગાંઠને તેલના ટીપાંથી મજબૂત કરવા જેવું એ કરે.

સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ વચ્ચેનો આ ફરક છે. પણ આજે તો કેટલાક એવા પણ નામ જૈનો પાક્યા છે કે જેમને પાપ અને પુણ્યની વાતો ગમતી નથી. સાધુઓ બીજો કયો ઉપદેશ આપે? પાપથી બચવા માટે જ તેઓ ઉપદેશ આપે અને પાપથી બચવામાં જ માર્ગ દર્શાવે. જે સાધુઓ પાપથી બચવાનો ઉપદેશ આપતા નથી, પાપથી બચવાના માર્ગ બતાવતા નથી અને એવો ઉપદેશ આપે છે કે જેથી પાપની ઉપેક્ષા થાય ને પાપમાર્ગ પોષાય, તેઓ સાધુવેષને ધરનારા હોવા છતાં પણ દુનિયાના જીવોના ભયંકર દુશ્મનોની ગરજ સારનારા છે. માટે એવા વેષવિડંબકોથી કલ્યાણકાંક્ષીએ દૂર રહેવું જોઈએ.

**ક્રોધના આવેશમાં શ્રી સ્કન્દકસૂરિએ કરેલું નિયાણું**

પાલકને રાજા તરફથી આજ્ઞા મળી ગઈ કે, આવા દુર્મતિને માટે શું કરવું જોઈએ એ તમે જાણો છો, માટે તે તમે કરો અને હવે ફરીથી મને પૂછશો પણ નહિ !' એટલે તેના આનંદનો પાર ન રહે તે સ્વાભાવિક છે ! તેણે તે પછી શું કર્યું તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*इत्युक्तः पालकः शीघ्रं, गत्वा यन्त्रमकारयत् ।*
*स्कन्दकस्याग्रतः साधू-नेकैकं च न्यपीलयत् ।।१।।*
*निःपील्यमानांनेतांस्तु, देशनापूर्वकं स्वयम् ।*
*अकारयत् स्कन्दकोऽपि, सम्यगाराधनाविधिम् ।।२।।*

उपयंत्रं शिशौ नीते, परिवारांतिमे मुनौ ।
कारुण्यात् स्कन्कदाचार्यः, इत्यभाषत पालकम् ॥३॥
आदौ पीलय मामेव, कुरुष्वैतद्वचौ मम ।
बालं मुनिं न पश्यामि, पील्यमानं यथा ह्यमुम् ॥४॥
तत्पीडापीडितं ज्ञात्वां, स्कन्दकं पालकोऽपि हि ।
तमेव बालकमुनिं, तत्पीडार्थमपीलयत् ॥५॥
उत्पन्नकेवलाः सर्वे, ऽप्यवापुः पदमव्ययम् ।
प्रत्याख्याय स्कन्दकस्तु निदानमिति निर्ममे ॥६॥
दंडकस्य पालकस्य, तथास्य कुलराष्ट्रयोः ।
व्यापादनाय भूयांसं, तपसोऽस्य फलं यदि ॥७॥
एवं कृतनिदानः सन्, पीलितः पालकेन सः ।
देवो वह्निकुमारोऽभूत्, कालाग्निरिव तत्क्षये ॥८॥

શ્રી સ્કન્દકસૂરિવર આદિ મુનિવરોને યોગ્ય શિક્ષા કરવાની રાજાની આજ્ઞાને પામેલા પાલકે જલ્દી જઈને મનુષ્યોને પીલી શકાય એવું એક યંત્ર તૈયાર કરાવ્યું અને શ્રી સ્કન્દકસૂરિવરની આગળ સાધુઓને એક પછી એક એમ એ યંત્રમાં પીલવા માંડ્યા. આવી કારમી રીતે પીલાતા તે સાધુઓને દેશનાપૂર્વક શ્રી સ્કન્દકસૂરિવરે પોતે અંતિમઆરાધનાની વિધિ સમ્યક્ પ્રકારે કરાવી. આ રીતે શ્રી સ્કન્દકસૂરિવરની આંખ સામે ૪૯૯ સાધુઓ પીલાયા. છતાં તેઓના સમભાવને આંચકો આવ્યો નહિ. પણ જ્યારે આખા મુનિપરિવારમાં અંતિમ એવા બાળવયસ્ક મુનિને તે યંત્ર સમક્ષ પીલવાને માટે લાવવામાં આવ્યા, ત્યારે શ્રી સ્કન્દકસૂરિવર મૌન રહી શક્યા નહિ. એમનું હૃદય પીગળી ગયું. શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાને કહેલી, તારા વિના સર્વેય આરાધક થશે, એ વાત આગળ આવી. કારુણ્યથી શ્રી સ્કન્દકસૂરિવર એ ક્રૂર હૈયાના પાલકને કહે છે કે, "પહેલાં તું મને પીલી નાંખ. મારું આ વચન કર, કે જેથી પીલાતા એવા આ બાળમુનિને હું ન જોઉં !' પેલો માને ? એને તો ઉલ્ટી શ્રી સ્કન્દકસૂરિવરને ત્રાસ ઉપજાવવાની તક મળી ગઈ ! કારણકે ૪૯૯ સાધુઓને આંખ સામે પીલાતા જોવા છતાં તેઓ ધારાબંધ ઉપદેશ આપ્યે જતા હતા. અને સમ્યક્

પ્રકારે આરાધનાની ક્રિયા કરાવતા હતા. એટલે એ દુષ્ટાત્માને તો એમ જ થાય કે હજુ આ અત્યાચાર પૂરતો નથી, એટલે હવે એને તક મળી ગઈ. શ્રી સ્કન્દકસૂરિવરને, તે બાલમુનિને થતી પીડાથી પીડિત થતા જાણીને પાલકે તે જ બાલમુનિને તેમની પીડાર્થે પહેલાં પીલ્યાં. પરંતુ આ પાંચસો ય મુનિવરો આરાધક થવાના છે, એમ શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાને કહ્યું હતું. તે મુજબ પાંચસોય ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. અને તે બધાય અવ્યય પદને એટલે કે મોક્ષપદને પામ્યા. હવે શ્રી સ્કન્દકસૂરિવરને પીલવાનો પ્રસંગ આવ્યો, તેઓએ એ વખતે અંતિમ પરચક્ખાણ તો કર્યું. પરંતુ બાલમુનિને પોતાની પહેલાં પીલ્યાં એથી હૃદયમાં આવેશનો સંચાર થયો હતો, અને પછી તો ક્રોધ ન ચઢે એટલો ઓછો ! શ્રી સ્કન્દકસૂરિવરે નિયાણું કર્યું કે, 'જો આ તપનું ફળ હોય તો દંડક, પાલક તથા આ કુળ અને રાષ્ટ્રનો હું નાશ કરનારો થાઉં એવું થાઓ !' અર્થાત્ પોતે જીવનમાં જે તપ તપ્યા છે તેના ફળ તરીકે તેઓ ઇચ્છે છે કે દંડક રાજાનો, પાલક મંત્રીનો, તેમના કુલનો, અને તેમના દેશનો પણ હું નાશ કરનારો થાઉં ! શ્રી સ્કન્દક સૂરિવરે આવું નિયાણું કર્યું અને તે જ વખતે પાલકે તેમને યંત્રમાં પીલાવી નાંખ્યા. ત્યાંથી કાળધર્મ પામીને તેઓ દંડકાદિના ક્ષયને માટે કાલાગ્નિ જેવા વહ્નિકુમાર નિકાયમાં દેવતા થયા."

કર્મની સત્તા કેવી પ્રબળ છે ? જરાક ચૂક્યા કે લપસ્યા સમજો, આથી જ ભગવાન્ શ્રી મહાવીરદેવ, શ્રી ગૌતમસ્વામીજી જેવાને પણ કહેતા કે, *समयं गोयम ! मा पमायए ।* હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરીશ નહિ !' જો શ્રી ગૌતમસ્વામીજી જેવાને પણ પ્રમાદથી બચવાનું હોય તો અમારે ને તમારે પ્રમાદથી બચવાનું ખરું કે નહિ ? બાલમુનિ પીલાવાના તો હતા જ, પહેલાં પીલાય કે પછી પીલાય, પણ શ્રી સ્કન્દક સૂરિવરે ૪૯૯ને માટે જેમ સમભાવ રાખ્યો તેમ રાખ્યો હોત તો ? જરા દુઃખ થયું, આવેશ આવ્યો એટલે કષાય સવાર થઈ ગયો. સુવિવેક ઉડી ગયો. એવા સમર્થ ત્યાગી પણ નિયાણું કરી બેઠા. નિયાણું કરવું એટલે કંચનને કથીરની કિંમતે વેચી નાંખવું. શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં નિયાણું ન કરાય એવી આજ્ઞા છે. એમના સંયમનું ફળ આવું ન હોઈ શકે. પરંતુ એક નિયાણાએ સ્થિતિ પલટાવી દીધી. અને તેથી તેઓ દંડક રાજા આદિના ક્ષયને માટે કાલાગ્નિના જેવા વહ્નિકુમાર દેવ થયા.

બીજી તરફ એવું બન્યું કે શ્રી સ્કન્દકસૂરિવરની પાસે જે રજોહરણ હતું, તે તેઓની પૂર્વાવસ્થાની બ્હેન અને દંડક રાજાની પત્ની પુરંદરયશાએ આપેલી રત્નકંબલના તંતુઓથી બનેલું હતું. આ રજોહરણને તે લોહીથી ખરડાયેલું હોઈને, ભૂજાદંડ છે એમ જાણીને સમડી તેને હરી ગઈ. તે સમડીએ તેને યત્નપૂર્વક ગ્રહણ કરવા છતાં પણ તેની પાસેથી દૈવયોગે તે પુરંદરયશા દેવીની પાસે તે રજોહરણ પડી ગયું. આથી પોતાના ભાઈ મહર્ષિના ઉપર વીતેલી વીતક પુરંદરયશા રાણીના જાણવામાં આવી. અને એથી તે, 'હે પાપી ! આ તે શું પાપ કર્યું ? આ પ્રમાણે દંડક રાજા ઉપર આક્રોશ કરવા લાગી. શોકમગ્ન એવી તેને ઉઠાવીને શાસનદેવતાએ શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પાસે મૂકી, કે જ્યાં તેણે દીક્ષા ગ્રહણ કરી.

## તે વખતે શાસન દેવતા કેમ ન આવ્યા ?

**સભા** : તો પહેલાં શાસનદેવતા કેમ ન આવ્યા ?

**પૂજ્યશ્રી** : આવા પ્રશ્ન ઉઠાવવા એ જ હજુ અજ્ઞાન સૂચવે છે. કેટલાક ભાવિભાવ એવા હોય છે કે જેનું મહાપુરુષો તો શું પણ શ્રી તીર્થંકરદેવોથી પણ ઉલ્લંઘન કરી શકાતું નથી. એવો કર્મોદય હોય છે ત્યારે કાં તો એ સ્થળે દેવ હોતાં નથી. અથવા હોય તો ઉપયોગ મૂકતા નથી એમ પણ બને છે. ચરમતીર્થપતિ શ્રી મહાવીરદેવના જીવનમાં એવા ઘણા પ્રસંગો છે કે જેના ઉપરથી આ વસ્તુ સમજી શકાય. દુનિયામાં એવું ક્યાં નથી બનતું ? કોઈ અમુક સ્થળે મરી જાય છે, ત્યારે કહેવાય છે કે બિચારાનું મરણ જ એને ત્યાં ખેંચી ગયું. માંદા આગળ રોજ બેસનાર ખાસ કામ આવતા જરા ખસે ને પેલો મરી જાય એમ પણ બને છે. શાસનદેવતા આજે કેમ નથી આવતા ? એવા પ્રશ્નો ઉઠાવીને મશ્કરી કરનારાઓને તો આ વસ્તુનું ભાન જ નથી. ભાવિભાવ કેવા કેવા હોય છે. એ

સમજ્યા વિના જેમ તેમ બોલવું એ વ્યાજબી નથી. જો એમ ન હોત તો શ્રી તીર્થંકરદેવો અને બીજા મહાપુરુષોને જે આફતો વેઠવી પડે છે તે વેઠવી પડત ? પણ નહિ, એવું બનવાનું હોય ત્યારે કાંઈક એવું થાય કે જેથી દૈવી સહાય ન મળે. નહિતર પુરંદરયશાને માટે શાસનદેવતા આવે અને 'પાંચસો એક' મુનિવરો કશા પણ દોષ વિના ખોટા કલંકથી એક ઘોર મિથ્યાદૃષ્ટિના હાથે પીલાઈ જાય છતાં શાસનદેવતા ન આવે એ કેમ બને ? પણ આજના જડવાદી સુધારકો તો આજે આવી વાતો કરીને અજ્ઞાન લોકને ધર્મભ્રષ્ટ કરવા ઇચ્છે છે, કારણકે એવા કથનથી ભોળા લોકને એમ થાય કે ખરેખર, જો સત્ હોય તો દેવો સહાય કેમ ન કરે ?

આ પછી શ્રી સ્કન્દકસૂરિવરનો જીવ એવા વહ્નિકુમારદેવે અવધિજ્ઞાનથી પોતાના પૂર્વજન્મનો વૃત્તાંત જાણીને દંડક રાજાને પાલકની સાથે તથા નગરલોકની સાથે બાળીને ભસ્મીભૂત કરી દીધો. એ કુંભકારકટ નગર આખું બળીને ખાખ થઈ ગયું અને ત્યારથી આરંભીને આ દારૂણ અને ઉજ્જડ એવું અરણ્ય દંડકના નામથી દંડકારણ્ય તરીકે પૃથ્વીમાં જાહેર થયું.

આ પ્રમાણે શ્રી રામચંદ્રજીને દંડકરાજાનો વૃત્તાંત અને આ અરણ્યનું નામ દંડકારણ્ય પડવાનું કારણ દર્શાવ્યા બાદ ચારણ શ્રમણ શ્રી સુગુપ્ત નામના મહર્ષિ ફરમાવે છે કે એ દંડક સંસારની અંદર દુ:ખની ખાણો સમાન યોનિઓમાં ભમીને પોતાના કર્મથી આ ગંધ નામનું મહારોગી પક્ષી થયેલ છે. અમારા દર્શનથી એને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને અમારી સ્પર્શૌષધિ લબ્ધિથી તેના રોગ નાશ પામી ગયા.

### જટાયુ પક્ષીએ સ્વીકારેલું શ્રાવકપણું

શ્રી રામચંદ્રજીના પ્રશ્નના જવાબમાં આ રીતે શ્રી સુગુપ્ત

નામના ચારણ શ્રમણે કહેલા વૃત્તાંતનું શ્રવણ કરીને તે જટાયુ પક્ષી પ્રમોદને પામીને પુનઃ તે મહા મુનિઓના ચરણોમાં પડ્યું. તેણે ધર્મનું શ્રવણ કર્યું. અને શ્રાવકપણાને ગ્રહણ કર્યું. તે પક્ષીની ઇચ્છા જાણીને તે પક્ષીને જીવઘાત, માંસાહાર અને રાત્રિભોજનનાં તે મહામુનિએ પચ્ચક્ખાણ કરાવ્યાં.

એક પક્ષીમાં પણ જ્યારે જ્ઞાન ઉત્પન્ન થાય છે અને સમ્યગ્દર્શન સ્પર્શે છે. ત્યારે ધર્મ પામવાની કેટલી ઇચ્છા થાય છે ? જીવઘાત, માંસાહાર અને રાત્રિભોજનનાં તે પચ્ચક્ખાણ કરે છે. તિર્યંચો પણ જો આટલું કરી શકે તો તમે કેમ ન કરી શકો ? આટલી આટલી સામગ્રી તમને મળી છે. શ્રી જિનેશ્વરદેવની સેવા, સુગુરુનો યોગ અને ધર્મશ્રવણની ઉત્તમ તક તમને મળી છે. છતાં પણ જો આરાધવા યોગ્ય આરાધાય નહિ તો એના જેવી બીજી કમનસીબી પણ કઈ હોઈ શકે ? આજે તો જીવઘાત દ્વારા અને તે પણ મિથ્યાજ્ઞાન મેળવવામાં સહાય કરવી એને પણ સાધર્મિક વાત્સલ્ય કહેવાય છે ! ભગવાન શ્રી મહાવીરદેવના નામથી ચાલતી સંસ્થા એને પોષે છે. અને ભગવાન શ્રી મહાવીરદેવના તિલક કરનાર અને વેષ ધરનાર કેટલાકો એવા સમાજનો અભ્યુદય મનાવે છે, તેઓને આવું સત્ય કહેવામાં આવે છે, એટલે તેમના રિવાજ મુજબ તેઓ ગંદો પ્રચાર કરવા પાછળ લાગી પડે છે ! પરંતુ હવે તેમને સુધારવાને કાંઈ કહેવું એ નકામું લાગે છે. હવે તો સમાજને સત્યથી પરિચિત કરી દેવો જોઈએ. રાત્રિભોજનમાં પણ આજે કઈ દશા છે ? એમ કહેવાય છે કે એવી સંસ્થાના એક સંચાલકે એક જણને મોંઢે કહ્યું હતું કે, 'રાત્રે ખાવાથી કાંઈ મુક્તિ અટકી જવાની નથી.' જો આ વસ્તુ સત્ય જ હોય તો એના જેવી, એ સંસ્થાની બીજી કંઈ કમનસીબી હોઈ શકે ? જ્ઞાનદાન અને સાધર્મિક વાત્સલ્ય જેવા શબ્દોમાં મૂંઝાઈ જઈને આંધળીયા કરી દાન દેનારાઓએ ઉઘાડી આંખે એ ધર્મવૃત્તિથી અપાએલા દ્રવ્યોનું જે પરિણામ આવે છે, એ તરફ જોવાની જરૂર છે.

આ તો એક પ્રાસંગિક વાત થઈ જે બન્યું તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*इत्यूचे च मुनि रामं, साधर्मिकः, इहैष वः ।*
*साधर्मिके च वात्सल्य - मुक्तं श्रेयस्करं जिनैः ।।१।।*
*बन्धुर्न एष परम, इत्युक्वा राघवेण तौ ।*
*वंदितौ नभसोत्पत्य, मुनी जग्मतुरन्यतः ।।२।।*
*तं दिव्यं रथमारुह्य, जानकीराम-लक्ष्मणाः ।*
*विजहुः क्रीडयाऽन्यत्र, सहचारिजटायवः ।।३।।*

પછીથી તે મુનિઓએ શ્રી રામચંદ્રજીને કહ્યું કે 'આ પક્ષી હવે તમારો સાધર્મિક છે. અને સાધર્મિકને વિશે વાત્સલ્ય કરવું એ શ્રેયસ્કર છે. એમ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે.' મુનિવરોએ આ પ્રમાણે કહેવાથી, શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, 'આ અમારો પરમબંધુ છે.' અને એમ કહીને, શ્રી રામચંદ્રજીએ તે બંને ચારણ શ્રમણ મુનિવરોને વંદન કર્યું. આ પછી તે મુનિવરો આકાશમાર્ગે ઉડીને અન્યત્ર ચાલ્યા ગયા અને કંબુદ્વીપના વિદ્યાધરેશ્વર રત્નજટી તથા બે દેવોએ પ્રસન્ન થઈને આપેલા દિવ્ય રથમાં બેસીને, ક્રીડા કરતા તે જટાયુ પક્ષીની સાથે શ્રી રામચંદ્રજી, સીતાજી અને શ્રી લક્ષ્મણજી અન્યત્ર ગયા.

## સદ્ધર્મ સંભળાવનારને એકાંતે લાભ જ છે

આ રીતે અહીં આ પ્રસંગ સમાપ્ત થાય છે. આ પ્રસંગને અંગે જે જે જરૂરી વાતો કહેવામાં આવી છે. તે સમજવાનો, વિચારવાનો અને તેનો શક્ય અમલ કરવાનો દરેક કલ્યાણાર્થીએ પ્રયત્ન કરવો જોઈએ, દુષ્ટ વૃત્તિનું, દુરાગ્રહનું, મોહનું, અવિચારીપણાનું અને વિષય કષાયને આધીન થવાનું કેવું કારમું પરિણામ આવે છે, તે વિચારીને તે તે કલ્યાણને હણનારી વૃત્તિઓથી અને પ્રવૃત્તિઓથી આત્માને બચાવવાનો પ્રયત્ન થાય, તો જ આવી વસ્તુના શ્રવણથી જે લાભ

થવો જોઈએ તે થયો કહેવાય. છેલ્લે શ્રી ચારણ શ્રમણ મુનિવરોએ કહ્યું કે, "સાધર્મિકનું વાત્સલ્ય કરવું એ શ્રેયસ્કર છે. એમ શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે.' આ વસ્તુ પણ સમજાઈ જવી જોઈએ. વિવેકપૂર્વક સાધર્મિકજનોનું વાત્સલ્ય કરવામાં પાછી પાની નહિ થવી જોઈએ. સાધર્મિકો ધર્મસ્થિર બને અને સુલભતાથી ધર્મનું સેવન કરી શકે, એવું ઉત્તમ સાધર્મિક વાત્સલ્ય કરવું જોઈએ.



# વિષય-કષાયની આધીનતા અને નિર્મળ વિવેક

## ૮

વિષયોની વિષમયતા અને કષાયોની કાલિમા માટે તો ધર્મશાસ્ત્રોમાં ખૂબ-ખૂબ કહેવાયું છે. જે ધર્મકથાનું આપણે શ્રવણ કરીએ છીએ તે સદ્‌બુદ્ધિપૂર્વક સાંભળીએ તો આ વસ્તુ સમજાયા વિના રહે નહીં.

શ્રી રામચન્દ્રજી આદિ દંડકારણ્યમાં રહે છે, તે દરમ્યાન એકવાર લક્ષ્મણજી ફરતાં-ફરતાં એવા સ્થળે પહોંચ્યા છે કે જ્યાં રાવણનો ભાણેજ શંબુક વાંસજાળીમાં બાર-બાર વર્ષથી સૂર્યહાસ ખડ્‌ગની સાધના કરતો હતો. શ્રી લક્ષ્મણજીએ ત્યાં સિદ્ધિની અણીએ આવીને રહેલા આ શસ્ત્રને જોયું, અજમાવ્યું ને શંબૂકનું શિર છેદાઈ ગયું. તેઓને ખૂબ પશ્ચાત્તાપ થયો, પોતાના અક્ષમ્ય અપરાધનો ખ્યાલ પણ આવ્યો. સંભવિત ઉપદ્રવની કલ્પના પણ આવી પણ હવે શું થાય ?

શૂર્પણખાની નિર્લજ્જતા એકાએક અકલ્પ્યયુદ્ધ, શૂર્પણખા દ્વારા રાવણની ઉશ્કેરણી, કષાય જ્વાલા સાથે વિષયાગ્નિ પણ ભભૂકે તેવી વાતની રજૂઆત, વિષય-કષાયવશ રાવણનું અપહરણ માટે ગમન આદિ પ્રસંગોમાં શ્રી રામચન્દ્રજી આદિના નિર્મળ વિવેકનું દર્શન આ પ્રકરણ કરાવે છે.

-શ્રી

# વિષય-કષાયની આધીનતા અને નિર્મળ વિવેક


★ સૂર્યહાસ ખડ્ગની સાધના
★ એવા સાધકોની સિદ્ધિ દૂર નથી
★ સંસારમાં કાંઈ ઓછું કષ્ટ નથી
★ સંસાર કરતાં સંયમનો માર્ગ વધારે સહેલો છે
★ અજ્ઞાનતાથી શ્રી લક્ષ્મણજીના હાથે શંબૂકનો શિરચ્છેદ
★ પાપનો ડંખ તો હોવો જોઇએ
★ વિષયની આધીનતા ઓછી ભયંકર નથી
★ ચન્દ્રણખાની કપટકળા ને બનાવટી ઉત્તર
★ પોતાના અંતરની સાથે વિચાર કરવો જોઇએ
★ દશાનો વિચાર કરતાં શીખો
★ વિવેકપૂર્વકનો ઉત્તર
★ એ અધમતાની અવધિ છે
★ ચન્દ્રણખાનો રોષ અને યુદ્ધની ભૂમિકા
★ શ્રી જૈનશાસનને પામેલાં સૌ સુખી જ થાય
★ ચંદ્રણખા રાવણને ઉશ્કેરે છે
★ શ્રી રામચંદ્રજીનું ઉગ્ર તેજ શ્રી રાવણને થંભાવી દે છે




# ૮

## વિષય-કષાયની આધીનતા અને નિર્મળ વિવેક



પહેલાં કહેવાયું છે કે, કેવળ કથારસિકતા ખાતર આ સાંભળવાથી યોગ્ય લાભ નહિ થાય, જે સાંભળો તેનો આજ્ઞા મુજબ અમલ કરતાં શીખો, તો સાંભળેલું લાભ કરે. અમલ કે અમલની ભાવના વિનાનું લુખ્ખું શ્રવણ શો લાભ કરે ? ધર્મગુરુપાસે શા માટે જવું જોઈએ ? શા માટે તેઓનો ઉપદેશ સાંભળવો જોઈએ ? માત્ર એક જ હેતુથી આપણો આત્મા ધર્મ તરફ વળે. પોતાના આત્માને ધર્મની આરાધના તરફ વાળવાના ઈરાદે જેઓ સદ્‌ગુરુ પાસે જાય છે. અને સુધર્મના ઉપદેશનું શ્રવણ કરે છે. તેઓ પોતાના શ્રવણને અમલ કે અમલની ભાવના વિનાનું વાંઝિયું કેમ જ રાખી શકે ? એ જ રીતે ધર્મકથાનું શ્રવણ કરીને પણ સજ્જનતાનો સ્વીકાર અને દુર્જનતાનો ત્યાગ કરવા પ્રયત્નશીલ બનાય તો આ સાંભળેલું ફળે, સંભળાવનારનો પ્રયત્ન સવિશેષ સાર્થક થાય બાકી સદ્‌બુદ્ધિથી સદ્‌ધર્મ સંભળાવનારને એકાંતે લાભ જ છે.

### સૂર્યહાસ ખડ્‌ગની સાધના

ત્યારબાદ શું બની રહ્યું છે, એનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*इतः पाताललंकायां, खरचन्द्रणरवात्मजौ ।*
*शंबूकसुंदनामाव - भूतां नवयौवनौ ॥१॥*

पितृभ्यां वार्यमाणोऽपि, दंडकारण्यमन्यदा ।
शंबूकः सूर्यहासासि - साधनार्थमुपेयिवान् ॥२॥
सोऽथ कौञ्चरवातीरे, स्थित्वान्तर्वंशगह्वरम् ।
वारयिष्यति मां यस्तं, हनिष्यामीत्यवोचत् ॥३॥
एकान्तभुग्विशुद्धात्मा, ब्रह्मचारी जितेन्द्रियः ।
अधोमुखो वटशाखा - निबद्धचरणद्वयः ॥४॥
विद्यां जपितुमारेभे, सूर्यहासासिसाधिनीम् ।
सप्ताहाभ्यद्वादशाब्दया, या सिद्धिमुपगच्छति ॥५॥
एवं च तस्थुषस्तस्य, वल्गुलीस्थानकस्पृशः ।
वर्षाणि द्वादशातीयु श्चत्वारि दिवसानि च ॥६॥
सेद्धुकामः सूर्यहासः प्रत्याकारतिरोहितः ।
स्फूर्जत्परिमलो व्योम्ना, तत्रागाद्वंशगह्वरे ॥७॥

'જ્યારે શ્રી રામચંદ્રજી આદિ ક્રીડા માટે રત્નજટી વિદ્યાધરે આપેલા દિવ્ય રથમાં બેસીને દંડકારણ્યમાં ફરવા નીકળ્યા છે. ત્યારે બીજી તરફ બીજો પ્રસંગ બન્યો છે. એ અરસામાં પાતાલ લંકામાં ખર [illegible]ને ચંદ્રણખાના શંબૂક અને સૂંદ નામના બે પુત્રો નવયૌવન અવસ્થાને પામ્યા હતા. તે બેમાથી શંબૂકને સૂર્યહાસ ખડ્ગની સાધના કરવાની ઇચ્છા થતાં, માતાપિતાએ તેને વાર્યો તો પણ તેમની અવગણના કરીને તે સૂર્યહાસ ખડ્ગની સાધના કરવાને માટે શંબૂક દંડકારણ્યમાં આવ્યો. દંડકારણ્યમાં તે, કૌંચરવા નામની નદીના કાંઠે આવેલ વંશગહ્વરમાં રહ્યો. અને તે વખતે એ બોલ્યો કે, જે કોઈ મને વારશે તેનો હું નાશ કરીશ !' આ પછી એકાંતરે જમનાર, વિશુદ્ધાત્મા, બ્રહ્મચારી અને જિતેન્દ્રિય એવા શંબૂકે વડની શાખા સાથે પોતાના બે પગ બાંધ્યા. અને એ રીતે અધોમુખ બનીને તેણે સૂર્યહાસ ખડ્ગની સાધનાની તે વિદ્યાને જપવી શરૂ કરી, કે જે વિદ્યા એ રીતે બાર વર્ષ અને સાત દિવસ સુધી સાધવાથી સિદ્ધ થાય છે. એવી રીતે વાગોળ (ચામાચીડીયું) પક્ષીની જેમ ઊંધે મસ્તકે રહેતાં, તે શંબૂકને બાર વર્ષ અને ચાર દિવસ વ્યતિત થઈ ગયા. અર્થાત્ સૂર્યહાસ ખડ્ગની સાધનાનો કાળ લગભગ પસાર થઈ ગયો અને માત્ર ત્રણ જ દિવસો બાકી રહ્યા, એટલે તેને સાધ્ય થવાની ઇચ્છાએ મ્યાનથી છૂપાએલ સૂર્યહાસ ખડ્ગ, આકાશમાંથી મ્હેકતા સુગંધને ફેલાવતું ત્યાં વંશગહ્વર આગળ આવ્યું."

વિચાર કરો, સૂર્યહાસ ખડ્ગની સાધના કરવાને માટે આ કેટકેટલું કષ્ટ સહન કરે છે ? બાર બાર વર્ષ સુધી ઉંધા મસ્તકે-લટકીને

રહેવું એ જેવું તેવું કઠિન કામ નથી. એક વખતનું ભોજન, બ્રહ્મચર્ય અને ઈન્દ્રિયોના વિષયોની પરાઙ્મુખતા, આ બધું કષ્ટ કઈ રીતે સહન થાય ? કયા પ્રકારની મનોવૃત્તિ ઘડાય તો આવું કષ્ટ સહન થાય ? આ વસ્તુ જો બરાબર વિચાર કરવામાં આવે તો રાજાઓ અને શ્રીમંતો ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને કઈ રીતે દીક્ષાનું પાલન કરી શકતા હશે ? એ સમજાઈ જાય તેમ છે. શંબૂકને સૂર્યહાસ ખડ્ગને સાધવાની એવી તમન્ના જાગી છે કે, એને માટે એ ગમે તેટલું સહન કરવાને તૈયાર થયો છે. એનું ધ્યેય એક માત્ર છે. અને તે સૂર્યહાસ ખડ્ગની સાધના કરવી ! એ ધ્યેયમાં જે કોઈ આડો આવે તેને એ સાંભળવા ઈચ્છતો નથી. એટલું જ નહિ પણ એણે કહ્યું છે કે, 'જે કોઈ મને વારશે તેને હું હણી નાંખીશ.' એનું હૃદય સૂર્યહાસ ખડ્ગની સાધનામાં એકતાન થઈ ગયું છે. અને આવી એકતાનતાનાં જ પ્રતાપે, એ બાર બાર વર્ષ જેટલા લાંબા સમય સુધી ઊંધે મસ્તકે લટકેલો રહી શકે છે, તેમજ વિષયાદિથી પરાઙ્મુખ થઈ શકે છે.

તમે એ પણ જાણતાં હશો કે આવી રીતે વિદ્યાની સાધના કરનારાઓને મન, વચન અને કાયાના યોગોને એક જ ધ્યાનમાં જોડી દેવા પડે છે. બીજો વિચાર નહિ, બીજું બોલવાનું નહિ, ને બીજી પ્રવૃત્તિ પણ કરવાની નહિ, જો એ રીતે ત્રણે યોગોને કાબૂમાં ન રખાય, તો વિદ્યા સાધી શકાય નહિ, એમ વિદ્યાસાધકો બરાબર જાણતા ને માનતા હોય છે.

### એવા સાધકોની સિદ્ધિ દૂર નથી

હવે વિચાર કરો આ શાથી બન્યું ? એથી જ કે બધા ધ્યેય ભૂલાયાં અને વિદ્યા દ્વારા સૂર્યહાસ ખડ્ગની સાધના કરવી, એ જ એક માત્ર ધ્યેય બન્યું માટે, જો આ રીતે આત્મા મોક્ષનું ધ્યેય નક્કી કરી લે, આ ઉત્તમ મનુષ્યભવ પામીને, સંયમ દ્વારા સિદ્ધિની સાધના કરવાનું ધ્યેય ચોક્કસ કરી લે, મન-વચન-કાયાના યોગોને, મોક્ષના માર્ગરૂપ રત્નત્રયીની આરાધનામાં એકતાન બનાવી દે અને એ રત્નત્રયીની આરાધના કરતાં બીજો વિચાર કરવાનું તજે, બીજું બોલવાનું તજે કે બીજી પ્રવૃત્તિ કરવાનું તજે, તો સિદ્ધિની સાધના કેવી થાય ? ખરેખર, એવા સાધકોથી સિદ્ધિ દૂર રહી શકતી નથી.

પણ જ્યાં સુધી મોક્ષપ્રાપ્તિ એ જ એક માત્ર ધ્યેય બને નહિ, મન-વચન-કાયાના યોગો જ્યાં-ત્યાં ભટકતા રહે, મોક્ષ સાધવાની તમન્ના જાગે નહિ, અને રત્નત્રયીની આરાધના માટે તજવા યોગ્ય તજાય નહિ, ત્યાં સુધી લાંબો કાળ ક્રિયા કરે તો પણ જોઈતું ફળ મળે નહિ, તો એમાં કશું પણ આશ્ચર્ય પામવા જેવું નથી કે અસ્વાભાવિક પણ નથી.

બીજી વાત એ છે કે, આજે ઘણાઓ તરફથી એમ કહેવાય છે કે, સાહેબ ! સંયમનું કષ્ટ કેમ સહેવાય ? તેમજ કેટલાક સંયમધરો તરફથી પણ ખોટી શિથિલતાનો ખોટો બચાવ કરવામાં આવે છે, ત્યારે કહેવું જોઈએ કે જો વસ્તુનું અર્થીપણું બરાબર આવી જાય અને ધ્યેયની સાધનામાં જ મન-વચન-કાયા જોડાઈ જાય તો ગમે તેવાં અને ગમે તેટલાં કષ્ટો પણ કષ્ટરૂપ લાગતાં નથી. જેમ વિદ્યાસાધકને વિદ્યા સાધતાં બીજા વિચારો આવતાં નથી અથવા કહો કે આવતા હોય તો તે તેને રોકે છે, તેમ સંયમધરોએ પણ રત્નત્રયી સિવાયના બીજા વિચારોને આવવા દેવા જોઈએ નહિ. કષ્ટ પણ કષ્ટરૂપ પ્રાયઃ ત્યારે જ લાગે છે કે, જ્યારે એ ધ્યેય અને એ આરાધનામાં કાંઈક પણ પોલાણ ઘૂસે છે. કષ્ટ આવે સહેવું ય પડે, પણ દુર્ધ્યાન કોણ કરાવે ? કહેવું જ પડશે કે આરાધનામાં એકતાનતાનો અભાવ. આથી સ્પષ્ટ છે કે, જો મન-વચન-કાયા મોક્ષની સાધનામાં જ લીન બની જાય, તો કષ્ટ આવે તેમ કર્મનિર્જરા વધે અને એ ચૂકે એટલે કદાચ કર્મબંધ વધે.

## સંસારમાં કાંઈ ઓછું કષ્ટ નથી

તમે જો કષ્ટની જ વાત કરતા હો તો સંસારમાં પણ તમે ઓછું કષ્ટ સહન કરતા નથી. માણસ પૈસા કમાવાને માટે, વ્યવહાર જાળવવાને માટે, પોતાના કુટુંબને સાચવવાને માટે, પોતાની આજીવિકાને નિભાવવા માટે, પોતાની ઇજ્જત વધારવાને માટે, પોતાની વિષય-વાસનાઓને પૂરવાને માટે અને પોતાની ચીજોનું રક્ષણ કરવાને માટે કાંઈ ઓછું કષ્ટ સહન કરતો નથી. રાત ને દિવસ એને એના જ વિચારો કરવા પડે છે. એ વિષે ચર્ચાઓ ને વાતચીતો કરવી પડે છે. તેમજ તે તે પ્રવૃત્તિઓ ઇચ્છાએ કે અનિચ્છાએ પણ

કરવી પડે છે. એ ઓછું કષ્ટ છે ? છતાં તમને એ કષ્ટરૂપ લાગતું નથી. અને કષ્ટરૂપ લાગે છે તો ય નિભાવી લેવું-સહી લેવું એ જ શ્રેયસ્કર છે, એમ તમે માન્યું છે, માટે સંસારની ઉપાધિઓ સહન કરી શકો છો. જો એ રીતે આત્મકલ્યાણને માટે તમે સહનશીલ બનો તો સંસાર કરતાં સંયમની સાધના તમને સુલભ લાગ્યા વિના રહે નહિ. માત્ર ધ્યેય ફેરવવું જોઈએ. ધ્યેય ફરે એટલે સંયમની સાધના કરતાં સહવા પડતા પરિષહો સહવામાં આનંદ આવે.

*બીજી વસ્તુ એ પણ સમજવા જેવી છે કે, સંસારમાં તમે* આટલું બધું સહન કરો છતાં કર્મનાં બંધન વધતાં જ જાય અને સંયમનું કષ્ટ જેમ-જેમ સમભાવથી સહન કરાય તેમ-તેમ કર્મના બંધન તૂટતાં જાય. આત્મા લઘુકર્મી બને તેમ તેની અંદરની શક્તિઓ પણ ખીલતી જાય, એટલે સંયમની આરાધના અથવા તો કહો મોક્ષની સાધના ધીરે ધીરે અત્યંત સુલભ બની જાય.

### સંસાર કરતાં સંયમનો માર્ગ વધારે સહેલો છે

આથી તો કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું છે કે, માણસ યૌવન અવસ્થામાં વિષયાભિમુખ બનીને વિષયોની સાધનામાં જેવો તત્પર બને છે તેવી જો મુક્તિની સાધનામાં તત્પર બને તો શું બાકી રહે ? કશું જ નહિ ! માણસનું ધ્યેય ફરવું જોઈએ. એટલું સમજાઈ જાય કે સંસાર દુઃખદાયી છે. અને સંયમ સુખદાયી છે, અને પછી એ સંયમની આરાધના તરફ વળે, વિષય-કષાયથી પરાઙ્મુખ બને, તો મુક્તિની સાધના તેવાને માટે સહજ છે, પરંતુ આ મનોદશા આવવી એ સહેલું નથી. મુક્તિ સિવાયનું કોઈ ધ્યેય જ ન રહેવું જોઈએ. બધાં ધ્યેયો ભૂલાઈ જવા જોઈએ. મુક્તિની સાધના એ જ એક લક્ષ્ય બની જવું જોઈએ. આ બને તો સંયમનો વિકટ જણાતો પંથ, દુનિયાદારીના સુસાધ્ય ગણાતા પંથ કરતાં પણ વધારે સહેલો લાગ્યા વિના રહે નહિ.

આ પ્રસંગમાંથી સમજવાનું તો ખાસ એ જ છે કે, આત્મા નિશ્ચિત લક્ષ્યવાળો બને, પછી તે કેટલો સહનશીલ બની શકે છે ? શંબૂકનું સૂર્યહાસ ખડ્ગને સાધવું એ જ સાધ્ય થયું. એટલે માતાપિતાએ વારવા છતાં પણ શંબૂકે તે માન્યું નહિ. ઘરબાર ને કુટુંબ

પરિવારને તજીને નવયૌવન અવસ્થામાં તે દંડકારણ્યમાં આવ્યો. બાર બાર વર્ષો સુધી વડની શાખાએ પગ બાંધીને વાગોળ પક્ષીની જેમ ઉંધા મસ્તકે તે લટકીને રહ્યો. તેમજ મન-વચન-કાયાના યોગો ઉપર કાબૂ મેળવીને તે સૂર્યહાસ ખડ્ગને સાધનારી વિદ્યાનો જાપ કરતો રહ્યો. ધ્યેયલક્ષિતા આ કાર્ય કરે છે. માટે જ પહેલાં ધ્યેયમાં સ્થિર થવાની જરૂરી છે.

આ જ શંબૂકે જો ધાર્યું હોત, તો પોતાનું આત્મકલ્યાણ કેવું સાધી શક્ત ? માત્ર એક જ ભવમાં જ કામ લાગનારી વિદ્યાને માટે જે આટલું સહી શકે, તે ભવ માત્રનો નાશ કરીને અનંત સુખના ભોક્તા બનાવનાર સંયમની આરાધના માટે શું ન કરી શકે ? પણ તેવો ભાગ્યોદય, સુસંયોગ અને સુસંયોગના પરિણામે થવી જોઈતી આત્મલક્ષિતા થવી જોઈએ ને ? તમને સંયોગ મળી ગયો છે, સુગુરુ આદિ સામગ્રી મળી ગઈ છે. પ્રભુનું શાસન મળી ગયું છે. પણ આત્મલક્ષિતા કેળવી ધ્યેય ફેરવો તો એનો લાભ ઊઠાવી શકો. એ રીતે ધ્યેય નથી ફર્યું ત્યાં સુધી તો મુશ્કેલી જ લાગ્યા કરે તે સ્વાભાવિક છે.

### અજ્ઞાનતાથી શ્રી લક્ષ્મણજીના હાથે શંબૂકનો શિરચ્છેદ

હવે આ રીતે સૂર્યહાસ ખડ્ગની સાધના પૂરી થવામાં માત્ર ત્રણ જ દિવસો બાકી છે, પણ ઘણી વાર ભાવિભાવ એવો હોય છે કે, સાગરને તરીને જનારો છેલ્લે ખાબોચિયામાં ડૂબી જાય છે. અહીં પણ એવું બની જાય છે કે ત્રણ દિવસ જ બાકી છે. ત્યાં એનો શ્રી લક્ષ્મણજીના હાથે વધ થઈ જાય છે. દંડકારણ્યમાં ક્રીડા કરવાને માટે આમ તેમ ફરતા શ્રી લક્ષ્મણજી ત્યાં આવી પહોંચ્યા. અને તેમણે સૂર્યના કિરણોના સમૂહ સમાન ભાસતું સૂર્યહાસ ખડ્ગ જોયું. શ્રી લક્ષ્મણજીએ તે ખડ્ગ હાથમાં લીધું અને મ્યાનમાંથી બહાર કાઢ્યું, કારણકે *અપૂર્વશસ્ત્રાલોકે હિ, ક્ષત્રિયાણાં કુતૂહલમ્ ।* નવા શસ્ત્રને જોતાં ક્ષત્રિયોને કૂતૂહલ થાય છે. પછીથી તે જ ક્ષણે તે સૂર્યહાસ ખડ્ગની તીક્ષ્ણતાની પરીક્ષા કરવાને માટે શ્રી લક્ષ્મણજીએ તે ખડ્ગ વડે, નજદીકમાં રહેલી વંશજાળને કમળના નાળની જેમ છેદી નાંખી. આથી વંશજાળની અંદર રહેલા શંબૂકનું

કપાએલું મસ્તક રૂપી કમળ ભૂતળ ઉપર પડી ગયું. અને તે પોતાની પાસે પડેલું તે વખતે શ્રી લક્ષ્મણજીએ જોયું.

તે પછીથી જેવો શ્રી લક્ષ્મણજીએ વંશ ગહ્વરમાં પ્રવેશ કર્યો કે તરત જ વડની શાખાને અવલંબેલું ધડ પણ તેમના જોવામાં આવ્યું. આથી શ્રી લક્ષ્મણજી પોતાના આત્માને એમ નિન્દવા લાગ્યા કે, 'આવું ઘોર કર્મ કરવાથી મને ધિક્કાર હો, કારણકે આ કોઈ યુદ્ધ નહિ કરતો એવો અને વળી શસ્ત્રથી રહિત માણસ મારા વડે હણાયો !'

આવી રીતની આત્મનિંદા એ આત્માની યોગ્યતા સૂચવનારી છે. માણસથી પ્રમાદવશ કે અજ્ઞાનવશ પાપ થઈ જવું એ સ્વાભાવિક છે. પણ જો તે પાપ પોતાના હૃદયને ખટકે જ નહિ તો ધર્મને પામવાની ય યોગ્યતા જાય. પછી ધર્મને આચરવાનીતો વાત જ ક્યાં રહી ? ક્ષત્રિયો એમ માનનારા હોય છે કે કોઈ પણ માણસને જો તે યુદ્ધ કરતો ન આવે અથવા શસ્ત્રસહિત ન આવે, તો એને મારવો નહિ, સામો અપરાધી હોય તો પણ એ નિઃશસ્ત્ર હોય તો ક્ષત્રિયો પહેલાં એને શસ્ત્ર આપે અથવા પોતે શસ્ત્ર છોડી દે. અને તે પછી યુદ્ધ કરે. શંબૂક નિરપરાધી હતો, યુદ્ધ કરવા માટે આવેલો નહોતો. અને શસ્ત્રહીન હતો. આ દશામાં તેનું શ્રી લક્ષ્મણજીના હાથે મૃત્યુ થયું. એ શ્રી લક્ષ્મણજી જેવાને આત્મનિંદા કરવાને ન પ્રેરે એ કેમ બને ? આ રીતે જે કોઈ પોતાને ધર્મ પામવાને યોગ્ય બનાવવા ઈચ્છતા હોય અથવા તો પામેલા ધર્મને જે કોઈ ટકાવવાને ઈચ્છતા હોય તેઓએ પાપકાર્ય થઈ જાય ત્યારે આત્માને નિંદતા, પોતાની જાત ઉપર ધિક્કાર વર્ષાવતાં શીખવું જોઈએ.

### પાપનો ડંખ તો હોવો જોઈએ

આવી રીતે જેઓ પોતાના પાપને માટે પોતાના આત્માને નિંદતા શીખે છે, તેઓ ક્રમે ક્રમે પાપથી પાછા હઠતા જાય છે, પણ જેઓને પાપની ભીતિ હોતી નથી, પાપ તરફ તિરસ્કાર હોતો નથી, પોતાની જાતને પાપથી બચાવી લેવાની ઈચ્છા હોતી નથી. અને પાપ કરવા તરફ જેઓને ઘૃણા હોતી નથી. તેઓ પાપથી બચી તો શકતા જ નથી. પણ ઉલ્ટા પાપમાં વધુને વધુ ડૂબતા જાય છે. ઘણા કહે છે કે, 'આમાં પાપ, તેમાં પાપ, તો પછી કરવું શું ? ત્યારે શું

સાધુઓએ પાપને પાપ તરીકે ઓળખાવવું નહીં ? અથવા એમ કહેવું કે, 'પાપ કર્યે જાવ, વાંધો નથી ?' ત્યારે પાપથી બચવા માટે શું કરવું જોઈએ ? સૌથી પહેલાં પાપથી બચવાને માટે પાપનો ભય કેળવવો જોઈએ. જે આત્માને પાપથી ભય ઉત્પન્ન થાય છે, તેને 'આમાં પાપ અને તેમાંય પાપ' એવી જ્ઞાનીપુરુષોની કહેલી વાતો સાંભળતાં કંટાળો આવતો નથી, પણ આનંદ આવે છે. પાપનો જો હૈયામાં ડંખ રહેતો હોય, પાપ એ નહિ આચરવા લાયક વસ્તુ છે. એવો વાસ્તવિક નિર્ણય થઈ ગયો હોય, તો એ આત્મા પાપ કરવું પડે તો ય રસિકતાથી ન કરે, પાપ થઈ ગયા બાદ પણ પશ્ચાત્તાપ કરે. આના યોગે એનો બંધ તીવ્રપણે થાય નહિ અને એ પાપને છૂટતાં વાર પણ લાગે નહિ, માટે પાપ થાય ત્યારે આત્માને તે માટે નિંદતા શીખવું જોઈએ.

એક નિર્દોષ, યુદ્ધ નહિ કરતો અને શસ્ત્રહીન માણસ પોતાના હાથે હણાઈ ગયો, એ માટે આત્મનિંદા કર્યા બાદ, શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજીની પાસે ગયા અને સઘળોય વૃત્તાંત જણાવીને તેઓએ સૂર્યહાસ ખડ્ગ તેમને બતાવ્યું. સૂર્યહાસ ખડ્ગને જોઈને શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, 'આ સૂર્યહાસ ખડ્ગ છે, અને આનો સાધક તારા વડે હણાયો છે. એ સાધકનો કોઈ ઉત્તરસાધક પણ હોવાનું ચોક્કસપણે સંભવે છે, અર્થાત્ નજીદિકમાં તેનો કોઈ ઉત્તર સાધક હોવો જોઈએ.'

હવે અહીં તો આ રીતે શંબૂકના મસ્તક્નો છેદ થઈ ગયો છે, ત્યારે બીજી તરફ તેની માતા કે જેનું નામ ચંદ્રણખા છે અને જે રાવણની બહેન થાય છે, તે 'આજે મારા પુત્રને સૂર્યહાસ ખડ્ગ સિદ્ધ થશે.' એ વિચારથી ઉતાવળ કરતી, પૂજાની સામગ્રી તથા અન્નપાનની સામગ્રીની સાથે આનંદિત થતી દંડકારણ્યમાં પહોંચી, પણ ત્યાં આવીને તે જુએ છે તો શંબૂકનું લટકતાં કુંડળોવાળું છેદાએલું મસ્તક તેના જોવામાં આવ્યું.

આથી તે એકદમ રુદન કરવા માંડી, 'હા, વત્સ, શંબૂક ! તું ક્યાં છે ?' એ પ્રમાણે તેણે રુદન કરતાં જમીન ઉપર પડેલી શ્રી લક્ષ્મણજીના ચરણોની મનોહર પંક્તિને જોઈ. આ પાદપંક્તિ

જોવાથી તેને લાગ્યું કે, 'જેના વડે મારો આ પુત્ર હણાયો છે. તેનાં જ ચરણોની આ પંક્તિ છે.' અને આથી એ પગલે પગલે ત્વરાથી ચંદ્રણખાએ ચાલવા માંડ્યું. જ્યાં આ રીતે ચન્દ્રણખા થોડે સુધી આવી. એટલે તેણે સીતાજી અને શ્રી લક્ષ્મણજીની સાથે બેઠેલા નેત્રાભિરામ એવા શ્રી રામચંદ્રજીને એક વૃક્ષની નીચે બેઠેલાં જોયા. અર્થાત્ શ્રી લક્ષ્મણજી પણ જ્યાં હતા ત્યાં તે નજીક આવી પહોંચી.

### વિષયની આધીનતા ઓછી ભયંકર નથી

પણ આ પછી જે વસ્તુ બને છે તે વિષયી આત્માઓની વિષયવિવશતા દર્શાવનારી છે. વિષયી આત્માઓ કઈ રીતે કેવા પ્રસંગોમાં પણ ભાનભૂલા બને છે ? તે સમજવાને માટે આવા પ્રસંગો ઉપયોગી નીવડે તેમ છે. આ રીતે ચંદ્રણખા ત્યાં નજદીક આવી પહોંચ્યા બાદ શું બન્યું ? તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે -

***'निरीक्ष्य रामं सा सद्यो, रिरंसाविवशाऽभवत् ।***
***कामावेशः कामिनीनां, शोकोद्रेकेऽपि कोऽप्यहो ।।'***

"નેત્રાભિરામ શ્રી રામચંદ્રજીને જોતાંની સાથે જ ચન્દ્રણખા તત્કાળ વિષયક્રીડા કરવાની ઇચ્છાને વિવશ થઈ ગઈ. અર્થાત્ શ્રી રામચંદ્રજીના રૂપ ઉપર તે એવી મુગ્ધ બની ગઈ કે જેથી તેમની સાથે તેમને જોતાં જ ભોગ ભોગવવાની તેને ઇચ્છા થઈ ગઈ. એવી ઇચ્છાને ચન્દ્રણખા આધીન થઈ ગઈ ! અહો ! મહાશોકમાં પણ કામિનીઓનો કામાવેશ કેવો હોય છે."

કહો, વિષયની આ વિષયાધીનતા ઓછી ભયંકર છે ? પોતાના પ્રિય પુત્રને સિદ્ધ થયેલ સૂર્યહાસની પૂજા કરવા માટે અને અન્નજળથી પુત્રને તૃપ્ત કરવાને માટે તે આવી હતી. પુત્રના મસ્તકને છેદાએલું જોતાં તો તે પોકાર કરીને રડવા લાગી હતી, પાદપંક્તિ જોઈને તેના હણનારને શોધવા નીકળી હતી. હજુ પુત્રનું શબ તો ત્યાં લટકતું હતું અને અહીં શ્રી રામચંદ્રજીને જોતાંની સાથે જ તે બધું ભૂલી ગઈ ! પોતે પોતાના શીલને ભૂલી ગઈ, પુત્રના મૃત્યુને ભૂલી ગઈ. પુત્રનો શિરચ્છેદ કરનારને ભૂલી ગઈ ! અને કામને આધીન બની ગઈ. દુનિયામાં કહેવાય છે કે માતાઓને પુત્રનું મરણ ખૂબ સાલે, પણ જે માતા વિષયાધીન હોય છે તેઓને તો વિષયની જ પીડા સાલતી હોય છે. નહિતર, આવા કારમા પ્રસંગે પુત્રના મોહવાળી માતાને વિષયનો વિચાર સરખો પણ કેમ જ આવે ? પણ

વિષયાધીનતા એ બહુ બૂરી વસ્તુ છે. વિષયાધીનને અંધ કહેવામાં આવે છે, કારણકે વિષયવાસનાને આધીન થઈને તેઓ જાત, ભાત, શીલ, વિવેક, વ્યવહાર અને ધર્મ એ બધાને ભૂલી જાય છે.

ચન્દ્રણખાની પણ એ જ અવસ્થા થઈ. તે બધું ભૂલી ગઈ. અને વિષયભોગની એની ઇચ્છા પ્રબળ બની ગઈ, આથી જ તેણે પોતાની વિદ્યાશક્તિથી પોતાનું નાગકન્યાના જેવું કન્યારૂપ બનાવી દીધું. અને કામથી પીડાતી તે ધ્રૂજતી-ધ્રૂજતી શ્રી રામચંદ્રજીની પાસે આવી. આથી શ્રી રામચંદ્રજીએ તેણીને કહ્યું કે, 'હે ભદ્રે ! આ યમરાજના જ એક નિકેતન સમાન દારૂણ દંડકારણ્યમાં તું ક્યાંથી આવી છે ?'

આ પ્રશ્ન સામાન્ય માણસને મૂંઝવે, પણ આ તો કપટકળામાં નિપુણ હતી. એટલે એને મૂંઝવણ થઈ નહિ. જે આત્માઓ વિષયને આધીન બને છે, તેઓના પાપની પરંપરા પ્રાયઃ વધી જાય છે. **ઉપકારી મહાપુરુષોએ વિષયને તો 'સ્મરણવિષ' તરીકે ઓળખાવેલ છે. વિષયનું વિષ એવું ભયંકર હોય છે કે, સ્મરણ માત્રથી પણ આત્માને હણે,** દુનિયામાં વિષયાધીનતા જેવી કોઈ ભૂંડી વસ્તુ નથી. વિષયાધીનતા જેટલાં પાપ ન કરાવે તેટલાં થોડાં ! મદિરા જેમ માણસની વિવેકબુદ્ધિ અને વિચારશક્તિને હણે છે. તેમ અથવા તેથી વધારે ખરાબ રીતે વિષયાધીનતા વિવેકબુદ્ધિ અને વિચારશક્તિને હણે છે. વિષયના નશામાં ફસેલા આત્માઓ દુનિયામાં મહાશ્રાપરૂપ છે. વિષય એ એવી લોભાવનારી વસ્તુ છે કે જેમ બને તેમ વિષયવૃત્તિને તાજી કરનારાં નિમિત્તોથી પણ માણસે દૂર રહેવાના જ પ્રયત્નમાં રહેવું જોઈએ. બ્રહ્મચર્યની નવ વાડો પણ વિષયની વિષમતાથી બચવા માટે જ છે. વિષયથી બચવાને માટે કરડામાં કરડા નિયમો યોજવા પડ્યા છે એ જ સૂચવે છે કે એ બહુ જ ભયંકર અને જલ્દીથી વળગી જાય એવી વસ્તુ છે. ભલભલા આત્માઓ જ્યાં એને આધીન થયા કે પડ્યા, **સારામાં સારો જ્ઞાની ગણાતો પણ આત્મા જ્યાં વિષયને આધીન થયો, એટલે ભાનભૂલો બની જાય છે. પછી તે નથી પોતે પોતાનું હિત વિચારી શકતો, નથી તો સાથી સંબંધિનું હિત વિચારી શકતો, કે નથી તો પોતાના આશ્રિતોનું હિત વિચારી શકતો !**

અહીં ચન્દ્રણખા પણ પોતાની વિષયવાસનાને તૃપ્ત કરવાને માટે શ્રી રામચંદ્રજીની પાસે હવે તદ્દન તર્કટી વાત કરે છે. શ્રી રામચંદ્રજીએ જ્યારે પૂછ્યું કે, 'હે ભદ્રે ! આ યમરાજના એક નિકેતન સમાન દારૂણ દંડકારણ્યમાં તું ક્યાંથી આવી? ત્યારે તે કહે છે કે, અવન્તિના રાજાની હું કન્યા છું. હું મહેલ ઉપર સૂઈ ગઈ હતી, ત્યારે કોઈક ખેચર વડે મધ્યરાત્રિએ હું હરાયેલી છું, અર્થાત્ મધ્યરાત્રિએ મહેલની ઉપરના ભાગમાં સૂતેલી એવી મારું કોઈક ખેચરે અપહરણ કર્યું, એ ખેચર મને લઈને આ અરણ્યમાં આવ્યો, અહીં કોઈક અન્ય વિદ્યાધરકુમાર કે જે ખડ્ગથી સહિત હતો, તેના વડે તે દેખાયો. તે વિદ્યાધરકુમારે તેને કહ્યું કે, હે પાપી આ સ્ત્રીરત્નનું, ચિલ્લ પક્ષી જેમ હારલતાને હરી જાય તેમ હરણ કરીને હવે તું ક્યાં જઈશ ? કારણકે તારા કાળ સમાન હું અહીં ઉપસ્થિત છું. તે વિદ્યાધરકુમારનાં આવાં વચનો સાંભળીને, મને હરી લાવનાર તે ખેચરે મને અહીં મૂકીને તેની સાથે લાંબા કાળ સુધી યુદ્ધ કર્યું અને પરિણામે તે બંનેય વનના ઉન્મત્ત હાથીઓ જેવા મરણને પામ્યાં.

કહો, આ ઓછી કપટકળા છે ? આ કપટકળા શાથી થઈ ? એક માત્ર વિષયાધીનતાથી. બે દિકરાની મા અને જેનો ધણી હજુ પાતાલલંકામાં જીવતો બેઠો છે તે સ્ત્રી, વિષયાધીનતાના યોગે રૂપમાં પરિવર્તન કરી પોતાને અવન્તિના રાજાની કન્યા તરીકે ઓળખાવે છે, તેમજ બધી કલ્પિત બીના જોડી કાઢે છે ! ખરેખર, વિષય અને કષાય એ જ સંસારની જડ છે. જો વિષય અને કષાય ઉપર કાબુ આવી જાય, વિષય અને કષાયને આધીન થવાને બદલે તેને આધીન કરી લેવાય તો આ સંસાર તરવો હાથ-વેંતમાં છે. વિષય અને કષાય જીતાયા એટલે સંસાર જીતાયો સમજો ! આવા પ્રસંગો સાંભળી સૌ કોઈએ વિષયવૃત્તિથી પાછા હઠવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ કે, જેથી વિષયાધીનતાના યોગે આવી કારમી અવદશા ન થવા પામે.

આ પ્રમાણે અહીં દંડકારણ્યમાં એકલા આવી પડવાનું કલ્પિત કારણ દર્શાવ્યા બાદ પોતાની મુરાદને બર લાવવાને માટે

ચન્દ્રણખા શ્રી રામચંદ્રજીને કહે છે, જ્યારે પેલા બે મરી ગયા અને હું એકલી રહી ગઈ એટલે હવે મારે જવું ક્યાં ? એવા વિચારમાં એકલી અહીં-તહીં ભમતી હું પુણ્યના યોગે જંગલમાં છાયાવાળા વૃક્ષની જેમ આપને પામી છું. તો હે સ્વામિન્ ! ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલી એવી હું એક કુમારિકા છું, માટે મને આપ પરણો ! ખરેખર અર્થીઓની પ્રાર્થના મહાપુરુષોની પાસે કદી નિષ્ફળ નીવડતી નથી.'

## પોતાના અંતરની સાથે વિચાર કરવો જોઈએ

કહો, આ વાતમાં કશી કમીના છે ? કેટલો ને કેવો પ્રપંચ ? દુષ્ટ ઈચ્છાની સિદ્ધિને માટે કેટલી લાલસા ? શોક ક્યાં ઉડી ગયો ? આમાં કોઈ સ્થળે શોકનું ચિહ્ન સરખું પણ દેખાય છે ? નહિ ! કારણ ? વિષયાધીન દશા. આ ઓછું ઘૃણાસ્પદ છે ? નહિ જ ! પણ એટલું જ વિચારીને અટકી ન જતાં, જ્યારે જ્યારે કોઈપણ પ્રસંગ આવે ત્યારે ત્યારે સારા પ્રસંગમાં સામાને મહાપુરુષ અને ખરાબ પ્રસંગમાં સામાને દુષ્ટાત્મા કહીને અટકી જવાથી લાભ થવાનો નથી. લાભ તો એવા એવા મહાપુરુષ બનવા માટેના પ્રયત્નો થાય અને દુષ્ટતા આપણામાં હોય તે તજી દેવાય તો થાય. આજે તો ભયંકર દશા છે. કોઈ મહાત્માનું ઉદાહરણ અપાય તો કહેશે કે 'એ તો મહાપુરુષ !' અને કોઈ અધમનું ઉદાહરણ અપાય તો કહેશે 'આ મહાનીચ !' પણ પોતાના આત્માને કોઈ એમ પૂછે છે ખરું કે 'આપણે કોણ ? આપણી ગણત્રી શામાં ?' આ ઉદાહરણમાંથી સમજવાનું શું ?

જ્યાં સુધી આવી રીતે આત્માની સાથે ઉદાહરણો ઘટાવતાં ન શિખાય. ઉત્તમ પુરુષોની ઉત્તમતાનું અનુકરણ અને અધમ પુરુષો જેવી અધમતાનો ત્યાગ કરવા તરફ લક્ષ્ય ન અપાય ત્યાં સુધી ઉદાહરણ કહેવાય તો પણ ફળે શી રીતે ? ચન્દ્રણખા બહુ ખરાબ, એમ કહેશે ! કબૂલ, પણ તમે કેવા ? તમે વિષયાધીનતાના યોગે શું કરો છો અને શું નથી કરતા એનો વિચાર કર્યો ? જે નથી કરતા તે પાપથી ડરીને કે નથી કરી શકતા માટે ? કરી શકો તેવી સામગ્રી હોય તો એથી ય વધારે પાપ કરવાને માટે તમે તૈયાર છો ખરા કે નહિ ?

## દશાનો વિચાર કરતાં શીખો

આ બધી વસ્તુઓનો દરેકે અવશ્ય વિચાર કરવો જોઈએ. પારકાના જીવનનો રસ અને પોતાના જીવનની ઉપેક્ષા પોતાનાં જીવનમાં એક પણ ગુણ લાવી શકે નહિ અને દુર્ગુણ કાઢી શકે નહિં. પણ જો ગુણ કેળવવો હોય અને દુર્ગુણને કાઢવો હોય તો કોઈપણ રીતે પોતે પોતાનું જીવન તપાસતાં શીખી જવું જોઈએ. મહાપુરુષો થયા તે પણ હતા તો માણસ જ ને ? તેઓએ જે કર્યું તે શક્તિના પ્રમાણમાં, આપણે પણ કેમ ન કરી શકીએ ? અને અધમ પુરુષોએ જે કર્યું તે આપણે સામગ્રીના અભાવે જ ન કરી શકતા હોઈએ તો આપણે પણ અધમ જ કહેવાઈએ ને ? લોક કહે કે ન કહે, પણ અંતર તો કહે ને ? માટે અંતરની સાથે પોતાની દશાનો વિચાર કરતાં શીખવું જોઈએ.

જેઓ અંતરની સાથે આવો જરૂરી વિચાર નથી કરતા, તેઓ કાંઈ સાધી શકે એમ તમને લાગે છે ? કોઈએ સાધ્યું કે કોઈ ડૂબ્યા, એમાં તમને મળ્યું શું ને તમારું ગયું શું ? તમારા જીવન ઉપર એની અસર થવી જ જોઈએ. એમ થઈ જવું જોઈએ કે અહા! વિષયાધીનતા કેવી કારમી છે કે એક સ્ત્રીને પતિનો, શીલનો, પુત્રના મૃત્યુનો અને પાપનો વિચાર ભૂલાવે છે. તેમજ ભયંકર અસત્યનું સેવન કરાવે છે, આવો વિચાર કરવાની સાથે જેમ બને તેમ જલ્દી વિષયવૃત્તિથી વિરામ પામવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

## વિવેકપૂર્વકનો ઉત્તર

આપણે એ જોઈ ગયા કે ચન્દ્રણખા પોતાના પુત્ર શંબૂકના હણનારને શોધતી આ તરફ આવી હતી, પણ નેત્રાભિરામ શ્રી રામચંદ્રજીને જોતાં જ વિષયક્રીડા કરવાની ઇચ્છાને તે વિવશ થઈ ગઈ, આથી તેણે નાગકન્યા જેવું કન્યારૂપ પોતાનું બનાવ્યું અને શ્રી રામચંદ્રજીના પ્રશ્નના ઉત્તરમાં તેણે તદ્દન બનાવટી બીના કહી. બે દીકરાની માતા હોવા છતાં તેણે પોતાની જાતને કુલીન કન્યા તરીકે ઓળખાવી અને પોતે રાવણની બહેન હોવા છતાં પણ અવન્તિના રાજાની પોતે પુત્રી છે એમ કહ્યું. પરંતુ શ્રી રામચંદ્રજી અને શ્રી

લક્ષ્મણજી એવા વિચક્ષણ હતા કે તેની કપટકળાને જાણી ગયા. જરૂર આ કોઈ માયાવિની છે. નટની જેમ વેષધારિણી છે, અને કૂટ નાટક કરીને આપણને અહીં છેતરવાને માટે આવી છે. આ પ્રમાણે લાંબો વખત વિચારતાં, પ્રફુલ્લ નેત્રોવાળા શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી એકબીજાના મુખને પરસ્પર જોઈ રહ્યાં. અર્થાત્ તે બંને બંધુઓનું મુખ અને આંખો એવી સ્મિતમય બની ગઈ કે જેથી સ્પષ્ટ રીતે જાણી શકાય કે તેઓ બંનેય ચંદ્રણખાની કપટકળાને પામી ગયા છે.

આ પછી હાસ્યપૂર્વક શ્રી રામચંદ્રજીએ ચન્દ્રણખાને એમ કહ્યું કે, *સભાર્યોઽહમભાર્યં ભજ લક્ષ્મણમ્ ।* અર્થાત્ હું તો સ્ત્રીથી સહિત છું. માટે સ્ત્રી રહિત એવા લક્ષ્મણની પાસે તું જા ને તેને ભજ !'

જો ચન્દ્રણખાને અત્યારે થોડી પણ વિવેકબુદ્ધિ હોત, તો તે જરૂર સમજી જાત કે મારી કપટકળાને આ બંને ભાઈઓ સમજી ગયા છે અને શ્રી રામચંદ્રજીએ પરોક્ષ રીતે પણ એ જ વસ્તુનું આ ઉત્તરમાં સૂચન કર્યું છે. પરંતુ વિષયાધીન આત્માઓને એવું વિચારવાની શક્તિ જ તે સમયે ગુમ થઈ જાય છે. વિષયની વિવશતાના યોગે જેમ તેઓ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલે છે. તેમ તે વખતે તેમને પોતાના સત્કાર-તિરસ્કારનું પણ ભાન રહેતું નથી. ભલભલા ઘમંડી અને સત્કાર મળ્યા વિના ડગલું પણ નહિ ભરનારા આત્માઓ, જ્યારે તીવ્રપણે વિષયને આધીન બની જાય છે ત્યારે બીજાઓની પાસેથી સલામ ભરાવનારા પોતે સલામ ભરે છે અને બીજાનો તિરસ્કાર કરનારા તે તુચ્છ પણ આત્માઓ તિરસ્કાર વેઠે છે. તે વખતે આત્માને પોતાના કુળનો, પોતાની જાતનો કે પોતાના દરજ્જાનો કશો ખ્યાલ રહેતો નથી. પણ દૃષ્ટિ જ માત્ર વિષય તરફ રહે છે.

ચન્દ્રણખા પણ શ્રી રામચંદ્રજીના આવા ઉત્તરનો મર્મ સમજી શકતી નથી. અને તેથી શ્રી રામચંદ્રજીના કહેવા મુજબ તે શ્રી લક્ષ્મણજીની પાસે આવીને પરણવાની પ્રાર્થના કરે છે. ચન્દ્રણખાની એ પ્રાર્થનાના ઉત્તરમાં શ્રી લક્ષ્મણજી કહે છે કે, 'તું પહેલાં મારા પૂજ્ય વડીલ બંધુની પાસે ગઈ, એથી તું પણ મારે માટે પૂજ્ય જ થઈ, એટલે બીજી વાતોથી સર્યું !'

**એ અધમતાની અવધિ છે.**



શ્રી લક્ષ્મણજીએ શું કહ્યું ? આવો ઉત્તર પણ કોને સૂઝે ? શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજીની પાસે કઈ રીતે રહેતા હતા ? પોતાના વડીલ બંધુ અને ભાભીની સાથે કઈ રીતે વર્તતા હતા ? એ વસ્તુ પૂર્વના પ્રસંગો જેમણે સાંભળ્યા છે, સાંભળીને યાદ રાખ્યા છે અને યાદ રાખીને વિચાર્યા છે, તેઓ સારી રીતે જાણે છે પોતાના વડીલબંધુની પાસે પહેલાં ગઈ, એટલા માત્રથી જ પોતાને માટે તે પૂજ્ય બની ગઈ, એમ શ્રી લક્ષ્મણજી કઈ વૃત્તિથી માની શક્યા હશે? આજે નાના ભાઈ અને મોટા ભાઈ વચ્ચે કેવો સંબંધ રહે છે ? એકબીજાની કેટલી આમન્યા જળવાય છે ? જ્યાં વિષયવૃત્તિ વધી જાય છે ત્યાં ધીરે ધીરે વિવેકશક્તિ નષ્ટ થતી જાય છે. બ્રહ્મચર્યનું પાલન મન, વચન અને કાયાથી કરાવું જોઈએ. એને બદલે આજે મન તો પ્રાયઃ ભટકતું રહે, વચનની મર્યાદા નહિ અને કાયા તો સંયોગો ન મળે ત્યાં સુધી, એવી દશા મોટેભાગે પ્રવર્તે છે.

આજના વિધવા વિવાહ અને સ્ત્રીસ્વાતંત્ર્યના પ્રશ્નોની જડ મુખ્યત્વે વિષયવાસના જ છે. પુરુષો આમ કરે છે ને તેમ કરે છે, એવું બોલાય અને લખાય છે. પરંતુ એનો હેતુ તો એટલો જ છે ને કે પુરુષોમાં રહેલી એવી દુર્દશા સ્ત્રીઓમાં પણ લાવવી ? જો એમ ન હોય તો એ વસ્તુને આગળ ધરીને શા માટે સ્ત્રીઓની છૂટની વાતો કરાય છે ? જો અનાચાર ન ગમતો હોત, જો સ્વચ્છંદતા ન ગમતી હોત, જો સદાચાર ગમતો હોત અને જો જગતમાંથી દુરાચાર દૂર થઈ સદાચાર વધે એવી નેમ હોત, તો તો પુરુષોની ભૂલો હોય તે સુધારવાની વાત થાત. પરંતુ પુરુષોની જેમ સ્ત્રીઓમાં પણ સડો ઘાલવાની વાત ન થાત. એમ કહેવાય છે કે, 'પુરુષો અનેક પત્ની કરી શકે તો સ્ત્રીઓ શા માટે નહિ ?' પુરુષો એક સ્ત્રી મર્યા બાદ ફરી પરણી શકે તો સ્ત્રીઓ શા માટે નહિ ?' જો કે એમાં અનેક કારણો છે. છતાં પ્રયત્ન એ માટે નથી કેમ થતો કે પુરુષો એકથી વધુ પત્ની કરી શકે નહિ અને એક સ્ત્રી મર્યા બાદ પુરુષો ફરી પરણી શકે નહિં. પણ આવો પ્રયત્ન કરવો નહિ અને સ્ત્રીઓને શીલવ્રતથી ભ્રષ્ટ કરનારી વાતોનો પ્રચાર કરવો એ સુધારો તો નથી જ પણ અધમતાની અવધિ છે.

આજના કેટલાક ચર્ચાત્મક બનેલા સામાજિક પ્રશ્નો એવા હોય છે કે જે વિષયવૃત્તિમાંથી જન્મ્યા છે. જો સદાચારનો પ્રેમ હોય તો જ્યાં અનાચાર ચાલતો હોય ત્યાંથી અનાચારને દૂર કરવાને માટે પ્રયત્ન કરવાનો હોય કે જ્યાંથી અનાચાર દૂર રહ્યો હોય ત્યાં અનાચાર ઘૂસાડવાને માટે પ્રયત્ન કરવાનો હોય ? આજના કેટલાકો તો બીજાના અનાચારને આગળ ધરીને પોતાના અનાચારનો બચાવ કરતા થઈ ગયા છે અને તેથી તેઓ અનાચારથી પાછા હઠવાને બદલે દિન-પ્રતિદિન અનાચારના પૂરમાં વધુ અને વધુ ઘસડાતા જાય છે. પૂર્વકાળમાં એ દશા નહિ હતી. વિષયવૃત્તિની એટલી બધી આધીનતા નહિ હોવાને કારણે જ પૂર્વકાળમાં મર્યાદાઓનું સારી રીતે પાલન થતું હતું.

## ચન્દ્રણખાનો રોષ અને યુદ્ધની ભૂમિકા

આતો પ્રાસંગિક વાત થઈ આપણે એ જોયું કે ચન્દ્રણખાએ ઘણીએ કપટકળા બતાવી, પરંતુ એ અહીં ફાવી શકી નહીં. શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, 'હું તો સ્ત્રીથી સહિત છું, માટે સ્ત્રીથી રહિત એવા શ્રી લક્ષ્મણજીને ભજ.' અને શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, 'પહેલાં તું મારા પૂજ્ય વડીલબંધુની પાસે ગઈ એટલે મારે માટે તું પણ પૂજ્ય છે, માટે હવે બીજી વાત કરીશ નહીં. આ પ્રમાણે પોતાની યાચનાનું ખંડન થવાથી પોતાની વિષયક્રીડા કરવાની યાચનાનો અસ્વીકાર થવાથી અને પોતાના પુત્રનો વધ થવાથી ચન્દ્રણખા અધિક રોષવાળી બની. જો તેની યાચનાનો સ્વીકાર થયો હોત, તો તો તે પોતાના પુત્રના વધને ખમી ખાવાને તૈયાર હતી, પણ પોતાની યાચનાનું ખંડન થયું તેથી અને પુત્રના વધની લાગણી પણ તાજી થઈ એથી ચન્દ્રણખા અધિક રોષવાળી બની. જેમને અત્યાર સુધી તે પ્રાર્થના કરતી હતી. જેમનું મન મનાવવાને માટે જેણે નાગકન્યાના જેવું કન્યારૂપ ધારણ કર્યું હતું અને તદ્દન બનાવટી હકીકત નમ્રપણે જેમને જણાવી હતી, તેમને હવે શિક્ષા કરાવવાની બુદ્ધિ ચન્દ્રણખાના અંતરમાં ઉપસ્થિત થઈ.

પણ અહીં તો તે એકલી કાંઈ કરી શકે તેમ હતું જ નહિ. આથી પોતાની યાચનાના ખંડનથી અને પુત્રના વધથી અધિક રોષે

ભરાયેલી ચન્દ્રણખા પાતાલ લંકામાં પાછી ગઈ, અને ત્યાં જઈને શંબૂકના પિતા એટલે કે પોતાના પતિ ખર વિદ્યાધર વગેરેને આવીને તેણે શ્રી લક્ષ્મણજીએ કરેલા શંબૂકના વધની હકીકત કહી.

આ પછી શું થયું ? તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*વિદ્યાધરસહસ્ત્રૈસ્તૈ, ચતુર્દશભિરાવૃતા; ।*
*તતોઽભ્યેયુરુપદ્રોતું, રામં શૈલમિવ દ્વિપાઃ ॥*

"ચન્દ્રણખાએ પાતાલ લંકામાં જઈને ખર વિદ્યાધર આદિને શ્રી લક્ષ્મણજીએ કરેલા શંબૂકના વધની હકીક્ત જણાવી. આથી જેમ પર્વતને ઉપદ્રવ કરવાને માટે હસ્તિઓ આવે, તેમ શ્રી રામચંદ્રજીને ઉપદ્રવ કરવાને માટે તેઓ ચૌદ હજાર વિદ્યાધરોની સાથે જ્યાં શ્રી રામચંદ્રજી આદિ હતા ત્યાં આવ્યા."

જ્યારે આ રીતે ખર આદિ ચૌદ હજાર વિદ્યાધરોની સાથે આવી પહોંચ્યા ત્યારે શ્રી લક્ષ્મણજી વિચાર કરે છે કે મારા અહીં હોવા છતાં પણ શું શ્રી રામચંદ્રજી સ્વયં યુદ્ધ કરશે ? એમ વિચારીને શ્રી લક્ષ્મણજીએ શ્રી રામચંદ્રજીની પાસે ખર આદિની સાથે પોતે જ યુદ્ધ કરવાની યાચના કરી. જોયું, આમાંથી ડગલે ને પગલે ઉત્તમકુળની અને ઉત્તમ આત્માઓની મર્યાદા જાણવા મળે છે. આવા પ્રસંગે પણ શ્રી લક્ષ્મણજીને એમ થાય છે કે હું અહીં હોવા છતાં પણ પૂજ્ય શ્રી રામચંદ્રજી યુદ્ધ કરશે ? આવો વિચાર વડીલબંધુ તરફ કેટલો સદ્ભાવ હોય ત્યારે આવે ? વડીલને નાનાભાઈ તરફ પૂરતી લાગણી હોય અને નાના ભાઈને વડીલ ભાઈ તરફ પૂરતો પૂજ્યભાવ હોય, ત્યાં બે નાના-મોટા ભાઈઓની વચ્ચે પિતા-પુત્રના જેવા સંબંધ ટકે છે. અને જ્યાં એ વસ્તુ નથી હોતી ત્યાં એક બીજાને દુશ્મન બનતાં પણ વાર લાગતી નથી. બેમાંથી એક પણ જો પોતાની ફરજ ન ચૂકે તો છેવટે બંનેનું કલ્યાણ થાય, પણ જ્યાં મોટો નાનાના અને નાનો મોટાના દોષ શોધતો બને, ત્યાં પ્રાયઃ બંનેનું અકલ્યાણ થતા વાર લાગે નહિ.

### શ્રી જૈનશાસનને પામેલા સૌ સુખી જ થાય

સંસારમાં પણ જેઓએ સુખપૂર્વક જીવવું હોય તેઓએ શ્રી

જૈનશાસનની આ ઉત્તમ મર્યાદાઓનું પાલન કરવું પડે તેમ છે. શ્રી જૈનશાસનને પામેલો સંસાર તજી શકે નહિ અને તેને સંસારમાં રહેવું પણ પડે તો પણ એ સુખી જ થાય છે. પૂર્વના દુષ્કર્મનો ઉદય પણ એ શાંતિથી ભોગવી શકે છે. આજે કુળથી જૈન કહેવાતાઓમાંના કેટલાકના સંસારમાં જે રડારોળ ચાલી રહી છે. અને કેટલાકને ઘેર જે ધમાલો ચાલી રહી છે. તે જો તેઓ શ્રી જૈનશાસનને સમજે તો દૂર થયા વિના રહે નહિ. શ્રી જૈનશાસનને પામેલા પિતા અને પુત્ર, પતિ અને પત્ની, સાસુ અને વહુ, નણંદ અને ભોજાઈ, તેમજ ભાઈ-ભાઈ સંસારમાં પણ સુખપૂર્વક જીવી શકે છે. એ જ મર્યાદાના યોગે, શ્રી લક્ષ્મણજીના અંતરમાં આવા વિચારોનો પ્રાદુર્ભાવ થાય છે.

શ્રી લક્ષ્મણજીએ યુદ્ધ માટે પોતે જ જવાની શ્રી રામચંદ્રજીની પાસે યાચના કરી, એના ઉત્તરમાં શ્રી રામચંદ્રજી કહે છે કે, હે વત્સ ! યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાને માટે તું જા ! પણ તારા ઉપર જો કોઈ પણ પ્રકારનું સંકટ આવે, તો મને બોલાવવાને માટે તું સિંહનાદ કરજે !' આ પછી શ્રી લક્ષ્મણજીએ શ્રી રામચંદ્રજીની આજ્ઞા ઉચ્ચ સ્વરે સ્વીકારી લીધી. અર્થાત્ એ પ્રમાણે આજ્ઞા પામીને તેઓ યુદ્ધ કરવાને માટે ગયા.

### ચંદ્રણખા રાવણને ઉશ્કેરે છે

આપણે જોયું કે શ્રી રામચંદ્રજીની આજ્ઞાનો સ્વીકાર કરીને શ્રી લક્ષ્મણજી એક માત્ર ધનુષ્યને જ સાથે લઈને, ખર આદિ વિદ્યાધરોની સાથે યુદ્ધ કરવાને ગયા અને ગરુડ જેમ સર્પોનો સંહાર કરે છે. તે રીતે તેઓને હણવામાં પ્રવર્ત્યા. તેઓના વધતા જતા યુદ્ધને જોઈને, પોતાના પતિની સેનાના પૃષ્ઠભાગમાં સેનાની વૃદ્ધિ કરવાને માટે, શ્રી રાવણની બહેન ચંદ્રણખા શ્રી રાવણની પાસે ગઈ.

શ્રી રાવણની પાસે જઈને ચંદ્રણખા પોતાના ભાઈને શું કહે છે, તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, ફરમાવે છે કે,

*आयातौ दंडकारण्ये, मनुष्यौ रामलक्ष्मणौ ।*
*अनात्मनौ निन्यतुस्ते, जामेयं यमगोचरम् ।।१।।*

श्रुत्वा स्वसृपतिस्ते तु, सानुजः सबलो ययौ ।
तत्र सौमित्रिणा सार्धं, युध्यमानोऽस्ति संप्रति ॥२॥
कनिष्ठभ्रातृवीर्येण, स्ववीर्येण च गर्वितः ।
परतोऽस्ति स्थितो रामो, विलसन् सीतया सह ॥३॥
सीता च रुपलावण्यश्रिया सीमेव योषिताम् ।
न देवी नोरगी नापि, मानुष्यन्यैव कोपि सा ॥४॥
तस्या दासीकृताशेष - सुरासुरवधूजनम् ।
त्रैलोक्येऽप्यप्रतिच्छंदं, रुपं वाचामगोचरम् ॥५॥
आसमुद्रसमुद्राज्ञ ! यानि कान्यपि भूतले ।
तवैवार्हन्ति रत्नानि, तानि सर्वाणि बांधव ! ॥६॥
दृशामिनिमिषीकार - कारणंरुपसंपदा ।
स्त्रीरत्नमेतद् गृहणीया, न चेत्त्वमसि रावणः ॥७॥

ચન્દ્રણખા શ્રી રાવણની પાસે જઈને કહે છે કે 'હે ભાઈ ! કોઈ રામ અને લક્ષ્મણ નામના બે અજાણ્યા મનુષ્યો દંડકારણ્યમાં આવ્યા છે અને તેઓએ તારા ભાણેજ શંબૂકને યમદ્વારમાં પહોંચાડી દીધો છે. એ સમાચાર સાંભળીને પોતાના નાના ભાઈ અને સૈન્યની સાથે તારા બનેવી ત્યાં ગયા છે અને હાલ શ્રી લક્ષ્મણની સાથે યુદ્ધ કરી રહ્યાં છે. પોતાના નાના ભાઈ શ્રી લક્ષ્મણના અને પોતાના બળથી ગર્વિષ્ઠ બનેલા શ્રી રામ, શ્રીમતી સીતાની સાથે વિલાસ કરતો યુદ્ધસ્થાનથી દૂર-બીજે બેઠો છે. શ્રીમતી સીતા, રૂપ અને લાવણ્યની શોભાથી સ્ત્રીઓની સીમા રૂપ જ છે. તેના જેવી, નથી તો કોઈ દેવી, નથી તો કોઈ નાગકન્યા, કે નથી તો કોઈ માનુષી સ્ત્રી ! તે તો કોઈક જુદી જ છે ! સર્વ સુર અને અસુરની સ્ત્રીઓની દાસી બનાવનારું તેનું રૂપ ત્રણ લોકમાં અનુપમ છે. અને તે રૂપ ખરેખર વાણીથી વર્ણવી શકાય તેમ નથી. આ સમુદ્રથી બીજા સમુદ્ર પર્યંત આજ્ઞા છે. જેની, એવા હે બાંધવ ! ભૂતલ ઉપર જે જે કોઈ રત્નો છે, તે સર્વ રત્નો તારે માટે જ છે. માટે રૂપસંપત્તિ વડે દૃષ્ટિઓને અનિમેષ બનાવવાના કારણરૂપ આ સ્ત્રી રત્નને, તું ગ્રહણ કર જો તું તેને ગ્રહણ નહીં કરે તો મારે કહેવું જોઈએ કે તું રાવણ જ નથી !' આ પ્રમાણે ચન્દ્રણખાએ રાવણની વિષય અને કષાયની વૃત્તિઓને ઉત્તેજિત કરી."

ચન્દ્રણખા શ્રી રાવણની બહેન થાય છે. એક બહેન ભાઈની સાથે કઈ વાત કરી શકે એનો તો અત્યારે ચન્દ્રણખાએ

જાણે કે ખ્યાલ જ તજી દીધો છે, કારણકે ચન્દ્રણખાનું પોતાનું જ અંતર અત્યારે વિષય અને કષાયની ભયંકર વાસનાઓથી એવું ભયંકર બની ગયું છે કે તેના કારણે એ વિવેકનું ભાન ભૂલી છે. પોતાના પતિની પાસે અને પોતાના ભાઈની પાસે એ માત્ર શંબૂકના વધની જ હકીકત આગળ ધરે છે, કારણકે એનાથી પોતાની વિષયયાચનાના ખંડનની વાત કહી શકાય એમ નથી. ખરેખર, વિષયના પાશમાં સપડાએલા આત્માઓની હૃદયથી દશા જ કોઈ વિચિત્ર હોય છે. અન્યથા, એક બહેન પોતાના ભાઈની સાથે આવા પ્રકારની વાત કરી જ કેમ શકે ? પરંતુ ચન્દ્રણખા કેટલી અધમ મનોદશાવાળી છે, તે અગાઉના દંડકારણ્યમાં બનેલા પ્રસંગમાં આપણે વિચારી ગયા છીએ.

પહેલાં તો ચન્દ્રણખાએ શ્રી રાવણને કહ્યું કે, 'કોઈ શ્રી રામ અને શ્રી લક્ષ્મણ નામના બે અજાણ્યા મનુષ્યો દંડકારણ્યમાં આવ્યા છે. અને તેઓએ તારા ભાણેજ  શંબૂકને યમદ્વારમાં પહોંચાડી દીધો છે. પરંતુ આટલી જ વાત કરીને તે થોભતી નથી તેને કદાચ લાગ્યું હશે કે આટલા માત્રથી મારા ભાઈ શ્રી રાવણને અસર નહિ થાય. આથી તે બીજી વાત કરે છે. શ્રી રાવણ પોતાના બળ માટે ખૂબ ગર્વ ધરાવનારા હતા. એ તો શ્રી રાવણની દિગ્વિજય વગેરેની હકીકતો ઉપરથી જણાઈ આવે છે. એટલે જ ચન્દ્રણખા શ્રી રાવણને એમ કહે છે કે, 'તારા બનેવીની સાથે શ્રી લક્ષ્મણ યુદ્ધ કરી રહ્યાં છે. અને શ્રી રામ તો પોતાના નાના ભાઈના બળથી ગર્વિષ્ઠ બનીને યુદ્ધસ્થાનથી બીજે શ્રીમતી સીતાની સાથે વિલાસ કરતા બેઠા છે.' આવાં વચનોથી બળવાન હોવા સાથે બળનો ગર્વ ધરાવનારા આત્માઓ સહેજે ઉશ્કેરાય તે તદ્દન સ્વાભાવિક છે.

શ્રી રાવણને એમ થઈ જાય કે એ બે જણ એવા તે કેવા બળવાન હશે કે ચૌદ ચૌદ હજાર વિદ્યાધરોના લશ્કરની સાથે એક ભાઈ લડે અને બીજો ભાઈ દૂર બેઠો મોજ કરે ! તેમજ એવા ગર્વધારીઓને એમ પણ થાય કે એવાનો ગર્વ ઉતારવો જોઈએ ! ચન્દ્રણખા આ રીતે રાવણની માત્ર કષાયવૃત્તિને જ ઉશ્કેરીને સંતોષાતી નથી !  આના પછી તે એક ભયંકર યુક્તિ અજમાવે છે વિવેકશીલા બહેન તરીકે જે શબ્દો ન ઉચ્ચારી શકાય, અરે ! એવા

શબ્દો બીજું કોઈ કહેતું હોય તો પણ લજ્જાવતી બહેન ત્યાંથી ખસી જાય એવા શબ્દો ચન્દ્રણખા શ્રી રાવણને કહે છે. મહાસતી સીતાજી તરફ રાવણ દુષ્ટબુદ્ધિથી આકર્ષાય અને તે જો શ્રીમતી સીતાજીને ઉપાડી લાવે તો પોતાની યાચનાના કરેલા ખંડનનો બદલો વાળી શકાય, પોતાની વૈર વાળવાની ઈચ્છા તૃપ્ત થાય. એ જ ઈરાદાથી કદાચ ચન્દ્રણખા શ્રી રાવણને કહે છે કે, 'સીતા રૂપ અને લાવણ્યની શોભાથી સ્ત્રીઓની સીમારૂપ છે, કોઈ દેવી, નાગકન્યા કે માનુષી સ્ત્રી તેના જેવી નથી. તે તો સર્વથી જુદી જ છે. તેમજ તેનું રૂપ એવું અનુપમ અને વાણીથી અવર્ણનીય છે. કે સર્વ સુર અને અસુરની સ્ત્રીઓને દાસી બનાવે.' આ રીતે કષાયવૃત્તિ અને વિષયવૃત્તિને ઉશ્કેરવાનો પૂરતો પ્રયત્ન કર્યા બાદ, જાણે કે રખે શ્રી રાવણને એમ થાય કે 'બધું સાચું પણ એને લેવાનો આપણને હક્ક શો ?' એથી જ કદાચ એવો વિચાર પણ શ્રી રાવણને આવે નહિ અને આવ્યો હોય તો ટકે નહિ એ માટે ચન્દ્રણખા રાવણને એમ કહે કે, 'આ સમુદ્રથી બીજા સમુદ્ર પર્યંત આજ્ઞા કરી શકનાર હે બાંધવ ! ભૂતળ ઉપર જેટલાં રત્નો છે તે સર્વ રત્નો તારે માટે જ યોગ્ય છે.' માટે રૂપ સંપત્તિ વડે દૃષ્ટિઓને સ્થિર બનાવવાના કારણરૂપ આ સ્ત્રી રત્નને તું ગ્રહણ કર.' અને આટલું કહ્યા પછીથી પણ છેલ્લે જતાં શ્રી રાવણને ઉશ્કેરવાનો છેલ્લો પ્રયત્ન કરતાં ચન્દ્રણખા શ્રી રાવણને કહે છે કે 'જો તું એને (સીતાને) ગ્રહણ નહિ કરે તો તો તું રાવણ જ નથી.'

### શ્રી રામચંદ્રજીનું ઉગ્ર તેજ શ્રી રાવણને થંભાવી દે છે

ચન્દ્રણખાએ આ આખી હકીકત એવા શબ્દોમાં રજૂ કરી છે કે શ્રી રાવણ જેવા એ સાંભળીને ઉશ્કેરાઈ જાય, ત્યાં જવાને તૈયાર થઈ જાય અને શ્રીમતી સીતાજીને ઉપાડી લાવવાને તત્પર બની જાય એ અસ્વાભાવિક નથી. માત્ર વિચારવાનું તો એટલું જ છે કે એક આત્મા પડતીના માર્ગે પડ્યા પછી કેટલી અધમકક્ષાએ પહોંચી જાય છે ? આજે પણ એવા ઘણા જોવાય છે કે જેઓ પોતાની દુષ્ટ દાનતો બર નહિ આવવાથી સજ્જનોને પણ દુર્જન તરીકે ચીતરવાની ધૃષ્ટતા સેવે છે. જેમનું લૂણ એમની નસોમાં વહેતા રક્તમાં ભળેલું છે. તેમને અનેક પ્રકારે રંજાડે છે. કેવળ સ્વાર્થ સાધવામાં મશગુલ અને પેટભરા પત્રકારોના જીવનોમાં તમે જુઓ તો મોટેભાગે આ જ દશા જોવાય છે.

તેમનો સ્વાર્થ સરે નહિ, તેમને લાંચો મળે નહિ એટલે ખોટી હકીકતો જાહેર કરે, અછતા આક્ષેપો કરે, એવી રીતે દમદાટીથી પૈસા કઢાવવાને મથે, પણ એક માત્ર સત્યને જ વળગી રહેનારાઓને તેવા પાપાત્માઓની કશી દરકાર હોય જ શાની ?

ચન્દ્રણખાએ પણ અહીં એવો જ વેષ ભજવ્યો છે. શ્રી રામચંદ્રજીને તદ્દન ખોટી હકીકત જણાવી, વિષયવાસનાના યોગે પરણવાની પ્રાર્થના કરી, શ્રી લક્ષ્મણજીની પાસે પણ એવી યાચના કરી, પરંતુ એ યાચના ન સ્વીકારાઈ એથી એણે પોતાના પતિને યુદ્ધ કરવાને માટે મોકલ્યા અને અહીં શ્રી રાવણની પાસે આવીને વિષય કષાયની વૃત્તિઓને ઉશ્કેરવાનો પૂરતો પ્રયત્ન કર્યો, લજ્જા, મર્યાદા અને વિવેકનું ભાન ભૂલીને એણે રાવણની પાસે પરસ્ત્રીને પોતાની બનાવવાની હકીકત જણાવી.

શ્રી રાવણ ઉપર ચન્દ્રણખાના શબ્દોએ ધારી અસર ઉપજાવી. ચન્દ્રણખાનાં વચનોને સાંભળીને, તત્કાળ શ્રી રાવણ પુષ્પક નામના વિમાનમાં બેઠા અને તેણે આજ્ઞા કરી કે, 'હે વિમાનરાજ ! જ્યાં જાનકી છે ત્યાં તું ત્વરાથી જા !' પુષ્પક વિમાન ત્યાંથી જ્યાં શ્રીમતી સીતાદેવી હતા ત્યાં જવાને માટે ત્વરિત ગતિથી ઉપડ્યું. એ વિમાનની ત્વરિત ગતિને વિશેષણ આપતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે '*स्पर्धयेव दशग्रीवमनसः ।*' શ્રી રાવણના મનની સાથે જાણે કે તે વિમાન સ્પર્ધા કરતું હતું. અર્થાત્, શ્રીમતી સીતાજીને જોવા માટે ઉત્કંઠિત થયેલું શ્રી રાવણનું મન જેટલા વેગથી જવાને તલસતું હતું એથી પણ અધિક વેગપૂર્વક એ વિમાન શ્રી રાવણને શ્રીમતી સીતાજી પાસે લઈ જઈ રહ્યું હતું.

# મહાસતી સીતાદેવીનું અપહરણ

## ૮

મનના વેગની સ્પર્ધા કરતું શ્રી રાવણનું પુષ્પક વિમાન દંડકારણ્યમાં પહોંચ્યું, પણ ઉગ્ર તેજવાળા શ્રી રામચન્દ્રજીને જોઈને રાવણ અપહરણ કરવા અસમર્થ બન્યાં, અવલોકની નામની વિદ્યાદેવીની સહાયથી કપટપૂર્વક સિંહનાદ કરાવીને પૂર્વસંકેત મુજબ શ્રીલક્ષ્મણજીની સહાય માટે શ્રી રામચન્દ્રજીને શ્રીમતી સીતાદેવી જ મોકલે છે.

આ પ્રસંગે આ મહાનુભાવોનું ઔચિત્ય અને આજની સ્વાર્થવૃત્તિ ઉપર પ્રવચનકારશ્રીએ વેધક પ્રકાશ પાડ્યો છે. સીતાદેવીને એકલા જોઈને રાવણ તેઓનું અપહરણ કરવામાં સફળ થયો, જટાયુપક્ષી-રત્નજટી વિદ્યાધર આદિનો પ્રતિકાર, રાવણની કામવશ કાકલૂદી, શ્રીમતી સીતાદેવીની અડગતા અને આક્રોશ આ પ્રકરણના મર્મરુપ છે. છેવટે લંકા પહોંચીને દેવરમણ ઉદ્યાનમાં સીતાદેવીને મૂકીને રાવણની ખુશાલી, બીજી બાજુ લક્ષ્મણજીની સહાય માટે પહોંચેલા શ્રી રામચન્દ્રજીને દગાનો ખ્યાલ આવતાં અને પાછા ફરીને સીતાજીને ન જોતાં શ્રી રામચન્દ્રજીનો કારમો આઘાત આ પ્રકરણમાં વર્ણવાયો છે.

-શ્રી

## મહાસતી સીતાદેવીનું અપહરણ


★ અવલોકની વિદ્યાદેવીએ શ્રી રાવણને શું કહ્યું ?
★ જૈનોના આચારોનો અને વિચારોનો જોટો મળે નહિ
★ શ્રીમતી સીતાદેવીનું અપહરણ કરી રાવણ આકાશમાર્ગે
★ રત્નજટી ખેચર સહાયે આવે છે
★ કામને આધીન રાવણ ભાન ભૂલે છે
★ કામવાસના ઉપર વિજય મેળવવાનો માર્ગ
★ આજની લાયબ્રેરીઓ શું જ્ઞાનની પરબો છે ?
★ શીલ એ જ સર્વસ્વ માનવું જોઈએ
★ પ્રશસ્ત કષાય તો હોવા જ જોઈએ
★ શ્રીમતી સીતાદેવી દેવરમણ ઉદ્યાનમાં
★ શ્રીમતી સીતા પ્રવૃત્તિ આનયન
★ ધર્મકથાઓને સાંભળવાનો હેતુ કયો હોય ?
★ લક્ષ્મણજીને છળનો ખ્યાલ આવ્યો
★ શ્રી રામચંદ્રજીને મૂર્ચ્છા આવી
★ શ્રી નવકાર મંત્ર દેતા એ યાદ આવે છે ?
★ યુદ્ધમાં શ્રી લક્ષ્મણજી એકલા જ પ્રવર્તે છે
★ ખરનો ક્રોધ શ્રી લક્ષ્મણજીનો એને જવાબ
★ ખર અને દૂષણનો શિરચ્છેદ
★ વિરહશલ્યમાં પીડાતા શ્રી રામચંદ્રજી

## ૯

## મહાસતી સીતાદેવીનું અપહરણ

આ રીતે શ્રી રાવણ પુષ્પક વિમાનમાં બેસીને ત્વરાથી દંડકારણ્યમાં જ્યાં શ્રીમતી સીતાજી હતા ત્યાં આવી પહોંચ્યા. પરંતુ શ્રી રામચંદ્રજીની પાસે રહેલાં શ્રીમતી સીતાજીને ઉપાડી જવાં, એ કાંઈ રમત વાત તો થોડી જ હતી ? કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, તે પ્રસંગે શ્રી રાવણની જે દશા થઈ તેનું વર્ણન કરતાં ફરમાવે છે કે

*'दृष्टवाऽपिरामाद्दत्युग्रतेजसो दशकन्धरः ।*
*बिभाय दूरे तस्थौ च, व्याघ्रो हुतवहादिव ।।१।।*

શ્રીમતી સીતાજીની પાસે રહેલા ઉગ્ર તેજવાળા શ્રી રામચંદ્રજીને જોતાંની સાથે જ, શ્રી રાવણ ભય પામીને, અગ્નિથી જેમ વાઘ ભય પામીને દૂર ભાગે, તેમ દૂર જઈને ઉભા રહ્યા. અર્થાત્, આવતી વખતે શ્રી રાવણનો જેટલો મનોવેગ હતો તેટલો ઠંડો પડી ગયો. કારણકે શ્રી રામચંદ્રજીના ઉગ્ર તેજને જોતાં જ તેઓને દૂર જઈને થંભી જવું પડ્યું.

હવે શ્રી રાવણ વિચાર કરે છે કે જ્યાં સુધી આવા ઉગ્ર તેજવાળા શ્રી રામચંદ્રજી સીતાજીની પાસે હોય, ત્યાં સુધી શ્રીમતી સીતાજીનું હરણ થઈ શકે નહિ અને હરણ કરવું છે એ ચોક્કસ એટલે સ્થિતિ તો જાણે એવી થઈ પડી છે કે એક તરફ વાઘ અને બીજી તરફ નદી ! વાઘ ફાડી ખાય અને નદી ડૂબાવી દે તેમ શ્રી રામચંદ્રજી પાસે હોય અને શ્રીમતી સીતાજીનું શ્રી રાવણ હરણ કરવા જાય તો તેમના ઉગ્ર તેજની પાસે તે ટકી શકે એમ નથી, અને

જો હરણ કર્યા વિના પાછા જ જાય તો મન માને નહિ અને પોતાની ઈજ્જત ઘટે ! એટલે હવે તો દશા એવી થઈ કે જાણે એક તરફ જાય તો વાઘ ખાઈ જાય અને બીજી તરફ જાય તો નદી ડૂબાવી દે ! આથી વિચારે છે કે હવે કરવું શું ?

આ પ્રમાણે વિચાર કરતાં શ્રી રાવણે પોતે પૂર્વે સિદ્ધ કરેલી અવલોકની નામની વિદ્યા સ્મરી. આથી તરત જ તે વિદ્યાદેવી, દાસીની જેમ અંજલિ જોડીને ત્યાં શ્રી રાવણની સમક્ષ આવી. એટલે રાવણે તે અવલોકની નામની વિદ્યાદેવીને આજ્ઞા કરી કે, 'શ્રીમતી સીતાનું હરણ કરવામાં તું મને સહાયતા કર !' પરંતુ દેવીમાંય એટલી શક્તિ તો જોઈએ ને ? ઉગ્ર પુણ્યશાળીના ઉગ્ર તેજ પાસે દેવ-દેવીઓની શક્તિ પણ અકિંચિત્કર બની જાય છે. સામો ગમે તેટલો બળવાન હોય તો પણ ઉગ્ર પુણ્યનું ઉગ્ર તેજ સામાની શક્તિ હરી લે છે. ઉગ્ર પુણ્યશાળીનો ઉગ્ર તેજનો પ્રભાવ જેવો તેવો હોતો નથી.

### અવલોકની વિદ્યાએ શ્રી રાવણને શું કહ્યું ?

અવલોકની નામની વિદ્યાદેવીને શ્રી રાવણે જ્યારે એમ કહ્યું કે, 'સીતાનું હરણ કરવાના કાર્યમાં તું મને સહાયતા કર !' ત્યારે તેના ઉત્તરમાં અવલોકની વિદ્યાદેવીએ જે કહ્યું તેનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*“सावोचद्वासुकेर्मौलि - रत्नमादीयते सुखम् ।*
*न तु रामसमीपस्था, सीता देवासुरैरपि ॥*

અવલોકની વિદ્યાદેવી શ્રી રાવણને કહે છે કે, 'વાસુકિ નાગના મસ્તક ઉપર રહેલું રત્ન લેવું એ સહેલું છે. પણ દેવ અને દાનવોને માટે પણ શ્રી રામચંદ્રજીની પાસે રહેલ શ્રીમતી સીતાજીને ગ્રહણ કરવાં એ સહેલું નથી.' અર્થાત્ તે અવલોકની વિદ્યાદેવી સ્પષ્ટ ભાષામાં કહે છે કે, 'શ્રી રામચંદ્રજીની પાસે રહેલ શ્રીમતી સીતાજીને ગ્રહણ કરવાને માત્ર હું જ અસમર્થ છું એમ નહિ, પરંતુ કોઈ દેવ કે દાનવ, શ્રી રામચંદ્રજીની પાસે રહેલ શ્રીમતી સીતાજીને ગ્રહણ કરી શકે તેમ નથી.'

પરંતુ આટલું કહ્યા પછીથી અવલોકની નામની વિદ્યાદેવી કહે છે કે એક ઉપાય છે કે જેના યોગે શ્રી રામચંદ્રજી  શ્રી લક્ષ્મણજીની પાસે જાય તે ઉપાય એ છે કે જ્યારે શ્રી લક્ષ્મણજી યુદ્ધ કરવાને ગયા, ત્યારે તે બંને વચ્ચે સિંહનાદનો સંકેત થયો હતો. જો એ મુજબ સિંહનાદ કરવામાં આવે, તો શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજીની પાસે જાય અને પછીથી શ્રીમતી સીતાજીનું હરણ થઈ શકે, જ્યારે અવલોકની દેવીએ આ ઉપાય બતાવ્યો, એટલે શ્રીમતી સીતાદેવીના અર્થી બનેલા શ્રી રાવણે કહ્યું કે, 'એમ કર !' શ્રી રાવણે આ પ્રમાણે આજ્ઞા કરવાથી, અવલોકની દેવીએ ત્યાંથી દૂર જઈને, સાક્ષાત્ શ્રી લક્ષ્મણજીના જેવો જ સિંહનાદ કર્યો.

સાક્ષાત્ શ્રી લક્ષ્મણજીએ જ જાણે કર્યો હોય એવા સિંહનાદને સાંભળીને શ્રી રામચંદ્રજી સંભ્રમ પામ્યા અને વિચારવા લાગ્યા કે 'હસ્તિમલ્લ સમા મારા નાના ભાઈ જેવો જગત્‌માં બીજો કોઈ પ્રતિમલ્લ નથી, જગતમાં એવો કોઈ પુરુષ હું જોતો નથી. કે જે મારા નાના ભાઈ શ્રી લક્ષ્મણજીને સંકટમાં પાડી શકે. છતાં તેના સંકટના સંકેતરૂપ સિંહનાદ અહીં સંભળાય છે.'

આ પ્રમાણે તર્ક-વિતર્ક કરતા શ્રી રામચંદ્રજી જ્યારે વ્યગ્ર બન્યા છે, ત્યારે શ્રી લક્ષ્મણજી તરફના વાત્સલ્યથી પ્રેરાઈને સીતાજી કહે છે કે, 'હે આર્યપુત્ર ! વત્સ શ્રી લક્ષ્મણ સંકટમાં આવી પડેલ હોવા છતાં આપ ત્યાં જવામાં કેમ વિલંબ કરો છો ? માટે વિલંબ ન કરો, જલ્દી જાવ, અને શ્રી લક્ષ્મણજીનું રક્ષણ કરો.'

આ શબ્દો કોણ કહે છે ? શ્રીમતી સીતાજી ! શ્રીમતી સીતાજી શ્રી લક્ષ્મણનાં શું થાય ? ભાભી ? ભાભી એટલે ? પરાયા ઘેરથી આવેલું માણસ ! કઈ સ્થિતિમાં આ કહેવાય છે ? ભયંકર દંડકારણ્યમાં શ્રીમતી સીતાજીની જગ્યાએ આજની કોઈ  ભાભી હોત તો અત્યારે શું કહેત ? શ્રીમતી સીતાજી પોતાનો તો વિચાર જ કરતાં નથી અને કહે છે કે, 'વત્સ શ્રી લક્ષ્મણ સંકટમાં આવી પડ્યાં છે, છતાં

ત્યાં જવામાં આપ વિલંબ કેમ કરો છો ? જલ્દી જાવ અને એમનું રક્ષણ કરો.' આ શબ્દો દિયર તરફના વાત્સલ્યભાવથી કહેવાયા છે. આજના કેટલાંક કુટુંબોમાં તો એ દશા છે કે ભાભીના પગલાં ઘરમાં થાય છે. એટલે નાના કે મોટા ભાઈનાં પગલાં ટળવાં માંડે ! આજે ભાભી એટલે પરાયા ઘરનું માણસ, આવી વિચારદશા શાથી ઉત્પન્ન થઈ ? દિયર અને ભોજાઈને માતા અને પુત્ર જેવા વાત્સલ્યભર્યા સંબંધ કાં ન હોય ? આજે તો ભાભીને દિયરને કોઈ વસ્તુ આપવી ન હોય એ માટે ઘરમાં વસ્તુઓ સંતાડાય છે ! તમારા સંસારની વાત ક્યાં થાય એવી છે ? મોટે ભાગે દિયર અને ભાભી, બંને એવી રીતે વર્તે છે કે કદી દિયરના હૈયામાં સદ્‌ભાવ અને ભાભીના હૈયામાં વાત્સલ્યભાવ પ્રગટે નહિ.

**જૈનોના આચારોનો અને વિચારોનો જોટો મળે નહિ**

આવી સ્થિતિ આવવાના કારણ વિષે તમે કદિ વિચાર્યું છે ? જૈનકુળમાં જન્મેલાં સ્ત્રી-પુરુષોની આવી હીન દશા હોય, તે ઓછા દુ:ખનો વિષય છે ? જૈનકુળના સંસ્કાર બરાબર જીવતા ને જાગતા હોય, તો આવી સ્થિતિ આવે ખરી ? શ્રી જિનેશ્વર દેવના ઉપાસક, નિર્ગ્રંથ ગુરુઓના સેવક અને અનંત જ્ઞાનીએ ઉપદેશેલા ધર્મના પાલક જૈનો તો સંસારમાં પણ એવી રીતે જીવનારા હોવા જોઈએ કે જેના જીવનની રહેણી-કરણી જોઈને ઇતરોને પણ એમ થઈ જાય કે જૈનો એટલે તો જૈનો જ, એના આચારો અને વિચારોને કોઈથી પહોંચી શકાય નહિ, બીજે એનો જોટો મળે નહિ !

આજે તમારા સંસાર ઉપરથી, આજે તમારા જીવન ઉપરથી, આજે તમારા આચાર અને વિચાર ઉપરથી, જો કોઈ, જૈન ધર્મના દેવ, ગુરુઅને ધર્મનું માપ કાઢે, તો તમને એમ લાગે છે ખરું કે કોઈ એમ કહી શકે કે જૈનોના દેવ તો શ્રી વીતરાગ પરમાત્મા છે ? જૈનોના ગુરુનિર્ગ્રંથ મહાત્માઓ છે ? જૈનોનો ધર્મ સંસારથી મુક્ત કરી મોક્ષે પહોંચાડનારો છે ? જો ના, તો સમજવું જોઈએ કે સંસાર-રસિક

આત્માઓ પોતાનાં પાપના યોગે દેવ, ગુરુ અને ધર્મને પણ લજવનારા નિવડે છે. માટે જે જે જૈનો એવા હોય તેઓએ સાચા જૈનો બનવાની તૈયારી કરવી જોઈએ. જો બધાં જૈનકુળો વાસ્તવિક જૈનકુળો બને, તો જૈનોનો સંસાર રેઢિયાળ, કંગાળ અને સંસ્કારહીણો ન જ રહે !

આ તો દિયર-ભોજાઈની વાત છે. પરંતુ આજે તો માતા-પિતા અને પુત્રનો પરસ્પર સંબંધેય ક્યાં વખાણવા જેવો છે ? જો કે એક યા બીજા કારણને આગળ ધરીને દીક્ષાના વિરોધીઓ એમ ક્હે છે કે, 'માતા-પિતાની આજ્ઞા વિના કોઈને પણ દીક્ષા આપી શકાય જ નહિ ! પરંતુ એવી વાતો કરનારાઓની દશા જાણો છો ? ભોળી દુનિયા તો એ વાંચીને એમજ ધારે કે, આવું લખનારમાં માતા-પિતાની ભક્તિના તો જાણે ભંડાર જ ભર્યા હશે. પરંતુ એ બિચારાઓને ક્યાંથી ખબર હોય કે આવું લખનારા કેટલાએ માતા-પિતાને ઠોકરે મારીને ઘર બહાર કાઢ્યા છે ! એવું એવું લખનારા કેટલાએ બૈરીની વાતો માનીને માતા-પિતાને રઝળતાં બનાવ્યાં છે ! એવું એવું લખનારા કેટલાકે વૃદ્ધ માતાપિતાને ટુકડો રોટલો આપવાની પણ આનાકાની કરી છે. પોતાની સ્વચ્છંદતાને આધીન થઈ, વિષયવૃત્તિને આધીન થઈ, એવું લખનારા કેઈ માતા-પિતાથી જુદા નીકળ્યાં છે. અને માતા-પિતા ક્યાં સડે છે એની પણ તેઓએ દરકાર કરી નથી. જ્યારે દીક્ષાનો વિરોધ કરવાના ઇરાદાથી જ માતા-પિતાની વાત અહીં આગળ ધરાય છે.

દરેક જૈન જ્યાં સુધી સંસારમાં હોય ત્યાં સુધી માતાપિતાની તેણે ભક્તિ કરવી જ જોઈએ. અને ધર્મઘાતક ન હોય એવી માતા-પિતાની આજ્ઞાઓને જરૂર માથે ચઢાવવી જોઈએ, પરંતુ સ્વાર્થ, મોહ અને મમત્વને આધીન થઈને અજ્ઞાનવશ, ધર્મઘાતક, આજ્ઞા જો માતાપિતા કરે, ત્યારે કલ્યાણાર્થીને ન છૂટકે એ આજ્ઞાઓને અમાન્ય કરવી પડે છે. એ આજ્ઞાઓ ન મનાય તો પણ એ માતા-પિતાનો તિરસ્કાર તો ન કરે બાકી સોળ વર્ષની ઉંમર પછી માતા-પિતા ના પાડે એથી જ સંસારમાં પડ્યા રહેવું અને સંયમ ન જ લેવું એમ શ્રી

જૈનશાસન કહેતું નથી. મૂળ વાત તો એ છે કે જૈનકુળના સાચા સંસ્કારો ભૂંસાયા છે. એનો જ પ્રતાપ છે કે કેટલાંક જૈનકુળોનો સંસાર ભયંકર અધોગતિએ પહોંચ્યો છે.

હવે શ્રીમતી સીતાજીએ જ્યારે શ્રી રામચંદ્રજીને આ પ્રમાણે કહ્યું કે, જલ્દી જઈને શ્રી લક્ષ્મણજીનું રક્ષણ કરો, એટલે અને સિંહનાદથી પ્રેરાઈને શ્રી રામચંદ્રજી શુકનને પણ નહિ ગણકારતા ત્વરાથી શ્રી લક્ષ્મણજીની તરફ જવાને નીકળ્યાં.

### શ્રીમતી સીતાદેવીનું અપહરણ કરી રાવણ આકાશમાર્ગે

આપણે એ જોઈ ગયા કે અવલોકની વિદ્યાદેવીએ સહાય કરવાથી ઉગ્ર તેજવાળા શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાજીથી દૂર ગયા એટલે શ્રી રાવણને હવે તક મળી ગઈ. તરત જ શ્રી રાવણ પુષ્પક નામના વિમાનમાંથી નીચે ઉતર્યા અને રુદન કરતાં શ્રીમતી સીતાદેવીને પુષ્પક વિમાનમાં બેસાડવા લાગ્યા. શ્રીમતી સીતાદેવીને રુદન કરતાં સાંભળીને સાધર્મિક તરીકે જેને સાથે લીધેલ છે. તે જટાયુ પક્ષી 'હે સ્વામિની ! આ હું આવી પહોંચ્યો છું, માટે આપ ભય પામશો નહિ.' એમ શ્રીમતી સીતાદેવીને કહ્યા પછીથી 'હે નિશાચર ! તું ઉભો રહે ! ઉભો રહે !' આ પ્રમાણે રોષથી શ્રી રાવણને કહેતો તે દૂરથી શ્રી રાવણ તરફ દોડ્યો અને શ્રી રાવણ ઉપર જટાયુ પક્ષીએ આક્રમણ કર્યું અને પોતાની ચાંચ તથા નખોના તીક્ષ્ણ અગ્રભાગો વડે તે જટાયુ નામના મહાપક્ષીએ રાવણના ઉર:સ્થળને એવું તો ઉઝરડી નાંખ્યું કે જાણે હળથી ખેડાએલી ભૂમિ જોઈ લ્યો. અર્થાત્ અણીયાળાં હળો જેમ ખેતીની ભૂમિને એમાં પેસીને ખોદી નાંખે છે, તેમ એ મહાપક્ષીએ પોતાની ચાંચ અને નખોના તીક્ષ્ણ અગ્રભાગો વડે કરીને શ્રી રાવણના ઉર:સ્થળને ઉઝરડી નાંખ્યું. શ્રી રાવણ જેવો કાંઈ આ સહન કરી લે ? શ્રી રાવણે આથી ક્રોધમાં આવીને દારૂણ ખડ્ગ વડે તે પક્ષીની પાંખોને છેદીને તેને પૃથ્વીતલ ઉપર પાડી દીધો.

શ્રી લક્ષ્મણજી પહેલેથી યુદ્ધ કરવાને ગયા હતા. શ્રી રામચંદ્રજી બનાવટી સિંહનાદથી અને શ્રીમતી સીતાદેવીની પ્રેરણાથી યુદ્ધભૂમિ તરફ ગયા. તથા આ રીતે જટાયુ પક્ષીનો પણ શ્રી રાવણે ઘાત કર્યો. એટલે હવે અહીંથી શ્રીમતી સીતાદેવીને ઉપાડી જતાં શ્રી રાવણને રોકનાર કોઈ રહ્યું નહિ. આથી હવે નિ:શંક થઈને શ્રીમતી સીતાદેવીને પુષ્પક વિમાનમાં બેસાડીને, જેના મનોરથ લગભગ પૂર્ણ થયા છે, એવા શ્રી રાવણે ત્વરાથી આકાશમાર્ગે ચાલવા માંડ્યું.

જટાયુ મહાપક્ષીએ શ્રીમતી સીતાદેવીને બચાવવા અને શ્રીમતી સીતાદેવીનું હરણ કરી જતા શ્રી રાવણને અટકાવવા માટે બનતું કર્યું. શક્તિ ઉપરાંતનું સાહસ ખેડ્યું. પોતાનો જીવ આપ્યો. પણ શ્રીમતી સીતાદેવીને શ્રી રાવણ ઉપાડી ગયા. એક પક્ષી પણ કેટલું કૃતજ્ઞ હોય છે ? જેનામાં આટલી પણ કૃતજ્ઞતા ન હોય, તેવા માણસમાં માણસાઈ છે એમ કેમ મનાય ? આજે તો 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી' એ કહેવતને ચરિતાર્થ કરનારા કેટલાય જોવાય છે. સ્વાર્થ સાધવાને માટે, પોતાના ઉપર આવેલી આપત્તિ ટાળવાને માટે શરણ શોધી, સ્વાર્થ સર્યા બાદ દુશ્મન બનનારાઓનો ક્યાં તોટો છે ? કેટલાક તો એવા અધમ આત્માઓ હોય છે કે ઉપકારને ભૂલી, દુશ્મનનો દુશ્મન મિત્ર બને તેમ દુશ્મનોની પડખે ઉભા રહી, પોતાની અધમતા બતાવ્યા કરે ! પરંતુ સાચા ઉપકારીને તો તેવા દુષ્ટ હૃદયના પામરોની એ કૃતઘ્નતા તરફ ક્રોધ નથી ઉપજતો, પરંતુ દયા જ ઉપજે છે ! આમ છતાં પણ જેમ કૃતજ્ઞતા એ મોટો ગુણ છે, તેમ કૃતઘ્નતા એ મોટો દુર્ગુણ છે.

કેવળ સ્વાર્થ તરફ જોનારા, પરમાર્થવૃત્તિથી પરવારેલા અને અનેક પ્રકારના છળ સેવી સ્વાર્થ સાધવાની જ પ્રવૃત્તિમાં મશગુલ રહેનારાઓમાં કૃતજ્ઞતાનો ગુણ હોઈ શકતો નથી. જે આત્માઓ કૃતઘ્ન હોય છે, તેઓ ગંભીર અને વિશાળ હૃદયના હોય છે. જ્યારે જે આત્માઓ કૃતઘ્ન હોય છે તેઓ તુચ્છ અને મલીન હૃદયના હોય છે.

આથી જ કૃતઘ્નો પોતાના ઉપરના ઉપકારનો બદલો વાળી શકતા નહિ હોવાથી ઘણી વાર ઉપકારીઓના અછતા પણ દોષો ગાવાનો અધમધંધો પણ કરે છે જ્યારે કૃતજ્ઞો, કરેલા ગુણને નહિ ભૂલતાં હોવાથી ઉપકારી માટે પોતાનું સર્વસ્વ ત્યજે છે. એ જ હેતુથી જટાયુ પક્ષી પોતાના ઉપરના ઉપકારને નહિ ભૂલતાં, શ્રીમતી સીતાદેવીને બચાવવા જાય છે. અને એમ કરતાં પોતાનું જીવન પણ ગુમાવી બેસે છે.

હવે જ્યારે બીજું કોઈ બચાવનાર નથી અને પુષ્પક વિમાનમાં બેસાડીને શ્રીમતી સીતાદેવીને રાવણ આકાશમાર્ગે નિ:શંક થઈને ઉપાડી જાય છે. તે વખતની સીતા દેવીની કરુણ સ્થિતિનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*"हा नाथ विद्विषन्माथ, राम ! हा वत्स लक्ष्मण !*
*हा तातपादा ! हा भ्रातः भामंडल महाभुज ।।१।।"*
*"सीता वो ह्रियतेऽनेन, काकेनेव बलिश्छलात् ।*
*एवं सीता रुरोदोच्चै, रोदयंतीव रोदसीम् ।।२।।"*

શત્રુઓનું મથન કરનારા હે શ્રી રામચંદ્રજી ! હે વત્સ લક્ષ્મણ ! હે પૂજ્ય પિતાશ્રી ! અને હે મહાભુજ ભાઈ ભામંડલ ! છળથી બલિને જેમ કાગડો ઉપાડી જાય તેમ આ રાવણ તમારી સીતાને હરી જાય છે ! આ પ્રમાણે સીતાદેવી ભૂમિને અને આકાશને રોવડાવતાં હોય તેમ ઉચ્ચ સ્વરે રોવાં લાગ્યાં. અર્થાત્ એ રુદન એવું કારમું અને કરુણાજનક હતું કે જેથી એની અસરથી ભૂમિ અને આકાશ જાણે રોવા લાગ્યા હતાં !"

### રત્નજટી ખેચર સહાયે આવે છે

રુદન કરતાં કરતાં પણ શ્રીમતી સીતાદેવી શ્રી રાવણ જેવા ત્રણ ખંડના માલિકને કાગડાની ઉપમા આપે છે અને કહે છે કે, કાગડો જેમ બલિને ઉપાડી જાય, તેમ છળથી આ શ્રી રાવણ મને

ઉપાડી જાય છે. શ્રીમતી સીતાદેવીને આજના કહેવાતા ભાષાસૌષ્ઠવનું ભાન નહિ હોય, કેમ ? પરંતુ નહિ. આવા કઠોર શબ્દો વસ્તુતઃ ઉચ્ચારાતા નથી પણ ઉચ્ચારાઈ જાય છે. અત્યારે એ માને છે કે, પોતાનું સર્વસ્વ હરાઈ રહ્યું છે અને તેથી કઠોર શબ્દપ્રયોગ થાય જ ! આજ રીતે શાસનના હીરને હણનારાઓ માટે, સ્વાર્થ ખાતર શાસનહિતને છેહ દેનારાઓ માટે, જાતના માનપાનમાં શાસનને ભૂલનારાઓને માટે અને અહંકારમાં ભાન ભૂલીને સત્પ્રવૃત્તિથી ચૂકી દુષ્ટ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થનારાઓને માટે, જેમના અંતરમાં શાસન વસ્યું છે. તેઓ, યથાસ્થિત વસ્તુસ્થિતિને દર્શાવવાને માટે સમજપૂર્વક જે કાંઈ બોલે છે, તે દ્વેષથી નથી બોલાતું, પરંતુ શાસનના અવિહડ રાગથી એમ બોલાય છે ! શાસન પ્રત્યે જેનામાં રાગ હોય, જેને શાસનની મમતા જાગી હોય, અને જેનામાં શાસનનું સેવકપણું પરિણમ્યું હોય, તેનાથી શાસનદ્રોહના પ્રસંગે એવું બોલાઈ જ જાય !

આ પ્રમાણે રુદન કરતાં શ્રમતી સીતાજીને રાવણ લઈ જાય છે. ત્યાં માર્ગમાં અર્કજટીના પુત્ર રત્નજટી ખેચરે શ્રીમતી સીતાદેવીના એ રુદનને સાંભળ્યું, અને એ સાંભળીને તેણે એ પ્રમાણે વિચાર કર્યો કે, "*नूनं रामस्य पत्न्यसौ !* જરૂર, આ રૂદન કરનારા બીજું કોઈ નહિ, પરંતુ શ્રી રામચંદ્રજીના પત્ની શ્રીમતી સીતાજી છે, વધુમાં તે રત્નજટી ખેચરે એવો પણ વિચાર કર્યો કે,

***"समुद्रोपरि शब्दोऽयं श्रूयते येन तेन तु ।***
***ह्रियते रावणेनेयं, छलितौ रामलक्ष्मणौ ।।***

"વળી આ શબ્દ સમુદ્ર ઉપર સંભળાય છે. એથી, શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીને છેતરીને, આ શ્રીમતી સીતાદેવી રાવણ વડે હરાય છે !' આ પછીથી સ્વામી ભામંડલના ઉપર હું આજે ઉપકાર કરું.' એવી ઉત્પન્ન થઈ છે

બુદ્ધિ જેનામાં એવો તે રત્નજટી ખેચર, ખડ્ગને ખેંચીને શ્રી રાવણને આક્ષેપ કરતો તેના તરફ દોડ્યો. અર્થાત્ પોતાના સ્વામી ભામંડલ ઉપર, શ્રીમતી સીતાદેવીને બચાવીને ઉપકાર કરવાની ભાવનાથી રત્નજટી ખેચર ખડ્ગ ખેંચી યુદ્ધનું આહ્વાન કરતો શ્રી રાવણ તરફ દોડ્યો. પણ એનું રાવણ જેવાની પાસે કેટલું ગજું ?"

આ પછી શું થયું ? તેનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

*"युद्धायाह्वयमानं तं, हसित्वैष दशाननः ।*
*सद्यो जहार तद्विद्यां, विद्यासामर्थ्यतो ऽखिलाम्॥*
*निकृत्तपक्षः पक्षीव, हतविद्यः पपात सः ।*
*कंबूद्वीपे कंबूशैलमारुह्य समवास्थित ॥"*

"પણ યુદ્ધને માટે આહ્વાન કરતાં રત્નજટી ખેચરને શ્રી રાવણે હસી કાઢ્યો. અને પોતાની વિદ્યાના સામર્થ્યથી તત્કાળ રત્નજટી ખેચરની સઘળી વિદ્યાને તેણે હરી લીધી. આથી જેની વિદ્યા હરાઈ છે એવો રત્નજટી ખેચર, છેદએલી પાંખોવાળા પક્ષીની જેમ કંબૂદ્વીપ ઉપર પડ્યો અને ત્યાં કંબૂશૈલ ઉપર ચઢીને તે રત્નજટી ખેચર રહેવા લાગ્યો !

## કામને આધીન રાવણ ભાન ભૂલે છે

આ રીતે આ વિઘ્ન પણ શ્રી રાવણે ટાળી દીધું. તે પછી વિમાનમાં બેસીને આકાશમાર્ગે સમુદ્ર ઉપર થઈને જતા કામાતુર બનેલો શ્રી રાવણ શ્રીમતી સીતાજીને પોતાની પત્ની બનાવવાને માટે આજીજીકરે છે. શ્રી રાવણે વિનંતીપૂર્વક શ્રીમતી સીતાદેવીને જે કહ્યું, તે જણાવતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*नभश्चरक्ष्माचराणां भर्तुर्मे महिषीपदम् ।*
*प्राप्तासि रोदिषि कथं, हर्षस्थाने कृतं शुचा ॥१॥*
*मंदभाग्येन रामेण, सह त्वां योजयन् विधिः ।*
*नानुरुपं पुरा चक्रे मयाकार्यधुनोचितम् ॥२॥*
*मां पतिं देवि ! मन्यस्व, सेवया दाससन्निभम् ।*
*मयि दासे तव दासाः खेचर्यः खेचरा अपि ॥३॥*

"કામાતુર બનેલ શ્રી રાવણ, વિનંતીપૂર્વક શ્રીમતી સીતાજીને કહે છે કે, 'ખેચર અને ભૂચરોના સ્વામી એવા મારા પટ્ટરાણીપદને તું પામી છે. છતાં તું રડે છે કેમ? હર્ષના સ્થાને શોકે કરીને સર્યું, વળી મંદભાગ્યવાળા રામની સાથે તને જોડતાં એવા વિધિએ પૂર્વે એકબીજાને અનુરૂપ કર્યું નથી, આથી હવે મેં ઉચિત કર્યું છે. તો હે દેવિ ! સેવામાં દાસ સમાન મને તું પતિ તરીકે માન ! અને જ્યાં હું તારો દાસ થયો, એટલે ખેચરો તથા ખેચરીઓ પણ તારા દાસ જ છે !"

આ શબ્દો કોણ બોલે છે ? ત્રણ ખંડનો સ્વામી ! પણ આવા શબ્દો ત્રણ ખંડનું સ્વામીપણું નથી બોલાવતું, પરંતુ વિવેકને ભૂલવનાર અને પ્રબલ પુરુષાર્થીને પણ પામર બનાવનાર કામાતુરપણું બોલાવે છે ! પોતાના સાહસ, ધૈર્ય અને બલથી સ્થળે સ્થળે વિજય મેળવનાર શ્રી રાવણ કેવા શબ્દો ઉચ્ચારે છે ? એક કામાભિલાષાથી પોતાની જાતને કેવી પામર બતાવે છે ? ત્યાં સુધી કહે છે કે સર્વ ખેચર અને ભૂચરનો માલિક હું તારા દાસ સરખો છું ! કામાતુરતા માણસને કેટકેટલો પામર બનાવી મૂકે છે, તે સમજવા માટે આ સાધારણ ઉદાહરણ નથી. કામાતુર બનેલાઓ પોતાના પદને ભૂલે છે, સ્થાનને ભૂલે છે, સ્થિતિને ભૂલે છે, વિવેકને ભૂલે છે અને કદાચ માણસાઈને પણ ભૂલે છે. એવાઓને પોતાની ઇજ્જતનો, સ્વપરના હિતનો અને પોતાના સ્થાનની ઇજ્જતનો ય ખ્યાલ નથી રહેતો.

જે આત્માઓ કામને વિવશ બન્યા હોય છે, તેઓને અકાર્ય કરતાં પણ કદાચ શરમ નથી આવતી, આથી તો એમ કહેવાય છે કે "*कामातुराणां न भयं न लज्जा !*" કામાતુરને ભય કે શરમ હોતા નથી. કારણકે એ વખતે એનું મન બીજા વિચારોથી પ્રાયઃ પર બનેલું હોય છે. વધુમાં કામાતુર બનેલા શ્રી રાવણે જેમ જટાયુ પક્ષીનો સંહાર કર્યો અને રત્નજટી ખેચરની વિદ્યા હરી લઈને કંબૂદ્વીપ ઉપર પટક્યો, તેમ કેટલાક કામાતુર આત્માઓ પોતાની કામ સાધનામાં આડે આવનારાઓને અનેક પ્રકારે બને તો હેરાન

કરવાનો પ્રયત્ન કરે છે ! એવાઓને એ દશામાં પ્રાયઃ ગમે તેવું દુષ્ટ કૃત્ય કરતાં પણ શરમ આવતી નથી. કામાતુરોને માટે 'આવો મોટો માણસ અને આમ હોય ?' એમ પૂછાય જ નહિ ! કામાતુર ગમે તેટલો મોટો બની બેઠો હોય, પરંતુ જ્યાં સુધી કામવિજેતા ન બન્યો હોય, કામ પર કાબૂ ધરાવનારો ન બન્યો હોય, ત્યાં સુધી કામાતુર દશામાં ભાનભૂલો બનતાં વાર લાગતી નથી !

**કામવાસના ઉપર વિજય મેળવવાનો માર્ગ**

શ્રી રાવણ કાંઈ જેવા - તેવા છે ? એવા મોટા માણસની પણ અત્યારે કઈ હાલત છે ? શ્રીમતી સીતાજી એટલે પરસ્ત્રી, બીજાને પરણેલી, પોતાને નહિ ઈચ્છતી, એમને કાગડો કહેતી અને પોતાના પતિ માટે રડતી સ્ત્રી, છતાં શ્રી રાવણ એનો દાસ થવાને તૈયાર થઈ જાય છે ! આથી સમજવાનું એ છે કે આત્માએ બની શકે ત્યાં સુધી કામના વિચાર માત્રથી પણ દૂર રહેવું, એવા મલિન વિચાર આવી જાય તો પણ એવા વિચારોને રોકવા પ્રયત્ન કરવો. એવા વખતે આધ્યાત્મિક ગ્રંથો વાંચવા અને સંસારના સ્વરૂપનો તેમ જ મળમૂત્ર તથા હાડચામથી ભરેલા શરીરના સ્વરૂપનો વિચાર કરવો. જેઓ આવી રીતે કામના આવી જતા વિચારોને દાબતા રહે છે તેઓ ક્રમે ક્રમે કામ ઉપર વિજય મેળવી શકે છે. જ્યારે કામને આધીન થઈ જનારાઓ તો ધીરે ધીરે, વધારે ને વધારે અધઃપતનને પામે છે. તેમજ વિષયવૃત્તિને ક્ષણિક શમાવવાના, પણ વસ્તુતઃ ઉત્તેજવાના, માણસાઈનો નાશ કરનારા માર્ગો લઈ સ્વપરના હિતને અને સત્ત્વને હણે છે.

આજે તો વિષયવિકારને ઉત્તેજનારા બીભત્સ પુસ્તકો વાંચવાનો ચાળો ખૂબ વધતો જાય છે. કેટલાક લેખકો આજે એવું એવું લખી રહ્યાં છે કે જેનાથી વાંચનારની વિષયવાસના જ વધે ! આવું લખનારાઓ દેશ કે સમાજ ઉપર કશો ઉપકાર કરી શકતા નથી. આજની નવલકથાઓનો મોટોભાગ આવી બીભત્સતાથી

प्राय: ભરેલો હોય છે. દરેકે એવા પુસ્તકો વાંચતા અટકી જવું જોઈએ. અને મા-બાપોને પોતાના સંતાનોને એવા પુસ્તકો નહિ જ વાંચવા દેવા જોઈએ. એવી નવલકથાઓએ તો કેટલાય લોકોને બરબાદીના માર્ગે ચઢાવી દીધા છે !



### આજની લાયબ્રેરીઓ શું જ્ઞાનની પરબો છે ?

દુનિયામાં કહેવાય છે કે લાયબ્રેરી એ જ્ઞાનની પરબો છે. આજની લાયબ્રેરીઓમાં રખાતાં અને વંચાતા પુસ્તકો જુઓ તો ખબર પડે કે એ જ્ઞાનની પરબો કે શાની પરબો છે ? વાંચકોની સંખ્યા વધારવાના લોભમાં લાયબ્રેરીઓએ તણાઈને, હલકટ વૃત્તિઓને વધારનારી નવલકથાઓ કદી નહિ રાખવી જોઈએ. લાયબ્રેરીને જો જ્ઞાનની સાચી પરબ બનાવવી હોય, લાયબ્રેરી દ્વારા જો સદ્‌વિચારો ફેલાવવા હોય, લાયબ્રેરીથી જો વાંચકોનું કલ્યાણ સાધવું હોય, તો લાયબ્રેરીમાં એવાં જ પુસ્તકો રાખવાં જોઈએ કે જેમાંથી પ્રાય: ઉત્તમ જ્ઞાન જ પ્રાપ્ત થાય. આજની લાયબ્રેરીઓ શું આવી જ્ઞાનની પરબો છે એમ તમને લાગે છે ?

પરંતુ આજે તો જ્ઞાન શબ્દનો પણ ઠેર ઠેર દુરુપયોગ થઈ રહ્યો છે. સમ્યગ્‌જ્ઞાનના સંહારક શિક્ષણને પણ જ્ઞાનના નામે સંબોધાય છે. એટલું જ નહિ પણ સમ્યગ્‌જ્ઞાનને જ અંગે કામ લાગે તેવાં નાણાંનો પણ એમાં ઉપયોગ કરાય છે અને કરાવાય છે. સમ્યગ્જ્ઞાન વિનાના બીજા શિક્ષણને માટે સુજ્ઞાનના નામે પ્રયત્ન કરવો એ નરી અજ્ઞાનતા છે. આત્માને સંસારથી પરાઙ્મુખ બનાવનાર જ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન કહેવાય, આત્માને સંસારમાં રસિક બનાવનાર જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહી શકાય નહી. પહેલું જ્ઞાન અને પછી દયા, તે કયું જ્ઞાન ? સમ્યગ્જ્ઞાન ! નહિ કે વ્યવહારિક શિક્ષણ ! જ્ઞાનના નામે પ્રયત્ન કરનારાઓએ આ વસ્તુ સમજવાની જરૂર છે. જ્ઞાન વિનાનો મનુષ્ય પશુ સમાન છે. જ્ઞાન વિનાનો મનુષ્ય અંધ છે, પરંતુ એ જ્ઞાન કયું ? સમ્યગ્જ્ઞાન. આજે તો કેટલાકો જ્ઞાન શબ્દનો દુરુપયોગ કરી, અજ્ઞાન જનતાને ઉન્માર્ગે દોરી, સ્વપરના હિતનો ઘાત કરવાનું કાર્ય કરી રહ્યા છે !

## શીલ એ જ સર્વસ્વ માનવું જોઈએ

વાત તો એ હતી કે આત્માએ કામના વિચારોથી બચવું જોઈએ. વળી શીલ એજ પરમધન છે. શીલહીન જીવન કિંમત વિનાનું જીવન છે. આ વસ્તુ દરેકે ખાસ ખ્યાલમાં રાખવી જોઈએ. શ્રીમતી સીતાદેવીના અંતરમાં જો એ વસ્તુ જચેલી ન જ હોત, 'શીલની પાસે સંસારની સર્વ ઋદ્ધિ તુચ્છ છે' એમ ન સમજાએલું હોત, અને શીલસંપન્નતા એ જ જીવનની સાચી સાર્થકતા છે.' એવું હૈયે ન હોત, તો આવા સંયોગોમાં તેઓ અડગ રહી શકત ? ત્રણ ખંડનો માલિક આજીજી કરે, સેવક થવાની ઉત્સુકતા દર્શાવે, અને કહે કે, 'હું સેવક થઈશ એટલે સર્વ ખેચરો અને ખેચરીઓ પણ તારા સેવક-સેવિકાઓ થશે.' એવા અવસરે કોણ શીલમાં ટકી શકે ? તે જ કે જેણે શીલમાં સર્વસ્વ માન્યું હોય !

શ્રી રાવણે વિનંતીપૂર્વક આ રીતે શ્રીમતી સીતાજીને કહ્યું, ત્યારે તેઓએ શું કર્યું ? જ્યારે શ્રી રાવણ એમ કહેતા હતા, ત્યારે શ્રીમતી સીતાદેવી નીચું મુખ રાખીને બેસી રહ્યા હતાં. અને મંત્રની જેમ 'રામ' એ બે અક્ષરોનો ભક્તિપૂર્વક જાપ કરતાં હતાં ! શ્રી રાવણને કદાચ શ્રીમતી સીતાદેવીના મૌનથી એમ લાગ્યું હશે કે મારી આજીજીનો એ વિચાર કરે છે !

આજે પણ ઘણા ભાનભૂલા, કોઈ સજ્જનના મૌનનો એવો અર્થ કરે છે કે શક્તિ નથી, નહિતર બોલ્યા વિના રહે ? પરંતુ સજ્જન પુરુષો અંગત આક્ષેપોની સામે મૌન જ રહે છે. સામાની અધમતા ઉપર દયા લાવે છે. એવા દુર્જનોની સાથે જો સજ્જનો પણ દુર્જન બનતા હોય, તો પછી સજ્જન દુર્જનમાં તફાવત શો રહે ? જેનો સ્વભાવ કૂતરાની પૂંછડી જેવો હોય છે, તેઓ તો સીધી વાતોમાં નહિ ફાવતાં, એવા અધમમાર્ગો લેવાના જ. પરંતુ સજ્જન પુરુષો તો કેવળ કર્તવ્યદૃષ્ટિવાળા હોય છે

અને તેઓનું મૌન એ જ દુર્જનોનો તિરસ્કાર છે. હા, તેવા સજ્જનો છતી શક્તિએ મૌન ત્યાં ન રાખે કે જ્યાં શાસનના સત્યો સામે આક્રમણ હોય ! બાકી જેઓ અંગત આક્રમણોને જ ગણકાર્યા કરે અને એથી બળ્યા-જળ્યા કરે, તેઓ સ્વપર હિત કેમ સાધી શકે ?

શ્રીમતી સીતાદેવીને મૌન રહેલાં જોઈને કદાચ, શ્રી રાવણ વધુ સાહસ કરવાને પ્રેરાયા હશે ! કામાતુર બનેલા શ્રી રાવણે સીતાદેવીના ચરણોમાં માથું મૂક્યું. આથી પરપુરુષના સ્પર્શથી કાયર એવાં શ્રીમતી સીતાદેવીએ પણ પોતાના પગ ખસેડી લીધા અને આક્રોશપૂર્વક કહ્યું કે, 'હે નિર્દય ! હે નિર્લજ્જ ! પરસ્ત્રીની કામનાના ફળરૂપ મૃત્યુને તું થોડા વખતમાં પામીશ !'

### પ્રશસ્ત કષાય તો હોવો જ જોઈએ

આવા સમયે કઈ સ્ત્રીને ક્રોધ ન આવે ?

**સભા** : અસતીને !

**પૂજ્યશ્રી** : તેમ શાસનની લાજ લૂંટાતી હોય ત્યારે શાસન તરફના રાગથી સામાનું વ્યક્તિગત ભલું ચિંતવવા છતાં પણ કોને ક્રોધ ન આવે ?

**સભા** : જેને શાસન ન પરિણમ્યું હોય તેને અથવા તો જે સર્વથા રાગ-દ્વેષરહિત હોય તેને !

**પૂજ્યશ્રી** : ત્યારે એ કષાય પ્રશસ્ત કે અપ્રશસ્ત ?

**સભા** : પ્રશસ્ત.

**પૂજ્યશ્રી** : ખરેખર, જે આત્માઓ પોતાની જાતને શાસનના સેવક મનાવવા છતાં પણ શાસન ઉપરના આક્રમણને જોઈને થઈ જતા પ્રશસ્ત કષાયની નિન્દા કરે છે, તે આત્માઓ શાસનસેવાનો દંભ કરનારાઓ છે. અને પોતાની બેહુદી વૃત્તિઓને આધીન થઈને શાસનનાં સત્યોને છેહ દેનારાઓને સાથ આપનારા છે. એમ કહેવું એમાં લેશ પણ વધારે પડતું નથી.

**શ્રીમતી સીતાદેવી દેવરમણ ઉદ્યાનમાં**

આ પ્રમાણે આક્રોશથી શ્રીમતી સીતાજીએ શ્રી રાવણને કહ્યું, એટલામાં સારણ વગેરે મંત્રીઓ અને બીજા રાક્ષસ સામન્તો ચારે બાજુથી રાક્ષસના સ્વામી એવા શ્રી રાવણની સન્મુખ આવ્યા. આ પછીથી મોટા ઉત્સાહવાળા અને મહા સાહસ કરનારા તથા મહાપરાક્રમી એવા રાવણ મોટા ઉત્સાહવાળી લંકાપુરીમાં આવ્યા આ પછીથી શ્રીમતી સીતાદેવીએ ઉચ્ચ સ્વરે અભિગ્રહ અંગીકાર કર્યો કે, 'જ્યાં સુધી શ્રી રામચંદ્રજીના અને શ્રી લક્ષ્મણજીના કુશળ સમાચાર આવશે નહિ ત્યાં સુધી હું ભોજન કરીશ નહિં !'

ત્યાર બાદ લંકાનગરીની પૂર્વ દિશામાં રહેલાં, સુરવરોના ઉદ્યાનની ઉપમાવાળા અને ખેચર સ્ત્રીઓના વિલાસના ધામરૂપ દેવરમણ નામના ઉદ્યાનમાં, રક્ત અશોક વૃક્ષની નીચે, ત્રિજટા અને બીજા રક્ષકોથી વિંટળાયેલા શ્રીમતી સીતાજીને મૂકીને, તેજના નિધિ સમાન શ્રી રાવણ પોતે હર્ષ પામતાં થકા પોતાના સ્થાને ગયા.

**શ્રીમતી સીતા પ્રવૃત્તિ આનયન**

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલા 'શ્રી ત્રિષષ્ઠિ - શલાકા પુરુષ - ચરિત્ર' સાતમા પર્વમાં છઠ્ઠા સર્ગમાં કઈ રીતે શ્રીમતી સીતાદેવીની ભાળ મેળવે છે ? એ હકીકત મુખ્યત્વે આવવાની છે.

**ધર્મકથાઓને સાંભળવાનો હેતુ કયો હોય ?**

પહેલાં અનેકવાર કહેવાયું છે કે આ બધી વસ્તુઓ માત્ર કથાના શોખ ખાતર સાંભળવાથી થવો જોઈતો લાભ થવાનો નથી. આવા મહાપુરુષોનાં ચરિત્રો સાંભળ્યાની સફળતા તો ત્યારે થઈ ગણાય કે, જ્યારે આપણે એના શ્રવણ અને મનન દ્વારા ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરીએ અને ક્રમે ક્રમે મુક્તિ પ્રત્યે આપણા આત્માની સન્મુખતા થાય તેમ જ મુક્તિ નિકટમાં આવતી જાય.

શ્રીજિનેશ્વરદેવના શાસનની બધી જ ક્રિયાઓ મોક્ષના હેતુપૂર્વક કરવાની છે. સંસાર દુ:ખમય, દુ:ખફલક અને દુ:ખપરંપરક હોવાથી, એના તથા પ્રકારના સ્વરૂપને જાણીને, આત્માને એનાથી મુક્ત થઈ શાશ્વતપદ પામવાની ભાવના જાગે છે, અને એના યોગે એ ધર્મનો અર્થી બને છે. આવો આત્મા ધર્મના અનુષ્ઠાનનું સેવન કરવા દ્વારા. સંસારની કોઈપણ વસ્તુની પ્રાપ્તિને કેમ જ ઇચ્છે ? મોક્ષના અર્થીપણામાં વાંધો હોય તો વાત જુદી છે, પણ મોક્ષનું અર્થીપણું ન આવે ત્યાં સુધી ધર્મ ઉપર જોઈતો અનુરાગ થાય નહીં અને ધર્મ પર જોઈતો અનુરાગ થયા વિના ધર્મનું યથાયોગ્ય પાલન થાય નહિ, અને જો ધર્મનું યથાયોગ્ય પાલન ન થાય, તો પછી મુક્તિ તો મળે જ ક્યાંથી ? આથી મોક્ષના અર્થીપણાપૂર્વક મહાપુરુષોનાં ચરિત્રોનું શ્રવણ કરવું જોઈએ, જેથી દોષ જાય અને ગુણોની પ્રાપ્તિ થાય. આ શ્રી જૈન રામાયણ પણ એ જ હેતુપૂર્વક કલ્યાણના અર્થીઓએ સાંભળવાની જરૂર છે. કારણકે એવા કલ્યાણકારી હેતુપૂર્વક શ્રવણ થાય તો જ આત્માને સાચો લાભ થાય.

આપણે જોયું કે શ્રી રાવણે શ્રીમતી સીતાદેવીને દેવરમણ નામના ઉદ્યાનમાં લઈ જઈને મૂક્યાં. પણ શ્રી રાવણની વિધવિધ વિનંતીઓને, આજીજીઓને ઠોકરે મારી, શ્રીમતી સીતાદેવીએ તો પ્રતિજ્ઞા કરી કે, 'જ્યાં સુધી શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીના કુશળ સમાચાર મને મળશે નહિ ત્યાં સુધી હું ભોજન કરીશ નહીં.'

### લક્ષ્મણજીને છળનો ખ્યાલ આવ્યો

શ્રી રાવણની આજ્ઞાથી અવલોકની વિદ્યાદેવીએ સાક્ષાત્ શ્રી લક્ષ્મણજીના જેવા જ કરેલા સિંહનાદથી અને શ્રીમતી સીતાદેવીનાં વચનોથી પ્રેરાઈને, શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી જ્યાં શત્રુઓની સાથે રણક્રીડા કરતા હતા, ત્યાં ધનુષ્ય લઇને ત્વરાથી આવી પહોંચ્યા.

શ્રી રામચંદ્રજીને એકલા આવેલા જોઈને, શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, 'હે આર્ય ! શ્રીમતી સીતાદેવીને એકાકી મૂકીને આપ અહીં કેમ આવ્યા ?' શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, 'હે લક્ષ્મણ ! તેં મને કષ્ટસૂચક સિંહનાદથી બોલાવ્યો તેથી આવ્યો.'

શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, 'મેં સિંહનાદ કર્યો નથી છતાં આપના સાંભળવામાં એવો સિંહનાદ આવ્યો, એથી ખરેખર એમ જણાય છે કે આપણને કોઈએ છેતર્યા છે. અને આર્યા શ્રીમતી સીતાદેવીનું અપહરણ કરવાને માટે આવી છેતરપિંડી કરી આપને ત્યાંથી ઉપાયપૂર્વક દૂર ખસેડયા છે. મારા જેવો સિંહનાદ કરવામાં હું કોઈ સામાન્ય પ્રકારના કારણની શંકા નથી કરતો, અર્થાત્ મારા જેવો સિંહનાદ કરીને આપને ત્યાંથી દૂર કરવા પાછળ જરૂર કોઈ મોટું જ કારણ હોવું જોઈએ એમ મને લાગે છે. તે કારણથી હે મહાપરાક્રમી આર્ય ! આર્યા શ્રીમતી સીતાદેવીના સંરક્ષણને માટે આપ સત્વર ત્યાં પાછા પધારો અને હું પણ શત્રુઓનો સંહાર કરીને આપની પાછળ જ આવું છું.'

### શ્રી રામચંદ્રજીને મૂર્છા આવી

શ્રી લક્ષ્મણજીએ આ પ્રમાણે કહેવાથી શ્રી રામચંદ્રજી સત્વર તે સ્થળે પાછા આવ્યા કે જે સ્થળે શ્રીમતી સીતાદેવીને મૂકીને તેઓ શ્રી લક્ષ્મણજીના રક્ષણને માટે ગયા હતા. ત્યાં આવીને જોયું તો ત્યાં શ્રીમતી સીતાદેવીને જોયા નહિં. આથી શ્રી રામચંદ્રજી તત્કાળ મૂર્છાને પામીને પૃથ્વી ઉપર પડી ગયા. જ્યારે તેઓને મૂર્છા વળી, તેમને સંજ્ઞા પ્રાપ્ત થઈ એટલે ઉઠીને જોયું તો ત્યાં મરણોન્મુખ થઈને પડેલા જટાયુ પક્ષીને દીઠું તેને તે દશામાં જોઈને તીક્ષ્ણ બુદ્ધિવાળા શ્રી રામચંદ્રજીએ એમ વિચાર્યું કે કોઈ માયાવીએ છળ કરીને મારી પ્રિયાનું હરણ કર્યું. તેના હરણથી ક્રોધ પામીને આ જટાયુ પક્ષી તેની સામે થયો અને તેથી એ માયાવી વડે આ મહાત્મા જટાયુ પક્ષી હણાયું છે.

આ પછી શું થયું તે અંગે ફરમાવ્યું છે કે,

*"ततः प्रत्युपकाराय, श्रावकस्य जटायुषः ।*
*ददौ रामो नमस्कारं, परलोकाध्वशंबलम् ॥१॥"*

તે શ્રાવક જટાયુના પ્રત્યુપકારને માટે શ્રી રામચંદ્રજી એ પરલોકના રસ્તે ભાથાં સમાન નવકાર દીધો : અર્થાત્ તેને શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો.

આ દશામાં પણ આવો પ્રત્યુપકાર કરવાની ભાવના કોનામાં આવે ? સજ્જનના હૈયામાં જ એવી ભાવના આવે. અત્યારની પરિસ્થિતિ જેવી તેવી હતી ? પોતાને છેતરીને, દૂર કાઢીને, કોઈ માયાવી શ્રીમતી સીતાદેવીનું હરણ કરી ગયો છે એમ તેઓને લાગ્યું છે. અને શ્રીમતી સીતાદેવીને નહિ ભાળતાં શ્રી રામચંદ્રજી મૂર્છાધીન પણ બની ગયા હતા. આવા વખતે સહેજે એમ થાય કે હજુ તે માયાવી દૂર ગયો નહિ હોય. માટે પાછળ પડવું એને બદલે એનાં પગલાં કે ચિહ્નોની પણ તપાસ નહિ કરતાં શ્રી રામચંદ્રજી પ્રત્યુપકાર કરવાને માટે તૈયાર થઈ જાય છે. એ પણ તેમની ઉત્તમતા જ સૂચવે છે. ઉત્તમ આત્માઓ કરેલા ઉપકારને ભૂલતાં નથી અને ગમે તેવા વિકટ સંયોગોમાં પણ તેમની ઉત્તમતા ઝળહળી ઉઠ્યા વિના રહેતી નથી એ ચોક્કસ વાત છે.

બીજી વાત અહીં એ પણ સમજવા જેવી છે કે, શ્રી નવકાર મહામંત્ર એ પરલોકના માર્ગે ભાથારૂપ છે. એમ કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું છે, તે શાથી ? શ્રી નવકાર મંત્રમાં એવું તે શું છે ? કહો, શ્રી નવકાર મંત્રમાં શું આવે છે ? પાંચ પરમેષ્ઠિને નમસ્કાર. પાંચ પરમેષ્ઠી કયા કયા છે ? ૧. શ્રી અરિહંતદેવ, ૨. શ્રી સિદ્ધપરમાત્મા, ૩. શ્રી આચાર્ય ભગવાન, ૪. શ્રી ઉપાધ્યાય ભગવાન, ૫. શ્રી સાધુ ભગવાન્ આ પાંચને નમસ્કાર કરવામાં એવું કયું કૌવત છે, કે જેથી એ નમસ્કાર

પરલોક્ના માર્ગે ભાથા સમાન બને ? આજે શ્રાવકકુળોમાં પણ અંત સમયે શ્રી નવકાર મંત્ર સંભળાવવાની પદ્ધતિ છે, તો કદિ વિચાર્યું કે એ શ્રી નવકારમંત્રમાં એવું ક્યું કૌવત છે ?

**શ્રી નવકાર મંત્ર દેતા એ યાદ આવે છે ?**

શ્રી નવકાર મંત્રની તાકાત તો વર્ણવી વર્ણવાય તેમ નથી. જગતમાં એ જ પંચ પરમેષ્ઠિની સેવા એ સારભૂત વસ્તુ છે. પંચ પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર, આત્માને પોતાના નિર્મળ સ્વરૂપનું ખ્યાલ આપી શકે છે. જગતમાં જેટલા પદાર્થો છે, તેટલા નકામા છે. નાશવંત છે, છોડવાના છે, એનો મોહ નુકસાન કરનારો છે. એ મોહના લીધે સંસારમાં રઝળવું પડે છે, સંસારનો નાશ કરવો હોય અને મોક્ષે પહોંચવું હોય, તો શ્રી પંચપરમેષ્ઠિની સેવાથી પહોંચાય છે. આવો વિચાર જો મરતાં મરતાં પણ આવી જાય, તો પણ કામ થઈ જાય. આત્મા માટેનું ભાથું ક્યું ? ધર્મ આત્માને છેલ્લી ક્ષણોમાં પણ સ્વનું અને પરનું ભાન થઈ જાય, તો જતાં જતાં પણ એને મનુષ્યભવની પ્રાપ્તિ ફળી કહેવાય. રીવાજ મુજબ શ્રી નવકારમંત્રને છેલ્લી અવસ્થામાં સંભળાવનારા આવો વિચાર કરે છે ? પણ એમને પેલાની અંતિમદશા વખતે ય એમ થાય છે કે, 'હવે પણ આ સત્ય સમજે તો સારું !'

અહીં શ્રી રામચંદ્રજી, શ્રાવક જટાયુ પક્ષી, કે જેને માટે કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા પણ 'મહાત્મા' શબ્દ વાપરે છે. તેના ઉપર પ્રત્યુપકાર કરવાને માટે, પરલોકના માર્ગમાં શંબલ સમાન શ્રી નવકાર મંત્ર સંભળાવે છે. આ પછી તે જટાયુ પક્ષી મરીને માહેન્દ્ર કલ્પમાં શ્રેષ્ઠ દેવતા તરીકે ઉત્પન્ન થયા. બીજી તરફ જટાયુ પક્ષીના મૃત્યુ બાદ શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાદેવીને શોધવાને માટે અટવીમાં આમ તેમ ભમવા લાગ્યા.

## યુદ્ધમાં શ્રી લક્ષ્મણજી એકલા જ પ્રવર્તે છે

આ તરફ શ્રી લક્ષ્મણજીનું શું થયું ? અહીં વીર એવા શ્રી લક્ષ્મણજી મોટી સેનાવાળા ખર વિદ્યાધરની સાથે એકલા જ યુદ્ધ કરવાને પ્રવર્ત્યા. કારણ કે યુદ્ધમાં સિંહને સહાયક હોતો નથી. એને સહાયકની જરૂર હોતી નથી. આ વખતે, ખરના નાનાભાઈ અને સુભટ એવા ત્રિશિરાએ આવીને પોતાના મોટાભાઈને યુદ્ધ કરતાં વારતાં કહ્યું કે. 'તમારે આવાની સાથે યુદ્ધ કરવાનું હોય ?' આમ કહી પોતાના મોટા ભાઈ ખરને વારીને ત્રિશિરા રાક્ષસ યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધ કરવાને તૈયાર થએલા અને રથમાં રહેલા તે ત્રિશિરા રાક્ષસને પતંગીયા જેવો ગણતા શ્રી લક્ષ્મણજીએ તત્કાળ હણી નાખ્યો.

તે સમયે પાતાલલંકાના સ્વામી ચંદ્રોદર રાજાનો પુત્ર વિરાધ પોતાના સન્નદ્ધબદ્ધ સર્વ સૈન્યની સાથે ત્યાં આવી પહોંચ્યો. સેવા કરવાની ઇચ્છાવાળા તે વિરાધે નમસ્કાર કરીને શ્રી રામચંદ્રજીના આ લઘુ બંધુ શ્રી લક્ષ્મણજીને કહ્યું કે, 'તમારા દુશ્મનો સાથે દુશ્મનાવટ ધરાવતો હું આપનો નોકર છું. શ્રી રાવણના આ સૈનિકોએ પરાક્રમી એવા મારા પિતા ચંદ્રોદરને કાઢી મૂકીને પાતાલલંકાને કબજે કરી છે. સૂર્યને અંધકારનો નાશ કરવામાં કોણ સહાયકારી છે ? કોઈ નહિ. તેમ આપને પણ શત્રુઓનો નાશ કરવામાં કોઈની સહાયની જરૂર નથી. તો પણ આ સેવકને હે પ્રભો ! યુદ્ધ કરવાની આજ્ઞા આપો.'

વિરાધે કરેલી આ વિનંતીના ઉત્તરમાં શ્રી લક્ષ્મણજી સ્મિત કરીને કહે છે કે, 'મારા વડે હણાતા એવા આ શત્રુઓને તું જો ! બીજાઓની સહાયથી વિજય મેળવવો એ પરાક્રમી વીરોને માટે લજ્જાસ્પદ છે. વળી આજથી આરંભીને મારા જ્યેષ્ઠ બંધુ શ્રી રામચંદ્રજી તારા સ્વામી છે' અને મારા વડે હે વિરાધ ! આજથી તું પાતાલલંકાના રાજ્ય ઉપર સ્થાપિત થયો છે અર્થાત્ અત્યારથી જ હું તને પાતાલલંકાનો રાજા બનાવું છું.

**ખરનો ક્રોધ અને શ્રી લક્ષ્મણજીનો એને જવાબ**

પોતાના વિરોધી એવા તે વિરાધને શ્રી લક્ષ્મણજીની પાસે જોઈને ખર વિદ્યાધર અત્યંત ક્રોધિત થયો અને એથી ત્યાં આવી ધનુષ્યને પણછ ચડાવીને તેણે શ્રી લક્ષ્મણજીને કહ્યું કે, 'અરે. વિશ્વાસ રાખનારનો ઘાત કરનાર ! મારો પુત્ર શંબૂક ક્યાં છે ? હવે રાંક એવા વિરાધની સહાય વડે તું તારી જાતને કેમ રક્ષે છે ?' આના ઉત્તરમાં પણ સ્મિત કરીને શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, પોતાના ભાઈના પુત્રની ઉત્કંઠાવાળો તારો નાનો ભાઈ ત્રિશિરા પણ મારા વડે શંબૂકની પાછળ મોકલાયો છે. અને જો પુત્ર તથા ભ્રાતાને માટેની તારી પણ ઉત્કંઠા બળવતી હોય તો ખરેખર તને પણ ત્યાં મોકલવાને માટે હું ધનુષ્યની સાથે સજ્જ છું. પગ મૂકવાથી કુંથવો જેમ મરી જાય તેમ હે મૂઢ ! તારો પુત્ર મારા પ્રમાદઘાતથી હણાયો છે. એટલે એમાં કાંઈ મારું પરાક્રમ નથી. હવે પોતાની જાતને સુભટ માનતો એવો તું જો મારા કૌતુકને પૂર્ણ કરીશ તો વનવાસમાં પણ દાન આપનારો હું યમને તારા વડે પ્રસન્ન કરીશ.'

આ પ્રમાણે બોલતાં શ્રી લક્ષ્મણજી ઉપર ખર રાક્ષસ ગિરિશિખર ઉપર હાથીઓની જેમ તીક્ષ્ણ પ્રહાર કરવા લાગ્યો એ જ વખતે સૂર્ય પોતાના કિરણોથી આકાશને ઢાંકી દે તેમ એક ક્ષણ માત્રમાં શ્રી લક્ષ્મણજીએ હજારો બાણોથી આકાશને ઢાંકી દીધું. આમ તેઓ વચ્ચે ખેચરોને માટે ભયંકર એવું મોટું યુદ્ધ ચાલ્યું અને એ યુદ્ધ યમરાજને તો જાણે કે એક મહોત્સવરૂપ જ બન્યું.

**ખર અને દૂષણનો શિરચ્છેદ**

તે વખતે આકાશમાં એવી વાણી થઈ કે, 'વાસુદેવની સાથે પણ રણમાં જેની આવી  શક્તિ છે તે ખર, પ્રતિવાસુદેવથી પણ

અધિક છે.' આથી આવાના વધમાં પણ આટલો કાળક્ષેપ ? આ પ્રમાણે ક્રોધથી સ્વયં લજ્જાને પામીને શ્રી લક્ષ્મણજીએ ક્ષણમાત્રમાં ક્ષુરપ્ર અસ્રથી ખરના મસ્તકને છેદી નાંખ્યું. ત્યાર બાદ ખરનો ભાઈ દૂષણ રાક્ષસો સહિત શ્રી લક્ષ્મણજીની સાથે યુદ્ધ કરવાને ઉદ્યત થયો. પરંતુ યૂથસહિત હસ્તિનો દાવાનળ જેમ નાશ કરે તેમ શ્રી લક્ષ્મણજીએ તેનો પણ ક્ષણવારમાં સૈન્ય સહિત સંહાર કર્યો.

આ પછી વિરાધને સાથે લઈને શ્રી લક્ષ્મણજી પાછા વળ્યા. એ સમયે એમનું ડાબું નેત્ર ફરક્યું. આથી તેમને શ્રી રામચંદ્રજી અને શ્રીમતી સીતાદેવીના અશુભની શંકા થઈ.

**વિરહશલ્યમાં પીડાતા શ્રી રામચંદ્રજી**

અશુભની શંકાવાળા બનેલા શ્રી લક્ષ્મણજીએ દૂર જઈને જોયું તો શ્રી રામચંદ્રજીને એક વૃક્ષની આગળ શ્રીમતી સીતાજી વિનાના બેઠેલા જોયા તેમને એ રીતે એકલા બેઠેલા જોઈને શ્રી લક્ષ્મણજી પરમ ખેદને પામ્યા અને તરત જ શ્રી રામચંદ્રજીની પાસે તેઓ આવી પહોંચ્યા. પરંતુ પાસે ઉભેલા શ્રી લક્ષ્મણજીને નહિ જોતાં અને શ્રીમતી સીતાદેવીના વિરહરૂપ શલ્યથી પીડાતા એવા શ્રી રામચંદ્રજી આકાશ સામે જોઈને તે વખતે પણ બોલ્યા કે, 'હે વનદેવતા ! આ વનમાં હું ભમી વળ્યો છતાં પણ મેં સીતાને જોઈ નહિ, તો તમે કહો કે શું તમે તેને નથી જોઈ ?'

આ પ્રમાણે બોલીને શ્રી રામચંદ્રજી પોતાની ભૂલોનો જાણે પશ્ચાત્તાપ કરતા હોય તેમ બોલે છે કે, 'ભૂત અને શિકારી પ્રાણીઓથી વ્યાપ્ત એવા આ ભીષણ અરણ્યમાં એકાકિની સીતાને મૂકીને, હા ! હું લક્ષ્મણની પાસે ગયો અને વળી હજારો રાક્ષસ સુભટોની વચ્ચે સામે રણમાં લક્ષ્મણને એકલો મૂકીને ફરીથી હું અહીં આવ્યો. અહો ! દુર્બુદ્ધિવાળા એવા મારી આ બુદ્ધિ.'

આવી રીતે પોતાની બુદ્ધિને દોષ દીધા બાદ શ્રી રામચંદ્રજી પોતાનાં એ બંનેય કાર્યોને સંતાપ કરતાં ત્યાર બાદ ફરી બોલે છે, 'હા! પ્રિય સીતા ! નિર્જન એવા અરણ્યમાં તું કેમ મારાથી મૂકાઈ ? અને હા ! વત્સ લક્ષ્મણ ! તું રણસંકટમાં મારા વડે મૂકાયો ?' આ પ્રમાણે બોલતાં બોલતાં, આક્રંદ કરતાં પક્ષીઓ વડે પણ જોવાતા મહાપરાક્રમી શ્રી રામચંદ્રજી, મૂર્ચ્છા આવવાથી પૃથ્વી ઉપર પડી ગયા.



# અબળા સબળા પણ બની શકે છે

## ૧૦

આઘાતથી મૂર્ચ્છિત બનેલા શ્રી રામચન્દ્રજીના પ્રસંગને વર્ણવતાં અહીં પ્રવચનકાર પૂજ્યશ્રીએ મોહની વિષમતાને બતાવવા સાથે શ્રી રામચન્દ્રજીના વિવેકને પણ બતાવ્યો છે. તે જ સાથે આજના જડવાદીઓની દુર્દશાનું હૃદયદ્રાવક વર્ણન કર્યું છે.

નવયુગની નોબત છે કે નાશની નોબત છે ? આ પ્રશ્નપૂર્વક નવયુગના મંડાણ માટે શું કરવું જોઈએ તેનું વિસ્તૃત વર્ણન અહીં થયું છે.

જાગૃત થયેલા શ્રી રામચન્દ્રજી, સીતા શોધ માટેનો પ્રયાસ, વિરાધનું રાજ્યારોહણ, સુગ્રીવ આપત્તિમાં, શ્રી રામચન્દ્રજીનું શરણ, સ્વયં આપત્તિમાં છતાં શ્રી રામચન્દ્રજીની ધીરતાપૂર્વકની સહાયઃ વિગેરે તથા ધર્મક્રિયાનો મર્મ અને પાત્રતાનું વર્ણન કરીને વિષયાભિલાષી માયા સુગ્રીવનો વિનાશ આદિ પ્રસંગો સાથે કાકલૂદી કરતાં રાવણ ઉપર અને મનાવવા આવેલી મન્દોદરી ઉપર સીતાદેવીનો સતીત્વના પાલન માટેનો ક્રોધ આદિ અવનવી-પારદર્શક વાતોથી આ પ્રકરણ સમૃદ્ધ છે.

-શ્રી

# અબળા પણ સબળા બની શકે છે


★ મોહની કેવી કારમી વિષમતા
★ આજના જડવાદીઓની દુર્દશા
★ નવયુગની નોબત કે નાશની નોબત ?
★ જૈન સમાજની ઉન્નતિનો માર્ગ
★ ક્રાંતિ ઘેલાઓનો વિષમ ઉન્માદ
★ શ્રી રામચન્દ્રજીને સંજ્ઞાની પ્રાપ્તિ
★ શ્રીમતી સીતાજીની શોધમાં સુભટોની નિષ્ફળતા
★ પાતાલલંકામાં વિરાધને રાજ્ય સમર્પણ
★ સુગ્રીવ ઉપર આવેલી આપત્તિ
★ વિષયાધીનોનો સંયમ એ સંયમ નથી
★ તે ધર્મક્રિયા વસ્તુતઃ ધર્મક્રિયા નહીં
★ પાત્રતા વિના સારી વસ્તુ ફળે નહીં
★ વિષયાભિલાષા બહુ કારમી વસ્તુ છે
★ અશુભના ઉદય વેળાએ ચેતવાની જરુર
★ શોકગ્રસ્ત સુગ્રીવની વિચારણા
★ પુદ્‌ગલરસિકને અહીં દુઃખ ને પરલોક પ્રતિકૂળ
★ દીક્ષા વૈરાગ્ય ઉત્પન્ન થાય તો જ લેવાય
★ સુગ્રીવે દૂતને પાતાલલંકામાં મોકલ્યો
★ સુગ્રીવની વિનંતીનો સ્વીકાર
★ એક જ બાણે માયાવી સુગ્રીવનો સંહાર
★ વિચારો કે કર્મની દશા બહુ ભયંકર છે
★ વિષય વિવશ આત્માઓની કરુણ દશા
★ વિષયના સાધનોથી બને તેમ દૂર રહેવું
★ સતીત્વના પાલનની દરકાર ક્રોધ ઉપજાવે
★ પ્રશસ્ત કષાય અવસરે આપોઆપ ઉત્પન્ન થઈ જ જાય છે




# ૧૦

## અબળા સબળા પણ બની શકે છે

### મોહની કેવી કારમી વિષમતા

ખરેખર, મોહ એ બહુ વિષમ છે. મહાપુરુષોને પણ મોહ અવસરે મૂંઝવી નાંખે છે. શ્રી રામચંદ્રજી કાંઈ કમ વિવેકી છે ? નહિ. વધુમાં એ આત્મા તદ્દ્ભવ મુક્તિગામી છે છતાં અત્યારે મોહને લીધે તેમના જેવા પરાક્રમી અને વિવેકી આત્માની પણ કેવી દશા થઈ છે ? પહેલાં યુદ્ધભૂમિમાંથી પાછા ફર્યા. ત્યારે પણ શ્રીમતી સીતાદેવીને નહિ જોતાં મૂર્છા પામ્યા હતા. આ વસ્તુ ઉપરથી એમ સમજવાનું નથી કે, 'અરે, મોહ જો આવા પુરુષોને ય સતાવે, તો આપણે કઈ વિસાતમાં ? માટે આપણે મોહમાં મૂંઝાઈએ તો વાંધો નહિ.' એમ નહિ વિચારવું જોઈએ. પરંતુ એમ વિચારવું જોઈએ કે, 'સાચું છે કે, મોહ એ દુર્જેય છે. વિવેકી અને વિચક્ષણ આત્માઓ પણ મોહમગ્ન દશામાં કરુણ અવસ્થાને પામે છે. તો આપણે ક્રોણ માત્ર ?' માટે જેમ બને તેમ આપણે મોહના પ્રસંગોથી દૂર રહેવાનો પહેલેથી જ પ્રયત્ન કરવો, કારણકે મોહને જીત્યા વિના તો મુક્તિ મળે એમ છે જ નહિ.

બીજી વાત એ પણ વિચારવા જેવી છે કે શ્રી રામચંદ્રજી અત્યારે શ્રીમતી સીતાદેવીના વિરહથી પીડાતા હોવા છતાં પણ પોતાના નાના બંધુ, શ્રી લક્ષ્મણજીને ભૂલતાં નથી. આવી દશામાં નાના ભાઈ યાદ આવવા એ શું સહેલું છે ? આજે તો બૈરાને માટે

બાપને પણ લાત મરાય છે, માતાને ય રઝળતી મૂકાય છે તથા ભાઈને પણ ભૂલી જવાય છે. અને એ શું માત્ર સ્ત્રી ઉપરના રાગથી બને છે ? મોટેભાગે વિષયાન્ધ દશાના યોગે એવું બને છે, અને એથી જ છતી સ્ત્રીએ ભટકનારા ભટકે છે. તેમજ સ્ત્રીને પણ રડતી મૂકી, એક ઉપર બીજી કરવાના પણ અનીતિ આદિથી ઉભરાતા દાખલાઓ ઉપરા ઉપરી બન્યે જ જાય છે.



## આજના જડવાદીઓની દુર્દશા

આજના જડવાદીઓની વિલક્ષણ દશાનું તો વર્ણન કયાં થઈ શકે એમ છે ? એ જડવાદની પાછળ, જૈનકુળમાં ઉત્પન્ન થએલાઓ પણ ઝૂકે, એ એમની ઓછી કમનસીબી નથી. જૈનકુળ જેવા ઉત્તમ આચારો અને ઉત્તમ વિચારોના કેન્દ્ર સમાન કુળને પામ્યા બાદ, ઉત્તમ આચારોથી પરવારી બેસી અનાચારોમાં પ્રવર્તવું અને ઉત્તમ વિચારોને બદલે કેવળ ઈન્દ્રિયોના વિષયોને પોષવાના, અર્થ-કામની લાલસાને ઉત્તેજવાના વિચારો કર્યા કરવા, એ જેવી તેવી દુર્દશા નથી.

આજે તો કહેવાય છે કે, 'નવયુગની નોબતો ગડગડી રહી છે. જૂના આચારો ને જુના વિચારો કામ નહિ લાગે. જૈન સમાજને ઉન્નત બનાવવો હશે તો નવયુગના આગમનને વધાવી લેવું પડશે. પ્રગતિના આ જમાનામાં બધું જુનાં કાટલાંથી માપ્યા કરવું, એ અધ:પાતની નિશાની છે. ક્રાંતિ કરો !' આવી બૂમો પડાય છે અને એ ખાતર પ્રાચીન સમર્થ આચાર્યપુંગવોને પણ યથેચ્છ રીતે ભાંડવામાં આવે છે. તે પરમ ઉપકારીઓએ રચેલા ગ્રંથોનો અપલાપ કરાય છે. અને શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા સિદ્ધાંતોની વાતોને પણ તદ્દન વિકૃતરૂપે છાપાની કોલમોમાં રજૂ કરીને ઇતરોમાં શ્રી જૈનદર્શનની હાંસી કરાવાય છે. આ ઉપરથી પણ સમજી શકાય એમ છે કે એમનો કાલ્પનિક નવયુગ કેવો ભયંકર છે.

## નવયુગની નોબત કે નાશની નોબત ?

એમનો નવયુગ એટલે એ યુગ કે જેમાં સદાચારીને અને

સદાચારને સમુચિત સ્થાન નહિ ! એમનો નવયુગ એટલે એ યુગ કે જેમાં સદ્‌વિચારોનો બહિષ્કાર અને સદ્‌વિચારો દેનાર ભૂતકાળના કે વર્તમાનકાળના મહાપુરુષો તરફનો તિરસ્કાર ! આવા નવયુગની નોબત ગડગડી રહી હોય તો કહેવું જોઈએ કે એ નવયુગના કહેવાતાઓના આર્યપણાના, કે જૈનપણાના નાશની નોબત જ ગડગડી રહી છે.

એવાઓના પ્રતાપે જૈનસમાજ જેટલે જેટલે અંશે પોતાના પ્રાચીન આચાર વિચારો કે જે અનંત ઉપકારી પરમર્ષિઓએ દર્શાવ્યા છે, તેનાથી દૂર હઠશે તેટલે તેટલે અંશે તેનો અધઃપાત જ થવાનો છે. અત્યારે જે કાંઈ અધઃપાત થયો હોય, તે પ્રતાપ પણ એ પ્રાચીન આચારો અને એ પ્રાચીન વિચારો જેટલે અંશે તજાયા છે. તેટલા અંશનો છે ! છતાં આજે તે માર્ગને ઉન્નતિનો માર્ગ કહેવાય છે.

**જૈન સમાજની ઉન્નતિનો માર્ગ**

જૈન સમાજને ઉન્નત બનાવવાનો માર્ગ એક જ છે. અને તે એ કે અનંત ઉપકારીઓએ વિહિત કરેલા આચારો અને વિચારોમાં જૈનસમાજને મક્કમ બનાવવો. જૈન સમાજના શ્રદ્ધા અને બળને મજબૂત બનાવવું. જૈનસમાજને જૈન સમાજ તરીકે ઉન્નત બનાવવાનો એ એક જ માર્ગ છે. જૈનસમાજની પ્રભુમાર્ગ પ્રત્યે માન્યતામાં અને સુગુરુ નિશ્રામાં જેટલું પોલાણ એટલું એના કલેવરમાં પણ પોલાણ સમજી જ લેવું.

નવયુગની ભાવના, નવયુગની આજે થઈ રહેલી વાતો, જૈન સમાજરૂપ કલેવરને ઉન્નત બનાવનારી નથી પણ એ કલેવરમાં ભયંકર સડો પેસાડનારી છે. અને એ સડો જૈનસમાજના જૈનપણાના કૌવતને ફોલી ખાનારો છે. હજુ જૈનસમાજનાં એ સદ્‌ભાગ્ય છે કે એવા નવયુગના ડીંડીમ ગજવનારાઓને જૈનસમાજ ઓળખે છે અને તેવાઓમાં વિશ્વાસ મૂકી દેતો નથી. હજુ જૈનસમાજનાં એ સુનસીબ છે કે સત્યનું ભાન કરાવનારાં નિર્ગ્રંથ ગુરુઓના એ પરિચયમાં છે.

અન્યથા ઉન્નતિ, પ્રગતિ અને નવયુગના નામે મૂંઝવવા મથનારાઓના હાથ વારંવાર હેઠા પડત નહિ. ઘણા પાપ પ્રયત્નો કરવા છતાં એવાઓને વારંવાર જે જે નિષ્ફળતાઓ મળી છે તે મળત નહિ.

આજે એવાઓ જડવાદની ઝેરી અસર નીચે આવીને એવા તો ઉન્મત્ત મગજવાળા બની ગયા છે કે, અનંત ઉપકારીઓએ બાંધેલા નિયમોને તેઓ જુનાં કાટલાં કહેવા જેવી ધૃષ્ટતા સેવે છે. એવાઓને કહેવું જોઈએ કે તમારાં નવાં કાટલાં કેવાં છે તે અમે જાણીએ છીએ અને જોઈએ છીએ. તમારાં નવા કાટલાંથી તોલ કરવાનું રાખીને અમારે તમારા જેવા પાપાત્માઓને અગ્રણીપદે આવવા દેવા નથી. કે જેઓ વિષય-કષાયમાં ચકચૂર બન્યા હોય અને સ્વાર્થ માટે પરમાર્થના નામે જ જનતાના દ્રવ્યની લૂંટ ચલાવતા હોય ! દેવદ્રવ્યને ચાઉં કરી જવા ઈચ્છતા હોય ! જુનાં કાટલાં કાઢી નાખવાં એનો અર્થ શો હોઈ શકે ? દેવ-ગુરુ- ધર્મને તિલાંજલિ આપવી ? નવા દેવ કલ્પવા ? નવા ગુરુકલ્પવા ? નવો ધર્મ કલ્પવો ? જો ના, તો જુના કાટલાં નહિ ચાલે એમ કહેવાય નહિ. જો એ માન્યતામાં કાંઈક ભૂલ થઈ હોય એમ તેઓ માનતા હોય, અને તેથી આગમની આજ્ઞા મુજબ એ ભૂલને સુધારવાને ઈચ્છતા હોય તો તો એમણે સમાજને એમ કહેવું જોઈએ કે જૂનાં કાટલાં ભૂલ્યાં છીએ તે સંભાળીએ !



### ક્રાંતિ ઘેલાઓનો વિષમ ઉન્માદ

પણ આવાઓની તો દશા જ કોઈ વિચિત્ર છે. આજના ક્રાંતિ ઘેલાઓને કોઈ સ્થિર સિદ્ધાંત જેવું નથી. ઘડીમાં કહેશે કે અમે પંચાંગીને માનીએ છીએ અને ઘડીમાં કહેશે કે જુનાં કાટલાં કામ નહિ લાગે. જો જુનાં કાટલાં કામ નહિ લાગે તો શ્રી પંચાગી શી રીતે કામ લાગશે ? હમણાં હમણાં એવા ક્રાન્તિની વાતો કરનારા ઉન્મત્તો તરફથી જે સાહિત્ય પ્રગટ થઈ રહેલ છે, તેમાં જુઓ તો તમને લાગશે કે એમના લખવામાં કશો ઢંગધડો જ નથી. વિધવાવિવાહની વાતની પુષ્ટિમાં જરૂર હતી માટે ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજીના નામને

વચ્ચે લાવ્યા હતા. તથા અર્થનો અનર્થ કર્યો, અને શ્રી ઋષભદેવસ્વામીજી આદિને તથા તેમનાં ચરિત્રોને જણાવનાર ગ્રંથોને માટે પાછા કહે છે કે, અમે માનતા નથી. જો તમે માનતા નથી તો આ દાખલો કેમ લીધો ? એટલે વસ્તુતઃ એવાઓને ચઢેલો ઉન્માદ માત્ર જ છે.

નવયુગની નોબતો ભલે ગડગડી રહી હોય છતાં હમણાં એવો નવયુગ જૈનસમાજ માટે આવવાનો નથી. કારણકે ભગવાનનું શાસન હજુ આ ક્ષેત્રમાં હજારો વર્ષો સુધી જયવંતુ વર્તવાનું છે. માત્ર અત્યારે એટલું જ સંભાળવાનું છે કે આવી વાતો કરનારા જડવાદની અસરમાં ઉન્મત્ત બનેલાઓ આ રીતે બાળ જીવોને નુકશાન ન કરી જાય. તેઓ તો આવી રીતે પોતાનું આત્મહિત જ હણી રહ્યાં છે. પરંતુ બીજાઓનું આત્મહિત તેવાઓ તરફથી ન હણાય એ જ જોવાનું છે. આટલું જ બોલવું પડે છે તે પણ એટલાં પૂરતું બોલવું પડે છે કે, છતી શક્તિએ જો આપણે એવો પ્રયત્ન આવા સમયે ન કરીએ તો શાસન જીવતું રહેવા છતાં પણ આપણે વિરાધક ઠરીએ એવી આજે દશા છે.

### શ્રી રામચંદ્રજીને સંજ્ઞાની પ્રાપ્તિ

આ તો પ્રાસંગિક વાત થઈ, મૂળ વાત તો એ હતી કે શ્રીમતી સીતાદેવીના વિરહથી પીડાતા શ્રી રામચંદ્રજી મૂર્ચ્છિત થઈ ભૂમી ઉપર પડી ગયા.

હવે શ્રી લક્ષ્મણજી પોતાના પૂજ્ય શ્રી રામચંદ્રજીને ઉદ્દેશીને એ પ્રમાણે બોલ્યાં કે, 'હે આર્ય ! આ શું ? આપનો ભ્રાતા આ લક્ષ્મણ તો શત્રુઓને જીતીને અહીં ઉપસ્થિત થયો છે.'

શ્રી લક્ષ્મણજીની આવી વાણી વડે જાણે અમૃતથી સીંચાયા હોય એમ શ્રી રામચંદ્રજી સંજ્ઞાને પામ્યા, અને પોતાના નાના ભાઈને પાસે ઉભેલા જોયા અને જોઈને તેઓ શ્રી લક્ષ્મણજીને ભેટી પડ્યા.

આથી શ્રી લક્ષ્મણજીની આંખોમાં પણ અશ્રુ ઉભરાયાં. અશ્રુભીના નેત્રોવાળા શ્રી લક્ષ્મણજીએ વડીલ શ્રી રામચંદ્રજીને વિનયપૂર્વક કહ્યું કે, 'ચોક્કસ કોઈ માયાવીએ શ્રીમતી સીતાદેવીનું

આવી રીતે હરણ કરવાના જ કારણથી સિંહનાદ કરેલો. તેના પ્રાણોની સાથે જ હું શ્રીમતી સીતાદેવીને પાછા લાવીશ. માટે હમણાં તેમની ખબર મેળવવાનો આપણે પ્રયત્ન કરીએ. અને ખર સાથેના સંગ્રામમાં મેં પ્રતિજ્ઞા કર્યા મુજબ, આ વિરાધને તેના પિતાના પાતાલલંકાના રાજ્ય ઉપર આપ સ્થાપન કરો ! અર્થાત્ હવે આપણે પાતાલલંકામાં પહોંચી જઈએ !'

### શ્રીમતી સીતાજીની શોધમાં સુભટોની નિષ્ફળતા

પછીથી તે બંને સ્વામીઓની સેવા કરવાની ઇચ્છાવાળા વિરાધે, શ્રીમતી સીતાજીની ભાળ મેળવવાને માટે વિદ્યાધર સુભટોને મોકલ્યા. શોકરૂપી અગ્નિથી વિકરાળ બનેલા, વારંવાર નિઃશ્વાસ મૂકતા અને ક્રોધથી હોઠને કરડતા એવા શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી, પેલા સુભટો ભાળ મેળવવા જવાથી ત્યાં રોકાયા. વિરાધે મોકલેલા વિદ્યાધર સુભટો દૂર સુધી ભમી આવ્યા. પરંતુ શ્રીમતી સીતાદેવીની ખબર મેળવી શક્યા નહિ. આથી ત્યાં પાછા ફરીને નીચુ મુખ કરીને ઉભા રહ્યા.

તેઓને અધોમુખ બનીને ઊભા રહેલા જોયા. એટલે શ્રી રામચંદ્રજી સમજી ગયા કે શ્રીમતી સીતાનો પત્તો નહિ લાગવાથી શોધ માટે ગએલા આ સુભટો આમ ઉભા છે ! આથી તેઓને કહ્યું કે, 'હે સુભટો ! સ્વામીના કાર્યમાં તમે યથાશક્તિ સારો ઉદ્યમ કર્યો છે. તેમ છતાં પણ શ્રીમતી સીતાની પ્રવૃત્તિ ન પ્રાપ્ત થઈ, તેમાં તમારો શો દોષ છે ? વિપરીત દૈવની પાસે તમે અથવા બીજા કોણ માત્ર છે ?'

આ પછી વિરાધે પણ નમસ્કાર કરીને કહ્યું કે, 'હે સ્વામિન્ ! ખેદ ન કરો ! સંપત્તિનું મૂળ ન કંટાળવું છે. ચોક્કસ હું આપનો સેવક છું. આજે મને પાતાલલંકામાં પ્રવેશ કરાવવાને માટે આપ પધારો, ત્યાં આપ સ્વામીને શ્રીમતી સીતાદેવીની ભાળ મેળવવી એ સુલભ થઈ પડશે.'

### પાતાલલંકામાં વિરાધને રાજ્ય સમર્પણ

ત્યારબાદ શ્રી રામચંદ્રજી સૈન્યસહિત વિરાધની સાથે શ્રી લક્ષ્મણજીને લઈને પાતાલલંકાપુરીની પાસેની પૃથ્વી ઉપર ગયા. ત્યાં

શત્રુઓનો નાશ કરનારા સુન્દ નામનો ખર રાક્ષસનો પુત્ર મોટા સૈન્યથી સમાવૃત્ત થઈને યુદ્ધ કરવાને માટે સામો આવ્યો. અને આગળ ચાલતાં પૂર્વના વિરોધી એવા વિરાધની સાથે પોતાના પિતાના વધથી ક્રોધિત થયેલા સુન્દે તરત જ ઘોર યુદ્ધ કર્યું. પણ હવે જ્યાં શ્રી લક્ષ્મણજી રણમાં આવ્યા. એટલે પોતાની માતા ચંદ્રણખાના કહેવાથી સુન્દ તરત જ નાસીને લંકામાં પોતાના મામા શ્રી રાવણનાં શરણે ગયો. ત્યારબાદ પાતાલલંકામાં પ્રવેશ કરીને શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીએ તે વિરાધને તેના પિતાના પદે બેસાડ્યો. અર્થાત્ પાતાલલંકાની રાજગાદી ઉપર વિરાધની રાજા તરીકે સ્થાપના કરી. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી ખર વિદ્યાધરના પ્રાસાદમાં રહ્યા અને વિરાધ તો યુવરાજની માફક સુન્દના મહેલમાં રહ્યો.

વિરાધની આ પણ એક યોગ્યતા જ છે. પોતે રાજા બનવા છતાં પણ કૃતઘ્ન નથી બનતો. કૃતજ્ઞ આત્માઓ ગમે તેવા ઉચ્ચ પદે પહોંચ્યા પછીથી પણ પોતાની ઉત્તમતાને તજતા નથી. ઉપકારીઓના ઉપકારને ભૂલતા નથી. જેને ઉપકારીઓના ઉપકાર યાદ ન રહે એ માણસ, માણસ નથી પણ માણસના રૂપમાં બીજો જ કોઈ છે. આ દશામાં પણ શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીને રાજાને પોતે જ રહેવા યોગ્ય ખરના પ્રાસાદમાં રાખી પોતે યુવરાજની માફક રહેવું અને તે પણ સુન્દના મકાનમાં એ શું સામાન્ય વસ્તુ છે ? નહિ જ. આ વસ્તુ વિરાધની એ સુયોગ્યતાને જ સૂચવે છે.

આ પ્રમાણે શ્રી રામચંદ્રજી પાતાલલંકામાં રહ્યા છે, ત્યારે કિષ્કિંધા નગરીમાં બીજો જ એક ભયંકર બનાવ બની જાય છે. અને એથી કિષ્કિંધાનો સ્વામી સુગ્રીવ, શ્રી રામચંદ્રજીની સહાય યાચવાને માટે આવે છે. સુગ્રીવની યાચનાનો સ્વીકાર કરીને શ્રી રામચંદ્રજી પણ તેની સાથે કિષ્કિંધા તરફ જાય છે. અને વિરાધની માફક સુગ્રીવને પણ તેની કિષ્કિંધાની ગાદી ઉપર સ્થાપન કરે છે.

## સુગ્રીવ ઉપર આવેલી આપત્તિ

તે વૃત્તાંત આ પ્રકારનો છે. સાહસગતિ નામનો વિદ્યાધર લાંબા વખતથી સુગ્રીવની પત્ની તારાનો અભિલાષી બન્યો હતો, અને એથી પોતાની તે દુષ્ટ અભિલાષાને સિદ્ધ કરવાને માટે તે હિમવંત પર્વતની ગુફામાં રહીને 'પ્રતારણી' વિદ્યાને સાધી રહ્યો હતો. સાધનાના પરિણામે એ વિદ્યા એને સિદ્ધ થઈ હતી, અર્થાત્ એ વિદ્યાના પ્રતાપે તે ગમે તેવી પ્રતારણા (ઠગવું) કરવાને સમર્થ થયો હતો.

એ પ્રતારણી વિદ્યા વડે સાહસગતિ વિદ્યાધરે પોતાનું રૂપ, ઈચ્છિત રૂપ બનાવનાર દેવની માફક સુગ્રીવના જેવું બનાવ્યું અને આકાશમાં બીજા સૂર્યની જેમ કિષ્કિંધા નગરીમાં તે સુગ્રીવ તરીકે ગયો. આ પછી સાચો સુગ્રીવ જ્યારે ક્રીડાને માટે બહારના ઉદ્યાનમાં ગયો હતો, ત્યારે આ સાહસગતિ સુગ્રીવના રૂપમાં સુગ્રીવના તે અંત:પુરમાં આવ્યો. કે જે અંત:પુર સુગ્રીવની પત્ની તારાદેવીથી વિભૂષિત બનેલું હતું.

જે સમયે સાહસગતિ સુગ્રીવના રૂપમાં તારાદેવીથી વિભૂષિત અંત:પુરમાં ગયો, તે જ સમયે સાચો સુગ્રીવ પણ પાછો આવી પહોંચ્યો. પણ દ્વારપાળોએ દ્વારમાં તેને અટકાવ્યો અને કહ્યું કે, 'રાજા સુગ્રીવ તો હમણાં જ અંદર ગયા છે.' બે સુગ્રીવને જોઈને સંદેહ પડવાથી, વાલિનો પુત્ર ચંદ્રરશ્મિ, અંત:પુરમાં ઉપદ્રવને ટાળવાને માટે અંત:પુરના દ્વાર આગળ ત્વરાથી ગયો. અને જારસુગ્રીવને અંત:પુરમાં પ્રવેશ કરતાં, માર્ગમાં આવતો પર્વત જેમ સરિતાના પુરને રોકે તેમ અટકાવ્યો. અર્થાત્ અંત:પુરમાં પ્રવેશ કરવા દીધો નહીં.

આ રીતે જાણે જગતના સારનું સર્વસ્વ જ હોય તેમ સર્વ તરફથી બોલાવાએલી સૈનિકોની ચૌદ અક્ષૌહિણી સેનાઓ ત્યાં આવી. બંને સુગ્રીવોના ભેદને નહિ જાણતા એવા સૈનિકોમાંથી પણ અડધા સત્ય સુગ્રીવની તરફ થયા અને અડધા જારસુગ્રીવની તરફ થયા. પછી ભાલાઓના પડવાથી આકાશને ઉલ્કાપાતમય બનાવતું

હોય તેવું બંને સૈન્યો વચ્ચે યુદ્ધ થયું. ઘોડેસ્વારની સાથે ઘોડેસ્વાર, હાથીની સાથે હાથી, પાયદળની સાથે પાયદળ અને રથીની સાથે રથી યુદ્ધ કરવા લાગ્યા. પ્રૌઢ એવા પ્રિયના સમાગમથી મુગ્ધ સ્ત્રીની જેમ, ચતુરંગી સેનાના સમૂહના વિમર્દનથી પૃથ્વી કંપને પામી પૃથ્વી ધ્રૂજવા લાગી.

પછી, 'રે પરગૃહમાં પેઠેલા ! તું આવ, આવ !' એમ તે જારસુગ્રીવને આક્રોશપૂર્વક બોલતાં સાચા સુગ્રીવે ડોક ઉંચી કરીને જારસુગ્રીવને યુદ્ધનું આહ્‌વાન કર્યું. એટલે તર્જના કરાએલા ઉન્મત્ત હાથીની માફક જારસુગ્રીવ પણ ઉગ્ર ગર્જના કરતો યુદ્ધ કરવાને માટે સન્મુખ થયો. યમરાજના જાણે સહોદર હોય તેની માફક તે બંને મહાયોદ્ધાઓ, ક્રોધથી લાલ નેત્રોવાળા બનીને યુદ્ધ કરવા લાગ્યા. અને જગતને ત્રાસ પમાડવા લાગ્યા. યુદ્ધ કરવામાં ચતુર એવા તે બંનેએ એક બીજાના તીક્ષ્ણ શસ્ત્રોને તીક્ષ્ણ શસ્ત્રો વડે છેદી નાંખ્યા. તે બંનેના મહાયુદ્ધમાં પાડાઓના યુદ્ધમાં વૃક્ષોના સમૂહની માફક, શસ્ત્રોના ખંડ આકાશમાં ઉછળવા લાગ્યા અને એથી ખેચરીઓનો સમૂહ નાશી ગયો. જ્યારે તે બંનેના શસ્ત્રોને છેદાઈ ગયા, એટલે ક્રોધીજનોમાં શિરોમણી એવા તે બંને, જંગમ પર્વતોની માફક અન્યોન્ય મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ક્ષણવારમાં આકાશમાં ઉછળતા અને ક્ષણવારમાં ભૂમિ ઉપર પડતાં તે બંને વીર ચૂડામણી કુકડાના જેવા દેખાવા લાગ્યા. આ રીતે ઘણાં ઘણાં પ્રકારે યુદ્ધ કરવા છતાં પણ તે બંને મહાપ્રાણો પરસ્પરને જીતવાને માટે અસમર્થ નિવડ્યા. એટલે વૃષભની માફક એકબીજાથી દૂર ખસીને ઉભા રહ્યા, અર્થાત્ થોડા સમયને માટે આ યુદ્ધ અટક્યું.

પછી પોતાની સહાયને માટે સાચા સુગ્રીવે અંજનાપુત્ર શ્રી હનુમાનને બોલાવીને ઉગ્ર કર્મવાળા કપટી સુગ્રીવની સાથે ફરીવાર પરાક્રમપૂર્વકનું યુદ્ધ શરૂ કર્યું. પરંતુ બેના ભેદને નહિ જાણતા એવા હનુમાનના જોવા છતાં પણ ઉત્કટ એવા જારસુગ્રીવે સાચા સુગ્રીવને કુટી નાંખ્યો.

આમ બીજીવારના યુદ્ધથી સુગ્રીવ ખિન્ન થયો અને તે પછી ખિન્ન થયું છે શરીર જેનું એવો તેણે કિષ્કિંધા નગરીથી બહાર નીકળીને તેણે આવાસને ગ્રહણ કર્યો. અર્થાત્ કોઈ સ્થળે નગરીની બહારના આવાસમાં તે રહેવા લાગ્યો. આ તરફ જારસુગ્રીવ રહ્યો તો ત્યાં જ, પરંતુ અસ્વસ્થ મનવાળો તે ચંદ્રરશ્મિના અટકાવવાથી અંતઃપુરમાં પ્રવેશ કરી શક્યો નહીં.

### વિષયાધીનોનો સંયમ એ સંયમ નથી

આ આખો પ્રસંગ વિષયાધીનતાની વિષમતાનો ખ્યાલ આપે છે. વિષયાધીન દશા એ એવી ભયંકર વસ્તુ છે કે એને પરવશ બનેલો આત્મા સારાસારના ભાનને ભૂલી જાય છે. સાહસગતિ વિદ્યાધરે જ્યારે પ્રતારણી વિદ્યા સિદ્ધ કરી ત્યારે તે સિદ્ધ કરતાં શું એને મન-વચન-કાયા ઉપર સંયમ નહિ રાખવો પડ્યો હોય ? જરૂર. અમુક પ્રકારનો સંયમ તો રાખવો જ પડ્યો હશે, કારણકે એ વિના આવી વિદ્યાઓની સિદ્ધિ થઈ શકતી નથી. અહીં વિચારવાનું તો એ છે કે એણે વિદ્યાની સાધના કરતાં જે કાંઈપણ સંયમ રાખ્યો હોય એ શું વસ્તુતઃ સંયમ છે કે નહિ ?

**સભા** : નહિ

**પૂજ્યશ્રી** : શા માટે નહિ ? તમને ખ્યાલ હોય તો આવી વિદ્યાઓની પણ સાધના વખતે સાધકને જેવી તેવી રીતે બેસી રહેવું પડતું નથી. ભૂખ-તરસ સહવી પડે છે. લટકી રહેવું પડે છે. ઉપસર્ગો આવે તો પણ નિશ્ચલતાથી સહવા પડે છે અને એક ધ્યાને વિદ્યાનો જાપ કરવો પડે છે. દેખીતી રીતે આ ક્રિયા કેવી છે ? આવી મન-વચન કાયાના નિગ્રહરૂપ ક્રિયા હોવા છતાં પણ એ ક્રિયાને વાસ્તવિક સંયમરૂપ કેમ ન ગણવી ? આનું કાંઈ કારણ તો હોવું જોઈએ ને ?

**સભા** : કારણ એ જ કે એમાં હેતુ ખરાબ હતો.

**પૂજ્યશ્રી** : ત્યારે એટલી વાત તો નક્કી જ છે ને કે માત્ર સારી દેખાવમાં સુંદર ક્રિયાઓને જોઈને લોભાઈ જવાનું નહિ, પણ ક્રિયાને

અને ક્રિયા કરનારને વખાણતાં પહેલાં એ ક્રિયાનો હેતુ પણ તપાસવાનો ?

**સભા** : હાજી !

**પૂજ્યશ્રી** : આ વસ્તુ બરાબર સમજીને તમે હા પાડો છો ને ? જેઓ આ વસ્તુને બરાબર સમજે છે તેઓ કદિ દંભીઓથી પ્રાયઃ ઠગાતા નથી. સુંદર નામોથી કે સુંદર દેખાવોથી પણ પ્રાયઃ ઠગાતા નથી. આજના વાતાવરણમાં આ વસ્તુ બરાબર સમજવાની જરૂર છે. પૌદ્‌ગલિક લાલસાને સિદ્ધ કરવાને માટે હથીયારરૂપ બનાવાએલા દેખાવના ધર્મ ઉપરથી ધર્મના અર્થીઓએ-પોતાનું આત્મકલ્યાણ ઇચ્છનારાઓએ લોભાઈ જવું જોઈએ નહિ. જેઓ એવી રીતે અજ્ઞાનપણે લોભાયા છે. તેઓ આજે વાસ્તવિક ધર્મને ભૂલ્યા છે. અને મહાપુણ્યે પ્રાપ્ત થયેલા શ્રાવકકુળને હારી બેઠા છે. આજે એવો વાયુ ફુંકાઈ રહ્યો છે કે એનાથી જે પુણ્યશાલી હોય એ જ બચે.

### તે ધર્મક્રિયા વસ્તુતઃ ધર્મક્રિયા નહિ

આજે ધર્મના નામે ધર્મનો હ્રાસ થતો હોવા છતાં સાચો ધર્મ બાજુએ રહી જાય અને પરિણામે પાપી વાસનાઓને વધારી મૂકનારો નામનો ધર્મ વધે. એને અંગે આજના કેટલાક પોતાને વિચક્ષણ, બુદ્ધિમાન, યુગને પીછાણનારા અને વળી ધર્મના જાણ હોવાનો દાવો કરનારાઓ એમ પણ કહે છે કે, જૈનધર્મનો જ આજે વાસ્તવિક ઉદય થઈ રહ્યો છે. ખરેખર, જૈનધર્મમાં પ્રરૂપાએલા અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું જ્યાં નામ કે નિશાન પણ નથી, એટલું જ નહિ પણ ભોળા લોકોને જ્યાં ધર્મના એ શબ્દોના નામે ધર્મથી વંચિત બનાવાય છે, ત્યાં એમ માનવું કે જૈનધર્મનો એથી ઉદય થઈ રહ્યો છે એ નરી અજ્ઞાનતા સિવાય બીજું કશું જ નથી.

ધર્મ એ નથી, કે જે પુદ્‌ગલલાલસાને વધારી મૂકે ! ધર્મ એ નથી, કે જે પોતાના દુશ્મનનો નાશ કરવાને પ્રેરે ! ધર્મ એ નથી, કે જે સ્વચ્છંદાચારને પોષે ! ધર્મ એ નથી, કે ઉત્તમ મર્યાદાઓનો લોપ કરાવે ! ધર્મ

તો એ છે, કે જે આત્માને વિષયવિરાગી, કષાયત્યાગી, ગુણાનુરાગી અને નિવૃત્તિસાધક ક્રિયાઓમાં અપ્રમાદી બનાવે !

પણ આજે શું થાય છે ? ધર્મ અને સભ્યતાના નામે કુલીનતા ઉપર અંગારા મૂકાય છે. સેવાના નામે નહિ છાજતી પ્રવૃત્તિઓ થાય છે. ત્યારે કહો કે ધર્મના નામે ધર્મથી ઉભગાવી દેનારો આજનો કાળ છે. ધર્મ એ તો આત્માના કલ્યાણને માટે છે. જેમાં આત્માનું કલ્યાણ નહિ એ ધર્મ નહિ. જે ધર્મક્રિયામાં આત્મકલ્યાણનો હેતુ નહિ, તે ધર્મક્રિયા વસ્તુતઃ ધર્મક્રિયા નહિ. જો એવી આડંબરી ક્રિયાઓને ધર્મ માની લેવામાં આવે તો તો સાચો ધર્મ હાથ લાગે જ નહિ, માટે આજે કેટલાકોને વળગેલી પૌદ્ગલિક લાલસાને પોષનારા ધર્મને વધારવાની ઘેલછાથી સૌએ બચી જવા જેવું છે.



### પાત્રતા વિના સારી વસ્તુ ફળે નહિ

સાહસગતિ વિદ્યાધરે, વિષયલાલસાને પોષવા માટે પ્રતારણી વિદ્યા મેળવીને એનો ઉપયોગ શામાં કર્યો ? પોતાની બૂરી વિષયાભિલાષાને, પરસ્ત્રીની અભિલાષાને પોષવામાં ! વિદ્યા એ બૂરી ચીજ છે ? નહિ, પરંતુ નદીનું પાણી સાગરમાં ભળે એટલે ખારું થઈ જાય, એમ અયોગ્યના હાથમાં આવેલી વિદ્યા એના અને બીજાના પણ અનિષ્ટને જ કરનારી નિવડે, વિદ્યા એ તો પોતે ગમે એટલી સારી વસ્તુ હોય, છતાં તે જો અયોગ્યની પાસે હોય, તો તે તેને અનર્થને જ કરનારી નિવડે છે. આગમોને ભણેલા, આગમના જાણ, એવાઓ પણ ભાન ભૂલ્યાં તો ડૂબ્યા, નિહ્નવ બન્યા એવું કારણ ? આગમ ખોટાં ? નહિ. ત્યારે ખોટું કોણ ? પાત્ર ખોટું, વસ્તુ સારી હોય, છતાં ખરાબ ભાજનમાં પડે એટલે સારી રહે નહિ. એ જ રીતે આગમજ્ઞાન જેવી સારી વસ્તુને પણ સારી રાખવી હોય, તેનો વાસ્તવિક લાભ ઉઠાવવો હોય, તો સામાએ પાત્રતા કેળવવી જ પડે. પાત્રતા વિના તો ફળે નહિ ને ફૂટીય નીકળે !

દરેક વસ્તુમાં યોગ્યતા જોવી જોઈએ. વસ્તુ સારી છે એટલું જ જોયે કામ ન લાગે, ગમે તેને આગમ કેમ ન ભણાવાય ? સાધુને જ

કેમ ભણાવાય ? અને તે પણ અમુક પર્યાય આદિ યોગ્યતાવાળા સાધુને જ કેમ ભણાવાય ? શું આગમ ખરાબ છે ? નહિ જ. પણ ઉપકારીઓ કેવળ ઉપકાર બુદ્ધિથી જ કહે છે કે સૌને, ગમે તેને ભણાવાય તો, ભણનાર માટે અને એના દ્વારા બીજાઓને માટે પણ એ અનર્થકારી નિવડે. કેમ એમ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં અને શ્રી ગણધરદેવોએ ગુંથેલાં એવાં આગમો, ગમે તેને આપવામાં આવે, એથી તે અનર્થકારી કેમ નીવડે ? તો એ જે રીતે હૃદયમાં પરિણમવું જોઈએ, તે રીતે અયોગ્યના હૃદયમાં પરિણમી શકતું નથી અને વિપરીતરૂપે પરિણમે એટલે સ્વપરને માટે તે અનર્થકારી નિવડે એ સ્વાભાવિક જ છે.

આથી સમજો કે શ્રી આગમગ્રંથો ઉત્તમ છે, એમાંનું જ્ઞાન તારનારું છે. પણ તે ક્યારે ? સામો યોગ્ય બને ત્યારે ! ત્યારે એથી જે અનર્થ થાય છે તે કોણ કરે છે ? આગમોનું જ્ઞાન ? નહિ, આગમોનું જ્ઞાન તો કદી અનર્થ કરનારું નિવડે જ નહિ, ત્યારે અનર્થ કરનાર કોણ ? સામાની અયોગ્યતા. આગમનું જ્ઞાન તો તારનારું જ કહેવાય. પણ સામો જે ડૂબે અને બીજાઓને ડૂબાડે તે પોતાની નાલાયકીથી જ ! માટે દરેક વસ્તુમાં યોગ્યતા જોવી પડે.

### વિષયાભિલાષા બહુ કારમી વસ્તુ છે

તમે એ પણ જુઓ કે વિષયાભિલાષા શું કામ કરે છે ? સાહસગતિએ સુગ્રીવનું રૂપ ધારણ કર્યું, તેના અંતઃપુરમાં પેઠો, ભયંકર યુદ્ધ લડ્યો, એ વગેરે કર્યું કે એક માત્ર સુગ્રીવની સ્ત્રીની અભિલાષાથી જ ને ? આવી અભિલાષા રાખવી એ બહુ કારમી વસ્તુ છે, બની શકે તો સર્વથા બ્રહ્મચર્યનું જ પાલન કરવું જોઈએ, પરંતુ બધા એવા સત્ત્વશીલ હોતા નથી, એવા આત્માઓએ પણ સ્વસ્ત્રીમાં સંતોષ રાખવો જોઈએ. સ્વસ્ત્રીમાં પણ ભાનભૂલા બનવું એ યોગ્ય નથી. આ શાસન તો સર્વ પૌદ્ગલિક વાસનાઓ ઉપર કાપ મુકનારું છે. અહીં વિધાન ક્યું ? પહેલું તો એ કે સર્વથા બ્રહ્મચર્યનું પાલન એ ન બને તો

પણ વિધાન પરણવાનું નહિ ! બૈરી કરવાનું નહિ !! તમે પરણો એ વાત જુદી છે. પરંતુ વિધાન તો એ કે સ્વસ્ત્રીમાં પણ સંતોષ રાખવો. પછી પરસ્ત્રી આદિની વાત રહી જ ક્યાં ? પરસ્ત્રીના મુખ સામે પણ એ દૃષ્ટિએ નહિ જ જોવું જોઈએ. સૂર્યની સામે જેમ દૃષ્ટિ ટકતી નથી. તેમ પરસ્ત્રીના મુખ ઉપર દૃષ્ટિ વિકારી દૃષ્ટિએ ટકવી ન જોઈએ.

પણ આજે કઈ દશા છે ? આજે તો કેટલાક મૂર્ખાઓ કહે છે કે, બ્રહ્મચર્ય પાળવું અનૈસર્ગિક છે. બ્રહ્મચર્યના પાલનથી રોગ ઉત્પન્ન થાય છે. આવું કહેનારાઓનો હેતુ જાણો છો ? આવું બોલનારાઓ અનાચારના અર્થીઓ હોય છે. સમાજમાં અને દુનિયામાં સારા કહેવડાવીને પણ એમને પાપો સેવવાં છે. એમનું કુદૃષ્ટિ પવિત્રતા જાળવતી વિધવા બાઈઓ તરફ છે. એવી બુરી લાલસાથી જ તેઓ એનો એવો પ્રચાર કરે છે. બ્રહ્મચર્યના પાલનથી રોગ ઉત્પન્ન થતાં નથી, ઉલ્ટું શરીર સારું થાય છે. જો કે શરીરને મજબૂત બનાવવાને માટે બ્રહ્મચર્યને ધારણ કરો, એમ ન કહેવાય એવું કહેનારા અજ્ઞાન છે. કહેવાય તો એ જ કે આત્મકલ્યાણને માટે બ્રહ્મચર્ય ધારણ કરો, પરંતુ બ્રહ્મચર્યના યોગે શરીર બગડતું નથી એ ચોક્કસ છે. ખરેખર, આજની બુરી વાસનાઓ જેટલા જેટલા કુવિકલ્પો ઉત્પન્ન ન કરે તેટલા થોડા છે. માણસ જ્યારે વિષયની પૌદ્‌ગલિક લાલસાઓની ઘેલછામાં ફસાય છે ત્યારે એની દશા એવી ભયંકર થાય છે કે એ શું ન વિચારે, એ શું ન બોલે અને એ શું ન કરે એ કાંઈ કહી શકાય નહિ.

## અશુભના ઉદયની વેળાએ ચેતવાની જરૂર

અહીં એ પણ વિચારવું જોઈએ કે અશુભનો ઉદય શું કામકરે છે ? અશુભના ઉદય વખતે સત્તા, શક્તિ, કુટુંબ, સેવકો, પરિવાર, આદિ કાંઈ કામ લાગતું નથી. સહાય કરવા આવેલા પણ સહાય કરી શકતા નથી. સુગ્રીવ કમ હતો ? કિષ્કિંધાપુરીનો રાજા, વિશાળ કુટુંબ પરિવારવાળો, ચતુરંગી સેનાનો સ્વામી, છતાં અશુભના ઉદયે એની એ દશા થઈ કે જેનો પોતે સ્વામી છે એ નગરીની બહાર જઈને જ

રહેવું પડ્યું. હનુમાનને સહાય માટે બોલાવ્યા, તો એ પણ સહાય કરી શક્યા નહિ. પરાક્રમી પરિવાર પણ જોઈ રહ્યો. અશુભના ઉદય સમયે કોઈ ક્રમ લાગતું નથી. માટે અશુભના ઉદયથી જેઓ ડરતા હોય, તેઓએ અશુભ કર્મનો બંધ થવાના હેતુઓથી દૂર રહેવું જોઈએ. અશુભનો ઉદય ન ગમે અને પ્રવૃત્તિ અશુભ કર્મનો બન્ધ કરનારી ચાલુ રહે તો આપત્તિઓ આવ્યા કરે તેમાં નવાઈ શી ? આજે શુભના ઉદયમાં ભાન ભૂલેલાઓએ પણ આવી આવી વસ્તુઓ વિચારીને ચેતવા જેવું છે. અને અશુભના ઉદયવાળાઓએ એવી કાર્યવાહીમાં જોડાવું જોઈએ કે જેથી ભવિષ્યમાંય ધર્મ અને પરિણામે મુક્તિ મળે.

### શોકગ્રસ્ત સુગ્રીવની વિચારણા

હવે પોતાની કિષ્કિંધાપુરીની બહારના એક આવાસમાં રહેલા સાચા સુગ્રીવે પોતાનું માથું નમાવીને એ પ્રમાણે વિચારવા માંડ્યું કે, “આ અમારો શત્રુ કોઈ સ્ત્રીલંપટ અને કુડ કપટમાં પ્રવીણ જણાય છે, અહો ! શત્રુની માયાથી વશ કરાયેલા મારા આત્મીયો પણ હાલ પરાયા બની ગયા છે. આ તો પોતાના જ અસ્ત્રોથી પોતે યુદ્ધમાં હારવા જેવું થયું. માયા અને પરાક્રમે કરીને ઉત્કૃષ્ટ એવા શત્રુને મારે કઈ રીતે હણવો ? પરાક્રમથી ભ્રષ્ટ અને વાલીના નામના લજાવનારા એવા મને ધિક્કાર હો ! તે મહાબળવાન અને અખંડ પુરુષવ્રતવાળા વાલીને ધન્ય છે કે જે રાજ્યને તૃણની માફક તજી દઈને પરમપદને પામ્યા. કુમાર ચન્દ્રરશ્મિ જોકે જગતમાં સૌથી બળવાન છે, પરંતુ બંનેના ભેદને નહિ જાણતો એવો તે કોનું રક્ષણ કરે અને કોને હણે ? અહો, ચન્દ્રરશ્મિએ એટલું તો જરૂર સારું કર્યું છે તેણે તે પાપીને અન્તઃપુરમાં પ્રવેશ કરતો અટકાવ્યો છે. મારા આ બળવાન શત્રુને હણવાને માટે હું કયા બળવાનનો આશ્રય કરું કારણકે પોતાના દ્વારા અગર તો બીજા દ્વારા પણ શત્રુઓ હણવાને જ યોગ્ય છે. મારા શત્રુનો સંહાર કરવાને માટે ત્રણે લોકમાં વીર અને મરુત્તના યજ્ઞનો ભંગ કરનાર એવા શ્રી રાવણને હું ભજું ? પણ તે તો પ્રકૃતિથી જ સ્ત્રીલંપટ

હોઈને, ત્રણ લોકમાં કંટક સમાન છે. એટલે તેનો જો હું આશ્રય કરું, તો તો એ મને અને પેલાને એમ બંનેને હણીને તરત જ તારાને પોતે જ ગ્રહણ કરશે. ત્યારે આવી સંકટમય અવસ્થામાં સહાય કરવાને સમર્થ અતિ કઠોર ખર રાક્ષસ હતો, પણ તે તો રાઘવ એટલે શ્રી લક્ષ્મણજી વડે હણાયો છે. માટે હું જઈને તે રામ અને લક્ષ્મણની મૈત્રી કરું કારણકે તત્કાળ શરણે આવેલા વિરાધને પણ તેઓએ રાજ્ય આપ્યું છે. અને હજુ સુધી પૂર્ણ પરાક્રમવાળા તેઓ, વિરાધના આગ્રહથી ત્યાં પાતાલલંકામાં જ રહેલા છે."



### પુદ્‌ગલરસિકને અહીં દુઃખ ને પરલોક પ્રતિકૂળ

આ પ્રમાણે સાચો સુગ્રીવ વિચાર કરે છે. આ વિચારણા કેવી છે ? કેવળ શત્રુના સંહારની ! કર્મથી લેપાએલા અને પૌદ્‌ગલિક પદાર્થોના મમત્વમાં ફસાએલા આત્માઓને માથે આફતો આવવી એ જેમ સહજ છે, તેમ ભયંકર વિચારણાઓ અને બની શકે તો ભયંકર આચરણાઓ પણ થવી સહજ છે. પુદ્‌ગલરસિકતાના ત્યાગમાં જે સુખ વર્ણવાયું છે, તેનો ખ્યાલ તમને આવે ખરો ? ત્યાગીને, આ જીવનમાં પણ પૌદ્‌ગલિક મમત્વના ત્યાગનું સુખ મળે અને દુર્ધ્યાન ન થાય, કર્મનિર્જરા થાય એટલે પરલોક પણ અનુકૂળ. પુદ્‌ગલના મમત્વમાં, પુદ્‌ગલનાં રસમાં લુબ્ધ બનેલાને અહીં મેળવવાનું, સાચવવાનું, ભોગવવાનું અને ન મળે કે આવેલું જાય તેનું દુઃખ, તેમજ એ બધાયમાં દુર્ધ્યાન થાય, પાપમય પ્રવૃત્તિ થાય, એટલે પરલોક પણ પ્રતિકુળ, પૌદ્‌ગલિક મમત્વના ત્યાગી જેવું સુખ, આ લોકમાં કે પરલોકમાં, પૌદ્‌ગલિક વસ્તુઓના મમત્વમાં લીન બનેલાઓને નથી જ હોતું, એ ખાસ સમજવાની જરૂર છે. બીજી વાત એ પણ વિચારવા જેવી છે કે આવી ભયંકર અવદશાને પામવા છતાં પણ સુગ્રીવને વૈરાગ્યના વિચાર કેમ ન આવ્યા ?

આજે કહેવાય છે કે, 'શું કરે ? દુઃખી થાય એટલે દીક્ષા લે !' આવું બોલનારાઓ આંખ સામે હજારો દુઃખીને જુએ છે, છતાં આવું

કેમ બોલી શકે છે ? જેટલાં દુઃખી થાય એટલાને વૈરાગ્ય આવે, એ શું બનવાજોગ છે ? નહિ જ. આવી વાતો કરનારાઓ બજારમાં ટુકડા રોટલા માટે ભમતા હોય છે. ગદ્ધાવૈતરું કરતાં હોય છે. પાપો કરીને પેટ ભરતાં હોય છે, છતાં એમને કેમ વૈરાગ્ય નથી થતો ?

**સભા :** એ તો કહે છે કે, 'અમે એવા નિર્બળ નથી કે એમ પેટ ભરવાને માટે દીક્ષા લઈ લઈએ.'

**પૂજ્યશ્રી :** આવું બોલનારાઓ ખરેખર ભયંકર પાપાત્માઓ છે. તેઓને એમનું પેટ ભરવાને માટે ગમે તેવા કરપીણ કાર્યો કરતાં શરમ આવતી નથી ! ગમે તેવી ગુલામી કરવામાં નિર્બળતા દેખાતી નથી ! બીજાઓ પેટ ભરવાને દીક્ષા લે છે એમ કહેનારા પાપાત્માઓને ભાગવતી દીક્ષા ઉપર કે ધર્મ ઉપર લવલેશ પ્રેમ હોય એમ લાગે છે ખરું ? માંગીને લાવવાનું અને મળે એ ખાવાનું, મળે તો ખાવાનું અને સંયમનું પાલન કરવાનું, એ કાંઈ સહેલી વાત નથી, માટે એવું યથેચ્છ બોલનારા એમ બોલે છે તો ખરા, પણ તેવાઓ સમજે છે કે સંયમ પાળવું એ સહેલું નથી ! નહિતર બદમાશી કરીને પેટ ભરનારા તેઓએ ક્યારનોએ આ વેષ પહેરી લેવાનો પણ કૂટ પ્રયત્ન કર્યો જ હોત.

### દીક્ષા વૈરાગ્ય ઉત્પન્ન થાય તો જ લેવાય

પહેલી વાત તો એ છે કે જેટલા દુઃખી એટલા જ દીક્ષા લે છે. એ વાત જ સર્વથા ખોટી છે. સારી જેવી મિલ્કત અને ઉત્તમ પરિવારાદિ ત્યજીને સંખ્યાબંધ આત્માઓ દીક્ષા લેવાને નીકળ્યા છે. અને નીકળે પણ છે, બીજી વાત એ છે કે દુઃખના યોગે પણ વૈરાગ્ય જન્મે તોય એ આત્મા ભાગ્યશાળી છે. પાપાત્માઓને મરણ પથારીએ પણ પ્રભુ યાદ આવતા નથી. અત્યારે સુગ્રીવને વૈરાગ્ય આવ્યો ? નહિ જ. કેમ ન આવ્યો ? જો દુઃખીને જ એટલે દુઃખી માત્રને જ વૈરાગ્ય આવતો હોય તો તો સુગ્રીવને પણ આવવો જ જોઈએ. પણ ભાગ્યવાનો ! વૈરાગ્ય તો તે પરમ પુણ્યાત્માઓના અંતરમાં ઉત્પન્ન થવા પામે છે કે જે પુણ્યાત્માઓમાં અમુક પ્રકારનો ક્ષયોપશમ થયો હોય. તેવા ક્ષયોપશમ વિના ગમે તેવા દુઃખમાં પણ વૈરાગ્ય ન આવે.

આથી સ્પષ્ટ છે કે દુ:ખી જ દીક્ષા લે એ નિયમ નથી જ. એ ખરું કે દીક્ષા માટે વૈરાગ્ય જરૂરી છે, પછી તે ગમે તે કારણે ઉત્પન્ન થયો હોય.

સુગ્રીવની વિચારણામાંથી એક વધુ વસ્તુ પણ સમજવા જેવી છે. સુગ્રીવે શ્રી રાવણનું શરણ સ્વીકારવાનો વિચાર કેમ માંડી વાળ્યો ? એણે એ વિચાર્યું કે ત્રણ ખંડમાં શ્રી રાવણ બળવાન છે, પણ પ્રકૃતિથી જ તે સ્ત્રીલંપટ છે, એટલે મને અને મારા શત્રુને મારીને તરત તારાને સ્વયં ગ્રહણ કરશે. સ્ત્રીલંપટ આત્માઓની કોઈપણ સ્થળે સારી આબરુ હોતી નથી. સજ્જનોને એવાઓ ઉપર વિશ્વાસ હોતો નથી. આમાંથી પણ શિક્ષણ શું લેવાનું ? એ જ કે કાંઈ નહિ તો છેવટે પરસ્ત્રી સહોદર બનવું. પરસ્ત્રી સહોદરપણું એ તો સામાન્ય સદ્‌ગુણોમાંનો એક સદ્‌ગુણ ગણાય છે. ઉત્તમ જૈનેતરોમાં પણ એ સદ્‌ગુણ હોય તો લોકોત્તર શાસનને પામેલા જૈનોમાં એ હોવો જોઈએ એમાં નવાઈ જેવું શું છે ? પણ આજે કઈ દશા છે ? જેઓ પરસ્ત્રી સહોદર નથી અને એમાં પાછા હોંશીયારી માને છે. તેઓ ધર્મ કરવાને કેટલી લાયકાત ધરાવે છે ? ખરેખર, પાપાત્માઓ તરફથી સુધારાને નામે આજે જેમ અનેક સદ્‌ગુણો ઉપર પૂળો મૂકાયો છે-તેમ આ સદ્‌ગુણ ઉપર પણ પૂળો મૂકાયો છે.

## સુગ્રીવે દૂતને પાતાલલંકામાં મોકલ્યો

હવે આગળ. આ પ્રમાણે વિચાર્યા બાદ સુગ્રીવે પોતાના એક વિશ્વાસપાત્ર દૂતને એકાંતમાં સ્વયં શિક્ષા આપીને વિરાધપુરી તરફ એટલે કે પાતાલલંકા તરફ મોકલ્યો. પાતાલલંકામાં જઈને, વિરાધને નમસ્કાર કરીને, પોતાના સ્વામીના દુ:ખનો વૃત્તાંત કહ્યા બાદ, સુગ્રીવના તે વિશ્વાસપાત્ર દૂતે વિરાધને કહ્યું કે, 'અમારા સ્વામી આવા મોટા કષ્ટમાં આવી પડ્યા છે. અને આપના દ્વારા રાઘવોનું એટલે કે શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીનું શરણ મેળવવાને ઇચ્છે છે.'

સુગ્રીવના દૂતે આ પ્રમાણે કહેવાથી વિરાધે કહ્યું કે, "ભલે, સુગ્રીવ જલ્દી આવો ! પુણ્યના યોગે જ સત્પુરુષોનો સંગ પ્રાપ્ત થાય છે. વિરાધ વડે આ પ્રમાણે કહેવાએલા દૂતે ત્યાંથી સુગ્રીવની પાસે આવીને એ હકીકત જણાવી.

હવે અશ્વોના કંઠાભરણોના શબ્દોથી સર્વ દિશાઓને ગજવતો અને વેગથી દૂરને સમીપ બનાવતો સુગ્રીવ ત્યાંથી ચાલી નીકળ્યો. અને ક્ષણવારમાં જેમ નજદીકના ઘરમાં પહોંચે તેમ પાતાલલંકામાં પહોંચ્યો ! ને સુગ્રીવ સીધો વિરાધની પાસે ગયો અને વિરાધે પણ હર્ષથી ઉભા થઈને તેનું સ્વાગત કર્યું. વિરાધ પણ આગળ થઈને તે સુગ્રીવને રક્ષક એવા શ્રી રામચંદ્રજીની પાસે લઈ ગયો. તેમને નમસ્કાર કરાવ્યા અને તેના દુઃખનું નિવેદન કર્યું.

સુગ્રીવે પણ શ્રી રામચંદ્રજીને એમ કહ્યું કે, 'છીંકને લાવવા માટે જેમ સૂર્ય જ શરણરૂપ છે, તેમ આ મારા દુઃખમાં આપ જ મારા શરણ છો.'

### સુગ્રીવની વિનંતીનો સ્વીકાર

શ્રી રામચંદ્રજી પોતે દુઃખી હતા. છતાં પણ સુગ્રીવના દુઃખનું શ્રવણ કરીને, તેઓએ તેના દુઃખને છેદવાનું કબૂલ કર્યું, ખરેખર, મહાપુરુષો પોતાના કાર્ય કરતાં પણ અધિક પ્રયત્ન પરકાર્યમાં કરે છે. દુનિયામાં સજ્જનનું એ જ લક્ષણ હોય છે કે તેઓ પરોપકાર રસિક હોય છે. પણ આનો અર્થ એ નથી કે પોતાના આત્માનું અનિષ્ટ કરીને પણ બીજાનું ભલું કરવા જવું ! એ ભૂલતા નહિ !

આ પછી શ્રીમતી સીતાદેવીનું હરણ થયાનો વૃત્તાંત વિરાધે સુગ્રીવને કહ્યો, એથી હાથ જોડીને, સુગ્રીવે શ્રી રામચંદ્રજીને વિજ્ઞપ્તિ કરી કે, 'વિશ્વનું રક્ષણ કરતા એવા આપને અને વિશ્વને પ્રકાશમાન કરતા સૂર્યને કોઈ કારણની અપેક્ષા હોતી નથી. છતાં હે દેવ ! હું કહું છું કે આપની કૃપાથી મારો શત્રુ હણાશે, એટલે સૈન્ય સહિત હું

આપનો અનુચર થઈને, શ્રીમતી સીતાદેવીની ખબર તરત જ લઈ આવીશ.' અને સુગ્રીવની સાથે શ્રી રામચંદ્રજી કિષ્કિંધાપુરી તરફ આવવાને નીકળ્યા અને પાછળ આવતા વિરાધને સમજાવીને પાછો મોકલ્યો.

શ્રી રામચંદ્રજી કિષ્કિંધાનગરીના દ્વાર આગળ આવી પહોંચ્યા. એટલે સાચા સુગ્રીવે જારસુગ્રીવને યુદ્ધનું આહ્‌વાન કર્યું. યુદ્ધના આહ્‌વાન માત્રથી જારસુગ્રીવ પણ ગર્જના કરતો આવ્યો. બ્રાહ્મણો જેમ ભોજન માટે આળસુ હોતા નથી, તેમ શૂરાઓ રણ માટે આળસુ હોતા નથી. પછી પોતાના દુર્ધર ચરણોપાતથી વસુંધરાને કંપાવતા તે બંનેય, વનના ઉન્મત્ત હાથીઓની માફક લડવા લાગ્યા. અને એક સરખા રૂપવાળા તે બંનેને જોઈને, કોણ આપણો અને કોણ પરાયો, એવા સંશયથી શ્રી રામચંદ્રજી ક્ષણવાર માટે તટસ્થ હોય તેમ જોઈ રહ્યા.

'ત્યારે તો આમ જ કરવું એ ઠીક છે.' એવા વિચાર કરતા શ્રી રામચંદ્રજીએ, વજ્રાવર્ત નામના ધનુષ્યના ટંકારને કર્યો. તેથી સાહસગતિની રૂપાંતર કરી વિદ્યા તે જ ક્ષણે હરિણીની માફક પલાયન કરી ગઈ અને તેનું રૂપ ફરી ગયું.



## એક જ બાણે માયાવી સુગ્રીવનો સંહાર

આ પછી, "હે પાપી ! માયાથી સર્વને મૂંઝવી નાંખીને પરદારાની સાથે તું રમવાને ઇચ્છે છે ? હવે ધનુષ્ય ચડાવ !" આ પ્રમાણે શ્રી રામચંદ્રજીએ તે સાહસગતિ વિદ્યાધરનો ભયંકર રીતે તિરસ્કાર કર્યો અને માત્ર એક જ બાણથી તેના પ્રાણ હરી લીધા. હરણને હણવામાં સિંહને બીજા ચપેટાની જરૂર પડતી નથી.

આ રીતે સાહસગતિ વિદ્યાધરને હણ્યા બાદ શ્રી રામચંદ્રજીએ વિરાધને જેમ તેના પાતાલલંકાના રાજ્ય ઉપર બેસાડ્યો હતો તેમ સુગ્રીવને પણ તેના કિષ્કિંધાપુરીના રાજ્ય ઉપર બેસાડ્યો. સુગ્રીવને

પણ તેના સેવક પ્રજાજન આદિ લોકોએ પૂર્વની માફક જ નમસ્કાર કર્યા. અર્થાત્ પૂર્વની માફક તેનો કોઈ દુશ્મન રહ્યો નહિ અને સૌ કોઈએ સુગ્રીવને પોતાના રાજા તરીકે પૂર્વવત્ સ્વીકારી લીધા.

ત્યારબાદ પોતાની સુંદર એવી તેર કન્યાઓને સ્વીકારવાની વાનરેશ્વર સુગ્રીવે શ્રી રામચંદ્રજીને હાથ જોડીને યાચના કરી. પણ આના ઉત્તરમાં શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, 'શ્રીમતી સીતાની શોધ કરવાનો પ્રયત્ન કરો ! આ કન્યાઓથી કે બીજી કોઈ વસ્તુથી શું ? અર્થાત્ 'મને નથી તો જરૂર આ કન્યાઓની કે નથી તો જરૂર બીજી કોઈ વસ્તુની માટે તમે શ્રીમતી સીતાની શોધ મેળવવાનો જ પ્રયત્ન કરો.' આ પ્રમાણે કહીને, બહારના ઉદ્યાનમાં જઈને શ્રી રામચંદ્રજી ત્યાં રહ્યા અને તેઓની આજ્ઞાથી સુગ્રીવે પોતાની કિષ્કિંધાનગરીમાં પ્રવેશ કર્યો.

**વિચારો કે કર્મની દશા બહુ ભયંકર છે**

આ પ્રસંગ તો અહીં પૂરો થયો પરંતુ એના ઉપરથી જે બોધ લેવાનો છે તે વિચારજો. કર્મની દશા બહુ ભયંકર છે. કઈ વખતે કઈ હાલત થશે ? એ નક્કી નથી. રાજાને ક્ષણવારમાં ભિખારી બનાવનાર અને સત્તાના શિખરેથી નીચે પટકનાર કર્મનો મહિમા અજબ છે. છતાં માણસો ભાન ભૂલીને પાપમાં રક્ત રહે છે. અર્થ અને કામમાં લુબ્ધ બનેલાઓ જો આ વિચાર કરે તો કેવું સારું ? અરે ! તેમની વાત તો દૂર રહી, પરંતુ અર્થ કામને બૂરા માનનારે તો વિચાર કરવો જોઈએ ને ? એની પાછળ જીંદગીને વેડફી નાંખવી, એનું પરિણામ શું આવશે ? કર્મની સત્તાને માનો છો ને ? કર્મની સત્તાને માનો યા ન માનો તો પણ એ પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ પરિણામ જોઈને પણ જે આત્માને પાપથી કંપારી ન છૂટે તે આત્માને કેવો માનવો ? નરકાદિનાં વર્ણન શા માટે ? કેવળ જાણવા માટે કે એ જાણીને પાપથી પાછા હઠવાને માટે ? પાપથી કંપારી છૂટે તો પાપ રસપૂર્વક થાય નહિ. પાપથી બચાવનારાઓ પરમ ઉપકારી લાગે અને પાપથી નિવૃત્ત થએલા આત્માઓ તરફ કલ્યાણનો સાધક એવો પૂજ્યભાવ પ્રગટ્યા વિના પણ રહે નહીં.

આપણે જોઈ આવ્યા કે વિરાધની માફક સુગ્રીવને પણ તેનું રાજ્યાદિ શ્રી રામચંદ્રજીએ અપાવ્યું હવે આ દરમ્યાન લંકામાં શું બન્યું ? તેનું વર્ણન શરૂ થાય છે. ખર આદિ હણાયાનો વૃત્તાંત જાણીને મંદોદરી આદિ શ્રી રાવણના અન્ત:પુરની સ્ત્રીઓ રૂદન કરવા લાગી. એ વખતે ચન્દ્રણખા અને સુન્દ બંને ત્યાં આવી પહોંચ્યા. વિરાધ જ્યારે પાતાલલંકા પાસે પહોંચ્યો. ત્યારે ખરપુત્ર સુન્દ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. પરંતુ જ્યાં શ્રી લક્ષ્મણજી રણમાં આવ્યા એટલે તેની માતા ચન્દ્રણખાની સૂચનાથી સુન્દ ત્યાંથી નાઠો. તે પોતાના પુત્ર સુન્દની સાથે શ્રી રાવણની બેન ચન્દ્રણખા રડતી રડતી બે હાથોથી છાતીને કૂટતી કૂટતી શ્રી રાવણના ઘરમાં આવી પહોંચી.

શ્રી રાવણને દેખતાંની સાથે જ તેના કંઠે વળગી પડીને ઉચ્ચ સ્વરે રડતી ચન્દ્રણખાએ કહ્યું કે, 'હે બંધુ ! અરે, દૈવ વડે હું હણાઈ ગઈ. મારો પુત્ર હણાયો. મારા પતિ હણાયા. અને મારા બે દિયર પણ હણાઈ ગયા. એટલું જ નહિ પણ ચૌદ હજાર સૈનિકો પણ હણાયા. અને હે ભાઈ ! તું જીવતો હોવા છતાં પણ ગર્વિષ્ઠ બનેલા દુશ્મનોએ તારી અર્પણ કરેલી પાતાલલંકાની રાજધાની પણ છીનવી લીધી. આથી હું ત્યાંથી મારા પુત્ર સુન્દની સાથે જીવ લઈને નાઠી અને અહીં તારે શરણે આવી છું. માટે હવે તું કહે કે મારે ક્યાં જઈને રહેવું ?"

સૌષ્ઠવવાળા શ્રી રાવણે રડતી એવી પોતાની બેન ચન્દ્રણખાને આશ્વાસન આપતા હોય તેમ સમજાવ્યું કે "તારા પતિને અને તારા પુત્રને હણનારનો હું થોડા જ કાળમાં નાશ કરીશ."

હવે આ શોકથી શ્રીમતી સીતાદેવીના વિરહની પીડાથી શ્રી રાવણ, ફાળ ચૂકેલા વ્યાઘ્રની જેમ શય્યામાં પડ્યા રહ્યા છે. એ વખતે દેવી મંદોદરી ત્યાં આવીને શ્રી રાવણને કહે છે કે, "હે સ્વામિન્ ! એક સામાન્ય આદમીની જેમ નિશ્ચેષ્ટ થઈને આપ કેમ પડ્યા છો ?"

શ્રી રાવણે પણ એમ કહ્યું કે "શ્રીમતી સીતાના વિરહરૂપ જ્વરથી પીડાતો એવો હું કોઈપણ પ્રકારની ચેષ્ટા કરવાને સમર્થ નથી. કાંઈપણ બોલવાને સમર્થ નથી અને કાંઈપણ અવલોકવાને પણ સમર્થ નથી. હે માનિની ! જો તું મને જીવતો રાખવાને ઈચ્છતી હો તો, માનનો ત્યાગ કરીને શ્રીમતી સીતાની પાસે જા અને એવી વિનંતી કર કે મારી સાથે ક્રીડા કરવાનું ઈચ્છે. મેં ગુરુની સાક્ષીએ નિયમ ગ્રહણ કર્યો છે કે, "ગમે તેમ થાય તો પણ મને નહિ ઈચ્છતી એવી પરનારીને હું ભોગવીશ નહિ. એ નિયમ મને અત્યારે બાધક થઈ પડ્યો છે."

### વિષયના સાધનોથી બને તેમ દૂર રહેવું

વિષયાધીન દશા શ્રી રાવણ જેવાની પાસે પણ શું બોલાવે છે ? અત્યારની એ વિષય દશાનું વર્ણન કેમ થઈ શકે ? ખરેખર, વિષયની વાસનાને ઉત્પન્ન કરનારાં સાધનોથી પણ કલ્યાણ કામીએ જેમ બને તેમ દૂર જ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. આત્મા વિષયાભિમુખ, વિષયરક્ત, વિષયાધીન બની ગયા પછી તેને તે વખતે જ પાછો હઠાવવો બહુ મુશ્કેલ છે. માટે એવો વિચાર પણ ઉત્પન્ન ન થાય એવી કાળજી રાખવી જોઈએ, અને એ માટે વિષયના સાધનોથી પણ દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**સભા :** શ્રી રાવણ સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં પણ એમ કહે છે કે 'ગુરુની સાક્ષીએ લીધેલો, મને નહિ ઈચ્છતી એવી પરસ્ત્રીને હું કદી નહિં ભોગવું-એ નિયમ અત્યારે બાધક થઈ પડ્યો છે.' એ શું કહેવાય ?'

**પૂજ્યશ્રી :** વિષયાધીનતા એ કેવી ભયંકર વસ્તુ છે. એનું જ એ દ્વારા પણ સૂચન થાય છે. વિષય વાસનાને પરવશ બનેલા શ્રી રાવણ અત્યારે માત્ર એ જ નિયમના યોગે શ્રીમતી સીતાદેવી ઉપર બળાત્કાર કરી શકતા નથી. આટલું છતાં પણ શ્રી રાવણને, ગ્રહણ કરેલા એ નિયમ પ્રત્યે અસદ્‌ભાવ નથી. જો અસદ્‌ભાવ હોત તો ક્યારનોએ એ નિયમનો ભંગ થઈ ચૂક્યો હોત. તેઓ શ્રીમતી સીતાદેવીની સાથે ક્રીડા કરવાને કેટલા બધા આતુર છે. એ તો આ

વર્ણન ઉપરથી સહેજે કલ્પી શકાય તેમ છે. છતાં એટલી તીવ્ર આતુરતા હોવા છતાં પણ, તેઓ પોતાના નિયમને વળગી રહ્યા છે. એ જ સ્થિતિ ખાસ વિચારવા જેવી છે. પોતાના નિયમનું પાલન કરવાનો સંપૂર્ણ ઇરાદો છે, માટે તો એવા સામર્થ્યશાળી પણ શ્રી રાવણ શ્રીમતી સીતાદેવીના પગમાં પડે છે. પ્રાર્થનાઓ કરે છે સત્તા અને ઋદ્ધિ બતાવીને તેમને લલચાવવાના પ્રયત્નો કરે છે. અને છેવટે મંદોદરી દેવીને પણ માન ત્યજીને શ્રીમતી સીતાદેવીની પાસે જઈને મનાવવાનું કહે છે. બાકી આ પ્રસંગ ઉપરથી તો જેમ વિષયવાસનાની ભયંકર દુ:ખદાયિતા સમજવાની છે, તેમ પ્રતિજ્ઞાપાલન સંબંધી શ્રી રાવણની મક્કમતા પણ સમજવા જેવી છે.

પોતાના પતિની પીડાથી પીડિત થયેલી કુલીન એવી તે મંદોદરીદેવી પણ તે જ ક્ષણે 'દેવરમણ' નામના ઉદ્યાનમાં ગઈ અને શ્રીમતી સીતાજીને તેણે કહ્યું.

"આ હું મન્દોદરી નામની શ્રી રાવણની પટ્ટરાણી છું. હું તારા દાસીપણાને સ્વીકારીશ. પણ તું શ્રી રાવણને ભજ. હે શ્રીમતી સીતા ! તું જ ધન્ય છે. કારણ કે જેના ચરણકમળ વિશ્વસેવ્ય છે, તે મારા મહાબળવાન પતિ રાતદિવસ તારી સેવા કરવાને ઇચ્છે છે. જો શ્રી રાવણ જેવા પતિની તને પ્રાપ્તિ થાય છે તો અદ્યાપિ ભૂચર, બિચારા અને સામાન્ય એવા તારા પતિ રામ વડે શું ?

### સતીત્વના પાલનની દરકાર ક્રોધ ઉપજાવે

શ્રીમતી સીતાજી જેવા સતી આવું સાંભળી લે ? આ જગ્યાએ કોઈપણ સ્ત્રી હોય, પણ જો તે સતી હોય, તો એને ક્રોધ આવ્યા વિના રહે નહીં. ઉત્તમ આત્માઓ ક્રોધ લાવતા નથી. પણ આવા પ્રસંગે ઉત્તમ આત્માઓને ક્રોધ આવી જ જાય છે. સતીત્વને ઇષ્ટ માનનારો કોઈપણ આવા સમયે શ્રીમતી સીતાજીને ક્રોધ ચઢે અને ગેરવ્યાજબી નહિ ગણે. ક્રોધમાં આવીને શ્રીમતી સીતાજી મંદોદરીને કડકમાં કડક શબ્દો કહે, તે પણ તેમના સતીત્વ પ્રેમનું જ સૂચન કરાવનાર ગણાય.

સતીત્વના પાલનની દરકારથી જ એવો ક્રોધ આવે છે અને કડકમાં કડક શબ્દો પણ એથી જ બોલાઈ જાય છે.

આવી જ સ્થિતિ ધર્મમાં સમજી લેવી જોઈએ. જેટલા ધર્મી એટલા વીતરાગ, એમ તો નથી ને ? જેટલા સાધુ એટલા વીતરાગ, એમ તો નથી ને ? ધર્મમાં સમર્પિત થએલા આત્માના કષાયાદિ પ્રશસ્ત સ્વરૂપ પકડે છે કારણકે પૌદ્ગલિક અભિલાષાઓનો ત્યાગ કરીને એક મોક્ષને જ માટે પ્રયત્નશીલ બનેલા આત્માઓને, જ્યારે પોતાના ઉપર આફત આવે છે ત્યારે પ્રાયઃવધુ સમતા પ્રગટે છે. પણ એના એ આત્માઓમાં, મોક્ષમાર્ગની ઉપર આફ્ત આવે ત્યારે કષાય પ્રગટ્યા વિના રહેતો નથી. મોક્ષમાર્ગ પ્રત્યેના અનુપમ રાગથી, મોક્ષમાર્ગ ઉપર આફત આવતાં, મોક્ષમાર્ગના આરાધકના અંતરમાં જે કષાય પ્રગટે એ પ્રશસ્ત જ કહેવાય. એ કષાય નિંદવા યોગ્ય નથી, પરંતુ એ કષાયને પ્રગટવાના કારણરૂપ જે મોક્ષમાર્ગ પ્રત્યેના અનુપમરાગની દશા તે એકાંતે પ્રશંસાને જ પાત્ર છે. કારણકે તે કર્મનિર્જરાની સાધક છે. પ્રશસ્ત રાગમાં એ તાકાત છે કે તે આત્માને વીતરાગદશા પ્રાપ્ત કરવામાં સહાયક જ નિવડે છે. પણ વિઘ્નકર નિવડતો નથી જ.

ધર્મ ઉપર આફત આવે અને વીતરાગ નહિ બનેલા ધર્મી બાહ્ય સમતા ભજ્યા કરે એ બનવાજોગ જ નથી. છતાં જ્યારે એવી *બાહ્ય. સમતા ભજાય, ત્યારે તો એનો અર્થ એટલો જ છે કે એના* અંતરમાં મોક્ષમાર્ગ પ્રત્યે જેવો જોઈએ તેવો રાગ હજુ સુધી પ્રગટ્યો નથી પોતે અશક્ત હોય અને આક્રમણની સામે ધસીને જઈ શકે એમ ન પણ હોય એ બનવાજોગ છે. કૌવતના અભાવે તો કદાચ સાચું પણ જાહેરમાં ન બોલી શકે એ બને, પરંતુ સાચો રાગ હોય તો એના અંતરમાં બળતરા ન હોય, એ બનવાજોગ જ નથી. મોક્ષમાર્ગ પ્રત્યે રાગ હોય તો મોક્ષમાર્ગ ઉપર આફત આવે એથી બળતરા થયા વિના ન રહે અને એ બળતરાના યોગે હૃદયમાં એ એમ જ ઇચ્છ્યા કરે

કે ક્યારે શાસનના દુશ્મનો દૂર થાય. વળી શાસનના દુશ્મનોને દૂર કરવાના કાર્યમાં પડેલા આત્માઓની પણ એ અનુમોદના જ કર્યા કરે અને બને તેટલી સહાય આપવાનું પણ ચૂકે જ નહિ.

**પ્રશસ્ત કષાય અવસરે આપોઆપ ઉત્પન્ન થઈ જ જાય છે**

પ્રશસ્ત કષાયને ઉત્પન્ન કરવા પડતા નથી. પરંતુ અવસરે તે આપોઆપ ઉત્પન્ન થઈ જ જાય છે. જે વસ્તુ ઉપર રાગ હોય છે તે વસ્તુની લૂંટ રાગીથી ખમી શકાતી નથી. જે વસ્તુને આત્મા તારક માને, તે વસ્તુ ઉપરની આફત એ સહી શકતો નથી. ધર્મના રાગીમાં પ્રશસ્ત કષાય ઉત્પન્ન થવો એ તદ્દન સ્વાભાવિક છે. સાચો ધર્મી દુનિયામા સંરક્ષવા લાયક એક મોક્ષમાર્ગ જ છે એમ માનતો હોય છે. પોતાની પૌદ્ગલિક ઋદ્ધિ આદિ જાય ત્યારે તો એને ભાગ્યાધીન માને. પોતાની કોઈ નિંદા કરે તો એને એ પોતાનો અશુભનો ઉદય માને, પણ મોક્ષમાર્ગ ઉપર આફત આવે ત્યારે તો એનું કૌવત ઉછાળા મારે. એના અંતરમાં સ્વાભાવિક રીતે જ પ્રશસ્ત કષાય પ્રગટે અને એ પોતાની સઘળી શક્તિ અને સામગ્રીના ભોગે પણ મોક્ષમાર્ગ ઉપરના આક્રમણને ટાળવાને ઈચ્છે. ધર્મનો અવિહડ અનુરાગ આ સ્થિતિ અવશ્ય ઉત્પન્ન કરે છે.

આમાં એ બીજાઓનું બુરું ચિંતવતો નથી. ધર્માત્મા તો સારાય વિશ્વનું કલ્યાણ થાઓ એવી ભાવનાવાળો હોય. પણ એવી ભાવના છતાં મોક્ષમાર્ગ ઉપર જ આક્રમણ આવે ત્યારે લમણે હાથ દઈને એ બેસી ન રહે. સામાનું બુરું નહિ ઈચ્છવા છતાં અને સામાનું ભલું ચિંતવવા છતાં પણ એ મોક્ષમાર્ગ ઉપર આવેલું આક્રમણ ટાળવાનો શક્તિ મુજબ સઘળો પ્રયત્ન કરી છૂટે એ વિના એને ચેન ન પડે, તેવો પ્રયત્ન એ ન કરી શકે તોય એનું અંતર દુઃખ અનુભવે.

# મોક્ષમાર્ગ ઉપર આક્રમણ એ ધર્માત્માઓ માટે કસોટી

# ૧૧

ધર્માત્માઓ મોક્ષમાર્ગને પોતાના પ્રાણ-ત્રાણ અને જીવન માનતા હોય છે. તેથી સીતાદેવી જેમ શીલ સામે પ્રશ્ન ઉપસ્થિત થયો તો આક્રોશપૂર્વક રાવણને અને રાવણનું દૂતીપણું લઈને આવેલા શ્રી મન્દોદરીને તિરસ્કારપૂર્વક નકારી શક્યાં, તેમ મોક્ષમાર્ગ ઉપર આપત્તિ આવે કે મોક્ષમાર્ગની સાધનાના આધારરુપ દેવ-ગુરુ આદિ ઉપર આપત્તિ આવે ત્યારે ધર્માત્માઓ હાથ જોડીને બેસી ન રહે. તેઓને કષાયો બોલાવવા ન પડે, પ્રશસ્ત કષાયોનો એ સ્વભાવ જ છે કે અવસરે આપોઆપ હાજર થઈ જાય. કારણકે આ આપત્તિને એ લોકો પોતાની કસોટી સમજતા હોય છે.

પ્રસ્તુત પ્રકરણમાં શ્રી સીતાદેવીએ અબળા છતાં સબળાપણું બતાડ્યું છે. તે વાતના વર્ણન સાથે શ્રી બિભીષણની અવગણના, કામાધીન રાવણની વિવિધ ચેષ્ટાઓ આદિનું અને સીતાશોધમાં રત્નજટી દ્વારા સીતાહરણના સમાચાર જાણી શ્રી રામચન્દ્રજીનું લંકા માટે મન ઉત્કંઠિત થવું, શ્રી લક્ષ્મણજી દ્વારા કોટિશિલાનું ઉપાડવું, દૂત તરીકે શ્રી હનુમાનની વરણી, આદિ વૈવિધ્યપૂર્ણ વાતો વર્ણવાઈ છે.

-શ્રી

# મોક્ષમાર્ગ ઉપર આક્રમણ એ ધર્માત્માઓ માટે કસોટી

★ શ્રીમતી સીતાદેવીએ ક્રોધમાં આવીને કહેલા કડક શબ્દો
★ કામવાસનાને કાબૂમાં રાખે તે જ આરાધના કરી શકે
★ પતિનું ઉન્માર્ગગામીપણું પોષવું એ સતીધર્મ નથી
★ શ્રી રાવણે કરેલ ભયંકર ઉપસર્ગ
★ અબળા ગણાતી સતી સબળા પણ બની શકે
★ શ્રી બિભીષણ અને શ્રી રાવણ વચ્ચે વાતચીત
★ આત્માનો સાચો રક્ષક આત્મા પોતે જ છે
★ કામાવેશમાં બળવાન પણ નિર્બળ બની જાય છે
★ સારી, સાચી અને હિતકર વાત બધાયને ન રુચે
★ શાસનના દરેક સેવકની જરુરી અને ઉત્તમ ફરજ
★ કરવા યોગ્ય કરવામાં બેદરકાર ન બનો
★ મુનિવરોને શાસ્ત્ર ચક્ષુરુપ છે
★ શ્રીમતી સીતાદેવીની શોધમાં સુગ્રીવના સૈનિકો
★ રત્નજટી વિદ્યાધર દ્વારા શ્રીમતી સીતાજીના સમાચાર
★ શ્રી લક્ષ્મણજીએ કોટિશિલા ઉપાડી
★ સત્યપ્રિય આત્માઓ મોટાભાગે સત્યનો પક્ષ કરનારા હોય છે
★ શ્રી રામચન્દ્રજીએ કહેવડાવેલો સંદેશો

૧૧

## મોક્ષમાર્ગ ઉપર આક્રમણ એ ધર્માત્માઓ માટે કસોટી

મોક્ષમાર્ગ ઉપરના આક્રમણના પ્રસંગો એ ધર્માત્માઓને માટે કસોટીના પ્રસંગો છે, એમ પણ એક રીતે કહી શકાય તેમ છે. એ વખતે દરેક ધર્મી આત્મા પોતાના ધર્મપ્રેમનું માપ કાઢી શકે છે. પોતાના ધર્મરાગને એ એવા પ્રસંગે બરાબર તાવી શકે છે. સાચો રાગ એવા સમયે ઉછાળો માર્યા વિના રહે નહિ અને એ ઉછાળો પ્રશસ્ત કષાય પ્રગટાવ્યા વિના પણ રહે નહિ. સતીના સતીત્વની કસોટી જેમ આફત સમયે થઈ જાય છે, તેમ ધર્મીના ધર્મરાગની કસોટી પણ આફત આવે ત્યારે થઈ જાય છે.

સતી સ્ત્રીઓ જેમ પોતાના પતિની નિંદાને સાંભળી શકતી નથી. તેમ ધર્માત્માઓ પણ પોતાના તારક દેવ,ગુરુ અને ધર્મની નિંદાનું શ્રવણ કરી શકતા નથી. સતી સ્ત્રીઓને માટે જેમ પોતાના પતિ ઉપર આવેલી આફત અસહ્ય નીવડે છે, તેમ ધર્મી આત્માને માટે સુદેવ - સુગુરુ સુધર્મ ઉપર આવેલી આફત અસહ્ય નીવડે છે. સતી સ્ત્રીઓ જેમ પોતાના શીલની રક્ષાને માટે પોતાના જાનની પણ અવસરે કુરબાની કરી દેવામાં પાછી પડતી નથી. તેમ ધર્માત્માઓ પણ દેવ-ગુરુધર્મને માટે કદાચ કુરબાન થઈ જવાનો વખત આવે, તો તેને માટે પણ તૈયાર રહે છે. જેમ એવી સતીઓ જ પ્રાયઃ પોતાના સતીત્વનું અવસરે સંરક્ષણ કરી શકે છે તેમ ધર્મીઓ પણ મક્કમ હોય તો જ દેવ- ગુરુ ધર્મ ઉપરની ભયંકર આફતના પ્રસંગે તે તારકની વાસ્તવિક સેવામાં ટકી શકે છે.

## શ્રીમતી સીતાદેવીએ ક્રોધમાં આવીને કહેલા કડક શબ્દો

અહીં જ્યારે મંદોદરીએ શ્રી રાવણના કહેવાથી શ્રીમતી સીતાજીની પાસે આવીને શ્રી રાવણને ભજવાનું કહ્યું ત્યારે એના ઉત્તરમાં શ્રીમતી સીતાદેવી કેવી રીતે કેવા કડક શબ્દોમાં કહે છે, એ સાંભળી અને વિચારીને આપણે પણ ધર્મ ઉપરના આક્રમણ સમયે શું કરવું જોઈએ ? એ વિચારવા જેવું અને સમજ્યા જેવું છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રીમતી સીતાજીએ મંદોદરીને જે સંભળાવ્યું તેનું વર્ણન કરતાં ફરમાવે છે કે -

*"रुषा बभाषे सीतैवं, क्व सिंहः क्व च जंबुकः ।*
*क्व सुपर्णः क्व वा काकः क्व रामः क्व च ते पतिः ।।१।।"*
*"दम्पतित्वमहो युक्तं, तव तस्य च पाप्मनः ।*
*रिरंसुरेकोऽन्यस्त्रीषु, दूतीभवति चापरा ।।२।।"*
*"दृष्टुमप्युचिता नासि, किमु संभाषितुं हले ।*
*स्थानादितो गच्छ गच्छ, त्यज दृष्टिपथं मम ।।३।।"*

મન્દોદરી દેવીને શ્રીમતી સીતાજીએ રોષથી એવું કહ્યું કે ક્યાં સિંહ અને ક્યાં શિયાળ ? ક્યાં ગરુડ અને ક્યાં કાક પક્ષી ? તેમ ક્યાં મારા પતિ શ્રી રામચંદ્રજી અને ક્યાં તારો પતિ શ્રી રાવણ ? અર્થાત્ રામ જો સિંહ છે, તો શ્રી રાવણ શિયાળ છે. અને રામ જો ગરુડ છે, તો શ્રી રાવણ કાકપક્ષી છે. સિંહ અને શિયાળની વચ્ચે તથા ગરુડ અને કાક પક્ષીની વચ્ચે જેટલું અંતર છે-તેટલું અંતર મારા પતિ શ્રી રામચંદ્રજી અને તારા પતિ શ્રી રાવણની વચ્ચે છે. ખરેખર, તારું અને તે પાપીનું દંપતિપણું તો યુક્ત જ છે, કારણ કે તારો તે પાપી પતિ અન્ય સ્ત્રીઓની સાથે રમવાને ઇચ્છે અને તું એની દૂતીનું કામ કરે છે. અર્થાત્ એક અન્ય સ્ત્રીઓમાં રમવાની ઇચ્છાવાળો છે અને બીજી એ કામમાં દૂતી થાય છે અરે, તું તો જોવાને લાયક પણ સ્ત્રી નથી. તો પછી તું સંભાષણને લાયક તો ક્યાંથી જ ગણાય ? માટે આ સ્થાનથી તું જા, જા ! અને મારા દૃષ્ટિપથને તજ. અર્થાત્ તારું મોઢું પણ જોવા લાયક નથી. માટે તું અહીંથી ચાલી જા અને મને તારું મોઢું પણ બતાવ નહિ.'

આ શબ્દો જેવા તેવા છે ? ઓછા કડક છે ? આ શબ્દો કોણે બોલાવ્યા ? એક સ્ત્રી આવીને પોતાના ધણીની સાથે ક્રીડા કરવાની

અન્ય સતી સ્ત્રીને વિનંતી કરી, ત્યારે સતી સ્ત્રીને ક્રોધ ન ચઢે એ બનવાજોગ જ નથી, તેમ જૈન ગણાતાઓ પાસે રહીને, સાથે ઉભા રહીને, જૈન ધર્મનો નાશ કરાવવાનો પ્રયત્ન કરવા તે સમયે જૈનધર્મના કોઈપણ રાગીને પ્રશસ્ત કષાય આવ્યા વિના રહે નહિ. ધર્મનો રાગ ધર્મનાશને સહી શકે જ નહિ.

શ્રી રાવણ મન્દોદરીને મોકલ્યા બાદ પોતે પણ પાછળ આવે છે. કામી બનેલા આત્માઓની એવી દશા થાય એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. અત્યારે તો શ્રી રાવણ આ એક જ ધૂનમાં છે ને ? ખરેખર, એવી ધૂન જો પ્રભુશાસનની આરાધના કરવામાં આવી જાય તો મુક્તિ હાથવેંતમાં જ છે, પણ મોક્ષમાર્ગની આરાધના કરવામાં આવી પ્રબલ ધૂન તો કોઈ ઉત્તમ આત્માઓમાં જ આવે છે.

તે વખતે શ્રી રાવણ ત્યાં આવે છે અને શ્રીમતી સીતાદેવીને કહેવા લાગ્યો કે "હે શ્રીમતી સીતા ! તું શા માટે ક્રોધ કરે છે ? મન્દોદરી તો તારી દાસી છે અને હું સ્વયં પણ તારો દાસ છું. માટે હે દેવી ! તું કૃપા કર ! હે જાનકી ! દૃષ્ટિથી પણ તું આ દાસજનને કેમ પ્રસન્ન કરતી નથી ?' શ્રી રાવણે આ પ્રમાણે કહ્યું., એનો ઉત્તર પણ શ્રીમતી સીતાદેવીએ જેવો તેવો નથી આપ્યો. પરાઙ્મુખી થઈને મહાસતી શ્રીમતી સીતાદેવીએ શ્રી રાવણને કહ્યું કે, "રામની ગૃહિણી એવી મને હરતો એવો તું યમરાજની દૃષ્ટિ વડે દેખાયો છે અર્થાત્ તારો કાળ હવે નજદીક આવ્યો છે. અપ્રાર્થિતની પ્રાર્થના કરનારા અને હતાશ એવા તારી આશાને ધિક્કાર હો ! શત્રુઓના કાળરૂપ લઘુ બંધુવાળા રામની પાસે તું કેટલો કાળ જીવી શકવાનો છે ?'

## કામવાસનાને કાબૂમાં રાખે તે જ આરાધના કરી શકે

આવી રીતે શ્રીમતી સીતાદેવી વડે આક્રોશ કરાયા છતાં પણ શ્રી રાવણ તો વારંવાર એમને એમ જ બોલ્યા કરે છે અર્થાત્ શ્રીમતી સીતાદેવીને પ્રસન્ન થવાની વારંવાર પ્રાર્થના કર્યા કરે છે. અહીં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, *'धिगहो ! कामावस्था बलीयसी !'* ખરેખર, કામાવસ્થા બળવાન જ છે અને એને આધીન થએલાઓ ધિક્કારપાત્ર

કાર્યો કરવામાં પણ પ્રવૃત્ત થઈ જાય છે. એની વાસનાથી જે બચે, તે આત્માઓ ધારે તો મોક્ષમાર્ગે ઘણા ઉત્તમ પ્રકારની પ્રવૃત્તિને કરી શકે છે. એ વાસના ઉપર કાબૂ મેળવ્યા વિના મોક્ષમાર્ગની આરાધના બરાબર થઈ શકતી નથી. આથી મોક્ષના અર્થીઓએ તો સદા એ વાસના ઉપર કાબૂ મેળવવાનો જ પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

## પતિનું ઉન્માર્ગગામીપણું પોષવું એ સતીધર્મ નથી

આપણે જોઈ ગયા કે પોતાના બનેવી તથા ભાણેજ આદિ હણાવાના શોકથી તેમજ શ્રીમતી સીતાદેવીના વિરહથી શ્રી રાવણની કેવી દુર્દશા થઈ છે. સાધારણ મનુષ્યની જેમ તે નિશ્ચેષ્ટ જેવી દશામાં શય્યા ઉપર આળોટે છે અને જ્યારે મન્દોદરી દેવી આવીને તેનું કારણ પૂછે છે, ત્યારે કહે છે કે, 'સીતાના વિરહરૂપ જ્વરથી પીડાતો એવો હું ચેષ્ટા કરવાને માટે, બોલવાને માટે કે જોવાને માટે પણ સમર્થ નથી.' વધુમાં પોતાની પત્ની મન્દોદરીદેવીને શ્રીમતી સીતાદેવીને સમજાવવાનું કહે છે કામાધીનતા એ કેવી ભયંકર વસ્તુ છે પોતાની ખુદ પટ્ટરાણીને શ્રી રાવણ આ પ્રમાણે કહે છે. એ ઓછી કમ વિવશતા છે ? કહે છે કે 'મને જીવાડવો હોય તો હે માનિની ! તું માન તજીને તેની પાસે જા અને સમજાવ.'

શ્રી રાવણનું આ કથન મન્દોદરીદેવી સ્વીકારે છે, એ પણ રાગદશાના સ્વરૂપનું ભાન કરાવનાર છે. મન્દોદરીના આ વર્તન ઉપરથી એવો બોધ કોઈએ પણ લેવા જેવો નથી કે, પતિની વિષયાભિલાષાને સંતોષવાના ઈરાદે પરનારીને શીલથી ભ્રષ્ટ થવાને માટે સમજાવવા જવું, એ સતી સ્ત્રીઓનો ધર્મ છે. પતિના આત્મકલ્યાણને ઈચ્છતી સતીઓએ તો એવા ઉપાયો યોજવા જોઈએ કે, જેથી પતિ વિષય અને કષાયથી વિમુખ બને, વિષયનો સર્વથા ત્યાગ ન પણ કરી શકે, તો ય પરનારી સહોદર બને, પતિના જીવનની સાચી સંગિની સતીઓનો એ ધર્મ છે કે, જ્યાં સુધી સંસારમાં હોય ત્યાં સુધી પતિની ધર્મને અબાધકપણે સેવા કરવા સાથે, પતિને વિષય અને કષાયરૂપ સંસારથી વિમુખ બનાવવાનો પ્રયત્ન કર્યા કરવો. પતિની ધર્મઘાતક ઈચ્છાઓને આધીન થઈ જવું

અગર પોતાના સ્વાસ્થ્ય ખાતર પતિના ઉન્માર્ગગામીપણાને પોષવું, એ સતી સ્ત્રીઓને માટે ઉચિત છે એમ કોઈથી કહી શકાય જ નહિ, માટે મંદોદરીદેવીના વર્તનને સાંભળી એવો બોધ લેવા જેવો નથી એ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

મન્દોદરીના એ વર્તનને માટે સતી શ્રીમતી સીતાદેવીએ કેટલા કડક શબ્દો કહ્યા છે એ યાદ છે ? શ્રીમતી સીતાદેવીએ રોષમાં આવીને એમ કહ્યું કે, "વાહ ! તારું અને પાપી શ્રી રાવણનું દામ્પત્ય તો ખરેખર યુક્ત છે. કારણ કે એક પરસ્ત્રીઓમાં રક્ત છે અને બીજી એની જ દૂતી થાય છે. ખરેખર, તું સાંભળવાને તો લાયક નથી પણ જોવાને ય લાયક નથી. માટે તું અહીંથી મારી આંખ સામેથી દૂર થા !" આ શબ્દો સમજીને ય મંદોદરીદેવીના વર્તનને સતીધર્મ માનવાની ભૂલ ન કરતા.

એટલામાં શ્રી રાવણ ત્યાં આવી પહોંચ્યા શ્રી રાવણે પણ શ્રીમતી સીતાદેવીને કેવી પ્રાર્થના કરી, તેમજ તેનોય શ્રીમતી સીતાદેવીએ પરાઙ્મુખી બનીને કેવો ઉત્તર આપ્યો, એ પણ આપણે જોઈ ગયા છીએ અને એ વાત પણ જોવાઈ ગઈ કે શ્રીમતી સીતાદેવી તરફથી આક્રોશ કરાવા છતાં પણ શ્રી રાવણ તો એવી જ રીતે પ્રાર્થના કર્યા કરે છે.

આ પછી ઉત્પ્રેક્ષા કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, જાણે વિપત્તિમાં મગ્ન એવી શ્રીમતી સીતાને જોવાને માટે અસમર્થ હોય તેમ તેજનો ભંડાર એવો સૂર્ય પશ્ચિમ લવણ સમુદ્રમાં ડૂબી ગયો.

### શ્રી રાવણે કરેલ ભયંકર ઉપસર્ગ

જ્યારે આમ થયું  એટલે શ્રી રાવણમાં કામની સાથે ક્રોધે પણ પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરી દીધું. દુર્ગુણનો એ સ્વભાવ હોય છે કે એક દુર્ગુણ અનેક દુર્ગુણોને જન્માવે ! વિષયનો એ સ્વભાવ છે કે વિષય પોતાની પાછળ ક્રોધને પણ પ્રાય: ખેંચી લાવે છે. અહીં પણ એવું જ બન્યું હવે ઘોર એવી રાત્રિ પ્રવર્તી અને ક્રોધ તથા કામમાં અંધ બનેલા ઘોર બુદ્ધિવાળા શ્રી રાવણે શ્રીમતી સીતાદેવી ઉપર ઉપસર્ગો કરવાનું શરૂ કર્યું. વિષયનો આ રાગ કેવો ? થોડી ક્ષણો પૂર્વે જેને શ્રી

રાવણ પ્રાર્થના કરતા હતા. પોતાની પટ્ટરાણી જેની દાસી થઈને રહે છતાં તે માને તો સારું એમ ઈચ્છતા હતા, તે શ્રી રાવણ એ જ શ્રીમતી સીતાદેવી ઉપર ઘોર રાત્રિમાં ઘોર બુદ્ધિવાળા બનીને ઉપસર્ગ કરવા માંડે છે અને તે પણ ક્રોધ તથા કામમાં અંધ બનીને એટલે એમાં કાંઈ કમીના થોડી જ રહે?

ધુત્કાર કરતા ઘુવડ પક્ષીઓ, ફુંફાડા મારતાં ફેરુઓ, (શિયાળો) વિચિત્ર ક્રન્દનને કરતા વરુ, અન્યોન્ય યુદ્ધ કરતાં બિલાડાઓ, પૂંછડાઓને પછાડતા વ્યાઘ્રો, ફૂંફાડા મારતા ફણિધરો, તેમજ ઉઘાડી કરવતવાળા પિશાચો, પ્રેતો, વેતાલો અને ભૂતો, જાણે યમરાજના સભાસદ હોય તેમ ઉછળતા અને માઠી ચેષ્ટાઓ કરતા શ્રીમતી સીતાદેવીની પાસે આવ્યા. શ્રી રાવણે એ સર્વ ભયંકર પ્રાણીઓ આદિને વિકુર્વ્યા હતા અને તેથી તેઓ શ્રીમતી સીતાદેવીની પાસે આવીને શ્રીમતી સીતાદેવીને સતાવવા લાગ્યા. આવા પ્રસંગે સતીત્વમાં મક્કમ રહેવું અને ભયથી ત્રાસીને પણ પરપુરુષને આધીન થવું નહિ, એ સામાન્ય કોટિની સત્ત્વશીલતા નથી જ.



## અબળા ગણાતી સતી સબળા પણ બની શકે છે

સ્ત્રીઓને અબળા કહેવાય છે. છતાં અબળા કહેવાતી સતીઓ પોતાના સતીત્વનું સંરક્ષણ કરવામાં અબળા નથી હોતી, પરંતુ સબળા હોય છે. સતીત્વની અનુરાગિણી અને અનુગામિની સ્ત્રીઓ એટલું તો સમજતી હોય ને કે, સામો બહુ બહુ કરશે તો પ્રાણ લેશે. અને એથી જ સતી સ્ત્રીઓ જ્યારે પોતાના શીલના રક્ષણનો એક પણ માર્ગ જોતી નથી ત્યારે શીલભ્રષ્ટતાને માટે જીવનને વ્હાલું કરતી નથી પરંતુ જીવનના સાટે શીલને વ્હાલું કરે છે. આવા કારમા અને ભયંકર આપત્તિના સમયે સતી સ્ત્રીઓ અબળા ગણાવા છતાં પણ પોતાના સતીત્વની મક્કમતાના બળે અસાધારણ સબળા બની જાય છે.

શ્રી રાવણ દ્વારા જ્યારે આવો ઘોર ઉપસર્ગ થઈ રહ્યો છે ત્યારે મન દ્વારા શ્રી પંચપરમેષ્ઠિના નમસ્કાર રૂપ શ્રી નવકાર મહામંત્રનું ધ્યાન કરતાં શ્રીમતી સીતાદેવી નિર્ભયતાથી સ્થિર રહ્યાં,પરંતુ ઘોર

ઉપસર્ગોથી ત્રાસી જઈને, શ્રી રાવણને ભજવાનો વિચાર પણ કર્યો નહિ. ખરેખર, આવા ઉપસર્ગના પ્રસંગે સ્થિર રહેવું અને પરમેષ્ઠીનું સ્મરણ કર્યા કરવું એ સહેલું નથી. પરંતુ જેના અંતરમાં વસ્તુતઃ ધર્મ વસ્યો છે તેને માટે એ જ યોગ્ય છે. કારણ કે, એ દશામાં કદાચ મૃત્યુ પણ થઈ જાય, તો યે આત્મા પ્રાયઃ શુભ ગતિમાં જ જાય છે.

રાત્રિના તે વૃત્તાન્ત સાંભળીને શ્રી રાવણના લઘુબંધુ શ્રી બિભીષણ શ્રી રાવણની પાસે તે સ્થળે આવ્યા અને તેમણે શ્રીમતી સીતાદેવીને એમ કહ્યું કે, "હે ભદ્રે ! તું કોણ છે ? કયાંની છે ? કોની પત્ની છે ? અને અહીં ક્યાંથી ? તું ભય ન પામ અને પરસ્ત્રી સહોદર એવા મને તું એ સર્વ કહે." શ્રીમતી સીતાદેવીને લાગ્યું કે, આ કોઈ મધ્યસ્થ છે ! એથી શ્રીમતી સીતાદેવીએ પણ નીચું મુખ કરીને કહ્યું કે,

"હું જનકરાજાની શ્રીમતી સીતા નામની પુત્રી છું. ભામંડલની બહેન છું, શ્રી રામચંદ્રજીની ગૃહિણી છું અને દશરથરાજાની પુત્રવધૂ છું. પોતાના અનુજ બંધુ એટલે કે નાના ભાઈ શ્રી લક્ષ્મણજી જેમની સાથે છે. તે મારા પતિ શ્રી રામચંદ્રજીની સાથે હું દંડકારણ્યમાં આવી હતી ત્યાં એકદા મારા દિયર ક્રીડાથી આમ તેમ ભમતા હતા તેમણે આકાશમાં એક મહાખડ્ગ જોયું અને કૂતુહલથી તેને ગ્રહણ કર્યું, તેણે તે ખડ્ગ વડે પાસેની વંશજાલીને છેદી અને અજાણતાં તે વંશજાલીની અંદર રહેલા તે ખડ્ગના સાધકનું શિર છેદાઈ ગયું. આથી મારા વડે કોઈ યુદ્ધ નહિ કરતો એવો આ નિરપરાધિ હા ! હણાઈ ગયો. એવી રીતે પશ્ચાત્તાપ કરતા તેઓ પોતાના ભાઈની પાસે આવ્યા, થોડીવારે તે ખડ્ગના સાધકની ઉત્તર સાધિકા જેવી કોઈ સ્ત્રી, મારા દિયરને પગલે પગલે ત્યાં આવી અદ્દભુત રૂપથી ઈન્દ્ર સમા મારા પતિને જોઈને, કામથી પીડિત થએલી તે સ્ત્રીએ, મારા પતિની પાસે ક્રીડાની યાચના કરી. પણ તેની મારા પતિએ અવજ્ઞા કરી એટલે ત્યાંથી તે ચાલી ગઈ. અને પછી મોટા રાક્ષસોનું ઉગ્ર સૈન્ય આવ્યું, શ્રી લક્ષ્મણજી સંકટ સમયે સિંહનાદ કરવાનો સંકેત કરીને યુદ્ધમાં ગયા હતા અને પછી માયાથી સંકેત મુજબનો ખોટો સિંહનાદ કરીને તથા એ

રીતે મારા પતિને મારાથી દૂર ખસેડીને, દુષ્ટ દાનતવાળા આ રાક્ષસે એટલે કે શ્રી રાવણે પોતાના વધને માટે જ મારું હરણ કર્યું. આ પ્રમાણે શ્રીમતી સીતાદેવીએ ટૂંકમાં બધી હકીકત શ્રી રાવણના નાના ભાઈ બિભીષણને જણાવી.

## શ્રી બિભીષણ અને શ્રી રાવણ વચ્ચે વાતચીત

શ્રીમતી સીતાદેવીએ કહેલા ટૂંક વૃત્તાંતને સાંભળ્યા પછી, શ્રી રાવણને નમસ્કાર કરીને શ્રી બિભીષણે કહ્યું કે "હે સ્વામિન્! આપના વડે આ કાર્ય કુળને દૂષણરૂપ કરાયું છે, હજુ પણ જ્યાં સુધીમાં પોતાના નાના બંધુ લક્ષ્મણની સાથે રામ આપણને હણવાને માટે આવે નહિ, ત્યાં સુધીમાં શ્રીમતી સીતાને લઈને સત્વરે તેમની પાસે મૂકી આવો." બિભીષણે આમ કહ્યું એટલે ક્રોધથી લાલ થઈ છે આંખો જેની એવા શ્રી રાવણ કહે છે કે, 'હે કાયર ! આ તું શું બોલે છે ? મારા પરાક્રમને શું તું ભૂલી ગયો ? શ્રીમતી સીતા મારી પ્રાર્થનાને વશ થઈને માની જશે એટલે અવશ્ય તે મારી પત્ની થશે અને આવેલા રાંક એવા તે બંને રામ લક્ષ્મણને હું હણી નાંખીશ."

શ્રી રાવણે જ્યારે આવો ઉત્તર આપ્યો એટલે બિભીષણે પણ સામે નિરાશ થઈને કહ્યું કે, "હે ભાઈ ! જ્ઞાનીનું તે વચન સત્ય છે કે રામપત્ની શ્રીમતી સીતા માટે આપણા કુળનો નાશ થવાનો છે. અન્યથા, આપના ભક્ત બંધુ એવા મારું વચન આપ કેમ ન માનો ? વળી જો તેમ થવાનું ન હોત તો મારા વડે હણાયેલ દશરથ જીવિત કેમ હોય ? હે મહાભુજ ! જો કે ભાવિ વસ્તુ અન્યથા થવાની નથી. તો પણ હું તમને ભક્તિપૂર્વક પ્રાર્થના કરું છું કે આપણા કુળની ઘાતિની એવી આ શ્રીમતી સીતાને આપ છોડો."

જોયું ? શ્રી બિભીષણે એટલું સ્પષ્ટ રીતે કહી દીધું કે, આપનું આ કાર્ય આપણા કુળને દૂષણ લગાડનારું છે અને આ પછીથી જ્ઞાનીએ કહેલા શ્રીમતી સીતાદેવીને માટે કુળક્ષય થવાના વચનની

પણ યાદ આપી પરંતુ શ્રી રાવણને એની ય અસર ન થઈ. ખરેખર કામને વિવશ બની ગયેલા આત્માઓને માટે આમ બનવું એ સહજ છે.

શ્રી બિભીષણની વાણીને જાણે શ્રી રાવણે સાંભળી જ ન હોય, તેમ કરીને શ્રી રાવણે શ્રીમતી સીતાદેવીને પુષ્પક વિમાનમાં બેસાડીને આકાશમાં ભમતાં જુદાં જુદાં મનોરમ સ્થળો દેખાડતાં દેખાડતાં કહ્યું : "હે હંસગામિની ! આ રત્નમય શિખરોવાળા અને સ્વાદિષ્ટ ઝરણાંઓવાળા ક્રીડાપર્વતો છે. તેમજ નંદનવન સમા આ ઉપવનો છે આ ઈચ્છા મુજબની વૃષ્ટિને કરનારા ધારાગૃહો છે. અને આ હંસોયુક્ત ક્રીડાસરિતાઓ છે. હે સુભ્રુ ! વળી આ સ્વર્ગના ખંડની ઉપમાને યોગ્ય એવાં રતિગૃહો છે. આમાં જ્યાં તારી કામના હોય, ત્યાં મારી સાથે ક્રીડા કર !"

પણ શ્રી રામના પાદકમળનું હંસીની માફક ધ્યાન કરતાં તે વસુંધરા જેવા ધૈર્યશાલીની શ્રીમતી સીતાદેવી શ્રી રાવણની વાણીથી ક્ષોભ પામ્યા નહિ. આથી સર્વ રમ્ય સ્થાનોમાં ભમી ભમીને શ્રી રાવણે ફરીથી પણ શ્રીમતી સીતાદેવીને લાવીને અશોકવનમાં મૂક્યાં. ખરેખર, સતીઓ ગમે તેવી સમૃદ્ધિઓથી પણ ચલચિત્તવાળી બનતી જ નથી.

### આત્માનો સાચો રક્ષક આત્મા પોતે જ છે

આ તરફ પોતાના જ્યેષ્ઠ બંધુને ઉન્મત્તની માફક વાણીની યુક્તિથી અગોચર જોઈને શ્રી બિભીષણે વિચાર કરવાને માટે પોતાના કુળપ્રધાનોને બોલાવ્યા અને કહ્યું કે, 'હે કુળપ્રધાનો ! આ કામાદિ આંતર શત્રુઓ ભૂત જેવા છે. અને તેમાંનો એક પણ, પ્રમાદી આત્માને હેરાન કરે છે. આપણા સ્વામી અત્યંત કામાતુર બન્યા છે. ખરેખર, કામ તો એકલો પણ દુર્જય છે. તો પછી એને પરનારીની સાથે રમવાની જે ઈચ્છા - તેની સહાય મળી જાય, એટલે તો પૂછવું જ શું ? તે કારણે આજથી આરંભીને લંકાપુરીના સ્વામી, શ્રી રાવણ બળવાન હોવા છતાં પણ તરત જ મોટા દુ:ખના સાગરમાં અત્યન્તપણે પડશે."

સાચી વાત છે કે 'જે આત્માઓ પ્રમાદી બની જાય છે.' તે આત્માઓને આંતર શત્રુઓ હેરાન કર્યા વિના રહેતા નથી. બહારના શત્રુઓથી બેદરકાર બનેલાનું તો, જો તેનું પુણ્ય જીવતું જાગતું હોય તો તે રક્ષણ કરે છે. પરંતુ આત્મદૃષ્ટિએ પ્રમાદી બનેલા આત્માનું રક્ષણ કોણ કરે ? આત્માનો સાચો રક્ષક આત્મા પોતે જ છે. બીજાઓ નિમિત્તરૂપ બને છે પણ આત્મા પ્રબુદ્ધ ન થાય, ત્યાં સુધી એનું વાસ્તવિક રક્ષણ થઈ શકતું નથી. આથી તો જ્ઞાની મહાપુરુષો ફરમાવે છે કે એક સમયને માટે પણ આત્મા પ્રમાદી ન બને તેની કાળજી રાખવી, કારણ કે પ્રમાદી બનેલા આત્માને આંતરશત્રુઓ હેરાન હેરાન કરી મૂકે છે અને એ આંતરશત્રુઓને આધીન બની ગયેલો આત્મા આ ભવમાં દુ:ખનો ભાગી થવા સાથે, આગામી ભવોમાં પણ તીવ્ર દુ:ખને દેનારા દુષ્કર્મોનું ઉપાર્જન કરે છે.

આંતરશત્રુઓમાં પણ કામરૂપ આંતરશત્રુ વધુ દુર્જય છે. કામની દુર્જયતા વર્ણવનારાં સંખ્યાબંધ વર્ણનો શાસ્ત્રોમાં છે. અને દુનિયાના અનુભવીઓ જો વિવેકપૂર્વક વિચાર કરે તો, તેઓ પોતાના અનુભવ ઉપરથી પણ કામની દુર્જયતાને સમજી શકે તેમ છે. કામ, એ એવો દુર્જયશત્રુ છે કે એને આધીન પડેલો આત્મા, બીજા આંતરશત્રુઓને સ્હેજે આધીન બની જાય છે. કામાધીન દશામાં ક્રોધ, લોભ, માન, માયા આદિની આધીનતા થતાં વાર લાગતી નથી. ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી મૃષાવાદનું સેવન કરતાં એ આત્માને વાર લાગતી નથી. કામાધીનતા એ એવી ભયંકર વસ્તુ છે કે કામને આધીન થયા બાદ કોઈપણ અનિષ્ટ માર્ગે જતાં, જીવને વાર લાગતો નથી અને પછી કામ ઉપર કાબુ મેળવવો મુશ્કેલ થઈ પડે છે. છતાંય એવા પણ કામને ન જ જીતી શકાય એવું કાંઈ નથી. અભ્યાસથી, સુસંર્ગમાં રહેવાથી, આત્મભાન કરાવનારા ગ્રંથોનું ગુરુનિશ્રાએ અધ્યયન મનન-પરિશીલન આદિ કરવાથી મહાપુરુષોએ વર્ણવેલી કામાધીનતાને પરિણામે થતી વિષમ દશાઓનો વિચાર કરવાથી અને આત્માને જાગૃત રાખી આત્મકલ્યાણના નિશાન તરફ એકસરખી દૃષ્ટિ રાખવાથી દુર્જય ગણાતો કામ પણ જીતાય છે. એમ કરવાને બદલે અનેક પ્રકારના વિલાસી વાતાવરણમાં ફરનારાઓ, કામ ભાવનાને પ્રગટાવી

ઉન્મત્ત બનાવે એવા સંસર્ગમાં રહેનારાઓ, કામ ઉપર જીત મેળવ્યાની અને મેળવવાની વાતો કરે ત્યારે સમજવું કે, 'એ વાતો પોતાની ભયંકર દશાને છૂપી રાખવા માટે કરાય છે !' આથી એવી એવી વાતોમાં નહિ ફસાતાં કામની દુર્જયતા સમજી, જેમ બને તેમ સ્વચ્છ, સુંદર અને પવિત્ર વાતાવરણમાં રહેવાનો પ્રયત્ન કરવો, એ જ સૌ કોઈને માટે એકાંતે હિતાવહ છે.

### કામાવેશમાં બળવાન પણ નિર્બળ બની જાય છે

બીજા આંતરશત્રુઓની સહાયથી રહિત એવો એકલો કામરૂપ શત્રુ પણ ભયંકર છે, દુર્જય છે, કારણકે, એને આધીન બનેલો આત્મા તે સમયે સ્વ-પરના વિવેકને પણ કેટલીક વાર ભૂલી જાય છે. એવા સમયે પરનારીની સાથે રમવાની ઇચ્છા જો પ્રબળપણાને ધારણ કરે અગર પરપુરુષ માટે સ્ત્રીને એવી ઇચ્છા થાય, તો પરિણામ ઘણું જ ખરાબ આવે. એ દેખીતી વાત છે. સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન નહિ કરી શકનાર આત્માએ સ્વસ્ત્રીને વિષે તો જરૂર સંતોષી બનવું જોઈએ સ્વસ્ત્રીને વિષે કામાન્ધ બની જવું જોઈએ નહિ, ત્યાં પરસ્ત્રી સાથે રમવાની ઇચ્છા થાય, એ આત્માની ભયંકર રીતે ખાનાખરાબી કરે, તે સ્વાભાવિક જ છે. એવી દશામાં બળીયા પણ નિર્બળ બની જાય છે. અને વધારે દુ:ખમાં ડૂબી જાય છે. આથી તો શ્રી બિભીષણ કુળપ્રધાનોને એ જ વાત કરી રહ્યા છે કે "ખરેખર, કામ તો એકલો પણ દુર્જય છે. તો પછી એને પરનારીની સાથે રમવાની ઇચ્છાની સહાય મળી જાય, એટલે તો પૂછવું જ શું ? તે કારણથી આજથી આરંભીને આપણી લંકાપુરીના સ્વામી બળવાન છતાં પણ તરત જ મોટા દુ:ખના સાગરમાં અત્યન્તપણે પડશે.'

### સારી, સાચી અને હિતકર વાત બધાયને ન રુચે

આ રીતે શ્રી બિભીષણે જ્યારે કુળપ્રધાનોને બોલાવીને કહ્યું, એટલે તે મંત્રીઓએ કહ્યું કે "અમે તો નામના જ મંત્રીઓ છીએ. તમે જ ખરેખરા મંત્રી છો. કારણકે તમારામાં આવી દૂરદર્શિતા છે, પણ સ્વામી કેવળ કામવશ જ બન્યા છે. એટલે શ્રેષ્ઠ પણ વિચાર, મિથ્યાદૃષ્ટિ જનને વિષે જૈનધર્મનો કરેલો ઉપદેશ જેમ નિષ્ફળ જાય તેમ અકિંચિત્કર નિવડે તે સ્વાભાવિક છે."

ખરેખર, આ દુનિયામાં જે આત્માઓ ગાઢ મિથ્યાત્વથી ઘેરાએલા હોય છે, તેઓને અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા જૈન ધર્મનો ઉપદેશ પણ રુચતો નથી, એ શંકા વિનાની વાત છે. સાચી, સારી અને હિતકર વસ્તુ પણ તે જ આત્માને રુચે છે, જે આત્માઓ કાંઈક પણ લઘુકર્મી બન્યા હોય. થોડી પણ લઘુકર્મીતા આવ્યા વિના એકાંતે હિતકર અને મિષ્ટ વચનોમાં પણ કહેવાતી વાતો ય તે આત્માને રુચતી નથી. જ્યારે લઘુકર્મી આત્માઓને કેવળ હિતાનુલક્ષી બનીને દેખાવમાં કડવા લાગે તેવા શબ્દોમાં પણ સાચી હિતકર વાત કહેવાય તો રુચી જાય છે. જો વાત સાચી, સારી અને હિતકર હોય તો બધાને કેમ ન રુચે ? એવો પ્રશ્ન જ ઉઠાવવો નકામો છે. એવો પ્રશ્ન કરનારને કહેવું જોઈએ કે, સાચી હિતકર વાત પણ રૂચવા જેટલી યોગ્યતા જેનામાં ન હોય તેને ન રુચે એથી કાંઈ વાત ખોટી ઠરે નહિ. આથી જ સાચા સદ્ધર્મના દેશકોને એ મૂંઝવણ થાય નહિ કે 'શ્રી જિનાજ્ઞા મુજબનું અમારું કથન છતાં બધાને કેમ રુચે જ નહિ ?' એ તો સમજે છે કે સામાના આત્મામાં પણ એટલી યોગ્યતા પ્રગટી હોય તો સાચી અને હિતકર વાત પણ રુચે ને ? આથી જ કુળપ્રધાનો કહે છે કે 'મિથ્યાદૃષ્ટિને જૈન ધર્મના ઉપદેશની જેમ, કામવશ જ બનેલા આપણા પ્રભુને શ્રેષ્ઠ પણ વિચાર શી અસર કરી શકશે ?'

અહીં એક બીજી વાત પણ વિચારી લેવા જેવી છે. શ્રી બિભીષણને પોતાના વડિલ બંધુ પ્રત્યે પૂજ્યભાવ નથી અગર તો દુર્ભાવ છે. એવું તો નથી ને ?

**સભા** : ના જી.

**પૂજ્યશ્રી** : છતાં શ્રી બિભીષણને વસ્તુસ્થિતિ સાચા સ્વરૂપમાં રજૂ કરવાને માટે કેવા શબ્દોનો પ્રયોગ કરવો પડે છે ? શ્રી રાવણને શ્રી બિભીષણે કહ્યું કે આપનું આ કાર્ય કુળને દૂષણ લગાડનારું છે. તેમજ કુળપ્રધાનો સમક્ષ પણ શ્રી બિભીષણે કહ્યું કે આપણા સ્વામી અત્યંત કામાતુર બન્યા છે. વળી આજથી આરંભીને લંકાપુરીના સ્વામી બળવાન છતાં પણ, તરત  મોટા દુઃખના સાગરમાં

અત્યંતપણે પડશે. કુળપ્રધાનો પણ એ જ કહે છે કે, 'સ્વામી કેવળ કામવશ જ બન્યા છે. માટે શ્રેષ્ઠ વિચાર તેમને ગળે નહિ ઉતરે.' આ બધા શબ્દપ્રયોગો કેવા છે ? કુળપ્રધાનોને પણ શ્રી રાવણ પ્રત્યે દ્વેષ નથી, એટલું જ નહિ પણ ભક્તિ છે. આમ છતાં પણ શ્રી બિભીષણ અને કુળપ્રધાનોને આ જાતિના શબ્દપ્રયોગો કેમ કરવા પડે છે ? સુજ્ઞપણે વિચાર કરનારાઓ સમજી શકશે કે, વસ્તુસ્થિતિને સાચા રૂપમાં બતાવવાને માટે આ જાતિના શબ્દપ્રયોગો કરાયા છે. આજે ભાષાસમિતિના નામે કેટલાકો યથેચ્છપણે લખી અને બોલી રહ્યાં છે. તમે નક્કી કરો કે, 'કહેવાય છે તે શબ્દો કડવા છે કે હૈયામાં કડવાશ આવી ગઈ છે ?' કેવળ હિતદૃષ્ટિએ કહેવાયેલા સાચા અને હિતકારી શબ્દો પણ જેને કડવા લાગે, તેને માટે કહેવું જોઈએ કે, એના હૈયામાં ઝેરી કડવાશ છે, માટે હિતકારી સાચા પણ શબ્દો કડવા લાગે છે. શ્રી રાવણ-કામાતુર બનેલા હોવાથી શ્રી બિભીષણના શબ્દો તેમને કડવા લાગે અને તેથી તેઓ ક્રોધાધીન બને તે અસ્વાભાવિક નથી. તે જ રીતે મિથ્યાત્વના યોગે આંધળા બનેલાઓને ધર્મની સાત્ત્વિક ભાવનાથી પરવારી બેઠેલાઓને, ધર્મ અને ધર્મી પ્રત્યે દ્વેષી બનેલાઓને, સમાજ સેવાના બહાના નીચે પોતાની નાસ્તિક્તા છૂપાવવા મથનારાઓને અને શ્રી સંઘના નામે પ્રભુશાસનના નિર્મળ સત્યનો ઘાત કરનારી પ્રવૃત્તિ કરનારાઓને માટે જ્યારે તે તે સ્વરૂપને દર્શાવતા શબ્દોના પ્રયોગો થયા, ત્યારે તે કડવા લાગે, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. કેવળ હિતદૃષ્ટિ હોય, દુર્ભાવ અગર દ્વેષ ન હોય, વસ્તુ સ્વરૂપ બતાવવા માટે જરૂરી હોય અને એ રીતે પરિણામે કલ્યાણ થાય એમ લાગતું હોય, તો ઝેરી કડવાશવાળા હૃદયના સ્વામીઓને એવા શબ્દો કડવા લાગે એથી ધર્મોપદેશકે મૂંઝાવાનું હોય જ નહિ.

તમે જ જુઓ કે, ધર્મોપદેશમાં વપરાતા સાચા જરૂરી અને હિતકર શબ્દપ્રયોગોને પણ કડવા તરીકે તેમજ ભાષાસમિતિના ભંગ તરીકે ચીતરનારાઓ પોતે જે વસ્તુને ઈષ્ટ માની છે, તેની આડે આવનારાઓ માટે તેમજ તેની ઉપેક્ષા કરનારાઓને માટે પણ કેવા શબ્દપ્રયોગો કરે છે ? સ્વરાજ્યના અર્થીઓ, 'દેશદ્રોહી' શબ્દ વાપરી

શકે. લોકોને મુડદા જેવા બની ગયા છો એમ કહી શકે, બંગડીઓ પહેરાવાનું પણ કહી શકે, છતાં ધણીએ ચૂડીઓ ભાંગવાનું પણ કહી શકે, છોકરાને માબાપની સામે થઈને પણ રાષ્ટ્રીય ચળવળમાં જોડાવાનું કહી શકે અને ધર્મીઓ ધર્મદ્રોહીઓને માટે 'ધર્મદ્રોહી' શબ્દ વાપરે, સંઘત્વહીન સમૂહને માટે શાસ્ત્રમાં કહ્યા મુજબનું 'હાડકાંનો સમૂહ' આવું વિશેષણ વાપરે, એમાં એવાને વાંધો લાગે, એનું કારણ શું ?

## શાસનના દરેક સેવકની જરૂરી અને ઉત્તમ ફરજ

ખરી વાત તો એ છે કે, ત્યાં તેમનું અર્થીપણું છે અને અહીં નથી. આવા વખતે તો એવાઓના ઉન્માદની ઉપેક્ષા કરીને, એવાઓ દિ' ઉગ્યે અને દિ' આથમ્યે જે જે ગાળો ભાંડે, તોફાનો મચાવે, આક્રમણો કરે અને જૂઠા તથા હલકટ આરોપો મૂકે તે સહીને પણ, સાચી સ્થિતિ યોગ્ય હિતકર શબ્દોમાં દરેકે દરેક સુવિહિત સાધુ-સાધ્વીએ અને શ્રદ્ધાસંપન્ન શ્રાવક-શ્રાવિકાએ જાહેર કરવી જોઈએ. જેથી એવાઓના પાપે ઇતર આત્માઓ ખોટા ખ્યાલમાં દોરવાઈ ન જાય. એવા ધર્મનો દ્રોહ કરનારાઓની સાથે આપણને અંગત વૈર નથી. તેમના આત્માનું પણ ભલું થાઓ એ જ આપણી ભાવના છે. પરંતુ શ્રી જૈનશાસનમાં પવિત્ર સત્યોની સામે હુમલો લાવનારાઓથી, શાસનના દરેક સેવકે શાસનનું સંરક્ષણ કરવું એ તેની જરૂરી અને ઉત્તમમાં ઉત્તમ ફરજ છે.

હવે અહીં કુળપ્રધાનો શ્રી બિભીષણને વધુમાં એમ પણ કહે છે કે, 'વળી સુગ્રીવ અને હનુમાન આદિ રાઘવને મળી ગયા છે.' અને એમ કહ્યા બાદ તરત જ એમ થવાનું કારણ બતાવતાં હોય એમ જણાવે છે કે, "વાત પણ સાચી છે કે, ન્યાયી મહાત્માઓના પક્ષને કોણ અવલંબતું નથી ?" ખરેખર ન્યાયી મહાત્માઓના પક્ષને સૌ કોઈ અવલંબે છે, એમ ભાષામાં કહેવાય, છતાં પણ દુનિયાના બધા જ મનુષ્યો ન્યાયી મહાત્માના પક્ષને અવલંબે જ. એવું એકાંત નથી. જો ન્યાયી મહાત્માના પક્ષને જગતના સઘળા જ મનુષ્યો અનુસરતા જ હોત, તો તો આખુંય વિશ્વ શ્રી જૈન ધર્મનું અનુયાયી બની ગયું હોત. શ્રી જિનેશ્વરદેવ જેવા ન્યાયી મહાત્મા તો બીજા કોઈ નહિ ને ?

છતાં શ્રી જિનેશ્વરદેવોની હયાતિમાં પણ બધા જ જૈન કેમ બન્યા નહિ? મિથ્યાદૃષ્ટિઓ કેમ રહ્યા ? પાખંડીઓ કેમ રહ્યા ? ધર્મનું નામ સાંભળતાં દ્વેષ કરે એવા પણ કેમ રહ્યા ? કહેવું જ પડશે કે, તે તે જીવોની યોગ્યતા ઓછી, ત્યારે ન્યાયી મહાત્માના પક્ષને પણ બધા જ અવલંબે, એવો એકાંત નિયમ નથી. ન્યાયી મહાત્માના પક્ષનો વિરોધ કરનારા પણ સંખ્યાબંધ હોય એમેય બને.

વાત એ છે કે, સુવિવેકી આત્માઓ, ન્યાયી મહાત્માના પક્ષને અવલંબનારા હોય. આજે વિરોધીવર્ગ એવી પણ કુયુક્તિથી અજ્ઞાન જીવોને મૂંઝવવાનો પ્રયત્ન કરે છે કે, 'જો તમારા ગુરુઓનું કહેવું સાચું છે, ન્યાયયુક્ત છે તો એનો વિરોધ કરનારા કેમ છે ? સાચી અને ન્યાયયુક્ત વાત તો સૌને ગમવી જોઈએ.' એવાઓને કહેવું જોઈએ કે, 'સાચી અને ન્યાયયુક્ત વાત સૌને ગમવી જોઈએ એ બરાબર છે. પરંતુ જેના હૈયામાં બીજો કચરો ભરેલો હોય, દુર્જનતા ભરેલી હોય, દ્વેષ ભરેલો હોય, અજ્ઞાન ભરેલું હોય, ધર્મ પ્રત્યે અરુચિ ભરેલી હોય અને પૌદ્ગલિક લાલસામાં જે ભાનભૂલો બન્યો હોય, એને આત્મકલ્યાણની સાચી અને ન્યાયયુક્ત વાત પણ રુચે નહિ એ બનવા જોગ છે. છતાં, એવાઓને સાચી અને ન્યાયયુક્ત વાત રુચે નહિ એટલા માત્રથી એ વાતને ખોટી કે અન્યાયયુક્ત કહી શકાય જ નહિ.

આ પછી કુળપ્રધાનો કહે છે કે, "શ્રીમતી સીતાના નિમિત્તે શ્રી રામથી આપણા કુળનો ક્ષય થવાનો છે." એમ જ્ઞાનીએ કહેલું જ છે. તો પણ પુરુષને આધીન જેટલું સમયોચિત હોય તે કરવું જોઈએ.

### કરવા યોગ્ય કરવામાં બેદરકાર ન બનો

જ્ઞાનીએ કહ્યું છે એટલે એ વચન મિથ્યા તો થવાનું જ નથી. શ્રીમતી સીતાદેવીના નિમિત્તે શ્રી રાવણના કુળનો ક્ષય થવાનો છે એ નક્કી વાત છે. છતાં પણ કુળપ્રધાનો હાથ જોડીને બેસી રહેવાનું કે થાય તે જોયા કરવાનું કહેતા નથી. કુળનો નાશ થવો એ દૈવાધીન છે. પણ પુરુષાધીન જે હોય તે તો કરવું જ જોઈએ એમ મંત્રીઓ કહે છે.

આજે પાંચમા આરાના બહાને જેઓ શાસનરક્ષાની બાબતમાં મૌન સેવી રહ્યા છે અને મૌન સેવવાનો ઉપદેશ આપી,

શાસનરક્ષાના પ્રયત્નમાં પડેલાઓને શિથિલ બનાવી રહ્યા છે, તેઓએ આવી પણ વસ્તુઓ વિચારવા જેવી છે. આ કુળપ્રધાનોને ખાત્રી છે કે કુળનો નાશ થવાનો જ છે. છતાં શક્ય બધું કરવાની વાતો કરે છે. અને પ્રભુએ કહ્યું કે શાસન હજુ તો લગભગ એક્વીસ હજાર વર્ષ રહેવાનું છે. સંખ્યાબંધ ઉદયો થવાના છે. છતાં પણ શાસનના સેવક તરીકે પોતાની જાતને ઓળખાવનારાઓમાં શિથિલતા આવે, શાસનરક્ષાની વાતો કરતાં પણ કાયર બની જવાય એ કઈ દશા ? પેલાઓ માટે નાશનું પરિણામ નિશ્ચિત હતું. જ્યારે આપણે માટે શાસનની હયાતિ અને શાસનના ઉદયનું પરિણામ નિશ્ચિત છે. તે છતાં પણ કરવા યોગ્ય કરવા તરફ બેદરકાર બનાય એ કોઈ પણ રીતે શ્રેયસ્કારી નથી. આપણે આપણી શક્તિ અને સામગ્રી મુજબ પ્રયત્ન કરવા છતાં પણ શાસનનો ઉદયકાળ કદાચ આપણી આંખે ન પણ જોઈ શકીએ તો ય આપણી આરાધના સફળ જ થવાની છે. જ્યારે તેઓ શક્તિ અને સામગ્રી છતાં તેમજ શાસનરક્ષાના પ્રયત્નની જરૂર છતાં પણ ઉપેક્ષા સેવે છે, શાસનસેવકોને શિથિલ બનાવે છે તેમજ પોતાના દંભી મૌનમાં ડહાપણ માને છે અને મનાવે છે. તેઓ શાસનનો ઉદયકાળ કદાચ દેખવા પામે તોય વિરાધનાના પાપથી તો બચવાના જ નથી.

## મુનિવરોને શાસ્ત્ર ચક્ષુરૂપ છે.

કુળપ્રધાનોએ આ પ્રમાણે કહ્યા પછીથી શ્રી બિભીષણે કિલ્લા ઉપર યંત્રાદિ ગોઠવાવ્યાં. કારણકે મંત્રણારૂપ નેત્રથી મંત્રીઓ ભવિષ્યને જોનારા હોય છે. મંત્રીઓને મંત્રણા જેમ નેત્રરૂપ છે, તેમ શ્રી જિનશાસનના મુનિવરોને શાસ્ત્ર એ ચક્ષુરૂપ છે. શાસ્ત્રરૂપ ચક્ષુથી જોનારા સુવિહિત સાધુઓ વર્તમાન ઉપરથી ભવિષ્યને પણ શક્ય રીતે જાણી શકે છે. જેઓ શાસ્ત્રરૂપ ચક્ષુને ગુમાવી બેસે છે. તેઓ બાહ્ય ચક્ષુવાળા હોવા છતાં પણ શાસનની અપેક્ષાએ ચક્ષુહીન બની જાય છે. અને એથી તેઓ સાચા પરમાર્થને નથી તો જોઈ શકતા કે નથી તો જાણી શકતા. પછીથી એમની બાહ્ય ચક્ષુઓ જમાનાના રંગને જોવા લાગે છે. અને તેવાઓ પ્રભુશાસનના વેષને ધારણ કરનારાઓ હોવા છતાં પણ જમાનાના અનુયાયી બની જઈ,

પોતાના અને પોતાને માનનારાઓના આત્મહિતને હણે છે. જે સાધુઓએ સુસાધુ તરીકે રહીને પોતાનું તથા બીજા પણ આત્માઓનું યથાશક્ય આત્મહિત સાધવું હોય તે સાધુઓએ શાસ્ત્રરૂપ ચક્ષુને બરાબર જાળવવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ અને એ શાસ્ત્રરૂપ ચક્ષુ મુજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આદિ જોઈને સન્માર્ગના આરાધક, દેશક, સંરક્ષક અને પ્રચારક બનવું જોઈએ.

લંકામાં જ્યારે આ પ્રમાણે બની રહ્યું હતું ત્યારે શ્રી રામચંદ્રજી આદિ શું કરતાં હતા એ પણ આપણે જોઈએ. અહીં શ્રીમતી સીતાદેવીના વિરહથી પીડાતા શ્રી રામચંદ્રજીએ શ્રી લક્ષ્મણજી દ્વારા આશ્વાસન પામતાં થકાં કેટલોક કાળ જેમ તેમ કરીને વ્યતીત કર્યો. એકદા શ્રી રામચંદ્રજીએ શિક્ષા આપીને શ્રી લક્ષ્મણજીને સુગ્રીવની પાસે મોકલ્યા અને શ્રી લક્ષ્મણજી પણ ધનુષ્ય, ભાથાં, ખડ્ગ લઈને નીકળ્યા. શ્રી લક્ષ્મણજી એવા વેગથી જતા હતા કે તેમના પગલાંથી પૃથ્વી જાણે દબાતી હતી, પર્વતો કંપતા હતા અને વેગના ઝપાટાથી હાલતી ભૂજા વડે માર્ગનાં વૃક્ષો પડતાં હતાં. એ રીતે ચાલતાં ભ્રકુટીથી ભયંકર લલાટવાળા અને લાલ નેત્રોવાળા શ્રી લક્ષ્મણજી ભય પામેલા દ્વારપાળોથી અપાએલા માર્ગ દ્વારા સુગ્રીવના રહેઠાણે આવી પહોંચ્યા.

### શ્રીમતી સીતાદેવીની શોધમાં સુગ્રીવના સૈનિકો

શ્રી લક્ષ્મણજીને આવેલા સાંભળીને ભયથી ધ્રૂજતું છે શરીર જેનું એવો કપિરાજ સુગ્રીવ તરત જ અંતઃપુરથી બહાર નીકળીને શ્રી લક્ષ્મણજીની પાસે ઉપસ્થિત થયો. તે વખતે ક્રોધે ભરાએલા શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, 'હે વાનર ! હવે તો તું કૃત્યકૃત્ય થઈ ગયો. એટલે પોતાના અંતઃપુરથી વીંટાઈને નિઃશંકપણે તું સુખપૂર્વક રહે છે! અને સ્વામી વૃક્ષની નીચે વર્ષ જેવડા દિવસો જે રીતે વીતાવે છે તેની પણ તને ખબર નથી. શું તેં જે વાત સ્વીકારી હતી તેને પણ ભૂલી ગયો ? હજુ પણ શ્રીમતી સીતાના ખબર લાવવાને તૈયાર થા અને સાહસગતિના માર્ગે ન જા, કારણ કે મૃત્યુનો માર્ગ કાંઈ સંકોચાયો નથી...!'

શ્રી લક્ષ્મણજીના આવા કથનને સાંભળીને સુગ્રીવ તેમના

ચરણોમાં પડી ગયો. અને બોલ્યો કે, "આપ તો મારા સ્વામી છો, તો મારા આ એક અપરાધને સહન કરીને પ્રસન્ન થાઓ." એ પ્રકારે શ્રી લક્ષ્મણજીને શાંત કરી તેમને આગળ કરીને કપીશ્વર સુગ્રીવે જલ્દીથી શ્રી રામચંદ્રજીની પાસે જઈને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા, અને પોતાના સૈનિકોને પણ આજ્ઞા કરી કે, "પરાક્રમી અને સર્વત્ર અસ્ખલિત ગતિવાળા તમે સઘળા શ્રીમતી સીતાદેવીને શોધી કાઢો." શ્રી સુગ્રીવની એવી આજ્ઞા થતાં તે સૈનિકો દ્વિપોમાં, પર્વતોમાં, સમુદ્રોમાં તથા ભોંયરામાં એમ અન્યત્ર ખૂબ જ ત્વરાથી શ્રીમતી સીતાદેવીની શોધ કરવાને માટે ગયા.

શ્રીમતી સીતાદેવીના અપહરણના સમાચાર સાંભળીને ભામંડલ પણ શ્રી રામચંદ્રજીની પાસે ત્યાં આવ્યો અને અત્યંત દુ:ખી થતો ત્યાં રહેવા લાગ્યો. સ્વામીના દુ:ખથી પીડિત વિરાધ પણ પોતાનાં સૈન્યોની સાથે ત્યાં આવ્યો અને ચિરકાળના સેવકની જેમ શ્રી રામચંદ્રજીની સેવા કરતો ત્યાં જ રહ્યો. સુગ્રીવ ત્યાં નહિ રહેતાં, પોતાના સૈનિકોને મોકલ્યા બાદ પોતે પણ શોધમાં નીકળ્યો. અને ફરતો ફરતો કંબૂદ્વીપે આવી પહોંચ્યો.

## રત્નજટી વિદ્યાધર દ્વારા શ્રીમતી સીતાજીના સમાચાર

દૂરથી એને આવતો જોઈને રત્નજટીએ વિચાર કર્યો કે, 'શું મારા અપરાધને સંભારીને મારો વધ કરવાને માટે શ્રી રાવણે આ મહાબાહુ વાનરેશ્વર સુગ્રીવને મોકલ્યો હશે ? મહાપરાક્રમી એવા તે શ્રી રાવણે પહેલાં મારી વિદ્યાને હરી લીધી છે અને હવે આ સુગ્રીવ શું મારા પ્રાણોને હરી લેશે ?' આ પ્રમાણે ચિંતામગ્ન બનેલા રત્નજટીની પાસે સુગ્રીવ ત્વરાથી આવી પહોંચ્યો અને કહ્યું કે, 'હું આવ્યો છતાં તું ઉભો કેમ ન થયો અને શું તું આકાશગમન કરવામાં આળસુ થયો છે ?"

રત્નજટીએ પણ કહ્યું કે, "શ્રી રાવણ જાનકીનું હરણ કરી જતા હતા ત્યારે હું તેમની સાથે યુદ્ધ કરવાને ઉપસ્થિત થયો અને એથી શ્રી રાવણે મારી વિદ્યા સર્વ પ્રકારે હરી લીધી."

આ પછી સુગ્રીવ રત્નજટીને ઉપાડીને શ્રી રામચંદ્રજીના ચરણોની પાસે તેને લઈ આવ્યો. શ્રી રામચંદ્રજીના પૂછવાથી રત્નજટીએ શ્રીમતી સીતાદેવીના વૃત્તાંતને આ પ્રકારે જણાવ્યો કે,

"હે દેવ ! ક્રૂર અને દુરાત્મા એવા લંકાપુરીના સ્વામીએ શ્રીમતી સીતાદેવીનું હરણ કર્યું છે. અને ક્રોધથી મારી વિદ્યાને પણ હરી લીધી છે ! 'હા રામ! હા ! વત્સ લક્ષ્મણ ! હા ! ભાઈ ભામંડલ !' એ પ્રમાણે શ્રીમતી સીતાદેવી રડતાં હતાં, એથી મને લંકાપુરીના સ્વામી શ્રી રાવણ ઉપર ક્રોધ આવ્યો હતો શ્રીમતી સીતાદેવીના તે વૃત્તાંતને સાંભળીને ખુશ થયેલા શ્રી રામચંદ્રજી સુરસંગીતપુરના સ્વામી એવા તે રત્નજટીને ભેટી પડ્યાં. શ્રી રામચંદ્રજીએ ફરી ફરીથી શ્રીમતી સીતાદેવીના તે વૃત્તાંતને પૂછ્યો અને તેમના મનની પ્રિતીના હેતુથી રત્નજટીએ પણ વારંવાર તે વૃત્તાંતને કહ્યો. વિચારો કે આવી આતુરતા ધર્મમાં આવી જાય તો કેવું સરસ ?

આ પછીથી તે શ્રી સુગ્રીવ આદિ મહાભટોને શ્રી રામચંદ્રજીએ પૂછ્યું કે, 'રાક્ષસની તે લંકાપુરી અહીંથી કેટલીક દૂર છે ?' સુગ્રીવ આદિ મહાભટોએ પણ કહ્યું કે, "તે લંકાપુરી સમીપ હોય કે દૂર હોય તેથી શું ? કારણ કે જગતને જીતનારા શ્રી રાવણની પાસે અમે સર્વે તૃણ જેવા છીએ."

આથી શ્રી રામચંદ્રજીએ પણ કહ્યું કે, "તે જિતાશે કે નહિ જિતાય, એની ચિંતા તમે ન કરો. તમે અમને લંકાપુરી કેવળ બતાવી જ દ્યો. તમે તેને માત્ર દેખાડશો અને જ્યારે શ્રી લક્ષ્મણે છોડેલા બાણો તેના ગળાના રુધિરનું પાન કરશે, ત્યારે તમે તેના સામર્થ્યને થોડા જ વખતમાં જાણી શકશો."

### શ્રી લક્ષ્મણજીએ કોટિશિલા ઉપાડી

ત્યારબાદ શ્રી લક્ષ્મણજીએ પણ કહ્યું કે, "એ શ્રી રાવણ કોણ માત્ર છે, કે જેણે શ્વાનની જેમ અસાર છળથી આવું કર્યું ? ક્ષત્રિયને છાજતા આચરણ વડે હું તે છળ કરનારના શિરને છેદીશ અને તમે તો સંગ્રામરૂપ નાટકમાં સભ્ય થઈને જ જોયા કરજો. તે વખતે જામ્બવાને કહ્યું કે, "આપ કહો છો તે સઘળું આપનામાં ઘટે છે, પરંતુ કોટિશિલાને જે ઉપાડશે તે શ્રી રાવણને મારશે, એમ અનલવીર્ય નામના જ્ઞાનીએ કહેલું છે, તો અમારા વિશ્વાસને માટે આપ તે શિલાને ઉપાડો !"

શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, "એમ હો !" એટલે તેઓ જ્યાં કોટિશિલા હતી ત્યાં શ્રી લક્ષ્મણજીને આકાશમાર્ગે લઈ ગયા. શ્રી લક્ષ્મણજીએ લતાની જેમ તે શિલાને પોતાની ભુજાથી ઉપાડી, એ સમયે 'સાધુ-સાધુ' એમ બોલતા દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. હવે બધા વિદ્યાધરોને પ્રતીતિ થઈ અને પૂર્વની માફક આકાશમાર્ગે શ્રી લક્ષ્મણજીને તેઓ શ્રી રામચંદ્રજીની પાસે કિષ્કિંધાનગરીમાં લઈ આવ્યા.

પછી વાનરવંશના વૃદ્ધ પુરુષોએ કહ્યું કે, "જરૂર, આપથી શ્રી રાવણનો નાશ થશે. તે વાતમાં શંકા નથી પણ નીતિમાનોની એ સ્થિતિ છે કે, પહેલા દુશ્મનની પાસે દૂત મોકલવો જોઈએ, જો દૂત વડે જ કાર્યની સિદ્ધિ થતી હોય, તો રાજાઓએ સ્વયં મહેનત કરવાની જરૂર રહેતી નથી. માટે કોઈપણ મહાભુજ દૂતને ત્યાં મોકલો, કારણકે લંકામાં પેસવું અને નીકળવું મુશ્કેલ છે. એમ દુનિયામાં સંભળાય છે. તે દૂત લંકામાં જઈને, શ્રીમતી સીતાદેવીને પાછા સોંપવાનું શ્રી બિભીષણને કહે, કારણ કે રાક્ષસકુળમાં એ ખરેખર નિતીમાન છે. શ્રી બિભીષણ પણ શ્રીમતી સીતાદેવીને છોડી દેવાનું શ્રી રાવણને સમજાવશે અને શ્રી રાવણ જો અવજ્ઞા કરશે તો તે તત્કાળ આપની પાસે આવશે."

વૃદ્ધોનાં આ પ્રકારનાં વચનોને શ્રી રામચંદ્રજીએ સંમતિ આપી, એટલે શ્રીભૂતિને મોકલીને શ્રી સુગ્રીવે શ્રી હનુમાનને ત્યાં બોલાવ્યા. તેજથી સૂર્ય સમાન એવા શ્રી હનુમાને, ત્યાં આવીને સભામાં બેઠેલા અને શ્રી સુગ્રીવ આદિથી વીંટાએલા શ્રી રામચંદ્રજીને નમસ્કાર કર્યા. પછી શ્રી રામચંદ્રજીને સુગ્રીવે કહ્યું કે,

"આ પવનંજયનો પુત્ર વિનયી હનુમાન, વિપત્તિમાં અમારો પરમબન્ધુ છે. વિદ્યાધરોમાં પણ આના જેવો બીજો કોઈ નથી. માટે હે સ્વામિન્ ! શ્રીમતી સીતાદેવીની શોધ માટે આને આપ આજ્ઞા કરો !'

શ્રી હનુમાને પણ એમ કહ્યું કે, "મારા જેવા ઘણા કપિઓ છે. સુગ્રીવરાજાએ જે કહ્યું તે મારા પ્રત્યેના સ્નેહથી કહ્યું છે. વળી

હે સ્વામિન્ ! ગવ, ગવાક્ષ, ગવય, શરભ, ગંધમાદન, નીલ દ્વિવિદ, મૈંદ, જાંબવાન, અંગદ, નલ અને બીજા પણ ઘણા કપિપુંગવો અહીં હાજર છે અને હું પણ આપની કાર્યસિદ્ધિ માટે તેઓની સંખ્યાને પૂરનારો છું."

આ રીતે શ્રી હનુમાને પોતાની લઘુતા બતાવી પરંતુ તેમની ભાવના કાર્યમાંથી છટકવાની નહિ હતી. આજે તો ઘણાઓ એવા પણ છે કે પોતાની શક્તિ અને સામગ્રી છતાં શાસનનાં જરૂરી કાર્યોના પ્રસંગે લઘુતા બતાવીને પણ તેમાંથી છટકવાનો પ્રયત્ન કરતા જોવાય છે. અહીં તો શ્રી હનુમાન એમ પણ કહે છે કે, "હે સ્વામિન્ ! શું રાક્ષસદ્વિપ સહિત લંકાને ઉપાડીને અહીં લાવું ? શ્રી રાવણને તેના ભાઈ સહિત બાંધીને અહીં લાવું ? અથવા કુટુંબસહિત શ્રી રાવણને ત્યાં જ હણીને ત્વરાથી નિરૂપદ્રવી બનેલાં દેવી શ્રીમતી સીતાને અહીં લાવું ?

## સત્યપ્રિય આત્માઓ મોટાભાગે સત્યનો પક્ષ કરનારા હોય છે

શ્રી હનુમાન જો કે શ્રી રાવણના સેવક હતા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ હતા. શ્રી રાવણે જ્યારે સત્ય ગુમાવ્યું અને આ જાતની કારમી પ્રવૃત્તિ આદરી, ત્યારે શ્રી હનુમાન જેવા પણ એમને શિક્ષા કરવાને તૈયાર થઈ ગયા. શ્રી રાવણનું પુણ્ય હવે પરવારવાની તૈયારીમાં છે. સામાનું પુણ્ય જાગતું હોય ત્યાં સુધી બીજા સારાને પણ આવો વિચાર ન આવે, અગર આવા અમલની સામગ્રી ન મળી રહે, એમ બને, પણ હવે શ્રી રાવણનો પુણ્યોદય ખતમ થવાની તૈયારીમાં છે. વળી શ્રી હનુમાન જેવા સમ્યગ્દૃષ્ટિને બીજાની ઈર્ષ્યા કે સામાનું ખોટી રીતે પડાવી લેવાની ભાવના ન હોય તે ય સ્વાભાવિક છે. શ્રી તીર્થંકરદેવના પુણ્યથી ઇન્દ્રનાં સિંહાસનો પણ કંપે છે. તેમ શ્રી રાવણનો પુણ્યોદય હતો ત્યાં સુધી તો કોઈને એના માટે ખરાબ વિચાર ન આવ્યો. પણ પુણ્યનો અંત આવવાની તૈયારી થઈ એટલે શ્રી રાવણના સેવકો હનુમાન આદિ શ્રી રામચંદ્રજીના પક્ષમાં ગયા. સત્યપ્રિય આત્માઓ પ્રાયઃ સત્યનો જ પક્ષ કરનારા હોય છે. પણ મોટા-ભાગે અસત્યનો પક્ષ કરનારાં હોતા નથી.

વળી હનુમાને જે કહ્યું એમાં અતિશયોક્તિ પણ નથી. આવા પરાક્રમીઓનાં વચનો પણ પ્રાય:ભવિષ્યની આગાહીરૂપ જ હોય છે. શ્રી હનુમાન ચરમશરીરી છે. જન્મ્યા તે જ દિવસે વિમાનમાંથી પડ્યા ત્યારે તેમના શરીરને કશું જ થયું ન હતું, પણ ઉપરથી શિલાના ભૂક્કા થઈ ગયા હતા. એવા તો વજ્રકાય હતા. એમનામાં લંકાને ઉપાડવાનું ય સામર્થ્ય હોઈ શકે છે. પણ સામાન્ય રીતે મોટા પુરુષોને એમ કરવાનો સમય આવતો નથી. શ્રી જિનેશ્વરદેવ ત્રણ ભુવનને ઉંધું ચત્તું કરવાને માટે પણ સમર્થ છે. પરંતુ તે પરમતારકો કદિ એમ કરે ? ન જ કરે. સાચા બળવીરો મોટાભાગે ઘમંડી નથી હોતા. પરંતુ ગંભીર હોય છે. વીરતાની સાથે ધીરતા, ગંભીરતા અને ન્યાયશીલતા હોય તો જ તે વીરતા વાસ્તવિક રીતે દીપી નીકળે છે !



## શ્રી રામચંદ્રજીએ કહેવડાવેલો સંદેશો

શ્રી હનુમાનનું કથન સાંભળ્યા બાદ શ્રી રામચંદ્રજી એમ કહે છે, "તારામાં સઘળું સંભવે છે. તારામાં એવું સામર્થ્ય જરૂર છે માટે તું લંકાપુરીમાં જા અને ત્યાં શ્રીમતી સીતાની શોધ કર ! મારી આ વીંટીને લઈ જા, શ્રીમતી સીતાને મારી નિશાની તરીકે આપજે અને તેના મુગટને નિશાની તરીકે અહીં લેતો આવજે. વળી તેને મારા તરફથી એવો સંદેશ કહેજે કે, 'હે દેવી ! રામ તારા વિયોગથી આતુર બનેલા છે. અને અત્યંતપણે તારું જ ધ્યાન કરતાં રહે છે. હે જીવિતેશ્વરી ! મારા વિયોગથી તું જીવિતનો ત્યાગ કરીશ નહિ. કારણ કે ટૂંક વખતમાં જ લક્ષ્મણ વડે શ્રી રાવણને હણાએલો તું જોઈશ."

શ્રી હનુમાને પણ કહ્યું કે, "હે પ્રભો ! આપની આજ્ઞા મુજબ કરીને જ્યાં સુધી હું લંકાપુરીથી પાછો ન આવું ત્યાં સુધી આપ અહીં જ સ્થિરતા કરજો !" એમ કહીને શ્રી રામચંદ્રજીને નમસ્કાર કર્યા પછીથી શ્રી હનુમાન પરિવાર સહિત એક અતિ વેગવાળા વિમાનમાં બેસીને લંકપુરી તરફ ચાલ્યા !

# શ્રી હનુમાન દેવરમણ ઉદ્યાનમાં

# ૧૨

શ્રી રામચન્દ્રજી શ્રી હનુમાનને પોતાની વીંટી આપીને, શ્રીસીતાનો ચુડામણી લઈ આવવાનું સૂચન કરવા સાથે જરુરી સૂચનો કરે છે. રસ્તામાં મહેન્દ્રનગર આવતાં પોતાની માતાના અપમાનની વાત યાદ કરીને માતામહ રાજા મહેન્દ્રને થોડું પરાક્રમ બતાવી આગળ વધતાં દધિમુખ દ્વિપમાં બે મુનિવરો અને નજીકના પ્રદેશમાં ત્રણ કન્યાઓને ધ્યાનમગ્ન જોતાં પ્રગટેલા દાવાનળનો ઉપદ્રવ શાંત કરે છે.

આ પ્રસંગે પ્રવચનકારશ્રી દ્વારા ધર્માત્માની ફરજ ‘ચારિત્રહીનતા અને ઉત્સૂત્રપ્રરુપણા’ વચ્ચેનો તફાવત અને દૃષ્ટિરાગી ન બનતાં ગુણાનુરાગી બનવાનો સચોટ ઉપદેશ અપાયો છે.

લંકા પ્રવેશ કરતાં પરાક્રમ અને વિજય પામતાં, બિભીષણને સાવચેત કરવું, મહાસતી સીતાદેવીના દર્શન માત્રથી શ્રી રામચન્દ્રજી એમને માટે ઝૂરે છે તે યથાસ્થાને છે એમ વિચારવાપૂર્વક વૃક્ષ ઉપરથી વીંટીનું પ્રદાન, વિનંતી, ચુડામણિની પ્રાપ્તિ, દેવરમણ ઉદ્યાનમાં મચાવેલો તરખાટ, રાવણની સભામાં પરાક્રમ બતાવવા સાથે શ્રી રામચન્દ્રજીની પાસે પાછા પહોંચવા સુધીની વાત વર્ણવતાં પ્રસંગોપાત થયેલાં પ્રવચનકારશ્રીના સ્પષ્ટીકરણો ધર્મકથાના મર્મને આપણા સુધી પહોંચાડે છે.

-શ્રી

# શ્રી હનુમાનજી દેવરમણ ઉધાનમાં

★ રાજા મહેન્દ્ર પણ શ્રી રામચન્દ્રજીની સેવામાં
★ સુસાધુને તથા વેષધારીને પારખતા શીખો
★ એવા પ્રસંગે પૂરતી અને ઊંડી તપાસ કરવી જોઈએ
★ ઉત્સૂત્રપ્રરુપણા અને ચારિત્રહીનતા
★ સુશ્રાવકોએ આવા પ્રસંગે ચકોર બનવું જોઈએ
★ એક મુક્તિના જ ધ્યેયથી ધર્મક્રિયા કરવી જોઈએ
★ તેઓ શ્રી જૈનશાસનના ઘાતક છે
★ મુનિની ફરજ સહવાની પણ શ્રાવકની ફરજ કઈ ?
★ શ્રી હનુમાને મુનિઓની આપત્તિનું કરેલું નિવારણ
★ દૃષ્ટિરાગી ન બનો પણ ગુણાનુરાગી બનો
★ ત્રણ કુમારિકાઓનો વૃત્તાંત
★ લંકામાં પેસતા આશાલિકા વિદ્યાદેવીનો ભેટો
★ પરાક્રમીના નામ સાંભળીને પણ દુશ્મનના સુભટો કંપે
★ શ્રી હનુમાનજી પહેલેથી જ ચમત્કાર બતાવે છે
★ લંકાસુંદરી સાથે શ્રી હનુમાનજીનો ગાન્ધર્વવિવાહ
★ વિષયાધીનો ધર્મની સેવાને માટે અયોગ્ય છે
★ બિભીષણને સાચી સલાહ તથા યુદ્ધની ધમકી
★ શ્રી બિભીષણની ન્યાયનિષ્ઠા
★ હનુમાન દેવરમણ ઉધાનમાં
★ સન્નારીઓએ આદર્શભૂત બનાવવા જેવા જીવન પ્રસંગો
★ ઉદ્ધાર કરવો છે કે અધઃપતન કરવું છે
★ શ્રીમતી સીતાદેવીને જોઈને શ્રી હનુમાનજી શું વિચારે છે ?
★ શ્રી હનુમાને શ્રીમતી સીતાજીના ખોળામાં ફેંકેલી મુદ્રિકા
★ શ્રીમતી સીતાજીને મન્દોદરીનું વિનયપૂર્વકનું કથન
★ શ્રી હનુમાન અને શ્રીમતી સીતાજીનો પરસ્પર મેળાપ
★ પરાક્રમી હનુમાનજીનો સુંદર પ્રત્યુત્તર
★ જૈન શાસનના સાચા સેવકો કેવા હોય ?
★ પવિત્રતાનો બચાવ કરનારા આર્યદેશના આચારો
કલ્યાણકામી આત્માને કેમ ન ગમે ?
★ શ્રી હનુમાને દેવરમણ ઉધાનમાં મચાવેલું તોફાન
★ શ્રી હનુમાનજીનું કૌતુકથી નાગપાશમાં બંધાવું
★ સ્વામીની અવહેલનાને મૂંગે મોઢે સહનાર નિમકહરામ ગણાય છે
★ શ્રી હનુમાને શ્રી રાવણને આપેલો જડબાતોડ જવાબ
★ ઉત્સૂત્ર ભાષકોની સાથે વાત કરવામાં પણ પાપ છે
★ શ્રી રાવણના મુગટના શ્રી હનુમાને ચૂરેચૂરા કરી નાંખ્યા
★ શ્રી હનુમાન શ્રી રામચન્દ્રજી પાસે

# ૧૨

## શ્રી હનુમાનજી દેવરમણ ઉદ્યાનમાં



હવે રસ્તામાં શું શું બને છે એ પણ આપણે જોઈએ. શ્રી હનુમાન લંકાપુરી તરફ આકાશમાર્ગે જઈ રહ્યાં છે. રસ્તામાં જતા મહેન્દ્રગિરિના શિખર ઉપર પોતાના માતામહ મહેન્દ્ર રાજાનું મહેન્દ્રપુર નામનું નગર હનુમાને જોયું.

એ જોતાંની સાથે જ શ્રી હનુમાનને ખ્યાલ આવ્યો કે, 'આ તે જ મારા માતામહ મહેન્દ્રરાજાનું નગર છે, કે જે મારા માતામહે મારી નિરપરાધિની એવી પણ માતાને તે વખતે કાઢી મૂકી હતી.' આ વાતનું સ્મરણ થતાંની સાથે જ શ્રી હનુમાનને ક્રોધ આવ્યો કારણકે, શ્રી હનુમાન માતૃભક્ત છે. ક્રોધમાં આવી જઈને હનુમાને એવી રીતે રણશીંગુ ફૂંક્યું કે જાણે એના દિઙ્મુખોના પડઘાઓથી બ્રહ્માંડ ફાટી ગયું.

શત્રુનું આવું બળ જોઈને, ઇન્દ્ર સમાનં પરાક્રમી રાજા મહેન્દ્ર પણ પોતાના પુત્રની સાથે તેમજ સૈન્યોની સાથે યુદ્ધ કરવાને માટે બહાર નીકળ્યો. રુધિરની વૃષ્ટિથી ભયંકર ઉત્પાત સમયનો જાણે મેઘ હોય તેની જેમ મહેન્દ્ર રાજા અને શ્રી હનુમાનની સેનાઓ વચ્ચે આકાશમાં ભયંકર યુદ્ધ થયું. યુદ્ધભુમિમાં વેગથી ફરતા એવા શ્રી હનુમાને વૃક્ષોને પવન ભાંગી નાંખે તેમ શત્રુના સૈન્યને ભાંગી નાંખ્યું. મહેન્દ્રરાજાનો પુત્ર પ્રસન્નકીર્તી પણ, શ્રી હનુમાન પોતાનો ભાણેજ થાય છે, એ સંબંધને જાણ્યા વિના નિ:શંકપણે શસ્ત્રપ્રહાર કરતો શ્રી હનુમાનની સાથે યુદ્ધ કરવા લાગ્યો. પ્રસન્નકીર્તિ અને શ્રી હનુમાન બંનેય મહાબાહુ હતા તેમજ બન્નેય અતિ આવેશવાળા હતા. એથી તેઓ દૃઢ યુદ્ધ કરવાથી પરસ્પરને શ્રમ ઉત્પન્ન કરવા લાગ્યા.

આવે વખતે યુદ્ધ કરતા એવા શ્રી હનુમાને વિચાર કર્યો કે, "સ્વામીએ સુપ્રત કરેલા કાર્યને વિલંબમાં નાખનારા આ યુદ્ધને મેં જે શરૂ કર્યું, એથી મને ધિક્કાર હો ! ક્ષણમાત્રમાં જે જીતાય એ બીજા ! આ તો મારું માતૃકૃળ છે, એટલે એમ જીતાય નહિ ! છતાં શરૂ કરેલાંનો નિર્વાહ કરવાને માટે હવે જીતવું તો જોઈએ જ.' આ પ્રમાણે વિચાર કરીને ક્રોધિત બનેલા શ્રી હનુમાને ક્ષણવારમાં પ્રસન્નકીર્તિને પ્રહારો વડે કરીને મૂંઝવી નાંખ્યો, તેના અસ્ત્ર-રથ તથા સારથિને ભગ્ન કરી દીધાં અને પ્રસન્નકીર્તિને પકડી લીધો તે પછી ઘણું યુદ્ધ કરાવીને શ્રી હનુમાને મહેન્દ્ર રાજાને પણ પકડી લીધો.

**રાજા મહેન્દ્ર પણ શ્રી રામચંદ્રજીની સેવામાં**

શ્રી હનુમાનને આ બધાયની સાથે યુદ્ધ કરીને અને તેમને પકડીને મારવા નહોતા કે તેમનું રાજ્ય ઝૂંટવી લેવું નહોતું એ તો નક્કી વાત છે. માત્ર પૂર્વની વાત યાદ આવી, ક્રોધ ચઢ્યો, રણભેરી વગાડી અને યુદ્ધ શરૂ થઈ ગયું. શ્રી હનુમાને તરત જ મહેન્દ્રરાજાને તથા પ્રસન્નકીર્તિને છોડી દીધા. અને પોતાના માતામહને એટલે દાદાને નમસ્કાર કરીને કહ્યું કે, "હું અંજનાસુંદરીનો પુત્ર છું., એટલે આપનો તો દોહિત્ર થાઉં છું. શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી હું શ્રીમતી સીતાદેવીની શોધ કરવાને માટે લંકા તરફ જતો હતો. અહીં આવતાં, ઘણા વખત પૂર્વે આપે મારી નિરપરાધિની માતાને કાઢી મૂકેલી તે મને અત્યારે યાદ આવ્યું અને એથી ઉત્પન્ન થએલા ક્રોધના યોગે આપની સાથે મેં યુદ્ધ કર્યું. તો આપ મારા તે કાર્યને માટે ક્ષમા કરો. હવે હું મારા સ્વામી શ્રી રામચંદ્રજીના કાર્યને માટે જઈશ અને આપ પણ આપણા સ્વામી શ્રી રામચંદ્રજીની પાસે જાઓ.'

મહેન્દ્રરાજા પણ પોતાના તે મહાપરાક્રમી દોહિત્ર શ્રી હનુમાનને ભેટ્યા અને કહ્યું કે, "લોકોના કહેવાથી અમે પહેલા તું પરાક્રમી છો એમ સાંભળ્યું હતું. અને આજે ભાગ્યયોગે અમે નજરોનજર જોયું કે તું પરાક્રમી છે. હવે તારા સ્વામીના કાર્યને માટે જા તારો માર્ગ કલ્યાણકારી હો." આ પ્રમાણે કહીને મહેન્દ્રરાજાએ

શ્રી હનુમાનને રવાના કર્યા અને પોતે સૈન્યની સાથે શ્રી રામચંદ્રજીની પાસે ગયા.

### સુસાધુને તથા વેષધારીને પારખતા શીખો

મહેન્દ્રપુરથી રવાના થઈને આકાશમાર્ગે જતા શ્રી હનુમાને દધિમુખ નામના દ્વીપમાં બે મહામુનિઓને કાઉસગ્ગ ધ્યાનમાં રહેલાં જોયા. આ ઉપરાંત તે બે મહામુનિઓથી અતિ દૂર નહિ એવા સ્થાનમાં નિર્દોષ અંગવાળી અને વિદ્યાસાધનામાં તત્પર એવી ત્રણ કુમારિકાઓ ધ્યાન ધરી રહી હતી. તે દૃશ્ય પણ શ્રી હનુમાનના જોવામાં આવ્યું.

આજે કોઈ સાધુસંસ્થાનો વિરોધી અથવા શાસનહિતની દૃષ્ટિ વિનાનો ધર્મી પણ આવું દૃશ્ય જુએ તો શું કરે ? સાધુસંસ્થાનો નાશ કરવાને મથનારા કહેવાતા સુધારકોમાંનો કોઈ આ દૃશ્ય જોઈને, મહામુનિઓનો ભવાડો કર્યા વિના રહે નહિ, એ દેખીતી વાત છે. એ તો બે મહામુનિઓ ઉપર કારમું અને તદ્દન કલ્પિત કલંક પણ ચઢાવી દે, એમાંય શંકા રાખવા જેવી નથી. માત્ર એ મહામુનિઓને જ કલંકિત કરે એમેય નહિ, પરંતુ એ નિમિત્તે આખીય સાધુ સંસ્થાઓને માથે ભયંકર આળ ચઢાવતાંય એને અરેરાટી છૂટે નહિ, આમ છતાં એ એમ જ કહે છે કે, 'એવી દુષ્ટતા વાપરવામાં પણ એણે શ્રી જૈનશાસનની સેવા જ કરી છે, કારણ કે શ્રી જિનશાસનની ભયંકરમાં ભયંકર અપભ્રાજના કરવાના કારમા પાપો કરવા છતાંપણ એવાઓ આજે પોતાની જાતને જૈનસમાજના તારક તરીકે ઓળખાવવાની પણ ધૃષ્ટતા સેવતાં શરમાતા નથી.

આ તો થઈ કહેવાતા સુધારકોની વાત, પરંતુ સામાન્ય ધર્મી ગણાતાના હૈયામાં પણ એ દૃશ્ય જોઈને વસવસો ઉત્પન્ન થાય ખરો કે નહિ ?

**સભા :** ત્યારે ગમે તેવું દૃશ્ય જોઈને આંખ આડા કાન કરવા એમ?

**પૂજ્યશ્રી :** નહિ જ. પણ તમારો આ પ્રશ્ન જ વિચિત્ર છે.

કારણકે શ્રી જિનશાસનને પામેલો એવું તો કહે જ નહિ. અને આ કાંઈ ગમે તેવા દૃશ્યનો પ્રસંગ પણ નથી. પણ આ તો આવા પણ પ્રસંગને પામીને, આજના કહેવાતા સુધારક જેવાઓ અથવા નહિ જેવી શ્રદ્ધાના યોગે ધર્મી ગણાતાઓની કેવી દશા થાય છે, એ જ માત્ર હું જણાવવા ઈચ્છું છું. બાકી પ્રસંગે પ્રસંગે શાસ્ત્રનીતિ મુજબ હું તો કહેતો જ આવ્યો છું કે, તમે માત્ર વેષ જોઈને મૂંઝાઓ નહિ. આજે નકલી વેષધારીઓ પણ કમ પ્રમાણમાં નથી. તમે બધાયને સરખા માનીને જ્યાં ત્યાં ઝૂકો પણ નહિ, પરંતુ સાચાના અને ખોટાના પરીક્ષક બનો! સુસાધુના ચરણોમાં માથું મૂકતાં અચકાઓ નહિ, અને વેષધારીને હાથ પણ જોડો નહિ. "આપણે તો બધાય સાધુ સારા અને બધાય સાધુ પૂજ્ય, એવી મનોવૃત્તિ આજે ઘણાઓમાં દેખાય છે. જેટલા સાચા સાધુ તેટલા સારા અને પૂજ્ય એમાં શંકા નહિ." પણ જેટલા સાધુવેષ ધરનારા તેટલા બધા જ સારા અને પૂજ્ય એમ નહિ. સાધુવેષ હોય પરંતુ સાધુવેષને જે વફાદાર ન હોય, તેમજ જે શાસનનો વેષ છે અને જેના યોગે પોતે પૂજાય છે તથા સુખે માનપાન ભોગવે છે, એ શાસનને જે છેહ દેનારા હોય, તેવાઓને તો હાથ જોડવા એ પણ પાપ છે. અજાણતાં ગમે તેમ થયું હોય, પણ જાણી જોઈને તો ખાસ શાસનના કારણ વિના એવાઓને જરાય નમતું નહિ આપવું જોઈએ.

સાધુને તમે હાથ જોડો, વન્દન કરો, એમનું સ્વાગત કરો અને એમની ભક્તિ કરો - એ બધાની પાછળ રહેલા હેતુને બરાબર સમજવો જોઈએ, કેટલાકો એ કિંમતને ભૂલ્યા છે, માટે એમ છૂટથી કહે છે કે, 'આપણે તો બધાય સરખા અને બધાય પૂજ્ય.' આજે ઘણા એમ પણ કહે છે કે, 'ભગવાનનો વેષ તો છે ને ? પણ એ વિચારતા નથી કે, નાટકીયાઓ રાજાનો વેષ પહેરે એથી રાજા નથી બની જતા. અને પ્રજા એ નાટકીયાઓને રાજા માનીને માનપાન આપતી નથી. રાજા તરીકે કે અમલદાર તરીકે માન આપનારાઓ, માત્ર એના વેષને જોતા નથી. પરંતુ એ રાજા છે કે નહિ, એ અમલદાર

છે કે નહિ, એય જુએ છે, વેષની કિંમત છે, વેષની જરૂર છે, પણ એકલા વેષથી કામ ન ચાલે, ગુણ તો જોઈએ જ, તમે જ વિચારો કે સાધુને તમે હાથ જોડો, વંદન કરો, એમનું સ્વાગત કરો. એમની ભક્તિ કરો, એ બધું શા માટે ? એ દ્વારા તમે શું મેળવવા ઈચ્છો છો ? આ બધા વિચારને અંતે તમારે એ નિશ્ચિત કરવું જોઈએ કે, શ્રી જિનેશ્વરદેવના સાધુની ભક્તિ પણ સંસારથી છૂટવાને માટે જ કરવાની છે. શ્રી જિનેશ્વરદેવના સાધુના સ્વાગતમાં પણ શ્રી જૈનશાસનનું સ્વાગત છે જે સાધુ સંસારથી છોડાવવાને બદલે સંસારમાં જોડાવાનો ઉપદેશ આપે અને શ્રી જિનેશ્વરદેવના શાસનનાં સત્યોને ગોપવી, જમાનાની પાછળ ઘસડાય તથા ઘસડાવાનો ઉપદેશ આપે, તેને આ શાસનને પામેલો આત્મા સાધુ ન માને. તમને જો તમારી ભક્તિ આદિની કિંમત હોય, તો સુસાધુને અને વેષધારીને તમારે પારખતાં  શીખવું પડશે. એમને એમ વિના વિવેકે તરી નહિ જવાય.

**એવા પ્રસંગે પૂરતી અને ઊંડી તપાસ કરવી જોઈએ**

**સભા :** ત્યારે એવો પ્રસંગ જોવામાં આવે તો શું કરવું જોઈએ ?

**પૂજ્યશ્રી :** જો કે આજના કાળમાં પ્રાયઃ એવા પ્રસંગ જોવામાં આવે એ અશક્ય છે, કારણ કે સાચી રીતે આજે એવી ધ્યાનદશાની પ્રાપ્તિ દુઃશક્ય છે. એથી જ આજે એવા આડંબરીઓને ઢોંગી તરીકે ઓળખવામાં આવે છે. એમ છતાંય એટલું જોવા માત્રથી જ ઉભગી જવું જોઈએ નહિ, જો જોનાર વિવેકી અને વિચક્ષણ હોય, તો સામાન્ય રીતે એના પરમાર્થને કલ્પી શકે છે. ધ્યાનસ્થ દશા જુએ, ધ્યાનમગ્નતા જુએ, મુખ ઉપરની નિર્દોષતા જુએ, દૃષ્ટિ જુએ અને પ્રસંગ જુએ તો પરમાર્થને ન જ કલ્પી શકાય એમ નહિ. એ પછીથી પણ સાચી વાત શી છે ? એની પૂરતી અને ઊંડી તપાસ કરવી જોઈએ, પણ વિના તપાસે યદ્વા તદ્વા નહિ જ બોલવું કે માની લેવું જોઈએ.

એને બદલે પૂરતી અને ઊંડી તપાસની વાત તો દૂર રહી, પણ

એક દ્વેષી, દુર્જન કે લાંચીયાએ લખી દીધેલી વાતને પણ સાચી માનનારાઓનો આજે ક્યાં તોટો છે ? એકે કહ્યું, બીજાએ સાંભળ્યું, એણે ત્રીજાને કહ્યું અને એમ વાત ચગડોળે ચઢે, જ્યારે વસ્તુતઃ એમાંનું કાંઈ જ હોય નહિ. આજના પોતાને ડાહ્યા, વિચક્ષણ, બુદ્ધિમાન અને કાયદેબાજ માનનારાઓએ, સાધુઓને માથે આળો ઓઢાડતાં અગર એવી વાતો કરતાં, કેટલા ઊંડા ઉતરીને તપાસ કરી છે, એ તો કહો ! આ તો બાળજીવોમાં સુસાધુઓ પ્રત્યે પણ ભક્તિભાવ ન રહે, એ માટે સારા સારા સાધુઓને માથે પણ કારમા કલંકો ઓઢાડી દેવાય છે. કેટલાક કુસાધુઓ પણ પડદા પાછળ રહીને એવા ધંધાઓ કરાવે છે એટલે જ્યારે એમની સાચી પણ ખરાબ વાત કોઈ કહે, તો ઝટ એમનાથી કહેવાય કે, ફલાણા માટે પણ આમ કહેવાય છે અને ફલાણા માટે પણ આમ કહેવાય છે. બસ, પત્યુ કામ! માટે આજના કુસાધુઓની અને સાધુસંસ્થાના દ્વેષીઓની દુષ્ટ કાર્યવાહિઓને અને તેમની પ્રપંચી પેરવીઓને સમજો ! આજની દશા જોતાં એ ભારપૂર્વક કહેવાની જરૂર છે કે આજે જેણે સુસાધુના ઉપાસક બન્યા રહેવું હોય તેણે પોતાના મગજને ઠેકાણે રાખવું પડશે, કારણકે મગજને ભમાવનારા આજે ઘણા પાક્યા છે.

તમને કોઈ પુણ્યવાન, ધર્માત્મા ઇત્યાદિ કહે એટલા માત્રથી ઠગાઓ નહિ, એમ કહીને અને શાસનસેવાની મીઠી છતાં દંભી વાતો કરીને પણ તમારી શાસનસેવાની ભાવનાને શિથીલ કરનારાઓ ઓછા નથી. એમને વિરોધીઓમાં ભળવું પાલવતું નથી અને તમારા તરફથી મળતાં માનપાન ખોવાં નથી. પેલાઓ જરા વાંકુ બોલે એ સહેવાતું નથી એટલે તમને ખુશ રાખવા શાસનની વાતો કરી લે પણ પાછળ પેલાઓ જોડે એમને ફાવતું બોલે, લોકોના દેખતા ખોટા બરાડા પાડે અને અંદરથી ધર્મના દ્રોહીઓને પંપાળે. આવી દશા જ્યાં હોય ત્યાં સામાન્યને મૂંઝાતા વાર ન લાગે, પણ એ મીઠું ઝેર છે. એવાઓ ફલાણા માટે આમ બોલાય છે અને તેમ બોલાય છે એમ કહે, તો પણ તમે ઉઘાડી આંખે સ્થિર પ્રજ્ઞાથી જોઈ - વિચારીને

તારનાર કોણ ને ડૂબાડનાર કોણ એ નક્કી કરવાનું ચૂકો નહિ તમે જો એવા હોંશિયાર બની જાવ તો તમે ફસાઓ નહિ અને પેલાઓ પણ તમારાથી ડરતા જ રહે જેથી પરિણામે લાભ થાય.

**ઉત્સૂત્રપ્રરૂપણા અને ચારિત્રહીનતા**

આથી સ્પષ્ટ છે કે જ્યારે કુશંકા ઉપજાવે એવું છતાં, એવું ન પણ હોય એમ બને, એવું દૃશ્ય જોવામાં આવે ત્યારે એકદમ કુશંકાઓમાં નહિ પડી જતાં યથાર્થ પરમાર્થને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ, પૂરતી તપાસ કર્યા બાદ પણ જો આપણને લાગે કે એ કુસાધુ જ છે, તો એને કુમાર્ગેથી પાછો વાળી સુમાર્ગે વાળવાને માટે શક્ય એટલો પ્રયત્ન કરવો જોઈએ, એની હો હા મચાવી દેવાથી શાસનની અપભ્રાજના થાય એ ભૂલવું ન જોઈએ.

ઉત્સૂત્ર પ્રરૂપણા માટે કહેવું અને ચારિત્રના વિષયમાં કહેવું એ બે ભિન્ન વાતો છે. અમારા સમાજમાં અમુક અમુક ઉત્સૂત્ર પ્રરૂપકો છે એમ કહેવાથી શાસનની અપભ્રાજના નથી થતી. પણ બાળજીવો એવાના પાપસંસર્ગથી બચી ઉન્માર્ગે જતા અટકે છે. તેમજ ઇતરોને પણ લાગે કે, જૈનો એવા ચૂસ્ત શ્રદ્ધાળુ અને વિચક્ષણ છે કે તેમના મહાપુરુષોએ ફરમાવ્યાથી વિરુદ્ધ બોલનારને ઝટ તેઓ પકડી પાડે છે અને સાચા જૈનો એવાઓને માનતા ય નથી. જ્યારે ચારિત્રના વિષયમાં સાચી વાતની ઝટ ખબર પડે નહિ, કેટલીકવાર નિર્દોષને પણ દોષિત માનવાની ભૂલ થાય તેમજ એવી વાતોથી પવિત્ર, ત્યાગી અને પૂજ્ય જૈન સાધુસંસ્થા માટે ઇતરોના હૃદયમાં દુર્ભાવના પેદા થાય તથા બાળજીવો ધર્મથી વંચિત પણ રહી જાય, માટે કદાચ કોઈ એવા જણાય તો એમને સુધારી લેવાને બનતું કરવું, ન જ માને તો શક્ય હોય તો ઔચિત્ય મુજબ સાધુવેષમાંથી રવાના કરી દેવા, પરંતુ એક તરફ સમાજનો અમુક ભાગ એમને સાધુ તરીકે પૂજતો રહે અને બીજી તરફ ચારિત્રને માટે બોલાયે જાય, એ ઇચ્છવા જોગ નથી. બાકી આ કહેવાનો આશય એ નથી કે ચારિત્રહીનતાને નિભાવી જ લેવી અને એવાને પણ સાધુ તરીકે માનવા, પોતે ચારિત્રહીન હોવા છતાં પણ

જેઓ દાંભિકતાથી સુસાધુ તરીકે જ પોતાને ઓળખાવાને મથતા હોય, તેવાઓના તો પડછાયાથી પણ બચવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જો કે આજે તો બહુ મુશ્કેલી છે, કારણકે સાધુસંસ્થાનો નાશ કરવાને માટે, સાધુ સંસ્થાને બદનામ કરવાને માટે, ધર્મદ્રોહીઓએ સારા, નિર્દોષ અને પવિત્ર સાધુઓને માથે પણ તદ્દન જુઠ્ઠાં અને કલ્પિત કારમા કલંકો ઓઢાડી દીધા છે. સુસાધુઓ તો એને પણ કર્મક્ષયનું એક નિમિત્ત માને, પોતાનો તે પૂરતો પાપોદય છે, એમ માને, પરંતુ આજની હવામાં જેણે પ્રભુશાસનની આરાધના સુંદર પ્રકારે કરવી હોય તેણે તો આ બધું અવશ્ય વિચારવા જેવું છે. અને એ વિચારીને ખૂબ સાવધ બની જવા જેવું છે.

એ વાત પણ ખ્યાલમાં રાખવી જોઈએ કે તપાસ કરતાં કદાચ બે પાંચ એવા પણ જણાય, તો પણ સાધુસંસ્થા પ્રત્યે દુર્ભાવ ન આવવો જોઈએ. ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય, પણ એથી ગામમાં બધા ઢેઢા જ વસે છે એમ ન કહેવાય. આજે તો પૂરતી તપાસ ક્ર્યા વિના જ સૂણી સૂણાઈ વાતો ઉપરથી બધા જ સાધુઓ ખરાબ છે એવું કેટલાકો બોલી અને લખી રહ્યા છે. જો શાસનની આરાધનાનું સાચું અર્થીપણું હોય તો એમ બને નહિ. જેટલા ખરાબ હોય તેનો ત્યાગ કરવો જોઈએ, એમાં બે મત છે નહિ, પરંતુ ખરાબના નિમિત્તે સારાનો અનાદર ન થઈ જાય અને સારાની ભક્તિથી વંચિત ન રહી જવાય એની કાળજી રાખવી જોઈએ ને ?

### સુશ્રાવકોએ આવા પ્રસંગે ચકોર બનવું જોઈએ

શાસન વાંઝીયું નથી. આજે જૈન સમાજની ગમે તેટલી દુર્દશા થઈ ગઈ હોય તે છતાં પણ કોઈ સુસાધુ નથી, કોઈ સુસાધ્વી નથી, કોઈ સુશ્રાવક નથી અને કોઈ સુશ્રાવિકા જ નથી, એમ કોઈ પણ શ્રદ્ધાળુથી કહી શકાય નહિ વિષમકાળમાં આરાધના કરવા ઈચ્છનારાઓએ વધુ સાવધાન બનવું જોઈએ. બજારમાં જ્યારે ઉથલ-પાથલ ચાલતી હોય છે, ત્યારે વ્યાપારી કેટલો ચકોર રહે છે ? એ વખતે ખાવા-પીવાનું પણ ભૂલી જવાય છે. અને ટેલીફોનનાં ભૂંગળા માથે મૂકી રાખી, નહિ જેવું ઉંઘાય છે. ખાતા-પીતાં અને ફરતાં

હરતાં ચિંતા બજારની રહે છે. તેમ અહીં પણ ઉથલપાથલ ચાલતી હોય ત્યારે ધર્મના અર્થીએ વધારે ચકોર બનવું જોઈએ. આજની મૂંઝવણો મોટેભાગે અર્થીપણું ગયું છે એથી થાય છે. બજારમાં જેવું લક્ષ્મીનું અર્થીપણું છે, તેવું અર્થીપણું જો ધર્મમાં આવી જાય, તો સાચાને અને ખોટાને સારાને અને ખરાબને ન જ પારખી શકાય એવું કાંઈ નથી. પણ ખોટાને છોડી સારાને શરણે જવાની સાચી ભાવના હોય તો જ એ બને.

**એક મુક્તિના જ ધ્યેયથી ધર્મક્રિયા કરવી જોઈએ**

આપણે જોઈ ગયા કે શ્રી હનુમાને બે મહામુનિઓને અને ત્રણ કુમારિકાઓ ધ્યાનમગ્ન અવસ્થામાં રહેલ જોઈ, મહામુનિઓનું ધ્યાન મુક્તિને માટે છે, જ્યારે ત્રણ કુમારિકાઓનું ધ્યાન પૌદ્ગલિક લાલસાથી છે. દેખાવમાં બેયનું ધ્યાન એકસરખું લાગે, ક્રિયા એક્સરખી લાગે, તકલીફ બંનેયને વેઠવાની છતાં ધ્યેય જુદું. એ ધ્યેય જુદું એટલે સરખી લાગતી ક્રિયાનું પરિણામ પણ જુદું. મુક્તિ મેળવવાને માટે ધ્યાન કરતાં મરણ થાય અને પૌદ્ગલકિ ઈરાદાથી ધ્યાન કરતાં મરણ થાય, તો બેની ગતિમાં કેટલું અંતર પડે ? એકને મુક્તિ અગર સદ્ગતિ મળે અને બીજાની ? જો આયુષ્યબંધ પડતી વખતે એ જ લાલસા હોય તો દુર્ગતિ થાય.

"પૌદ્ગલિક ઈરાદો, એ કોઈપણ સંયોગોમાં પ્રશંસાપાત્ર નથી. પૌદ્ગલિક ઈરાદાથી ધર્મ કરી, મુક્તિના ધ્યેયનો દ્રોહ કરવો એ હિતાવહ નથી. સંસારથી તારનાર ધર્મનો સંસાર મહાલવા માટે ઉપયોગ કરવો એ કલ્યાણપ્રદ નથી. સંસારની સાધના ધ્યેયરૂપ બની, મુક્તિનો ખ્યાલ જ ભૂંસાઈ જાય અને તારક ધર્મની ક્રિયા કરાય તો કદાચ પૌદ્ગલિક ફળ મળે તોય એની કિંમત ન ગણાય. ધાણા વાવીને ઘાસનું ફળ મેળવવું એમાં ડહાપણ નથી. અને માત્ર ઘાસ જ મળે તો ફરી ધાણા વવાય પણ શી રીતે ? એની મુશ્કેલી ઉભી થાય. ઘણીવાર એમ કરતાં દુર્લભબોધિ પણ બની જવાય છે. માટે તારક ધર્મની આરાધના કરનારાઓએ પૌદ્ગલિક ઈરાદો ત્યજી મુક્તિના જ ધ્યેયથી તે ક્રિયા

કરવી જોઈએ. મુક્તિના ધ્યેયથી વિમુખ બનેલા આત્માઓ, આજે કદાચ ધર્મક્રિયાઓ કરવાના યોગે ધર્મી તરીકે ઓળખાતા હોય તો પણ વસ્તુતઃ તેવા આત્માઓ ધર્મી નથી જ. આ વસ્તુ સમજીને ધર્મના ધ્યેયને સર્વથા શુદ્ધ બનાવો કે જેથી કરેલો ધર્મ સાચી રીતે સફળ બને.

શ્રી હનુમાન અગત્યના કામે જઈ રહ્યા છે છતાં સમ્યગ્દૃષ્ટિ છે, એટલે અહીં પણ પોતાની ફરજને ચૂકતા નથી. ધર્મના કાર્યાર્થે જતો ધર્મી પણ માર્ગમાં ધર્મ ફરજની ઉપેક્ષા કરીને ચાલ્યો ન જાય. શ્રી શ્રેણિક રાજા ભગવાન શ્રી મહાવીર પરમાત્માને વંદન કરવાને માટે જતા હતા. છતાં પણ માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયા, એટલે ઝટ હાથી ઉપરથી નીચે ઉતર્યા અને વંદન કર્યું. ગુણનો સાચો રાગી, રસ્તામાં મળી ગએલા ગુણીને વંદન વિના, નમન કર્યા વિના જાય નહિ. જે ત્યાં એમ કરે તે ભગવાન પાસે જઈને પણ શું કરે ? ફુરસદીયાઓથી, કપડાં સાચવ્યા કરનારાઓથી, યોગ્ય ભક્તિ ન થાય. ધર્મીએ ધર્મકાર્યમાં ફુરસદ જોયા કરવાની ન હોય. 'પહેલો સાધુધર્મ અને સાધુધર્મ સ્વીકારી શકાતો નથી માટે પછી સંસાર' આ ભાવના આવે તો ધર્મકાર્યમાં ફુરસદ મેળવતાં વાર ન લાગે. આજે ધર્મી ગણાતાઓએ પણ પોતાની દશાનો વિચાર આ દૃષ્ટિએ કરવા જેવો છે.

હવે અહીં શું બન્યું તે જોઈએ. શ્રી હનુમાને બે મહામુનિઓને અને ત્રણ કુમારિકાઓને ધ્યાનસ્થ દશામાં જોયા. એ જ વખતે, અકસ્માતની જેમ તે આખાય દધિમુખ દ્વીપમાં દાવાનળ પ્રગટ થયો અને એથી તે મહામુનિઓ તથા ત્રણ કુમારિકાઓ દાવાનળના સંકટમાં પડ્યા. એ જોઈને તરત જ શ્રી હનુમાન ત્યાં રોકાયા અને એ બે મહામુનિઓને અને કુમારિકાને બચાવવાની ફરજ પુણ્યશાલી શ્રી હનુમાન ચૂક્યા નહિ. દાવાનળ પ્રગટવા છતાંય બે મહામુનિઓ અને ત્રણ કુમારિકાઓ ધ્યાનથી ચલિત થતાં નથી. મુનિનો ઉપસર્ગ સહવાનો ધર્મ છે, પણ ભક્તનો ધર્મ શો ? દવ આવે, ધ્યાનમાં સ્થિર રહી મુનિવરો ત્યાંથી લેશ પણ દૂર ન ખસે, એથી તેમનાં કર્મોનો ક્ષય થાય અને તેઓને કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય એ વાત ખરી, પરંતુ

તો એ આપત્તિ જોનાર ભક્ત, છતી શક્તિએ પણ આપત્તિનું નિવારણ ન કરે અને એની ઉપેક્ષા કરે, તો તે વિરાધક પણ બની જાય.

મુનિને ઉપસર્ગ ન હોય તોયે લાવવા, એમ? આજે તો એવી પણ દશા છે આજે એમ પણ કહેવાય છે કે સાધુ બહાર કેમ ન વિચરે ? આહાર ન મળે તો ભૂખ્યા રહે, સાધુ મફતનાં થયા છે ? આવું કહેનારા શ્રી જિનેશ્વરદેવનાં સંયમના સ્વરૂપને સમજ્યા જ નથી. સંયમની સાધના ન થાય ત્યાં મુનિ જઈ ન શકે, એ વાત આવાઓ સમજે ક્યાંથી? સંયમની વિરાધના કરીને તો સાધુઓએ તીર્થયાત્રાઓ પણ કરવાની નથી. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબના સંયમની આરાધના, એજ વાસ્તવિક યાત્રા છે. એ આજ્ઞાને વિરાધીને ચાલવું, એ સંયમને વેચી ખાવા જેવું છે. બાકી વિચરવા યોગ્ય પ્રદેશોમાં સુસાધુઓ યથાશક્ય વિચરે જ છે અને પોતના આત્મહિતાર્થે વિધિ મુજબ યાત્રાદિ પણ કરે જ છે. એટલે સુસાધુઓ વિકટ પણ યોગ્ય પ્રદેશોમાં વિચરતા નથી જ. એવું તો છે જ નહિ. પરંતુ આજે સંયમને વેચી ખાઈને રખડનારાઓએ, પોતાની વાહ-વાહ માટે ભોળાઓના હૃદયમાં એવી પણ ખોટી અસર પેદા કરાવી છે અને ધર્મદ્રોહીઓ તો એવું બોલે એમાં નવાઈ નથી.

**તેઓ શ્રી જૈનશાસનના ઘાતકો છે**

શાસન સામેના આક્રમણ પ્રસંગે પણ પોતાની શક્તિને ગોપાવનારાઓ, મૌન રહી, માનપાન સાચવ્યા કરનારાઓ અને પોતાની શિથીલ દશાને છૂપાવવા મથનારાઓ, એમ કહેતા પણ સંભળાય છે, કે ભગવાન કહી ગયા છે કે પાખંડી થવાના છે તે થાય અને શાસન તો એકવીસ હજાર વર્ષ રહેવાનું છે માટે ધાંધલ શી ? નાહકનાં ટીકા-ટીપ્પણ શાં ? આક્ષેપ શા ? બસ, નવકારવાળી ગણવી,. આવું આજે કેટલાક સાધુઓ અને શ્રાવકો પણ કહે છે, એમને પૂછો કે શ્રીઆગમ ગ્રંથોમાં શું છે ? પરમોપકારી પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથોમાં શું છે ? ઉન્માર્ગનું ઉન્મૂલન કેટલું કરાયું છે ? સાચાને

સાચું અને ખોટાને ખોટું જણાવ્યું છે કે નહિ ? ઉન્માર્ગના ખંડનને માટે તો લાખ્ખો શ્લોકો પરમોપકારીએ લખ્યા છે. મિથ્યાવાદોનું શ્રી ગણધરદેવોએ ભારોભાર ખંડન કર્યું છે.

સાચી સ્થિતિ આ પ્રમાણેની હોવા છતાં પણ આજે રક્ષણના પ્રયત્ન કરવાને બદલે શાંતિ રાખી નવકારવાળી ગણવાનું બોલનારા મૂર્ખાઓ શાંતિના ઉપાસકમાં ખપે એ દુ:ખની બીના છે. આક્રમણ પ્રસંગે ખોટી શાંતિની વાતો કરનારા શ્રી જૈનશાસનના ઘાતકો છે ખોટાને ખોટા તરીકે જણાવી સાચાને સેવવું, સાચાના સેવકોને મક્કમ બનાવવા અને સત્ય ઉપરના હલ્લાઓને નિષ્ફળ બનાવવા એ જ સાચી શાંતિનો માર્ગ છે અને સાચી શાંતિના એ માર્ગને કલ્યાણકામીઓએ સેવવો જરૂરી છે.

ખૂની, ચોર, બદમાસ, ઉઠાવગીરના બાપ કહેવડાવી તેમને ઉત્તેજી મહાલવું એ સારું, કે વાંઝીયા રહેવું પડે તો વાંઝીયા રહેવું સારું ? સો માણસ પોતાની ભક્તિ કરે  તે માટે એ લોકોની શ્રી જિનાગમોની અવગણનાને ઘોળી પીવી એ શું સારું છે ? નહિ જ ! તો પછી એ હકીકત તદ્દન સ્પષ્ટ જ છે કે દેવ-ગુરુ ધર્મની નિન્દક અને નાશક પ્રવૃત્તિને તથા પ્રકારે જાહેર કરી દેવી, એ દરેક શક્તિસંપન્ન સાધુ આદિનો ધર્મ છે. રાજ્ય તરફથી જેમ રોણીયા હોય તેમ અમે પણ શ્રી જિનેશ્વર દેવના રોણીયા છીએ. સંસારના મોહમાં ફસેલા તથા પ્રમાદી બનેલાઓને સ્વયં જાગૃત બની જાગૃત રાખવાનું કામ અમારું, એ ન કરીએ અને માનપાનાદિને માટે ખોટી શાંતિનો અમે ડોળ કરી, છતી શક્તિએ શાસનનું ગમે તેમ થવા દઈએ તો અમે ગુન્હેગાર છીએ, સમતાના નામે અહીં દંભ ન ખેલાય. શાસન રહેવાનું છે એ નક્કી અને પાખંડી પાકવાના એ પણ નક્કી, છતાંય શાસન ઉપરના આક્રમણોને દૂર કરવાનો આરાધકોએ પ્રયત્ન કરવો જોઈએ એ પણ નક્કી ! છતી શક્તિએ જેઓ પૌદ્ગલિક ઈરાદાથી ઉપેક્ષા કરે અને એની બળતરા પણ જેઓને ન થાય તેઓ તો શાસન રહે તોય વિરાધક જ બને.

શ્રી હનુમાન જેવા તેવા અગત્યના કામે નથી જતા. છતાં મુનિવરોને આપત્તિમાં જોયા એટલે રોકાયા. મુનિવરોને આપત્તિમાં જોયા પછી ઉપેક્ષા કરીને ધર્મી ચાલ્યો ન જાય. જાત ઉપર આવતો ઉપસર્ગ સહવો તે ધર્મ પણ મહાપુરુષ ઉપર આવેલા ઉપસર્ગનું છતી શક્તિએ જે નિવારણ ન કરે તે વિરાધક કોટિનો પણ થાય છે. મને કોઈ ગાળ દે અને હું ગુસ્સો કરું તો એ મારી ખામી પણ શાસન ઉપર કોઈ આક્રમણ કરે અને હું ખોટી શાંતિનો ડોળ કરું તો હું આરાધક સાધુ નહિ. જેના યોગે આ બધું પામ્યો, જે શ્રી જિનાગમોના યોગે આ ભણ્યો, એને કોઈ ગાળ દે કે એના માટે એલફેલ બોલે, છતાં મને આઘાત ન થાય, તો તો હું કહું છું કે હું ભણ્યો જ નથી. દેવ-ગુરુધર્મ માટે એલફેલ બોલાય, એ સાંભળવા છતાં જેના હૃદયમાં આઘાત ન થાય, તેના માટે તો કહેવું જોઈએ કે તે વસ્તુતઃ દેવ ગુરુધર્મને માનતો જ નથી. દેવ ગુરુ અને ધર્મ ઉપરના આક્રમણ પ્રસંગે, છતી શક્તિએ અને જરૂર હોવા છતાં પણ પોતાનાં માનપાનાદિ નિભાવવાને માટે મૌનના જાપ જપ્યા કરવા અને કરશે તે ભરશે કહી શાંતિ રાખ્યાનો દેખાવ કરવો, એનું નામ શાંતિ નથી પણ દંભ છે. અને એવા દંભીને શાંત માનવા એનું નામ પણ એક પ્રકારની મૂર્ખતા છે.

વેપારી ગ્રાહકની પાંચ ગાળ ખાય એ બને, દાઢીમાં હાથ ઘાલે એ પણ બને, પરંતુ જો ગ્રાહક ગલ્લામાં હાથ ઘાલી ઉચાપત કરવા જાય, તો ધોલ મારે અને પોલીસને બોલાવી પકડાવે કે નહિ ?

**સભા :** ધર્મોપદેશકની કઈ બુદ્ધિ હોય ?

**પૂજ્યશ્રી** : હિતબુદ્ધિ જ હોય. એનામાં જો બીજી બુદ્ધિ આવે તો એ પણ પાપનો ભાગીદાર છે એને માટે પણ દુર્ગતિ તૈયાર છે એમ શાસ્ત્રો ફરમાવે છે. વ્યાપારીને ગુસ્સો કેમ ? વેપારી કહે કે. 'વેપારી છું માટે ચોર પર ગુસ્સો આવ્યો !' શાસનના સેવકને પણ શાસનની નિંદા થાય એથી આઘાત થાય, એ નિંદા અટકાવવાનું બનતું કરે. એ નિંદા ન અટકાવી શકે તો ય બીજાઓને તેવા પાપમાં નહિ ડૂબતાં બચી જવાનો એ ઉપદેશ આપે.

## મુનિની ફરજ સહવાની પણ શ્રાવકની ફરજ કઈ

શ્રી હનુમાનમાં તો મુનિવરોને આપત્તિમાંથી બચાવી લેવાની શક્તિ હતી પણ ધારો કે તેવી શક્તિ ન પણ હોય, તો પણ બીજાઓને બોલાવીને, પ્રેરણા કરીને પણ મુનિવરોને આપત્તિમાંથી ઉગારી લેવાય કે નહિ ? એવા આપત્તિના સમયે રક્ષણ કરવારૂપ જે કોઈ ભક્તિ કરે તેની અનુમોદના થાય કે નહિ ? આજે અનુમોદના તો દૂર રહી, પણ કેટલાકો તો તેનીય નિંદા કરવામાં જ પોતાની વડાઈ માને છે ! મુનિ ભલે ધ્યાનમાં રહે પણ ભક્ત યથાશક્તિ આપત્તિ દૂર કરવાનો પ્રયત્ન કરે જ. મુનિ પ્રત્યે પૂજ્યભાવ હોવો જોઈએ. સાચો પૂજ્યભાવ હોય તો આપત્તિ નિવારણની ભાવના સહેજે ઉત્પન્ન થઈ જાય. 'એ તારક' એવી પૂજ્યબુદ્ધિ હોવી જોઈએ. અને એ હોય તો શક્તિ મુજબ કરણીય કર્યા વિના રહેવાય નહિ , પણ તરવાની વાસ્તવિક ભાવના હોય તો 'એ તારક'-તેવી પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થાય ને ?

આજ તો કહે છે કે, 'આપત્તિ આવે તો મુનિએ સહવી જોઈએ અને આપત્તિ ન સહેવી હોય તો આપત્તિ આવે તેવું કામ ન કરે.' સાચા મુનિઓ કદિ ભક્તની ભક્તિની આશા રાખતા નથી. સાચા મુનિ જે કાંઈ બોલે છે કે કરે છે, તે બીજાની અપેક્ષાથી જ કરે છે એમ ન માનતા. સહવાનુ સહી શકે તેમ હોય તો જ પ્રવૃત્તિ કરે, નહિતર મૌન રહી, કરે તેની અનુમોદના કરે અને કરી શકે તેવાને પ્રેરણા કરે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે કે, 'ઉપસર્ગ, પરિષહ સમભાવે સહવા અને સહવાની શક્તિ ન હોય, એ સહવામાં દુર્ધ્યાન આવતું હોય, તો તેવી જગ્યાએ ન રહેવું. આઘા ચાલ્યા જવું અને સંયમની આરાધના કરવી !' પરંતુ શ્રાવકની ફરજ શી ? આપત્તિ આવે તે સહવાની ફરજ મુનિની, પણ શ્રાવકની ફરજ કઈ ? કેમ સહે છે તે જોતાં રહેવાની ? નહિ જ. શ્રાવકની ફરજ તો આપત્તિનું નિવારણ કરવાની છે. શ્રાવકોએ પોતાની તે ફરજને સમજવી જોઈએ અને તેનો અમલ કરવાને માટે કટિબદ્ધ થવું જોઈએ. શાસ્ત્રાનુસારી મુનિઓની પણ

ધર્મફરજ છે કે તેઓએ શ્રાવકોને તેમની વાસ્તવિક ફરજનો વિના સંકોચે ખ્યાલ આપવો જોઈએ.

**શ્રી હનુમાને મુનિઓની આપત્તિનું કરેલું નિવારણ**

શ્રી હનુમાને આખા દ્વીપમાં દાવાનળ પ્રગટેલો જોયો અને બે મુનિવરોને તથા ત્રણ કુમારિકાઓને દાવાનળમાં ફસાએલાં જોયાં. એટલે એ આપત્તિના નિવારણને માટે પોતાની શક્તિ અજમાવી, આપત્તિને દૂર કરવા દ્વારા મુનિવરોની ભક્તિ કરી. વાત્સલ્યથી શ્રી હનુમાને વિદ્યા વડે સાગરમાંથી પાણી આણ્યું અને તે પાણી વડે મેઘની માફક તે દાવાનળને શમાવી દીધો. ત્રણ કુમારિકાઓને એ જ વખતે અકાળે પણ વિદ્યા સિદ્ધ થઈ. પુણ્યવાનનાં પુનિત પગલાં થતાં શું ન થાય ? બધું જ થાય. શ્રી હનુમાન એ પરમપુણ્યવાન છે. મહાપરાક્રમી છે અને વળી ચરમશરીરી છે.

તે જ વખતે જેમની વિદ્યા સિદ્ધ થઈ છે એવી તે કુમારિકાઓએ, તે બે ધ્યાનસ્થિત મુનિવરોને પ્રદક્ષિણા કરીને શ્રી હનુમાન પ્રત્યે કહ્યું કે, "હે પરમાર્હત્ ! તમે મુનિવરોને ઉપસર્ગથી બચાવ્યા તે સારું કર્યું અને ખરેખર, તમારી સહાયથી અલ્પ કાળમાં પણ અમને વિદ્યાઓ સિદ્ધ થઈ."

**દૃષ્ટિરાગી ન બનો પણ ગુણાનુરાગી બનો**

શ્રી હનુમાનજીએ તે કુમારિકાઓને પૂછ્યું કે, "તમે કોણ છો ?" શ્રી હનુમાનજીએ એવું મુનિવરોને નથી પૂછ્યું, મુનિવરોને દીક્ષા લીધા બાદ એક ગામ કે એક ઠામ હોતું નથી. એમને કોઈ ગામકે કોઈ ઠામ નહિ. શ્રાવકોમાં દૃષ્ટિરાગ નહિ પણ ગુણરાગ હોવો જોઈએ. મુનિપદ પ્રત્યે ભક્તિ હોવી જોઈએ.જાણીતા કે અજાણ્યા, પરિચિત કે અપરિચિત મુનિવરોને જોતાં જ હાથ જોડાઈ જવા જોઈએ. સુમુનિ માત્રની ભક્તિ કરવી જોઈએ. એમાં આ મારા અને આ પારકા એવું ન હોય. સારા-ખોટા જોવાય, પણ મારા-પારકા ન કરાય. શ્રાવકને જેટલા જેટલા સુમુનિ તે બધા જ ગુરુ આજે દૃષ્ટિરાગ વધતો જાય છે અને ગુણરાગ ઘટતો જાય છે. દૃષ્ટિરાગના પ્રતાપે આજે કુસાધુઓ

પણ મહાલી શકે છે. અને ઉત્સૂત્ર બોલનારા લખનારાઓ પણ યથેચ્છપણે વિહરી શકે છે. જો બધા જ શ્રાવકો ગુણાનુરાગી બને તો એવું ચાલે નહિ. જેનાથી પામ્યા હોઈએ તેઓ પ્રત્યે ભક્તિ વધારે રહે પણ એ ય ગુણરાગની ભક્તિ હોવી જોઈએ. અને એ ભક્તિમાં બીજા ગુણવાનોની આશાતના ન થઈ જાય કે બધા ગુણવાનોની ભક્તિ પ્રત્યે ઉપેક્ષા ન થઈ જાય એની કાળજી રાખવી જોઈએ. જો સાચી તરવાની ભાવના આવી જાય, સાચો ગુણાનુરાગ આવી જાય, તો આજના વિષમ વખતમાં પણ શ્રી જિનશાસનની આરાધના સુખપૂર્વક કરી શકાય તેમ છે, બાકી દૃષ્ટિરાગ તો આત્માના હિતને જ હણનારો છે.



### ત્રણ કુમારિકાઓનો વૃત્તાંત

શ્રી હનુમાને ત્રણ કુમારિકાઓને પૂછ્યું કે, "તમે કોણ છો ?" એટલે તે કન્યાઓએ પણ કહ્યું કે, "આ દધિમુખ નામનું નગર છે. એમાં ગંધર્વરાજ નામે રાજા છે. એ રાજાની કુસુમમાલા નામની રાણીની કુક્ષિથી ઉત્પન્ન થએલી અમે ત્રણ કન્યાઓ છીએ. ઘણા ખેચરેશ્વરોએ અમારા પિતાની પાસે અમારી માંગણી કરી. અમારા માટે અંગારક નામનો ખેચર તો ઉન્મત્ત બન્યો. પણ તેને કે બીજા કોઈને, તેઓ પ્રત્યે અરુચિવાળા એવા અમારા પિતાએ અમને આપી નહિ. અમારા પિતાએ એક મુનિને પૂછ્યું કે, મારી પુત્રીઓનો સ્વામી કોણ થશે ? એથી મુનિએ કહ્યું કે 'તમારી પુત્રીઓનો પતિ તે થશે કે જે સાહસગતિનો હણનારો હશે.' મુનિએ આ પ્રમાણે કહેવાથી, તે વચન મુજબ અમારા પિતાએ સાહસગતિના હણનારની તપાસ કરી, પણ એમનો પત્તો લાગ્યો નહીં. આથી સાહસગતિના તે હણનારને જાણવાને માટે અમે વિદ્યાની સાધના શરૂ કરી. હે નિષ્કારણ બંધુ ! તે અંગારક ખેચરે અમારી વિદ્યાનો ભંગ થાય એ નિમિત્તે આ દવ પ્રગટાવ્યો, પરંતુ નિષ્કારણ બંધુ એવા તમે દાવાનળને શમાવ્યો. એ સારું કર્યું. તે મનોગામિની નામની વિદ્યા, કે જે છ મહિના ઓ સુધી સાધના કરવાથી સિદ્ધ થાય છે તે તમારી સહાયથી ક્ષણમાત્રમાં અમને સિદ્ધ થઈ છે."

એ ત્રણ કુમારિકાઓએ પોતાનો વૃત્તાંત જણાવ્યો એટલે શ્રી હનુમાનજીએ કહ્યું કે. "સાહસગતિનો વધ શ્રી રામચંદ્રજીએ કર્યો છે." એમ કહીને શ્રી હનુમાને, શ્રી રામચંદ્રજીના જ કાર્યાર્થે પોતે લંકા જાય છે. એ વગેરે વૃત્તાંત પણ પહેલેથી કહી સંભળાવ્યો. આથી આનંદ પામેલી તે ત્રણ કન્યાઓ પોતાના પિતા ગંધર્વરાજની પાસે ગઈ તેમને પણ સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો અને તે ત્રણે કુમારિકાઓ અને સૈન્યની સાથે ગંધર્વરાજ પણ શ્રી રામચંદ્રજીની પાસે ગયા.

જુઓ કે પુણ્યબળે કઈ રીતે શ્રી રામચંદ્રજીને બધા રાજાઓની સહાયતા આવી મળે છે. આ પછી ત્યાંથી આકાશમાર્ગે પ્રયાણ કરીને, શ્રી હનુમાન લંકાનગરીની પાસે આવી પહોંચ્યા.

**લંકામાં પેસતા આશાલિકા વિદ્યાદેવીનો ભેટો**

આપણે એ તો જોઈ ગયા છીએ કે શ્રી રાવણના નાનાભાઈ બિભિષણે પહેલેથી જ લંકાપુરીને ફરતી એના રક્ષણની બનતી તમામ પેરવી કરી દીધી છે. શ્રીમતી સીતાદેવીના યોગે શ્રી રામચંદ્રજી દ્વારા પોતાના કુળનો ક્ષય થવાનો છે, એમ જ્ઞાનીના વચનથી જાણવા છતાં પણ શ્રી બિભિષણે પુરુષાધીન સઘળું કરવાનો પ્રયત્ન કર્યો છે, લંકાપુરીમાં કોઈ પેસી જ ન શકે એ માટે આશાલિકા નામની વિદ્યાદેવીને કીલ્લો બનાવી રોકવામાં આવી છે. કે જે કાળરાત્રિ જેવી ભયંકર છે. કોઈને લંકામાં જવા નહિ દેવો એ એનું કામ. જે પેસવા જાય તેને મોં ફાડીને ખાઈ જાય. શ્રી હનુમાનને લંકાની નજદિક આવી પહોંચતાની સાથે જ સૌથી પહેલો ભેટો એ આશાલિકા નામની વિદ્યાદેવીનો થાય છે.

શ્રી હનુમાનને જોતાંની સાથે જ એ આશાલિકા કહે છે કે, "હે વાનર ! તું ક્યાં જાય છે ? તું તો મારા ભોજનને માટે જ આવી ચઢ્યો છે. આમ આક્ષેપથી કહીને તે આશાલિકા નામની વિદ્યાદેવીએ પોતાનું મોં ફાડ્યું. શ્રી હનુમાને જોયું કે, તેના મોંમાં પેઠા સિવાય લંકામાં જવાય તેમ છે નહિ. એટલે ગદાધારી શ્રી હનુમાન તેના મોમાં પેઠા અને વિદ્યાદેવી પોતાનું કાંઈ ધાર્યું કરી શકે, તેના મોઢામાં પેઠેલા તે

શ્રી હનુમાનનું ભક્ષણ કરી શકે એ પહેલાં તો સૂર્ય જેમ વાદળાંને ભેદીને બહાર આવે, તેમ શ્રી હનુમાન પણ તે વિદ્યાદેવી આશાલિકાને ચીરીને બહાર આવ્યા.

બહાર નીકળતાંની સાથે જ 'શ્રી હનુમાને' પહેલું કામ તો એ કર્યું કે એ વિદ્યાદેવીએ બનાવેલા કિલ્લાને માટીના જીર્ણ ભાજનની જેમ, પોતાની વિદ્યાના સામર્થ્યથી ક્ષણવારમાં ભાંગી નાંખ્યા. શ્રી હનુમાને આ રીતે કિલ્લાને ભાંગી નાખવાથી એ કીલ્લાનો વજ્રમુખ નામનો રક્ષક ખૂબ ક્રોધે ભરાઈને યુદ્ધ કરવાને માટે આવ્યો. એટલે યુદ્ધના મુસાફરોમાં ધુરંધર એવા શ્રી હનુમાને તેનો પણ ઘાત કર્યો.

**પરાક્રમીના નામ સાંભળીને પણ**
**દુશ્મનના સુભટો કંપે**

આ બધું જોતાં સહેજે એમ લાગે તેમ છે કે, શ્રી 'હનુમાન લંકાપુરીમાં પેસતાં એવો, રૂઆબ, દમામ પાડવા માગે છે. એ કાંઈ એમને એમ પડે ? પરાક્રમ તો બતાવવું જ પડે ને ? લંકા આવવાને માટે શ્રી હનુમાનની પસંદગી થઈ છે, કારણકે એ જ યોગ્ય હતા. સુગ્રીવ આદિ બળવાન હતા, પરાક્રમી હતા છતાં શ્રી હનુમાન જેવું બળ પરાક્રમ તેમનામાં હતું નહિ. વળી શ્રી હનુમાન ચરમશરીરી હતા, એટલે એમના આયુષ્યને પણ વાંધો આવે તેમ હતું નહિ. લંકામાં પેસવું અને લંકામાંથી પાછા સલામત નીકળવું, એ નાનીસૂની વાત ન હતી. લંકામાં પણ ઠામઠામ ભયંકર રાક્ષસોની ચોકીઓ મૂકેલી હતી. આમ છતાં લંકામાં પેસવું, શ્રી બિભીષણને સંદેશો કહેવો, શ્રીમતી સીતાદેવીને મુદ્રિકા આપીને, તેમનો મુગટ લેતા આવવું તથા શ્રી રાવણને મળી સાવધાન કરતાં આવવું, અને ચમત્કાર બતાવતા આવવું, એવી શ્રી હનુમાનની ઈચ્છા છે હવે તો જો પહેલેથી જ એ ઢીલા થાય તો તે પાર કેમ પડે ?

**શ્રી હનુમાનજી પહેલેથી જ ચમત્કાર બતાવે છે**

જ્યારે કોઈ બહારવટીઓ બહુ બળવાન થઈ ધીંગાણા મચાવી મૂકે છે ત્યારે રાજ્યને મોટા અમલદારો સાથે બસો બસો

પોલીસની ટુકડીઓ તેને પકડવાને મોકલવી પડે છે. છતાં એમ પણ બને છે કે બહારવટીયો હોય દક્ષિણમાં અને અમલદારો જાય ઉત્તરમાં ! કેટલાક બહારવટીઆનો ત્રાસ એવો કે અમલદારોને પણ ભાગતા ફરવું પડે. એ રીતે શ્રી હનુમાન પણ જાણે કે પહેલેથી જ ત્રાસ વર્તાવવા માંડે છે, કે જેથી બીજાઓ એ સાંભળી સાંભળીને પણ શ્રી હનુમાનથી ડરે. પરાક્રમીઓનાં કામો આ રીતે પણ કેટલીકવાર સરળ બની જાય છે, એનું નામ સાંભળે ને દુશ્મનના લડવૈયા કંપે. જો કે પરાક્રમનો એવો ઉપયોગ પ્રશંસાપાત્ર નથી, પણ આ તો વસ્તુસ્થિતિ બતાવાય છે, એ પાછા ભૂલશો નહિ.

કિલ્લાના વજ્રમુખ નામના જે દરવાનનો શ્રી હનુમાનજીએ ઘાત કર્યો, તેને લંકાસુંદરી નામની દીકરી હતી. કે જે વિદ્યાના બળવાળી હતી. પોતાના પિતાનો વધ થવાથી ક્રોધમાં આવેલી તેણે શ્રી હનુમાનની સામે યુદ્ધ માટે આહ્‌વાન કર્યું. અને આકાશમાં પર્વત ઉપર પ્રહાર કરતી વીજળી જેમ ફરે, તેમ શ્રી હનુમાનજી ઉપર વારંવાર પ્રહારોને કરતી તે યુદ્ધમાં ચતુરાપૂર્વક ઘૂમવા લાગી. પરંતુ શ્રી હનુમાન સ્ત્રીને મારવાને કે તેની સામે શસ્ત્ર ઉઠાવવાને ઇચ્છતા ન હતા. કારણકે ક્ષત્રિયો સ્ત્રીને મારતા નથી. અગર સ્ત્રીની સામે શસ્ત્રો ઉઠાવતાં નથી. એટલે શ્રી હનુમાને પોતાનાં શસ્રો વડે લંકાસુંદરીના શસ્ત્રોને છેદી નાંખ્યા અને પાંદડા વિનાની લતાની જેમ તેને તરત જ શસ્રોથી રહિત બનાવી દીધી.

**લંકાસુંદરી સાથે શ્રી હનુમાનનો ગાન્ધર્વવિવાહ**

આ પછી તે લંકાસુંદરી 'આ કોણ છે ?' એમ આશ્ચર્યથી જોવા લાગી. અને જોતાં જોતાં તે કન્યા કામદેવનાં બાણોથી મરાઈ. અર્થાત્ શ્રી હનુમાનનું રૂપ જોઈને તે મોહ પામી. એ મોહના પ્રતાપે શ્રી હનુમાને કરેલા તેના પિતાના વધને પણ તે ભૂલી ગઈ. આનું નામ સંસાર !

એ મોહમસ્તતાના યોગે લંકાસુંદરીએ શ્રી હનુમાનને કહ્યું કે, " હે વીર ! પિતાના વધથી ઉત્પન્ન થયેલા ક્રોધથી ક્રોધિત બનેલી એવી

મેં વગર વિચાર્યે તમારી સાથે વ્યર્થ યુદ્ધ કર્યું. પૂર્વે મને સાધુએ કહ્યું હતું કે, "તારા પિતાને જે હણશે તે તારો સ્વામી થશે." આથી હે નાથ ! આપને વશ બનેલી મને આપ ગ્રહણ કરો ! આખાય વિશ્વમાં આપના સમાન બીજો કોણ પરાક્રમી છે ? અર્થાત્ કોઈ નથી. તેથી આપના જેવા પતિને પામીને સ્ત્રીમાત્રમાં હું અતિશય ગર્વ ધરીને રહીશ."

જે પિતાએ પાળી પોષી, તે પિતાનો વધ કરનારા સાથે તરત ને તરત લંકાસુંદરી પરણવા પણ તૈયાર થઈ ગઈ. એ આ સંસાર છે. અહીં તો બન્યું એ કે એ પ્રકારે વિનીતા એવી તે કન્યાને, હર્ષિત બનેલા શ્રી હનુમાન પણ ગાન્ધર્વ વિવાહ કરીને અનુરાગપૂર્વક પરણ્યા.

જો વિચાર કરો તો સમજાશે કે આવા મોટામાં મોટા અને સમર્થ દુશ્મનના કિલ્લાના રક્ષકને હણી તેની કન્યાની સાથે પરણવું, એ સાંસારિક દૃષ્ટિએ શ્રી હનુમાનની કાંઈ નાનીસૂની જીત ગણાય નહિ. જ્યાંથી લંકામાં પેસાય એ કિલ્લાના આક્રમણ પ્રસંગ માટેના રક્ષક અધિકારી કાંઈ જેવા-તેવા ન હોય, એ પણ મોટા બળવાન હોય, જ્યાં પ્રાણોનું જોખમ ત્યાંથી કન્યા મળે, એ સાંસારિક દૃષ્ટિએ, યુદ્ધની દૃષ્ટિએ, અને પરિસ્થિતિની દૃષ્ટિએ, શ્રી હનુમાનની મોટામાં મોટી જીત ગણાય તે સ્વાભાવિક છે. જ્યારે પરિણામ સારું આવવાનું હોય છે ત્યારે પ્રાયઃ પ્રથમથી જ સુયોગો આપોઆપ આવી મળે છે.

એવી તે રાત્રિને લંકાસુંદરીની સાથે રમતા એવા હનુમાને શંકા રહિતપણે વ્યતીત કરી.

### વિષયાધીનો ધર્મની સેવાને માટે અયોગ્ય છે

સૂર્યોદય થયો એટલે શ્રી હનુમાન પણ પોતાના કામે જવાનો વિચાર કરે છે. અહીં જો તે જિતેન્દ્રિય ન હોય, તો ત્યાં જ રહી જાય અને કામ ખોળંભે પડી જાય વિષયાદિનો ભોગોપભોગ કરનારાઓ પણ ઈન્દ્રિયો ઉપર જો જરૂરી કાબૂ ધરાવતા ન હોય, તો દુન્યવી

ફરજને પણ અદા કરી શકતા નથી. દુનિયાના વિષયાધીનો પોતાના સ્વામીની પણ સેવા બરાબર કરી શકતા નથી. તો ધર્મની સેવા બરાબર ક્યાંથી કરી શકે ? ન જ કરી શકે. વિષયાધીનો ધર્મની સેવાને માટે નાલાયક ઠરે છે. ધર્મની સેવા કરવા ઈચ્છનારે ઈન્દ્રિયો ઉપર છેવટે જરૂરી કાબુ ધરાવનાર તો અવશ્ય બનવું જ જોઈએ. એ વિના આત્મકલ્યાણ સાધી શકાતું નથી.

મહાપરાક્રમી એવા શ્રી હનુમાને ત્યારબાદ સુંદર વચનોથી લંકાસુંદરીને પૂછીને, સૂર્યોદય થયો અને નગરીના લોકો પોતપોતાના કામે લાગ્યા તે સમયે, લંકાનગરીમાં પ્રવેશ કર્યો.

લંકાનગરીમાં, શત્રુના સુભટોને માટે ભયંકર અને બળના ધામરૂપ શ્રી હનુમાને તે પછી પ્રથમ શ્રી બિભીષણના ઘરમાં પ્રવેશ કર્યો, દુશ્મનના ભાઈના ઘરમાં પ્રવેશ કરવો એ રમત વાત નથી. પણ શ્રી હનુમાનજી પરાક્રમી છે, વળી બધાએ કહ્યું હતું અને હનુમાન પણ જાણતા હતા કે લંકાપુરીમાં શ્રી બિભીષણ એ નીતિમાન પુરુષ છે શ્રી બિભીષણની આવી ખ્યાતિ હતી તમારી ખ્યાતિ કેવી છે ? તમારી ખ્યાતિ તમારા ચાર હાજીયાને પૂછતા નહિ ! કોઈ સત્યભાષી હિતસ્વીને કહેજો કે લોકો તમારે માટે શું કહે છે એની ખાત્રી કરી લે પછી એ સત્યભાષી હિતસ્વીઓને પૂછી જોજો. એમ બીજાને પૂછવું અને જાણવું, એને બદલે બધા કરતાં સીધો ઉપાય તો એ છે કે આત્માને પૂછી જોવું સારું કે હું કેટલો નીતિમાન છું ? ન્યાયસંપન્ન વિભવ એ તો માર્ગાનુસારીનો પ્રથમ ગુણ છે. એ ગુણ ધર્મી બનવા ઈચ્છનારમાં ન હોય, અને એ ગુણ મેળવવાનો પ્રયત્ન પણ ન હોય, તો એ કેમ ચાલે ?

### બિભીષણને સાચી સલાહ તથા યુદ્ધની ધમકી

શ્રી હનુમાને શ્રી બિભીષણના ઘરમાં પ્રવેશ કર્યો એટલે તરત જ શ્રી બિભીષણે તેમનો સત્કાર કર્યો. અને આગમનનું કારણ પણ પૂછ્યું, સારભૂત ગંભીર વાણીવાળા હનુમાને પણ સાફ સાફ શબ્દોમાં શ્રી બિભીષણને કહી દીધું કે,

'તમે શ્રી રાવણના ભાઈ છો, માટે તમે તેના શુભ પરિણામનો વિચાર કરીને શ્રી રાવણની પાસેથી તેને હરણ કરેલી રામપત્ની સતી શ્રીમતી સીતાનો છોડાવો' આ તો જાણે સીધી વાત થઈ પણ પછી સાથે સાથે જ શ્રી હનુમાને ધમકી આપતા હોય એમ કહ્યું કે, 'શ્રી રામચંદ્રજીની પત્નીનું હરણ કરવું, એ કેવળ પરલોકમાં જ દુ:ખદાયી છે એમ નહિ, પરંતુ બળવાન એવા તમારા ભાઈને માટે તે આ લોકમાં પણ દુ:ખદાયી છે.

પરલોકના ભયથી તો આસ્તિક કંપે, પણ આ લોક્ના ભયથી તો નાસ્તિક પણ કંપે. માત્ર આ લોકને જ માનનારો અને ભાગ્ય આદિને લગતી વાતોની તથા આત્મા-પરલોક-મોક્ષ આદિના સિદ્ધાંતોની હાંસી કરનારા પણ આ લોકની આફત વખતે ભય પામે છે, ત્રાસે છે અને ભાગ્યને પણ દોષ દે છે. શ્રી હનુમાને ટૂંકમાં કેટલો સુંદર ખ્યાલ આપ્યો ? પરલોકમાં જો આ નિમિત્તે દુ:ખી ન થવું હોય, તો ય આ કૃત્ય કરવા જેવું નથી. અને વધુમાં શ્રી રાવણ ભલે બળવાન હોય તો પણ આ લોક્માંય એમને માટે રામપત્નીનું હરણ દુ:ખદાયી થશે. સતી શ્રીમતી સીતાને હરી લાવવાની કાર્યવાહી બળવાન એવા શ્રી રાવણને પણ નહિ પચે, ભારે પડશે. આ રીતે કહીને શ્રી હનુમાને ભવિષ્યના યુદ્ધની પણ આગાહી આપી દીધી.

**શ્રી બિભીષણની ન્યાયનિષ્ઠા**

હનુમાનનું કથન સાંભળ્યા પછીથી નીતિમાન એવા શ્રી બિભીષણે પણ કહ્યું કે, 'હે શ્રી હનુમાન ! તમે જે કહ્યુ તે સાચું છે.' જોયું, આ વચનોથી પણ શ્રી બિભીષણની નીતિમત્તા જણાય છે. નહિતર પોતાના ભાઈના શત્રુના દૂતનાં વચનોનો બીજો કોઈ કેવો જ્વાબ આપે ? પણ શ્રી બિભીષણ તો સમજે છે કે મારા વડિલ ભાઈએ જે કર્યું છે તે ખોટું જ છે. અને એવા કૃત્યથી અમારા કુળને દૂષણ લાગ્યું છે. તેમજ પરભવ તથા આ ભવમાં પણ એનાથી દુ:ખ જ થવાનું છે. શ્રી બિભીષણ નીતિમાન છે, એટલે સામાને આમ સાચું કહે છે. ભાઈ કરતાં સત્યની કિંમત શ્રી બિભીષણને મન વધારે છે.

એ પછીથી શ્રી બિભીષણે કહ્યું કે, મેં મારા વડિલ ભાઈને પહેલાં પણ શ્રીમતી સીતાને છોડી દેવાનું કહ્યું હતું. હવે ફરીથી પણ મારા ભાઈને હું આગ્રહપૂર્વક પ્રાર્થના કરીશ કે જેથી હાલમાં મારા ફરી કહેવાથી પણ એ શ્રીમતી સીતાને છોડે. જોઈ શ્રી બિભીષણની ન્યાયનિષ્ઠા ? નીતિમાન તરીકેની ખ્યાતિ કાંઈ એમને એમ નથી મળતી, અને એવી ખ્યાતિ મેળવવા કરતાંય અમલ વધુ મુશ્કેલ છે.

**હનુમાન દેવરમણ ઉદ્યાનમાં**

શ્રી બિભીષણે આ પ્રમાણે કહ્યું એટલે શ્રી હનુમાનને અહીં તો કાંઈ વધુ કહેવાનું કે કરવાનું રહ્યું નહિ. આથી શ્રી હનુમાન ત્યાંથી આકાશમાર્ગે ઉડીને શ્રીમતી સીતાદેવીથી અધિષ્ઠિત થયેલા દેવરમણ નામના ઉદ્યાનમાં ગયા. ત્યાં શ્રી હનુમાને શ્રીમતી સીતાદેવીને જે દશામાં જોયાં તેનું વર્ણન કરતાં આ ગ્રન્થરત્નના રચયિતા, પરમઉપકારી કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

શ્રીમતી સીતાદેવી અશોકવૃક્ષની નીચે બેઠાં હતાં વાળ વિખરાયેલાં હોવાથી તે શ્રીમતી સીતાદેવીના ગાલ ઉપર ઉડી રહ્યા હતા એમનાં નેત્રોમાંથી કાયમ અશ્રૂઓની ધારાથી ત્યાંની ભૂમિ ભીંજાઈ ગઈ હતી. હીમથી પીડાએલા કમલિનીની જેમ શ્રીમતી સીતાજીનું વદનકમળ ઘણું મ્લાન બની ગએલું હતું. બીજના ચન્દ્રની કળાની જેમ શ્રીમતી સીતાદેવીનું શરીર અત્યંત કૃશ બની ગયું હતું. ઉષ્ણ નિ:શ્વાસોના સંતાપથી શ્રીમતી સીતાદેવીના અધરપલ્લવ-બંને હોઠો વિધુર થયા હતા. શ્રીમતી સીતાદેવી 'રામ-રામ' એવું ધ્યાન કરતાં હતાં. શ્રીમતી સીતાદેવી યોગિનીની જેમ નિશ્ચલ બેઠેલાં હતાં. તેમનાં વસ્ત્રો મલિન થઈ ગયાં હતાં અને તે શ્રીમતી સીતાદેવી પોતાના શરીરને વિશે પણ નિરપેક્ષ બની ગયાં હતાં.'

**સન્નારીઓએ આદર્શભૂત બનાવવા જેવા જીવન પ્રસંગો**

શ્રીમતી સીતાદેવીની તે દશાના આ વર્ણન ઉપરથી પણ સુવિવેકી આત્માઓ, ખાસ કરીને શીલને ભૂષણ સમજનારી સ્ત્રીઓ

ઘણો બોધ લઈ શકે તેમ છે. મહાસતીઓના જીવન વૃત્તાંતો, એ સ્ત્રીસમાજને માટે પરમ આદર્શભૂત છે. આજના સ્વચ્છંદી અને સ્વચ્છંદને માર્ગે ઘસડી જનાર વાતાવરણમાં, પોતાના શીલને પરમભૂષણરૂપ સમજનારી સન્નારીઓએ આવા સતીઓના જીવનપ્રસંગોને આદર્શરૂપ બનાવી, સ્વચ્છંદપણે વર્તવાની ભાવના સરખી પણ ન આવી જાય, એ માટે કાળજીવાળાં બનવાની ખાસ જરૂર છે. સ્ત્રીસમાજના ઉદ્ધારને નામે અને રાષ્ટ્રના ઉદ્ધારના નામે, સ્ત્રીઓને આજે સ્વચ્છંદી બનાવવાની જે કારમી પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે પ્રવૃત્તિઓથી સ્ત્રીસમાજને અને જનસમાજને અત્યાર સુધીમાં નુકસાન જ થયું છે અને ભવિષ્યમાં આથી ય વધારે નુકસાન જ થવાનું છે, એમ સુજ્ઞ વિચારશીલોને આજની સ્થિતિ જોતાં લાગ્યા વિના રહે તેમ નથી.



**ઉદ્ધાર કરવો છે કે અધ:પતન કરવું છે.**

શીલને વેગળું મૂકીને ગમે તેટલું છૂટાપણું મળતું હોય, તો તે આર્ય રમણીઓને પસંદ ન હોય, આજે સ્ત્રી સમાજના ઉદ્ધારની વાતો કરનારાઓ એમ કહે છે કે, "પુરુષો અમુક કરે અને સ્ત્રીઓને કેમ છૂટ નહિ ?" તેવાઓને પહેલું તો હું એ પૂછું છું કે, "તમે સ્ત્રીસમાજના ઉદ્ધાર કરવા નીકળ્યા છો કે સ્ત્રીસમાજને અધોગતિના માર્ગે ઘસડી જવા માગો છો ? જો ઉદ્ધાર જ કરવા નીકળ્યા હો, તો તમે કહો છો કે પુરુષો આમ કરે છે ને તેમ કરે છે, તો એને તમે સારું માનો છો કે ખરાબ ? અને જો એને તમે ખરાબ જ માનો છો તો તમે સ્ત્રી સમાજના ઉદ્ધારના નામે, પુરુષોના ખોટા કાર્યનો દાખલો આપી, સ્ત્રી સમાજને એવા ખરાબ રસ્તે ઘસડી જવાનો પ્રયત્ન કેમ કરો છો?"

**સભા :** એમ કહે છે કે 'એ વિના પુરુષો સુધરે એમ નથી માટે !'

**પૂજ્યશ્રી** : ખરેખર, આ તો મૂર્ખાઈ ભરી દલીલ છે ત્યારે તો એનો અર્થ એ થયો કે પુરુષોને સુધારવાને માટે સ્ત્રીઓનો ભોગ

લેવાય છે. પુરુષોને ઠેકાણે લાવવાને માટે સ્ત્રીસમાજને ખરાબ કરાય છે, એમ જ ને ? આ રીતે પુરુષો સુધરશે કે નહિ એ જુદી વાત છે. પરંતુ આ રીતે બગાડેલા સ્ત્રીસમાજને પછી સુધારશે કોણ ?

**સભા :** પછી સુધરવાનું રહ્યું જ નહિ ને ?

**પૂજ્યશ્રી :** એટલે કે બંને ખરાબ થાય તો મેળ સારો મળે એમજ ને ? આમ છતાં આજે એ પ્રવૃત્તિને સ્ત્રીસમાજના ઉદ્ધારની પ્રવૃત્તિ તરીકે ઓળખાવાય છે અને અજ્ઞાનો એને તાળીઓથી વધાવે છે એ ઓછી કમનસીબીની વાત નથી. આવી વાતો પાછળ મુખ્યત્વે તો અમુક માણસોની હવસની ભૂખ પ્રધાનતા ભોગવતી હોય એમ લાગે છે. આજે અનેક પ્રકારે વિષયની આધીનતાને પોષવાની કેટલાક કહેવાતા આગેવાનો પેરવીઓ કરી રહ્યા છે. અને આંધળીયા કરનારાઓ બિચારા ભલી બુદ્ધિથી પણ એનો ભોગ બની રહ્યા છે. આ દશામાં સ્ત્રીઓએ પોતાના અને પોતાની પુત્રીઓના કલ્યાણને માટે, સતી સ્ત્રીઓના જીવનપ્રસંગોને આદર્શભૂત બનાવી, વર્તમાન ઝેરી હવાથી બચી, પરમભૂષણભૂત શીલનું જે રીતે રક્ષણ થાય અને યથાશક્ય આત્મકલ્યાણ જે રીતે સાધી શકાય તે રીતે વર્તવાની જરૂર છે, પણ જમાનાની હવામાં તણાઈ સ્વચ્છન્દી બનવાથી એકાંતે નુકસાન જ છે.

તમને એ વાતનો ખ્યાલ હશે કે જ્યારથી શ્રીમતી સીતાદેવીનું શ્રી રાવણ હરણ કરી લાવ્યા છે. ત્યારથી શ્રીમતી સીતાદેવીએ ભોજનનો ત્યાગ કર્યો છે. એકવીસ દિવસ થઈ જવા છતાં પણ ભોજન લીધું નથી. સતી સ્ત્રીઓ પતિની ગેરહાજરીમાં અંગ શોભાને પણ ત્યજે છે. એથી જ શ્રીમતી સીતાદેવીના વાળ વિખરાઈ ગએલા હતા. વસ્રો મલીન હતા, મુખકમળ કરમાએલું હતું, શરીર અતિશય ક્ષીણ થઈ ગયું હતું અને તેઓ પોતાના શરીર ઉપર નિઃસ્પૃહ બન્યાં હોય એમ જણાતું હતું. શ્રીમતી સીતાદેવીને એકલા ઉપવાસ નથી પણ સાથે ઉપસર્ગો ચાલુ છે. આ દશામાં શું ન થાય ? છતાં એ સ્થિતિમાંય શ્રીમતી સીતાદેવીમાં યોગિનીના જેવી નિશ્ચલતા છે, તે ઓછી

પ્રશંસાપાત્ર નથી જ. આવું શીલ પાળનાર મહાસતીઓ, તેઓ સ્ત્રીઓ હોવા છતાં પણ ધારે તો પ્રભુશાસનની આરાધના અનુપમ પ્રકારે કરી શકે છે.

### શ્રીમતી સીતાદેવીને જોઈને શ્રી હનુમાન શું વિચારે છે ?

શ્રીમતી સીતાદેવીને શ્રી હનુમાને આ દશામાં જોયાં. જોતાંની સાથે જ શ્રી હનુમાનને થયું કે, "અહો, શ્રીમતી સીતા એ ખરેખર મહાસતી છે. આ સતીના દર્શનમાત્રથી લોકો પવિત્ર થાય તેમ છે. ખરેખર, આમના વિરહથી શ્રી રામચંદ્રજીને જે ખેદ થાય છે, આમનો વિરહ શ્રી રામચંદ્રજી જેવાને પણ જે એટલો બધો સતાવે છે. તે સ્થાને જ છે. વ્યાજબી જ છે કારણ કે તેમની પત્ની આવી રૂપવતી છે, શીલવતી અને પવિત્ર છે ! આ રાંક શ્રી રાવણ હવે બે ય રીતે પડવાનો જ છે. એક તો શ્રી રામચંદ્રજીના પ્રતાપથી અને બીજું પોતાના ભયંકર પાપથી !"

આ રીતે ધર્મવિરોધીઓ પણ બેય રીતે પામર બને છે. ધર્મના પ્રતાપ પાસે તેઓ પામર છે જ અને ધર્મ વિરોધના ભયંકર પાપથી તેઓ પોતાની વધુ પામરતાને આમંત્રી રહ્યા છે ! ધર્મરૂપ સૂર્ય સામે ધૂળ ઉડાડી, તેઓ ધૂળને પોતાના ઉપર જ પાડે છે. કદાચ પૂર્વના પુણ્યોદયે આ લોકમાં તેઓ મહાલે, તો ય એમનું પાપ એમને છોડવાનું નથી. કાલસોકરિક કસાઈએ પાંચસો પાડાનો વધ બંધ રાખવાની હિતકારી વાત ન માની, તો અંતે તે ધાતુવિપર્યય રોગને આધીન આ લોકમાં જ થયો અને મરીને સાતમી નરકે ગયો. સામાન્ય પાપ કરનારે પણ ચેતવું જોઈએ, તો ધર્મવિરોધ જેવું ભયંકર પાપ આચરનારાઓએ શું ચેતવા જેવું નથી ? છે જ. એ કારણે જે ચેતશે તે બચશે, નહિતર જેવી જેની ભવિતવ્યતા.

### શ્રી હનુમાને શ્રીમતી સીતાજીના ખોળામાં ફેંકેલી મુદ્રિકા

શ્રી હનુમાને શ્રીમતી સીતાદેવીને કઈ દશામાં જોયા ? અને

એ દશામાં જોયા પછી કેવા વિચારો કર્યા ? તે આપણે જોઈ આવ્યા. એ પછી હનુમાને વિદ્યાના બળથી અદૃશ્ય થઈ જઈને, શ્રી રામચંદ્રજીએ આપેલી તેમની મુદ્રિકા શ્રીમતી સીતાદેવીના ખોળામાં નાંખી. શ્રી રામચંદ્રજીની મુદ્રિકાના પણ દર્શનમાત્રથી શ્રીમતી સીતાજીનો શોક શમી ગયો અને તેઓ હર્ષને પામ્યા. મુદ્રિકાને જોતાં સહેજે એમ થાયને કે, શ્રી રામચંદ્રજીને મારો પત્તો મળી ગયો ને હવે નરકાવાસ જેવા આ પરપુરુષના સુંદર રહેઠાણોથી પણ મુક્ત થવાનો અવસર નજદીક છે?' આટલા દિવસો સુધી ભુખ અને ઉપસર્ગનું દુઃખ વેઠનારાને પતિની મુદ્રિકા માત્ર પણ જોવાથી આનંદ થાય. એમાં નવાઈ પામવા જેવું નથી.

શ્રી રાવણે ત્રિજટા આદિ રક્ષકોને શ્રીમતી સીતાદેવીનું રક્ષણ કરવાને માટે દેવરમણ ઉદ્યાનમાં રોક્યા હતા. આટલા દિવસોમાં એક ક્ષણ પણ ત્રિજટા આદિએ શ્રીમતી સીતાદેવીના મુખ ઉપર આનંદની એક સામાન્ય પણ રેખા જોઈ નહોતી. નિરંતર શ્રીમતી સીતાજીનો શોકમય ચહેરો જોતા ત્રિજટાએ આજે તેમના મુખ ઉપર આનંદ જોયો. એટલે તરત જ તે શ્રી રાવણને ખબર આપવા ગયો, અને શ્રી રાવણને જણાવ્યું કે, શ્રીમતી સીતાજી આટલા કાળ સુધી ખિન્ન હતા અને આજે આનંદમાં દેખાય છે.

શ્રી રાવણને પણ એ ખબર સાંભળી ખૂબ આનંદ થયો અને એથી જ શ્રી રાવણે તરત જ પોતાની પટ્ટરાણી સતી મન્દોદરીને કહ્યું કે, "મને લાગે છે કે હવે શ્રીમતી સીતા રામને ભૂલી ગઈ છે અને મારી સાથે ક્રીડા કરવાને ઈચ્છે છે, તો તું ત્યાં જઈને એને એમ કરવાને માટે સમજાવ !"

શ્રીમતી સીતાજીનો આનંદ શાથી છે અને શ્રી રાવણે એ આનંદનો અર્થ શો કર્યો ? કારમી કામાધીનતા, એક બુદ્ધિશાળી બળવાનને પણ કેવો વિચારશૂન્ય અને પામર બનાવે છે. શ્રીમતી સીતાજી, કે જે નમ્રમાં નમ્ર કાકલુદીભરી પ્રાર્થનાઓથી ચલાયમાન ન થયાં. ઐશ્વર્યાદિ જોઈ લલચાયાં નહિ અને કારમા ઉપસર્ગો કરવા છતાં

નિશ્ચલ રહ્યાં, તેમને માટે આવી કલ્પના શ્રી રાવણ કરે છે. એ પોતાના વિનાશકાળની જ નિશાની માત્ર છે ને ?

**શ્રીમતી સીતાજીને મન્દોદરીનું વિનયપૂર્વકનું કથન**

મન્દોદરી મહાસતી છે, મોહ ભયંકર છે. એ પણ પતિના મોહમાં ફસાયેલી છે. પતિના દૂતીપણાને કરતી મન્દોદરી ફરીથી પણ શ્રીમતી સીતાજીને લોભાવવાને માટે ત્યાં આવી, પતિનું દૂતીકર્મ કરવાને આવેલી એવી તે મંદોદરીએ પ્રલોભનને માટે શ્રીમતી સીતાજીને વિનયપૂર્વક કહ્યું કે,

"હે જાનકી ! અદ્વૈત ઐશ્વર્ય તથા સૌંદર્યથી શ્રી રાવણ ઉત્તમ છે અને તમે પણ રૂપ અને લાવણ્યની સંપત્તિથી અપ્રતિરૂપ જ છો. એટલે અદ્વિતીય જ છો, કે અજ્ઞાન એવા દૈવે તમારા બંનેનોય ઉચિત એવો યોગ ન કર્યો, પણ તેથી શું ? હવે એમ હો ! વળી હે જાનકી ! શ્રી રાવણ તો સામા જઈને ભજવા યોગ્ય છે, એને બદલે એ તમને ભજે છે, તો તમે એને ભજો અને હે સુભ્રુ ! એમની હું તથા બીજી પણ પત્નીઓને તમે તમારી આજ્ઞાને ધારણ કરનારી બનાવો !"

આ જોઈને શ્રી હનુમાનને પણ એમ થાય ને કે શ્રી રાવણનું અંતઃપુર પણ સડેલું છે ? શ્રીમતી સીતાજીને માટે કસોટીનો આવો પ્રસંગ આ વખતે ફરી આવવાથી, શ્રી હનુમાનને પણ શ્રીમતી સીતાજીની દૃઢતાને અનુભવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, નહિતર તો સતીપણાને છાજતી દશા જોઈને પવિત્રતાની કલ્પના કરી જ લીધી હતી ને ?

મન્દોદરીની વાણી સાંભળીને શ્રીમતી સીતાજી પણ કહે છે કે- "હે પાપિણી ! પતિના દૂતીપણાને કરનારી ! દુર્મુખી ! તારા પતિના મોઢાની જેમ તારું મોઢું પણ કોણ જુએ ? અર્થાત્ તારા પતિનું મોઢું જેમ જોવાલાયક નથી તેમ તારું મોઢું પણ જોવા લાયક નથી, તું સમજ કે હવે હું રામની પાસે જ છું. એ તારા પતિને બન્ધુ સહિત, ખર આદિની માફક હણવાને માટે, લક્ષ્મણ સાથે અહીં આવી ગયા છે. હે પાપિષ્ઠે ! તું અહીંથી ઉઠ, ઉઠ, હવે

હું તારી સાથે વધુ વાત કરવાને પણ ઇચ્છતી નથી !" આ પ્રકારે શ્રીમતી સીતાજી દ્વારા તિરસ્કારાએલી અને એથી ક્રોધ પામેલી મન્દોદરી ત્યાંથી ચાલી ગઈ.

શ્રી હનુમાનજીએ આપેલી શ્રી રામચંદ્રજીની મુદ્રિકાને જોઈને શ્રીમતી સીતાજીએ અનુમાન કરેલું કે શ્રી રામચંદ્રજી અહીં પોતે જ આવ્યા છે. અગર તો નિકટમાં જ છે. અને એથી એ વાત પણ કહી દીધી. જો કે મન્દોદરી અગર શ્રી રાવણ એ વિષે કાંઈ વિચારી શકે તેવી સ્થિતમાં હતાં જ નહિ ! પણ તેમને વિચારવાની ય જરૂર પડે એ પહેલાં તો હનુમાન જ પરાક્રમ બતાવવાના છે !

શ્રીમતી સીતાજીને આ પ્રસંગે ક્રોધ ન આવે ? એ કાંઈ વીતરાગ નથી અને કુલટા પણ નથી. આવી વાતોથી વીતરાગને ક્રોધ ન આવે. કારણ કે ક્રોધ લાવનાર કર્મ બાકી નથી અને કુલટાને પણ ક્રોધ ન આવે, કારણકે એને તો એ પસંદ હોય, પરંતુ સતીને તો ક્રોધ આવે એ સ્વાભાવિક છે. તે જ રીતે ધર્મીને ધર્મ માટે લાગે,. ધર્મ ઉપર ઘા થાય ત્યારે જેને આઘાત જ ન થાય કે રક્ષાનો વિચારેય ન આવે, તે કાં તો વીતરાગ છે અને કાં તો અધર્મી છે !

### શ્રી હનુમાન અને શ્રીમતી સીતાજીનો પરસ્પર મેળાપ

મન્દોદરીના ગયા પછી શ્રી હનુમાન પ્રગટ થયા. શ્રીમતી સીતાદેવીને નમસ્કાર કર્યા અને હાથ જોડીને કહ્યું કે, "હે દેવી ! સદ્‌ભાગ્યે શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી જય પામે છે. આપની શોધને માટે શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી હું અહીં આવ્યો છું. હું ત્યાં પાછો ફરીશ એટલે શત્રુઓનો સંહાર કરવાને માટે શ્રી રામચંદ્રજી અહીં આવશે." હનુમાનના કથનને સાંભળીને શ્રીમતી સીતાજીનાં નેત્રો અશ્રુભીનાં બન્યાં. અશ્રુભીના નેત્રોવાળાં શ્રીમતી સીતાજીએ કહ્યું કે, "ખરેખર, તું કોણ છે ? અને આવા દુર્લંઘ્ય સમુદ્રને તેં શી રીતે ઓલંઘ્યો ? શું મારા પ્રાણનાથ શ્રી લક્ષ્મણની સાથે ખુશીમાં છે ? તેં એમને ક્યાં જોયાં ? અને તેઓ કેવી રીતે સમય પસાર કરે છે ?"

આ પ્રશ્નોની પરંપરા શ્રીમતી સીતાજીની આતુરતાને જણાવી રહી છે ને ? શ્રીમતી સીતાજીએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપતાં શ્રી હનુમાને કહ્યું કે, "પિતા પવનંજય અને માતા અંજનાસુંદરીનો પુત્ર હું હનુમાન છું. મેં વિદ્યાથી વ્યોમયાન વડે કરીને સમુદ્રને ઉલ્લંઘ્યો. સમસ્ત વાનરોના સ્વામી એવા સુગ્રીવને, તેના દુશ્મનનો વધ કરવા દ્વારા, સેવક તુલ્ય બનાવીને શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજીની સાથે હાલ કિષ્કિંધાપુરીમાં વિરાજે છે. જેમ પર્વત દાવાનલથી પોતે તપે અને બીજાઓને તપાવે, તેમ શ્રી રામચંદ્રજી રાતદિવસ આપના વિયોગના પરિતાપથી તપવા સાથે અન્યોને પણ તપાવતા થકા રહેલા છે."

'વળી હે સ્વામિની ! ગાયથી રહિત વાછરડો નિરંતર દિશાઓને શૂન્ય જોતો જેમ સુખને પામતો નથી, તેમ તમારા વિના શ્રી લક્ષ્મણ કદિપણ સુખને પામતા નથી. આપના પતિ અને આપના દીયર, ક્ષણમાં શોકાતુર અને ક્ષણમાં ક્રોધાતુર બનીને સુગ્રીવ દ્વારા આશ્વાસન અપાતું હોવા છતાં પણ સુખને પામતા નથી. દેવતાઓ જેમ શક્ર અને ઇશાન ઇંદ્રોની સેવા કરે, તેમ ભામંડલ, વિરાધ અને મહેન્દ્ર આદિ ખેચરો સેવકની માફક તે બંનેની ઉપાસના કરે છે હે દેવી ! આપની શોધ કરવાને માટે તથા સમાચાર લાવવાને માટે સુગ્રીવે મને બતાવ્યો અને શ્રી રામચંદ્રજીએ પોતાની મુદ્રિકા આપીને મને મોકલ્યો છે, તથા આપનો મુગટ ઓળખાણ માટે (નિશાની માટે) આપની પાસેથી મારા દ્વારા મંગાવ્યો છે. તેનાં દર્શન દ્વારા સ્વામી મને અહીં આવ્યા તરીકે પ્રતીત કરશે."

એ પછી શ્રી હનુમાનના ઉપરોધથી અને શ્રી રામચંદ્રજીનો વૃત્તાંત મળવાથી ઉત્પન્ન થયેલા આનંદના યોગે શ્રીમતી સીતાદેવીએ એકવીસ અહોરાત્રિને અંતે ભોજન કર્યું, શ્રીમતી સીતાજીએ પોતાનો મુગટ શ્રી હનુમાનને બતાવતાં કહ્યું કે, "હે વત્સ ! આ મારા મુગટ ઓળખાણ રૂપે લઈને તું ઝટ જા, કારણ કે અહીં રહેતા તને ઉપદ્રવ

થશે. જો ક્રૂર કર્મને કરનારો રાક્ષસ જાણશે કે તું અહીં આવ્યો છે તો બળવાન એવો તે યમની માફક તને હણવાને નિશ્ચિત સમુપસ્થિત થશે."

**પરાક્રમી હનુમાનજીનો સુંદર પ્રત્યુત્તર**

શ્રીમતી સીતાજીનું આ કથન સાંભળીને શ્રી હનુમાનને સહેજ હસવું આવ્યું. આવે જ ને ? કારણકે શ્રી હનુમાન મહાપરાક્રમી છે. પોતે કેવું જોખમ ખેડ્યું છે ? એ ય તે જાણે છે. અને શ્રી રાવણના સ્વભાવને ય તે જાણે છે. પણ પોતાના બળની ઉપર હનુમાનને પૂરો વિશ્વાસ છે. આથી હસીને વિનયભર્યા આગ્રહપૂર્વક શ્રી હનુમાન હાથ જોડીને કહે છે કે, "હે માતા ! આપ મારા પ્રત્યેના વાત્સલ્યથી કાયર બનીને આવું બોલો છો ? હું તો ત્રણ જગતને જીતનાર શ્રી રામ-લક્ષ્મણનો સેવક છું. સૈન્યથી સહિત એવો પણ બિચારો શ્રી રાવણ મારી આગળ કોણ માત્ર છે ? હે સ્વામિની ! શ્રી રાવણને એના સૈન્યની પણ સાથે હરાવીને આપને હું મારા ખભા ઉપર બેસાડીને સ્વામિની પાસે લઈ જાઉં."

શ્રી હનુમાન પોતાના પરાક્રમનો શ્રીમતી સીતાજીને આવા શબ્દોમાં ખ્યાલ આપે છે એ સાંભળીને શ્રીમતી સીતાજી પણ સ્મિત કરીને એમ કહે છે કે "હે ભદ્ર ! આવું સૌષ્ઠવવાળું બોલતો તું તારા સ્વામી શ્રી રામચંદ્રજીને લજાવતો નથી પણ તેમને શોભા આપી રહેલ છે. શ્રી રામ-લક્ષ્મણના પદાતિ બનેલા તારામાં સર્વ સંભવે છે. પરંતુ પરપુરુષનો સ્પર્શ કરવો એ મારે માટે જરા પણ યોગ્ય નથી, તે કારણથી તું શીઘ્ર જ જા. એમ કરવામાં તેં સઘળું જ કર્યું એમ હું માનીશ, કારણકે તારા ગયા પછીથી આર્યપુત્ર શ્રી રામચંદ્રજી જે કાંઈ ઉચિત અને યોગ્ય છે તે કરશે."

**જૈન શાસનના સાચા સેવકો કેવા હોય ?**

આપણે જોઈ ગયા કે શ્રી હનુમાન અહીં આવ્યા અને જે કાંઈ કર્યું તે પોતાના જ પરાક્રમથી કર્યું છે. છતાં પણ તેમણે શું કહ્યું ? એ વિચારવા જેવું છે. શ્રી રાવણથી પોતે ડરતા નથી. એમાં કારણ તરીકે

તેઓ પોતે શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીના સેવક છે એમ જણાવે છે. સાચા સેવકો આવા હોય. પોતાની જીતની સ્વામીની જીત તરીકે જણાવે એ પોતાની હાર થાય તો પોતાની ખામી માને.

શ્રી જિનેશ્વરદેવના સેવકો પણ એવા હોવા જોઈએ. શાસનનાં જે જે કાર્ય સિદ્ધ થાય, સફળ અને યશસ્વી નિવડે એમાં પ્રતાપ શ્રી જિનાશાસનનો માનવો જોઈએ અને કોઈ વિપરીત સંયોગાદિથી કદાચ શાસન કાર્ય કરતાં આપણે નિષ્ફળ જઈએ તો એમાં આપણી ખામી માનવી જોઈએ. આપત્તિ આવે તો આપણો પાપોદય માનવો જોઈએ અને કાર્યસિદ્ધિમાં પ્રતાપ દેવ-ગુરુ-ધર્મનો શાસનનો માનવો જોઈએ.

આજે જૈન શાસનના કેટલાક સેવકોની વાસ્તવિક આ દશા છે ? સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ શ્રી સંઘમાં જે કોઈ હોય, તે દરેક શાસનના સેવક ગણાય. એ બધામાંથી કેટલાની એ દશા હશે કે, શાસનના કાર્યની સિદ્ધિમાં શાસનનો પ્રતાપ માને અને આપત્તિ આવે કે કોઈ કારણે નિષ્ફળતા મળે તો એમાં પોતાનો પાપોદય અને ખામી માને ? ઘણા જ વિરલ આત્માઓની આજે આવી દશા દેખાય છે. બાકી તો આજે કેટલોક ભાગ એવો જ છે કે, સારું થાય તે પોતાને નામે ચઢાવે અને દોષ ધર્મને નામે ચઢાવે એવા યશ લોલુપ પામર આત્માઓ, શ્રી જિનશાસનની વાસ્તવિક સેવા કરી શકતા નથી અને અણીના અવસરે આડી-અવળી વાતો ઉભી કરી છટકી જાય છે. તમારે જો શ્રી જિનેશ્વરદેવના અનુપમ શાસનની સાચી સેવા જ કરવી હોય, તો આ ગુણ બરાબર કેળવજો અને ગમે તે વખતે કાર્યસિદ્ધિમાં શાસનનો પ્રતાપ માનજો આપત્તિ આદિ પ્રસંગે પોતાનો પાપોદય માનજો. ઈશ્વરને જગત્કર્તા માનનારા પણ એવો ગોટાળો કરે છે દુ:ખમાં ઈશ્વર ઉપર ટોપલો ઓઢાડે છે અને સારું થાય તો સારું કરનાર તરીકે પોતાને માને છે જ્યારે જૈન શાસનને પામેલાની

સ્થિતિ તો એવી હોવી જોઈએ કે સારામાં દેવ, ગુરુ અને ધર્મનો પ્રતાપ માને પણ એથી વિપરીત સ્થિતિ ન જ હોવી જોઈએ.

**પવિત્રતાનો બચાવ કરનારા આર્યદેશના આચારો કલ્યાણકામી આત્માને કેમ ન ગમે ?**

શ્રી રાવણનો સૈન્ય સહિત પરાભવ કરીને, પોતાના ખભા ઉપર બેસાડીને શ્રીમતી સીતાદેવીને શ્રી રામચંદ્રજીની પાસે લઈ જવાનું શ્રી હનુમાને કહ્યું, ત્યારે શ્રીમતી સીતાદેવીએ કહ્યું કે, 'પર-પુરુષનો લેશ પણ સ્પર્શ કરવો મને યોગ્ય નથી.' કેવો વિષમ પ્રસંગ હતો ? શ્રી રાવણના સકંજામાં સપડાએલાં છે. ત્યાંથી છૂટવાની અને પોતાના સ્વામી શ્રી રામચંદ્રજીને મળવાની પૂરેપૂરી ઈચ્છા છે, છતાં પોતાના સતીપણાના ખ્યાલને જરાપણ શ્રીમતી સીતાજી ચૂકતા નથી. હનુમાન ગમે તેવા પણ પરપુરુષ તો ખરા જ ને ? સતી જાણીને પરપુરુષનો સ્પર્શ કેમ કરે ?

સમજો તો "સ્ત્રીથી આજની જેમ શેઈકહેન્ડ ન થાય" હનુમાન તો પોતાના સ્વામીએ મોકલેલાં હતા. ઉચ્ચકુળના વિદ્યાધર હતા અને સ્વામીના સાચા નિમકહલાલ સેવક હતા. છતાં શ્રીમતી સીતાજી એમનાય સ્પર્શની ના પાડે છે. તો શેઈકહેન્ડમાં વાંધો શો ? એમ કેમ બોલાય ? શેઈકહેન્ડ કરવાથી જ પ્રેમ જણાય છે અગર જણાવાય છે એવું માનવાની મૂર્ખાઈ જવા દો. જેઓને આર્ય મટી અનાર્ય થવું હોય તેઓને માટે ઉપાય શો ? સામાઓ શેઈકહેન્ડ કરવાને જ આતુર છે, એવું કાંઈ નથી, હાથથી પ્રણામ પણ થાય. યુરોપીયનોએ ધોતીયાં પહેર્યાં નહિ. તમારે તમારું સ્વરૂપ સાચવવું હોય, તો કોઈ પરાણે ઘસડી જતું નથી. પણ આજે ઘણાઓને પોતાની વસ્તુની કિંમત નથી. સતીપણાનો જરૂરી ખ્યાલ નથી અને બ્રહ્મચર્યની નવ વાડના સ્વરૂપના વર્ણન ઉપર પણ પૂરતી શ્રદ્ધા નથી એ શ્રદ્ધા નથી એવું મુખ્યત્વે કારણ એ પણ છે કે, તે સ્વચ્છંદીઓની ઈન્દ્રિયો વિફરેલી છે. ગમે તેમ વર્તે અને ચોખ્ખા મનની વાતો કરે એમાં મોટે ભાગે દંભ છે જેનું મન ચોખ્ખું હોય તેને પવિત્રતાનું સાચું

સંરક્ષણ કરનારા આર્યદેશના ઉત્તમ આચારો કેમ ન ગમે ? શ્રી હનુમાનને પણ શ્રીમતી સીતાજીએ ના પાડી એથી અપમાન ન માન્યું, અગર આગ્રહ ન કર્યો, કેમકે એમને ય સતીપણાના આચારોનો ખ્યાલ હતો.

આ પછી ફરીથી પણ શ્રીમતી સીતાજીએ ઝટ જવાનું કહ્યું એના ઉત્તરમાં શ્રી હનુમાને કહ્યું કે, "આ તો હું જાઉં છું, પણ તે પહેલાં રાક્ષસોને હું જરા મારા પરાક્રમની ચપળતા બતાવીશ. પોતાના વિજયથી મત્ત શ્રી રાવણ, બીજામાં પરાક્રમ હોય એમ માનતો નથી. તો એનેય શ્રી રામચંદ્રજીના સેવકના પણ પરાક્રમની ખબર તો પડે !" શ્રીમતી સીતાજીએ જવાબમાં કહ્યું કે, "બહુ સારું." અને પોતાનો મુગુટ શ્રી હનુમાનને આપ્યો. શ્રી હનુમાને પણ નમસ્કાર કરીને જોરથી પોતાના ચરણોને જમીન ઉપર મૂકતાં પાદથી ધરાને ધ્રૂજાવતાં ચાલવા માંડ્યું.

### શ્રી હનુમાને દેવરમણ ઉદ્યાનમાં મચાવેલું તોફાન

ત્યારબાદ શ્રી હનુમાન સીધા રાજસભામાં જાય. એમાં એમને મઝા શી રીતે આવે ? પરાક્રમ દેખાડવું તો બરોબર દેખાડવું ને ? પોતે તોફાન કરે, ધમાધમ થાય તથા કોઈ પોતાના જેવા બળવાન અને યોગ્ય આવીને પોતાને પકડી જાય, એ રીતે રાજસભામાં જવાની શ્રી હનુમાનની ઉત્કંઠા હતી, એમ જણાય છે. આથી શ્રી હનુમાને તે જ દેવરમણ ઉદ્યાનમાં તે જ વખતે તોફાન શરૂ કર્યું. એ ઉદ્યાનને જ વનના હાથીની જેમ, પરાક્રમી તેવા શ્રી હનુમાને ભાંગવા માંડ્યું. શ્રી હનુમાને રાતા અશોકવૃક્ષોમાં નિ:શંક થઈને ભંગલીલા કરી, બોરસલીનાં વૃક્ષોમાં અનાકુલ થઈને ભંગલીલા કરી આમવૃક્ષોમાં કરૂણારહિત થઈને અને ચંપકવૃક્ષોમાં નિષ્કંપ થઈને ભંગલીલા કરી. તેમજ મંદારવૃક્ષોમાં અતિરોષી થઈને અને કદલી વૃક્ષોમાં નિર્દય થઈને ભંગલીલા કરી. આ ઉપરાંત બીજા રમણીય વૃક્ષોમાં પણ હનુમાને તેના ભંગની લીલા કરી એટલે તે બધાયને ભાંગવા માંડ્યા.

આથી, તે ઉદ્યાનમાં ચાર દ્વારો ઉપરના રાક્ષસ દ્વારપાળો હાથમાં મુદ્‌ગર લઈને હનુમાનને મારવા માટે દોડી આવ્યા. કાંઠા ઉપર આવેલ પર્વત ઉપર જેમ મોટા સાગરના કલ્લોલો નિષ્ફળ બને તેમ શ્રી હનુમાન ઉપર દ્વારપાળોએ ફેંકેલા હથીયારો સ્ખલિત થયાં. પછી કોપિત થયેલા શ્રી હનુમાને તે જ ઉદ્યાનમાં વૃક્ષો વડે તેઓ તરફ તકલીફ વિના પ્રહારો કર્યા. ખરેખર, બળવાનોને સર્વ શસ્ત્રરૂપ છે, પછી પવનની જેમ સ્ખલનાને પામ્યા વિના શ્રી રામચંદ્રજીના સેવક શ્રી હનુમાને વૃક્ષોની જેમ તે ઉદ્યાનમાં રક્ષક ક્ષુદ્ર રાક્ષસોને પણ તત્કાળ મારી નાખ્યા. પોતે એકલા છતાં આમ વર્તે છે, તો વિચારો કે બળ કેટલું હશે ?

આથી કેટલાક રાક્ષસોએ ઉદ્યાન રક્ષકોના ક્ષયના તે સમાચાર શ્રી રાવણ પાસે જઈને તે સમયે સંભળાવ્યા એટલે શત્રુનો ઘાત કરનાર અક્ષકુમારને સૈન્યસહિત જઈને શ્રી હનુમાનનો ઘાત કરવા માટે શ્રી રાવણે આજ્ઞા કરી. જુઓ કે શ્રી હનુમાન એકલાં છતાં અક્ષકુમારને સેનાસહિત મોકલવો પડ્યો. યુદ્ધને માટે આક્ષેપને કરતા અક્ષકુમારને શ્રી હનુમાને કહ્યું કે, "ભોજનની પહેલાના ફળની જેમ રણની આદિમાં મને તું પ્રાપ્ત થયો છે. અર્થાત્ યુદ્ધમાં અનેકોના સંહારરૂપ ભોજન મને મળે તે પહેલાં તું ફળરૂપે આવી ગયો છે."

અક્ષકુમારે કહ્યું કે, 'હે કપિ ! તું વૃથા ગાજે છે.' અને એમ કહીને શ્રી રાવણના પુત્ર અક્ષકુમારે તીક્ષ્ણ બાણોનો જાણે કે વરસાદ વરસાવ્યો. જે આંખોના તેજને પણ ઢાંકવા લાગ્યો. આથી ઉછળતો સમુદ્ર જેમ પાણીથી દ્વીપને ઢાંકી દે, તેમ શ્રી હનુમાને પણ બાણોનો મૂશળધાર વરસાદની જેમ પ્રકર્ષપૂર્વક વરસાવીને અક્ષકુમારને ઢાંકી દીધો.

આ રીતે લાંબો વખત કૌતુકથી શસ્ત્રાશસ્ત્રી કર્યા બાદ યુદ્ધના પારને પામવાની ઈચ્છાવાળા શ્રી હનુમાને પશુની જેમ અક્ષકુમારનો વધ કરી નાખ્યો. યાદ રાખજો આ પરાક્રમ પ્રશંસાપાત્ર નથી.

## શ્રી હનુમાન હું કૌતુકથી નાગપાશમાં બંધાવું

ત્યારબાદ પોતાના ભાઈનો વધ થવાથી ક્રોધે ભરાએલો ઈન્દ્રજિત ત્વરાથી આવ્યો અને સૌષ્ઠવસહિત કહેવા લાગ્યો કે, 'હે હનુમાન ! તું ઊભો રહે, ઊભો રહે.' આમ તે બંને મહાબાહુઓની વચ્ચે કલ્પાંત કાળના જેવું ભયંકર અને વિશ્વને વિક્ષોભ પમાડનારું યુદ્ધ ઘણો વખત સુધી થયું. જળધારાની જેમ નિરંતર શસ્ત્રોને વર્ષાવતા અને આકાશમાં રહેલા તે બંને તે વખતે પુષ્કરાવર્ત જેવા દેખાવા લાગ્યા. જળજંતુઓથી સમુદ્ર જેમ ન જોઈ શકાય તેવો બની જાય તેમ તે બંનેના પરસ્પર નિરંતરપણે અથડાતાં શસ્ત્રોથી ક્ષણવારમાં આકાશ ન જોઈ શકાય તેવું બની ગયું. દુર્ધર ઈન્દ્રજિતે જેટલાં જેટલાં અસ્ત્રો મૂક્યાં તે તે અસ્ત્રોને તેનાથી અનેકગણાં અસ્ત્રો દ્વારા શ્રી હનુમાને છેદી નાંખ્યા.

શ્રી હનુમાનનાં અસ્ત્રોથી ઈન્દ્રજિતના ઘવાએલા અંગવાળા બધા જ સુભટો નાસી ગયા. અને નાસતા એવા તે સુભટો લોહીની નદીને વહેવડાવતા જંગમ પર્વતો જેવા લાગતા હતા. આ બાજુ ઈન્દ્રજિતે જોયું કે પોતાનાં બધાં આયુધો વિફળ થઈ ગયાં છે. અને પોતાનું સૈન્ય પણ નષ્ટ થઈ ગયું છે. એટલે તેણે નાગપાશ નામનું અસ્ત્ર છોડ્યું. દૃઢ નાગપાશોથી નિર્ભય એવા શ્રી હનુમાન તે જ વખતે ચંદનવૃક્ષની જેમ પગથી માંડીને મસ્તક સુધી બંધાઈ ગયા.

નાગપાશના તે બંધનને પણ શ્રી હનુમાને કૌતુક ખાતર જ સહ્યો. નહિતર તેને તોડી છૂટવાને તો તે સમર્થ જ હતા પણ સમર્થ પુરુષ કૌતુકથી ક્ષણ માટે પણ દુશ્મનોને જય આપે છે. વળી જીતના મદમાં રાક્ષસો જો આંધળા થાય તો ચમત્કાર બતાવવાનું પણ ફાવે ને ?

આ રીતે બંધાઈ જવાથી ઈન્દ્રજિત હર્ષ પામ્યો અને જયના સાક્ષીરુપ રાક્ષસો વડે પ્રફુલ્લ નેત્રોથી જોવાઈ રહેલા શ્રી હનુમાનને શ્રી રાવણની પાસે લઈ ગયો. પછી શ્રી રાવણે શ્રી હનુમાનને કહ્યુ કે, 'હે દુર્મતિ ! તેં આ શું કર્યું ? જન્મથી આરંભીને મારા આશ્રયમાં રહેલાં તેં રખડતાં એવા રામ-લક્ષ્મણનો જે આશ્રય કર્યો, તે ઠીક નથી કર્યું. વનવાસી, ફળાહારી, મેલા અને મલિન વસ્ત્રોવાળા,

ભીલ જેવા તે બંને કદાચ તારા ઉપર તુષ્ટ થઈ જશે, તો પણ તને કઈ લક્ષ્મી આપવાના છે ? અને તેમ હોવા છતાં પણ, હે મંદબુદ્ધિ ! તેમના કહેવાથી તું અહીં કેમ આવ્યો ? કે જેથી તારા પ્રાણ જોખમમાં મૂકાયાં છે ! તે ભૂચરો હોંશિયાર તો ખરા, કે જેથી તેમણે તારી પાસે આ કામ કરાવ્યું ખરેખર, ધૂર્તો પારકા હાથે જ અંગારાને કઢાવે છે ! રે ! પહેલાં તું મારો શ્રેષ્ઠ સેવક હતો અને આજે તું પારકો દૂત થઈને આવ્યો છે, એટલે તું અવધ્ય છે. શિક્ષા માત્રને માટે તને આટલી વિડંબના કરાય છે !'

## સ્વામીની અવહેલનાને મૂંગે મોઢે સહનાર નિમકહરામ ગણાય છે

શ્રી હનુમાન અત્યાર સુધી શાંતિથી સાંભળ્યા કરે છે. પણ સાચા સ્વામીનો સમર્થ સેવક મૌન ક્યાં સુધી રહે ? સાચા સ્વામીનો સમર્થ સેવક આવી જગ્યાએ મૂંગો રહે, તો બહેતર છે કે એવા સેવકથી સર્યું ! પોતાના મરણની બીકે સ્વામીના ભયંકર અપમાનને જે મૂંગે મોઢે સહી આવે, તેને આવા પ્રસંગમાં દુનિયા નિમકહરામ ગણી કાઢે છે. એ જ રીતે શાસનનો સેવક શાસનહિતના નાશક દવ વખતે પાણી છાંટવામાં શક્તિ છતાં પાછો ન પડે. ઓલવાઈ ગયા પછી પણ જમીન ઠંડી પડે ત્યાં સુધી પાણી છાંટે.

## શ્રી હનુમાને શ્રી રાવણને આપેલો જડબાતોડ જવાબ

શ્રી હનુમાન પણ શ્રી રાવણને જવાબ આપવા માંડે છે અને સૌથી પહેલાં જ એમ કહે છે કે "હું વળી ક્યારે તારો સેવક હતો ?" આમાં આશય એય છે કે- હું અને તારો સેવક ? તારા સેવક તરીકે ઓળખાવવું એ તો લજ્જાભર્યું છે ! આગળ હનુમાન કહે છે કે "તું વળી મારો સ્વામી ક્યારે થયો ? હું સ્વામી, તું સેવક-એવું બોલતાં તને શરમ નથી આવતી ?"

સેવક સ્વામીને સ્વામી કહે એ વ્યાજબી, પણ સ્વામી પોતાને "સ્વામી સ્વામી" અને સામાને 'સેવક-સેવક' કહ્યા કરે એ વ્યાજબી નથી. મોહાન્ધતાનો એ સન્નિપાત છે. ઘણા

શેઠીઆઓને એવી ટેવ હોય છે કે વાતવાતમાં પોતાના નોકરને 'તું મારો નોકર, તું મારો નોકર' એમ તોછડાઈથી કહ્યા કરે, પણ એમ કરવામાં મહત્તા નથી. એથી શેઠની શેઠાઈ દીપતી નથી. શેઠ નોકરને નોકર તરીકે તુંકારીને નહિ બોલવાતાં યોગ્ય રીતે બોલાવે તો નોકરના હૃદયમાં શેઠને માટે ઉલ્ટું વધુ માન ઉપજે. નોકરી કરનારાઓમાં પણ કેટલાક વિચક્ષણ અને પ્રમાણિક નોકરો તો એવા ય હોય છે કે પેઢીનું ગાડું કેમ ચાલે છે એની શેઠને ખબરેય ન પડે અને શેઠને તેની ચિંતા ય ન કરવી પડે.

શ્રી હનુમાન તો હવે આગળ વધીને કહે છે કે "એકવાર તમારો ખર નામનો સામંત, કે જે પોતાને બહુ બળવાન માનતો હતો. તે યુદ્ધમાં વરૂણના બંધનમાં સપડાયો હતો અને તમારી સાથે મૈત્રી હોવાથી મારા પિતા પવનંજયે તેને પહેલાં છોડાવ્યો હતો વળી વરૂણપુત્રોની સાથે યુદ્ધમાં, તમારા બોલાવવાથી હું પહેલાં તમારી સહાયને માટે આવ્યો હતો અને મેં તમને સંકટમાંથી બચાવ્યા હતા.' આ રીતે કહીને શ્રી હનુમાન પોતે શ્રી રાવણના સેવક તો નહોતા જ, પરંતુ હતા તો ય તેમના મિત્ર જ હતા એમ સાબીત કરવા સાથે 'તમને અને તમારા સુભટને બચાવનાર અમે છીએ.' એવા ભાવનું પણ કહી દે છે અને શ્રી હનુમાન ત્યારબાદ કહે છે કે, 'હમણાં તો તમે પાપમાં તત્પર છો માટે સહાયને યોગ્ય નથી.'

એક દિવસ એ જ શ્રી હનુમાન સહાય કરવા ગયા હતા અને આજે પાપપરાયણ બનેલા શ્રી રાવણને હવે સહાય કરવાની પણ એ જ શ્રી હનુમાન ના પાડે છે. તેમજ શ્રી હનુમાન ફરી એ કહે છે કે, 'હવે તો પરસ્ત્રીનું હરણ કરનારા એવા તમારી સાથે વાત કરવામાંય પાપ છે, એ નિશ્ચિત વાત છે."

### ઉત્સૂત્ર ભાષકોની સાથે વાત કરવામાં પણ પાપ છે

શ્રી હનુમાનની હિંમત જુઓ, ત્રણ ખંડના માલિકની સામે જે આવું નિડરપણે બોલે છે સજ્જન સમાજમાં પરસ્ત્રીની વૃત્તિ એ જેમ મોટું પાપ ગણાય છે. તેમ આ શાસનમાં ઉત્સૂત્રપ્રરૂપણા એ એથીય ભયંકર પાપ ગણાય છે. જેમ પરસ્ત્રીમાં તન્મય બનેલાની સાથે વાત

કરવામાં પણ પાપ છે, તેમ ઉત્સૂત્રભાષીની સાથે તેને ઉત્તેજન આપનારી વાત કરવામાંય પાપ છે. શ્રી હનુમાન હિંમતથી જેમ જાહેર કરે છે તેમ તમે પણ ઉત્સૂત્રભાષી બનેલાને કહી શકો છો કે, હવે બસ ! આજ સુધી અમે ચરણે ઝૂકતા હતા, કારણકે તમે પ્રભુમાર્ગને વફાદાર છો એમ અમે માનતા હતા. પણ હવે અમે સમજ્યા છીએ તમે શાસનને બેવફા નિવડ્યા છો. કારણકે ઉત્સૂત્રભાષણ કરો છો અને તેના સ્પષ્ટ ખુલાસા આપતા નથી, છતાં શાંતિનો દંભ કરો છો. એટલે તમે શાસનથી આઘા બન્યા તો અમે પણ તમારાથી આઘા જ સારા.'

છેવટે શ્રી હનુમાન ચેતવણી આપતાં શ્રી રાવણને કહે છે કે, "આ તમારા આખાય પરિવારમાં એક પણ માણસને એવો હું નથી જોતો કે, જે એકલા શ્રી લક્ષ્મણજીથી પણ તમારું રક્ષણ કરી શકે પછી તેમના વડિલ બન્ધુ શ્રી રામચંદ્રજીની વાત તો દૂર રહી."

શ્રી હનુમાને તો આ કહ્યું, પણ નશામાં ચઢેલા શ્રી રાવણ સમજે શાના ? કારણકે હવે તેમનો વિનાશકાળ નિકટ આવે છે. શ્રી હનુમાનનું કથન સાંભળી શ્રી રાવણ ઉલ્ટા વધારે ક્રોધમાં આવ્યા. શ્રી હનુમાનના સાચા શબ્દો પણ શ્રી રાવણથી સહાયા નહિ. શ્રી રાવણે ભ્રકુટી ચઢાવી અને એથી શ્રી રાવણની આકૃતિ ભયંકર બની શ્રી રાવણે દાંતથી હોઠ પણ કરડ્યા ને એ રીતે ક્રોધથી ધમધમી ઉઠેલા શ્રી હનુમાનને કહ્યું.

"એક તો તું મારા દુશ્મનના આશ્રયે ગયો છે. અને અશત્રુ એવા મને પણ તેં શત્રુ બનાવ્યો છે, તેથી મને ખાત્રી થાય છે કે તું મરવાની ઈચ્છાવાળો, તને જીવન ઉપર વૈરાગ્ય કેમ આવ્યો છે ?" વધુમાં શ્રી રાવણ શ્રી હનુમાનને કહે છે કે ખરી પડેલા અંગવાળો કોઢિયો પોતે મરવાને ઈચ્છે તો પણ હત્યાના ભયથી કોઈ તેને હણતું નથી. તો એ જ રીતે એવા દૂત તને કોણ મારે ? અર્થાત્ હું તને હણીશ તો નહિ. તે છતાં પણ એટલી શિક્ષા તો જરૂર કરીશ કે "હમણાં જ તને ગધેડા ઉપર બેસાડીને, પાંચ શિખાઓવાળો બનાવીને, લંકાની અંદરના પ્રત્યેક માર્ગ ઉપર લોકોના ટોળાની સાથે ફેરવવામાં આવશે."

### શ્રી રાવણના મુગટના શ્રી હનુમાને ચૂરેચૂરા કરી નાંખ્યા.

આ સાંભળીને શ્રી હનુમાન બાંધ્યા રહે ? શ્રી રાવણ દ્વારા એ કહેવાએલા અને એથી ક્રોધિત થયેલા હનુમાને પાશરૂપ થયેલા નાગોને તોડી નાંખ્યા. કમળના નાળથી હાથી કેટલીવાર બંધાએલો રહે ? અત્યાર સુધી તો શ્રી હનુમાન, કૌતુકથી બંધાઈ રહ્યા હતા, પણ નાગપાશના બંધનને તોડ્યા પછીથી તો શ્રી હનુમાને વિજળીદંડની માફક ઉછળીને, લાત મારીને શ્રી રાવણે મસ્તક ઉપર ધારણ કરેલા મુગટ ના કણશઃ ચૂરેચૂરા કરી નાખ્યા. "આને હણો, આને પકડો" એમ શ્રી રાવણે પોકાર કરવા માંડ્યો. પણ શ્રી હનુમાને તો પોતાના પગરૂપ પર્વતો વડે અનાથ એવી તે લંકાપુરીને ભાંગી નાંખી.

### શ્રી હનુમાન શ્રી રામચંદ્રજી પાસે

આ પ્રમાણે ક્રીડા કરીને શ્રી હનુમાન ગરૂડની માફક આકાશમાર્ગે ઉડીને શ્રી રામચંદ્રજી પાસે આવ્યા. તેમને નમસ્કાર કરીને શ્રીમતી સીતાજીએ આપેલો મુગટ શ્રી રામચંદ્રજીને આપ્યો. શ્રીમતી સીતાજીના તે મુગટને જાણે સાક્ષાત્ શ્રીમતી સીતાજી આવ્યાં હોય તેમ, શ્રી રામચંદ્રજીએ સ્પર્શ કર્યો અને હૃદય ઉપર વારંવાર ધારણ કરવા લાગ્યા. પછી શ્રી રામચંદ્રજી શ્રી હનુમાનને પોતાના પુત્રની જેમ વાત્સલ્યથી ભેટ્યા. અને લંકામાં શું શું બન્યું તે વગેરે બધો વૃત્તાંત પૂછ્યો. બીજાઓ પણ શ્રી હનુમાનની ભુજાના પરાક્રમને સાંભળવાને તત્પર થઈ રહેલા હતા. અને શ્રી હનુમાને પણ શ્રી રાવણના અપમાન સુધીના શ્રીમતી સીતાશોધના સમગ્ર વૃત્તાંતને જે રીતે બન્યો તે કહી બતાવ્યો.

**શ્રી તૃતીય ભાગ સમાપ્ત**



### સૂરિમંત્ર સમારાધન સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થમાળા

- गौतमपृच्छा सटीक
- रुपसेन चरित्र
- कुर्मापुत्र चरित्रम् सटीक
- अर्हदभिषेक पूजन
- श्रृंगार वैराग्य तरंगिणी
- उत्तराध्ययन कथासंग्रह
- जीतकल्पसूत्रम् कल्प व्यवहार-निशिथसूत्राणि च
- उपदेश प्रदीप (पद्य)
- नवतत्व संवेदन प्रकरण सटीक
- समवसरण साहित्य संग्रह
- रत्नपाल नृपचरित्रम्
- गौतम कुलकम्
- पंचस्तोत्राणि
- सुसढ चरित्रम्
- श्राद्धगुण विवरण - सटीक - भाषांतर
- प्रश्नपद्धति- सानुवाद

### વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રન્થમાળા

૧. ધોધ ધર્મ દેશનાનો
૨. પરમગુરુની જીવન સંધ્યા
(ઢળતી સાંજની દ્વિતિયાવૃત્તિ
૩. બોધદાયક કથાઓ
૪. સાધુવેશનો મહિમા
૫. જગદ્ગુરુ આચાર્ય ભગવાન વિજય
હીરસૂરીશ્વરજી મહારાજ
૬. પરિચય પુસ્તિકા
૭. કરાલ કલિકાળ
- परमगुरु की जीवनसंध्या

### પ્રકાશિત થનારા પુસ્તકો


શ્રી જયાનંદકેવલી ચરિત્ર

### શ્રી મુક્તિ-મહોદય ગ્રન્થમાળા

- યોગદષ્ટિ સજ્ઝાય (સાર્થ)
- જીવન જ્યોતના અજવાળા
- સૂરિરામ સજ્ઝાય સરિતા
- સાધના અને સાધક
- સુપાત્રદાન મહિમા વિધિ
- પ્રશ્ન પદ્ધતિ
- પાપમુક્તિ અર્થાત્ ભવ આલોચના-૧-૨
- અબ મોહે સમ્યગ્દર્શન દીજીએ...
- પંચ પ્રતિક્રમણ સૂત્ર
- હું તો માંગુ સમ્યગ્દર્શન
- બાલ રામાયણ
- बाल रामायण
- पापमुक्ति अर्थात् भव आलोचना १-२
- पापमुक्ति अर्थात् भव आलोचना १-
- क्युं कर भक्ति करुं ?
- શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા
- શ્રી વીશસ્થાનક તપ મહાપૂજા

### મુક્તિકિરણ હિન્દી-ગુજરાતી ગ્રંથમાળા

૧. ગુણ ગાવે સો ગુણ પાવે
૨. સાગરકાંઠે છબછબીયા
૩. વાણીવર્ષા
૪. કરીએ પાપ પરિહાર
૫. મનના ઝરુખે
૬. પ્રભુવીર અને ઉપસર્ગો
૭. પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમ્ ભાગ-૧
૮. પ્રભુવીરના દશ શ્રાવકો
૯. નવપદ શરણ
૧૦. ભગવાન શ્રી વજસ્વામીજી
૧૧. ગાગરમાં સાગર
૧૨. હું આત્માં
૧૩. मन एक झरोखा
૧૪. प्रभुवीर के दश श्रावक
૧૫. प्रभुवीर एवं उपसर्ग
૧૬. नवपद ही शरण
૧૭. दर्द और दवा



## *શ્રી સ્મૃતિમંદિર પ્રકાશનના સદસ્યોની શુભ નામાવલી*

**મુખ્ય આધારસ્તંભ :**

★ શ્રી દિનેશકુમાર અચલદાસ શાહ, અમદાવાદ

**આધારસ્તંભ :**

★ શાહ ચીમન પોપટલાલ પીલુચાવળા (સુરત)

★ સદૈવ સ્મરણીય સહયોગી :

★ શાહ હસમુખભાઈ અમૃતલાલ, લાડોલ

★ શ્રેષ્ઠિવર્ય શ્રી કેસરીચંદ મોતીચંદજી શાહ, દમણ

**મોભી :**

★ પૂ. મુનિરાજ શ્રી ચારિત્રસુંદર વિજયજી મ. સ્મૃતિ

★ શ્રી સમરથમલજી જીવાજી વિનાકીયા પરિવાર - પૂના

★ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ, સુભાનપુરા-બરોડા

★ પ્રેમિલાબેન વસંતલાલ સંકલેચા પરિવાર, સેલવાસ-વાપી

**સહાયક :**

★ પરમગુરુ સૂરિત્રય સંયમસુવર્ણોત્સવ સ્મૃતિ

★ પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજીની સ્મૃતિ નિમિત્તે હ.કૈલાસબેન

★ પૂ.સા.શ્રી ચારિત્રરત્નાશ્રીજી મ. વર્ધમાન તપ સ્મૃતિ

★ શ્રીમતી શોભનાબેન ચંપકલાલ કોઠારી, મુંબઈ

★ શ્રીમતી ગુલાબબેન નવિનચંદ્ર શાહ, મુંબઈ

★ શેઠશ્રી પન્નાલાલ ઝુમખરામ, મુંબઈ

★ શેઠશ્રી ગેનમલજી ચુનીલાલજી બાફના, કોલ્હાપુર

★ શ્રી સંભવનાથ વાંચના સમિતિ, મુંબઈ

★ શેઠશ્રી તરુણભાઈ પોપટલાલ, લાડોલ

★ મીનાક્ષીબેન સાકરચંદ હ. કુંજેશ, મુંબઈ

★ શેઠશ્રી જેસીંગલાલ ચોથાલાલ મેપાણી, મુંબઈ

★ શ્રીમતી વિમલાબેન રતિલાલ વોરા, મુંબઈ

★ શેઠશ્રી પ્રવિણકુમાર વાલચંદ શેઠ, નાસિક

★ શેઠશ્રી બાબુલાલ મંગળજી ઉંબરીવાલા, મુંબઈ

★ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, આણંદ

★ નૈનાબેન રમેશચંદ્ર કાન્તીલાલ ચોક્સી

★ શ્રી મહેન્દ્રભાઈ મગનલાલ શાહ, અમદાવાદ

★ માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી છેડા, મુંબઈ (ગામ-ભચાઉ)

★ શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રાણલાલ છગનલાલ શેઠ પરીવાર, મલાડ-મુંબઈ

★ શ્રીમતી કલાવતીબેન કીર્તિકુમાર શાહ, લોદ્રા


**આત્મજાગરણનો ઉજાસ અને મુક્તિપથ પર**

પ્રકાશ પાથરતું...

# મુક્તિકિરણ

**હિન્દી માસિક/ગુજરાતી પાક્ષિક**

**આજીવન લવાજમ રૂ. ૭૫૦**

**પ્રકાશક :શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન**

**અમદાવાદ**




# જૈન રામાયણ

રજોહરણની ખાણ



વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા

# રામાયણ અને સૂરિરામ

**સિદ્ધહસ્તલેખક પૂ.આ.શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રાચાર્ય**-વિરચિત ૧૦ પર્વો/વિભાગોમાં વિસ્તૃત/ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રનાં સાતમાં પર્વમાં રામાયણ તરીકે પ્રસિદ્ધ કથાવસ્તુ વર્ણિત છે. શલાકા-પુરુષનો અર્થ ઉત્તમ પુરુષ થાય. એથી સાર્થક નામ ધરાવતાં આ ચરિત્રમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવનવની સંખ્યા ધરાવતા બળદેવો-વાસુદેવો અને પ્રતિવાસુદેવોનાં જીવન રજૂ થયાં છે. શ્રી મુનિસુવ્રત સ્વામીજી ભગવાનના કાળમાં થઈ ગયેલા આઠમા બળદેવ રામચન્દ્રજી, વાસુદેવ રાવણ અને પ્રતિવાસુદેવ લક્ષ્મણજીની જીવન-કથા એટલે જ રામાયણ !

**રામાયણ એટલે રજોહરણની ખાણ** ! આ જાતનો સૌ પ્રથમ પરિચય જૈન જગતને કરાવનારા પૂ. મુનિરાજ શ્રી **રામવિજયજી** મહારાજ હતા. વિ.સં. ૧૯૮૫/૧૯૮૬ની સાલમાં મુંબઈ લાલબાગ ભૂલેશ્વરના આંગણે આ જ પૂજ્યશ્રીએ જૈન રામાયણના આધારે આપેલાં પ્રવચનોના પ્રભાવે જ જૈન જગતને એવો ખ્યાલ આવવા પામ્યો હતો કે, **જૈન રામાયણ એટલે જ રજોહરણની ખાણ ! જેમાં પાને પાને અને પાત્રે પાત્રે જોવા મળે દીક્ષાનું સન્માન !**

રામાયણની રસધારાના સૌ પ્રથમ ઉદ્ગાતા બનવાનું શ્રેય જેમના શિરે અભિષેકી શકાય, એવા આ પૂ. પ્રવચનકારશ્રી જ આગળ જતાં વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તરીકે રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ આ રીતની અનોખી ઓળખાણ અજૈનોને પણ આપવાના યશભાગી બનવા સફળ રહ્યા હતા. વિ.સં. ૨૦૦૭માં અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં પ્રતિ રવિવારે જાહેર પ્રવચનો રૂપે પૂ. પ્રવચનકારશ્રીએ રામાયણના માધ્યમે સંસ્કૃતિનો સંદેશ સુણાવ્યો અને અમદાવાદનાં અનેક દૈનિકોએ સ્વયંભૂ પ્રેરણાથી પ્રેરિત બનીને એ સંદેશનો જે રીતે વ્યાપક ફેલાવો કર્યો, એના પ્રતાપે જ અજૈન જગતને પણ એ વાતનો ખ્યાલ આવવા પામ્યો કે, જૈનોનું પણ એક અદ્ભુત રામાયણ છે અને સંસ્કૃતિના અજોડ આદર્શથી એ સમૃદ્ધ છે.

આમ, જૈન-અજૈન જગતમાં રામાયણના પ્રથમ પ્રવક્તા- પ્રવચનકાર તરીકેનાં માન-સન્માનના એકમાત્ર અધિકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં શ્રીમુખે વિવેચિત જૈન રામાયણની પુસ્તક શ્રેણીને વાંચીશું, તો રામાયણ એટલે રજોહરણની ખાણ અને રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ-આ જાતનો પરિચય કેટલો બધો યથાર્થ છે, એ સમજાઈ ગયા વિના નહીં જ રહે. આ શ્રેણીનું આકર્ષક સંપાદન-સંકલન કરીને પ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય શ્રી વિજય **શ્રેયાંસપ્રભસૂરિજી**એ તથા પ્રકાશન-લાભ લઈને **પિંડવાડા નિવાસી લાલચંદજી છગનલાલજી પરિવારે** અદ્ભુત ગુરુભક્તિ અદા કર્યાનો અહેસાસ પણ સાથે સાથે થશે જ.



***(જૈન રામાયણ: રજોહરણની ખાણ : ભાગ-૧ પ્રસ્તાવનામાંથી)***